☆ ☆ ☆ ☆ ☆

**વસ્લે મૌલા ચાહતે હો તો વસીલા ઢુંઢ લો**
**બે વસીલા નજદીયો હરગિઝ ખુદા મિલતા નહીં**

(હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ)

# તોહફાએ નજાત

## (ભાગ–૮)

★ લેખક ★

**ફખ્રે ગુજરાત હઝરત અલ્લામહ્**
**મૌલાના યૂનુસ મિસ્બાહી**
(હાલ પ્રેસ્ટન, યુ. કે.)

પ્રકાશન નં. : ૧૦૦ આવૃત્તિ–૧ પ્રત : ૩૧૦૦
૧૫–ઝિલ કઅ્દા હિ.સ. ૧૪૨૩ જાન્યુ–૨૦૦૩

★ પ્રકાશક ★

**અંજુમને રઝાએ મુસ્તફા**
C/o. ફયઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા,** તા. જિ. ભરૂચ.
પિન : ૩૯૨૦૨૦. ફોન : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨

હદિયો : રૂા. ૫૦

નૂરાની આર્ટ–દયાદરા, ☎ : ૨૮૨૭૯૨, ૨૮૨૯૧૧

☆ ☆ ☆

## મર્હૂમોના ઈસાલે સવાબ અર્થે ઈમદાદ કરનાર સખી દાતાઓની યાદી

- હાજી ઉસ્માન પગુથણવાલા
- હાજી અબ્દુલ્લાહ સેક્રેટરી
- હાજી ઝાહિદ ટંકારીયાવાલા
- હાજી શબ્બીર વલી માંચવાલા
- રશીદા યૂનુસ મૌલાના વાગરાવાલા
- હાજી મુબારકભાઈ ઘંટીવાલા–નબીપુરવાલા
- હાજી મુશ્તાક કાઝી પાલેજવાલા
- એક મુસ્લિમભાઈ

આ કિતાબ છપાવવા માટે જે સુન્ની ભાઈઓએ મદદ કરી છે અલ્લાહ તઆલા તેમને બંને દુનિયામાં તેના પ્યારા હબીબ صلی اللہ تعالیٰ علیہ وسلم ના સદકામાં બદલો આપે. અને તેમના મર્હૂમોને જન્નતમાં આ'લા મકામ અતા ફર્માવે. *–આમીન.*

## અનુક્રમણિકા


**★★ પ્રકરણ-૧ ★★**

**વસીલો અને નબીઓ વલીઓથી મદદ લેવી ૧૧**

ફિર્કાબંદી ૧૧
સુન્નીઓમાં પણ વિવાદ થયો ૧૨
બરેલ્વી સમજો અને કહો ૧૩
બરેલ્વીનો મતલબ ૧૪
અમારો જવાબ ૧૪
સુન્નીઓ માટે આ'લા હઝરતનું મોટું એહસાન ૧૫
મસ્લકે આ'લા હઝરત ૧૬
મસ્લક ચાર જ છે ! ૧૬
ઉપરોકત પ્રશ્નનો જવાબ ૧૭
એક નુકતો ૨૦
એક શંકાનો ઉકેલ ૨૧
આપણી કમનસીબી ૨૧
ઓલ્ડ ઈઝ ગોલ્ડ ૨૨
એક ભલામણ ૨૩
અસલી અને નકલી ૨૩
ફિર્કાબંદીના જવાબદાર વહાબી છે ! ૨૪
કાદયાની પણ તેમની જ ઔલાદ છે ૨૫
વહાબી તૌહીદ શૈતાની તૌહીદનું પ્રતિબિંબ ૨૫
ખુદાને એક માનવો સંપૂર્ણ ઈમાન નથી ૨૬
મનુષ્ય અને મદદ ૨૬
શિર્ક અને કુફ્રનું મશીન ૨૯
શિર્કને સંબંધિત મદદ ૩૦
ઈલ્મે મઆનીનો એક ફાયદો ૩૧
જહાલતને ઈલ્મ સમજે છે ૩૭
શિર્ક દરેક માટે શિર્ક છે ! ૩૯
આ'લા હઝરતનો જવાબ ૪૦
નવાબ સાહેબ અચરજમાં પડી ગયા ૪૧
બરાહીને કાતેઆમાં સામાન્ય વાતમાં ભૂલ ૪૧
દેવબંદીઓનો હેતુ ૪૨
દેવબંદીઓની શૈતાનથી સગાઈની સાબિતી ૪૩
મુડદાંઓથી મદદ માંગવી ૪૩
વસીલા લેવો ૪૭
ઈમામ સુબુકીનો ઉલ્લેખ ૪૮
કુર્આન અને વસીલો ૪૯
વસીલોના અન્ય પ્રકાર ૫૨
નેક અમલોને વસીલો બનાવવો હદીષના પ્રકાશમાં ૫૨
ગુનાહથી બચવાના કામને વસીલો બનાવો ૫૪
આપણા સાચા નબીનો વસીલો ૫૪
હઝરત આદમ અને આપણા નબીનો વસીલો ૫૯
શૈતાનની જૂઠી કસમ ૬૦
આપનો વસીલો હદીષના પુરાવાથી ૬૧
ઉપરોકત હદીષ પર અન્ય પુરાવા ૬૧
હક્ક શબ્દ લગાડી દુઆ કરવી ૬૨






## અનુક્રમણિકા


**★★ પ્રકરણ-૨ ★★**

**વસીલો અને એના ફાયદાઓ ૬૮**

આપની હયાતીમાં આપનો વસીલો ૬૯
હદીષ શરીફનો પુરાવો ૭૦
રિવાયતનો જથ્થો ૭૦
વસીલાનો ફાયદો ૭૨
એક બારિક નુકતો ૭૨
ખુલાસો ૭૪
કુર્આનની વિરૂધ્ધ માર્ગ ૭૫
એક માર્ગદર્શન ૭૮
અસલ મકસદ ૮૦
માહોલનો એક દાખલો ૮૦
હઝરત અબ્બાસનો વસીલો બનાવવામાં આવ્યો ૯૦
સહાબાની એકમતિ ૯૨
ઈબ્ને તૈમિયહ્નો સવાલ ૯૨
વલી પણ જીવંત છે ૦૪
હઝરત અમીરે મુઆવિયહ્ અને વસીલો ૯૫
નબી અને વલીથી જ માંગ કરવી ૯૬
દુનિયામાં એકબીજાની જરૂરત ૯૯
ગૈરખુદાની મદદમાં શર્ત અવશ્ય ૧૦૦
દિમાગથી નજીક કરવા માટે અન્ય દલીલો ૧૦૦
ગૈરખુદાની મદદ કુર્આન અને હદીષના પ્રકાશમાં ૧૦૫
બાતિલ અકીદાનો જવાબ ૧૦૫
બાતિલ અકીદાનો બીજો જવાબ ૧૦૬
જવાબનો જવાબ ૧૦૬
બીજો જવાબ ૧૦૬
અમારી અને તમારી માન્યતા ૧૦૭
એક જરૂરી વાત ૧૧૪
અકલી ફરક અને તફાવત ૧૧૭
ઈમામે ગિઝાલી رحمۃ اللہ علیہ નો અમૂલ્ય જવાબ ૧૨૦
ઈબ્ને અબ્દુલ વહ્હાબનું ખોટુ લખાણ ૧૨૧
એક શંકાનો ઉકેલ ૧૨૩
તકદીરના ત્રણ પ્રકાર ૧૨૪
મુબરમે હકીકી ૧૨૪
શબીહ બ મુબરમ ૧૨૪
તકદીરે મુઅલ્લક ૧૨૪

**★★ પ્રકરણ-૩ ★★**

**વસીલો ૧૨૬**

નિર્ણય સહેલો નથી ૧૩૬
ભૂલ કરવાના અન્ય દાખલાઓ ૧૩૭
ભૂલ કેમ થઈ ? ૧૩૭
મૂર્તિઓની લાચારી અને વલીઓનો અધિકાર ૧૪૫
આપના શુભેચ્છકોની વિનંતી ૧૪૮
તખ્ત લાવનાર કોણ હતો ? ૧૫૦
હાઝિર નાઝિર ૧૫૧
એક શકયતા ૧૫૧

## ☆ અનુક્રમણિકા ☆


તમે ન્યાય કરો ૧૫૧
અધિકારવાળાથી મદદની માંગ ૧૫૨
આયતનો એક ઈશારો ૧૫૩
મખ્લૂકથી માંગ કરવી શિર્ક નથી
હદીષોના પુરાવાથી ૧૫૪
નબીનો અપાર અધિકાર ૧૫૬
મૂર્તિ અને નબી ૧૫૭
હદીષનો ફાયદો ૧૫૮
મુહદ્દિષે દહેલ્વીનું મંતવ્ય ૧૬૫
મુલ્લા અલી કારીનું મંતવ્ય ૧૬૬
હઝરત ઈમામ રાઝી رحمۃ اللہ علیہ નું
મંતવ્ય ૧૬૮
અન્ય તફસીરો ૧૬૯
મૌલ્વી કાસિમ નાનોત્વીનું મંતવ્ય ૧૬૯
ઈમામ કસ્તલાનીનું મંતવ્ય ૧૭૦
ઈમામ બુસૈરી رحمۃ اللہ علیہ નું મંતવ્ય ૧૭૧
બુર્દા નામનું કારણ ૧૭૨
મો'જિઝો અને કરામત ૧૭૩
કરામત અને મો'જિઝો અમારું
હથિયાર છે ! ૧૭૪
મોબાઈલ ફોન અને શંકાનો ઈલાજ ૧૭૪
સર્વને માન્ય ૧૭૫
કાઝી ષનાઉલ્લાહ સાહેબનું મંતવ્ય ૧૭૬
અલ્લામા ઈબ્ને કષીરનું મંતવ્ય ૧૭૬
અલ્લામા આલૂસીનું મંતવ્ય ૧૭૭
અલ્લામા ઈસ્માઈલ હક્કીનું મંતવ્ય ૧૭૭
જમાઅતી પણ કબૂલ કરે છે ! ૧૭૭
સહાબાનું મંતવ્ય ૧૭૮
હયાતમાં માંગ ૧૭૯
હઝરત અબૂબક્ર رضی اللہ عنہ ની માન્યતા ૧૮૦


### ★ ★ પ્રકરણ-૪ ★ ★


**ગયરુલ્લાહથી મદદનો મતલબ**
**અને એનો શરઈ જવાબ ૧૮૩**
શકિતના પ્રકાર ૧૮૪
જાતી શકિતની વિગત ૧૮૪
અતાઈ શકિતઓ ૧૮૫
કોઈ શંકા નથી ૧૮૬
દેવબંદીઓના શૈખુલ હિંદની
તફસીર ૧૮૭
કબ્ર પૂજક કહેવું ૧૮૯
મૌલ્વી ઈસ્માઈલ દહેલ્વી ૧૮૯
ઈસ્લામ ઐસા પૌધા હૈ કાટો
તો હરા હોગા ૧૯૧
આપણા નબી અંતિમ નબી ૧૯૧
જિબ્રઈલ علیہ السلام ને જોઈ લીધા ૧૯૩
અર્શે ઈલાહી નજરો સમક્ષ ૧૯૪
જંગલી જાનવરોથી જંગલ
ખાલી થઈ ગયું ૧૯૪
હિંસક પ્રાણી માર્ગદર્શક ૧૯૫
વિસાલ પછી હુઝૂર صلی اللہ تعالی علیہ وسلم ની
ઝિયારત ૧૯૬
દેવબંદીઓમાં આવેલું થોડું પરિવર્તન ૧૯૯
બીજું પરિવર્તન ૨૦૦
નબીએ અકરમ અને જન્નતની
વહેંચણી ૨૦૧






## ☆ અનુક્રમણિકા ☆


પુત્રીઓનું પોષણ, જન્નતની બશારત ૨૦૨
યતીમનું પોષણ અને બશારત ૨૦૨
ખબર લઈ આવો અને
જન્નત લઈ લો ! ૨૦૨
જન્નતી સ્ત્રી ૨૦૩
જન્નત ન માંગવા પર
સહાબાને આશ્ચર્ય ૨૦૪
મુહદ્દિષે દહેલ્વી رحمۃ اللہ علیہ નું મંતવ્ય ૨૦૬
શહાદત પછી વસિય્યત ૨૦૭
રસૂલે પાકથી ફરિયાદ ૨૦૯
યા મુહમ્મદનો ના'રો ૨૧૧
ફતાવા રશિદીયહ્નો પુરાવો ૨૧૪
યા ઝર્રુક કહો ૨૧૬
ગંગોહી સાહેબનો નિર્ણય ૨૧૭
નાનોત્વી સાહેબનું મંતવ્ય ૨૧૯
નમાઝમાં યા નબી ! ૨૨૧
અહયાઉલ્ ઉલૂમનો પુરાવો ૨૨૧
મદારિજ અને અશ્અતુલ્ લમ્આત ૨૨૩
ઈમામ ઝૈનુલ આબેદીન رضی اللہ عنہ ૨૨૩
ઈલ્મે ગયબમાં પણ મતલબી ફૈંસલો ૨૨૯
અમારી માન્યતા ૨૩૦
હાઝિર નાઝિર અને ઈલ્મે મા કાન
વમા યકૂનમાં અમારો ફૈંસલો ૨૩૦
શું તમે કરામતને નથી માનતા ! ૨૩૩
મુસલમાન માટે સારું અનુમાન રાખો ૨૩૩
કરામત પર જવાઝનો ફત્વો ૨૩૪
દૂરનું સાંભળવાનો કુર્આની પુરાવો ૨૩૬
દૂરનું સાંભળવાનો પુરાવો હદીષથી ૨૩૭
મિર્કાત શર્હે મિશ્કાત ૨૩૮
ઉપરોકત હદીષ અને
ઈસ્માઈલ દહેલ્વી ૨૩૯
એક અકલી દલીલ ૨૪૧
કરામતથી અવાજ પહોંચાડવો ૨૪૨
ફતાવા અબ્દુલ હય્ય ૨૪૩
પીરનો અધિકાર અને ગંગોહી સાહેબ ૨૪૪
ઈમામ રાઝી رحمۃ اللہ علیہ નું મંતવ્ય ૨૪૫
દલાઈલુલ્ ખૈરાત ૨૪૭
હુઝૂર صلی اللہ تعالی علیہ وسلم નો સાંભળવું
અને જોવું ૨૪૯
બીજો નમૂનો ૨૫૧
નબી صلی اللہ تعالی علیہ وسلم ની યાદ
પૂરા અદબથી કરો ૨૫૩
નબી દુરૂદ સાંભળે છે ૨૫૫
ડોકટર ઈકબાલનું મતંવ્ય ૨૫૬
મહફિલમાં નબીની હાજરી ૨૫૬
નઅતની મહફિલમાં હાજરી ૨૫૭


### ★ ★ પ્રકરણ-૫ ★ ★


**તબર્રુકનો વસીલો ૨૫૯**
તબર્રુક અને એના વસીલાનો મતલબ ૨૬૧
તબર્રુક કુર્આનના પ્રકાશમાં ૨૬૧
બુઝુર્ગોનાં મઝારો
શઆઈરુલ્લાહ શાથી ?! ૨૬૩
સફા અને મરવા ૨૬૫
મુકામે ઈબ્રાહીમ ૨૬૭
ઈબાદત અને ઈજ્જત ૨૬૯

## ☆ અનુક્રમણિકા ☆


આર્ય લોકોનો સવાલ ૨૬૯
હઝરત યૂસુફનો જબ્બો ૨૭૦
તાબૂતે સકીના (શાંતિ આપનાર પેટી) ૨૭૧
તાબૂતે સકીનામાં તબર્રુકની ચીજો ૨૭૩
કુર્બાનીનું પ્રાણી ૨૭૩
હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નો મુબારક કંબલ ૨૭૫
હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખળાઉં (પાવડી) ૨૭૬
હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નું પ્યાલુ ૨૭૬
મશકનું મોઢિયું ૨૭૬
હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના વુઝૂનું પાણી ૨૭૬
હુઝૂરનું થૂક અને
લીંટ મુબારક પણ તબર્રુક ૨૭૮
તબર્રુકથી શિફા પ્રાપ્ત કરવી ૨૭૮
પ્યાલાનું પાણી અને શિફા ૨૭૮
કપડાંનો ટુકડો અને શિફા ૨૭૮
હઝરત ઉમર رضی اللہ عنہ ની અકીદત ૨૭૯
અકે પ્યાલું લાખોનું ! ૨૭૯
અસા સાથે જન્નતમાં ૨૭૯
તબર્રુક કબ્રમાં પણ સાથે ૨૮૦
કફન માટે ચાદરની માંગ ૨૮૦
તીર કામઠાનો અદબ ૨૮૧
હુઝૂરના ગોદડાનો બોસો આપ્યો ૨૮૧
કબ્રમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની
ચાદરનો ફાયદો ૨૮૧
હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના અમામાની બરકત ૨૮૩
હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની કુલ્લીની બરકત ૨૮૪
હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના હાથોનું ધોવણ ૨૮૪
સ્વપ્નની જગાનો પણ અદબ ૨૮૫
પોતાના માથાના વાળ પણ તબર્રુક ૨૮૬
હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم નો જવાબ ૨૮૭
મિમ્બરનું ચુંબન ૨૮૭
હાથ ચૂમવો ૨૮૮
મુહદ્દિષે દહેલ્વીનું મંતવ્ય ૨૮૮
હઝરત કાઝી અયાઝનું મંતવ્ય ૨૮૯
હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખાટલીની ઈજ્જત ૨૯૦
હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની બેઠકનો અદબ ૨૯૧
અદબનું ઈનામ ૨૯૨
બેઅદબીનો વબાલ ૨૯૨
ચાદરનો કમાલ ૨૯૨
હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના પસીનાનો ફાયદો ૨૯૩
હુઝૂરના લૂકમાની બરકત ૨૯૪
કૂવો સુગંધી થઈ ગયો ૨૯૪
કૂવો પાણીથી ભરપૂર ૨૯૫
હુદૈબિયહ્‌માં પાણીની બરકત ૨૯૫
થૂકની બરકતથી માલામાલ ૨૯૬
બીમારીથી શિફા અને શરીરમાં સુગંધ ૨૯૭
તમારુ વધેલ હું લઈશ ૨૯૭
નફ્લ રોઝો તોડી નાખ્યો ૨૯૮
મૂએ મુબારક ૨૯૮
નબીએ વાળોની વહેંચણી કરી ૨૯૯
વાળોના ધોવણથી બીમારીનો ઈલાજ ૩૦૫
વાળના સદકામાં વિજય ૩૦૬
પ્રાણ જાય પણ ટોપી ન જાય ! ૩૦૬
હઝરત ખાલિદ رضی اللہ عنہ ની
પત્નીનું મંતવ્ય ૩૦૮
કબ્રમાં બરકત પામવા વસિય્યત ૩૧૦
દેવબંદી આલિમની ગવાહી ૩૧૧
નબીના વાળની બેઈજ્જતી
નબીની બેઈજ્જતી છે ! ૩૧૨






☆ અનુક્રમણિકા ☆


સ્વપ્નમાં આપવામાં આવેલા
મૂએ મુબારક ૩૧૫
ગરીબ નવાઝનો બૂટ ૩૧૮
નબીના નઅલૈનનો નકશો ૩૧૯

★★ પ્રકરણ-૬ ★★

**દુઆમાં વસીલો લેવો ૩૨૧**
ઈબ્ને તૈમિયહ્‌નો ઈન્કાર ૩૨૨
એક વધુ ઈન્કાર ૩૨૩
તૈમિયહ્‌ના ચેલા વહાબી ૩૨૩
જીવંત લોકોથી દુઆની દરખાસ્ત ૩૨૩
કુર્આન અને અન્ય દુઆઓ ૩૨૪
દુઆની દરખાસ્ત કુર્આનના પ્રકાશમાં ૩૨૫
નબીને દુઆનો આદેશ અલ્લાહ તરફથી ૩૨૭
ફરિશ્તાઓની આપણા માટે દુઆ ૩૨૭
હદીષે પાક અને સહાબાની
નબીથી દુઆની દરખાસ્ત ૩૨૮
આપણી દુઆ ૩૫૨
વલીઓની દુઆ ૩૫૨
નબી અને દુઆની દરખાસ્ત ૩૫૪
હુઝૂર માટે દુઆનો ઉમ્મતને આદેશ ૩૫૬
દુરૂદો સલામ પણ દુઆ છે ૩૫૭
સલામ અને તેનો જવાબ ૩૫૯
નબીએ પાકની ખુશ ખબર ૩૫૯
નબી અને વલીનું માર્ગદર્શન ૩૬૦
ઉવૈસ કરની ૩૬૧
ઉમરની મુલાકાત અને દુઆની દરખાસ્ત ૩૬૨
અન્ય દાખલાઓ વલીઓની
દુઆની તાસીરથી સંબંધિત ૩૬૩
દુઆથી કઝા (કિસ્મત) બદલી નાખી ૩૬૪
તકદીર દુઆથી બદલાય છે ! ૩૬૪
તકદીર (નસીબ)ના પ્રકાર ૩૬૫
ગરીબ નવાઝની દુઆ ૩૬૮
હુઝૂર ગૌષે પાક رضی اللہ عنہ ની દુઆ ૩૬૯
કીડીની દુઆના સદકામાં
આપણી દુઆ કબૂલ ! ૩૭૦
મૈયતથી જીવંતનો ફાયદો ૩૭૧
કાચા બાળકનો આખેરતમાં ફાયદો ૩૭૨
નબીનો ફાયદો ૩૭૩
નબીએ પાકની કબ્ર પર
હાજરીનો મતલબ ૩૭૪
ખલીફા મન્સૂર અને ઈમામ માલિક ૩૭૫
સહાબી અને દુઆની દરખાસ્ત ૩૭૭
હુઝૂરથી વરસાદની દુઆની દરખાસ્ત ૩૭૮
દુઆમાં કબ્ર તરફ મોઢું રાખો !
દેવબંદનો ફેંસલો ! ૩૭૯
બુઝુર્ગોની કબ્રોથી ફૈઝ લેવો જાઈઝ છે !
દેવબંદનો ફત્વો ! ૩૮૧
હાજી સાહેબનો ફેંસલો ૩૮૧
નાનોત્વી સાહેબની વાત
પણ સાંભળો ! ૩૮૨
સહાબા અને કબ્રનો વસીલો ૩૮૪
કબ્રથી ફૈઝ પામવાનો એક વધુ બનાવ ૩૮૬
હશ્રના મેદાનમાં નબીની દરખાસ્ત ૩૮૭
શફાઅત હદીષના પ્રકાશમાં ૩૮૭

★★ પ્રકરણ-૭ ★★

**ઓલમાના મંતવ્યો ૩૯૩**
અલ્લામાના કહેવાનો ભાવાર્થ ૩૯૫

بسم الله الرحمن الرحيم

نحمده ونصلي على رسوله الكريم وآله واصحابه اجمعين

## ☆ પ્રાસ્તાવિક વાત..... ☆

વર્તમાનકાળમાં એક વિચિત્ર ફિર્કો અસ્તિત્વ ધરાવે છે કે જેમની માન્યતા એ છે કે "ગૈરુલ્લાહથી મદદ લેવી શિર્ક છે." જો કે તેઓ પેદા થવાથી લઈને પાલન પોષણમાં, ભણવામાં, નોકરી ધંધો મેળવવામાં કે નોકરી ધંધામાં પ્રગતિ કરવામાં, બીમારીમાં કે અન્ય તકલીફોમાં અસંખ્ય "ગૈરુલ્લાહ"ની મદદો જીવનભર લેતા રહે છે એટલે સુધી કે એ જ વાત બોલવા માટે દિમાગ તથા જીભની મદદ લે છે કે જે પણ ગૈરુલ્લાહ છે ! એ જ વાત લખવા માટે પણ કલમની કાગળની મદદ લે છે કે જે પણ ગૈરુલ્લાહ છે ! છતાં આંખો મીંચીને "ગૈરુલ્લાહથી મદદ લેવી શિર્ક છે !" કહે જ જાય છે !

આવા લોકો કે જેઓ "મુશ્રિક"નો ફત્વો પામવા માટે કોઈના મોહતાજ નથી ! જાતે પોતે જ પોતાના કથનથી જ મુશ્રિક ઠરે છે છતાં તૌહીદના ઠેકેદાર બનીને ફરે છે અને અન્ય મુસલમાનોને મુશ્રિક કહે છે કે જેઓ નબી વલીથી મદદ તલબ કરે છે.

શું વાત છે ?! દુનિયાથી અન્ય ચીજો તથા વ્યકિતઓની મદદ લેવામાં તેમને વાંધો નથી આવતો અને નબી વલીથી મદદ તલબ કરી કે શિર્કનો ફત્વો લાગી ગયો ! તો શું એમની દ્રષ્ટિએ અન્ય ચીજો ગૈરુલ્લાહ નથી ? કેવળ નબી વલી જ ગૈરુલ્લાહ છે ?!

**અસલ વાત** એ છે કે એ એક હઠધર્મી છે કે જે વાત શિર્ક નથી તેને નબી વલીની અદાવતમાં શિર્ક કહી દેવામાં આવે છે. સૌ સમજે છે કે હકીકી મદદગાર તો અલ્લાહ જ છે, અલ્લાહના હુકમથી જ અન્ય ચીજોની આપણે મદદ લઈએ છીએ એટલે કે એ ચીજો અલ્લાહની મદદ પામવાના ઝરીયા તથા વસીલા છે. આગનું કામ સળગાવવાનું છે પણ ખુદા ન ચાહે તો આગ પણ સળગાવી શકે નહીં, પાણીનું કામ તરસ છીપાવવાનું





છે પણ ખુદા ન ચાહે તો સમંદર પી જાવ છતાં તરસ છીપાશે નહીં....વગેરે. સારાંશ **હકીકી મદદગાર અલ્લાહ છે અને અન્ય ચીજો આપણે ઉપયોગમાં લઈએ છીએ તે એ માટેના ઝરીયા તથા વસીલા** છે. અને આ રીતની મદદ પામવામાં શિર્ક હરગિઝ નથી.

હવે જ્યારે દુનિયાની અન્ય ચીજોને વસીલો બનાવવું ઉપરોકત લખાણમાં જણાવ્યાનુસાર શિર્ક નથી થતું તો અલ્લાહના મહબૂબ બંદાઓ, નબીઓ, વલીઓને ઝરીયો વસીલો બનાવીએ તો શિર્ક શાથી થશે ? જ્યારે કુર્આનમાં છે કે **"અલ્લાહની તરફ વસીલો ઢુંઢો."** તેમજ અન્ય આયતો તથા હદીષોનો અભ્યાસ આપ આ કિતાબમાંથી કરશો તો સમજાઈ જશે કે અલ્લાહના મહબૂબ બંદાઓનો વસીલો લેવો એ અલ્લાહની રહમત પામવાનો શ્રેષ્ઠતમ માર્ગ છે અને એ હરગિઝ શિર્ક નથી.

મારી જેવો અજ્ઞાની આ બાબતમાં શું દર્શાવી શકે ?! પણ **વસીલા** બાબતે તમામ શંકા કુશંકાઓનું નિવારણ તથા વસીલાનું મહત્વ જેઓ જાણવા ચાહતા હોય તેઓ પ્રસ્તુત કિતાબ **તોહફાએ નજાત (ભાગ–૮)**નો અભ્યાસ કરી લે તો ઈમાનમાં તાજગી પેદા થશે.

ફખ્રે ગુજરાત **હઝરત અલ્લામા મૌલાના યૂનુસ મિસ્બાહી સાહબ (વાગરાવાળ)**ની ઈન્કિલાબી તકરીરો તથા કલમે સુન્નીઓમાં જાગૃતિની એક અનેરી લહેર દોડાવી દીધી છે. **તોહફાએ નજાત**ની સિરીઝનો આ **આઠમો ભાગ "વસીલો અને એના ફાયદા"** નામની કિતાબ રૂપે આપના હાથોમાં રજુ કરતાં અમો અત્યાનંદ અનુભવીએ છીએ. આ જ લખાણો **ભાગ–૧ થી ભાગ–૮** સુધી કેસેટોમાં પણ સાંભળવા મળશે અને કિતાબો રૂપે પણ હાજર છે. તો જેઓ **ઈસ્લામ તથા સુન્નિયત**ને ખરેખર સમજવા ચાહતા હોય તેવાં ભાઈઓ તથા બહેનો આ કિતાબો અથવા કેસેટો મંગાવી ઈમાનને મજબૂત કરે અને નેક અમલોમાં પુખ્તગી મેળવે એવી અપીલ છે. ગુજરાતીમાં આવી સુંદર સચોટ રજુઆત કુર્આન હદીષ ઉલમાના કથનોવાળી કયાંય મળવી મુશ્કેલ છે.

મૌલા તઆલા લેખકને જઝાએ ખૈર અતા કરે તથા આપણને તેમના ઈલ્મથી ફયઝયાબ થવાની તૌફીક આપે.–આમીન

તા. ૯–૧–૨૦૦૩ **–પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

દયાદરા

# ★ દર્દે દિલ ★

દર્દે દિલ કર મુઝે અતા યા રબ
દે મેરે દર્દ કી દવા યા રબ

લાજ રખ લે ગુનાહગારોં કી
નામ રહમાન હૈ તેરા યા રબ

ઐબ મેરે ન ખોલ મહશરમેં
નામ સત્તાર હૈ તેરા યા રબ

બે સબબ બખ્શ દે ન પૂછ અમલ
નામ ગફ્ફાર હૈ તેરા યા રબ

તૂને મેરે ઝલીલ હાથોં મેં
દામને મુસ્તફા દિયા યા રબ

તૂને દી મુઝ કો નેઅમતે ઈસ્લામ
ફિર જમાઅત મેં લે લિયા યા રબ

કર દિયા તૂને કાદરી મુઝ કો
તેરી કુદરત કે મૈં ફિદા યા રબ

ઈસ નિકમ્મે સે કામ લે ઐસે
યહ નિકમ્મા હો કામ કા યા રબ

અહલે સુન્નત કી હર જમાઅત પર
હર જગહ હો તેરી અતા યા રબ

તૂ 'હસન' કો ઉઠા હસન કરકે
હો મઅલ ખૈર ખાતેમા યા રબ

☆ ☆ ☆

## (પ્રકરણ–૧)

# વસીલો અને નબીઓ વલીઓથી મદદ લેવી

اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعَالَمِيْنَ وَالصَّلٰوةُ وَ السَّلَامُ عَلٰى سَيِّدِ الْاَنْبِيَاءِ
وَ الْمُرْسَلِيْنَ وَعَلٰى اٰلِهٖ وَ اَصْحَابِهٖ اَجْمَعِيْنَ اَمَّا بَعْدُ فَاَعُوْذُ بِاللّٰهِ
مِنَ الشَّيْطَانِ الرَّجِيْمِ بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ يَا اَيُّهَا الَّذِيْنَ
اٰمَنُوْا اِنْ تَنْصُرُوا اللّٰهَ يَنْصُرْكُمْ وَ يُثَبِّتْ اَقْدَامَكُمْ صَدَقَ اللّٰهُ
مَوْلَانَا الْعَظِيْمُ وَصَدَقَ رَسُوْلُهُ النَّبِيُّ الْاَمِيْنُ الْكَرِيْمُ وَنَحْنُ عَلٰى
ذٰلِكَ لَمِنَ الشَّاهِدِيْنَ وَ الشَّاكِرِيْنَ وَ الْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعَالَمِيْنَ
اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَا رَسُوْلَ اللّٰهِ ـ اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَا حَبِيْبَ اللّٰهِ
اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَا نَبِيَّ اللّٰهِ ـ اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَا نُوْرَ اللّٰهِ
صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْكَ وَسَلَّمْ

મારા પ્યારા આકા صلی اللہ تعالیٰ علیہ وسلم ની પ્યારી દીવાનીઓ ! ખુત્બા પછી જે આયતે કરીમા પઢવાનો મેં શરફ પ્રાપ્ત કર્યો તેની બાબત અલ્લાહ તઆલા મને હક્ક કહેવાની અને તમને બધાને હક્ક સાંભળવાની અને એની ઉપર અમલ કરવાની તૌફીક અતા ફર્માવે.

### ★ ફિર્કાબંદી ★

મારી બહેનો ! જમાનો જેમ કિયામતથી નિકટ થઈ રહ્યો છે અને સૂર ફૂંકાવાની ઘડીઓ નજીક આવી રહી છે તેમ તેમ નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ના ફર્માન અનુસાર નવા નવા ફિર્કાઓ અને ફિત્નાઓ જન્મ લઈ રહ્યા છે. સદીઓથી મુસલમાન આલિમો અને સૂફીઓ જે વાતો પર સંમત હતા વર્તમાન કાળમાં તેને જ





વિવાદાસ્પદ બનાવવામાં આવે છે. મુસૈલમા કઝ્ઝાબનો ફિત્નો ઉપસ્થિત થયો તો હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہ ના ખિલાફતના જમાનામાં તેને મુસ્લિમ સૈન્ય મોકલીને નષ્ટ કરવામાં આવ્યો. ઝકાતને ટેક્ષ કહી તેના પર નકારાત્મક જવાબ આપવાવાળાઓની જમાઅત નીકળી તો તેને મારી મારીને સીધી કરવામાં આવી. હઝરત અલી رضی اللہ عنہ ની ખિલાફતના જમાનામાં ખારજી અને શિઆ બે ભાગ પડયા. ખારજીઓ હઝરત અલીના દુશ્મન બની ગયા, આપની શાનમાં ગુસ્તાખી અને બેઅદબી કરવા લાગ્યા, આપને કાફિર સુધ્ધાં કહી ગયા. આપના સાથીઓ અને શુભેચ્છકોને પણ બુરું ભલું કહેવા લાગ્યા. શિઆને અલીમાં ભાગલા પાડવા ઈબ્ને સબા યહૂદીએ પોતાનું મુસલમાન હોવું જાહેર કર્યું અને આલે રસૂલની મહોબ્બતનો દમ ભરી ખોટી ખોટી હદીષો અને રિવાયતો ફેલાવવાનું શરૂ કર્યું. ધીમે ધીમે અકીદાઓ અને માન્યતાઓ પણ બદલી નાખી. સત્ય અકીદાવાળા મુસલમાનોને પોતાની ઓળખ બદલવી પડી અને તેમને અહલે સુન્નત વલ જમાઅત કહેવામાં આવ્યા. શિઆ અને સુન્નીની ઓળખ અલગ અલગ થઈ ગઈ. શિઆઓમાં વિવાદ વધતો ગયો અને તેઓમાં નવા નવા ફિર્કાઓ બનવા લાગ્યા અને ધીમે ધીમે બાવીસથી અધિક ભાગોમાં તેમની વહેંચણી થઈ ગઈ. અલગ અલગ પ્રકરણોથી તેમના વિવાદનો સંપૂર્ણ ઉલ્લેખ બીજો કોઈ પ્રસંગે તમારી ખિદમતમાં રજુ કરવામાં આવશે.

### ★ સુન્નીઓમાં પણ વિવાદ થયો ★

સુન્નીઓ જેમની માન્યતા અને અકીદાઓ સત્ય હતા તેમનામાં પણ વિવાદ ઉભો થયો અને માન્યતાઓમાં તફાવત થવા લાગ્યો. અંતે તેઓમાં પણ ઘણા બધા ભાગલા પડી ગયા. કોઈ સુન્ની કહીને દેવબંદી બન્યો, કોઈ સુન્ની કહીને નેચરી બન્યો, કોઈ સુન્ની કહીને જમાઅતે ઈસ્લામી બન્યો, કોઈ સુન્ની કહીને વહાબી બન્યો, કોઈ સુન્ની કહીને અહ્લે કુર્આન બન્યો, કોઈ સુન્ની કહીને અહલે હદીષ બન્યો. વગેરે નવા નવા ફિર્કાઓનો જન્મ થયો જેથી સત્ય અકીદાવાળા સુન્નીઓને જરૂરત પડી કે પોતાની ઓળખ બદલે અને પોતાને બદઅકીદા લોકોથી અલગ કરે. ખુદાનો ફઝ્લ થયો કે, બદ્અકીદા લોકોએ આપમેળે જ સત્ય અકીદાવાળા સુન્નીઓને "બરેલ્વી" કહીને તેમની ઓળખ આપી.

## ★ બરેલ્વી સમજો અને કહો ★

દેવબંદીઓને દેવબંદી કહી બદઅકીદા સમજવામાં આવે છે. જ્યારે કોઈ તેમના જેવી માન્યતા રાખતો હોય અને તેને દેવબંદી કહેવામાં આવે તો તેના ક્રોધનો પાર રહેતો નથી અને જવાબમાં કહે છે દેવબંદ એક ગામનું નામ છે જે વ્યક્તિ ત્યાંના દારુલ ઉલૂમથી ફારિગ થાય તેને દેવબંદી કહેવામાં આવે અથવા જે માણસ તે ગામનો રહીશ હોય તેને દેવબંદી કહેવામાં આવે. દેવબંદ કોઈ ધર્મનું નામ થોડું છે ? કેટલો સુંદર જવાબ ! જાણે બિચારાને દેવબંદથી કોઈ સંબંધ જ નથી.

અરે ભાઈ ! એવું કયાં છે કે જે દેવબંદના દારુલ ઉલૂમથી ફારિગ થાય તેને જ દેવબંદી કહેવામાં આવે અથવા જે તે ગામનો રહીશ હોય તેને દેવબંદી કહેવામાં આવે. નિસ્બત અને સંબંધના કારણે તથા શુભેચ્છક સાથે પણ તેનો સંબંધ થાય છે. દાખલા તરીકે હઝરત ઈમામે આ'ઝમ અબૂ હનીફાના અનુયાયીને **હનફી** કહેવામાં આવે છે. ઈમામ માલિકના અનુયાયીને **માલિકી** કહેવામાં આવે છે, ઈમામ શાફઈના અનુયાયીને **શાફઈ** કહેવામાં આવે છે, ઈમામ અહમદ બિન હંબલના અનુયાયીને **હંબલી** કહેવામાં આવે છે, તો દેવબંદીને પણ દારુલ ઉલૂમ દેવબંદ અને તેમની માન્યતાઓને અનુસરવાને લઈને દેવબંદી કહેવામાં આવે છે ! જો આમ ન હોય તો કહી આપો કે દેવબંદ દારુલ ઉલૂમની તાલીમ સારી નથી, ત્યાંના આલિમોની માન્યતાઓ ખોટી છે ! તમે આમ તો કહી શકવાના જ નથી ! તો પછી પોતાના માટે દેવબંદી હોવાનું કુલેબલ સ્વીકારી લેવું જ પડશે.

અરે ભાઈ ! તમને એ તો ખબર હશે જ કે બાતિલ ફિર્કાના લોકો અમારા સત્ય અકીદાવાળા સુન્નીઓને બરેલ્વી કહે છે અને અમને બરેલ્વી હોવાનું ઉપનામ પસંદ છે. તમારા અમને બરેલ્વી કહેવાથી અમને ક્રોધ આવતો નથી બલ્કે અમારી ખુશીનો પાર નથી રહેતો કે અહલે સુન્નત વલ જમાઅતના મહાન મુજદ્દિદ તરફ અમારો સંબંધ કરી અમને તેમના અનુયાયી માનવામાં આવે છે અને તેમના મુબારક શહેર તરફ તેમના ચાહક હોવાને લઈને અમારો સંબંધ જોડવામાં આવે છે. અમે તમને રજા આપીએ છીએ કે





તમે લોકો જરૂરથી અમને બરેલ્વી કહો ! અને હું મારા સુન્ની ભાઈઓને પણ એ વાતની ભલામણ કરું છું કે તમે પોતે પણ પોતાને બરેલ્વી સમજો. પૂછવામાં આવે તો બરેલ્વી કહો અને કોઈ તમને બરેલ્વી હોવાનું ઉપનામ આપે તો ખુશી ખુશી સ્વીકારી લો. જે નામ ખરાબ હોય તે સ્વીકારવામાં ન આવે. બરેલ્વી હોવાનું ઉપનામ કેટલું ગર્વપાત્ર છે કે એનાથી આપણી સત્ય માન્યતા સ્પષ્ટ થાય છે. આ તો આપણું ઓળખપત્ર છે જે ખરાબ લોકોથી આપણને અલગ કરી રહ્યું છે.

**મેહરો માહસે ન બઝ્મે ઝિયાસે મિલી**
**રોશની દિલકો નૂરુલ હુદાસે મિલી**
**કાદરી સિલસિલા હૈ મુકદ્દર મેરા**
**યે નિસ્બત મુઝે અહમદ રઝાસે મિલી**

## ★ બરેલ્વીનો મતલબ ★

બાતિલ અકીદાના લોકો તરફથી કહેવામાં આવે છે કે, તમે એવું ન સમજો કે અમે તમને બરેલ્વી કહીને સાચા અર્થમાં સુન્ની સમજીએ છીએ, બલ્કે અમારી પરિભાષામાં બરેલ્વી એટલે બિદઅતી અને મુશ્રિક છે ! પછી તમારે બરેલ્વી શબ્દથી ખુશ ન થવું જોઈએ અને એને ઉપનામ પણ ન સમજવું જોઈએ. જો તમે અમને બરેલ્વી કહેવાની રજા આપતા હોઉ અને એ શબ્દથી ખુશ હોઉ તો એનો સ્પષ્ટ ભાવાર્થ એ થયો કે તમે અમને એ વાતની રજા આપો છો કે અમે તમને બિદઅતી અને મુશ્રિક કહીએ. હે બરેલ્વીઓ ! તમારી અક્કલ પર રડવું જોઈએ કે તમે નીચનામને ઉપનામ સમજો છો ?!

## ★ અમારો જવાબ ★

ભાઈ ! એ તો તમારી બેવકૂફી, નાસમજી અને જહાલત કહેવાય કે તમે બકરીને સુવ્વર કહો, ઘોડાને ગધેડો કહો. તમારી બકરીને સુવ્વર સમજવાની પરિભાષાથી શરીઅતમાં બકરી સુવ્વર નથી બની જતી અને હરામ પણ નથી થઈ જતી. શરીઅતના જાઈઝને નાજાઈઝ અને નાજાઈઝને જાઈઝ કહેવાનો અધિકાર તમને નથી. એ જ પ્રમાણે બરેલ્વી કહી તમે

બિદઅતી અને મુશ્રિક મતલબ લો તો તમારા મતલબ બદલવાથી કોઈ વ્યકિત બિદઅતો અને મુશ્રિકના વર્તુળમાં પ્રવેશી નથી જતી. એટલે તમારા મોઢે અમારા માટે બરેલ્વીનો શબ્દ સારો છે અને અમને પસંદ આવે છે. કારણ કે બરેલ્વીથી અમારું આ'લા હઝરત અઝીમુલ મર્તબત, મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામ અહમદ રઝાખાંના અનુયાયી હોવું જાહેર થાય છે.

## ★ સુન્નીઓ માટે આ'લા હઝરતનું મોટું એહસાન ★

ઈમામ અહમદ રઝાખાં બરેલ્વી رضی اللہ عنہ નું સુન્નીઓ પર એટલુ મોટુ એહસાન છે કે બધા લોકો મળીને તે એહસાનનો બદલો અદા નથી કરી શકતા. કહેવાતા મહાન આલિમો તરફથી સત્ય માન્યતાનો ભંગ કરતી કિતાબો પ્રકાશિત થઈ રહી હતી. દરેક વાત કુર્આન અને હદીષના હવાલાઓ અને પુરાવાથી એ પ્રમાણે લખવામાં આવતી કે ઈલ્મવાળાઓ પણ શંકામાં પડી જાય. અને ઈતિહાસમાં એવી વાતો પણ વાંચવા મળે છે કે કેટલાક આલિમો પણ શંકામાં પડીને બદમઝહબ બની ગયા. સુન્નીઓના અકીદા અને અમલની દરેક વાત પર પ્રશ્ન ઉપસ્થિત કરવામાં આવતો. કહેવામાં આવતું, હે સુન્નીઓ ! તમે તમારી વાતો ઉપજાવી કાઢેલી છે, તમારી વાતોનો કોઈ સબૂત નથી, તમારી પાસે એ વાતો પર પૂર્વજોમાં (આગલા બુઝુર્ગોમાં) હવાલાઓ નથી, તમે બિદઅતી છો, તમે શિર્ક પર શિર્ક કરો છો. આમ કહીને સુન્ની પબ્લિક અને આલિમોને પોતાની માન્યતા અને અમલ પર પૂર્વજ બુઝુર્ગોના પુરાવા શોધવા વ્યસ્ત કર્યા અને બીજી દિશાએથી એમણે દરવાજો ખોલ્યો અને નબીની શાનમાં ગુસ્તાખી કરવાનું શરૂ કર્યું. એ સમયે આ'લા હઝરત ઈમામ અહમદ રઝાખાં رحمۃ اللہ علیہ હતા જે ગૌષે આ'ઝમની કરામત અને સરકારે મદીનાનો મો'જેઝો બનીને બરેલીની કાદરી ખાનકાહમાં બીરાજમાન થયા અને સુન્નીઓની માન્યતા અને અમલ પર કરવામાં આવેલ પ્રશ્નોના જવાબ બનાવ્યા. પૂર્વજ બુઝુર્ગો, આલિમોના અસંખ્ય પુરાવાઓ ભેગા કર્યા. ચોર દરવાજાથી કરવામાં આવેલી ગુસ્તાખીઓથી લોકોને વાકેફ કર્યા. એક બે નહીં, નાની મોટી લગભગ હજાર જેટલી કિતાબો લખી. આલિમોની એક મોટી જમાઅત ભેગી થઈને જેટલુ કામ ન કરી શકે તેનાથી પણ વધારે કામ આ'લા હઝરતે એકલા હાથે કર્યું. હઝરત આલમગીર





رحمۃ اللہ علیہના જમાનામાં આપના આદેશથી ફતાવા આલમગીરી લખવામાં આવી જેના માટે છસો આલિમોની જમાઅત ભેગી થઈ હતી. જો ફતાવા રઝવિય્યહ્ અને ફતાવા આલમગીરીને લખાણથી માપવામાં આવે તો ફતાવા રઝવિય્યહ્ તેની ડબલ અને બે ગણી બને ! આ બધાં કામો દેખીને બાતિલ ફિર્કાના લોકો આ'લા હઝરતને સુન્નીઓના ઈમામ સમજે છે અને દુનિયાના કોઈ ખૂણે સુન્ની માન્યતા પર અમલ કરતા કોઈ વ્યકિતને જુએ છે તો તેને **બરેલ્વી** કહી આ'લા હઝરતનો અનુયાયી કહે છે. આપણે આ'લા હઝરતના એહસાનને સમજી નથી શકતા, એમનું એહસાન કેટલું છે તેને બાતિલ અકીદાના લોકોથી સમજો કે તમારી આખી સુન્નિયતના જવાબદાર આ'લા હઝરતને બનાવ્યા. આમ નથી કહી શકાતું કે બીજા કોઈ આલિમે કામ નથી કર્યું, સુન્નીઓના ઘણા આલિમો છે જેમણે અહલે સુન્નત માટે ઘણાં બધાં કામો કરેલ છે, કિતાબો લખેલી છે. જેમ કે હઝરત ફઝ્લે હક્ક ખૈરાબાદી, સદરુલ અફાઝિલ હઝરત નઈમુદ્દીન સાહેબ મુરાદાબાદી, હઝરત મુફ્તી અહમદ યારખાં વગેરે رضی اللہ عنہم પણ સુન્નિયતના જવાબદાર તરીકે સઘળી સુન્નિયતનો સંબંધ કોઈનાથી કરવામાં આવતો હોય તો તે આ'લા હઝરત છે અને તેમના અનુયાયી ગણી બીજા આલિમોને પણ બરેલ્વી અથવા રઝાખાની કહેવામાં આવે છે. એટલે બાતિલ અકીદાના લોકો આપણને બરેલ્વી કહે છે અને આ'લા હઝરતને ઈમામ સમજે છે અને કહે છે.

## ★ મસ્લકે આ'લા હઝરત ★

જ્યારે સુન્નિયતની જવાબદાર વ્યકિત આ'લા હઝરતને સમજવામાં આવે છે અને આપણે તે માર્ગને સાચો માર્ગ કહીએ છીએ જેનો આપે ઉલ્લેખ કર્યો અને આપે તેના પર ચાલીને બતાવ્યું. એટલે આપના ઉલ્લેખ કરેલ તે દીન અને તે માન્યતાઓને **મસ્કલે આ'લા હઝરત** કહેવામાં આવે છે.

## ★ મસ્લક ચાર જ છે ! ★

તકલીદ વાજિબ છે અને આ ચાર ઈમામોમાંથી ગમે તે એકની પાછળ શરઈ અહકામમાં ચાલવું જરૂરી છે : (૧) ઈમામે આ'ઝમ અબૂ હનીફા, મસ્લકનું નામ **હનફી.** (૨) હઝરત ઈમામ માલિક, મસ્લકનું નામ **માલેકી.** (૩) હઝરત

ઈમામ અહમદ બિન હંબલ, મસ્લકનું નામ **હંબલી.** (૪) હઝરત ઈમામ શાફઈ, મસ્લકનું નામ **શાફઈ.** આ ચાર સિવાય કોઈ પાંચમો મસ્લક નથી, તકલીદનો સ્વીકાર કરનારાઓ આ વાત પર સંમત છે. પછી **મસ્લકે આ'લા હઝરત** કહેવું શી રીતે યોગ્ય કહેવાય ? શું આ'લા હઝરતને ઉપરોકત ચાર ઈમામો પૈકી પાંચમાં ઈમામે મુજતહિદ માનવામાં આવે છે ? જો આમ હોય તો તમારામાં અને ગૈરમુકલ્લિદોમાં કોઈ તફાવત ન રહે !

## ★ ઉપરોકત પ્રશ્નનો જવાબ ★

ઉપરોકત ચાર ઈમામોના ફિકહી માર્ગને જે મસ્લક કહેવામાં આવે છે તે મહાન આલિમોની નિયુકત પરિભાષાના આધારે છે. અને નિયુકત પરિભાષાના આધારે ચાર મસ્લક પર સંમતિ છે. **મસ્લકે આ'લા હઝરત** કહેવામાં આવે છે તે એ પરિભાષાના આધારે કહેવામાં નથી આવતું. એની દલીલ એ છે કે આ'લા હઝરત પોતે પણ ચાર ઈમામોમાંથી કોઈ એકની તકલીદ વાજિબ માને છે અને આપ પોતે મસ્લકન હનફી છે. આપે જીવન પર્યંત ફતાવા હનફી મસ્લક પર આપેલ છે. આપના અનુયાયીઓ થકી પણ નિયુકત પરિભાષાના આધારે મસ્લકે આ'લા હઝરત બોલવામાં નથી આવતું. એટલે આમ નથી કહી શકાતું કે મસ્લક ચાર હતા તો પછી આ પાંચમો મસ્લકે આ'લા હઝરત કયાંથી આવ્યો ? બીજી દલીલ એ છે કે પરિભાષામાં મસ્લક ચાર ઈમામોના ફિકહી માર્ગને કહેવામાં આવે છે. અકાઈદ અને માન્યતાના માર્ગને પરિભાષામાં મસ્લક કહેવામાં નથી આવતું અને અહીં આ'લા હઝરતના અકાઈદ અને માન્યતાના માર્ગને મસ્લક કહેવામાં આવે છે. સ્પષ્ટ થયું કે નિયુકત પરિભાષાના આધારે મસ્લકે આ'લા હઝરત કહેવામાં નથી આવતું.

**સવાલ** :- પછી મસ્લકે આ'લા હઝરત કહેવાની શી જરૂરત ? એ વાત ખત્મ કરવી જોઈએ. એ શબ્દથી શંકા ઉપસ્થિત થતી હોય તો તેનાથી બચવું જોઈએ.

**જવાબ** :- શંકા તે ઉપસ્થિત કરી શકે છે જેની પાસે શબ્દકોષ અને પરિભાષામાં તફાવત ન હોય. શંકા કરનારે પોતાનું નોલેજ વધારવું જોઈએ અને ખોટી શંકા કુશંકાનો નાશ કરવો જોઈએ. બીજું એ કે વર્તમાન





અસંખ્ય લોકો એવા છે જેઓ મસ્લકન હનફી છે પણ તેમની માન્યતા અને અકાઈદ ખોટા છે અને એ પ્રમાણે બીજા મસ્લકો (હનફી, શાફઈ, માલિકી, હંબલી) ની હાલત છે ચાર મસ્લકમાંથી કોઈ એકની તકલીદ કરનાર મુકલ્લિદ સાચા અકીદાનો છે કે ખોટા તેનો તફાવત દર્શાવવા **મસ્લકે આ'લા હઝરત** શબ્દ ઉપયોગમાં લાવવામાં આવ્યો. આ'લા હઝરતનો અનુયાયી ચાર ઈમામોમાંથી કોઈ એકનો મુકલ્લિદ હશે, ગૈર મુકલ્લિદ નહીં હોય. અકાઈદ અને માન્યતામાં સત્ય માર્ગે હશે, ખોટા માર્ગે નહીં. મસ્લકે આ'લા હઝરત એ હક્ક મઝહબની ઓળખજી આખરી મોહર છે મે એટલું કહેવાથી જ તેના સુન્ની સહીહુલ અકીદા હોવાથી પ્રુફ થઈ જશે. તો સ્પષ્ટ થયું કે મસ્લકે આ'લા હઝરતનો ઉપયોગ શંકા પેદા નથી કરતો બલ્કે અકાઈદ બાબતે થકી શંકાઓનો નાશ કરે છે. શું બે મુકલ્લિદ પૈકી એક હનફી બરેલ્વી અને બીજો હનફી દેવબંદી છે, તેઓ એક સમાન છે ? જ્યારે કે હનફીનો શબ્દ બંને જગાએ એક જેવો છે પણ તફાવત તો બરેલ્વીનો થાય છે. એટલે મસ્લકે આ'લા હઝરત એ બરેલ્વીમાં આવે છે કે બદઅકીદાથી સત્ય અકીદાવાળો અલગ રહે.

**સવાલ** :- મસ્લકે ગૌષે આ'ઝમ કહેવામાં ન આવ્યું, મસ્લકે ખ્વાજા અજમેરી કહેવામાં ન આવ્યું, ચાર ઈમામો છોડી બીજા કોઈ તરફ એ શબ્દનો સંબંધ કરવામાં ન આવ્યો તો પછી મસ્લકે આ'લા હઝરત કેમ ? શું આ'લા હઝરતનો મુકામ તથા મર્તબો ગૌષે આ'ઝમ અને ખ્વાજા અજમેરીથી મહાન છે ? મુજદ્દિદની વાત લેવામાં આવે તો મસ્લકે મુજદ્દિદ અલ્ફેષાની વગેરે કહેવામાં ન આવ્યું તો પછી મસ્લકે આ'લા હઝરત શા માટે ?

**જવાબ** :- અન્ય કામો જરૂરતના આધારે ઉપસ્થિત થાય છે. દાખલા તરીકે ચાર ઈમામોની તકલીદવાળો મસ્અલો ત્યારે ઉપસ્થિત થયો જ્યારે ઉમ્મતે મુસ્લેમાને ચારથી અધિક મસ્લકોમાં વહેંચવી ન હતી. કારણ કે શરઈ અહકામમાં તકલીદ જરૂરી કરવામાં ન આવે તો મસાઈલમાં વિવાદો એટલા વધી જાય કે કિતાબો લખવી બેકાર થઈ જાય. દરેક પોત પોતાની મરજી પ્રમાણે મસ્અલો બનાવે અને બીજાથી વિવાદ કરે. જેથી આલિમોએ સંમતિ કરી ચાર ઈમામોમાંથી કોઈ એકની તકલીદ વાજિબ કરી. હવે કોઈ એવું કહે કે સહાબા તો તકલીદ ન કરતા હતા, તાબઈનમાં તો તકલીદનો રિવાજ

ન હતો તો પછીના જમાનામાં એ મસ્અલો કેમ જરૂરી કરવામાં આવ્યો ?

સુન્નીઓમાં જ્યારે અકાઈદ અને માન્યતાનો વિવાદ ન હતો કેવળ મસાઈલ અને શરઈ હુકમોમાં વિવાદ હતો જેનો નિકાલ તકલીદથી કરવામાં આવ્યો. એટલા માટે મસ્લકનો સંબંધ બીજા અર્થમાં પણ કોઈની સાથે કરવામાં ન આવ્યો, દાખલા તરીકે મસ્લકે ગૌષે આ'ઝમ અથવા મસ્લકે ખ્વાજા ગરીબ નવાઝ વગેરે. બીજા મુજદ્દિદોના જમાનામાં પણ એ શબ્દની જરૂરત નહીં પડી હોય. ૧૨૦૯ હિજરીમાં વહાબી ધર્મની સ્થાપના થઈ. દેવબંદીઓનો વજૂદ વહાબીમાંથી થયો. લોકોને અંધારામાં નાખવા થોડો ફેરફાર કરવામાં આવ્યો. ગૈરમુકલ્લિદ અહલે હદીષનો જન્મ દેવબંદીઓ પછી છે કેમ કે તેઓમાંથી જ ગૈરમુકલ્લિદો તકલીદનો ઈન્કાર કરી અલગ થયેલ. જમાઅતે ઈસ્લામી પણ ત્યાર પછીનો ફિર્કો છે, નેચરી પણ ત્યાર પછીનો ફિર્કો છે. અને આ સઘળા ફિર્કાના લોકો પોતાને અહલે સુન્નત વલ જમાઅત કહેતા હતા અને આજે પણ તેમના અનુયાયીઓ પોતાને સુન્ની અને અહલે સુન્નત વલ જમાઅત કહે છે. એટલે સાચા અકીદાવાળાઓએ પોતાની ઓળખ માટે **મસ્લકે આ'લા હઝરત**ની પરિભાષા બનાવી.

**સવાલ** :– મસ્લકે આ'લા હઝરતથી કોઈ નવી માન્યતાના ધર્મ તરફ ઈશારો થાય છે જેથી એ ન હોવું જોઈએ.

**જવાબ** :– જો આમ જ હોય તો મસ્લકે હનફી, શાફઈ, માલેકી અને હંબલીથી પણ અન્ય નવા ધર્મ તરફ ઈશારો થવો જોઈએ. જ્યારે કે ચારેવનો ધર્મ એક છે, માત્ર શરઈ મસાઈલમાં વિવાદ છે. અને કોઈએ એ શંકા ઉપસ્થિત નથી કરી કે મસ્લકે હનફી વગેરે ન કહેવું જોઈએ, એનાથી નવા ધર્મની શંકા થાય છે ! પછી મસ્લકે આ'લા હઝરત પર શંકા શાથી ? બીજુ એ કે માત્ર શંકાથી કંઈ થતુ નથી. નવો ધર્મ તો નવા અકીદા અને નવી માન્યતાઓથી બને છે અને તે બીજા ફિર્કાઓમાં જોવા મળે છે. મસ્લકે આ'લા હઝરતમાં દરેક વાત પૂર્વજ બુઝુર્ગોના હવાલાઓથી સાબિત કરવામાં આવી છે પછી તેને નવો ધર્મ કહેવાની કોઈ દલીલ નથી. અને એ સ્પષ્ટ છે કે વિના દલીલે વાત માન્ય રાખવામાં આવતી નથી.

**સવાલ** :– અકાઈદ અને માન્યતામાં કોઈની તકલીદ કરવામાં





નથી આવતી અને ફિકહી અહકામમાં તકલીદ વાજિબ છે, તે માત્ર ચાર ઈમામોમાંથી કોઈ એકની. બીજા અર્થમાં તો લઈ નથી શકતા, કારણ કે તમારું કહેવું એવું છે કે આ'લા હઝરત પોતે હનફી છે અને પ્રથમ અર્થમાં હોય (અકાઈદમાં) તો તેમાં તકલીદ નથી, પછી મસ્લકે આ'લા હઝરત કેમ કહેવામાં આવે છે ?

**જવાબ** :– અમે એવું કયારે કહ્યું છે કે અકાઈદમાં તકલીદ છે અને અમે આ'લા હઝરતની તકલીદ કરીએ છીએ. બલ્કે મસ્લકે આ'લા હઝરતનો મતલબ અને ભાવાર્થ એ છે કે નબી અને સહાબાથી જે માન્યતાઓ ચાલી આવે છે તેની આ'લા હઝરતે ઉર્દૂમાં છણાવટ કરી અને આપણને વાકેફ કર્યા. પૂર્વજે આલિમોનાં કથનોથી પુરાવા આપ્યા કે સહાબાથી આ પ્રમાણેની માન્યતાઓ ચાલી આવી છે. તો અમે અમારી માન્યતા અને અકાઈદની સચ્ચાઈ પર આ'લા હઝરતને પુરાવો બનાવીએ છીએ અને વારંવાર કહેવું ન પડે એટલે **મસ્લકે આ'લા હઝરત**ની પરિભાષા બનાવી કે ત્રણ શબ્દોમાં અમારી ધાર્મિક સચ્ચાઈ સ્પષ્ટ થઈ જાય અને બાતિલથી અલગ રહીએ. જેમ કે મુસૈલેમા કઝ્ઝાબથી જ્યારે સહાબા જંગ લડયા તે મુસલમાન સૈન્યએ એક કોડવર્ડ રાખેલો કે મુસલમાન મુસલમાન સમક્ષ આવે તો **યા મુહમ્મદહ્** બોલવામાં આવે. અલ બિદાયા વન્નિહાયહ્માં છે, ભાગ–૬, પેજ નં. ૩૨૪ માં છે : અને તે દિવસે તેમની ઓળખ وَكَانَ شِعَارُهُمْ يَوْمَئِذٍ يَا مُحَمَّدَاهُ યા મુહમ્મદા હતી.''

આમ ઓળખ એટલા માટે નિયુકત કરવામાં આવી હતી કે મુસૈલેમા કઝ્ઝાબના બદઅકીદા શુભેચ્છકોથી મુસલમાનો અલગ રહે. **યા મુહમ્મદા** બોલે તો મુસલમાન અને ન બોલે તો બદઅકીદા.

## ★ એક નુકતો ★

સહાબાએ જે ઓળખ નિયુકત કરી હતી (યા મુહમ્મદા) જેનાથી મુસલમાન બદ અકીદાથી અલગ રહેતો જો આજે પણ એ ઓળખને ઉપયોગમાં લાવવામાં આવે તો સહાબા માફક સુન્ની બરેલ્વીઓની ઓળખ يَا مُحَمَّدَاهُ રહેશે. બદઅકીદા લોકો **યા** શબ્દથી નબીઓ અને વલીઓને

જ્યારે તેઓ નિકટ ન હોય સંબોધન કરવાને શિર્ક કહે છે. એટલે તેઓ يَا مُحَمَّدَاه કહેતો નથી. આપણે કહીશું અને બદઅકીદાથી અલગ રહીશું. (ઈન્શાઅલ્લાહ !)

ઉપરોકત વાતને લક્ષમાં રાખીને અમે અમારી ઓળખ **મસ્લકે આ'લા હઝરત** બનાવી છે. એટલે મસ્લકના શબ્દથી પ્રશ્નો ઉપસ્થિત કરવા બેફાયદા છે.

## ★ એક શંકાનો ઉકેલ ★

મારી બહેનો ! આજે આપણે ચર્ચા આ પ્રકરણ પર કરવાની છે : "વસીલો અને નબીઓથી મદદ લેવી." પણ આ પ્રકરણની ચર્ચામાં આપણો વિરોધી ગૈરમુસ્લિમ નથી બલ્કે કહેવાતો મુસ્લિમ જ છે જે પોતાની ખોટી માન્યતાથી વસીલાનો પણ ઈન્કાર કરે છે અને નબીઓ, વલીઓથી મદદ લેવાને શિર્ક કહે છે. એટલે પ્રથમ સાચા અકીદાવાળાનો અને ખરાબ અકીદાવાળાનો તફાવત વર્ણવવામાં આવ્યો. આનાથી એ પણ સ્પષ્ટ થયું કે આપણો વિરોધી માત્ર મુશ્રિક તથા અન્ય ગૈરમુસ્લિમો જ નથી બલ્કે મુસલમાનોમાં જેમની માન્યતાઓ બદલાઈ ગયેલ છે તે પણ આપણા વિરોધી છે અને તેમની પાછળ પણ સમય બગાડવો પડે છે.

## ★ આપણી કમનસીબી ★

આપણે એ વાતની કોશિશ કરવી જોઈએ કે દુનિયામાં જે લોકો સુધી ઈસ્લામ પહોંચ્યો નથી તેમને ઈસ્લામ બાબતે બતાવવામાં આવે, તેમની શંકાઓનો નાશ કરી તેમને ઈસ્લામના વર્તુળમાં લાવવામાં આવે અને મુસલમાનોની સંખ્યામાં વધારો થાય, એનો શ્રમ કરવામાં આવે. પણ આપણી કમનસીબી એ છે કે મુસલમાનોમાં ભાગલા પડી ગયા અને એટલા બધા ફિર્કાઓ બની ગયા કે હવે આપણી પાસે કાફિરો અને ગૈરમુસ્લિમોને સમજાવવાનો સમય નથી, હવે આપણે પરસ્પર લડવાનું છે અને એકબીજાને નુકસાન પહોંચાડવાનું છે. પણ શું કરીશું ? મુસલમાન કહીને કોઈ ખોટી માન્યતા ધરાવે અને વળી પોતાની ખોટી માન્યતા પર ખોટી રીતે કુર્આન





અને હદીષના હવાલા આપે તો તેનો ચેપ બીજા સાચા અકીદાવાળા મુસલમાનને ન લાગે તેના માટે ખરી સમજ આપવી પડે અને પૂર્વજ આલિમોની માન્યતાથી વાકેફ કરવા પડે કે ભાઈઓ અને બહેનો ! આપણે જે માન્યતા ધરાવીએ છીએ તે મનઘડત ઉપજાવેલ નથી અને નવી માન્યતા પણ નથી બલ્કે પૂર્વજોનો ઈતિહાસ પણ એ જ માન્યતા સ્પષ્ટ કરે છે એટલે આપણે એ માન્યતાને જ ઉત્તમતા આપવી જોઈએ અને મક્કમતાથી એની ઉપર રહેવું જોઈએ.

## ★ ઓલ્ડ ઈઝ ગોલ્ડ ★

અંગ્રેજીમાં ઉખાણું છે કે "ઓલ્ડ ઈઝ ગોલ્ડ" જૂનુ સોના જેવું છે. વર્તમાન કાળમાં તો લોકો એ વાતને કબૂલ નહીં કરે અને લોકોના ગળા નીચે નહીં ઉતરે પણ ધર્મ અને દીનમાં એ ઉખાણું ૧૦૦% સત્ય છે. ઈસ્લામ ધર્મમાં નવા અકીદાઓ અને નવી માન્યતાઓ ભરોસાપાત્ર નથી હોતી. કારણ કે દીન અને ધર્મ નબી અને નબીની લાવેલી વાતોનું નામ છે તો આપણે દરેક વાતમાં નબી અને એમની વાતોને ઉત્તમતા આપવી પડશે અને એ ૧૪૦૦ વર્ષથી અધિક જૂની છે અને નબીએ અકરમ નૂરે મુજસ્સમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ પોતાની ઉમ્મતમાં ભાગલા પડી જવાની દિલ ધ્રુજાવી આપે એવી ભયંકર ખબર સંભળાવી હતી અને ૭૨ ફિર્કાઓને દોઝખી કહી એક ફિર્કાને જન્નતની ખુશખબર સંભળાવી હતી. તેઓ બાબતે સહાબાએ કિરામે પ્રશ્ન કર્યો હતો કે હુઝૂર ! ફિર્કાએ નાઝિયા (નજાત પામનાર જન્નતી) કયો છે ? તો આપે ફર્માવ્યું : مَا اَنَا عَلَيْهِ وَاَصْحَابِىْ જેના પર હું અને મારા સહાબા છે. સ્પષ્ટ થયું કે જેઓ નબી અને સહાબાની કરેલ અથવા બતાવેલ વાતો પર મજબૂતપણે અમલ કરશે અને નવી માન્યતાઓથી પોતાને બચાવશે તે હક્ક પર છે અને તેના માટે જન્નતી હોવાની ખુશ ખબર સંભળાવવામાં આવી છે. તો આપણે આપણો દીન અને ધર્મ બચાવવા માટે નવા નવા ફિર્કાઓથી દૂર રહેવું જોઈએ, એમની વાતો સાંભળવી ન જોઈએ અને એમની સભાઓથી પણ દૂર રહેવું જોઈએ.

## ★ એક ભલામણ ★

અમે ક્રમે ક્રમે અકીદા અને માન્યતાને સંબંધિત પ્રકરણો તમારી ખિદમતમાં રજુ કરતા રહીશું. મસ્લકે આ'લા હઝરતવાળી માન્યતા પર જે દલીલો અને પુરાવા રજુ કરીશું એનાથી સ્પષ્ટ થશે કે આ'લા હઝરતે જે દીનનું આપણને માર્ગદર્શન આપેલું છે તે નવો નથી બલ્કે જૂનો છે અને સહાબા, તાબઈ અને બુઝુર્ગોનો દીન તે જ હતો અને હદીષ પ્રમાણે હક્ક તેને જ કહેવામાં આવ્યું છે. ફિર્કાએ નાઝિયા (નજાત પામનાર) તેવી માન્યતા ધરાવવાવાળાઓને જ કહેવામાં આવી છે અને એટલે જ વારંવાર ભલામણ કરવામાં આવે છે કે સત્ય દીન જોઈતો હોય તો **મસ્લકે આ'લા હઝરત** પર રહો.

## ★ અસલી અને નકલી ★

બોલવામાં આવતા શબ્દો પોતાના અર્થના આધારે બે પ્રકારના છે : અસલી અને નકલી. અરબીમાં અસલીને હકીકત અને નકલીને મજાઝ કહેવામાં આવે છે. દાખલા તરીકે પેલો વાઘ છે. જંગલના વાઘને જોઈને કહેવામાં આવે તો શબ્દ પોતાના અસ્લી અર્થમાં છે અને કોઈ બહાદૂર માણસને જોઈને કહેવામાં આવે તો વાઘનો શબ્દ નકલી અર્થમાં છે.

વાકયમાં પરસ્પર એકબીજાનો સંબંધ હોય છે, વિના સંબંધે વાકય બની શકતુ નથી. કાર્ય અને કર્તામાં જે સંબંધ હોય છે તે સંબંધ કયારેક અસલી હોય અને કયારેક નકલી. એટલે કે કયારેક હકીકી અને કયારેક મજાઝી સંબંધ હોય છે.

અસલી અને નકલીનો ફરક અને તફાવત કયારેક ભાષા અને શબ્દકોષના આધારે હોય છે અને કયારેક ધર્મની દ્રષ્ટિએ પણ ફૈંસલો કરવામાં આવે છે. એક મુસલમાન કોઈ વાત બોલે તો તેની વાતમાં તેના ઈસ્લામ અને તેની ઈસ્લામી માન્યતાને દખલ હોય છે તો તેના માટે કોઈ ફૈંસલો કરવો હોય તો શબ્દકોષના આધારે ફૈંસલો કરી દેવામાં નહીં આવે બલ્કે તેની ઈસ્લામી માન્યતાને પણ વચમાં લાવવામાં આવશે.

જો ઉપરોકત તફાવતનો ખયાલ રાખવામાં ન આવે તો વાતચીતના આધારે અસંખ્ય મુસલમાન કુફ્રના વર્તુળમાં પહોંચી શકે છે. અને આમ જોવા





મળે છે કે જેમણે પોતાની જહાલત અને નાસમજીથી ઉપરોકત તફાવત ઉઠાવી લીધો તેમણે ફતાવા આપવામાં એવી ભૂલો કરી કે અસંખ્ય મુસલમાનોને કાફિર કહી આપ્યા ! મુસલમાનોમાં ભાગલા પાડી દીધા, એકતાનો ભંગ કર્યો અને મુસલમાનોને પરસ્પર એકબીજાના દુશ્મન બનાવી દીધા.

વર્તમાનકાળમાં મુસલમાનોની એ હાલત છે કે અસંખ્ય ફિર્કાઓ છે અને દરેક એકબીજાનો દુશ્મન છે, દરેક એકબીજાને કાફિર કહે છે. પરસ્પર એટલો વિવાદ કે કોઈએ ઈસ્લામના વર્તુળમાં પ્રવેશવું હોય તો વિચાર કરવો પડે કે હું કયા ઈસ્લામમમાં પ્રવેશું ?! અસંખ્ય ફિર્કાઓ છે અને દરેક એકબીજાને કાફિર કહે છે ! હું કયા ફિર્કામાં પ્રવેશું તો મુસલમાન રહી શકું ?! અને બીજા ફિર્કાના આધારે કાફિર ન બની જાઉં ! શકય છે કે તેને કોઈ એવો માર્ગ ન મળે અને તે ઈસ્લામના વર્તુળમાં પ્રવેશી જાય તો પણ બીજા કોઈ ફિર્કાના ફિત્નામાં તે ઈસ્લામથી બહાર જ રહે. આ બધું કયારે બની શકે છે કે જયારે ઈસ્લામના આગળ પડતા ઈસ્લામવાળાઓ ખોટી રીતે વિવાદ ઉભો કરી ભાષાના કાયદા કાનૂનને ભૂલાવી બેસે છે અથવા ધાર્મિક સ્થિતિઓનો ખયાલ રાખતા નથી.

## ★ ફિર્કાબંદીના જવાબદાર વહાબી છે ★

શિઆ ફિર્કાને છોડીને વર્તમાનકાળમાં જેટલા ફિર્કા જોવા મળે છે તેનું મૂળ વહાબી છે. વહાબી મુહમ્મદ બિન અબ્દુલ વહ્હાબ તરફ સંબંધ કરીને કહેવામાં આવે છે. ઈબ્ને અબ્દુલ વહ્હાબે લગભગ બે સદી પહેલાં સુન્નીઓમાં ભાગલા પાડવા જહાલત અને નાસમજીનું કામ કર્યું હતું. તેના ગંદા મોઢામાંથી શિર્ક, કુફ્ર અને બિદઅત સિવાય કોઈ શબ્દ નીકળતો ન હતો. તેના ખોટા ફતવાથી વહાબિયતને ખ્યાતિ મળી અને થોડા થોડા કરીને ઘણા બધા લોકો વહાબી બની ગયા. પછી તે પ્રમાણેની માન્યતા ધરાવતા આલિમોમાં વિવાદ થતો ગયો અને નવા નવા ફિર્કા ઉપસ્થિત થતા ગયા, આમ ઘણા બધા નવા ફિર્કા બની ગયા. એટલે આમ કહી શકાય છે કે વર્તમાનકાળની ફિર્કાબંદીના જવાબદાર વહાબી છે.

## ★ કાદયાની પણ તેમની જ ઔલાદ છે ★

કાદયાની લોકો જેમને પાકિસ્તાન ગવર્નમેન્ટ તરફથી ઈસ્લામ બહાર કહેવામાં આવ્યા, જો ઊંડાણમાં જઈએ તો તેઓ પણ વહાબી દેવબંદીની પેદાવાર છે. કાસિમ નાનોત્વીએ પોતાની બદનામે ઝમાના ચોપડી "તહઝીરુન્નાસ"માં ચિતરી માર્યું કે આપણા નબી મુહમ્મદ મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم પછી નવો નબી આવી શકે છે. નવો નબી આવી શકવાનો દરવાજો તેમણે ખોલ્યો તો એ તકનો લાભ લઈને ગુલામ કાદયાની તેમાં પ્રવેશી ગયો અને પોતાને નબી કહેવા લાગ્યો ! વર્તમાન કાળમાં તેના માનવાવાળાઓને કાદયાની કહેવામાં આવે છે. તો સ્પષ્ટ થયું, કાદયાનીનું મૂળ વહાબી છે.

## ★ શૈતાની તૌહીદનો ટોપલો ★

વહાબી તૌહીદ તૌહીદની બૂમો પાડે છે અને તૌહીદની આડ લઈને લોકોને મુશ્રિક કહે છે. તૌહીદનો શરઈ અર્થ છે અલ્લાહને એક માનવો અને તેની જાત અને સિફતોમાં કોઈને શરીક ન કરવો. આ અર્થના આધારે તૌહીદ ઘણી સુંદર વસ્તુ છે, બલ્કે ઈમાનનું મૂળ છે. પણ એ વાત ભૂલાવી ન જોઈએ કે તૌહીદના બે પ્રકાર છે. એક ઈસ્લામી તૌહીદ જે ઈમાનનું મૂળ છે અને બીજી શૈતાની તૌહીદ જેનાથી તે ખુદાની બારગાહથી દૂર કરી દેવામાં આવ્યો. તે ખુદાને તો એક માનતો હતો પણ તે સિવાય કશાને કંઈ પણ માનતો ન હતો, જેને લઈને તેણે હઝરત આદમનો ઈન્કાર કર્યો અને આપને ખુદાનો ખલીફા માનવા તૈયાર ન થયો તો અલ્લાહ તઆલાએ તૌહીદ હોવા છતાં તેને રહમતથી દૂર કર્યો અને કિયામત સુધી તેના પર લા'નત વરસાવવામાં આવી. સ્પષ્ટ થયું કે ઈમાન અને ઈસ્લામ માટે માત્ર તૌહીદ સંપૂર્ણ નથી બલ્કે તૌહીદ સાથે બીજી અસંખ્ય વાતો છે જેને માનવું અનિવાર્ય છે, તેઓ પૈકી એકનો પણ ઈન્કાર કુફ્ર છે અથવા ગુમરાહી અને બદમઝહબી છે. જો ન્યાયથી ફેંસલો કરવામાં આવે તો એ વાત માન્ય રાખવી પડશે કે વહાબી તૌહીદ શૈતાની તૌહીદનું પ્રતિબિંબ છે.





## ★ ખુદાને એક માનવો સંપૂર્ણ ઈમાન નથી ★

ખુદાને એક માનવો અને તેની સાથે કોઈને શરીક ન કરવો ઈમાનિયતમાંથી તો છે પણ સંપૂર્ણ નથી, કારણ કે ફરિશ્તાઓને ફરિશ્તા માનવા ઈમાન છે પણ તૌહીદ નથી. નબીઓને નબી માનવા ઈમાન છે પણ તૌહીદ નથી. કુર્આનને ખુદાની કિતાબ માનવી ઈમાન છે પણ તૌહીદ નથી. હિસાબ કિતાબના દિવસને માનવો ઈમાન છે પણ તૌહીદ નથી. નબી અને ફરિશ્તાઓને માસૂમ માનવા ઈમાન છે પણ તૌહીદ નથી. જન્નત અને દોઝખનો વજૂદ માનવો ઈમાન છે પણ તૌહીદ નથી. જિન્નાતોનો વજૂદ માનવો ઈમાન છે પણ તૌહીદ નથી. તેમની ઈજ્જત કરવી ઈમાન છે પણ તૌહીદ નથી, વગેરે.... વગેરે... જ્યારે આ વાત સ્પષ્ટ થઈ ગઈ કે તૌહીદ સંપૂર્ણ ઈમાન નથી પણ તેની સાથે ઘણી બધી વાતો છે જેને માનવું ઈમાન છે અને સંપૂર્ણ ઈમાન અનિવાર્યપણે દરેક ચીજ વસ્તુને માનવાને કહેવામાં આવે છે. પછી આમ શી રીતે માન્ય રખાય કે ખુદાને એક માની લેવાથી ઈમાન સંપૂર્ણ બની જાય છે ?! વહાબીઓને એ વાતની જ સમજ નથી કે તૌહીદ સંપૂર્ણ ઈમાન છે કે નથી ! અને એટલે જ તેઓ જગા જગાએ તૌહીદની બૂમો પાડે છે અને તે સિવાયની દરેક ચીજને ભૂલી જાય છે ! અને એમની ભૂલે જ મુસલમાનોની એકતાનું ખૂન કરેલું છે અને એવો વિવાદ ઉભો કરેલ છે જે કિયામત સુધી ચાલુ રહેશે.

**લમ્હોંને ખતા કી થી સદીયોંને સજા પાઈ !**

## ★ મનુષ્ય અને મદદ ★

પ્રથમ એ સમજી લેવું જરૂરી છે કે દરેક તાકાત, શકિત અને કુવ્વત ખુદા તઆલાની છે. આપણે પોતે કંઈ કરીએ કે બીજો કોઈ આપણા તરફથી કંઈ કરે પણ શકિત મખ્લૂકમાં ખુદા તઆલાની અર્પણ કરેલ છે. મખ્લૂકમાંથી કોઈ પોતાનો માલિક નથી તો પછી પોતાની સાથે સંબંધિત કોઈ ચીજનો માલિક કેમ કરી બની શકે છે. આપણે ત્રીજા કલ્માના અંતમાં પઢીએ છીએ : لَاحَوْلَ وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ الْعَلِيِّ الْعَظِيْمِ નથી કોઈ તાકાત અને નથી કોઈ શકિત પણ અલ્લાહ તઆલાની જે બુલંદ અઝમતવાળો છે.

**સવાલ** :– સઘળી તાકાત અને સઘળી શકિત ખુદાની છે તો પછી આપણી પાસે કોઈ શકિત જ નથી જ્યારે કે આપણી પાસે તો શકિત છે ?

**જવાબ** :– અસલી અને નકલીનો તફાવત એટલા માટે જ વર્ણવવામાં આવ્યો કે આ પ્રશ્ન ઉપસ્થિત ન થઈ શકે. અસલી તાકત ખુદાની છે અને આપણને મળી છે તે ખુદા તઆલાએ આપી છે. તો આપણી પરિભાષામાં તેને નકલી કહેવાય, મજાઝી કહેવાય. એટલે આપણી તાકાત અને શકિતને નકારી નથી શકતા અને ખુદાની અતાનો પણ ઈન્કાર નથી કરી શકતા.

**સવાલ** :– જ્યારે આપણી તાકાત અને શકિત ખુદાની છે તો પછી આપણે પોતે કંઈ કરીએ અથવા બીજો કોઈ આપણા માટે કંઈ કરે અને આપણી મદદ કરે તો તે પણ ખુદાની જ કહેવાય ?

**જવાબ** :– જરૂર, ખુદાની જ કહેવાય.

**સવાલ** :– તો પછી બીજા કોઈથી મદદ લેવી શિર્ક કેવી રીતે કહેવાય ?

**જવાબ** :– કોણ કહે છે કે બીજાથી મદદ લેવી શિર્ક છે !

**સવાલ** :– વહાબી અને દેવબંદી તો શિર્ક જ કહે છે !

**જવાબ** :– વહાબી અને દેવબંદીને છોડીને વાત કરો ! તેમની પાસે નોલેજ નથી ! તેઓની આદત છે કે બોલે કંઈ અને કરે કંઈ ! તેમને પૂછો કે તમે બીજાથી મદદ લેવાને શિર્ક કહો છો તો તમારે દુનિયામાં કોઈની જ મદદ ન લેવી જોઈએ. પણ શું એકબીજાની મદદ લીધા વિના દુનિયાનું કામ નીકળી શકે છે ? કોઈની પાસે તાલીમ લેવી, તાલીમમાં તેની મદદ લેવી છે. સામાન્ય શબ્દોમાં એ પણ કહી શકાય છે કે ખાવું, પીવું, સૂવું, બોલવું, વિચારવું વગેરે જે કંઈ છે તેમાં આપણે ખુદાની મખ્લૂકની મદદ લઈએ છીએ. જો ખુદા સિવાય બીજાની મદદ લેવી શિર્ક હોય તો તેમણે પણ શિર્ક કર્યું અને દુનિયામાં કોઈ પણ વ્યકિત શિર્કથી ન બચી શકે. અને શકય છે કે વહાબી અને દેવબંદી વાત વાતમાં શિર્કની વાતો એટલા માટે જ કરે છે !

**સવાલ** :– શિર્કથી બચવા શું કરવું પડશે ?

**જવાબ** :– વહાબી અને દેવબંદી માટે શિર્કથી બચવું અશકય છે





કારણ કે તેઓ ગૈર ખુદાની મદદ લેવી શિર્ક કહે છે. જો તમે એ પૂછવા માંગતા હોઉ કે આપણા પ્રમાણે શિર્કથી બચવાનો ઈલાજ બતાવું તો એનો ઉલ્લેખ થઈ ગયો છે કે ગૈરખુદાથી મદદ લેવી અને એ સમજીને કે ખુદાની આપેલી શકિત વડે મદદ કરી રહ્યો છે તો શિર્ક નથી અને ખુદાની મદદનો ઈન્કાર કરી બીજાની મદદને અસલી સમજી મદદ લેવામાં આવે તો શિર્ક છે.

**સવાલ** :– શું આ'લા હઝરતે પણ એ વાતનો ઉલ્લેખ કર્યો છે ?

**જવાબ** :– અમે પોતે આ'લા હઝરતના અનુયાયી છીએ. અમે અમારી માન્યતાનો ઉલ્લેખ આ'લા હઝરતના માર્ગદર્શન પ્રમાણે જ કરી રહ્યા છીએ. અમે તમને યકીન આપવા માટે કિતાબના હવાલા સાથે તમારી ખિદમતમાં રજૂ કરીએ છીએ. બરકાતુલ ઈમદાદ, પેજ નં. ૨૮/૨૯ માં છે :– આ મદદ માંગવાને જ જુઓ જે અર્થમાં ગૈરખુદાથી શિર્ક છે એટલે કે તેને આપ શકિતવાળો અને આપ માલિક સમજી મદદ માંગવી. આ અર્થમાં જો બીમારીના ઈલાજમાં ડૉકટર અથવા દવાથી મદદ લે, ગરીબીની જરૂરતમાં માલદાર અથવા રાજા પાસે જાય, ન્યાય લેવા માટે (કોર્ટ) કચેરીમાં કેસ લડે. બલ્કે કોઈનાથી પ્રતિદિનના સામાન્ય કામોમાં મદદ લે જે નિઃશંક સઘળા વહાબી સાહેબો પ્રતિદિન પોતાની ઔરતો, બાળકો, નોકરોથી કરે અને કરાવતા રહે છે. દાખલા તરીકે ફલાણી વસ્તુ ઉઠાવી આપ, અથવા ખાવા રાંધી આપ, સઘળુ નિઃશંક શિર્ક છે જ્યારે એવું સમજે કે આ કામ કરી દેવામાં અલ્લાહના અર્પણ કરવા સિવાય તેની પોતાની જ શકિત છે, તો પછી સ્પષ્ટ કુફ્ર અને શિર્કમાં કોઈ શંકા રહેતી નથી.

જે અર્થમાં તે બધાથી મદદ માંગવી શિર્ક નથી એટલે કે અલ્લાહની મદદ જાહેર કરનાર ઝરિયો, વસીલો અને સબબ સમજવું, આ અર્થમાં હઝરાત અંબિયા અને ઔલિયા عليهم السلام શિર્ક થઈ જાય ?

**કહેવાનો ભાવાર્થ** :– આ'લા હઝરતના કહેવાનો ભાવાર્થ એ છે કે ગૈર ખુદા એટલે અલ્લાહને છોડી એની મખ્લૂક, પછી ડૉકટર હોય, વાઈફ (પત્ની) હોય, છોકરાં હોય, નોકર ચાકર હોય, દવા હોય કે ખાવા પીવા હોય દરેક જ ગેર ખુદા છે અને આપણે આપણા જીવનને પસાર કરવામાં તે બધાનો સહારો લઈએ છીએ. જો ગૈરખુદાથી મદદ લેવી કોઈ

પણ બંધારણ વિના કુફ્ર અને શિર્ક હોય તો દુનિયામાં કોઈ પણ વ્યકિત કુફ્ર અને શિર્કથી બચી ન શકે.

આ'લા હઝરત ફર્માવે છે કે જે લોકો ગેરખુદાની મદદ લેવી નાજાઈઝ કહે છે તેઓ બીમાર થાય છે તો ડૉકટર પાસે જાય છે, ડૉકટરની સલાહથી દવા ખાય છે, ઘરમાં પત્ની, બાળકો, નોકર ચાકરોથી કામ કરાવે છે તો તે બધાં ગૈરખુદા ખુદાની મખ્લૂક જ છે તો પછી તેઓ પોતે પણ શિર્કથી બચી નથી શકતા.

બચવાનું એક કારણ એ છે કે અસલ મદદ ખુદાની અને ખુદાની મખ્લૂકથી મદદ લેવી એવું સમજીને કે સબબ છે, ઝરિયો છે, કારણ છે, અલ્લાહની મદદ તેઓથી જાહેર થઈ રહી છે તો આ પ્રમાણેની મદદ જાઈઝ છે અને એના જાઈઝ હોવામાં કોઈને શંકા રહી શકતી નથી. અને જ્યારે આ અર્થમાં ચીજ વસ્તુઓથી અને સામાન્ય લોકોથી મદદ લેવી જાઈઝ ઠરે છે તો પછી નબીઓ અને વલીઓ જેઓ અલ્લાહના મહબૂબો છે તેમનાથી જાઈઝ કેમ ન ઠરે ? જે અર્થમાં તમે ડૉકટરો અને નોકર ચાકરોથી મદદ લો છો તે અર્થમાં અમે નબી અને વલીથી મદદ લઈએ છીએ. શું હવે પણ તમને શંકા રહેશે ? અને તમે શિર્ક કહેવાનું નહીં છોડો ?! જો આમ જ હોય તો તમારો અન્યાય અને નાઈન્સાફી કહેવાય. **તમે સામાન્ય લોકોથી મદદ લો તો સાચા અને પાકા મુસલમાન રહો અને અમે અલ્લાહના મહબૂબોની મદદ લઈએ તો મુશ્રિક બની જઈએ !** શું શરીઅતમાં વહાબી દેવબંદીઓ માટે કાયદા કાનૂન અલગ છે અને અમારા માટે બીજી કોઈ શરીઅત ઉતારવામાં આવી છે ?

## ★ શિર્ક અને કુફ્રનું મશીન ★

વહાબી અને દેવબંદી મૌલ્વીઓ પબ્લિકને મૂર્ખ અને બેવકૂફ બનાવવા માટે કહેતા ફરે છે કે, ભાઈઓ ! બરેલ્વી લોકોની વાત જવા દો ! એમની ખાનકાહો અને દારુલ ઈફતામાં કુફ્રનો શબ્દ તેમના માટે સામાન્ય બની ગયો છે. તમે તેમના ફત્વા વાંચો, કુફ્ર સિવાય બીજો કોઈ હુકમ નહીં મળે.''





પણ મારા ઈસ્લામી ભાઈઓ અને બહેનો ! તમે વહાબીઓની વાતોને સાચી ન માનો. તેઓ પાસે શરીઅતનો હુકમ નથી. માણસ જોઈને વાતો કરે છે. જો તમે ઈન્સાફ અને ન્યાયથી ફૅંસલો કરો તો તમને જવાબદારી આપું છું કે ઈસ્માઈલ દહેલ્વીની કિતાબ જેનું નામ છે ''તકવિયતુલ ઈમાન''. આ નામ એવું છે જાણે મળની ઉપર ચાંદીનો વરક ! પણ ચાંદીનો વરક લગાડવાથી મળ બરફી નથી બની જતું ! એ જ પ્રમાણે આ કિતાબ ઈમાનને ફૌત (નાશ) કરનાર છે પણ નામ ''ઈમાનને શકિતમાન બનાવનાર'' રાખવામાં આવ્યું છે. તમે પોતે ન પઢો તો કોઈ સુન્ની મૌલ્વીથી વાંચી સાંભળશો અને નોંધતા જશો કે કેટલી વખત શિર્કનો શબ્દ આવે છે, અને પછી આ'લા હઝરતની કિતાબો વાંચશો અને કેટલી વખત કુફ્ર આવે છે તેનો હિસાબ લગાડશો. તમારા સમક્ષ સ્પષ્ટ થઈ જશે કે વહાબી અને દેવબંદી કુફ્ર અને શિર્કનું મશીન ચલાવે છે.

**નોંધ :–** તમારી સમજમાં એ તો આવી ગયું હશે કે વહાબી દેવબંદીઓ ગૈરખુદાની મદદને વિના બંધારણે શિર્ક બતાવે છે તે એમની ભૂલ છે અને એમની એક ભૂલે અસંખ્ય મુસલમાનોને પોતાના ફત્વાનું નિશાન બનાવી ઈસ્લામના વર્તુળથી બહાર કર્યા છે. પણ વાસ્તવિકતા અને હકીકત એ છે કે મદદના બે પ્રકાર છે : એક ખુદાથી મદદ લેવી અને બીજુ ખુદાની મખ્લૂકથી મદદ લેવી એવું સમજીને કે તેઓ વસીલો ઝરિયો અને કારણ છે. અને આ બંને પ્રકારની મદદ લેવી વિના શંકાએ જાઈઝ છે. ઈસ્લામી શરીઅત આપણને બંને પ્રકારની મદદ લેવાની રજા આપે છે. એને અમે દલીલોથી પણ સાબિત કરીશું.

## ★ શિર્કને સંબંધિત મદદ ★

શિર્કને સંબંધિત મદદ એ છે જેમાં કોઈનાથી મદદ માંગવામાં આવે જે ગૈરખુદા હોય અને તેને તાકત અને શકિતમાં ખુદાનો મોહતાજ માનવામાં ન આવે, બલ્કે એ અનુમાન હોય કે તે આપમેળે જ પોતાની શકિતથી મદદ કરી રહ્યો છે, તેમાં ખુદાની મદદ અને ખુદાના ઈરાદાની દખલ નથી. તો આ પ્રમાણેની મદદ કોઈનાથી પણ માંગવી શિર્ક અને કુફ્ર છે અને એના શિર્ક અને કુફ્ર હોવામાં કોઈ શંકા નથી.

**સવાલ :–** કાફિર જે મૂર્તિઓની પૂજા કરે છે અને જે દેવતાઓથી મદદ માંગે છે મુસલમાન તે મૂર્તિઓથી મદદ માંગે અથવા દેવતાઓની મદદ લે એવું સમજીને કે અસલ મદદ ખુદાની છે અને ખુદાની મદદ આપનાથી જાહેર થઈ રહી છે તો આપના કહ્યા પ્રમાણે શિર્ક ન થવું જોઈએ !

**જવાબ :–** મુસલમાન મૂર્તિઓથી મદદ માંગે અથવા દેવતાઓની મદદ લે એ માનવામાં નથી આવતું. અને આમ હોય તો તે મુસલમાન નથી, કાફિર જ છે, ભલે ને તે પોતાને મુસલમાન કહેતો હોય અથવા લોકોમાં તેનું મુસલમાન હોવું પ્રખ્યાત હોય. કારણ એ છે કે મૂર્તિઓથી મદદ લેવી અથવા દેવતાઓથી મદદ માંગવી કાફિરો અને હિંદુઓનું ધાર્મિક ચિન્હ છે અને ધાર્મિક ચિન્હમાં નિય્યત ગમે તે હોય તે ધર્મનો જ ફેંસલો કરવામાં આવશે.

**હદીષ શરીફમાં છે :–** مَنْ تَشَبَّهَ بِقَوْمٍ فَهُوَ مِنْهُمْ જે કોઈ કૌમનું ધાર્મિક ચિન્હ અપનાવશે તે તેઓ પૈકી છે. દાખલા તરીકે માથા પર ચોટલી રાખવી, બ્રાહ્મણ માફક જનોઈ લટકાવવી વગેરે ગમે તે નિય્યતે હોય તેમનું ધાર્મિક નિશાન અને ચિન્હ છે, એટલે એ કામોને મુસલમાન માટે પણ કુફ્ર જ માનવામાં આવશે. સ્પષ્ટ થયું કે અહીં જાહેર પર ફત્વો કાફિરોના ધાર્મિક ચિન્હને લઈને આપવામાં આવ્યો છે, એટલે નિય્યતનો ખયાલ કરવામાં નહીં આવે.

**એક શકયતા :–** મૂર્તિ તોડીને તેનો પથ્થર બાંધકામમાં લેવામાં આવે અથવા દેવી દેવતા જેમનો સંબંધ જિન્નતી છે, આપણા ઈસ્લામી તરીકાથી તેઓને તાબે કરવામાં આવે અને નોકર બનાવી તેમનાથી કામ લેવામાં આવે તો અહીં ઈજ્જત અને તા'ઝીમ જાહેર નથી થતી તો આમ કરવું જાઈઝ છે.

## ★ ઈલ્મે મઆનીનો એક ફાયદો ★

મુતવ્વલના પેજ નં. ૧૦૬ પર અલ્લામા સઅદ લખે છે : اَنْبَتَ الرَّبِيْعُ الْبَقْلَ વસંત ઋતુએ ઘાસ ઉગાડી. જ્યારે આ પ્રમાણેની વાત મુવહ્હિદ (ખુદાને એક માનનાર અને તેની સાથે શરીક ન કરનારા કહે તો





એ ફેંસલો કરવામાં આવશે કે કર્તા તરફ કર્મની નિસ્બત મજાઝ (નકલી) છે. કારણ કે મુવહ્હિદ એ માન્યતા નથી રાખતો કે વસંત ઋતુ તરફ તેની નિસ્બત અસલી (હકીકી) છે.

પેજ નં. ૯૯ પર લખે છે : ઉપરોકત નિસ્બત અને સંબંધ ભલેને અસલી નથી પણ કાફિર કહેતો હોય તો તેમાં કોઈ શંકા નથી અને અસલી સંબંધ છે, કારણ કે તેની મુરાદ અને માન્યતા એ જ પ્રમાણે છે અને આ પ્રમાણે شَفَى الطَّبِيْبُ الْمَرِيْضَ ડૉકટરે બીમારને શિફા આપી છે. એટલે કે કાફિર કહે તો કર્મનો સંબંધ કર્તા તરફ અસલી છે અને મુસલમાન કહે તો મજાઝ અને ગૈરઅસલી.

હું એ વાતનો ઉલ્લેખ કરી ગયો છું કે કયારેક હુકમ બતાવવામાં માણસના ધર્મનો ખયાલ પણ કરવામાં આવે છે. તો તેની દલીલ ઉપરોકત પુરાવો છે જેને હઝરત મસ્ઊદ બિન ઉમર સઅદુદીન તુફતાઝાની رحمۃ اللہ علیہ એક કાયદાની શકલમાં વર્ણવે છે.

આપણા માહોલમાં પણ એ પ્રમાણેના શબ્દો બોલવામાં આવે છે : "દાખલા તરીકે ડૉકટર કહેવો પડે ! મને સારૂં કરી દીધું ! મૌલ્વી કહેવો પડે મને ઈલ્મવાળો કરી દીધો ! સખી કહેવો પડે મને માલદાર બનાવી દીધો !" આ પ્રમાણેના શબ્દો બોલવામાં આવે છે. પણ મુસલમાનના આધારે ઉપરોકત વાકયોને કુફ્ર અને શિર્ક નથી કહી શકતા. દરેક બોલે છે અને એ બોલવાને જાઈઝ સમજે છે. અને મુસલમાનના ઈસ્લામને લક્ષમાં રાખી કર્તા સાથે કર્મનો સંબંધ મજાઝ અને ગૈરઅસલી માનવામાં આવે છે.

જ્યારે ઉપરોકત વાકયો માહોલના આધારે બોલવામાં આવે છે અને ફેંસલો શબ્દોની જોડણી પર કરવામાં નથી આવતો બલ્કે મુસલમાન અને કાફિરના ધર્મને લક્ષમાં રાખીને ફેંસલો કરવામાં આવે છે. તો પછી કોઈ માણસ આમ કહે કે મને ફલાણા વલીએ બેટો આપ્યો, માલ આપ્યો અથવા બીજુ કંઈ આપ્યું તો તેમાં સાંભળતાની સાથે શિર્ક અને કુફ્રનો ફેંસલો કઈ રીતે કરવામાં આવશે ? શું મુસલમાનનું ઈમાન અને માન્યતા એ છે કે ખુદા ન ઈચ્છે અને કંઈ થઈ જાય ? ખુદા અર્પણ કરવા ન ઈચ્છે અને મળી જાય ? ના ! તો પછી સ્પષ્ટ છે કે મુસલમાન ઉપરોકત વાકયો બોલીને કર્તા

તરફ કર્મનો સંબંધ મજાઝી અને ગૈરઅસલી રીતે કહી રહ્યો છે. જો આ વાત માન્ય રાખવામાં ન આવે તો اَنْبَتَ الرَّبِيْعُ الْبَقْلَ પણ શિર્ક હોવો જોઈએ.

વહાબી અને દેવવબંદી લોકોની ભૂલ છે કે મુસલમાનના ઈસ્લામ, ઈમાન અને માન્યતાને લક્ષમાં લાવતા નથી અને ખોટો ફેંસલો કરી વિવાદ ઉભો કરે છે. જો તેમણે બુધ્ધિથી કામ લીધું હોત તો આ પ્રમાણેની અણસમજ ઉભી ન થતી અને મુસલમાનોમાં વિખવાદ ન થતો.

**સવાલ** :- "મારા છોકરાએ મારી મદદ કરી" આ પ્રમાણે કહેવું શિર્ક છે ?

**જવાબ** :- કહેવું જાઈઝ છે, શિર્ક નથી.

**સવાલ** :- મદદ તો ખુદાની જ છે પછી છોકરાએ મદદ કરી કેમ કહી શકાય ?

**જવાબ** :- વાત સાચી છે. સત્ય મદદ, હકીકી અને અસલી મદદ ખુદાની જ છે પણ માહોલમાં ગૈરખુદા તરફ આ પ્રમાણેની મદદનો સંબંધ કરવામાં આવે તે મજાઝ અને ગૈરઅસલી હોય છે, એટલે એવું કહેવું જાઈઝ છે.

**સવાલ** :- બોલવામાં તો એ પ્રમાણેનો કોઈ ઉલ્લેખ કરવામાં આવતો નથી.

**જવાબ** :- દરેક જગાએ એના ઉલ્લેખની જરૂરત નથી. માહોલથી એ વાત સમજી લેવામાં આવે છે, અને મુસલમાનનું મુસલમાન હોવું એ વાતની દલીલ છે.

**સવાલ** :- જ્યારે આ વાત માહોલથી સમજી લેવામાં આવે છે અને એ પ્રમાણે કહેવું બોલવું જાઈઝ છે તો પછી કોઈ બુઝુર્ગે મારી મદદ કરી અથવા મારી મદદ કરશે કહેવું કેમ નાજાઈઝ અને શિર્ક છે ?

**જવાબ** :- વહાબી અને દેવબંદી જેવા કબુધ્ધિના લોકો એને નાજાઈઝ અને શિર્ક કહે છે. અમે લોકો જેમ "મારા છોકરાએ મદદ કરી" કહેવું જાઈઝ કહીએ છીએ, "બુઝુર્ગે મારી મદદ કરી" કે "બુઝુર્ગ મારી મદદ કરશે" કહેવું પણ જાઈઝ કહીએ છીએ. એ નાઈન્સાફી અને અન્યાય





કહેવાય કે એક જેવા શબ્દો એકના માટે જાઈઝ અને બીજાના માટે નાજાઈઝ !

**સવાલ** :- કોઈ બુઝુર્ગ જીવંત હોય તો "બુઝુર્ગે મારી મદદ કરી" અથવા "મારી મદદ કરશે" કહેવું જાઈઝ છે પણ અવસાન થઈ ગયું તો કહેવું જાઈઝ નથી. એટલે અમારા ઉપરોકત ફેંસલામાં અન્યાય નથી.

**જવાબ** :- અલ્લાહના વલીઓ અને નબીઓનું મુકામ અને મર્તબો ઘણો ઊંચો હોય છે. એમનું અવસાન માત્ર હાલત બદલવા માટે હોય છે. એમને જે અધિકાર જીવંત હાલતમાં આપવામાં આવે છે તો અવસાન પછી તેનામાં વધારો કરી દેવામાં આવે છે. એટલે તમારો ફેંસલો અન્યાયનો જ છે કે તમે બુઝુર્ગ જીવંત હોય તો બુઝુર્ગે મારી મદદ કરી કહેવું જાઈઝ અને અવસાન પછી કહેવું નાજાઈઝ કહો છો.

**સવાલ** :- શું તમારી પાસે એનો કોઈ પુરાવો છે ?

**જવાબ** :- કુર્આન, હદીષ અને પૂર્વજ આલિમોનાં મંતવ્યોના અસંખ્ય પુરાવા છે. તે અમે વર્ણવીશું (ઈન્શાઅલ્લાહ). પણ અહીં હું વહાબીઓના ભાઈની એક વાત રજુ કરું છું, એના પર પણ વિચાર કરવાનો છે.

પ્રખ્યાત અહલે હદીષ નવાબ વહીદુઝ્ઝમાં કિતાબ હદયતુલ મહદી, પેજ નં. ૧૮/૧૮ પર લખે છે :

જે કામો નબીઓ અને વલીઓથી તેમની જિંદગીમાં માંગવામાં આવતાં હતાં, દાખલા તરીકે દુઆ અને શફાઅત, તે તેમના અવસાન પછી માંગવાં શિર્કે અકબર (મહાન શિર્ક) નહીં થાય. અને જે કામો અલ્લાહ તઆલા સાથે ખાસ છે અને તે હઝરાતની જિંદગીમાં તેમનાથી માંગવામાં ન આવતાં હતાં એવાં કામો તેમનાથી તેમના અવસાન પછી માંગવા શિર્ક છે, જેમ કે આ કામો તેમની જિંદગીમાં માંગવા શિર્ક છે. આ મજાઝન (ગૈર અસલી સમજીને) સંબંધ થઈ શકે છે. જેમ કે હઝરત ઈસા عليه السلام એ ફર્માવ્યું : હું અલ્લાહ તઆલાના હુકમથી મુર્દાઓ જીવંત કરું છું. શૈખુલ ઈસ્લામે પોતાના ફતવામાં એનો ખુલાસો કરેલ છે.

પેજ નં. ૧૯ પર લખે છે :-

અને જેમ અલ્લાહ તઆલાનું ફર્માન :

وَاِذْ تَخْلُقُ مِنَ الطِّيْنِ بِاِذْنِيْ وَ تُبْرِئُ الْاَكْمَهَ وَالْاَبْرَصَ بِاِذْنِيْ માં પેદા કરવું અને શિફા આપવી એ બે કર્મનો સંબંધ હઝરત ઈસા عليه الصلوٰة والسلام સાથે મજાઝન (ગૈર અસલી રીતે) કરવામાં આવ્યો છે. તો જો કોઈ વ્યકિત હઝરત ઈસા રૂહુલ્લાહથી એ વાતની વિનંતી કરે કે અલ્લાહના હુકમથી મુડદું જીવંત કરે તો એ શિર્કે અકબર નહીં થાય, અને એ જ પ્રમાણે કોઈ જીવંત વલી અથવા નબી અને પરહેઝગારની રૂહ (પ્રાણ)થી એ વાતની વિનંતિ કરી કે એને ઔલાદ આપે અથવા બીમારીથી શિફા આપે અથવા તેનાથી મુસીબત ટાળે અલ્લાહના હુકમ અને તેના આદેશથી, તો આ પણ શિર્કે અકબર નહીં થાય.

ગૈર મુકલ્લિદો, દેવબંદીઓ અને વહાબીઓની માન્યતા એક જેવી છે. અમલી વાતોમાં થોડો તફાવત છે. એટલે નવાબ સાહેબની વાત એમને પણ માન્ય રાખવી પડશે અને માન્ય નહીં રાખે તો એટલું તો જરૂર કરશે કે કોઈ પ્રકારનો ફત્વો નવાબ સાહેબને આપશે નહીં ! તેમના કહેવા અનુસાર દુનિયામાં શિર્કનાં કામો બરેલ્વી માન્યતાવાળા જ લોકો કરે છે, તેમને છોડી સુન્નીઓમાં બીજા ફિર્કાઓ શિર્કથી પાક છે. તો પછી નવાબ સાહેબે તો એ જ વાત કરી જે બરેલ્વી લોકો કરે છે કે નબી અને વલી જીવંત હોય તો તેમનાથી શિફા માંગવી, મુસીબત ટાળવાની વિનંતી કરવી, ઔલાદ માંગવી શિર્ક નથી અને દુનિયાથી પર્દો કરી જાય તો એ કામોની વિનંતી તેમની રૂહો અને પ્રાણથી કરવી પણ શિર્ક નથી. હવે તમે ન્યાય કરો અમે આ પ્રમાણેની જ માન્યતા રાખીએ છીએ અને નબીઓ, વલીઓથી એમના અવસાન પહેલાં અને પછી ઉપરોકત કામોની વિનંતી જાઈઝ જાણી એમને વિનંતી કરીએ છીએ અને નવાબ સાહેબ પણ રજા આપે છે કે આમ કરવું શિર્ક નથી તો પછી ભાઈએ ભાઈની વાત સ્વીકારી લેવી જોઈએ ! અને આ વિષે ચર્ચા બંધ કરવી જોઈએ અને વાત સ્વીકારવી ન હોય અને ચર્ચા જારી રાખવી હોય તો પછી જે ફત્વો બરેલ્વી હઝરાત પર લગાડો છો તે નવાબ સાહેબને પણ આપવો જોઈએ. હજી સુધી શિર્કનો ફત્વો આપવામાં નથી આવ્યો એનો મતલબ એ છે કે આંખ આડા કાન કરવામાં આવે છે ! અને શરઈ હુકમમાં મતભેદથી કામ લેવામાં આવે છે !

**સવાલ** :- આગ સળગાવે છે, ઝેર મારે છે, છરી કાપે છે આમ કહેવું





જાઈઝ છે ? જ્યારે કે દરેક કામ ખુદાના ઈરાદા અને કુદરતથી થઈ રહ્યું છે.

**જવાબ** :- કુર્આન શરીફ સૂરએ નિસાઅ, સિપારો પાંચમાં છે : كُلٌّ مِّنْ عِنْدِ اللّٰهِ "સર્વ અલ્લાહ પાસેથી છે."

કુર્આનમાં જગા જગાએ છે : اِنَّ اللّٰهَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ "બેશક ! અલ્લાહ દરેક ચીજ પર કુદરતવાળો છે."

સૂરએ કહફ, સિપારા પંદરમાં છે : અલ્લાહ તબારક વ તઆલા ઈર્શાદ ફર્માવે છે :

وَلَا تَقُوْلَنَّ لِشَيْءٍ اِنِّيْ فَاعِلٌ ذٰلِكَ غَدًا اِلَّا اَنْ يَّشَاءَ اللّٰهُ

"અને તમે કોઈ પણ ચીજ બાબતે એવું કદાપિ ન બોલો કે હું તેને આવતી કાલે કરીશ, પરંતુ એ કે અલ્લાહ તઆલા ઈચ્છે."

એટલે કે ઈન્શાઅલ્લાહ કહીને કોઈ કામની ઈચ્છા કરવી જોઈએ અથવા ખબર આપવી જોઈએ કારણ કે ખુદા ન ઈચ્છે તો આપણું ઈચ્છેલું થઈ શકતું નથી.

અલ્લાહ તઆલા આગને સંબોધન કરી ફર્માવે છે :- يَا نَارُ كُوْنِيْ بَرْدًا وَّسَلٰمًا عَلٰى اِبْرٰهِيْمَ "અય આગ ! ઠંડી અને સલામતી બની જા ઈબ્રાહીમ પર."

ઉપરોકત આયતોથી સાબિત થયું કે અલ્લાહના ઈરાદા વિના ઝાડનું પાડદું પણ હલી શકતું નથી. જે કાંઈ થાય છે અલ્લાહના ચાહવાથી અને એની જ કુદરત અને શકિતથી. પરંતુ આપણે આપણા માહોલના આધારે આમ કહીએ "આગ સળગાવે છે", "ઝેર મારે છે", "છરી કાપે છે" વગેરે, તો એ જાઈઝ છે અને એનાથી શિર્ક સાબિત નથી થતું. કારણ કે આપણે મુસલમાન છીએ અને આપણે દરેક કામ અલ્લાહની કુદરત અને એના ઈરાદાથી માનીએ છીએ. ભલેને શબ્દોમાં એનો ઉલ્લેખ કરવામાં ન આવ્યો હોય. દરેક વાતના ઉલ્લેખની જરૂરત નથી. ઘણી બધી વાતો વિના ઉલ્લેખે માત્ર હાલતો અને સ્થિતિઓથી સમજી લેવામાં આવે છે.

**સવાલ** :- જ્યારે ઉપરોકત ત્રણ વાકયોને ખુદા તરફ સંબંધ કર્યા વિના બોલવામાં આવે તો પણ જાઈઝ છે અને શિર્ક સાબિત થતું નથી તો પછી વલીઓ અને નબીઓથી કાંઈ માંગવામાં આવે અને એનો સંબંધ શબ્દોમાં ખુદા તરફ કરવામાં ન આવે તો શિર્ક શાથી કહેવામાં આવે છે ?

**જવાબ** :- આગળ પણ અમે તમને બતાવ્યું હતું કે અમે તો બંનેને જાઈઝ કહીએ છીએ અને શિર્કથી પાક જાણીએ છીએ. પણ આ સવાલ વહાબી, દેવબંદી અને ગૈરમુકલ્લિદોથી કરવામાં આવે કે તેઓ એક જેવા વાકયોમાં શિર્ક અને ગૈર શિર્કનો તફાવત શા માટે કરે છે ? શું સામાન્ય ચીજોમાં શાન, માન નબીઓ અને વલીઓથી વધીને છે ?

## ★ જહાલતને ઈલ્મ સમજે છે ★

જાહિલ જે કોઈ વાત ન જાણતો હોય અને એવું સમજતો પણ હોય કે હું એ વાતમાં જાહિલ અને અજાણ છું તો એની જહાલતનો ઈલાજ થઈ શકે છે અને એને બતાવવામાં આવે તો એ માન્ય પણ રાખી શકે છે, કારણ કે તેને પોતાની જહાલતનો સ્વીકાર છે.

જાહિલ જે પોતે અજાણ છે પણ તે એવું સમજે છે કે હું જાણું છું એ વાતમાં હું અજાણ નથી તો પરિભાષામાં આને જહલે મુરક્કબ કહેવામાં આવે છે. જાહિલ અને જહાલત (પોતે અજ્ઞાની છે એ વાત)થી પણ જાહિલ ! તો એવી વ્યકિત પોતાની હઠમાં રહે છે એને સમજાવી એની જહાલતનો ઈલાજ નથી થઈ શકતો.

જ્યારે તમે એ સમજી લીધું કે જાહિલનો એક પ્રકાર એવો પણ છે જેની જહાલતનો ઈલાજ નથી થઈ શકતો અને તેવો જાહિલ કહેવાતો વહાબી, દેવબંદી અને ગૈરમુકલ્લિદ છે જેમને પોતાની ખોટી માન્યતાનું ઈલ્મ નથી બલ્કે ખોટી માન્યતાને જ સત્ય અકીદો સમજે છે એટલે તેમને સમજાવી તૌબા નથી કરાવી શકતા.

જ્યારે સ્પષ્ટ થઈ ગયું કે માહોલના આધારે જે કંઈ બોલવામાં આવે છે તેમાં હાલતો અને સ્થિતિઓનો સમાવેશ કરવામાં આવે છે. મુસલમાન હોય તો તેના ઈસ્લામને પણ યાદ રાખવામાં આવે છે અને તેના





અન્ય દાખલાઓનો ઉલ્લેખ થઈ ગયો છે. પછી ગમે તેમ ફત્વો આપી મુસલમાનોમાં વિખવાદ ઉભો કરવો જહાલત નથી તો છે શું ?

હદયતુલ મહદીના પેજ નં. ૧૭ ઉપર નવાબ સાહેબ મદદ માંગવા વિષે ઉલ્લેખ કરતાં લખે છે :-

"જે ગૈરખુદા અંગે એવી માન્યતા ધરાવે પછી તે જીવંત અથવા મૃતદેહ કે તેની પાસે આપમેળે શકિત છે અથવા અલ્લાહ તઆલાએ કોઈ કામમાં એને એવી શકિત અર્પણ કરી છે કે એને નવા આદેશની જરૂરત નથી તો તેવી માન્યતાવાળી વ્યકિત મુશ્રિક છે. અને જે ગૈરખુદાને ગુસ્લ આપવાવાળાના હાથમાં મૈયત માફક લાચાર સમજે જેની પાસે કોઈ શકિત ન હોય પણ અલ્લાહ સુબ્હાનહૂની ઈચ્છાથી અને એ તેનાથી એ કામ લેવા ચાહતો હોય તો તે કામ કરશે. અલ્લાહના આદેશથી, તેના ફર્માનથી તેની ઈચ્છાથી અને તેનો ફેંસલો કરવાથી. અને ગૈરખુદા મદદ કરશે, હેલ્પ કરશે, નફો પહોંચાડશે અને નુકસાન પહોંચાડશે આ જ પ્રમાણે તો તે મુવહ્હિદ છે, મુશ્રિક નથી, પછી ભલે તે ગૈરખુદા જીવતો હોય અથવા મરેલો. દાખલા તરીકે કોઈ વ્યકિત એવું સમજે કે જમાલગોટો આપમેળે રેચ લાવે છે અથવા આગ આપમેળે સળગાવે છે તો તે મુશ્રિક છે અને જે વ્યકિત એ જાણતો હોય તે જમાલગોટાનું રેચ લગાડવું, આગનું સળગાવવું અલ્લાહના આદેશથી, ફર્માનથી અને ઈચ્છાથી છે તો તે મુવહ્હિદ છે, મુશ્રિક નથી."

નવાબ સાહેબના કહેવાનો અર્થ એ છે કે કોઈ શબ્દો જોઈને મુશ્રિક નથી કહી શકતા. એ પણ જોવામાં આવશે કે કહેવાવાળાની માન્યતા કેવી છે, એ બોલીને કેવો અર્થ લઈ રહ્યો છે. જો કહેવાવાળાની માન્યતા એ હોય કે દરેક તાકાત ખુદાની છે, તેના ઈરાદા અને ઈચ્છાથી જ થાય છે, મખ્લૂકથી કંઈ થતું હોય તો તે પણ અલ્લાહના ચાહવાથી. તો આ વાતનો ઉલ્લેખ ન કરવામાં આવે તો પણ કહેનાર મુવહ્હિદ છે, મુશ્રિક નથી.

જેનાથી નફા, નુકસાનમાં મદદ લેવામાં આવે તે જીવંત હોય અથવા મરેલ, ઉપરોકત મદદ લઈ શકાય છે, ઉપરોકત અર્થમાં મરેલાથી મદદ લેવી પણ શિર્ક નથી. કારણ કે જે શિર્ક છે તે જીવંત સાથે હોય તો પણ શિર્ક અને મરેલા સાથે હોય તો પણ શિર્ક છે. અને જે શિર્ક નથી તે જીવંત સાથે

હોય તો પણ શિર્ક નથી અને મરેલા સાથે હોય તો પણ શિર્ક નથી. **એવું થઈ શકતું જ નથી કે જીવંત માટે જે શિર્ક ન હોય તે મરેલા માટે શિર્ક બની જાય.** એટલે નવાબ સાહેબે એ અંગે પણ ઉલ્લેખ કર્યો.

## ★ શિર્ક દરેક માટે શિર્ક છે ★

કહેવામાં આવે છે : ''ખુદા જબ દીન લેતા હૈ તો અકલેં ભી છીન લેતા હૈ'' એ સાચુ છે. વહાબી, દેવબંદી, ગૈરમુકલ્લિદ વગેરે બાતિલ ફિર્કાના આલિમોનું લખાણ વાંચીને અફસોસ થાય છે કે સામાન્ય વાતો જેને પબ્લિક પણ સરળતાથી સમજી શકે છે. આલિમોની સમજમાં કેમ નથી આવતી ? અસંખ્ય ભૂલો પૈકી એક એ કે ગૈરખુદાથી મદદ લેવા પર સુન્ની બરેલ્વી લોકો માટે જ્યારે તેમના દારુલ ઈફતાથી શિર્કના ફત્વા છવાય છે અને ખુદાના ડર વિના મુસલમાનોને ઈસ્લામના વર્તુળથી બહાર કરવાની ભયંકર વાતો કરવામાં આવે છે. તો સુન્ની આલિમો તેમને તેમના ઘરની ખબર આપે છે કે ભાઈ ! પોતાના ઘરમાં ડોકયું કરી લો, જે કામોને તમે બરેલ્વી હઝરાત માટે શિર્ક કહો છો તે પોતે તો નથી કરતા ! અને તેમના પૂર્વજોની કિતાબોથી પુરાવા સાથે સાબિત કરી આપવામાં આવે છે અથવા બરેલ્વી સાચી માન્યતા પર હદીષ અને કુર્આનની આયત સંભળાવવામાં આવે છે તો જો તેઓ ચાંચ પહોળી કરે છે અને બકે છે કે તમે તો જીવંત માટેના હવાલાઓ લાવી રહ્યા છો, અમે જીવંતથી મદદ માંગવી જાઈઝ માનીએ છીએ ! અમને વિવાદ મરેલા લોકોથી મદદ માંગવામાં આવે છે, અમે તમને મુશ્રિક કહીએ છીએ કબ્રોથી મદદ માંગવાની લઈને, જીવંતથી માંગતા હોય તો અમને કોઈ વાંધો નથી. એટલે કે મદદ માંગવી જીવંતથી હોય તો શિર્ક નથી અને તે જ મદદ કબ્રવાળાથી માંગવામાં આવે તો શિર્ક છે.

## ★ આ'લા હઝરતનો જવાબ ★

બરકાતુલ ઈમદાદ, પેજ નં. ૨૮ પર આ'લા હઝરત ઈમામ અહમદ રઝાખાં رحمۃ اللہ علیہ ઉપરોકત ભૂલનો જવાબ આપતાં ઈર્શાદ ફર્માવે છે :

''જે શિર્ક છે તે જેની સાથે કરવામાં આવે શિર્ક જ છે. અને એક





માટે શિર્ક ન હોય તો તે કોઈના માટે શિર્ક નથી થઈ શકતું. શું અલ્લાહના શરીક મુડદાં નથી થઈ શકતાં, જીવતાં થઈ શકે છે ! દૂરનાં નથી થઈ શકતાં, નજીકનાં થઈ શકે છે ? અંબિયા (નબીઓ) નથી થઈ શકતા, હકીમ થઈ શકે છે ? ઈન્સાન નથી થઈ શકતા, ફરિશ્તાઓ થઈ શકે છે ? અલ્લાહ બચાવે, અલ્લાહનો શરીક કોઈ નથી થઈ શકતો.''

## ★ નવાબ સાહેબ અચરજમાં પડી ગયા ★

વાહ વહાબી વાહ ! તને અભિનંદન આપવા જોઈએ કે તું છટકબારીની શોધમાં ચતુર અને ચાલાક છે ! તને તો એવું લાગતું હશે કે તેજસ્વી તું જ છે અને બીજા લોકો મૂર્ખ છે કે તું જે કહેશે નીચી મૂંડીએ સ્વીકારી લેશે. તારી વાત તો એવી મૂર્ખાઈની છે કે તારો ભાઈ પણ તેને માન્ય રાખવા તૈયાર નથી ! નવાબ સાહેબ ભલેને ગૈરમુકલ્લિદ અહલે હદીષ છે પણ માન્યતામાં તો તમારા સગાભાઈ છે. ખબર નહીં, ગૈરમુકલ્લિદ મદદ લેવાના મસ્અલામાં તેઓ આટલા ન્યાયપસંદ કેમ બની ગયા છે ?

હદયતુલ મહદીના પેજ નં. ૧૮ પર લખે છે : ''અચરજમાં પડી જવાય એવી વાત છે. અમારા અમુક ભાઈઓએ (મદદ માંગવામાં) જીવંત અને મરેલનો તફાવત કર્યો છે અને એવું અનુમાન કર્યુ છે કે જે કામો બંદાઓના અધિકારમાં છે તેમાં જીવંત લોકોથી મદદ માંગવી શિર્ક નથી, પરંતુ તે જ કામોમાં મુડદાંઓથી મદદ માંગવી શિર્ક છે ! જ્યારે કે આ સ્પષ્ટ ભૂલ છે. કારણ કે ગૈરુલ્લાહ હોવામાં જીવંત અને મુડદું એક જ છે. વધારેમાં વધારે એટલું કહી શકાય છે કે, મુડદાંઓથી મદદ માંગવી તે જ જીવંતનો શરીક બનાવવું છે, અલ્લાહનો શરીક નહીં.''

**નવાબ સાહેબે સ્પષ્ટ ખુલાસો કર્યો કે :**

અમારા ધાર્મિક ભાઈઓએ જવાબમાં સ્પષ્ટ ભૂલ કરી છે કે માણસના અધિકારના કામોમાં તેઓથી મદદ લેવી, માંગવી શિર્ક નથી પણ તેઓ મરી જાય તો જે કામમાં જીવંત હાલતમાં તેમનાથી મદદ માંગી શકાતી હતી, મરણ બાદ તે જ કામોમાં મદદ માંગવી શિર્ક છે. તો એ શી રીતે બની શકે છે કે એક કામ એકના માટે શિર્ક બને અને બીજાના માટે તે જાઈઝ અને

ઈમાનનો ભાગ રહે ! જેમણે પણ આ પ્રમાણેની વાત કરી છે ગધેડાને આધાસીસી ચડે એવી વાત છે. તેની મૂર્ખાઈ પર અફસોસ કરવો જોઈએ કે, પોતાને ઈલ્મવાળો કહીને આટલી સામાન્ય વાત પણ સમજી શકતો નથી, પછી મગજમારી શાને કરે છે ?

## ★ બરાહીને કાતેઆમાં સામાન્ય વાતમાં ભૂલ ★

બરાહીને કાતેઆ ખલીલ અહમદ અંબેઠવીની લખેલ છે. તેમાં મલકુલ મૌત અને શૈતાન માટે ઈલ્મે મોહીતે ઝમીનને સાબિત માનવામાં આવ્યું છે. અને સરકારે મદીના ﷺ માટે એ જ વાતને શિર્ક કહેવામાં આવ્યું છે. એટલે શૈતાનને જમીનના ખૂણે ખૂણાનું ઈલ્મ મળ્યું માનવામાં આવે તો જાઈઝ છે, મલકુલ મૌત માટે એ જ ઈલ્મ માનવામાં આવે તો જાઈઝ પણ છે પણ એ જ ઈલ્મ હુઝૂર ﷺ માટે માનવામાં આવે તો શિર્ક છે ! અને એને માનનાર ઈસ્લામ અને ઈમાનના વર્તુળથી બહાર થઈ જાય છે.

ઉપરોકત લખાણ તમે વાંચ્યું કે શિર્ક દરેકના માટે શિર્ક હોય છે અને શિર્ક ન હોય તો કોઈના માટે શિર્ક નથી હોતું. પણ દેવબંદીઓનો કહેવાતો મહાન આલિમ પણ શરઈ પરિભાષાથી કેટલો નાવાકિફ અને અજાણ છે કે શિર્ક જેવી વાતનો હુકમ સમજી નથી શકતો. તેની જહાલતને લઈને શૈતાન ઈલ્મમાં નબીથી આગળ વધી ગયો છે. (ખુદાની પનાહ !)

**સવાલ :–** શું અલ્લાહની મખ્લૂકમાં આપણા નબીથી કોઈનું ઈલ્મ વધી શકે છે ?

**જવાબ :–** સરકારે મદીના ﷺને અલ્લાહની મખ્લૂકમાં સૌથી અધિક ઈલ્મ આપવામાં આવ્યું છે. કોઈ નબીનું ઈલ્મ પણ આપણા નબી ﷺ જેટલું નથી પછી અધિક હોવાનો પ્રશ્ન જ નથી. જ્યારે નબીઓનું ઈલ્મ આપણા નબી ﷺ જેટલું નથી પછી શૈતાનનું ઈલ્મ હુઝૂર ﷺથી અધિક હોવાની વાત કરવી નબીની ખુલ્લી બેઅદબી, ગુસ્તાખી અને અપમાન છે. આ'લા હઝરત ઈમામ અહમદ રઝાખાં رحمۃ اللہ علیہ એ ખલીલ અહમદને કુફ્રનો ફત્વો આ અપમાન પર આપેલો છે.





**નોંધ :–** હુઝૂર ﷺના ઈલ્મ વિશે અલગથી પ્રકરણ રજુ કરવામાં આવશે. તેમાં દરેક પ્રકારના પુરાવા અને શંકાઓનો નિકાલ વર્ણવવામાં આવશે. (ઈન્શાઅલ્લાહ)

**સવાલ :–** શું દેવબંદી લોકોથી હુઝૂર ﷺના ઈલ્મ વિશે આ પ્રમાણેની માન્યતા છે ?

**જવાબ :–** તેમની માન્યતા એવી જ છે અને એમાં બે મત નથી. પણ એ લોકોની ચાલાકી એ છે કે જો તેમનાથી આ પ્રમાણેનો સવાલ કરવામાં આવે તો તેઓ આમ જ જવાબ આપશે. મઆઝલ્લાહ ! મઆઝલ્લાહ ! હુઝૂર જેટલું ઈલ્મ ખુદાની કોઈ મખ્લૂક પાસે નથી, પછી અધિક હોવાનો પ્રશ્ન જ કયાં છે ? પણ જો તમે નામ લઈને સવાલ પૂછો કે પછી ખલીલ અંબેઠવી સાહેબે શૈતાનના ઈલ્મને અધિક કેમ બતાવ્યું ? તો જવાબ નહીં આપે ! અને આપશે તો આમ તેમ કરીને સમજાવી દેશે. જો તેમની માન્યતા હુઝૂરના ઈલ્મ બાબતે ખલીલ અહમદ જેવી ન હોય તો તેમણે પોતાના દેવબંદી વર્તુળથી ખલીલ અહમદને બહાર કરી દેવાનું એલાન કરવું જોઈએ. પણ તેના નામ સાથે જગા જગાએ તારીફના પૂલ બાંધવા અને رحمۃ اللہ علیہ કહેવું તેના લખાણથી ખુશ હોવાની દલીલ છે.

**નોંધ :–** દેવબંદી દારુલ ઈફતાથી શિર્કની તારીફ પૂછવામાં આવે અને એ વાતની પણ છણાવટ કરવામાં આવે કે શું એવું બની શકે છે કે એક કામ મખ્લૂકમાંથી એકના માટે શિર્ક હોય અને બીજાના માટે તે જ કામ ઈમાન બની જાય ?

## ★ દેવબંદીઓનો હેતુ ★

દેવબંદીઓ અને બીજા બાતિલ ફિર્કાના લોકોનો હેતુ એ છે કે નબી, વલી અને બુઝુર્ગોને બેઅધિકાર (ઈખ્તિયાર વિનાના) સાબિત કરવા. જો અધિકારવાળી રિવાયતો મળી આવે તો તેમાં ગલત અર્થઘટન કરવું અને તેમનું અપમાન કરવા પરિભાષાઓ બદલવી પડે તો બદલી નાખવી પણ અધિકાર સાબિત થાય એવું કોઈ પગલું ભરવું નહીં. તમે તેમના લખાણ અને તેમની વાતોથી એ વાતનો નિર્ણય લઈ શકો છો.

## ★ દેવબંદીઓની શૈતાનથી સગાઈની સાબિતી ! ★

શૈતાનને ઘણી બધી શકિતઓ આપવામાં આવી છે. જો તેનો ઉલ્લેખ કરવામાં આવે તો દેવબંદીઓની માન્યતાના આધારે શબ્દે શબ્દ શિર્ક બને. પણ શૈતાની શકિતઓ ષાબિત કરવામાં આવે છે, નબીથી તેને આગળ વધારવામાં આવે છે અને તેની શકિતઓને કુર્આન હદીષથી સાબિત કરવામાં આવે છે. સારાંશ એ કે શૈતાનને આગળ લાવો અને નબી તથા બુઝુર્ગોને પાછળ કરો ! શૈતાન સાથેની સગાઈની શરમ કરો ! આ છે દેવબંદી વહાબી માન્યતા.

## ★ મુડદાંઓથી મદદ માંગવી ★

હદયતુલ મહદી, પેજ નં. ૨૧, ૨૨ પર નવાબ વહીદુઝ્ઝમાં ગૈરમુકલ્લિદ અહલે હદીષ લખે છે :

ઈમામ સુબોકી, ઈમામ ઈબ્ને હજર, ઈમામ કસ્તલાની અને અન્ય બીજા શાફઈ ઈમામો કહે છે કે આ વાતમાં જીવંત પણ મુડદા જેવો છે. અલ્લાહ તઆલા ફર્માવે છે : قُلْ لَّا اَمْلِكُ لِنَفْسِيْ نَفْعًا وَّلَا ضَرًّا (આપ ફર્માવી આપો, હું આપમેળે નફા નુકસાનનો અધિકાર નથી રાખતો.)

જેમ જીવંત અલ્લાહ તઆલાના ઈરાદા, હુકમ, ખુશી, આદેશ અને શકિત વિના મદદ નથી કરી શકતો, એ જ પ્રમાણે મય્યિત પણ. (એટલે કે મય્યિત પણ મદદ કરી શકે છે અને મય્યિતથી મદદ માંગી શકાય છે. જીવંત અલ્લાહના હુકમ, ઈરાદા અને શકિતથી મદદ કરી શકે છે અને એની મદદ માંગી શકાય છે. મય્યિત પણ અલ્લાહના આદેશ, ઈરાદા અને શકિતથી મદદ કરી શકે છે અને એની મદદ લઈ શકાય છે.)

અમલ (કામકાજ) ખત્મ થઈ જવાથી એ લાગું નથી થઈ પડતું કે અમલ વજૂદમાં જ ન આવે, કારણ કે ફરિશ્તાઓના અમલ મુન્કતઅ્ (એના પર સવાલ અઝાબ ન થાય) છે તો પણ તેઓને જે આદેશ મળે છે તે જ કરે છે. (માસૂમ છે, નાફર્માની કરી જ નથી શકતા. તેઓને જે જવાબદારી આપવામાં આવી હોય તે જરૂરથી કરે છે.)





નવાબ સાહેબના કહેવાનો ભાવાર્થ એ છે કે જીવંત માણસ દુનિયા એટલે કે દારુલ અમલમાં હોય છે. તેને શરીઅતના વર્તુળમાં જીવન વિતાવવું જરૂરી છે. એના બહાર નીકળવાથી નાફર્માન અને ગુનેહગાર બને છે, પરંતુ મરણ બાદ તે દારુલ જઝામાં પહોંચી ગયો, ત્યાં હવે અમલ નથી કરવાના હોતા બલ્કે જેવા અમલો દુનિયામાં કર્યા હશે તેનો બદલો પામવાનો છે. પછી તેઓ દારુલ જઝામાં અમલ નહીં કરે, એટલે કે જવાબદારીથી અમલ નહીં કરે પરંતુ વિના જવાબદારીએ કરી શકે છે.

આગળ લખે છે : "મેં સ્વપ્નમાં હઝરત ઈમામ હસન બિન અલીની ઝિયારત કરી. તેમણે જમાઅત કરાવી. મેં તેમની પાછળ નમાઝ પઢી. ત્યાર બાદ મેં પ્રશ્ન કર્યો કે આપ આ જગાએ (કબ્રમાં, બરઝખમાં) કેમ કરી નમાઝ પઢો છો ? જ્યારે કે બરઝખ દારુલ અમલ નથી ! તેમણે ફર્માવ્યું : હા ! આ જગાએ નમાઝ વાજિબ નથી, પરંતુ અલ્લાહના નેક બંદાઓ અહીંયા પણ નફલ નમાઝો પઢે છે પોતાના રબની નિકટતા પ્રાપ્ત કરવા અને પોતાના ઉત્સાહ માટે.

પછી મને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની આ હદીષ યાદ આવી કે, મેં હઝરત મૂસા علیہ السلام ને કબ્રમાં નમાઝ પઢતાં જોયા. અને આ હદીષ કે, હું હઝરત મૂસાને જોઉં છું તેઓ ઊંચા સ્વરે તસ્બીહો પઢી રબની નજદીકી હાંસલ કરે છે. અલ્લામા તૈબી ફર્માવે છે : નબીઓ દુઆથી અલ્લાહની નઝદીકી પ્રાપ્ત કરે એ માન્ય રાખી શકાય છે કારણ કે તેઓ શહીદોથી અફઝલ છે. ભલેને દારે આખિરત એ દારે તકલીફ (જવાબદારીનું ઘર) નથી. પછી ઝિયારત કરનાર માટે મય્યિતને દુઆ કરવાથી કઈ ચીજ રોકનાર છે ? માંગ મુડદાંઓથી નથી આવતી બલ્કે વલીઓની રૂહો (પ્રાણો)થી કરવામાં આવ છે. રૂહો મોતની લિજ્જત નથી ચાખતી અને નાશ પણ નથી પામતી. તેમની સમજ અને ઈલ્મ બાકી રહે છે. ખાસ કરીને નબીઓ અને શહીદોની રૂહો માટે. કારણ કે તેઓ કુર્આન અને હદીષના ઉલ્લેખથી જીવંતના હુકમમાં છે. એટલું છે કે મદદ માંગવાનું કામ એમની કબ્રો પાસે જ જરૂરી છે. તેઓ પોતાના જીવનમાં દૂરથી સાંભળતા ન હતા, મરણ પછી દૂરનું કેમ કરી સાંભળશે ?"

અહીં નવાબ સાહેબે છેલ્લે એક લચ્છો માર્યો ! જેનો જવાબ અમે

આપીશું.પણ જીવંત અને મુડદાથી મદદ માંગવા વિશે તેમણે ઘણા ન્યાયથી કામ લીધું છે. બાતિલ ફિર્કામાં લોકો મુડદાથી મદદ માંગવાને શિર્ક માને છે પણ નવાબ સાહેબે મુડદાંઓથી મદદ માંગવી જાઈઝ બતાવ્યું. અને મોત વિષે એ ઉલ્લેખ કર્યો કે મુડદા હોવાનો અથવા મરણ પામવાનો મતલબ એ નથી કે તેની રૂહ અને પ્રાણ પણ નાશ પામ્યો, બલ્કે મતલબ માત્ર એ છે કે પ્રાણ શરીર અને બદનથી અલગ કરી લેવામાં આવ્યો. અને માણસમાં અસલી તેની રૂહ છે. તો પછી મરણ પછી તેનાથી મદદ માંગવી નાજાઈઝ અને શિર્ક કેવી રીતે બને ? જે લોકો પ્રાણને જીવંત જાણે છે તેના માટે આ વાત સમજી લેવી કઠણ નથી.

મુડદું દારે આખિરતમાં પહોંચ્યા પછી પણ અમલ કરી શકે છે. તેને તેમણે પ્રથમ સ્વપ્નથી સાબિત કરી બતાવ્યું અને પછી પોતાની વાતના સુબૂતમાં તેમણે બે હદીષોથી પુરાવો આપ્યો. અને સ્પષ્ટ કર્યું કે જ્યારે મરણ બાદ આલમે બરઝખમાં પાક રૂહો નમાઝ પઢી શકે છે, અલ્લાહની નિકટતા પામવાનાં કામો કરી શકે છે, તો પછી તેઓ ઝિયારત કરનાર માટે ખુદા તઆલાથી દુઆ કેમ નથી કરી શકતા ? એટલે મરણ પછી પણ મદદ માંગી શકાય છે અને ન્યાય પણ એ જ છે કે અલ્લાહ સાથે શિર્ક તેની મખ્લૂકને તેની સાથે જાત અથવા સિફતમાં બરાબર અને એક સરખું માનવાથી થાય છે. મખ્લૂક જીવંત હોય, મુડદું હોય અથવા વિના પ્રાણની વસ્તુઓ, દાખલા તરીકે લાકડી, પથ્થર, લોખંડ વગેરે ગમે તે હોય અલ્લાહ સાથે તેની જાત અથવા સિફતમાં એક જેવું હોવાની માન્યતા રાખવામાં આવે તો શિર્ક છે. પછી આમ શી રીતે કહી શકાય છે કે જીવંતથી મદદ લેવામાં આવે તો શિર્ક નથી થતું પરંતુ મુડદાંઓથી માંગવામાં આવે તો શિર્ક થઈ જાય છે ! આ પ્રમાણેની વાતો ગાંડો માણસ કરી શકે છે અથવા તે કરી શકે છે જેને દીન સાથે દૂરનો પણ સંબંધ ન હોય. વાત એ છે કે વહાબીઓ નબીઓ અને વલીઓના એટલા ખતરનાક દુશ્મન છે કે તેઓ શત્રુતામાં હદ પાર થઈને ભાન ભૂલી ગયા છે. બેભાન થઈને વાતો કરે છે એટલે તેમને ખબર નથી પડતી કે શું બોલે છે અને કોના માટે બોલે છે ! વહાબીઓ માટે શૈતાન અને ઈબ્લીસની મિત્રતા રંગ લાવી ! ઉસ્તાદે (શૈતાને) અલ્લાહ તઆલા સમક્ષ નબીની ફઝીલતો અસ્વીકાર કરી અને પોતાની મહત્વતાની બકવાસ કરતો





રહ્યો. મર્તબો ગુમાવ્યો, માન ખોયું પણ હઠે ચઢયો તો આજે પણ એ જ હઠમાં છે અને રહેશે. પછી ચેલા પણ જાય એવા થોડા છે ? ગુરૂ ગુલ અને સોમા શક્કર હો ગયા.

ગુરૂએ તો માત્ર હઝરત આદમ عليه السلام ની ફઝીલત અને ઉત્તમતાનો અસ્વીકાર કર્યો અને ચેલા તો સરકારે મદીના صلى الله تعالى عليه وسلم ને પણ બેઈખ્તિયાર અને બેઅધિકાર સમજે છે અને માને છે. અને તેઓ તેમના વસીલાનો અસ્વીકાર બેઅધિકારવાળા માનતા હોવાને લઈને જ કરે છે. તેમને દૂરથી સંબોધન કરવાનો ઈન્કાર બેઅધિકારવાળા માનતા હોવાને લઈને જ કરે છે. અરે ભાઈ ! શૈતાને તો અધિકારનો અસ્વીકાર નથી કર્યો, કારણ કે તેને ખુદા તરફથી જે અધિકાર આપવામાં આવ્યો હતો તેનો તે અસ્વીકાર ન કરી શકતો હતો અને પોતાના અધિકારને લક્ષમાં રાખીને તેણે લોકોને ગુમરાહ, બેદીન અને અધર્મી કરવાનું ચેલેંજ ખુદાની બારગાહમાં કર્યું હતું. કુર્આનમાં છે :–

وَلَاُضِلَّنَّهُمْ وَلَاُغْوِيَنَّهُمْ اَجْمَعِيْنَ اِلَّا عِبَادَكَ مِنْهُمُ الْمُخْلَصِيْنَ

''અને હું જરૂર તે સર્વને ગુમરાહ અને બેરાહ કરી નાખીશ પણ તેઓમાંથી ઈખ્લાસવાળાઓને.'' لَا تَجِدُ اَكْثَرَهُمْ شَاكِرِيْنَ તેઓ પૈકી વધારેને તુ શુક્રગુઝાર નહીં પામે.

વિચારવાની વાત છે કે શૈતાન તો અલ્લાહનો દુશ્મન થઈને એટલા અધિકારવાળો કે ખુદાની બારગાહમાં લોકોને બેદીન અને અધર્મી બનાવવાનું ચેલેંજ કરે ! અને પોતાના ચેલેંજ મુજબ દુનિયામાં અસંખ્ય લોકોને બેદીન બનાવ્યા અને ગુનાહો કરાવવામાં તો એનો નંબર છે. પછી જે અલ્લાહના નબી છે, અલ્લાહનો મહબૂબ છે, અલ્લાહ તઆલાનો દોસ્ત અને ફ્રેન્ડ છે જેને અલાહ તઆલાએ લોકોને સત્ય માર્ગ બતાવવા મોકલેલો છે, શૈતાનના દાવોથી બચવાની તાલીમ આપવા દુનિયામાં ઉતર્યો છે, તો **સામાન્ય અક્કલની વાત છે કે દુશ્મનને ખુદા તઆલા તરફથી આટલો અધિકાર મળે તો દોસ્તને તો જરૂરથી તેનાથી અધિક અધિકાર અને શક્તિઓ આપવામાં આવી હશે.** પછી ખુદાના દોસ્તોની શક્તિઓ

પર નકારાત્મક જવાબ શી રીતે આપી શકાય ? જો દુશ્મને ખુદા શૈતાનની શકિતઓ નબીથી વધુ હોત તો તે હઝરત આદમ عليه السلام સમક્ષ હારી કેમ ગયો ? હઝરત આદમના લીધે તેનું અપમાન કેમ કરવામાં આવ્યું ? ફઝીલત અને ઉત્તમતાની દલીલ ઈલ્મથી આપવામાં આવી તો તે વિજય કેમ ન મેળવી ગયો ? એ અકીદો અને માન્યતા સંમતિ (ઈજમાઅ)ની છે કે નબીઓ માસૂમ હોય છે, તેમનાથી ગુનોહ થઈ શકતો નથી. ગુનાહ વધુ પ્રમાણમાં શૈતાનના વસવસામાં નાકામ થવાથી થાય છે. નબીઓ માસૂમ છે એનો મતલબ એ પણ થયો કે શૈતાનનો દાવ, શૈતાનની શકિતઓ અને શૈતાનના લશ્કરો અને સૈન્ય નબીઓ પર વિજય મેળવી શકતાં નથી. અને આમ કયારે બને જ્યારે એક નબીની શકિત શૈતાન અને તેના સૈન્યથી પણ અધિક હોય. જો નબીને માસૂમ માનવાનો અકીદો રાખવો હોય તો તેમની શકિતઓ, તેમનું ઈલ્મ શૈતાનથી અધિક માનવું જ પડશે. જ્યારે શૈતાન પાસે એટલી શકિત છે કે તે દુનિયામાં ખૂણે ખૂણે સેકન્ડોમાં પહોંચી શકે, દિલની હાલતો જાણી શકે, લોકોના દિલો પર કબ્જો જમાવી શકે તો પછી નબી અને ખુદાના દોસ્ત કેમ ન કરી શકે ? અને **ઉપરોક્ત શકિતઓ શૈતાન માટે માનવી શિર્ક અને કુફ્ર નથી તો તે જ માન્યતા નબીઓના હક્કમાં શિર્ક કેમ કરી બની ?** શું તમારી માન્યતામાં **શૈતાન ખુદાનો ભાગીદાર બની શકે છે ?** જો આમ જ હોય તો તમારા મુશ્રિક હોવામાં બે મત નથી. અને જો ભાગીદાર નથી બની શકતો તો પછી ઉપરોકત શકિતઓ મખ્લૂકને મળી શકે છે અને એ માન્યતા મખ્લૂક માટે માનવાથી શિર્ક નથી થતું. તો પછી નબીઓ અને વલીઓ માટે પણ એ પ્રમાણેની અધિકથી અધિક શકિતઓ માનવી શિર્ક નથી બલ્કે ઈમાનનો અતૂટ ભાગ છે. તેનાથી વિવાદ દીન અને ધર્મનો દુશ્મન જ કરી શકે છે. (ખુદા જબ દીન લેતા હૈ તો હિમાકત આ હી જાતી હૈ !)

## ★ વસીલો લેવો ★

ખુદા તઆલાની બારગાહમાં આપણી જરૂરતોમાં નબીઓ અને વલીઓનો વસીલો લેવો જાઈઝ છે. નેક અમલોનો વસીલો લેવો પણ જાઈઝ છે. નબીઓ અને વલીઓના વસીલામાં એવી કોઈ શર્ત નથી કે તેઓ જીવંત





છે અથવા તેમનું અવસાન થઈ ગયું છે. જીવંતને પણ વસીલો બનાવી શકાય છે અને અવસાન પામેલાને પણ વસીલો બનાવી શકાય છે. તો આ પ્રમાણે વસીલાના ત્રણ પ્રકાર બનાવી શકાય છે : (૧) નેક અમલોનો વસીલો (૨) નબીઓ વલીઓનો વસીલો જ્યારે જીવંત હોય (૩) અવસાન પછી વસીલો લેવો.

મસ્લકે આ'લા હઝરત ઈમામ અહમદ રઝાખાં رحمة الله عليه ના ઉલ્લેખ પ્રમાણે ત્રણે પ્રકારનો વસીલો લેવો જાઈઝ છે અને દરેક પ્રકારની દલીલોથી ષાબિત છે. એટલે તેના જાઈઝ હોવામાં કોઈ શંકા જતી નથી. સહાબાએ કિરામના મુબારક જમાનામાં પણ વસીલો લેવામાં આવતો હતો અને ત્યાર બાદ પણ તાબેઈન, તબે તાબેઈન અને તેમના પછીના લોકોમાં પણ વસીલો લેવાનો અમલ થતો રહ્યો. આ વાતમાં અને બીજી સંમતિ(ઈજમાઅ સધાયેલ)ની અસંખ્ય વાતોમાં પ્રથમ વિવાદ ઉભો કરનાર ઈબ્ને તૈમિયહ્ છે જેને ગુમરાહ અને અધર્મી લોકો પોતાનો ઈમામ સમજે છે અને એને શૈખુલ ઈસ્લામ કહે છે. એની ઉપજાવેલ વાતોને દલીલ રૂપે વર્ણન કરે છે. વહાબી અને દેવબંદી માન્યતા ઈબ્ને તૈમિયહ્‌ની તાલીમાતનો નીચોડ છે. તો તેઓ વહાબી છે, દેવબંદી છે અને તૈયમી પણ છે.

## ★ ઈમામ સુબુકીનો ઉલ્લેખ ★

તફસીરે રૂહુલ મઆની, ભાગ-૬, પેજ-૧૨૬ પર છે : ઈમામ તાજુદ્દીન સુબુકીએ ઈબ્ને તૈમિયહ્‌ની બુરાઈ કરી છે. ફર્માવે છે : અલ્લાહની બારગાહમાં નબીનો વસીલો લેવો મુસ્તહબ છે. આગલા પાછલા લોકોમાંથી કોઈએ એનો ઈન્કાર નથી કર્યો. જ્યારે ઈબ્ને તૈમિયહ્ આવ્યો, તેણે એ વાતનો ઈન્કાર કર્યો, સીધા માર્ગેથી ખસી ગયો અને એવી વાતો કાઢી લાવ્યો જેને કોઈ આલિમે નથી કહી.

ઈબ્ને તૈમિયહ્‌ના જાહેર થતાં પહેલાં લોકો વસીલો લેવો જાઈઝ માનતા હતા પણ તૈમિયહ્‌એ લોકોમાં વિવાદ પેદા કરવા માટે નવો માર્ગ શોધ્યો. ખોટી ખોટી દલીલોથી લોકોને પોતાની સાથે કરવાની કોશિશ કરી. અક્કલમાં અશકત લોકો તેના અનુયાયી બની ગયા અને મુસલમાનોની તાકાત

તોડવા વિવાદમાં લાગી ગયા. તેઓ પૈકી ઈબ્ને અબ્દુલ વહ્હાબ અને ઈસ્માઈલ દહેલ્વી પણ છે.

## ★ કુર્આન અને વસીલો ★

કુર્આન શરીફમાં અલ્લાહ તઆલા તરફથી નિકટતા પ્રાપ્ત કરવા માટે વસીલાનો આદેશ આપવામાં આવ્યો છે. અલ્લાહ તઆલા ફર્માવે છે :–

يَا أَيُّهَا الَّذِينَ آمَنُوا اتَّقُوا اللَّهَ وَابْتَغُوا إِلَيْهِ الْوَسِيلَةَ
وَجَاهِدُوا فِي سَبِيلِهِ لَعَلَّكُمْ تُفْلِحُونَ

"અય ઈમાનવાળાઓ ! અલ્લાહથી ડરો અને તેના તરફ વસીલો ઢૂંઢો અને તેની રાહમાં જેહાદ કરો એ આશાએ કે સફળતા મેળવો."

ઉપરોકત આયતમાં સ્પષ્ટ શબ્દોમાં વસીલો લેવાનો આદેશ આપવામાં આવ્યો છે અને વસીલાને અમલે સાલેહ (નેક અમલ) સાથે નિયુકત નથી કરવામાં આવ્યો. માત્ર એટલું ફર્માવવામાં આવ્યું : "એની તરફ વસીલો લ્યો" મતલબ એ કે જેનો પણ લઈ શકો.

**સવાલ** :– શું ખરાબ કામો અને ખરાબ લોકોને વસીલો બનાવી શકાય છે ?

**જવાબ** :– આયતની શરૂઆત અને આરંભ اتَّقُوا اللَّهَ થી થયો. જેનાથી ખરાબ કામો વસીલાથી બહાર થઈ ગયાં અને ખરાબ કામો બહાર થયાં તો તેના કર્તાઓ પણ જરૂરથી બહાર થઈ ગયા. આયતનો અંત لَعَلَّكُمْ تُفْلِحُونَ પર થયો. મતલબ એ કે પ્રથમ જે કામોનો આદેશ આપવામાં આવ્યો તે તમારી ફલાહ, કામયાબી અને સફળતા માટે છે અને સફળતા ગુનાહોથી બચવામાં, નેક કામો કરવામાં અને નેક લોકોની સંગતમાં રહેવાથી મળે છે. સ્પષ્ટ થયું : ખરાબ કામો અને ખરાબ લોકોને વસીલો નથી બનાવી શકતા. સારાં કામો અને સારા લોકોને વસીલો બનાવી શકાય છે.

**સવાલ** :– અન્ય મૌલ્વીઓનું કહેવું એવું છે કે ખુદાની બારગાહમાં માત્ર નેક અમલોને વસીલો બનાવી શકાય છે. કોઈ વ્યકિતને વસીલો બનાવી





શકતા નથી. શું એ સત્ય છે ?

**જવાબ** :– દીન અને ધર્મમાં માત્ર કહી દેવાથી કાયદો અને રૂલ નથી બની જતો તેના માટે દલીલોની જરૂરત છે. દલીલો ચાર પ્રકારની હોય છે : (૧) કુર્આન (૨) હદીષ (૩) ઈજમાએ ઉમ્મત (૪) કયાસ. પુરાવો કુર્આનથી મળી આવે તો બીજા પુરાવાની જરૂરત રહેતી નથી. પણ જો કોઈ વાતના સુબૂતમાં દરેક પ્રકારનો પુરાવો મળી આવે તો વાત વધારે વજની બની જાય છે. કુર્આનમાંથી પુરાવો ન મળે તો હદીષે પાકનો સહારો લેવામાં આવશે. પછી ઈજમાએ ઉમ્મતથી પુરાવો લાવવામાં આવશે. અંતમાં કયાસનો સહારો લેવામાં આવશે અને કયાસ પણ માત્ર વિચારસરણી નહીં બલ્કે તેના માટે ઘણી બધી શર્તો છે તેને દખલ દેવામાં આવશે.

જ્યારે તમે આટલુ જાણી લીધું તો જેઓ વસીલાનો ઈન્કાર કરે છે અથવા વસીલાને કોઈ એક પ્રકારમાં નિયુકત કરે છે તેમનાથી ઉપરોકત ચાર દલીલો પૈકી કોઈ દલીલ માંગવામાં આવે. જો તેઓ કુર્આનથી દલીલ આપે તો ખોટું છે, કુર્આનમાં વસીલાનો આદેશ આપવામાં આવ્યો છે. હદીષથી આપે તો ખોટું છે કેમ કે અસંખ્ય હદીષોમાં વસીલાનું વર્ણન છે જેનો ઉલ્લેખ થશે. ઈજમાઅથી આપે તો ખોટું છે કેમ કે ઈજમાઅ વસીલો લેવા પર છે, કયાસથી આપે તો ખોટું છે કારણ કે શરઈ કાયદામાં કયાસ કુર્આન, હદીષ અને ઈજમાએ ઉમ્મત વિરૂધ્ધ જઈ નથી શકતો. અને તેમની વિચારસરણી હોય તો તેનાથી અમને મતલબ નથી ! શરઈ દલીલોની સરખામણીમાં વિચારસરણી કોઈ વસ્તુ નથી.

**સવાલ** :– વસીલો કેમ લેવામાં આવે ?

**જવાબ** :– ખુદા તઆલાની નિકટતા પ્રાપ્ત કરવા માટે વસીલો લેવો જોઈએ.

**સવાલ** :– શું વસીલો લેવો જરૂરી છે ?

**જવાબ** :– આપણે જે વસીલાની ચર્ચા કરી રહ્યા છે તે લેવો જરૂરી નથી પણ મુસ્તહબ અને સારું કામ છે. વસીલો લેનારને ફાયદો મળી શકે છે.

**સવાલ** :– વસીલો ન લેવામાં આવે તો ગુનોહ થાય ખરો ?

**જવાબ** :– જ્યારે વસીલો લેવો જરૂરી નથી, મુસ્તહબ છે તો ન

લેવાથી ગુનોહ થશે નહીં.

**સવાલ** :– વસીલો ન લેવો અને વસીલો ન માનવો બંને એક જ કહેવાય ?

**જવાબ** :– શું નમાઝ ન પઢવી અને નમાઝ ફર્ઝ ન માનવી બંને એક છે ? જ્યારે આ એક નથી તો વસીલો ન લેવો અને ન માનવો બંને એક શી રીતે થઈ શકે ?

**સવાલ** :– વસીલો ન માનનારનો શરઈ હુકમ શું છે ?

**જવાબ** :– વસીલો ન માનનાર શરઈ કાયદાના આધારે ગુમરાહ બદ્દીન છે. અને તમને વસીલાનો સુબૂત હદીષ અને ઈજમાએ સહાબા, તાબઈન અને મહાન આલિમોના કથનોથી આપીશું તો તમને પણ તેમના ગુમરાહ હોવામાં શંકા નહીં રહે.

**સવાલ** :– વસીલાનો ઈન્કાર કરનાર અથવા કોઈ એક અર્થમાં નિયુકત કરનાર આલિમો છે અને એમની માન્યતાને માન્ય રાખનાર પણ ઘણા ચોટીના આલિમો છે.

**જવાબ** :– એ કોઈ દલીલ નથી. શૈતાન પણ ચોટીનો આલિમ હતો. હઠે ચડયો તો તેનું કેટલુ ગંભીર પરિણામ આવ્યું ! કુર્આન, હદીષ અને સહાબાના અમલથી સુબૂત મળે પછી આલિમોની માન્યતા તેની વિરૂધ્ધ હોય તો તેમની ભૂલ છે, તેમને ભૂલ સુધારવી જોઈએ.

**સવાલ** :– નકારાત્મક જવાબ આપનાર આલિમોના ઘણા બધા અનુયાયીઓ છે ?

**જવાબ** :– શૈતાનના અનુયાયીઓથી ઓછા હશે !

**સવાલ** :– પછી તેઓ ખરાબ લોકોના શુભેચ્છક બન્યા શા માટે ?

**જવાબ** :– એનો બનનારે વિચાર કરવો જોઈએ.

**સવાલ** :– શકય છે કે જે હદીષોથી તમે સુબૂત આપો છો તે તેમના પઢવામાં ન આવી હોય ?

**જવાબ** :– જ્યારે તેમનું ઈલ્મ કાચું છે તો પછી હોશિયાર ન બનવું જોઈએ ! બીજું એ કે જ્યારે તેમણે ઈન્કાર કર્યો ત્યારે જ એ સઘળા





સુબૂત તેમના વિરૂધ્ધ પ્રસિધ્ધ કરવામાં આવ્યા હતા તો પછી તેમણે માન્ય રાખી લેવું જોઈએ. બતાવ્યા પછી પણ ન માનવું ભૂલ નથી ! તો પછી તેમણે તૌબા કરી લેવી જોઈએ.

**સવાલ** :– વસીલાનો અર્થ બતાવશો કે અમને પણ ખબર પડે વિવાદ કેમ થયો ?

જવાબ :– વસીલાનો એક અર્થ શબ્દકોષ સંબંધિત છે અને એક અર્થ શરઈ પરિભાષાથી સંબંધિત છે. શબ્દકોષના આધારે વસીલો એટલે નિકટતા અને નજદીકી છે. શરીઅતની પરિભાષામાં વસીલો જેનો માન, મર્તબો ખુદાની બારગાહમાં હોય, મકસદની પ્રાપ્તિમાં તેને ઝરિયો બનાવવામાં આવે. મકસદ દુનિયવી પણ હોઈ શકે છે, ઉખરવી પણ હોઈ શકે છે. ધર્મ સંબંધિત પણ હોઈ શકે છે અને વ્યકિતગત પણ હોઈ શકે છે. સારાંશ એ કે મકસદના ઘણા પ્રકાર છે. શર્ત એ છે કે તેનો સંબંધ ખરાબ કામો અને નાફર્માની સાથે ન હોય. નાફર્માનીના કામમાં સફળતાની માંગ બીજી નાફર્માની છે અને તેમાં વસીલાનો ઉલ્લેખ બેઅદબી અને અપમાન છે.

## ★ વસીલાના અન્ય પ્રકાર ★

(૧) નેક અમલોને વસીલો બનાવવો (૨) બુરા અને ગુનાહિત કામોથી બચવાને વસીલો બનાવવો (૩) નબીઓને વસીલો બનાવવો (૪) વલીઓ અને બુઝુર્ગોને વસીલો બનાવવો (૫) તેમની સંબંધિત ચીજ વસ્તુઓને વસીલો બનાવવો (૬) તેમનાથી કોઈ ચીજની માંગ કરવી (૭) તેમને દુઆ કરવાનું કહેવું (૮) નબીઓ અને બુઝુર્ગોના અવસાન પછી વસીલો લેવો : (અ) દુઆની માંગ કરવી (બ) તેમના માન મર્તબાનો વસીલો લેવો (ક) તેમનાથી માંગ કરવી.

## ★ નેક અમલોને વસીલો બનાવવો હદીષના પ્રકાશમાં ★

સિહાહની પ્રખ્યાત હદીષ હઝરત ઝુહરી હઝરત સાલિમથી અને તેઓ હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત કરે છે : રસૂલુલ્લાહ

صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું : ભૂતકાળમાં પૂર્વજોમાંથી ત્રણ માણસો (સફરે) નીકળ્યા. પહાડની ગુફા પાસે આવ્યા અને રાત પડી ગઈ તો તેમણે (રાતવાસો કરવા) ગુફામાં પ્રવેશ કર્યો. જોગાનુજોગ પહાડની એક ચટ્ટાન પડી અને ગુફાનું દ્વાર બંધ કરી દીધું. તેઓ પરસ્પર કહેવા લાગ્યા : "કસમ અલ્લાહની ! આ ચટ્ટાનથી આપણને છૂટકારો મળી શકશે નહીં, પરંતુ (એક માર્ગ છે) પોતાના નેક અમલોના વસીલાથી અલ્લાહ પાસે દુઆ કરો. (તેમણે પોતાના ઈખ્લાસ અને સાચી નિય્યતથી અલ્લાહ તઆલાની ખુશી પ્રાપ્ત કરવા કરેલ અમલો પૈકી અમુકને દુઆમાં વસીલો બનાવ્યો.) તેઓ પૈકી એકે વિનંતી કરી, મારા ઘણા જ વૃધ્ધ માતા પિતા હતાં. હું તેમના પહેલાં સાંજે દૂધ ન પીતો હતો. તેઓ બંને એક દિવસ એક વૃક્ષના છાયડામાં સૂઈ ગયાં. હું તેમની પાસે જ રહ્યો, તેમના માટે સાંજનું દૂધ દોહી લાવ્યો. જ્યારે તેમની પાસે પહોંચ્યો તો તેઓ સૂતાં હતાં. મેં તેમને જગાડવું પસંદ ન કર્યું અને તેમના પહેલાં સાંજનું દૂધ પીવું પણ પસંદ ન કર્યું. પ્યાલુ હાથમાં લઈને ઉભો રહ્યો અને તેમના જાગવાની રાહ જોવામાં સવાર થઈ ગઈ. જાગ્યાં તો પોતાનું રાતનું દૂધ પીધું. (પછી તેણે દુઆ કરતાં વિનંતી કરી) અય અલ્લાહ ! મેં આ પ્રમાણે એ તારી ખુશી માટે કર્યું છે તો તું અમને ચટ્ટાનવાળી મુસીબતથી છૂટકારો આપ ! (તેની દુઆની બરકતથી) ચટ્ટાન થોડી ખસી પણ હજી તેઓ નીકળી શકતા ન હતા. (૨) પછી બીજાએ (અલ્લાહની ખુશી માટે ગુનાહથી બચવાના કરેલ કાર્યને વસીલો બનાવતાં) વિનંતી કરી, મારી એક પિતરાણ બહેન હતી જે મને અધિક પ્રિય હતી. મેં તેને કબ્જામાં લેવાની કોશિશ કરી પણ તેણી ના કહેતી રહી. એક વર્ષ તેણી દુષ્કાળમાં સપડાઈ અને મારી પાસે મદદ માટે આવી. મેં તેણીને બધો માલ અર્પણ કર્યો એ શર્તે કે મને પોતાની જાત પર કબ્જો કરવા દેશે. જ્યારે મેં તેણી પર કબ્જો મેળવી લીધો તો તેણીએ (મને નસીહત અને ભલામણ કરતાં) વિનંતી કરી, તું નાહક મોહર ન તોડ ! (વ્યભિચાર ન કર) (તેણીની વાત મારા દિલ પર અસર કરી ગઈ અને) હું તરત જ તે કામથી અલગ થઈ ગયો અને તેણીને છોડી દીધી અને માલ પણ તેણી પાસે રહેવા દીધો. (આ કિસ્સો કહી તેણે દુઆ કરી) અય અલ્લાહ ! જો મેં આ કામ તારી ખુશી માટે કર્યું છે તો જે મુસીબતમાં અમે પડેલા છીએ તેનાથી અમને છૂટકારો અતા ફર્માવ ! ચટ્ટાન થોડી ખસી





પણ તેઓ નીકળી શકતા ન હતા. (૩) રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું : પછી ત્રીજાએ (પોતાની વાત આ પ્રમાણે) રજૂ કરી : અય અલ્લાહ ! મેં અમુક મજૂરો રાખ્યા હતા. મેં તેમને મજૂરી આપી દીધી હતી. પરંતુ એક માણસ પોતાની મજૂરી છોડીને ચાલ્યો ગયો. મેં તેની મજૂરી (કામ ધંધામાં લગાડી) વધારી એટલે સુધી કે ઘણો માલ થઈ ગયો. થોડા સમય બાદ તે વ્યકિત આવ્યો અને કહ્યું : અય અલ્લાહના બંદા ! મારી મજૂરી મને આપ ! મેં તેને કહ્યું : આ ઊંટ, બકરી, ગુલામ જે કાંઈ તું જોઈ રહ્યો છે તે તારી મજૂરી છે. (તું બધુ લઈ જા) તેણે કહ્યું : તું મારી મજાક કરે છે ? મેં કહ્યું, મજાક નથી કરતો (બધું જ તારું છે, તું લઈ જઈ શકે છે) તો તેણે બધો માલ લઈ લીધો. અય અલ્લાહ ! જો મેં આ કામ તારી ખુશી માટે કર્યું છે તો જે મુસીબતમાં અમે સપડાયેલ છીએ તેનાથી છૂટકારો આપ. તો ચટ્ટાન ગુફાના મોઢા પરથી ખસી ગઈ. તેઓ નીકળીને (પોતાના મકસદે) ચાલતા થયા. આ હદીષ હસન સહીહ છે. (બુખારી મુસ્લિમ)

ઉપરોકત હદીષે પાકથી જાણવા મળ્યું કે નેક અમલોને વસીલો બનાવીને દુઆ કરવામાં આવે તો દુઆ કબૂલ થઈ શકે છે અને મકસદમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

## ★ ગુનાહથી બચવાના કામને વસીલો બનાવો ★

ઉપરોકત હદીષ શરીફમાં બંને દલીલો છે. બીજા નંબરના વ્યકિતએ ગુનાહના કામથી બચવાને વસીલો બનાવી દુઆ કરી તો તેની દુઆ પણ કબૂલ થઈ. સ્પષ્ટ થયું કે જેમ નેક અમલોને વસીલો બનાવી શકાય છે તેમ ખુદાની ખુશી માટે અને તેના હુકમનું પાલન લક્ષમાં રાખી ગુનાહથી બચવામાં આવે તો તેને પણ દુઆમાં વસીલો બનાવી શકાય છે.

## ★ આપણા સાચા નબીનો વસીલો ★

પધરામણી પહેલાં, પધરામણી પછી, દુનિયાથી પર્દો કર્યા પછી આમ ત્રણ પ્રકારે બનાવી શકાય છે.

**(૧) પધરામણી પહેલાં :-** સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم ની

પધરામણીની ખબરો દુનિયામાં પ્રથમ નબી હઝરત આદમ عليه الصلوة والسلام થી અપાઈ રહી હતી અને હઝરત ઈસા عليه الصلوة والسلام સુધી અપાઈ રહી હતી. એટલે નબીઓના ધર્મને માનનારાઓને સરકારે મદીનાની પધરામણીની અને આપના માન મર્તબાની ખબર હતી. તૌરેત અને ઈન્જીલમાં આપનું નામ, આપની પધરામણીની જગા, અને આપની નિશાનીઓનો પણ ઉલ્લેખ કરવામાં આવેલો છે. એટલે એહલે કિતાબ આપને પધરામણી પહેલાં જ ઓળખતા હતા અને મુસીબતોથી છૂટકારો મેળવવા અને કાફિરો પર વિજય પ્રાપ્ત કરવા આપનો વસીલો લઈ ખુદા તઆલાથી દુઆઓ કરતા અને તેમને સફળતા પણ મળતી. આ વિશે અન્ય વાતોનો ઉલ્લેખ તોહફાએ નજાત પાંચમાં ભાગમાં થઈ ગયો છે અને બીજી વાતોનો ઉલ્લેખ અન્ય પ્રકરણમાં રજુ કરવામાં આવશે. અહીં કુર્આનની એક આયતનો પુરાવો રજુ કરીએ છીએ, જેમાં હુઝૂરની પધરામણી પહેલાં ખુદા તઆલાથી આપનો વસીલો લેવામાં આવ્યો છે :–

وَلَمَّا جَآءَهُمْ كِتٰبٌ مِّنْ عِنْدِ اللّٰهِ مُصَدِّقٌ لِّمَا مَعَهُمْ وَاِنْ كَانُوْا مِنْ قَبْلُ يَسْتَفْتِحُوْنَ عَلَى الَّذِيْنَ كَفَرُوْا بِهٖ فَلَمَّا جَآءَهُمْ مَا عَرَفُوْا كَفَرُوْا بِهٖ فَلَعْنَةُ اللّٰهِ عَلَى الْكٰفِرِيْنَ

અને જ્યારે એમના પાસે અલ્લાહની તે કિતાબ આવી જે એમના સાથવાળી કિતાબની સત્યતા જાહેર કરે છે અને અત્યાર પહેલાં તે આ નબીના વસીલાથી જ કાફિરો પર વિજય માંગતા હતા. તો જ્યારે એમની પાસે પધાર્યો તે ઓળખવાળો તેમનાથી મુન્કિર થઈ બેઠા તો અલ્લાહની લઅનત મુન્કિરો પર.

સરકારે મદીના صلى الله تعالى عليه وسلمની પધરામણી પહેલાં યહૂદીઓ હુઝૂર صلى الله تعالى عليه وسلمનો વસીલો લેતા હતા અને કુર્આન શરીફ એ વાતની ગવાહી આપી રહ્યું છે કે, યહૂદીઓ આપના વસીલાથી કાફિરો પર વિજયની માંગ કરતા હતા. જો વસીલો લેવો નાજાઈઝ હોય તો કુર્આન તારીફની જગાએ તેમનો વસીલો લેવાનું વર્ણન ન કરતું. અને તેનાથી એ પણ સ્પષ્ટ થયું કે જ્યારે સરકારે મદીનાની પધરામણી પહેલાં આપનો વસીલો લેવો જાઈઝ હતો





અને લેવાવાળાઓને ફાયદો મળતો હતો તો પછી આપના ઈન્તેકાલ એટલે પર્દો કયા પછી વસીલો લેવો જાઈઝ કેમ ન રહે ?

## ★ ઉપરોક્ત આયત પર તફસીરોનાં પુરાવા ★

તફસીરે કબીર ઈમામ ફખ્રુદ્દીન રાઝી رحمة الله عليه (અવસાન : હિજરી સન ૬૦૬)

**(૧)** તેઓ વિજય અને મદદની માંગ કરતા અને દુઆ કરતા : يَسْئَلُوْنَ الْفَتْحَ وَالنُّصْرَةَ يَقُوْلُوْنَ اللّٰهُمَّ افْتَحْ عَلَيْنَا وَانْصُرْنَا بِالنَّبِيِّ الْاُمِّيِّ અય અલ્લાહ ! અમને વિજય અતા ફર્માવ અને ઉમ્મી નબીના વસીલાથી અમારી મદદ કર. (જી. ૨, પેજ–૨૦૦)

**(૨)** તફસીરે ઈબ્ને કષીર, હાફિઝ ઈબ્ને કષીર (અવસાન હિજરી સન ૭૭૪)

يَهُوْدُ كَانُوْا يَسْتَفْتِحُوْنَ بِرَسُوْلِ اللّٰهِ قَبْلَ مَبْعَثِهٖ،

યહૂદીઓ અલ્લાહના રસૂલ صلى الله تعالى عليه وسلمના વસીલાથી આપની પધરામણી પહેલાં વિજયની માંગ કરતા. (જિ. ૧, પેજ–૧૨૪)

**(૩)** તફસીરે રૂહુલ મઆની સૈયદ મહમૂદ આલૂસી (અવસાન : હિજરી સન–૧૨૮૦)

كَانُوْا يَسْتَفْتِحُوْنَ عَلَى الْاَوْسِ وَ الْخَزْرَجِ بِرَسُوْلِ اللّٰهِ قَبْلَ مَبْعَثِهٖ،

"તેઓ અવસ અને ખઝરજના કુટુંબીજનો પર રસૂલુલ્લાહના વસીલાથી આપની પધરામણી પહેલાં વિજયની માંગ કરતા. (જિ. ૧, પેજ–૨૮૯)

**(૪)** તફસીરે કશ્શાફ જારૂલુલ્લાહ ઝેમુખશરી (અવસાન : હિજરી સન ૫૩૮)

يَسْتَنْصِرُوْنَ عَلَى الْمُشْرِكِيْنَ اِذَا قَاتَلُوْا قَالُوْا اللّٰهُمَّ انْصُرْنَا بِالنَّبِيِّ الْمَبْعُوْثِ فِيْ اٰخِرِ الزَّمَانِ

તેઓ મુશ્રિકો વિરૂધ્ધ મદદની માંગ કરતા જયારે. યુધ્ધ કરતા

તો દુઆ કરતા, અય અલ્લાહ ! જે નબીને તું અંતિમ કાળમાં મોકલશે તેમના વસીલાથી અમારી મદદ ફર્માવ. (જી.-૧, પેજ-૩૮)

**(૫)** તફસીરે મુજાહિદ ઈમામ મુજાહિદ (અવસાન : હિજરી સન-૧૦૪)

يَسْتَنْصِرُوْنَ بِهٖ عَلَى النَّاسِ

તેમના વસીલાથી લોકો પર મદદની માંગ કરતા. (જી. ૧, પેજ-૩૮)

**(૬)** તફસીરે ઈબ્ને જરીર ઈમામ ઈબ્ને જરીર (અવસાન : હિજરી સન-૩૧૦)

يَهُوْدُ يَسْتَنْصِرُوْنَ بِرَسُوْلِ اللّٰهِ قَبْلَ مَبْعَثِهٖ

યહૂદ રસૂલુલ્લાહના વસીલાથી આપની પધરામણી પહેલાં મદદની માંગ કરતા. (જી. ૧, પેજ-૩૦૮)

**(૭)** તફસીરે ઈબ્ને અબ્બાસ હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما (અવસાન : હિજરી સન-૬૮)

اِنَّ يَهُوْدَ كَانُوْا يَسْتَفْتِحُوْنَ عَلَى الْاَوْسِ وَالْخَزْرَجِ بِرَسُوْلِ اللّٰهِ قَبْلَ مَبْعَثِهٖ

નિ:શક ! યહૂદીઓ અવસ અને ખઝરજનાં કુટુંબીજનો પર રસૂલુલ્લાહના વસીલાથી આપની પધરામણી પહેલાં વિજયની માંગ કરતા. (દવાઈબુન્નબુવ્વા, જી. ૧, પેજ-૧૯)

**(૮)** મુસ્તદરક બાબતુત્તફસીર હાકિમ મુહમ્મદ નીશાપૂરી (અવસાન : હિજરી સન-૪૦૫)

كَانَ يهودُ يَقُوْلُوْنَ اَللّٰهُمَّ اِنَّا نَسْتَنْصِرُكَ بِحَقِّ النَّبِيِّ الْاُمِّيِّ

યહૂદ દુઆ માંગતા, અય અલ્લાહ ! નબીએ ઉમ્મીના હક્કથી અમે તારાથી મદદની માંગ કરીએ છીએ.

**(૯)** તફસીરે ખઝાઈનુલ ઈરફાન સદરુલ અફાઝિલ હઝરત નઈમુદ્દીન સાહેબમાં છે : સૈયદુલ અંબિયા صلی اللہ تعالیٰ علیہ وسلم ની પધરામણી અને કુર્આને કરીમના ઉતરતાં પહેલાં યહૂદીઓ પોતાની જરૂરતોમાં હુઝૂરના નામે





પાકના વસીલાથી દુઆ કરતા અને સફળતા પ્રાપ્ત કરતા અને આ પ્રમાણે દુઆ કરતા :-

اَللّٰهُمَّ افْتَحْ عَلَيْنَا وَانْصُرْنَا بِالنَّبِيِّ الْاُمِّيِّ ـ

અય રબ ! અમને ઉમ્મી નબીના સદકામાં વિજય અને મદદ અતા ફર્માવ.

**(૧૦)** તફસીરે રૂહુલ બયાન, જી. ૧, પેજ-૧૭૯, ઈમામ શૈખ ઈસ્માઈલ હક્કી رحمۃ اللہ علیہ (અવસાન : હિજરી સન-૧૧૩૭)

اَللّٰهُمَّ انْصُرْنَا بِالنَّبِيِّ الْمَبْعُوْثِ فِي اٰخِرِ الزَّمَانِ الَّذِي نَجِدُ نَعْتَهٗ فِي التَّوْرَاةِ

અય અલ્લાહ ! તે નબીના વસીલાથી અમારી મદદ ફર્માવ જે અંતિમ જમાનામાં પધરામણી કરશે જેમની તારીફ અમને તૌરેત શરીફમાં મળે છે.

**(૧૧)** તફસીરે ખાઝિન હઝરત ઈમામ અલાઉદ્દીન અલી બિન મુહમ્મદ બિન ઈબ્રાહીમ બગદાદી (અવસાન : હિજરી સન-૭૨૫) (જી. ૧, પેજ નં.-૮૨)

اَللّٰهُمَّ انْصُرْنَا بِالنَّبِيِّ الْمَبْعُوْثِ فِيْ اٰخِرِ الزَّمَانِ الَّذِيْ نَجِدُ صِفَتَهٗ
فِي التَّوْرَاةِ فَكَانُوْا يُنْصَرُوْنَ

અય અલ્લાહ ! તે નબીના વસીલાથી અમારી મદદ ફર્માવ જે અંતિમ જમાનામાં પધરામણી કરશે, જેમની તારીફ અમને તૌરેત શરીફમાં મળે છે, તો તેમની મદદ કરવામાં આવતી.

**(૧૨)** તફસીરે બુગવી મઆલિમુત્તન્ઝીલ હઝરત ઈમામ મુહમ્મદ હુસૈન બિન મસ્ઊદ ફર્રા બુગવી (અવસાન : હિજરી સન-૫૧૬) (જી-૧, પેજ નં. ૮૨)

اَللّٰهُمَّ انْصُرْنَا عَلَيْهِمْ بِالنبي الْمَبْعُوْثِ فِيْ اٰخِرِ الزَّمَانِ الَّذِيْ
نَجِدُ صِفَتَهٗ فِي التَّوْرَاةِ فَكَانُوْا يُنْصَرُوْنَ

અય અલ્લાહ ! તેઓ પર અમારી મદદ ફર્માવ તે નબીના વસીલાથી જે અંતિમ જમાનામાં પધરામણી કરશે જેમની ઓળખ તૌરેતમાં

અમને મળે છે, તો તેમની મદદ કરવામાં આવતી.

**(૧૩)** તફસીરે હુસૈન, પેજ નં. ૧૬, જી. ૧, મૌલાના હુસૈન વાઈઝ કાશેફી.

જયારે કુફ્ફારે અરબ યહૂદીઓ પર હુમ્લો કરતાં જીવવું ભારે પડી જતું તો હાથ ઉઠાવી દુઆ માંગતા, અય પરવરદિગાર ! મુહમ્મદ રસૂલે આખેરુઝ્ઝમાંના વાસ્તા કબીલા)થી અમને વિજય આપ.

**(૧૪)** તફસીરે સવાતેઉલ ઈલ્હામ, હઝરત અબૂલ ફૈઝ ફૈઝી, જી.૧, પેજ નં. ૪૦

અને તેમણે મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم ના નામની દુઆ કરી :–

وَهُمْ دَعَوْا اِسْمَ مُحَمَّدٍ ﷺ رَوْمًا لِلْعَوْلِ اِمْلَاً لِلْمَدَدِ

**(૧૫)** તફસીરે જલાલૈન હઝરત જલાલુદ્દીન મહલ્લી رحمۃ اللہ علیہ

اَللّٰهُمَّ انْصُرْنَا عَلَيْهِمْ بِالنَّبِيِّ الْمَبْعُوْثِ اٰخِرِ الزَّمَانِ

અય અલ્લાહ ! અમારી મદદ ફર્માવ એમની ઉપર અંતિમ જમાનામાં પધરામણી કરનાર નબીના વસીલાથી.

કુર્આનની આયત અને તફસીરોથી જાણવા મળ્યું કે આપણા પ્યારા આકા વ મૌલા صلی اللہ تعالیٰ علیہ وسلم આ દુનિયામાં તશરીફ લાવતા પહેલાં પણ અલ્લાહના મહબૂબ અને પ્રિય હતા. અને આપના વસીલાથી કરવામાં આવતી દુઆઓ કબૂલ થતી તો પછી આપની પધરામણી પહેલાં પણ આપનો વસીલો લેવામાં આવતો હતો.

## ★ હઝરત આદમ અને આપણા નબીનો વસીલો ★

હઝરત આદમ علیہ الصلوٰۃ والتسلیم ને જન્નતમાં રહેઠાણ આપવામાં આવ્યું હતું. આપની આત્મ શાંતિ માટે હઝરત હવ્વા رضی اللہ عنہا ને પેદા કરવામાં આવ્યાં હતાં. બંને માટે અલ્લાહ તઆલાએ એક કામની પાબંદી લગાડી હતી.

لَا تَقْرَبَا هٰذِهِ الشَّجَرَةَ فَتَكُوْنَا مِنَ الظّٰلِمِيْنَ

આ વૃક્ષ નિકટ ન જશો કે હદથી આગળ જનારાઓમાંથી થઈ જશો.





શૈતાનને આપની ફઝીલત અને માન મર્તબો માન્ય ન રાખવાને લઈને મરદૂદ બનાવવામાં આવ્યો હતો. એટલે તે હઝરત આદમ અને હવ્વા બંનેનો દુશ્મન બની ગયો હતો. તેણે કસમો ખાઈને હઝરત આદમ علیہ الصلوٰۃ والتسلیم ને તે વૃક્ષથી ખવડાવ્યું જેના નિકટ જવાથી આપને રોકવામાં આવ્યા હતા.

હઝરત આદમ علیہ الصلوٰۃ والتسلیم ની લગઝિશ એટલા માટે થઈ હતી કે કુર્આનમાં છે તે પ્રમાણે આપને નિકટ થવાની મનાઈ કરવામાં આવી હતી પણ તેમાંથી ખાવું કે ન ખાવું તેનો કોઈ ઉલ્લેખ નથી. આપ અલ્લાહના ઈર્શાદ મુજબ તે વૃક્ષ નિકટ નથી ગયા પણ આપને તેમાંથી થોડું લાવીને આપવામાં આવ્યું અને આપે આરોગી લીધું. જેને શરીઅતની પરિભાષામાં ખતાએ ઈજતેહાદી કહેવામાં આવે છે. શરીઅતમાં તેને નાફર્માની અને ગુનાહ કહેવામાં નથી આવતો.

ઉપરોકત લગઝિશ ગુનોહ અને નાફર્માની ન હતી તો પણ આપની પકડ એટલા માટે કરવામાં આવી કે આપ અલ્લાહના પ્રિય નબી છે. આપનો માન મર્તબો જોતાં અલ્લાહ તઆલાને આપનું કામ ન રચ્યું અને આપને જન્નતથી દુનિયામાં ઉતારવામાં આવ્યા. જેથી ખિલાફતનું એલાન આપને પેદા કરતાં પહેલાં કરી દેવામાં આવ્યું હતું.

## ★ શૈતાનની જૂઠી કસમ ★

શરીઅતનો આજે પણ ફાયદો છે કે દાવો કરનાર ગવાહ અને સાક્ષી રજૂ ન કરી શકે તો જેના વિરૂધ્ધ કેસ કરવામાં આવ્યો છે તેને કસમ ખવડાવવામાં આવે છે. કસમ ખાઈ લે તો તેના હક્કમાં ફૈંસલો કરવામાં આવે છે. શૈતાને અલ્લાહના નામની કસમ ખાઈને હઝરત આદમને કહ્યું હતું. એટલે આપે તેની વાત સ્વીકારી લીધી. કુર્આનમાં છે :–

وَقَاسَمَهُمَآ اِنِّيْ لَكُمَا لَمِنَ النّٰصِحِيْنَ

અને બંને પાસે કસમ ખાધી કે હું નિઃશંક ! તમને ભલામણ કરનાર છું.

**નોંધ :–** આ વિશે વધુ ઉલ્લેખ તોહફાએ નજાત, ભાગ–૩, પ્રકરણ "શૈતાનનો ભયંકર હુમલો"માં થઈ ગયો છે, તેનો અભ્યાસ કરી લેશો.

હઝરત આદમ عليه السلام એ વારંવાર તૌબા કરી, પણ જ્યારે સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم ના વસીલાથી દુઆ કરી તો અલ્લાહ તઆલાએ આપની દુઆ કબૂલ ફર્માવી.

## ★ આપનો વસીલો હદીષના પુરાવાથી ★

હાકિમ મુહમ્મદ નીશાપૂરી (અવસાન : હિ.સ. ૪૦૫)એ મુસ્તદરક કિતાબે તારીખમાં (જી. ૨, પેજ-૬૧૫) હઝરત ઉમર બિન ખત્તાબ رضی اللہ عنہ રિવાયત કરી. આપે ફર્માવ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ઈર્શાદ ફર્માવ્યો :– જ્યારે હઝરત આદમ عليه السلام એ ભૂલનો સ્વીકાર કરી લીધો તો દુઆ કરી, અય મારા પરવરદિગાર ! હું તારાથી મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم ના હકથી દુઆ કરું છું, તું મને માફ ફર્માવી આપ ! અલ્લાહ તઆલાએ ફર્માવ્યું : મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم ની ઓળખ તમને શી રીતે થઈ ? હજી તો મેં તેમને (તમારા વંશથી) પેદા પણ નથી કર્યા ! આપે વિનંતી કરી, અય મારા પરવરદિગાર ! જ્યારે તેં મને તારી કુદરતથી પેદા કર્યો અને તારા તરફથી પ્રાણે મારી અંદર પ્રવેશ કર્યો. મેં મારું માથુ ઉઠાવ્યું તો મેં અર્શના થાંભલાઓ પર લખેલું જોયું. لا اله الا الله محمد رسول الله સાચો મઅ્બૂદ અલ્લાહ જ છે મુહમ્મદ અલ્લાહના રસૂલ છે. صلی اللہ تعالیٰ علیہ وسلم તો મેં જાણી લીધું કે તેં તારા નામ સાથે તારી મખ્લૂકમાં અધિક પ્રિયનો જ સંબંધ કરેલો છે. અલ્લાહ તઆલાએ ફર્માવ્યું, અય આદમ ! તેં સાચું કહ્યું, તેઓ મખ્લૂકમાં મને અધિક પ્રિય છે. તેમના હકથી તેં મારાથી દુઆ કરી તો મેં તારી મગફેરત કરી. મુહમ્મદ ન હોત તો હું પેદા ન કરતો (કંઈ પણ). (આ હદીષની સનદ સહીહ છે.)

## ★ ઉપરોક્ત હદીષ પર અન્ય પુરાવા ★

**(૧)** તિબ્રાનીએ મુઅજજમે સગીરમાં રિવાયત કરી છે. (પેજ-૨૦૭) (ઈમામ તિબ્રાની, અવસાન : હિજરી સન-૩૬૦)

**(૨)** ઈબ્ને અસાકિરે તારીખમાં રિવાયત કરી. *(જી. ૨, પેજ-૩૫૭)* ઈમામ ઈબ્ને અસાકિર (અવસાન : હિજરી સન-૫૭૧)





**(૩)** હાફિઝ ઝહબીએ તલ્ખીસે મુસ્તદરકમાં નકલ કર્યું છે. (જી. ૨, પેજ-૬૧૫) હાફિઝ ઝહબી (અવસાન : હિજરી સન-૭૪૮)

**(૪)** અહમદ બિન મુહમ્મદ કસ્તલાનીએ મવાહિબે લદુન્નિયહ્ મકસદે અવ્વલ, ફસ્લ ઝિયારતે કબ્રેહી عليه السلام માં નકલ કર્યું છે. (અવસાન : હિજરી સન : ૯૨૩)

**(૫)** મુહમ્મદ બિન અબ્દુલ બાકી ઝરકાની શર્હે મવાહિબમાં નકલ કર્યું છે.... (જી. ૮, પેજ-૩૬૧) (જી. ૧, પેજ-૭૪) (અવસાન : હિજરી સન-૧૧૨૨)

ઉપરોકત હદીષે પાકથી જાણવા મળ્યું કે સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم ની પધરામણી પહેલાં પણ આપના વસીલાથી દુઆ કરવામાં આવતી હતી અને દુઆ કબૂલ થતી રહી, બલ્કે હઝરત આદમ عليه السلام જેઓ સમગ્ર જગતના માણસોના બાપ છે, તેમની દુઆ અને તૌબા પણ આપના વસીલાથી કબૂલ કરવામાં આવી.

## ★ હક્ક શબ્દ લગાડી દુઆ કરવી ★

નબીઓ અને બુઝુર્ગોનો વસીલો લેવામાં આવે તો **બે હક્કે ફલાં** વગેરે કહીને પણ વસીલો લઈ શકાય છે. ઉપરોકત રિવાયત જેનું ગુજરાતી રૂપાંતર તમારી ખિદમતમાં રજૂ કરવામાં આવ્યું તેમાં હઝરત આદમ عليه السلام ની દુઆ આ પ્રમાણે છે : اسئلك بحق محمد لما غفرت لى "હું મુહમ્મદના હક્કથી તારાથી દુઆ કરું છું કે મારી મગફેરત ફર્માવ. સ્પષ્ટ થયું કે **હક્કે ફલાં** કહીને દુઆ કરવી જાઈઝ છે અને હઝરત આદમ عليه السلام ની સુન્નત છે.

**સવાલ** :– શું અલ્લાહ પર કોઈનો હક્ક વાજિબ છે ?

**જવાબ** :– અલ્લાહ તઆલા પર કોઈનો હક્ક વાજિબ નથી.

**સવાલ** :– પછી **બેહક્કે ફલાં** કહીને દુઆ કરવાનો શું મતલબ ?

**જવાબ** :– અલ્લાહ તઆલા તરફથી અન્ય લોકોને હક્ક આપવામાં આવે છે. દાખલા તરીકે નબીઓ, વલીઓ, શહીદો, નેક લોકો વગેરે. તો

**બેહક્કે ફલાં**નો મતલબ થયો, અય અલ્લાહ ! જે હક્ક અને માન મર્તબો તારા તરફથી તેમને અર્પણ કરવામાં આવ્યો છે તેના વસીલાથી હું દુઆ કરું છું. તો આ **હક્કે વાજિબ** નથી, **હક્કે અર્પણ** છે.

**નોંધ :– હક્કે ફલાં**નો મતલબ **હક્કે વાજિબ** હોય તો એનો મતલબ એ થયો કે અલ્લાહ તઆલા પર તેનો અમલ જરૂરી છે. પણ જ્યારે દુઆ કબૂલ કરવી જ અલ્લાહ તઆલા માટે જરૂરી નથી તો પછી દુઆમાં વર્ણન થતો કોઈ શબ્દ અલ્લાહ માટે વાજિબ શી રીતે થઈ શકે છે ? વસીલો લેવો મુસ્તહબ અને સારું કામ છે અને વસીલાથી કબૂલ થવાની ઉમ્મીદ વધારે છે.

**સવાલ** :– અલ્લાહ સમક્ષ મખ્લૂકમાં માન મર્તબાનું શું સ્થાન છે ?

**જવાબ** :– અલ્લાહ સમક્ષ મખ્લૂકમાં માન મર્તબાનું એ સ્થાન છે જે તેનું અર્પણ કરેલું છે. દાખલા તરીકે એક સામાન્ય માણસની ગુસ્તાખી અને બેઅદબી ગુનાહનું કામ છે, પણ કોઈ પણ નબીની ગુસ્તાખી અને બેઅદબી કુફ્ર અને ઈમાનની બરબાદી છે. બંને હુકમમાં આટલો તફાવત અને ફરક અલ્લાહ તઆલાના અર્પણ કરેલ માન મર્તબાને લીધે છે. આ એવું કહી શકાય છે કે અલ્લાહના માન મર્તબા આગળ પબ્લિક અને મખ્લૂકના માન મર્તબાનું કોઈ સ્થાન નથી. કારણ કે કયાં અલ્લાહ અને કયાં મખ્લૂક ! પણ આમ થોડું કહી શકાય છે કે મખ્લૂકમાં દરેકનો માન મર્તબો બરાબર છે અને મખ્લૂક પરસ્પર એક જેવી છે ? રાજા રાજા છે એનું પદ પોતાનું છે, વઝીર વઝીર છે એનું પદ રાજાનું અર્પણ કરેલું છે. રાજા વઝીરની વાત માન્ય રાખે છે અને બીજા લોકોની વાતો પર એની વાતને ઉત્તમતા આપે છે. તો આ દાખલા પ્રમાણે ખુદા ખુદા છે પણ નબી, વલી, શહીદ અને બુઝુર્ગનું પદ તેનું અતા કરેલ છે. બીજા લોકોની વાતો પર એમની વાતોને ઉત્તમતા આપવામાં આવે છે.

**સવાલ** :– પધરામણી પહેલાં માણસનો જન્મ એનો માન, મર્તબો ગૈબની ચીજ છે, પછી વસીલો કેમ કરી લઈ શકાય છે ?

**જવાબ** :– ગૈબની વાત જરૂર છે, પણ આપણા નબીની પધરામણીની ખબર નબીઓ દ્વારા આપવામાં આવી હતી અને માન, મર્તબો





પણ જાહેર કરી દેવામાં આવ્યો હતો. એટલે પધરામણી પહેલાં પણ આપનો જન્મ અને માન, મર્તબો અલ્લાહની કિતાબોનું ઈલ્મ રાખવાવાળાઓ માટે ગૈબની વાત ન હતી.

**સવાલ** :– શું વસીલો લેવાથી દુઆ જરૂરથી કબૂલ થાય છે ?

**જવાબ** :– કોઈ જરૂરી નથી. અલ્લાહ ઈચ્છે તો કબૂલ કરે અને ન ઈચ્છે તો કબૂલ ન કરે.

**સવાલ** :– વસીલો લેવાથી કબૂલ થવું જરૂરી નથી અને વિના વસીલાએ દુઆની એ જ હાલત છે. પછી વસીલો લેવામાં અને ન લેવામાં ફરક શું ?

**જવાબ** :– વસીલો લેવાથી દુઆના કબૂલ થવામાં ઉમ્મીદ વધારે રહે છે.

**સવાલ** :– વિના વસીલાએ કરવામાં આવતી દુઆ પર કબૂલની ઉમ્મીદ રાખવામાં આવે છે. કારણ કે કુર્આનમાં અલ્લાહની રહમતથી નાઉમ્મીદ થવાથી રોકવામાં આવ્યા પછી બંનેમાં ફરક શું ?

**જવાબ** :– માત્ર ઉમ્મીદ અને મજબૂત ઉમ્મીદમાં ફરક છે એ જ ફરક બંનેમાં છે.

**સવાલ** :– કુર્આનમાં ઘણી બધી દુઆઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે પણ તેમાં વસીલાનું વર્ણન કરવામાં નથી આવ્યું.

**જવાબ** :– બરાબર છે પણ શું કુર્આનમાં વસીલો લેવાથી રોકવામાં આવ્યા છે ? નથી રોકવામાં આવ્યા ! બલ્કે સ્પષ્ટ શબ્દોમાં વસીલો લેવાનો આદેશ આપવામાં આવ્યો છે. એટલે વસીલો લઈ શકાય છે. અને આપણે હદીષને માન્ય રાખીએ છીએ. હદીષની અન્ય દુઆઓમાં વસીલાનો ઉલ્લેખ છે. એટલે વસીલો લેવો મુસ્તહબ છે.

**સવાલ** :– વસીલો લેવો જરૂરી નથી તો પછી એના માટે આટલી કોશિશ શા માટે થઈ રહી છે ?

**જવાબ** :– વસીલો લેવો જરૂરી નથી પણ એનો ઈન્કાર ગુમરાહી અને બદમઝહબી છે. તો લોકોને ગુમરાહીથી બચાવવા માટે એને સાબિત કરવાની કોશિશ કરવામાં આવે છે.

**સવાલ** :- પ્રથમ વસીલો કોણે લીધો હતો ?

**જવાબ** :- હદીષથી વર્ણન થઈ ગયું કે માણસોમાં પ્રથમ વસીલો હઝરત આદમ عليه السلام એ લીધો હતો.

**સવાલ** :- તફસીરોમાં છે : હઝરત આદમ ત્રણસો વર્ષ રડતા રહ્યા અને તૌબા કબૂલ ન થઈ, જ્યારે હુઝૂરના વસીલાથી દુઆ કરી તો કબૂલ થઈ, તો આપે પ્રથમ દુઆમાં વસીલો કેમ ન લીધો ?

**જવાબ** :- તૌબા કબૂલ થવાની ખુશ ખબર આપને વસીલો લીધા પછી આપવામાં આવી હતી. આપ તૌબા કરતા રહ્યા પણ જ્યારે આપને તૌબા કબૂલ થવાની ખુશખબર આપવામાં ન આવી તો આપે ખુશખબર સાંભળવા માટે વસીલાનો ઈજતેહાદ કર્યો અને તેમાં મકબૂલ થયા. અને એવા સફળ થયા કે આપની તૌબા કબૂલ કરવામાં આવી અને આપના વંશની તૌબા પણ કબૂલ કરવાની ખુશખબર સાંભળવામાં આવી. આ છે વસીલાની બરકત !

**સવાલ** :- દરેક ફેંસલો તકદીર (નસીબ) પર આધારિત છે. જો તકદીરે હકીકીમાં કબૂલ ન થવાનો ફેંસલો હોય જે કદાપિ બદલાઈ નથી શકતો તો તેમાં વસીલાથી શું ફાયદો ?

**જવાબ** :- તો તેમાં દુઆથી પણ શું ફાયદો ? હકીકતમાં વાત એ છે કે તકદીરનો સંબંધ ગૈબથી છે. આપણને ખબર નથી કે આપણા તકદીરમાં શું લખવામાં આવ્યું છે અને એ તકદીર હકીકી છે કે પછી મુઅલ્લક. (કશા પર આધારિત) તો દુઆ, વસીલાથી દુઆ, સદકો અને બીજાં કામો એ ઉમ્મીદથી જ કરવામાં આવે છે કે અલ્લાહના ઈલ્મમાં એનો સંબંધ મુઅલ્લક તકદીર સાથે હોય તો કોઈ એક ઉપાય કામમાં આવી જાય અને સફળતા પ્રાપ્ત થઈ જાય. દાખલા તરીકે બીમારીથી શિફા પ્રાપ્ત કરવા માટે દવાઓ ખાવામાં આવે છે. આપણને પ્રથમ એ જ ખબર નથી કે શિફા નસીબમાં છે કે નથી, છતાં શિફાની ઉમ્મીદથી દવા ખાવામાં આવે છે. એકથી ફાયદો ન થાય તો બીજી દવાનો સહારો લેવામાં આવે છે. વસીલો પણ એક ઉપાય છે. કયારેક દુઆ કરવામાં આવે છે, કયારેક સાથે વસીલાનો ઉલ્લેખ કરવામાં આવે છે, કયારેક સદકો કરવામાં આવે છે, કયારેક નફ્લ નમાઝોનો સહારો લેવામાં આવે છે, કયારેક બીજા નેક માણસને દુઆની વિનંતી કરવામાં આવે





છે. કોઈ એક કારણથી કામ બની જાય તો નસીબ ! અને કામ ન બને તો અલ્લાહની મરજી પર છોડી દેવામાં આવે છે.

**સવાલ** :- જ્યારે વસીલા બાબતે વિવાદ છે તો પછી વસીલો લેવો જ જોઈએ.

**જવાબ** :- વિવાદ કરવાવાળો પાગલ છે ! તેની વાતને લઈને વસીલો છોડવામાં નહીં આવે. અમારો અમલ કુર્આન, હદીષ અને ઈજમાએ ઉમ્મત પર છે. જ્યારે શરઈ ત્રણેય દલીલોથી વસીલો લેવો જાઈઝ ઠરે છે તો પછી વસીલો લેવામાં આવશે. વિવાદ કરનારે પોતાની ભૂલથી તૌબા કરવી જોઈએ.

જ્યાં સુધી વિવાદનો પ્રશ્ન છે તો અસંખ્ય મુસલમાનો એવા છે જેમાં ઘણા બધા લોકોનો વિવાદ છે તો શું બધું જ છોડી દેવામાં આવે ? વિવાદ ત્યારે માન્ય રાખી શકાય જ્યારે કુર્આન અને હદીષથી તેની ઉપર દલીલ આપવામાં આવે. વસીલા બાબતે વિવાદ કરનાર અકલી દલીલો રજૂ કરે છે અને શરઈ દલીલના પુરાવા અમારી સાથે છે. પછી અકલી વાતો તરફ ધ્યાન કેમ આપવામાં આવે ?

**નોંધ** :- અહીં હુઝૂરની પધરામણી પહેલાં આપના માન, મર્તબાથી વસીલો લેવા બાબતે કુર્આન અને હદીષના બે મજબૂત પુરાવા રજૂ કરવામાં આવ્યા. આ બાબતે અન્ય દલીલો અને કિસ્સાઓ કિતાબના અંતમાં રજુ કરવામાં આવશે. (ઈન્શા અલ્લાહ)

**સવાલ** :- વસીલા પર નકારાત્મક જવાબ આપવાવાળાઓ ઉપરોકત વર્ણવવામાં આવેલી બે દલીલો, એક કુર્આનની અને બીજી હદીષની, આમ કહીને માર્ગમાંથી ખસવવાની કોશિશો કરે છે કે યહૂદીઓનું કામ અથવા અમલ જેનું વર્ણન કુર્આનમાં થયું છે તેનો સંબંધ આગલા નબીની શરીઅતથી છે. હઝરત આદમ عليه السلام નો વાકયો સાચો માની લેવામાં આવે તો તેનો સંબંધ પણ આગલી શરીઅતથી છે. આપણને આપણા નબીની શરીઅત પર અમલ કરવાનું કહેવામાં આવ્યું છે. આગલી શરીઅતથી આપણે શી લેવા દેવા ! પહાડની ગુફાવાળી હદીષ સનદથી સહીહ છે પણ એનો સંબંધ પણ આપણા પહેલાંની ઉમ્મત સાથે છે. એટલે ત્રણેય દલીલોથી અમને નુકસાન નથી. જો આગલી શરીઅતોની વાતો માન્ય રાખવામાં આવે તો દારૂ પીવો જાઈઝ ઠરે, ઊંટનો ગોશ્ત ખાવો હરામ ઠરે,

તા'ઝીમી સિજદો કરવો જાઈઝ ઠરે... વગેરે.

**જવાબ** :- એ વાત તો માન્ય છે કે આપણે આપણી શરીઅત પર અમલ કરવો જોઈએ. પણ એનો મતલબ એવો નથી કે આગલી શરીઅતની કોઈ પણ વાત પર અમલ ન થઈ શકે. આગલી શરીઅતની જે વાતો આપણી શરીઅતમાં મનાઈ કરવામાં આવી તેની ઉપર અમલ નથી થઈ શકતો અને જેનાથી મનાઈ કરવામાં નથી આવી તેની ઉપર અમલ થઈ શકે છે. દારૂ પીવો, ઊંટનો ગોશ્ત હરામ હોવો, તા'ઝીમી સિજદો જાઈઝ હોવો વગેરે દલીલની જગાએ માન્ય નથી કારણ કે દારૂ આપણી શરીઅતમાં **હરામ** કરવામાં આવ્યો છે, તાઝીમી સિજદો **હરામ** કરવામાં આવ્યો છે, ઊંટનો ગોશ્ત **જાઈઝ** કરવામાં આવ્યો છે તો તેમાં આપણે આગલી શરીઅતની વાત પર અમલ નહીં કરીશું. ઉપરોકત દલીલો જેનો સંબંધ વસીલાથી છે તો આપણી શરીઅતમાં તેનાથી મનાઈ કરવામાં નથી આવી એટલે તેની ઉપર અમલ કરી શકાય છે.

શું તમે એ સાબિત કરી શકો છો કે, આગલી શરીઅતની એક પણ વાત પર પણ અમલ નથી થઈ શકતો ? જો તમારી વાત માન્ય રાખવામાં આવે તો કુર્આન શરીફની ઘણી બધી આયતો છે જેનો સંબંધ અહલે કિતાબથી છે પણ આપણી શરીઅતમાં તેની ઉપર નિઃશંક અમલ કરવામાં આવે છે. દાખલા તરીકે સૂરએ માઈદા, આયત નં. ૪૫, એની ઉપર આગલી શરીઅતમાં અમલ થતો હતો અને આપણી શરીઅતમાં પણ એ જ પ્રમાણે ફેંસલો અને ન્યાય કરવામાં આવે છે.

જો તમે એ વાત સાબિત કરી લાવો કે આગલી શરીઅતની કોઈ પણ વાત પર અમલ નથી થઈ શકતો તો અમે હુઝૂરની પધરામણી પહેલાં વસીલો લઈ શકાય છે, તેને છોડી દઈએ. અને ન લાવી શકો તો પછી અમારા માર્ગે આવી જાવ ! બે સિવાય કોઈ ત્રીજો માર્ગ નથી !

આ બાબતે વધુ ઉલ્લેખ આગલા બયાનમાં કરવામાં આવશે.

وَاٰخِرُ دَعْوَانَا عَنِ الْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعَالَمِيْنَ

(પ્રકરણ-૨)

# વસીલો અને એના ફાયદાઓ

نَحْمَدُهٗ وَنُصَلِّیْ عَلٰی رَسُوْلِهِ الْكَرِيْمِ اَمَّا بَعْدُ فَاَعُوْذُ بِاللّٰهِ مِنَ الشَّيْطَانِ الرَّجِيْمِ بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ وَلَوْ اَنَّهُمْ اِذْ ظَّلَمُوْا اَنْفُسَهُمْ جَآؤُكَ فَاسْتَغْفَرُوا اللّٰهَ وَاسْتَغْفَرَ لَهُمُ الرَّسُوْلُ لَوَجَدُوا اللّٰهَ تَوَّابًا رَّحِيْمًا صَدَقَ اللّٰهُ مَوْلَانَا الْعَظِيْمُ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَا رَسُوْلَ اللّٰهِ ۔ اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَا حَبِيْبَ اللّٰهِ
اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَا نَبِيَّ اللّٰهِ ۔ اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَا نُوْرَ اللّٰهِ
صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْكَ وَسَلَّمْ

મારા આકા صلی اللہ تعالیٰ علیہ وسلم ની પ્યારી દીવાનીઓ ! ખુત્બા પછી જે આયતે કરીમા પઢવાનો શરફ પ્રાપ્ત કર્યો તેની બાબત અલ્લાહ તઆલા મને હક્ક કહેવાની અને તમને બધાને હક્ક સાંભળવાની અને એની ઉપર અમલ કરવાની તૌફીક અતા ફર્માવે. (આમીન બિજાહિ સૈયિદિલ મુરસલીન)

મારી બહેનો ! ગત બયાનમાં વસીલાના ત્રણ પ્રકાર અને ઘણી બધી શંકાઓના જવાબો તમારી ખિદમતમાં રજુ કરવામાં આવ્યા હતા. આજે હું તમને વસીલાના અન્ય પ્રકાર અને ફાયદાઓ તમારી ખિદમતમાં રજુ કરીશ તેના પર. ધ્યાન આપવા વિનંતી.

ગત બયાનમાં એ વર્ણન થઈ ગયું કે વસીલાના અન્ય પ્રકાર છે. તેઓ પૈકી (૧) નેક અમલોનો વસીલો લેવો (૨) ગુનાહથી બચવાને વસીલો બનાવવો (૩) નબીને તેમની પધરામણી પહેલાં વસીલો બનાવવો. આ ત્રણ પ્રકાર દલીલોના પ્રકાશમાં તમારી ખિદમતમાં રજુ થયા. હવે આપણે નબીની હયાતીમાં તેમનો વસીલો લેવો, તે વિશે ચર્ચા કરીશું.





જ્યારે નબીની પધરામણી પહેલાં આપનો વસીલો લેવો જાઈઝ હતો અને વસીલો લેવાવાળાને ફાયદો મળતો હતો તો પછી આપની પધરામણી પછી જ્યારે આપને આપણામાં નબી બનાવીને મોકલવામાં આવ્યા તો આપનો વસીલો લેવામાં આવે તો ફાયદો કેમ ન પહોંચે ?

**નોંધ :-** અહીં વસીલાના ત્રણ પ્રકાર છે : (૧) નબીના વસીલાથી આપની હયાતીમાં ખુદાથી માંગ કરવી (૨) કોઈ ચીજની આપનાથી માંગ કરવી (૩) આપના દુનિયાથી તશરીફ લઈ ગયા બાદ આપનો વસીલો લેવો.

## ★ આપની હયાતીમાં આપનો વસીલો ★

હુઝૂર علیہ الصلوٰۃ والتسلیم દુનિયામાં તશરીફ લાવતા પહેલાં ખુદાની ખાસ નિકટતામાં હતા અને ત્યાંથી ફૈઝ પહોંચાડી રહ્યા હતા. એટલે કે આપ આલમે ગૈબમાં ગૈબની મખ્લૂક હતા. જ્યારે અલ્લાહ તઆલાએ ઈરાદો ફર્માવ્યો કે મારા હબીબને મોકલીને દીન અને ધર્મને સંપૂર્ણ કરું અને નબીઓની અંતિમ કડી આપને બનાવું તો આપને આલમે ગૈબથી આપણી વચમાં લાવવામાં આવ્યા. હવે મનન કરવાની વાત એ છે કે જે માણસ હાજર ન હોય અદ્રશ્ય હોય અને ફાયદો પહોંચાડે, એના નામથી બરકતો મળે, જો તે પોતે હાજર હોય તો કેટલો ફાયદો પહોંચાડે ! અને તેની મૌજૂદગીમાં કેટલી કેટલી બરકતો મળે ?! આપણા નબીનો દાખલો આ જ છે કે આપ હાજર ન હતા, આલમે ગૈબમાં હતા. માત્ર લોકોને આપની પધરામણીની ખબરો મળતી હતી ત્યારે આપના ફૈઝની એ સ્થિતિ હતી કે નબીઓને આપના સદકામાં નેઅમતો મળી, ખુદાની રેઝા હાંસલ થઈ, પબ્લિકને બરકતો મળી, આપના સદકામાં દુઆઓ કબૂલ થઈ. હવે જ્યારે આપ પોતે આપણી વચમાં છે તો આપના તરફથી મળતી રહમતો અને બરકતોનો હિસાબ લગાડી શકાય છે ? અલ્લાહ ઈર્શાદ ફર્માવે છે :- وَمَا اَرْسَلْنٰكَ اِلَّا رَحْمَةً لِّلْعٰلَمِيْنَ અમે તમને સમગ્ર જગના માટે રહમત બનાવીને જ મોકલ્યા.

જ્યારે આપણા પ્યારા નબી આકા વ મૌલા صلی اللہ تعالیٰ علیہ وسلم સર્વ માટે અલ્લાહ તઆલાની રહમત બનીને આવ્યા છે તો એનો મતલબ એ થયો કે આપથી માંગ કરવામાં આવે તો રહમતની વર્ષા થાય, આપના સદકામાં

ખુદાથી માંગ કરવામાં આવે તો રહમતની વર્ષા થાય, આપ કોઈના માટે ખુદાથી માંગ કરે તો રહમતની વર્ષા થાય. અને વસીલો શા માટે લેવામાં આવે છે ? એટલે જ કે ખુદા તરફથી રહમતની વર્ષા થાય અને આપણને આપણા મકસદમાં કામયાબી અને સફળતા મળે. સ્પષ્ટ થયું કે હુઝૂરની દુનિયાવી હયાતીમાં આપનો વસીલો કામયાબી માટે અતિ ઉત્તમ હતો.

## ★ હદીષ શરીફનો પુરાવો ★

તિર્મિઝી, ઈબ્ને માજહ્, બુખારી, હાકિમ, અહમદ رضی اللہ عنہم એ ઉસ્માન બિન હુનૈફ رضی اللہ عنہથી રિવાયત કરી કે એક આંધળો માણસ નબી صلی اللہ تعالیٰ علیہ وسلمની ખિદમતમાં આવ્યો અને વિનંતી કરી : અલ્લાહથી દુઆ કરો કે તે મને તંદુરસ્તી અતા કરે. આપે ફર્માવ્યું, તું ઈચ્છે તો દુઆ કરું અને તું ઈચ્છે તો સબ્ર કર, તારા હકમાં શુભ છે. તેણે વિનંતી કરી, આપ તેનાથી દુઆ કરો. રિવાયત કરનાર કહે છે : આપે તેને આદેશ આપ્યો કે વ્યવસ્થિત વુઝૂ કરે (સુન્નત મુજબ), બે રકાત નમાઝ પઢે અને આ પ્રમાણે દુઆ કરે :

اَللّٰهُمَّ اِنِّیْ اَسْئَلُكَ وَ اَتَوَجَّهُ اِلَیْكَ بِنَبِیِّكَ نَبِیِّ الرَّحْمَةِ یَا مُحَمَّدُ اِنِّیْ
اَتَوَجَّهُ بِكَ اِلٰی رَبِّیْ فِیْ حَاجَتِیْ لِتُقْضٰی لِیْ حَاجَتِیْ اَللّٰهُمَّ شَفِّعْهُ فِیَّ

''અય અલ્લાહ ! બેશક ! હું તારાથી માંગ કરું છું અને તારી તરફ ધ્યાન કેન્દ્રિત કરું છું તારા નબીએ રહમતના વસીલાથી. અય મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم બેશક ! હું તમારા વસીલાથી મારા રબ તરફ ધ્યાન કેન્દ્રિત કરું છું, મારી આ જરૂરતમાં કે મારી જરૂરત પૂરી કરવામાં આવે. અય અલ્લાહ ! આપની સિફારિશ મારા હક્કમાં કબૂલ ફર્માવ.

તિબ્રાનીની રિવાયતમાં છે : હઝરત ઉષ્માન બિન હુનૈફે ફર્માવ્યું, અમે જુદા નથી થયા અને વધુ વાત પણ ન થઈ હતી. એટલામાં તે વ્યકિત પ્રવેશ્યો અને જોતો થઈ ગયો હતો જાણે તેને કોઈ તકલીફ હતી જ નહીં.

## ★ રિવાયતોનો જથ્થો ★

(૧) જામેઅ તિર્મિઝી અબવાબુદ્દાઅવાત, પેજ-૫૧૫, (ઈમામ





તિર્મિઝી, અવસાન : હિજરી સન-૨૭૯) તેમણે રિવાયત બાબતે ફર્માવ્યું, આ હદીષ હસન સહીહ છે.

(૨) તારીખ ઈમામ બુખારી, જી. ૬, પેજ-૨૦૯ (અવસાન : હિજરી સન-૩૬૦)

(૩) મુઅજ્જમે સગીર, કબીર ઈમામ તિબ્રાની (અવસાન : હિજરી સન-૩૬૦)

(૪) દલાઈલુન્નબુવ્વત, ઈમામ બયહકી (અવસાન : હિજરી સન-૪૫૮)

(૫) મુસ્તદરક ઈમામ હાકિમ, જી. ૧, કિતાબુદ્દુઆ (અવસાન : હિજરી સન-૪૦૫) રિવાયત બાબતે વર્ણવ્યું, બુખારી અને મુસ્લિમની શર્ત પ્રમાણે સહીહ છે.

(૬) મુસ્નદે ઈમામ અહમદ, જી. ૪, પેજ-૧૩૮ (અવસાન : હિજરી સન-૨૪૧)

(૭) સહીહ ઈબ્ને ખુઝૈમા અબૂ બકર મુહમ્મદ (અવસાન : હિજરી સન-૩૧૧)

(૮) તરગીબો તરહીબ, ઈમામ મુનઝેરી, જી. ૧, પેજ-૪૭૪, અબ્દુલ અઝીમ મુનઝેરી શાફઈ (અવસાન : હિજરી સન-૬૫૬)

(૯) કિતાબુલ અઝકાર ઈમામ નવોવી બાબો સલાતિલ હાજત, પેજ-૧૬૭ (અવસાન : હિજરી સન-૬૭૬)

(૧૦) શિફાઉષ્ષેકામ, ઈમામ તકિયુદ્દીન સુબોકી શાફઈ, પેજ-૧૬૫ (અવસાન : હિજરી સન-૭૫૬)

(૧૧) મજમઉઝ્ઝવાઈદ, હાફિઝ નુરૂદ્દીન હૈતમી, જી. ૨, પેજ-૨૭૯ (અવસાન : હિજરી સન-૮૦૭)

(૧૨) તુહફતુલ અહવઝી શર્હે જામેઅ તિર્મિઝી મુહમ્મદ અબ્દુર્રહમાન બિન અબ્દુર્રહીમ.

(૧૩) રિસાલા અત્તવસ્સુલ વલ વસીલા, ઈબ્ને તૈમિયહ્ (અવસાન : હિજરી સન-૭૨૮)

(૧૪) જામેર સગીર, કબીર, ખસાઈસે કુબ્રા, ઈમામ જલાલુદ્દીન સિયૂતી, જી. ૨, પેજ-૨૦૧) (અવસાન : હિજરી સન-૯૧૧)

(૧૫) મવાહિબે લદુન્નિયહ્, ઈમામ અહમદ બિન મુહમ્મદ બિન અબૂ બકર કસ્તલાની ફસ્લ ઝિયારતે કબ્રેહી عليه الصلوٰة والتسليم (અવસાન : હિજરી સન-૯૨૩)

(૧૬) શર્હે મવાહિબ, ઈમામ મુહમ્મદ બિન અબ્દુલ બાકી ઝર્કાની માલેકી (જી-૮, પેજ-૩૬૧) (અવસાન : હિજરી સન-૧૧૨૨)

(૧૭) તુહફતુઝ્ઝાકેરીન, ઈમામ શૌકાની, પેજ-૧૬૨ (અવસાન : હિજરી સન-૧૨૫૦)

(૧૮) દુરુન્નદીદ, ઈમામ શૌકાની.

પુરાવાના જથ્થાથી જાણવા મળ્યું કે ઉપરોકત હદીષ સહીહ છે અને ટોચના મહાન આલિમોએ પોતાની કિતાબોમાં એને વર્ણવી છે. જે હદીષની રિવાયત આટલી મજબૂત હોય એનાથી જે હુકમ સાબિત થાય તે પણ એવો જ મજબૂત રહે. એ હદીષમાં સરકારે મદીના صلى الله تعالىٰ عليه وسلم નો વસીલો ખુદાની બારગાહમાં લેવામાં આવ્યો છે અને વિચારવાની વાત એ છે કે સરકારે મદીનાએ પોતે જ એ પ્રમાણે દુઆ શીખવી અને તેમને દુઆ કરવાનું કહ્યું, તેમણે દુઆ કરી અને આંખોનું નૂર અર્પણ થયું. સ્પષ્ટ થયું, હુઝૂરની હયાતમાં આપનો વસીલો લેવો જાઈઝ છે.

## ★ વસીલાનો ફાયદો ★

તે આંધળી વ્યકિતએ આંખોના નૂર માટે તે પહેલાં પણ દુઆઓ કરી હશે પણ તેમની દુઆ કબૂલ ન થઈ અને તેમને આંખોનું નૂર અર્પણ ન થયું પણ જયારે હુઝૂરના વસીલાથી દુઆ કરી તો ખુદાનો કેટલો કરમ થયો કે દુઆ કરતાંની સાથે આંખો પ્રકાશિત થઈ.

## ★ એક બારિક નુકતો ★

કુત્બે મદીના ખલીફએ આ'લા હઝરત ઈમામ અહમદ રઝા હઝરત ઝિયાઉદ્દીન મદની رحمة الله عليه થી એક માણસે પ્રશ્ન પૂછયો કે





વસીલાના જાઈઝ હોવા પર શું દલીલ છે ? આપે ફર્માવ્યું : કુર્આન શરીફની આ આયતથી :-

يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا اتَّقُوا اللّٰهَ وَابْتَغُوْٓا اِلَيْهِ الْوَسِيْلَةَ

"અય ઈમાનવાળાઓ ! અલ્લાહથી ડરો અને એની તરફ વસીલો શોધો."

તેણે જવાબમાં કહ્યું : આ આયતમાં વસીલાથી નેક અમલ મુરાદ છે. આપે ફર્માવ્યું : શું આપણા અમલ કબૂલ છે કે પછી રદ કરી દેવાશે ? તેણે કહ્યું, મને શું ખબર ? આપે ફર્માવ્યું : હુઝૂર સૈયદે આલમ صلى الله تعالىٰ عليه وسلم ખુદાની બારગાહમાં મકબૂલ છે કે નથી ? તેણે કહ્યું : નિઃશંક ! મકબૂલ છે. આપે ફર્માવ્યું : જયારે નેક અમલોને વસીલો બનાવી શકાય છે અને એની બાબત આપણને કબૂલ હોવાનું યકીન નથી તો પછી હુઝૂર صلى الله تعالىٰ عليه وسلم ને વસીલો કેમ ન બનાવી શકાય જે ખુદાની બારગાહમાં નિઃશંક કબૂલ છે ?!

સારાંશ એ કે શંકા કુશંકાની ચીજ વસીલો બનાવી શકાય તો પછી જેમાં કબૂલ હોવા પર યકીન છે તેને વસીલો કેમ ન બનાવી શકાય ?

**સવાલ** :- ઉપરોકત હદીષમાં بِنَبِيِّكَ છે, તેમાં શફાઅતને ગુપ્ત માનવામાં આવે અને આમ કહેવામાં આવે بِشَفَاعَةِ نَبِيِّكَ તો નબીનો વસીલો ન થયો બલ્કે આપની સિફારિશ અને ફર્માઈશ થઈ અને શફાઅત માન્ય છે પણ કોઈ વ્યકિતના હક્કથી વસીલો નથી થઈ શકતો.

**જવાબ** :- એવું ગુપ્ત માનીને વાતો બનાવવામાં આવે તો કોઈ પણ મસ્અલો વ્યવસ્થિત ન રહે. દરેકનું ઓપરેશન થયા કરે. જયારે હદીષમાં સ્પષ્ટ શબ્દોમાં بِنَبِيِّكَ ફર્માવવામાં આવ્યું તો بِجَاهِ نَبِيِّكَ અને بِحَقِّ نَبِيِّكَ જ મતલબ થાય છે. એટલે કોઈ મહાન વ્યકિતમાં હકથી અને એના માન, મર્તબાના વર્ણનથી પણ વસીલો લઈ શકાય છે.

ઈબ્ને તૈમિયહ્એ કોઈના હકથી વસીલો કરવાનો ઈન્કાર કર્યો છે એટલે જયારે આ હદીષ અમારી મજબૂત દલીલ બની ગઈ અને સનદ એટલે રિવાયત કરનારની ભૂલ નીકળી નથી શકતી, કારણ કે સનદ કેટલી મજબૂત છે અને કેટલા લોકોએ રિવાયત કરી છે તેનો ઉલ્લેખ થઈ ગયો છે તો તેણે

પોતાની વાત સાબિત રાખવા એવો જવાબ આપ્યો કે અહીં શફાઅતનો શબ્દ ગુપ્ત માનવામાં આવે અને સિફારિશ અને રિકવેસ્ટ કરી શકાય છે. એટલે અહીં એ શબ્દ ગુપ્ત માનવો પડશે પણ તમે જવાબ સાંભળી લીધો. (વાંચી લીધો).

**સવાલ** :- હદીષમાં નબીના હકથી દુઆ કરવાનો ઉલ્લેખ છે પછી તેનો ઈન્કાર કેમ કરવામાં આવે છે અને હદીષમાં ફેરફાર કરવાની કોશિશ શાને કરાય છે ?

**જવાબ** :- ગુમરાહ લોકો જેઓ નબી અને વલીના હકથી વસીલો કાયમ કરવાની મનાઈ કરે છે તેનો એક દાખલો તેમની કિતાબથી રજુ કરું છું.

"તકવિયતુલ ઈમાન" ઈસ્માઈલ દહેલ્વી (અવસાન : હિજરી સન-૧૨૪૨)માં છે :-

"અહીં આ વાત ખાતરીપૂર્વક જાણી લેવી જોઈએ કે દરેક માણસ ચાહે તે મહાનથી મહાન ઈન્સાન હોય કે નિકટવર્તી ફરિશ્તો અલ્લાહ તઆલાની ઉચ્ચ શાનની સામે તો એની હેસિયત એક ચમારથી પણ ઉતરતી કક્ષાની છે." (ગુજરાતી અનુવાદ, પેજ નં. ૪૪)

"જેનું નામ મુહમ્મદ (સલ.) કે અલી (રદી.) છે તે કોઈ ચીજના માલિક અને મુખ્તાર નથી." (ગુજરાતી અનુવાદ, પેજ-૧૦૯)

## ★ ખુલાસો ★

કોઈના હક અને માન, મર્તબાનો વસીલો બનાવવાનો સારાંશ એ છે કે તેની ખુદા તઆલાની બારગાહમાં ઈજ્જત છે. અલ્લાહ તઆલા તરફથી તેને જે પદ આપવામાં આવ્યું છે તેની ખુદા તઆલાની બારગાહમાં કદર છે એટલે તેના હકથી અને તેના માન, મર્તબાથી વસીલો લઈ શકાય છે.

વહાબીઓ અને દેવબંદીઓનું લખાણ તમારી સમક્ષ છે. તેઓ મહાનથી મહાન વ્યકિતને પણ ખુદાની બારગાહમાં ચમારથી ઉતરતી કક્ષાની જાણે છે અને માને છે ! પછી તેઓ હક અને માન, મર્તબાના વર્ણનની રજા શી રીતે આપી શકે છે અને જો આપે અથવા આપી હોય તો તેમણે પોતે જ શિર્ક કરેલું કહેવાય !





અમારી દલીલ તો હદીષે પાક છે. જ્યારે હદીષમાં સ્પષ્ટ વર્ણન થઈ ગયું તો હવે એ વાતના સુબૂતમાં બીજા કોઈ પુરાવાની જરૂરત નથી. **જેઓ હદીષની તાઝીમના મુકાબલામાં પોતાની તાલીમને ઉત્તમતા આપતા હોય તેઓ વિચારે પોતે કોણ છે ?** અમે તો હદીષને ઉત્તમતા આપીએ છીએ.

શું હદીષની તાલીમ શિર્કનું માર્ગદર્શન આપે છે ? આમ હોય તો તમારે હદીષોને છોડી દેવી જોઈએ અને અહલે કુર્આન ફિર્કામાં પ્રવેશી જવું જોઈએ અને શકય છે કે ત્યાં પણ માથુ ઢાંકવાની જગા ન મળે !!

## ★ કુર્આનની વિરૂધ્ધ માર્ગ ★

વહાબી દેવબંદી ઈમામ ઈસ્માઈલ દહેલ્વીનું લખાણ કુર્આન વિરૂધ્ધ છે. અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે:-

وَلِلّٰهِ الْعِزَّةُ وَلِرَسُوْلِهٖ وَلِلْمُؤْمِنِيْنَ وَلٰكِنَّ الْمُنٰفِقِيْنَ لَا يَعْلَمُوْنَ

"ઈજ્જત અલ્લાહ માટે તેના રસૂલ માટે અને ઈમાનવાળાઓ માટે છે પણ મુનાફિક લોકો નથી જાણતા.

تِلْكَ الرُّسُلُ فَضَّلْنَا بَعْضَهُمْ عَلٰى بَعْضٍ مِنْهُمْ مَنْ كَلَّمَ اللّٰهُ وَ رَفَعَ بَعْضَهُمْ دَرَجٰتٍ

"આ રસૂલો છે કે અમે એમનામાં એકને બીજા પર શ્રેષ્ઠ કર્યા. એમનામાં કોઈની સાથે અલ્લાહે વાત ફર્માવી અને કોઈ તે છે જેના દરજ્જાઓ બુલંદ કર્યા (સર્વ પર) એટલે કે અલ્લાહની મખ્લૂકમાં એની બરાબરીમાં કોઈ નથી."

يَرْفَعِ اللّٰهُ الَّذِيْنَ اٰمَنُوْا مِنْكُمْ وَالَّذِيْنَ اُوْتُوا الْعِلْمَ دَرَجٰتٍ

"તમારામાંથી ઈમાનવાળાઓને અલ્લાહ બુલંદ (ઊંચો) કરે છે અને જેમને ઈલ્મ અર્પણ કરવામાં આવ્યું તેમને કેટલા બધા દરજ્જા બુલંદ ફર્માવે છે."

ઈમાન લાવી નેક અમલો કરવાવાળાઓ માટે અલ્લાહનો

ઈર્શાદ છે :– نَحْنُ اَوْلِيَآؤُكُمْ فِى الْحَيٰوةِ الدُّنْيَا وَفِى الْاٰخِرَةِ

"અમે દુનિયાના જીવન અને આખેરતમાં તમારા દોસ્ત છીએ."

તેમનો વાયદો પૂરો કરવા ફર્માવે છે :– اَوْفُوْا بِعَهْدِىْٓ اُوْفِ بِعَهْدِكُمْ

"તમે લોકો મારો વાયદો પૂરો કરો, જો આમ કરશો તો હું તમારો વાયદો પૂરો કરીશ."

તેમના માર્ગનો વખાણ કરતાં ફર્માવે છે :–

اِهْدِنَا الصِّرَاطَ الْمُسْتَقِيْمَ صِرَاطَ الَّذِيْنَ اَنْعَمْتَ عَلَيْهِمْ

"અમને સીધા માર્ગે ચલાવ, તેમના માર્ગે જેમની ઉપર તેં ઈમાન કર્યુ."

وَاتَّبِعْ سَبِيْلَ مَنْ اَنَابَ اِلَىَّ

"તું પાછળ ચાલ તેની જે મારા તરફ નમી ગયો."

તેમની સંગતનાં વખાણ કરતાં ઈર્શાદ ફર્માવે છે :–

يَا اَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا اتَّقُوا اللّٰهَ وَكُوْنُوْا مَعَ الصّٰدِقِيْنَ

"અય ઈમાનવાઓ ! અલ્લાહથી ડરો ! અને સાચા લોકોની સંગતમાં રહો."

اَلْاَخِلَّآءُ يَوْمَئِذٍ بَعْضُهُمْ لِبَعْضٍ عَدُوٌّ اِلَّا الْمُتَّقِيْنَ

"ભાઈ બંધો આજે એકબીજાના દુશ્મન હશે, પરંતુ પરહેઝગાર લોકો (તેઓ કામ લાગશે.)"

તેમને ખુશખબર આપતાં ઈર્શાદ ફર્માવે છે :–

لَهُمُ الْبُشْرٰى فِى الْحَيٰوةِ الدُّنْيَا وَفِى الْاٰخِرَةِ

"તેઓ માટે દુનિયાના જીવનમાં તથા આખેરતમાં ખુશખબર છે."

તેમને ઉત્તમ લાઈફ આપવાનો વાયદો કરતાં ફર્માવે છે :–





مَنْ عَمِلَ صَالِحًا مِّنْ ذَكَرٍ اَوْ اُنْثٰى وَهُوَ مُؤْمِنٌ فَلَنُحْيِيَنَّهٗ حَيٰوةً طَيِّبَةً

"ઈમાનવાળા સ્ત્રી પુરૂષમાંથી જે નેક અમલ કરશે તેમને અમે જરૂરથી શુભ જીવન જીવડાવીશું."

તેઓ ખુદાના પ્રિય છે તેને સ્પષ્ટ કરતાં ફર્માવે છે :–

فَاتَّبِعُوْنِىْ يُحْبِبْكُمُ اللّٰهُ

"તો તમે મારુ અનુસરણ કરો, અલ્લાહ તમને પ્રિય બનાવશે."

આ આયતો માત્ર નમૂના માટે રજુ કરવામાં આવી છે નહીં તો કુર્આનનો ૧/૪ ભાગ નેક લોકો માટે આ પ્રમાણેની બશારતો વાયદાઓ અને ખુશખબરીઓનો છે. **જ્યારે અલ્લાહવાળાઓની ખુદાની બારગાહમાં આટલી ઈજ્જત અને માન છે પછી તેઓ ખુદાની બારગાહમાં ચોહળા, ચમારથી ઉતરતી કક્ષાના શી રીતે થઈ શકે છે ?** સારાંશ એ કે તેમના હક્કને અને મર્તબાને પણ ખુદાની બારગાહમાં વસીલો બનાવી શકાય છે. જેઓ ઈન્કાર કરે છે તેઓ તેમનો માન, મર્તબો ઘટાડવા ઈચ્છે છે અને તેમને નીચલી કક્ષાના લોકોમાં સામેલ કરવાની નાપાક કોશિશ કરે છે.

**નોંધ** :– આ વિષે અન્ય સવાલો અને એના જવાબો પ્રથમ પ્રકરણમાં રજુ થઈ ગયા છે. તેને રિપિટ કરવામાં નહીં આવે.

**સવાલ** :– માત્ર નેક અમલોને વસીલો બનાવવામાં આવે તો વિવાદ ઉભો જ ન થાય !

**જવાબ** :– જો તમે વસીલાનો દરેક પ્રકાર સ્વીકારી લો તો પણ વિવાદ ઉભો ન થાય. તમને વિવાદ પસંદ નથી તો પછી એ તો વિચારો કે વિવાદ ઉભો કોણ કરે છે ?

**બીજો જવાબ** :– અમારા ધર્મનો ફાયદો એ છે કે નબી અને સહાબાની વાતને ઉત્તમતા આપવામાં આવે છે. જ્યારે હદીષ શરીફમાં એ વાતનું વર્ણન છે કે નેક અમલ અને નેક લોકો બંનેને વસીલો બનાવી શકાય છે તો પછી તમારે પણ આ કાયદો સ્વીકારી લેવો જોઈએ. વિવાદ ઉભો નહીં થાય.

**સવાલ** :- કોઈ માણસ પોતાની હઠ ન છોડે તો આપણે હઠે ન ચડવું જોઈએ ?

**જવાબ** :- કાફિર કુફ્ર પર હઠે ચઢે તો આપણે તેને માનવા કાફિર બની જવું જોઈએ ? જનાબે આલી ! દુનિયાની વાત હોય તો આ પ્રમાણેની સુલેહ થઈ શકે છે, પણ આ દીન અને ધર્મની વાત છે. કુર્આન અને હદીષનો સવાલ છે. અસંખ્ય દોસ્તો દુશ્મન બનતા હોય તો બનાવી લઈએ પણ કુર્આન અને હદીષના સ્પષ્ટ ઉલ્લેખ આગળ અમે કોઈને માન ન આપીએ.

## ★ એક માર્ગદર્શન ★

જેઓ માત્ર નેક અમલોને વસીલો બનાવી જાઈઝ સમજે છે તેમને અમારા તરફથી એક માર્ગદર્શન આપવામાં આવે છે. તે એ છે કે જો આપણે કોઈ નમાઝીને વસીલો બનાવીએ તો નમાઝી નમાઝને લઈને જ નમાઝી છે. કોઈ આબિદને વસીલો બનાવીએ તો આબિદ ઈબાદતને લઈને જ આબિદ છે. આલિમને વસીલો બનાવીએ તો આલિમ ઈલ્મને લઈને જ આલિમ છે. કોઈ શરીફને વસીલો બનાવીએ તો શરીફ શરાફતને લઈને જ શરીફ છે...વગેરે.... વગેરે.... જ્યારે આટલુ જાણી લીધું તો એ વાત સ્પષ્ટ થઈ ગઈ કે નેક અમલોને વસીલો બનાવવો અને નેક લોકોને વસીલો બનાવવો એક જેવો છે. પછી આમ કહેવું કે નેક અમલોને વસીલો બનાવી શકાય છે, નેક લોકોને વસીલો નથી બનાવી શકતા એ જહાલત અને અજ્ઞાનતાની દલીલ અને પુરાવો છે. નેક વ્યકિત નેક અમલોથી જ નેક બને છે અને ખરાબ વ્યકિત ખરાબ અમલોથી જ ખરાબ બને છે, અને બીજું એ કે કુર્આનમાં હુઝૂરની પધરામણી પહેલાં આપનો વસીલો લેવાનો ઉલ્લેખ છે. કુર્આનમાં જ્યાં વસીલો લેવાનો આદેશ આપવામાં આવ્યો છે ત્યાં અમલ અને વ્યકિતનું સ્પષ્ટ વર્ણન નથી એટલે બંને મુરાદ લઈ શકાય છે. હદીષ શરીફમાં હુઝૂરના વસીલાનું પણ વર્ણન છે અને બીજા લોકોના વસીલાનું વર્ણન છે. એટલે હદીષથી પણ એ જ સાબિત થયું કે વસીલો અમલોને પણ બનાવી શકાય છે અને નેક લોકોને પણ બનાવી શકાય છે.





જ્યારે અકલ તથા નકલ બંનેથી સાબિત થઈ ગયું કે વસીલો અમલોનો પણ લઈ શકાય છે અને નેક લોકોનો પણ લઈ શકાય છે તો પછી સત્ય માર્ગ અને સાચું માર્ગદર્શન એ જ છે કે વસીલાનો દરેક પ્રકાર સ્વીકારી લેવામાં આવે અને કોઈ પ્રકારનો વિવાદ ઉભો કરી મુસલમાનોની એકતાનું ખૂન ન કરવામાં આવે.

**સવાલ** :- વસીલાની વ્યાખ્યા એ કરવામાં આવી હતી કે તે ચીજ જેનાથી મકસદમાં નિકટ થવાય. જ્યારે અલ્લાહ તઆલા આપણી જાન અને પ્રાણથી પણ વધારે આપણાથી નિકટ છે પછી વસીલાનો કોઈ મતલબ રહેતો જ નથી ! બીજું એ કે અલ્લાહ તઆલા ફર્માવે છે :-

وَاِذَا سَئَلَكَ عِبَادِىْ عَنِّىْ فَاِنِّىْ قَرِيْبٌ اُجِيْبُ دَعْوَةَ الدَّاعِ اِذَا دَعَانِ

અને અય મહબૂબ ! તમને મારા બંદાઓ મારા વિષે પૂછે તો હું નજીક છું દુઆ કબૂલ કરું છું પુકારનારની જ્યારે મને પુકારે.

**જવાબ** :- અલ્લાહ પોતાની મખ્લૂકથી અને દરેકે દરેક ચીજ વસ્તુથી નિકટ છે અને એ જ દરેક મુસલમાનની માન્યતા અને ઈમાન છે. પણ અહીં વાત ખુદાની બંદાથી નિકટતાથી નથી, બંદાની ખુદાથી નિકટતાની છે. બંદાને ખુદાની નિકટતા માટે ઈમાન અને લગાતાર અમલથી પ્રાપ્ત થાય છે. હદીષ શરીફમાં છે :- لَا يَزَالُ يَتَقَرَّبُ اِلَىَّ بِالنَّوَافِلِ حَتّٰى اُحِبَّهٗ

"નફ્લ કામોથી લગાતાર નિકટતા પ્રાપ્ત કરે છે એટલે સુધી કે તેને પ્રિય બનાવી લઉં છું."

હદીષ અને કુર્આનથી સ્પષ્ટ થયું કે નિકટતાના બે પ્રકાર છે :- એક ખુદાની તેની મખ્લૂકથી નિકટતા, બીજી બંદાની ખુદાથી નિકટતા. વસીલાનો સંબંધ બીજા પ્રકાર સાથે છે કે બંદાને ખુદાથી નિકટતા પ્રાપ્ત થાય.

અલ્લાહની નિકટતા ત્રણ પ્રકારની છે :- (૧) નિકટતા મહોબ્બતથી (૨) નિકટતા દુશ્મનીથી (૩) માત્ર નિકટતા.

**(૧) નિકટતા મહોબ્બતથી** :- એ વાત સ્પષ્ટ છે કે મહોબ્બત સાથે એક પ્રકારની નથી હોતી. ઈમાનવાળાઓથી અલ્લાહને મહોબ્બત છે તેમાં અમલવાળાઓથી અધિક અમલમાં જે જેટલો આગળ તેનાથી એટલી

અધિક. જેને વલી બનાવી લે તેનાથી અમલવાળાઓથી પણ અધિક, જે નબી હોય તેનાથી સૌથી અધિક.

**(૨) નિકટતા દુશ્મનીથી :–** અલ્લાહ તઆલા નિકટ દરેક મખ્લૂકથી છે પરંતુ તેની નિકટતા ઈમાનવાળાઓ સાથે મહોબ્બતવાળી છે અને કાફિરો સાથે દુશ્મનીવાળી છે. કાફિરોના પણ ઘણા બધા પ્રકાર છે તે પ્રમાણે દુશ્મનીમાં પણ ફરક આવતો જાય છે.

**(૩) માત્ર નિકટતા :–** માત્ર નિકટતા એટલે દુશ્મની પણ નહીં અને મહોબ્બત પણ નહીં. ઈમાન અને કુફ્રનો સંબંધ માણસો અને જિન્નાતો સાથે છે. ફરિશ્તાઓ માસૂમ છે એટલે ત્યાં કુફ્રનો સવાલ ઉપસ્થિત થતો જ નથી. બલ્કે કોઈ પ્રકારની નાની નાફર્માની પણ ત્યાં આવી શકતી નથી. પશુ, પક્ષી, જન, જનાવર, વૃક્ષ, છોડ અને ઘાસ, ચારો, લાકડુ, લોખંડ, જમીન, પથ્થર, આગ, પાણી, હવા, આકાશ, ચાંદ, તારાઓ વગેરે સાથે પણ અલ્લાહની નિકટતા છે પણ તે ચીજ વસ્તુઓ પાબંદ બનાવવામાં આવી નથી, એટલે ત્યાં મહોબ્બત અને દુશ્મનીનો સવાલ ઉપસ્થિત નથી થતો.

## ★ અસલ મકસદ ★

જ્યારે નિકટતા વિષે જરૂરી ઉલ્લેખ થઈ ગયો તો હવે એ વાત પણ સમજમાં આવી ગઈ કે અલ્લાહ તઆલાની નિકટતાનો સંબંધ મહોબ્બત અને દુશ્મની સાથે કરવામાં આવે તો નિકટતામાં ફરક આવી શકે છે. જેનાથી ખુદાને ઓછી મહોબ્બત છે તે મહોબ્બતમાં વધારો કરવા માટે અમલનો સહારો લે. નબીઓ અને વલીઓનો સહારો લે, પોતાના કરેલ નેક અમલો ત્યારે જ મહોબ્બતમાં વધારો કરી શકે છે જ્યારે તેને ખુદાની બારગાહમાં કબૂલ કરી લેવામાં આવે. જો કબૂલ કરવામાં ન આવે તો તેનાથી મહોબ્બતમાં વધારો થઈ શકતો નથી. તો અમલને કબૂલ કરાવવા માટે વલીઓનો સહારો લેવામાં આવે, તેમનાથી વધીને નબીઓનો સહારો લેવામાં આવે.

## ★ માહોલનો એક દાખલો ★

કોઈ બે માણસની વચમાં દુશ્મની હોય અને તેઓ એકબીજાથી





નિકટ બેસેલ હોય તો માહોલમાં આમ કહેવામાં આવે છે કે આ બંને ભલેને જગા અને અંતરના આધારે નિકટ છે પરંતુ તેઓમાં દુશ્મની અને શત્રુતાને લઈને માઈલોનું અંતર છે. બે માણસ જેઓ એકબીજાને પ્રિય રાખતા હોય તો ભલે તેઓમાં દેશ દેશનું અંતર હોય પરંતુ આમ કહેવામાં આવે છે કે બે કાલિબ (ખોળીયા)માં એક રૂહ. સારાંશ એ કે નિકટ હોય પરંતુ દુશ્મની હોય તો તેમને દૂર દૂર ગણવામાં આવે છે અને દૂર દૂર હોય પણ મહોબ્બત હોય તો નિકટ કહેવામાં આવે છે.

અલ્લાહ દરેકથી જ નિકટ છે, કોઈનાથી દૂર નથી. પરંતુ મહોબ્બતના આધારે ઈમાનવાળાઓથી નિકટ છે અને કાફિરોથી દૂર છે. મહોબ્બતમાં જેનાથી જેટલી વધારે મહોબ્બત તેનાથી એટલો વધારે નિકટ અને જેનાથી ઓછી મહોબ્બત તેનાથી એટલો જ દૂર. વસીલો આ પ્રમાણેની નિકટતા માટે લેવામાં આવે છે એટલે ઉપરોકત આયતોથી સવાલ ઉપસ્થિત થઈ શકતો નથી.

**સવાલ :–** શું અન્ય નબીઓથી ખુદાને ઓછી મહોબ્બત હોય છે ? હદીષોથી નબીઓનું વસીલો લેવું પણ સાબિત થાય છે ?

**જવાબ :–** અલ્લાહને પોતાની મખ્લૂકમાં સૌથી અધિક મહોબ્બત નબીઓ સાથે હોય છે, પણ નબીઓમાં જેનું પદ જેટલું ઉચ્ચ તેનાથી એટલી અધિક મહોબ્બત. આપણા પ્યારા આકા વ મૌલા صلی اللہ تعالیٰ علیہ وسلم સઘળા નબીઓના પણ સરદાર છે એટલે અલ્લાહ તઆલાને સૌથી અધિક મહોબ્બત આપણા પ્યારા આકા સાથે છે અને આપણા નબીને મહબૂબે ખુદા કહેવામાં આવે છે. એટલે નબીઓ પણ પોતાના મસ્અલામાં બીજા નબીઓનો વસીલો લઈ શકે છે અને લીધેલો છે. દાખલા તરીકે હઝરત આદમ علیہ الصلوٰۃ والسلام ની તૌબા આપણા પ્યારા નબીના નામ મુબારકના વસીલાથી કબૂલ થઈ.

**સવાલ :–** સઘળા નબીઓના નામોનું ઈલ્મ નથી અને સઘળા વલીઓનાં નામોનું ઈલ્મ નથી પછી દરેકનો વસીલો શી રીતે લઈ શકાય છે ?

**જવાબ :–** વસીલો લેવામાં વ્યકિતગત નામોનો ઉલ્લેખ કયાં જરૂરી છે ? જેમનાં નામો યાદ હોય તેમનાં નામો લઈને વસીલો લેવામાં આવે અને નામો યાદ ન હોય તેમને સામાન્ય શબ્દમાં કહી દેવામાં આવે. દાખલા તરીકે

અય અલ્લાહ ! સઘળા નબીઓના વસીલાથી મને માફ ફર્માવ ! સઘળા વલીઓના વસીલાથી મને માફ ફર્માવ !

**સવાલ** :- અલ્લાહના ઈલ્મમાં કોણ વલી છે અને કોણ નથી તે આપણા માટે ગૈબ છે, પછી આપણે વલીઓનો વસીલો કેમ કરી લઈ શકીએ છીએ ?

**જવાબ** :- અલ્લાહના ઈલ્મમાં કોણ વલી છે અને કોણ નથી તેને જાણી લેવું આપણી શકિત બહાર છે અને આપણને શકિત બહારની ચીજોના પાબંદ બનાવવામાં નથી આવ્યા. એટલે આપણે એ જાણવું જરૂરી નથી. શરીઅતના કાયદા કાનૂનના આપણને પાબંદ બનાવવામાં આવ્યા છે એટલે જેને વલી કહેવામાં આવે તે શરીઅતના કાયદા કાનૂનના આધારે પણ બરાબર હોય તો તેનો વસીલો લઈ શકાય છે.

**સવાલ** :- સામાન્ય લોકો ગમે તેને વલી માની લે છે. કેટલાક તો એવા લોકો છે જે જાહેરમાં કબીરા ગુનાહ કરે છે, ફર્ઝ પર અમલ નથી કરતા, સુન્નતોથી કોઈ સંબંધ નથી રાખતા તે પણ લોકોની માન્યતામાં વલી હોય છે !

**જવાબ** :- ધર્મની બુનિયાદ સામાન્ય લોકોના અમલ પર રાખવામાં આવી નથી. શરીઅતના કાયદા પ્રમાણે વલી કહી શકાય તો જ તેને વલી તરીકે માન્ય રાખવામાં આવશે. જાહેરમાં મોટા ગુનાહ કરનારને ખુદાની બારગાહમાં વસીલા તરીકે પેશ નથી કરી શકતા. પબ્લિકને સમજાવવામાં આવે.

**સવાલ** :- આપણને શું ખબર કોઈ માણસ જાહેરમાં ગુનેહગાર હોય પણ એનું કોઈ કામ ખુદાને પસંદ હોય અને અલ્લાહ એનાથી ખુશ હોય ? પછી આવા અનુમાનથી એવી વ્યકિતને વસીલો બનાવી શકાય છે ?

**જવાબ** :- આપણને શું ખબર તેનું કોઈ કામ ખુદાને નાપસંદ હોય અને એને લઈને ખુદા તઆલા એનાથી નાખુશ હોય ? સારાંશ એ કે આ વાતોનો સંબંધ ગૈબથી છે. એના પર બુનિયાદ રાખવામાં આવશે નહીં. જેને વસીલો બનાવવામાં આવે તે શરીઅતના વર્તુળમાં નેક હોય તેને ફાસિક ન કહી શકાય, ફાસિક જે જાહેરમાં ગુનોહ કરતો હોય તેનું અપમાન જરૂરી





છે અને વસીલો લેવામાં તેનું માન વધે છે. એટલે વસીલો લેવામાં આવશે નહીં બલ્કે વસીલો તેવાનો લેવો ગુનાહનું કામ છે.

**સવાલ** :- શું જે નેક અમલનો માણસ હોય તે અલ્લાહનો વલી જ છે ?

**જવાબ** :- વિલાયત અલ્લાહ તરફથી આપવામાં આવતું પદ છે. તે પદ અલ્લાહ તઆલા જેને ઈચ્છે છે અર્પણ કરે છે. દરેક નેક અમલનો માણસ પરિભાષાના આધારે વલી નથી પણ જે વલી હશે તે નેક અમલ જરૂર હશે. દરેક વલી નેક અમલવાળો છે અને દરેક નેક અમલવાળો વલી નથી. (અમુક હોય છે.) મન્તિક એક વિષયનું નામ છે. તેમની પરિભાષામાં આને આમ ખાસ મુતલક કહેવામાં આવે છે.

**સવાલ** :- કોઈ નેક વ્યકિતને વલી સમજીને વસીલો લેવામાં આવે તો આપણને શું ખબર અલ્લાહે તેને વિલાયતનું પદ અર્પણ કર્યું હશે ?

**જવાબ** :- વસીલો લેવામાં નેક વ્યકિતનું વલી હોવું કયાં શર્ત છે ? વલી ન હોય પણ નેક હોય તો પણ તેનો વસીલો લઈ શકાય છે. અમારો કહેવાનો ભાવાર્થ એ છે કે જેને વલી કહેવામાં આવે તે શરીઅતના વર્તુળમાં વલી કહી શકાય. છે કે નથી તે ગૈબ છે અને તેમાં આપણને પાબંદ બનાવવામાં નથી આવ્યા. કોઈ પણ નેક વ્યકિત જેને શરીઅતના વર્તુળમાં વલી કહેવું જાઈઝ ઠરી શકે તેને વલી કહેવામાં આવે તો કહી શકાય છે.

**સવાલ** :- કોઈ ખરાબ માણસનો વસીલો લેવામાં આવે અને કામ બની ગયું તો એમ કહી શકાય છે કે ખરાબ માણસના વસીલાથી બની ગયું ?

**જવાબ** :- અમે તમને કહી ગયા કે વસીલો નેક વ્યકિતનો લઈ શકાય છે, ખરાબ અને ફાસિકને વસીલો બનાવી શકતા નથી, એવાને વસીલો બનાવવો ગુનાહનું કામ છે. અને કોઈએ લઈ લીધો અને કામ બની ગયું તો આમ કહેવું પણ જાઈઝ નથી કે ખરાબ વ્યકિતના વસીલાથી કામ બની ગયું. કામ બનવું વસીલા પર આધારિત નથી, અલ્લાહના ચાહવા પર અને એના ફેંસલા પર આધારિત છે. નસીબમાં હતું અને થયું ! ખરાબ વ્યકિત તરફ કામ બનવાનો સંબંધ થઈ શકતો નથી.

**સવાલ** :- નેક લોકોનો વસીલો લેવાથી કામ બને તો એ કયાં જરૂરી છે કે વસીલાથી જ કામ બન્યું ? નસીબમાં હશે અને થયું ?

**જવાબ** :- અમે પણ આમ કયાં કહીએ છીએ કે કામ વસીલાથી જ બન્યું. કામ બનવાના ઘણા બધાં કારણો છે તેઓ પૈકી એક વસીલો પણ છે. વાત અહીં કામ બનવાની નથી, શરીઅતમાં કોનો વસીલો લેવો જોઈએ અને કોનો નહીં એ બાબતે છે.

**સવાલ** :- કાફિર લોકો કયારેક મૂર્તિઓ અને દેવતાઓથી માંગ કરે અને કામ બની જાય છે. કયારેક તેમના વસીલાથી ખુદાથી માંગ કરે છે અને કામ બની જાય છે. દલીલ એ જ છે કે દુનિયામાં અસંખ્ય કાફિરો અને મુશ્રિકો આ પ્રમાણેનું કાર્ય કરે છે. આમ તો કહી શકતા જ નથી કે કોઈનું કામ બન્યું નહીં હોય. વાત કામ બનવાથી નથી. કામ તો અલ્લાહ જ બનાવે છે. ભલેને તેનો સંબંધ મૂર્તિઓથી કરવામાં આવે અથવા દેવી દેવતાઓથી. દુનિયામાં ખુદા તઆલા સિવાય કોઈ કામ બનાવી શકતું જ નથી.

કાફિર કાફિર છે મૂર્તિઓ અને દેવીઓને વસીલો બનાવવાથી અથવા તેમનાથી માંગ કરવાને લઈને. કારણ કુર્આનમાં અસંખ્ય આયતોમાં મૂર્તિઓની બુરાઈ કરવામાં આવી છે અને એનાથી લોકોને દૂર રાખવાની તાલીમ આપવામાં આવી છે. તેમનો વસીલો લેવો અસંખ્ય આયતોનો ઈન્કાર છે અને કુફ્ર માટે એક આયતનો ઈન્કાર પણ પૂરતો છે.

મુશ્રિક મુશ્રિક છે મૂર્તિઓની બંદગી કરવાને લઈને. ખુદા સિવાય કોઈની બંદગી કરવી શિર્ક છે.

**સવાલ** :- કાફિર લોકો મૂર્તિઓનો સહારો એટલા માટે જ લે છે કે તેમના સદકામાં ખુદાની નિકટતા અને નજદીકી પ્રાપ્ત થાય છે. કુર્આન શરીફમાં છે :- وَمَا نَعْبُدُهُمْ إِلَّا لِيُقَرِّبُونَا إِلَى اللَّهِ زُلْفَىٰ અને અમે તેઓની બંદગી એટલા માટે જ કરીએ છીએ કે તેઓ અમને અલ્લાહથી ખૂબ નિકટ કરી આપે.

ઉપરોકત આયતથી સ્પષ્ટ થયું કે કાફિરો મૂર્તિઓને એટલે માને છે કે ખુદાની નિકટતા પ્રાપ્ત થાય અને આપણે નબીઓ, વલીઓને એટલે જ માનીએ છીએ કે ખુદાની નિકટતા પ્રાપ્ત થાય, તો પછી બંનેમાં શો ફરક





અને તફાવત ?

**જવાબ** :- કુર્આનમાં લોકોને મૂર્તિઓથી દૂર રાખવામાં આવ્યા છે અને નબીઓથી નિકટ થવાનું કહેવામાં આવ્યું છે. નબીઓની તાઝીમ અને ઈજ્જતનો આદેશ આપવામાં આવ્યો છે. મૂર્તિઓની બુરાઈ કરવાનો અને એને નાબૂદ કરવાનો હુકમ આપવામાં આવ્યો છે. નબીની ઈજ્જત ઈમાન છે. મૂર્તિની ઈજ્જત કુફ્ર છે. નબીનું અપમાન કુફ્ર છે. મૂર્તિનું અપમાન ઈમાન છે. નબીને માનવો ઈમાન છે. મૂર્તિને ભગવાન માનવો શિર્ક છે. કુર્આનમાં વલીઓ અને નેક લોકોના માર્ગે ચાલવાનો આદેશ આપવામાં આવ્યો છે. તેમની સંગતમાં રહેવાનો આદેશ આપવામાં આવ્યો છે. તેઓ ખુદાના દોસ્ત છે, તેને સ્પષ્ટ કરવામાં આવ્યું છે. મુસલમાન ખુદાને છોડી જેને પણ માને છે તેની ઈબાદત નથી કરતો અને કોઈને પણ ખુદાનો ભાગીદાર નથી બનાવતો. કાફિર મૂર્તિઓને માત્ર માનતો જ નથી બલ્કે તેમની બંદગી અને ઈબાદત પણ કરે છે. જ્યારે બંનેમાં આટલો બધો ફરક અને તફાવત છે પછી આમ શી રીતે કહી શકાય છે કે આ કામમાં મુસલમાન અને કાફિરમાં કોઈ તફાવત નથી. મુસલમાન તે ચીજોને ખુદાની નિકટતાનો ઝરીયો બનાવે છે જે ખુદા તઆલાને પ્રિય છે. કાફિર તે ચીજોને નિકટતાનો ઝરીયો બનાવે છે જે ખુદાને પસંદ નથી અને અતિ ભયંકર એ છે કે તેઓ તેની ઈબાદત અને બંદગી પણ કરે છે. ખુદાની પ્રિય ચીજોની બંદગી કરવાથી માણસ ઈસ્લામ અને ઈમાનના વર્તુળથી બહાર થઈ જાય છે, પાકો મુશ્રિક બની જાય છે તો પછી ખુદાની અપ્રિય ચીજોની બંદગી કેટલી ખરાબ છે એની સીમા નથી બનાવી શકતા !

**સવાલ** :- આપણે સમજી શકીએ છીએ કે બંનેમાં ફરક શું છે ? પણ કાફિર લોકો તો એવું જ સમજશે અને તેમને એ જ અનુમાન થશે કે મુસલમાન પણ અમારી જેવું જ કરે છે. પછી આપણે એવી શંકાના કામોથી બચવું જોઈએ.

**જવાબ** :- કાફિરને તો કુર્આનમાં ખુદાની કિતાબ હોવામાં શંકા છે. નબીના નબી હોવામાં શંકા છે. ઈસ્લામના દીન અને ધર્મ હોવામાં શંકા છે તો શું તેમની શંકાને માની લેવામાં આવે ? કાફિરોની શંકાનો કોઈ એ'તેબાર નથી. આખી દુનિયાને એ વાતની ખબર છે કે મુસલમાન ઈબાદત માત્ર

ખુદા તઆલાની કરે છે અને તેની જાત અથવા સિફતોમાં મખ્લૂકમાંથી કોઈને ભાગીદાર માનતો નથી.

**સવાલ** :– ઉત્તમ વસીલો કયો છે ? અમલનો અથવા નબી, વલી અને નેક લોકોનો ?

**જવાબ** :– વસીલો જાઈઝ કહેવામાં ત્રણેવ પ્રકાર એક જેવા છે. પણ ઉત્તમ વસીલો એ છે કે અમલ, નબી, વલી અને નેક લોકો બધાનો એક સાથે વસીલો લેવામાં આવે. વ્યકિતગત વસીલામાં નબીનો વસીલો ઉત્તમ છે અને નબીઓમાં સરવરે અંબિયાનો વસીલો ઉત્તમ છે અને અમલથી નબીઓનો વસીલો ઉત્તમ છે.

**સવાલ** :– નબીનો વસીલો નેક અમલોના વસીલાથી ઉત્તમ કેવી રીતે થઈ શકે છે ?

**જવાબ** :– આપણા અમલો ખુદાની બારગાહમાં કબૂલ છે કે નથી એનું આપણને ઈલ્મ નથી. માત્ર કબૂલની ઉમ્મીદ રાખવામાં આવે છે. કિયામતના દિવસ જાણવા મળશે કબૂલ હતા કે નહીં. જ્યારે નબી ખુદાની બારગાહમાં કબૂલ છે એ ઈમાનનો મસ્અલો છે. નબીની કબૂલિયતનો ઈન્કાર કુફ્ર છે. યકીન ઉમ્મીદથી ઉત્તમ છે. તો પછી જેની કબૂલિયતનું યકીન છે તેનો વસીલો લેવો ઉત્તમ ઠરશે.

**જવાબ–૨** :– નબીને નબી માનવું ઈમાન છે અને અમલનું સ્થાન ઈમાન પછી છે. વિના ઈમાને અમલ અમલ કહી શકાતો જ નથી. વ્યર્થ અને બેકાર છે. એટલે નબીનો વસીલો અમલના વસીલાથી ઉત્તમ છે.

**જવાબ–૩** :– ઈમાન હોય અને અમલ ન હોય તો નજાત થઈ શકે છે, પણ અમલ હોય અને ઈમાન ન હોય તો નજાત થઈ શકતી નથી. એટલે પણ નબીનો વસીલો અમલના વસીલાથી ઉત્તમ છે.

**જવાબ–૪** :– અમલ આપણી શરઈ અદાઓનું નામ છે, જેનો સંબંધ આપણી સાથે છે. નબીનું પદ ખુદા તરફથી છે અને એનો સંબંધ ખુદા સાથે છે. આપણી અદાઓથી અદા ઉત્તમ છે. એટલે નબીનો વસીલો આપણા અમલોના વસીલાથી ઉત્તમ છે.

**જવાબ–૫** :– નબીની બેઅદબી અને અપમાનથી સઘળા કબૂલ





થયેલ અમલો પણ બરબાદ અને બેકાર થઈ જાય છે. જાણવા મળ્યું, નબીનો વસીલો અમલના વસીલાથી ઉત્તમ છે.

**اَنْ تَحْبَطَ اَعْمَالُكُمْ وَاَنْتُمْ لَا تَشْعُرُوْنَ** એ કે તમારા અમલો ખરાબ થઈ જાય અને તમને ખબર પણ ન પડે.

**જવાબ–૬** :– જેની પાસે ગુનાહ અને પાપ જ હોય તે અમલને શું વસીલો બનાવવાનો છે, પણ મુસલમાન છે તો નબીનો વસીલો લઈ શકે છે. એટલે નબીનો વસીલો ઉત્તમ છે.

**જવાબ–૭** :– આપણા અમલ નિય્યત પર આધારિત છે. નબીનું નબી હોવું નિય્યત પર આધારિત નથી પણ અલ્લાહ તરફથી મળેલ પદ છે. એટલે નબીનો વસીલો ઉત્તમ છે.

**જવાબ–૮** :– અમલમાં કબૂલ થવાની અને વ્યર્થ જવાની બંને શકયતા છે. જ્યારે નબીમાં કબૂલ જ અવશ્ય છે એટલે નબીનો વસીલો ઉત્તમ છે.

**સવાલ** :– સરવરે અંબિયાનો વસીલો અતિ ઉત્તમ કેમ છે ?

**જવાબ** :– એ વાત પર પૂરી ઉમ્મતની સંમતિ છે કે સરવરે અંબિયા મુહમ્મદ મુસ્તફા ﷺનું પદ અલ્લાહની મખ્લૂકમાં સૌથી ઉચ્ચ છે. આપ અલ્લાહની મખ્લૂકમાં નબીઓમાં પણ સરદાર છે એટલે આપનો વસીલો ઉત્તમ છે, અને એ વાત સ્પષ્ટ છે કે જ્યારે નબીનો વસીલો ઉત્તમ છે તો નબીના સરદારનો વસીલો અતિ ઉત્તમ છે.

**સવાલ** :– અબૂ હામિદ બિન મરઝૂકની કિતાબ "અત્તવસ્સુલ"માં પેજ નં. ૩૦૦ પર એ વર્ણવવામાં આવ્યું છે કે મુહમ્મદ બિન અબ્દુલ વહ્હાબનું મંતવ્ય એ છે કે મુસલમાનોમાંથી જેઓ નબીઓ અને સાલેહીનનો ખુદાની બારગાહમાં વસીલો લે છે તેઓ કાફિર અને મુશ્રિક છે. તો શું વહાબીની વાત સાચી છે ?

**જવાબ** :– શિર્ક અને કુફ્રની બુનિયાદ અબૂલ વહાબિયા પર નથી કે એ જેને કુફ્ર કહે તે કુફ્ર બની જાય અને એ જેને શિર્ક કહે તે શિર્કમાં પ્રવેશી જાય. કુફ્ર અને શિર્કની બુનિયાદ શરઈ કાયદાઓ પર રાખવામાં આવેલી છે. હું તમને એ બતાવી ચૂકયો છું કે કુર્આનમાં આપણા નબીને વસીલો

બનાવવાનું વર્ણન છે. યહૂદીઓ આપની પધરામણી પહેલાં વસીલો લેતા હતા. કુર્આનની જે આયતમાં વસીલો લેવાનો આદેશ આપવામાં આવ્યો છે તેમાં સામાન્ય નિર્દેશ છે અલગથી કોઈ વિગત નથી. એટલે નેક વ્યકિતઓને પણ વસીલો બનાવી શકાય છે. અંધ સહાબી જે દુઆ હુઝૂર ﷺ એ શીખવાડી અને તેમણે માંગી મકસદમાં સફળતા પ્રાપ્ત કરી તેમાં નબીના વસીલાનું વર્ણન છે. સનદો સાથે એ હદીષનો ઉલ્લેખ થઈ ગયો છે અને બીજી હદીષોનો ઉલ્લેખ થશે. શું નબી શિર્કની તાલીમ માટે આવ્યા હતા ? નહીં ! તો નબીનું કરેલું અને બતાવેલું કામ, અમલ, હક્ક, સત્ય અને દુરુસ્ત છે, એની જ ઉપર અમલ કરવામાં આવશે. સ્પષ્ટ થયું કે અબુલ વહાબિયતનું નબી અને નેક લોકોના વસીલાને શિર્ક કહેવું સદંતર ખોટું છે.

**સવાલ** :- ઈબ્ને તૈમિયહ્ જેને તેના જમાનામાં શૈખુલ ઈસ્લામ કહેવામાં આવતો હતો તેણે ઘણી બધી કિતાબો લખી છે. અઢારથી અધિક ભાગોમાં તેના ફત્વા છે. ઘણા બધા ચોટીના આલિમો તેના અનુયાયી છે. તફસીરે રૂહુલ મઆની, સૂરએ માઈદા વસીલાવાળી આયતની તફસીરમાં ઈમામ આલૂસીએ લખાણ કરેલું છે કે ઈબ્ને તૈમિયહ્એ જાતના વસીલાનો ઈન્કાર કર્યો છે. શું આટલો મહાન આલિમ આટલી સામાન્ય વાત નથી સમજી શકતો ?

**જવાબ** :- ઈબ્ને તૈમિયહ્ પોતાના અનુયાયીઓનો શૈખુલ ઈસ્લામ હશે, અમારો નહીં ! અમે અહલે સુન્નત વલ જમાઅતના અનુયાયીઓ છીએ. ગુમરાહ, બદ્દીન અને ખોટા અકીદાના લોકો અમારા વર્તુળથી બહાર છે. ઈબ્ને તૈમિયહ્ની બે શબ્દોમાં ઓળખ એ છે કે મુહમ્મદ બિન અબ્દુલ વહ્હાબ તેને પોતાનો પેશ્વા અને ધર્મગુરૂ માને છે. વહાબી માન્યતા ઈબ્ને તૈમિયહ્ની કિતાબોથી ઉપજાવવામાં આવેલ છે. તેમના શૈખુલ ઈસ્લામને જે કહેવું હોય તે કહે. જ્યારે અમને અમારી માન્યતા પર કુર્આન, હદીષ અને સહાબાનો પુરાવો મળે છે, પછી અમને શો વાંધો ? એ શૈખુલ ઈસ્લામ અને એમના અનુયાયીઓએ વિચાર કરવો જોઈએ કે તેઓ કુર્આન, હદીષ અને સહાબાના અમલ વિરૂધ્ધ પોતાની માન્યતાની બુનિયાદ કેમ રાખે છે ?

**સવાલ** :- કુર્આન શરીફમાં નબીના વસીલાનો પણ ઈન્કાર કરવામાં આવ્યો છે. અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે :-





أُولَٰئِكَ الَّذِينَ يَدْعُونَ يَبْتَغُونَ إِلَىٰ رَبِّهِمُ الْوَسِيلَةَ أَيُّهُمْ أَقْرَبُ وَ
يَرْجُونَ رَحْمَتَهُ وَيَخَافُونَ عَذَابَهُ إِنَّ عَذَابَ رَبِّكَ كَانَ مَحْذُورًا

"તે મકબૂલ બંદાઓ જેમને આ કાફિરો પૂજે છે તેઓ પોતે જ પોતાના રબ પ્રતિ વસીલો ઢુંઢે છે કે તેમનામાં કોઈ વધુ નિકટ છે ? તેની રહમતની આશા રાખે છે અને તેના અઝાબથીડરે છે.

આ આયત પહેલાં એ વર્ણવવામાં આવ્યું છે :-

قل ادعوا الذين زعمتم من دونه فلا يملكون كشف
الضر عنكم ولا تحويلا

"તમે ફર્માવો ! પુકારો તેમને જેમને અલ્લાહને છોડીને ગુમાન કરો છો. તો તેઓ અધિકાર ધરાવતા નથી, તમારી તકલીફ ખસાવવાનો અને તેને ફેરવી દેવાનો."

આયતમાં છે : અલ્લાહને છોડીને જેને ગુમાન કરો છો ! શું કોઈ પણ મુસલમાન કોઈને પ્રિય સમજે છે તો તેને અલ્લાહને છોડીને પ્રિય નથી રાખતો, બલ્કે તે અલ્લાહનો પ્રિય છે અને મુસલમાન અલ્લાહને પ્રિય રાખે છે અને તેને જે પ્રિય છે તેને પણ પ્રિય રાખે છે. તો આ આયતમાં મુસલમાન સામેલ થઈ શકતા જ નથી.

કાફિર લોકો જ્યારે દુષ્કાળમાં સપડાયા અને મરેલા જાનવરો અને કૂતરાં સુધ્ધાં ખાઈ ગયા ત્યારે મજબૂર થઈને સરકારે મદીનાની ખિદમતમાં આવી નમ્રતાથી કહેવા લાગ્યા કે અમે દુષ્કાળમાં સપડાયા છીએ, અમારી ઉપર કૃપા કરો અને અમારા માટે દુઆ કરો. ત્યારે તેમને કહેવામાં આવ્યું, તમે ખુદાને છોડીને મૂર્તિઓની પૂજા કરો છો અને એમને મઅ્બૂદ સમજો છો તો પછી તેમની પાસે જાવ ! તેમને પુકારો ! પણ તમને ખબર હોવી જોઈએ કે તે પથ્થરની મૂરતો છે, તેના અધિકારમાં નફો નુકસાન કંઈ જ નથી.

પ્રથમ આયતમાં જે બુઝુર્ગ બંદાઓનો ઉલ્લેખ થયો તેનાથી હઝરત ઈસા, હઝરત ઉઝૈર અને ફરિશ્તાઓની જમાઅત મુરાદ છે. અહલે કિતાબ અને અન્ય જમાઅતો પૈકી કોઈ ઈસા અને ઉઝૈરને અલ્લાહના બેટા કહે છે. ષાલેષો ષલાષા કહીને ખુદાની ત્રણ ભાગમાં વહેંચણી કરે છે. કોઈ

ફરિશ્તાઓની બંદગી કરે છે, કોઈ જિન્નાતોની એક જમાઅતની ઈબાદત કરે છે, તો ઈબાદત ગમે તેની હોય, ખુદાને છોડીને મખ્લૂકની ઈબાદત કરવી નિઃશંક શિર્ક છે. આયતમાં તેમની રદ કરવામાં આવી છે.

પ્રથમ આયતથી વસીલાનો ઈન્કાર નથી થતો, બલ્કે અલ્લાહની બારગાહમાં નેક લોકોનો વસીલો લેવાની તા'લીમ આપવામાં આવી છે.

يَبْتَغُوْنَ اِلٰى رَبِّهِمُ الْوَسِيْلَةَ اَيُّهُمْ اَقْرَبُ તેઓ પોતાના રબ નિકટ વસીલો ઢુંઢે છે કે તેઓ પૈકી કોણ વધારે નિકટ છે. (જે વધારે નિકટ હોય તેનો વસીલો કાયમ કરે છે. તો વસીલો લેવો ષાબિત થાય છે.)

હઝરત ઈબ્ને મસ્ઊદની રિવાયત છે કે કાફિરોની એક જમાઅત કાફિર જિન્નાતોને માનતી પણ જિન્નાતોની તે જમાઅત મુસલમાન બની ગઈ અને કાફિરોને ખબર ન પડી તો તેમને કહેવામાં આવ્યું, જેમની તમે ઈબાદત કરો છો તેઓ પોતે મુસલમાન બની ગયા છે.

## ★ હઝરત અબ્બાસને વસીલો બનાવવામાં આવ્યો ★

હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہએ હઝરત અબ્બાસ رضی اللہ عنہ સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلمના કાકાને ખુદાની બારગાહમાં વસીલા તરીકે રજૂ કર્યા અને આપની દુઆથી રહમતની વર્ષા થઈ.

હઝરત અનસ બિન માલિકથી રિવાયત છે : જ્યારે લોકો દુષ્કાળમાં સપડાયા તો ઉમર બિન ખત્તાબ رضی اللہ عنہ હઝરત અબ્બાસ બિન અબ્દુલ મુત્તલિબના વસીલાથી વર્ષાની માંગ કરતા અને વિનંતી કરતા :–

اَللّٰهُمَّ اِنَّا كُنَّا نَتَوَسَّلُ اِلَيْكَ بِنَبِيِّنَا ﷺ فَتَسْقِيْنَا وَاِنَّا نَتَوَسَّلُ اِلَيْكَ
بِعَمِّ نَبِيِّنَا ﷺ فَاسْقِنَا قَالَ فَيُسْقَوْنَ

અય અલ્લાહ ! અમે તારી તરફ અમારા નબી صلی اللہ تعالیٰ علیہ وسلمનો વસીલો લેતા તો તું અમારી ઉપર વર્ષા કરતો. અને અમે તારી તરફ વસીલો બનાવીએ છીએ અમારા નબી صلی اللہ تعالیٰ علیہ وسلمના કાકાને, તો તું અમારી ઉપર વર્ષા ફર્માવ ! રાવીએ કહ્યું, તો લોકો પર વર્ષા કરવામાં આવી.

(૨) ઈમામ બયહકી (અવસાન : હિજરી સન–૪૫૮) સુનને





કુબ્રા, જી.–૩, બાબુલ ઈસ્તિસ્કામાં રિવાયત કરી છે.

(૩) ઈમામ ઈબ્ને અસાકિરે (અવસાન : હિજરી સન–૫૭૧)

(૪) હાકિમ (અવસાન : હિજરી સન–૪૦૫) મુસ્તદરકમાં રિવાયત કરે છે.

(૫) ઈમામ કસ્તલાનીએ મવાહિબ ફસલુલ ઈસ્તિસ્કામાં વર્ણન કર્યું છે કે હઝરત અબ્દુર્રઝ્ઝાક (અવસાન : હિજરી સન–૨૧૧)એ મુસન્નફમાં રિવાયત કરી છે.

(૬) ઈમામ નવોવીએ કિતાબુલ અઝકારમાં રિવાયત કરી છે. (અવસાન : હિજરી સન–૬૮૬)

(૭) ફત્હુલ બારીમાં ઈબ્ને હજર અસ્કલાનીએ રિવાયત કરી છે. (જી. ૨, પેજ–૪૧૨) (અવસાન : હિજરી સન–૮૫૨)

(૮) મુહમ્મદ અબ્દુર્રહમાને તુહફતુલ્ અહવઝીમાં રિવાયત કરી છે. (જી. ૪, પેજ–૨૮૨)

(૯) અહમદ બિન મુહમ્મદ કસ્તલાનીએ બાબુલ ઈસ્તિસ્કામાં રિવાયત કરી છે.

(૧૦) મુહમ્મદ બિન અબ્દુલ બાકી ઝર્કાની માલેકીએ શર્હે મવાહિબમાં રિવાયત કરી છે. (જી. ૮, પેજ–૮૬)

(૧૧) ઈમામ શૌકાનીએ નીલુલ અવતારમાં રિવાયત કરી છે. (જી. ૪, પેજ–૮)

(૧૨) તુહફતુઝ્ઝાકેરીનમાં તેમણે જ નકલ કર્યું છે. (પેજ નં. ૧૬૨)

(૧૩) તુહફતુલ અહવઝીમાં એ પણ નકલ કરવામાં આવ્યું છે કે આ હદીષ ઈબ્ને તૈમિયહ્એ પોતાની કિતાબ અત્તવસ્સુલમાં નકલ કરી છે.

ઉપરોકત હદીષથી જાણવા મળ્યું કે વ્યકિતનો પણ વસીલો લઈ શકાય છે. કારણ કે હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہએ અમલોને નહીં, સરકારે મદીનાના કાકાને વસીલો બનાવીને એમની પાસે દુઆ કરાવી તો દુષ્કાળ દૂર થયો અને રહમતની વર્ષા થઈ.

## ★ સહાબાની એકમતિ ★

સહાબાએ કિરામની મોટી સભામાં આ કામ કરવામાં આવ્યું હતું. સઘળા સહાબાએ કિરામે એ વાત સ્વીકારી અને બધાંએ દુઆમાં હાજરી આપી. એનાથી સહાબાની આ વાત પર એકમતિ જાણવા મળે છે. જેને **ઈજમાએ ઉમ્મત** કહેવામાં આવે છે. સ્પષ્ટ થયું, વ્યકિતનો વસીલો લેવો નાજાઈઝ નથી બલ્કે સહાબાથી સાબિત છે અને હુઝૂરનું ફર્માન એની જગાએ મજબૂત પુરાવો છે.

## ★ ઈબ્ને તૈમિયહ્‌નો સવાલ ★

**સવાલ :–** મુરદાને વસીલો બનાવવો જાઈઝ નથી, જો જાઈઝ હોત તો હઝરત ઉમર હઝરત અબ્બાસને વસીલો ન બનાવતા બલ્કે સરકારે મદીનાના વસીલાથી જ દુઆ કરતા. પણ આપે હઝરત અબ્બાસને એટલા માટે વસીલો બનાવ્યો કે તેઓ જીવંત અને હયાત હતા.

**પ્રથમ જવાબ :–** હદીષથી એવું કયાં ષાબિત થાય છે કે હુઝૂરનો વસીલો ન લઈ શકતા હતા એટલે તેમણે હઝરત અબ્બાસનો વસીલો લીધો. બલ્કે હઝરત ઉમર વસીલાનો માર્ગ વિશાળ કરવા માંગે છે. એવું નથી કે માત્ર હુઝૂરનો વસીલો લઈ શકાય અને બીજા કોઈનો ન લઈ શકાય, બલ્કે નેક અને પરહેઝગાર મુસલમાનને પણ વસીલો બનાવી શકાય છે. હઝરત અબ્બાસને વસીલો એટલા માટે બનાવ્યો કે આપ નેક, પરહેઝગાર અને હુઝૂરના કાકા હતા. આ હદીષથી ષાબિત થયું કે વસીલાનો માર્ગ ઘણો વિશાળ છે. વલીઓ અને નેક લોકોને પણ વસીલો બનાવી શકાય છે અને એની ઉપર સહાબાની સંમતિ છે.

**બીજો જવાબ :** એ કે આવું ત્યારે જ કહી શકાય છે જ્યારે બીજી કોઈ એવી હદીષ ન હોય જેમાં હુઝૂરના પર્દો ફર્માવ્યા પછી વસીલો લેવામાં ન આવ્યો અથવા મનાઈ કરવામાં આવી. પણ અમે આગળ જતાં તમને બતાવીશું કે પર્દો ફર્માવ્યા પછી પણ સહાબાના જમાનામાં પણ હુઝૂરનો વસીલો લેવામાં આવ્યો છે.





**ત્રીજો જવાબ :** એ કે જો એવું માની લેવામાં આવે કે હઝરત ઉમરે હઝરત અબ્બાસનો વસીલો એટલા માટે જ લીધો કે એમની સિવાય બીજા કોઈનો વસીલો નથી લઈ શકાતો. જ્યારે કે આ વાતને કોઈ કબૂલતો નથી. પછી તૈમિયહ્‌એ જે વાત ઉપજાવી તેને કોણ કબૂલ કરે !

**ચોથો જવાબ :–** એ કે જીવંતનો વસીલો લઈ શકાય તો મુડદાનો વસીલો કેમ ન લઈ શકાય ? શું માણસ મરીને ખત્મ થઈ જાય છે ? ફના થઈ જાય છે કે પછી માત્ર તેનો આલમ બદલી નાખવામાં આવે છે ? ઈસ્લામી માન્યતા તો એ છે કે માત્ર આલમ બદલાય જાય છે. મરણ પછી તેને આલમે બરઝખમાં પહોંચાડી આપવામાં આવે છે, બલ્કે જીવંત કરતાં મુડદાની શકિતઓમાં વધારો થઈ જાય છે. કારણ કે દુનિયામાં માણસ શરીરની પાબંદીમાં હોય છે. અસલ માણસ રૂહ છે અને રૂહ ફરિશ્તા જેવી મખ્લૂક છે. તેને એક જગાએથી બીજી જગાએ જવામાં સમય લાગતો નથી. આ વિષે અમારુ પ્રકરણ "રૂહાની શકિતઓ"નો અભ્યાસ કરો. જ્યારે મરણ પછી શકિતઓમાં વધારો થઈ જાય છે પછી મરણ પામેલ એક માણસને વસીલો કેમ ન બનાવી શકાય ?

**પાંચમો જવાબ :–** એ કે દરેક ચીજની માંગ તો ખુદાથી કરવામાં આવે છે. વસીલો જેનો લેવામાં આવે છે તે વ્યકિત ખુદાનો પ્રિય છે. એટલે તેના સદકામાં માંગવામાં આવે છે. શું પ્રિય મરણ પછી અપ્રિય બની જાય છે ? નહીં, બલ્કે તેની પ્રિયતામાં વધારો થઈ જાય છે. જે મકસદની પ્રાપ્તિમાં તે ઈબાદત અને બંદગી કરતો હતો મરણ પછી તેમાં તે સફળ થાય છે. પછી મરણ પામેલ નેક વ્યકિતનો વસીલો કેમ ન લઈ શકાય ?

**છઠ્ઠો જવાબ :–** નબીને છોડીને બીજા નેક લોકો માટે એક શંકા છે કે જીવંત હોય અને શૈતાન વસવસો આપી તેમને ડગમગાવે અને તે ડગમગી જાય તો અર્થનો અનર્થ પણ થઈ શકે છે. સારાંશ એ કે ભવિષ્યમાં શું થશે તેની ખબર નથી, અથવા ભવિષ્ય ખતરામાં છે. જ્યારે કે મરણ પછી માણસ દારુલ જઝામાં પહોંચી જાય છે, ત્યાં વસવસાનો પ્રશ્ન રહેતો નથી. સ્પષ્ટ થયું કે મરણ પછી માણસ વધારે રક્ષણમાં છે પછી તેનો વસીલો કેમ ન લઈ શકાય ?

**સાતમો જવાબ** :- વસીલામાં માંગ તો ખુદા તઆલાથી કરવામાં આવે છે. જે વ્યકિતને વસીલો બનાવવામાં આવે છે તે તો માત્ર કબૂલિયતનો ઝરીયો છે. પછી જીવંત હોવાનો અથવા અવસાન પામવાનો પ્રશ્ન જ કયાં ઉપસ્થિત થાય છે. સારાંશ એ કે વસીલામાં જીવંત અને મુડદું એક જેવું જ છે.

**આઠમો જવાબ** :- આપણા અમલો અમલની શકલમાં બાકી નથી રહેતા. જ્યાં સુધી અમલ જારી છે અને અમલ ખત્મ તો તેનો વજૂદ પણ ખત્મ, કબૂલ ન થાય તો તદ્દન વ્યર્થ અને કબૂલ થાય તો સવાબ બનીને આપણા અમલનામામાં લખેલ રહે. જ્યારે અમલ ખત્મ થાય તો પણ તેને વસીલો બનાવી શકાય તો પછી માણસને વસીલો બનાવવામાં જીવન અને મૃત્યુનો તફાવત કેમ કરવામાં આવે ?

**નવમો જવાબ** :- કુર્આનમાં શહીદોને જીવંત કહેવામાં આવ્યા છે, પછી નબીનો દરજ્જો તો શહીદોથી ઊંચો છે. તેઓ પણ જીવંત અને હયાત છે. બલ્કે તેમને અલ્લાહ તઆલાનો વાયદો પૂરો કરવા માટે થોડા સમય માટે મૌત આવે છે, પછી તેમને દુનિયા માફક હયાત અને જીવન આપી દેવામાં આવે છે. પછી નબીઓ માટે મૃત્યુનો સવાલ ઉપસ્થિત નથી થતો. આ વિષે આગળ એક પ્રકરણ રજુ કરવામાં આવશે, જેથી અમારો દાવો મજબૂત રહે અને ગુમરાહ લોકોને સમજની તૌફીક મળે.

## ★ વલી પણ જીવંત છે ★

વલીઓ અલ્લાહ અને રસૂલના મહબૂબ છે અને અલ્લાહ અને રસૂલ તેમના પ્રિય છે. જ્યારે કોઈ માણસ સાચી નિય્યતે કોઈ માણસ સાથે મહોબ્બત કરે અને ગુનાહનો ઈરાદો ન હોય અને તેની યાદમાં મરી જાય તો ફિકહમાં તેવી વ્યકિતને શહીદ કહેવામાં આવે છે. તો પછી જેઓ અલ્લાહ અને રસૂલની મહોબ્બતમાં પોતાને ભૂલી જાય તે શહીદ કેમ ન કહેવાય ? એટલે તેઓ પણ જીવંત છે. પછી તેમનો વસીલો કેમ ન લઈ શકાય ?

**દસમો જવાબ** :- મરણ પામનાર નેક વ્યકિત મરણથી અલ્લાહ તઆલાથી વધારે નિકટ થઈ જાય છે. આપણા માટે અલ્લાહ તઆલાના દીદારથી રુકાવટ આ દુનિયા છે. મૌત પછી દારુલ આખેરતમાં પહોંચે છે.





તેમની રૂહોને જન્નતમાં પણ પ્રવેશવા દેવામાં આવે છે અને એ વાત અસંખ્ય હદીષોથી સાબિત છે કે જન્નતમાં સૌથી મહાન દૌલત જે આપવામાં આવશે તે અલ્લાહ તઆલાનો દીદાર છે. જેમની રૂહો જન્નતમાં પહોંચી હવે માત્ર તેમને કિયામતની રાહ જોવાની છે. આમ તો નથી કે રૂહ જન્નતમાં ગઈ અને શરીર (બદન)ને દોઝખમાં પહોંચાડવામાં આવશે ?! જ્યારે તેમનો માર્ગ જન્નત સુધી વિશાળ થઈ ગયો તો તેમની ઉપર પોતાનું ભલુ અંજામ અને પરિણામ ખુલી ગયું. શું આ દુનિયાથી અધિક ખુદા તઆલાની નિકટતા નથી ? તો પછી મૃત્યુ પામનાર નેક વ્યકિતને વસીલો બનાવવો, જીવંતથી વધારે લાભદાયક છે.

**અગ્યારમો જવાબ** :- બદન અને શરીરનાં સઘળાં કામો રૂહ અને પ્રાણ થકી છે. રૂહ અને પ્રાણ ન હોય તો બદન નિર્જીવ છે. અને મૌતથી માત્ર રૂહ બદનથી અલગ થાય છે. તો રૂહ એની જગાએ બાકી છે અને તે જ બદનનું મૂળ છે. પછી મરણ બાદ વસીલો કેમ ન લઈ શકાય ?

## ★ હઝરત અમીરે મુઆવિયહ્ અને વસીલો ★

ઈબ્ને સઅદ (અવસાન : હિજરી સન-૨૩૦) તબકાતમાં રિવાયત કરે છે. જી. ૭, પેજ-૪૪૪, અબૂ યમાનથી રિવાયત છે : તેઓ સફવાન બિન અમ્રથી રિવાયત કરે છે, તેઓ સુલૈમ બિન આમિર ખબાઈરીથી રિવાયત કરે છે કે, આકાશ દુષ્કાળમય થયું તો મુઆવિયહ્ બિન અબી સુફયાન رضی اللہ عنہ અને દમિશ્કવાળાઓ વર્ષાની દુઆ માટે નીકળ્યા. જ્યારે મુઆવિયહ્ મિમ્બર પર બેસ્યા તો ફર્માવ્યું, યઝીદ બિન અસ્વદ જર્શી કયાં છે ? રાવી કહે છે, લોકોએ તેમને અવાજ આપ્યો તો તેઓ પગપાળા પધાર્યા. મુઆવિયહ્એ તેમને આદેશ આપ્યો તો આપ મિમ્બર પર બિરાજમાન થયા અને તેમના પગો પાસે બેસી ગયા. મુઆવિયહ્એ દુઆ કરી, અય અલ્લાહ ! અમે આજે તારી તરફ અમારામાં ઉત્તમ અને અફઝલના વસીલાથી સિફારિશ કરીએ છીએ. અય અલ્લાહ ! અમે યઝીદ બિન અસ્વદ જર્શીના વસીલાથી સિફારિશ કરીએ છીએ. અય યઝીદ બિન અસ્વદ જર્શી ! તમે અલ્લાહ તરફ તમારા હાથ ઉઠાવો. યઝીદ બિન અસ્વદ જર્શીએ પોતાના હાથ ઉઠાવ્યા અને લોકોએ પણ પોતાના હાથ ઉઠાવ્યા.

فَمَا كَانَ اَوْشَكَ اَنْ ثَارَتْ سَحَابَةٌ فِي الْمَغْرِبِ وَهَبَّتْ لَهَا رِيحٌ
فَسُقِينَا حَتَّى كَادَ النَّاسُ لاَ يَتَّصِلُونَ اِلَى مَنَازِلِهِمْ

તો થોડી જ વારમાં વાદળ ઘેરાયાં પશ્ચિમમાં અને ધમધોકાર હવા ચાલી. પછી અમારા માટે એવી વર્ષા થઈ કે લોકો પોતાના ઠેકાણે પહોંચી શકતા ન હતા.

(૨) મુહઝ્ઝબ બાબુલ ઈસ્તિસ્કામાં ઈમામ અબૂ ઈસ્હાક ઈબ્રાહીમ બિન મુહમ્મદ શીરાઝીએ રિવાયત કરી છે.

(૩) તહઝીબુલ અસ્મા વલ લુગાતમાં (જી. ૨, પેજ–૧૬૧) ઈમામ નવોવીએ નકલ કર્યું છે.

(૪) તુહફતુલ અહવઝીમાં (જી. ૪, પેજ–૨૮૨) મુહમ્મદ બિન અબ્દુર્રહ્‌માને વર્ણન કર્યું છે.

(૫) અત્તવસ્સુલ વલ વસીલામાં ઈબ્ને તૈમિયહ્‌એ નકલ કર્યું છે.

(૬) શર્હે મુહઝ્ઝબ બાબુલ ઈસ્તિસ્કામાં ઈબ્ને તૈમિયહ્‌એ નકલ કર્યું છે.

ઉપરોકત રિવાયતથી જાણવા મળ્યું કે હઝરત અમીરે મુઆવિયહ્‌એ વસીલા તરીકે હઝરત મુઆવિયહ્‌ બિન યઝીદ જર્શીને પેશ કર્યા. આપે જ્યારે એમનો વસીલો લીધો તો સભામાં સહાબા અને તાબેઈન હતા, સર્વેએ વસીલો લીધો અને આ વાતમાં વિવાદ ન કર્યો. હદીષના કાયદાના આધારે જાણવા મળ્યું કે સહાબા અને તાબેઈન કોઈ કામ પર ચૂપ રહે તો પણ તે હદીષ છે. ઉપરોકત બંને રિવાયતોમાં સહાબા અને તાબેઈનના અમલ અને વ્યકિતગત વસીલો સ્વીકારી લેવાનું સાબિત થાય છે. સારાંશ એ કે વસીલો વલીઓનો અને નેક લોકોનો પણ લઈ શકાય છે. અને આ વાતમાં સહાબા અને તાબઈનનો ઈજમાઅત છે. જેઓ વ્યકિતગત વસીલાનો ઈન્કાર કરે છે તેઓ સહાબા અને તાબઈનના ઈજમાઅ્‌નો ઈન્કાર કરે છે.

## ★ નબી અને વલીથી જ માંગ કરવી ★

વસીલાનો એક પ્રકાર એ છે કે નબીઓ અને વલીઓથી જ માંગ





કરવામાં આવે અને શરઈ કાયદાના આધારે બંદાઓથી માંગણી કરવી પણ જાઈઝ છે.

મુસલમાનના ઈમાનનો અતૂટ ભાગ છે કે માણસને જે કંઈ મળે છે ખુદા તઆલા તરફથી જ મળે છે. ખુદાની મખ્લૂકમાંથી કોઈ કશી વસ્તુના મળવાનું કારણ અને ઝરીયો બને તો તે માત્ર કારણ, સબબ અને ઝરીયો છે. અલ્લાહની તૌફીકથી જ તેણે મદદ કરેલી છે. જો કોઈ પણ પ્રકારની મદદમાં અલ્લાહ તઆલાને જ હકીકી કર્તા જાણવામાં આવે તો કોઈ પ્રકારનું શિર્ક પણ સાબિત થતું નથી.

**સવાલ** :– કુર્આનમાં છે : અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

اِيَّاكَ نَعْبُدُ وَاِيَّاكَ نَسْتَعِيْن અમે તારી જ બંદગી કરીએ છીએ અને તારાથી જ મદદ માંગીએ છીએ.

જેમ અલ્લાહ તઆલા સિવાય કોઈની બંદગી કરવી જાઈઝ નથી એ જ પ્રમાણે અલ્લાહ તઆલા સિવાય કોઈની મદદ લેવી પણ જાઈઝ નથી.

**જવાબ** :– અમે પણ એવું જ કહીએ છીએ કે મદદ અલ્લાહની જ છે. પણ મખ્લૂકમાંથી કોઈ મદદ કરે તે હકીકતમાં અલ્લાહ તઆલાની તૌફીકથી જ છે. મદદનું કારણ કોઈ પણ બને મદદ અલ્લાહની જ છે.

**સવાલ** :– વાત અલ્લાહ સિવાય કોઈનાથી માંગ કરવાની છે.

**જવાબ** :– અમે તમને કુર્આન અને હદીષથી બતાવીશું કે મખ્લૂકથી માંગ કરી શકાય છે. તો સાબિત થયું, હકીકી કર્તા મદદનો ખુદાને માનવામાં આવે તો માંગ કરવી નાજાઈઝ નથી.

**સવાલ** :– હકીકી મદદકર્તા ખુદાને સમજી મૂર્તિઓથી માંગ કરવામાં આવે તો કરી શકાય છે ? તમારા જવાબથી તો એ જ જાણવા મળે છે !

**જવાબ** :– કાફિર અને મુશ્રિક તો ઈસ્લામી વર્તુળથી બહાર છે. એમનાથી ચર્ચા નથી. તેમને જે યોગ્ય લાગે તે કરે. આપણી વાત મુસલમાનો માટે છે. શું એ શકય છે કે મુસલમાન મૂર્તિઓથી મદદની માંગ કરે ? પછી મૂર્તિઓથી મદદની માંગ કરવાનો સવાલ ઉપસ્થિત કરવો તદ્દન અયોગ્ય છે. બીજી વાત એ કે મૂર્તિઓથી મદદની માંગ કાફિરોની ધાર્મિક ઓળખ

અને ચિન્હ છે. ગૈરમુસ્લિમના ધાર્મિક ચિન્હને અમલમાં લાવવું મુસલમાનને કાફિર બનાવી દે છે. એટલે મદદ માંગવામાં ગમે તે નિય્યત હોય, મુસલમાન પણ મૂર્તિઓથી મદદ માંગે તો તેને કાફિર અને મુશ્રિક કહેવામાં આવશે.

**સવાલ** :- પછી કબરોથી મદદ માંગવી એના જેવું જ થયું ! કારણ કે કાફિરો મુસલમાનોની કબરો પર હાજરી આપીને મદદની માંગ કરે છે. દાખલા તરીકે અજમેરમાં અસંખ્ય કાફિરો હાજરી આપે છે અને ખ્વાજા સાહેબથી મુરાદો માંગે છે.

**જવાબ** :- મુસલમાનોની કબ્રોની ઝિયારત કરવી ઈસ્લામી તાઝીમ છે. સરવરે કાએનાત صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઝિયારતનો આદેશ આપ્યો છે. મિશ્કાત બાબે ઝિયારતિલ કુબૂરમાં છે કે હું તમને ઝિયારતે કુબૂરથી મનાઈ કરતો હતો, તો સાંભળી લો ! હવે તમે ઝિયારત કરો. બેશક ! તે તમને દુનિયામાં બેરગબત (દુનિયાથી વિમુખ) કરશે અને આખેરતની યાદ અપાવશે. (એટલે કે જેમ તેઓ આ દુનિયાથી જુદા થઈ આલમે બરઝખમાં પહોંચી ગયા. અમારે પણ અહીં કાયમ રહેવાનું નથી અને દુનિયા છોડીને ખુદાની બારગાહમાં હાજરી આપવાની છે.)

ઉપરોકત રિવાયતથી જાણવા મળ્યું કે મુસલમાનોની કબ્રોની ઝિયારતનો આપણને આદેશ આપવામાં આવ્યો તો તે આપણુ ઈસ્લામિક કામ થયું. કાફિરોથી એ કામને કોઈ સંબંધ નથી. જો કાફિરો પણ બુઝુર્ગોની કબ્રો પર હાજરી આપે તો તે મુસલમાનોની નકલ કરી રહ્યા છે. કાફિરનો ફત્વો ત્યારે આપી શકાય છે જ્યારે મુસલમાન કાફિરોના ધાર્મિક ચિન્હને અમલમાં લાવે. અહીં તો કાફિર મુસલમાનોનાં ધાર્મિક ચિન્હને અમલમાં લાવી રહ્યો છે !

બીજો જવાબ એ છે કે મુસલમાનની કબ્ર અને કાફિરોની મૂર્તિ હુકમમાં એક જેવી છે ? નથી ! બિલકુલ નથી. મુસલમાનની કબ્રની ઝિયારત કરી શકાય છે, મૂર્તિઓની નહીં. મુસલમાનની કબ્રની ઈજ્જત કરવામાં આવશે, મૂર્તિઓની નહીં. મુસલમાનની કબ્રની બેઈજ્જતી ગુનોહ અને પાપ છે, મૂર્તિઓની બેઈજ્જતી સવાબ અને ઈમાન છે. મુસલમાન ગુજરી જાય તો તેને અદબથી ગુસ્લ આપવામાં આવે છે, કફન પહેરાવવામાં આવે છે,





જનાઝામાં અદબથી ખભે ઊંચકીને લઈ જવામાં આવે છે, અદબથી કબ્રમાં રાખવામાં આવે છે, પછી તેની કબ્રની પણ રિસ્પેકટ રાખવામાં આવે છે. શું આમાંથી કાંઈ પણ મૂર્તિઓ માટે કરવામાં આવે છે ? પછી મુસલમાનની કબ્ર અને મૂર્તિઓ એક જેવી શી રીતે થઈ શકે છે ? બીજું એ કે મુસલમાનની કબ્ર પર હાજરી આપીને સલામ કરવામાં આવે છે. અને હદીષમાં છે મરનાર વ્યકિત સાંભળે છે અને સલામનો જવાબ પણ આપે છે. શું મૂર્તિઓને પણ સલામ કરવામાં આવે છે ? પછી મુસલમાનની કબ્ર અને મૂર્તિ એક જેવી શી રીતે થઈ શકે છે ? મૂર્તિને સલામ કરવી કુફ્ર છે, મુસલમાનની કબ્ર પર હાજરી આપી સલામ કરવી સુન્નત અને સવાબનું કામ છે. પછી બંનેને એક દંડાથી કેમ હાંકવામાં આવે ?

**સવાલ** :- વાત એ છે કે કાફિરો પણ મુસલમાનોની કબ્રોથી મદદની માંગ કરે છે.

**જવાબ** :- કાફિરોની મૂર્તિઓથી માંગ કુફ્ર અને શિર્ક છે. મુસલમાન કબ્રવાળાથી મદદની માંગ શિર્ક અને કુફ્ર નથી. જો તેઓ કબ્રવાળાને ખુદાનો બંદો માનતા હોય અને મદદને ખુદાની તૌફીક અને રજાથી સ્વીકારતા હોય અને ન જાણતા હોય તો જાણી લો અમે બરેલ્વી પણ આમ જ કહીએ છીએ કે હકીકી અને અસ્લ મદદ ખુદાની છે. જો કોઈ મખ્લૂકથી આમ સમજીને મદદ લેવામાં આવે કે તે પોતે જ મદદ કરી રહ્યો છે, એની મદદમાં ખુદાની મદદ અને એનો હુકમ શામિલ નથી તો એવી માન્યતા રાખનાર પાકો કાફિર અને ખરેખર મુશ્રિક છે. પણ અમે જાણીએ છીએ કે મુસલમાન આ પ્રમાણેની માન્યતા રાખી જ નથી શકતો. એટલે મુસલમાન મખ્લૂકમાંથી કોઈની જે રીતે લઈ શકાય મદદ લે તો આમ જ માનવામાં આવશે કે તેને સબબ અને ઝરીયો સમજીને મદદ માંગી રહ્યો છે. હદીષ શરીફમાં છે : મુસલમાનો પ્રત્યે સારો ખયાલ રાખો.

## ★ દુનિયામાં એકબીજાની જરૂરત ★

આ વાત મધ્યાહ્ને ચમકતા સૂર્ય માફક યકીની અને નિઃશક છે કે માણસને પોતાના જીવનમાં ડગલે અને પગલે એકબીજાની જરૂરત પડે છે. જો કોઈ પણ નિય્યતે ગેરખુદાની મદદને નાજાઈઝ કુફ્ર અને શિર્ક કહેવામાં

આવે તો કોઈ પણ માણસ કુફ્ર અને શિર્કથી બચી ન શકે ? અથવા કયારે પણ કોઈ માણસ ઈસ્લામી વર્તુળમાં પ્રવેશી ન શકે. કારણ કે ઈસ્લામમાં પ્રવેશવા માટે કુફ્ર અને શિર્કથી અલગ થવું જરૂરી અને માણસ પોતાના જીવનમાં ગૈરખુદાની મદદથી અલગ નથી થઈ શકતો.

માણસ પેદાઈશથી લઈને મૌત સુધીમાં અસંખ્ય લોકોની મદદ લે છે. પેદા થવામાં માતા પિતાનો સહારો, મોટા થવામાં તેમની મદદનું એહસાન, ઈલ્મ શીખવામાં ઉસ્તાદનું એહસાન, ખાવું, પીવું, રહેવું, સહેવું, પહેરવું, ઓઢવું, બધું જ ગૈરખુદા અને એની આપણને જરૂરત. બીમાર થઈએ ડૉકટરની જરૂરત, શિફા મેળવવા દવાનો સહારો વગેરે વગેરે. દરેકને ખબર છે બતાવવાની જરૂર, જેઓ ગૈરખુદાની મદદ લેવી જાઈઝ સમજે છે તેઓ પણ લે છે અને જેઓ ગૈરખુદાની મદદ લેવી શિર્ક કહે છે તેઓ પણ લે છે ! શું પછી પણ ગૈરખુદાથી મદદ લેવામાં કોઈ શર્ત લગાડયા વિના કુફ્ર અને શિર્ક જ કહેવામાં આવશે ? ખુદારા બીજા પર કૃપા ન કરો તો પોતાની ઉપર તો કૃપા કરો ! શાને ખોટી હઠમાં પોતાને કાફિર બનાવો છો !

## ★ ગૈરખુદાની મદદમાં શર્ત અવશ્ય ★

જ્યારે એ સાબિત થઈ ગયું કે આપને ડગલે ને પગલે ગૈરખુદાની મદદની જરૂરત પડે છે અને બચવું હોય તો પણ આપણે બચી શકતા નથી. તો પછી ગૈરખુદાની મદદ લેવી કુફ્ર અને શિર્ક કયારે બને છે ? તેના માટે આપણે શર્તનો વધારો કરવો જ પડશે. તે શર્ત એ છે કે, સાચી (અસલ) મદદ ખુદાની અને મખ્લૂકને મદદનો સબબ અને ઝરીયો સમજવામાં આવે. બીજી શર્ત એ છે કે જેનાથી મદદ લેવામાં આવે ઈસ્લામમાં સ્પષ્ટ શબ્દોમાં તેમનાથી મનાઈ કરવામાં ન આવી હોય. ત્રીજી શર્ત એ કે તેનો સમાવેશ કાફિરોના ધાર્મિક ચિન્હમાં ન હોય. જો આ શર્તોનો ખયાલ રાખીને ગૈરખુદાની મદદ લેવામાં આવે તો નથી કુફ્ર થતું, નથી શિર્ક થતું અને એ જ સચ્ચાઈ અને ન્યાય છે.

## ★ દિમાગથી નજીક કરવા માટે અન્ય દલીલો ★

**સવાલ** :– સદકએ ફિત્ર શું છે ?





**જવાબ** :– શવ્વાલની પ્રથમ તારીખ ઈદનો દિવસ છે તેને ઈદુલ ફિત્ર કહેવામાં આવે છે. જરૂરતોને બાદ કરી માલિકે નિસાબ હોય તેણે ઈદગાહમાં જતા પહેલાં એક નિયુકત વજનમાં અથવા એટલી કિંમતમાં સદકો ગરીબોને આપવો વાજિબ છે. (પૂરતો ઉલ્લેખ તોહફાએ નજાત, ભાગ-૪ માં જુઓ)

**સવાલ** :– માલદાર પાસે ગરીબ સદકએ ફિત્રની માંગ કરી શકે છે ?

**જવાબ** :– કેમ નહીં ! એ જરૂરતમંદ મિસ્કીન હોય તો નિઃશંક માંગ કરી શકે છે.

**સવાલ** :– તો પછી સદકએ ફિત્રનો હુકમ ગરીબ મુસલમાનોની મદદ માટે જ આપવામાં આવેલો છે ?

**જવાબ** :– બેશક ! ગરીબ મુસલમાનોની મદદ માટે આપવામાં આવેલો છે.

**સવાલ** :– ગૈરખુદાથી કોઈ પણ શર્તે મદદ ન લઈ શકાય તો પછી આ હુકમ મળવો જ ન જોઈએ ?

**જવાબ** :– આ સવાલનો જવાબ તે લોકો આપશે જેઓ વિના શર્તે ગૈરખુદાની મદદ લેવી કુફ્ર અને શિર્ક કહે છે. (શું ઈસ્લામ સદકએ ફિત્ર વાજિબ કરીને કુફ્ર અને શિર્કનો આદેશ આપે છે ?)

**સવાલ** :– ઝકાત શું છે ?

**જવાબ** :– જે મુસલમાન પોતાની જરૂરતો બાદ કરીને નિસાબ જેટલો માલ રાખે. વર્ષના અંતે તેની ઉપર ફર્ઝ છે કે ચાલીસમો ભાગ ઝકાતની નિય્યતે અલગ કરી ગરીબ મુસલમાનને માલિક બનાવે. (વધારે ઉલ્લેખ તોહફાએ નજાત, ભાગ-૪ માં છે)

**સવાલ** :– તો પછી સદકએ ફિત્ર માફક આ હુકમ પણ ગરીબ મુસલમાનોની મદદ માટે જ છે ?

**જવાબ** :– બેશક ! ગરીબ મુસલમાનોની મદદ માટે છે.

**સવાલ** :– તો પછી ગરીબ મુસલમાન માલદારોથી ઝકાતની

માંગ પણ કરી શકે છે ?

**જવાબ** :– બેશક ! જરૂરતમંદ ઝકાતની માંગ કરી શકે છે ?

**સવાલ** :– ગૈરખુદાની મદદ લેવી શિર્ક હોય તો પછી ઈસ્લામે આપણને ઝકાતનો આદેશ શા માટે આપ્યો ?

**જવાબ** :– આ સવાલનો જવાબ તે લોકો આપશે જેઓ ગૈરખુદાની મદદ કોઈ પણ શર્ત વિના કુફ્ર અને શિર્ક કહે છે.

**સવાલ** :– કોઈ મુસલમાન તકલીફમાં હોય અને બીજા મુસલમાન ભાઈઓથી મદદની માંગ કરે તો શું મદદ કરવી જોઈએ ?

**જવાબ** :– મદદ કરવી જોઈએ. મુસલમાનની મદદ ઘણા જ સવાબનું કામ છે. હદીષ શરીફમાં છે : સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો :–

اَللّٰهُ فِي عَوْنِ الْعَبْدِ مَا كَانَ الْعَبْدُ فِي عَوْنِ اَخِيْهِ

અલ્લાહ બંદાની મદદમાં છે જ્યાં સુધી બંદો પોતાના ભાઈની મદદમાં (લાગેલો) છે.

**સવાલ** :– કોઈ મુસલમાન આપણા ઘરે માંગવા આવે તો શું તેની મદદ કરવી જોઈએ ?

**જવાબ** :– આપણી પાસે હોય તો જરૂરથી મદદ કરવી જોઈએ. આપણા પ્યારા નબી માંગવાવાળાને ના ન કહેતા, હોય તો આપતા અને ન હોય તો આપવાનો વાયદો કરતા. તો સુન્નત એ છે કે મદદ કરવી જોઈએ.

**સવાલ** :– ગૈરખુદાથી મદદની માંગ કરનાર શિર્ક કરે છે પછી તેની મદદ કેમ કરવામાં આવે ? અને આમ જ હોય તો પછી આપણા નબીએ મદદ માંગવાવાળાની મદદ કેમ કરી ?

**જવાબ** :– આનો જવાબ તેઓ આપશે જેઓ ગૈરખુદાની મદદ લેવી વિના શર્તે શિર્ક અને કુફ્ર કહે છે. એમની હઠ પ્રમાણે તો નબીની સુન્નત પણ શિર્કની તાલીમ બની રહી છે !

**સવાલ** :– બાળક પેદા થયું, તેના માતા પિતાએ તેને દૂધ ન





આપ્યું અને તેનો કોઈ ખયાલ ન કર્યો. અંતે બાળક મરી ગયું તો મા બાપ ગુનેહગાર ઠરશે ?

**જવાબ** :– તેઓ સખ્ત ગુનેહગાર જાલિમ છે. એક મુસલમાનને નાહક કત્લ કરવાનો અઝાબ તેમને મળશે. તૌબા ન કરે તો મુસલમાનોએ તેમનાથી સંબંધ રાખવો જાઈઝ નથી.

**સવાલ** :– ગૈરખુદાની મદદ લેવી શિર્ક છે અને માતા પિતા ગૈરઅખુદાછે પછી તેઓ બાળકની મદદ શાથી કરે ? અને મદદ ન કરવા પર જાલિમ શાથી ?

**જવાબ** :– એનો જવાબ તેઓ આપશે જેમણે વિના શર્તે ગૈરખુદાની મદદ લેવી શિર્ક કહ્યું છે.

**નોંધ** :– આ પ્રમાણે અસંખ્ય સવાલો થઈ શકે છે. પણ અન્ય સવાલો અમે તમારી ખિદમતમાં એટલા માટે રજુ કર્યા કે તે વાત દિમાગથી નિકટ થઈ જાય કે અમુક શર્તો સાથે ગૈરખુદાની મદદ લેવી જાઈઝ છે. વિના શર્તે ગૈરખુદાથી મદદ લેવાને શિર્ક અને કુફ્ર કહેવું ઈસ્લામને બરબાદ કરાવે છે. કારણ કે એનાથી અસંખ્ય હદીષો અને આયતો શિર્ક અને કુફ્રની તાલીમ બની જાય છે.

**સવાલ** :– પછી કુર્આનમાં શા માટે કહેવામાં આવ્યું : وَاِيَّاكَ نَسْتَعِيْنُ "અને અમે તારાથી મદદ લઈએ છીએ." તો પછી જેમણે ભૂલ કરી તો આ આયતને લક્ષમાં રાખીને કરી ?

**જવાબ** :– કુર્આનમાં માત્ર સૂરએ ફાતેહા જ નથી ! બીજી ૧૧૩ સૂરતો છે. તેમણે માત્ર સૂરએ ફાતેહા પઢીને હુકમ કેમ લગાડયો ? જાહિલને મસ્અલો બયાન કરવાનું કોણ કહે છે ? ફૈસલો કરતાં પહેલાં બીજી આયતો અને હદીષો પર પણ ધ્યાન આપવું જોઈએ ! બીજું એ કે જ્યારે તેમના ભૂલ કરવા પર તેમને અસંખ્ય આયતો અને હદીષોથી બતાવવામાં આવ્યું કે અમુક શર્તો સાથે ગૈરખુદાની મદદ લઈ શકાય છે તો પછી તેઓ માનવા તૈયાર કેમ નથી થતા ? શું તેમને એ વાતની ખબર નથી કે, કુર્આનની આયતો પણ એકબીજાની તફસીર થઈ શકે છે ? અને હદીષો પણ કુર્આનની તફસીર કરે છે ? તો પછી તેમણે આયતની તફસીર પોતાના દિમાગથી કેમ કરી ? જો

તેમને કાયદા કાનૂનની ખબર નથી તો તેઓ જાહિલ છે. જાહિલને ફત્વો આપવાની શરઈ છૂટ કયાં છે ? સારાંશ એ કે આ તેમની ભૂલ નથી પણ ઈરાદાપૂર્વક ઈસ્લામને બરબાદ કરવાની અને મુસલમાનોને કાફિર બતાવવાની સ્કીમ છે. ભૂલ ભૂલ કહીને તેમને માફ કરવામાં નહીં આવે.

**સવાલ** :– મસ્જિદ અને મદ્રસો ચલાવવા માટે ચંદો કરવો જાઈઝ છે ?

**જવાબ** :– જરૂરથી જાઈઝ છે. અને મુસલમાનોએ ચંદો કરવો જોઈએ અને ચંદો કરનારને રાખવો જોઈએ. હદીષ શરીફમાં મસ્જિદ બનાવી આપનારને જન્નતમાં ઘર બનાવી આપવાની ખુશખબર આપવામાં આવી છે.

**સવાલ** :– ગૈરખુદાથી મદદ લેવી જાઈઝ નથી, પછી ચંદો લેવો પણ મદદ છે એ કેમ કરી લેવામાં આવે ?

**જવાબ** :– અમે તો કહીએ જ છીએ કે અમુક શર્તો સાથે ગૈરખુદાની મદદ લેવી જાઈઝ છે. પણ જેઓ ગૈરખુદાની મદદ લેવી વિના શર્તે ના કહે છે તેઓ આ સવાલનો જવાબ આપશે કે મદદ લેવી જાઈઝ નથી તો ચંદો કેમ લેવામાં આવે ?

**જવાબ** :– ઈલ્મ શીખવું જરૂરત જેટલું ફર્ઝ છે અને બધાની જરૂરત પૂરી કરી શકાય એટલું ફર્ઝે કિફાયા છે.

**સવાલ** :– ઈલ્મ ઉસ્તાદથી જ પ્રાપ્ત થઈ શકે છે તો ઉસ્તાદ કોને બનાવવામાં આવે ?

**જવાબ** :– ઉસ્તાદથી જ ઈલ્મ મળી શકે છે અને એના માટે સાચા અકીદાનો પરહેઝગાર ઈલ્મવાળો હોવું જરૂરી છે.

**સવાલ** :– તો પછી ઈલ્મ શીખવામાં ગૈરખુદાની મદદ લેવી જ પડે, નહીંતર જાહિલ રહેવું પડે ?

**જવાબ** :– એટલે જ અમે કહીએ છીએ કે અમુક શર્તો સાથે ગૈરખુદાની મદદ લઈ શકાય છે. જેઓ વિના શર્તે મદદ લેવી નાજાઈઝ કહે છે તેઓ જવાબ આપશે કે ઈલ્મ શીખશે અથવા જાહિલ રહેશે !





## ★ ગૈરખુદાની મદદ કુર્આન અને હદીષના પ્રકાશમાં ★

હું તમને બતાવી ગયો તેમ કે કુર્આનમાં માત્ર સૂરએ ફાતિહા નથી, બીજી પણ ૧૧૩ સૂરતો છે. કોઈ પણ હુકમ કોઈ એક આયતને દેખીને લગાડવામાં નહીં આવે બલ્કે સઘળી આયતો પર લક્ષ આપવામાં આવશે. અને એવો માયનો લેવામાં આવશે જે કોઈ બીજી આયતના વિરૂધ્ધ ન હોય. બદઅકીદા લોકોએ જે ભૂલો કરી છે તે એટલે જ કે તેઓ સઘળી આયતો પર લક્ષ આપતા નથી અને કોઈ એક આયતને જોઈને હુકમ લગાડે છે. કઈ આયત કયાં અને કોના માટે નાઝિલ થઈ તેની ઉપર ધ્યાન આપતા નથી. અને દોસ્ત અને દુશ્મનનો તફાવત કર્યા વિના હુકમ લગાડે છે. મુસલમાન લોકોમાં જોવા મળતો વિવાદ બદઅકીદાના જાહિલ કહેવાતા મૌલ્વીઓના માથે જાય છે.

**સવાલ** :– મૌલ્વીઓની ભૂલો હોય તો પબ્લિક શું કરે ?

**જવાબ** :– ઈસ્લામે એવું તો નથી કહ્યું કે ગમે તેની વાત માની લેવાની અને ગમે તેનું અનુસરણ કરી લેવાનું ! બલ્કે અલ્લાહ તઆલાએ આપણને પણ અક્કલ અને સમજ આપેલી છે તેને ઉપયોગમાં લાવવી જોઈએ. તેઓ ભૂલ કરી ગયા પણ પબ્લિક ભૂલ શા માટે કરે છે ? દુનિયાના કામોમાં તો આપણે ઘણા ચુસ્ત, ચાલાક અને હોશિયાર છીએ. એક પૈસાનું નુકસાન થાય એ પણ આપણને પસંદ ન આવે અને એના માટે આપણે દસ માણસો પાસે મશ્વેરો લઈએ. પછી દીનની વાતમાં આપણે આટલા આળસુ અને અશકત કેમ ? શું આખિરતનું મુકામ દુનિયાથી નીચું છે ? સારાંશ એ કે બહાનાં કામ આવશે નહીં.

## ★ બાતિલ અકીદાનો જવાબ ★

અન્ય સવાલોના જવાબ નથી આપવામાં આવ્યા અને આમ કહીને છોડી દેવામાં આવ્યું હતું કે જે લોકો ગૈરખુદાથી મદદ વિના શર્તે નાજાઈઝ અને કુફ્ર કહે છે જયારે તેમની પકડ કરવામાં આવે છે તો તેઓ જવાબમાં

કહે છે, અમે તેમને ખુદા સમજીને મદદ નથી લેતા. ખુદા સમજીને મદદ લેવી શિર્ક છે.

હવે એમને પૂછવામાં આવે કે તમે એક જગ્યાએ એવું સાબિત કરી બતાવો કે અમે ગૈરખુદાથી તેમને ખુદા સમજીને મદદ લઈએ છીએ. અમે વારંવાર કહીએ છીએ કે મખ્લૂકથી મદદ લઈ શકાય છે પણ એવું સમજીને કે સાચી મદદ ખુદાની છે અને મખ્લૂક તે મદદનું કારણ અને સબબ છે.

## ★ બાતિલ અકીદાનો બીજો જવાબ ★

બાતિલ અકીદાના લોકો બીજો જવાબ એ આપે છે કે ગૈરખુદા જીવંત હોય તો તેની મદદ લઈ શકાય પણ મરણ પછી તેની મદદ લેવી શિર્ક છે. તમે જે કંઈ સવાલો કર્યા તેનો સંબંધ જીવંત સાથે છે અને જીવંતથી મદદ સબબ સમજીને લઈ શકાય છે, મુડદાથી મદદ લેવી જાઈઝ નથી.

## ★ જવાબનો જવાબ ★

કુર્આનની આયતમાં : وَاِيَّاكَ نَسْتَعِيْنُ અમે તારી જ મદદ લઈએ છીએ. ખુદા સિવાય કોઈની મદદ નહીં. તો પછી જીવંત હોય તો તેની પણ નહીં અને મુડદુ હોય તો તેની પણ નહીં. એવું કયાંથી લાવ્યા કે જીવંતની મદદ લઈ શકાય અને મુડદાની ન લઈ શકાય ? એટલે તમે જો જીવંત અને મુડદાની વચમાં ફરક કરવા માંગતા હોઉ તો ઉપરોકત આયત પ્રમાણે તદન ખોટુ છે.

## ★ બીજો જવાબ ★

અમે તમને બતાવી ગયા કે કુર્આનમાં શહીદો માટે કહેવામાં આવ્યું કે :– وَلَا تَحْسَبَنَّ الَّذِيْنَ قُتِلُوْا فِيْ سَبِيْلِ اللّٰهِ اَمْوَاتًا بَلْ اَحْيَاءٌ عِنْدَ رَبِّهِمْ يُرْزَقُوْنَ

''જેમને અલ્લાહના માર્ગમાં શહીદ કરી દેવામાં આવ્યા તેમને કયારે પણ મરેલા ખયાલ ન કરશો, બલ્કે તેઓ પોતાના રબ પાસે જીવંત છે, તેમને રોજી અપાઈ રહી છે.''





બીજી આયતમાં અલ્લાહ તઆલાનો ઈર્શાદ છે :–

وَلَا تَقُوْلُوْا لِمَنْ يُّقْتَلُ فِيْ سَبِيْلِ اللّٰهِ اَمْوَاتٌ بَلْ اَحْيَاءٌ وَّلٰكِنْ لَّا تَشْعُرُوْنَ

''અલ્લાહના માર્ગમાં જેને શહીદ કરવામાં આવે તેને મરેલા ન કહેશો બલ્કે જીવંત છે પણ તમને ખબર નથી પડતી.''

ઉપરોકત બંને આયતોમાં શહીદોને મુડદા કહેવાથી અને મુડદા ખયાલ કરવાથી મનાઈ કરવામાં આવી છે અને તેઓ જીવંત છે એવી ખુશખબર સંભળાવવામાં આવી છે. જો તમે આમ કહેતા હોય કે જીવંતથી મદદ લઈ શકાય છે મુડદાથી નહીં, તો તમારે તમારા ફરક પ્રમાણે એ વાત માન્ય રાખવી પડશે કે શહીદોથી મદદ લઈ શકાય છે અને એમનાથી મદદની માંગ કરી શકાય છે, કારણ કે તેઓ એવા જીવંત છે કે તેમના જીવનની બશારત કુર્આન આપી રહ્યું છે.

## ★ અમારી અને તમારી માન્યતા ★

શહીદ જીવંત છે અને એનો ઈન્કાર નહીં કરી શકો. કારણ કે કુર્આન સાક્ષી આપી રહ્યું છે અને ઈન્કાર કરી જાવ તો શકય છે કેમ કે તમે પોતાની હઠમાં ઘણી બધી આયતોનો ઈન્કાર કરેલો છે !

જો શહીદોનું જીવંત હોવું તમને માન્ય હોય તો હું એક વાત બતાવું જેમાં તમારી અને અમારી સંમતિ છે. તે એ છે કે અલ્લાહની મખ્લૂકમાં સૌથી ઊંચો દરજ્જો અને મર્તબો નબીઓનો છે. નબીઓની બરાબરીમાં કોઈ નથી. જ્યારે શહીદ દીનને આગળ લાવવા પોતાની જાન અને પ્રાણ ખુદાની બારગાહમાં અર્પણ કરે છે તો ખુદા તેનાથી ખુશ થઈને તેને હમેશાંનું જીવન આપે છે અને લોકોને હોશિયાર કરે છે કે જો જો ! તેમને દફન કરીને આમ ન સમજશો કે તેઓ મરી ગયા અને સામાન્ય મુડદાંઓ માફક અમે તેમને જમીનના ખાડામાં દફન કરી લીધા, બલ્કે તેમણે પોતાના પ્રાણ ખુદાની બારગાહમાં અર્પણ કર્યા છે અને ખુદાએ ખુશ થઈને તેમને હમેશાંની જિંદગી અતા કરી છે.

જ્યારે શહીદને માત્ર પ્રાણ અર્પણ કરવાથી જીવંત હોવાની ખુશખબર મળે તો નબીનો મર્તબો સૌથી ઊંચો છે, તેમની બાબત તમારે શું

કહેવું છે ? શહીદ જીવંત અને નબી મુર્દા ? તો પછી નબી પણ જીવંત છે અને જીવંતથી તમારા કહેવા પ્રમાણે મદદ માંગી શકાય તો નબીની મદદ માંગવી જાઈઝ છે.

શહીદના કામથી ખુશ થઈને ખુદા તેને પોતાનો દોસ્ત બનાવી લે છે અને તેને હમેશાંનું જીવન અતા કરે છે, તો જેને વલી કહેવામાં આવે છે તે પણ ખુદાનો દોસ્ત છે તેને શહીદોવાળી ખુશખબર કેમ આપવામાં ન આવે ? શહીદનું ગુનાહથી બચવું જરૂરી નથી. ગુનેહગાર અને પાપી માણસ પણ ઈસ્લામ માટે લડીને શહાદતનો ફત્વો અને પદ મેળવી શકે છે. શહાદતનું પદ માણસના અધિકાર અને ઈખ્તિયારમાં છે, તે પોતે મેળવી શકે છે. જ્યારે વિલાયતનું પદ માણસના અધિકારમાં નથી, અલ્લાહ તઆલા તરફથી આપવામાં આવે છે અને એ જેને ઈચ્છે છે અર્પણ કરે છે. વળી ગુનાહ નથી કરતો જેથી અલ્લાહ તઆલા તેની હિફાઝત કરે છે અને રક્ષણ ફર્માવે છે. સારાંશ એ કે વિલાયતનું પદ શહાદતના પદથી ઊંચું છે. જ્યારે નીચા પદવાળાને હમેશાંના જીવનની ખુશખબર મળે તો તેનાથી ઊંચા પદવાળાને એ બશારત કેમ ન મળે ? જાણવા મળ્યું : વલીઓ પણ જીવંત છે. અને તમારા કહેવા પ્રમાણે જીવંતથી મદદ લઈ શકાય છે. એટલે વલીઓથી મદદ લેવી જાઈઝ છે. અને અમે એવું તો કહીએ છીએ કે નબીઓ, વલીઓ અને શહીદોથી મદદ લઈ શકાય છે, સામાન્ય લોકોથી મદદ માંગવી અને સામાન્ય લોકોનો વસીલો લેવો અમે પણ નથી માનતા.

**સવાલ** :– તેઓ જીવતં છે તો પછી તેમને જમીન નીચે દફન કેમ કરી દેવામાં આવ્યા ?

**જવાબ** :– એનો જવાબ તો આપે આપવાનો છે કે કુર્આનમાં શહીદને જીવંત કહેવામાં આવ્યા અને આપણને કહેવામાં આવ્યું કે તમે તેમને મુર્દા ન કહો અને મુર્દા ખયાલ પણ ન કરો ! તેઓ જીવંત છે પણ તમારી સમજમાં આવી શકતું નથી. શું શહીદને દફન કરવામાં નથી આવતો ? પછી તેને કેમ મુર્દા કહેવાનું ના કહેવામાં આવ્યું ?

એ જ દાખલા પ્રમાણે અમે વલીઓ અને નબીઓને જીવંત કહીએ છીએ. એટલે જવાબ અમારે નહીં તમારે આપવાનો છે.





**સવાલ** :– વલી જીવંત હોય તો તેનો માલ વારસદારોમાં વહેંચી કેમ દેવામાં આવે છે ?

**જવાબ** :– શહીદોનો માલ પણ વારસદારોમાં વહેંચી દેવામાં આવે છે તો પણ કુર્આન કહે છે કે તેઓ મુર્દા નથી, જીવંત છે. તો એ જ દાખલા પ્રમાણે વલીઓ પણ જીવંત છે અને એમનો માલ વારસદારોમાં વહેંચી દેવામાં આવે છે.

**બીજો જવાબ** :– દુનિયા દારુલ અમલ છે એટલે તેમને પોતાના જીવન વ્યવહાર માટે માલ દૌલતની જરૂરત હતી. એટલે દુનિયાથી જતાં પહેલાં તેને વારસદારોમાં વહેંચી નથી શકાતો પણ મરણ બાદ તેઓ દારુલ જઝામાં પહોંચ્યા એટલે ખુદા તઆલાના કરમ અને કૃપાની જવાબદારીમાં આવી ગયા, તેમને હવે દુનિયાના માલ દૌલતની શી જરૂરત છે ? એટલે તેમનો માલ વારસદારોને વહેંચી આપવામાં આવે છે ? કુર્આન કહે છે :– بَلْ اَحْيَاءٌ عِنْدَ رَبِّهِمْ يُرْزَقُوْنَ બલ્કે તેઓ પોતાના રબ નિકટ જીવંત છે, તેમને રિઝ્ક (રોજી) આપવામાં આવે છે.

**સવાલ** :– તો પછી તેમની પત્નીઓ તેમના નિકાહથી કેમ નીકળી જાય છે ? જીવંત માણસની પત્ની વિના તલાકે નિકાહથી અલગ થતી નથી ?

**જવાબ** :– ફિકહી કાયદા અનુસાર નિકાહનો સંબંધ આજીવન છે. તલાક આપવામાં ન આવે તો આજીવન તેની પત્ની છે. પછી તે તેના નિકાહથી બહાર થઈ જાય છે. કુર્આન શરીફમાં અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

وَالَّذِيْنَ يُتَوَفَّوْنَ مِنْكُمْ وَيَذَرُوْنَ اَزْوَاجًا يَّتَرَبَّصْنَ بِاَنْفُسِهِنَّ اَرْبَعَةَ اَشْهُرٍ وَّعَشْرًا

''અને તમારામાં જે મરી જાય અને પત્નીઓ મૂકી જાય. તેણીઓ ચાર માસ દસ દિવસ પોતાને રોકી રાખશે.''

આ આયત પ્રમાણે તેણીઓ ઈદ્દત ગુજારી પોતાના પતિઓના નિકાહથી બહાર થઈ જશે. એટલે તેણીઓ માટે નિકાહથી બહાર થવા તલાકની જરૂરત નથી. અને જો તમે માત્ર વલીઓ માટે પ્રશ્ન કરતા હોય તો શહીદોની પત્નીઓ સાથે પણ એ જ સવાલ ઉપસ્થિત થઈ શકે છે તેનો જે જવાબ તમે આપશો વલીઓ માટે તે જ અમારો જવાબ છે.

**સવાલ** :- કુર્આનમાં છે : كُلُّ نَفْسٍ ذَائِقَةُ الْمَوْتِ દરેક જાનને મોતની મજા ચાખવાની છે, તો પછી તેઓ મરણ પામશે અને તેમને મુર્દા કહેવામાં આવશે.

**જવાબ** :- અલ્લાહના વાયદા પ્રમાણે મૌત આવશે અને દરેક પોતાના સમય પ્રમાણે મૌતને ભેટશે એમાં બે મત નથી. પણ વાત એ છે કે કુર્આનમાં શહીદો માટે કહેવામાં આવ્યું કે તેમને મુર્દા ન કહો અને મુર્દા ખયાલ પણ ન કરો. શહીદ શહીદ કયારે બને છે ? જ્યારે તેનાં પ્રાણ બદનથી અલગ થઈ જાય, અને આમ ન થાય તો તે માત્ર ઝખ્મી છે, શહીદ નથી. તો શહીદ મૌતને ભેટીને જ શહીદ બને છતાં તેને કુર્આન મુર્દા કહેવાથી રોકે છે ! તો આ જ દાખલા પ્રમાણે વલીઓ પણ મોતને ભેટે છે અને નબીઓ પણ મોતને ભેટે છે પણ તેમને મુર્દા નથી કહી શકતા અને મુર્દા ખયાલ પણ નથી કરી શકતા. કુર્આનમાં જે વાત શહીદો માટે કહેવામાં આવી છે તે અમે નબીઓ અને વલીઓ માટે કહીશું.

**નોંધ** :- આ વિષે અલગથી એક પ્રકરણ તમારી ખિદમતમાં રજુ કરવામાં આવશે. (ઈન્શા અલ્લાહુ તઆલા)

**સવાલ** :- શું રૂહ અને પ્રાણ મરણ પામે છે ?

**જવાબ** :- મૌતનો મતલબ માત્ર એટલો જ છે કે રૂહને બદનથી અલગ કરી લેવામાં આવે. રૂહ અને પ્રાણથી બદનની શાન અને ઈજ્જત છે. પ્રાણ ન હોય તો બદન નિર્જીવ બની જાય છે. એટલે મોતનો મતલબ ફના થવું અને ખત્મ થવું નથી પણ માત્ર આલમ બદલાવો છે. જો આમ ન હોય તો આલમે બરઝખમાં મળતો બદલો કશો મતલબ રાખતો નથી. અઝાબ અને સવાબની વાત બરઝખમાં પણ પામશે. જ્યારે કે બરઝખની મા'લૂમાત વિષે અસંખ્ય હદીષો છે. એટલે રૂહ પોતાની જગાએ બાકી રહે છે અને આપણને અલ્લાહ તઆલાએ જાનવરો અને પશુ પક્ષી માફક પેદા નથી કર્યા કે મૌતથી ખત્મ અને નષ્ટ થઈ જઈએ, બલ્કે અલ્લાહ તઆલાએ આપણને હમેશાં રહેવા માટે પેદા કર્યા છે. આલમે અરવાહમાં આપણને રાખવામાં આવ્યા. દુનિયામાં તે રૂહોને બદનના સંબંધમાં રાખવામાં આવી. મરણ થકી આલમે બરઝખમાં પહોંચાડવામાં આવી. સૂર ફૂંકી મેહશરમાં લઈ જવામાં





આવશે, પછી હિસાબો કિતાબથી ગુજારી, પસાર કરી જન્નત અથવા દોઝખમાં પહોંચાડવામાં આવશે. જન્નત માટે પણ હંમેશગી છે, મૌત નથી. દોઝખી માટે પણ હમેશગી છે, મૌત નથી. સ્પષ્ટ થયું આપણી ઉપર એક જમાનો એવો પસાર થયો છે જેમાં આપણે કંઈ ન હતા.

هَلْ أَتَىٰ عَلَى الْإِنسَانِ حِينٌ مِّنَ الدَّهْرِ لَمْ يَكُن شَيْئًا مَّذْكُورًا

"બેશક ! માનવી પર એક સમય એવો પસાર થયો કે કયાંય એનું નામ પણ હતું નહીં."

પછી જ્યારે અલ્લાહ તઆલાએ આપણને પેદા કરવાનો ઈરાદો કર્યો તો પ્રથમ રૂહોની શકલમાં વજૂદ અર્પણ કર્યુ, ત્યારથી આપણે હયાત છીએ અને હમેશાં હંમેશ હયાત રહીશું. એટલે કુર્આનમાં રૂહને કહેવામાં આવ્યું છે, મૌતની મજા ચાખશે. મૌતથી રૂહ નષ્ટ નહીં થઈ જાય.

**સવાલ** :- તો પછી સામાન્ય મુસલમાનથી પણ તેના મરણ પછી માંગ કરવામાં આવે અને મદદ લેવામાં આવે, કારણ કે તમારા કહયાનુસાર દરેક જીવંત છે અને હંમેશ માટે જીવંત રહેશે.

**જવાબ** :- નબીઓ, વલીઓ અને શહીદોની હયાત અને આલમે બરઝખની જિંદગી સામાન્ય મુસલમાનોની બરઝખી જિંદગીથી વધારે મહત્વતા ધરાવે છે. જો આમ ન હોય તો રૂહાની જિંદગી બરઝખમાં દરેકને પ્રાપ્ત છે પછી શહીદોની જિંદગીનો ઉલ્લેખ કેમ કરવામાં આવ્યો ? એટલે કે તેમને તેમના મુકામ અને મર્તબા પ્રમાણે હરવા ફરવાનો અધિકાર પણ આપવામાં આવે છે અને તેઓ મદદ કરી શકે છે. જ્યારે મદદ કરી શકે છે તો તેમનાથી મદદની માંગ કરી શકાય છે.

**સવાલ** :- એ યોગ્ય નથી કે ખુદાથી જ માંગ કરી લેવામાં આવે ?

**જવાબ** :- યોગ્યની વાત નથી. અહીં વાત જાઈઝ હોવાની છે કે નબી, વલી અને શહીદથી તેમના પર્દા કર્યા પછી માંગ કરવી અને મદદનો સવાલ કરવો જાઈઝ છે.

**સવાલ** :- તેમનાથી મદદની માંગ કરો, પણ આપશે તો અલ્લાહ તઆલા જ ? પછી શંકાની વાતને વચમાં કેમ લાવવામાં આવે છે ?

**જવાબ** :- વાત શંકાની નથી, શંકા તમે જાણી જોઈને પેદા કરો છો. દાખલા તરીકે કુર્આન ખુદાની કિતાબ છે અને તેમાં થોડી પણ શંકા નથી. તો પણ તમને એટલી ખબર હશે કે કાફિરો, મુશ્રિકો, યહૂદીઓ અને ઈસાઈઓ કુર્આનના ખુદાની કિતાબ હોવામાં શંકા કરે છે. તમે બતાવો કે તેમના શંકા કરવાથી કુર્આન શંકાનું સ્થાન બન્યું ? આ જ દાખલા પ્રમાણે નબીઓ, વલીઓ અને શહીદોથી એમના પર્દો કર્યા પછી મદદ માંગવી શંકાની વાત નથી પણ અસંખ્ય દલીલોથી જાઈઝ ઠરેલ વાત છે. પણ તમે હઠમાં તેને શંકાનું સ્થાન બનાવો છો.

**બીજો જવાબ** :- અલ્લાહવાળાઓ પોતે મદદ નથી કરતા બલ્કે અલ્લાહ તઆલાના હુકમથી જ મદદ કરે છે. અમે અલ્લાહવાળાઓથી તેમનો પર્દા કર્યા પછી પણ મદદની માંગ એટલા માટે કરીએ છીએ કે એક માંગ આપણી ખુદાથી, એક માંગ અલ્લાહવાળાની ખુદાથી તો શું આપણી માંગ અને અલ્લાહવાળાની માંગ બરાબર છે ? નથી અને કદાપિ નથી. કયાં દોસ્ત અને કયાં સામાન્ય વ્યકિત. નબીએ આંગળીથી ઈશારો કર્યો અને ચાંદ બે ટુકડા થઈ ગયો. શું આપણા ઈશારાથી કાગળના પણ બે ટુકડા થઈ શકે છે ? હુઝૂરે સૂર્યને ઈશારો કર્યો તો ડૂબ્યા પછી પરત આવ્યો. આપણા ઈશારો કરવાથી ઝાડનું પાન આવી શકે છે ? ખ્વાજા ગરીબ નવાઝની કરામતથી અનાસાગર તળાવનું પાણી એક લોટામાં સમાઈ શકે છે ! ગૌષે આ'ઝમના ફર્માનથી મુડદું જીવંત થઈ જતું. આપણા કહેવાથી જીવંતને પણ અસર થાય છે ? આ દાખલાઓ એ વાતની દલીલ છે કે જેમ આપણે અને અલ્લાહવાળાઓ એક જેવા નથી એ જ પ્રમાણે આપણી માંગ અને અલ્લાહવાળાઓની માંગ એક જેવી નથી.

જ્યારે આટલું સમજી લીધું તો હવે મૂળ જવાબ પર જઈએ. અમે જ્યારે અલ્લાહવાળાઓથી કોઈ ચીજની અથવા મદદની માંગ કરીશું તો તેઓ પોતે તે મદદ કરવાના નથી. તેઓ મદદ માટે ખુદા તઆલાથી માંગ કરશે અને અલ્લાહ તઆલાના હુકમથી આપણી મદદ કરશે. જો અલ્લાહ તઆલાથી ડાયરેકટ માંગ કરવામાં આવે તો તે આપણી માંગ ખુદાથી છે. અને અલ્લાહવાળાઓથી માંગ કરવામાં આવે તો તે આપણી માંગ અલ્લાહવાળાઓની માંગ અલ્લાહથી આપણા માટે થશે. જો તમારી પાસે





અક્કલનો વધારે ભાગ નહીં માત્ર છાંટો હોય તો પણ સમજી શકો છો કે બંને માંગમાં ઉત્તમ કઈ માંગ છે ? એટલે અમે અલ્લાહવાળાઓથી દુનિયામાં પણ માંગ કરી લઈએ છીએ અને પર્દો કર્યા પછી પણ અમારી જરૂરતો તેમના થકી પૂરી કરવાની કોશિશ કરીએ છીએ.

**સવાલ** :- વહાબીઓ અને દેવબંદીઓ આ પ્રમાણેની માંગને શિર્ક કહે છે જે કુફ્રથી વધીને છે ?

**જવાબ** :- વહાબીઓ અને દેવબંદીઓ તો નબીને પણ બુરું ભલું કહે છે. નબીને પીઠ પાછળનું ઈલ્મે ગૈબ નથી, નમાઝમાં આપનો ખયાલ આવવાથી નમાઝ તૂટી જાય છે, આપનું ઈલ્મે ગૈબ જાનવર, પાગલ અને બાળકો માફક છે, હુઝૂરની કબર શરીફ સનમે અકબર (મોટામાં મોટી મૂર્તિ) છે...વગેરે વગેરે. (મઆઝલ્લાહ) તો પછી તેઓ આ પ્રમાણેની માંગને શિર્ક કહે છે તો તેમના માટે સામાન્ય વાત છે. તેમના કહેવાથી કોઈ ફરક પડતો નથી. શરઈ કાયદામાં જાઈઝ છે તો પછી વહાબી દેવબંદી કોણ ? તેમનાથી તો આપણને દૂરનો પણ સંબંધ નથી !

**બીજો જવાબ** :- શિર્ક કહેતા પહેલાં એ પણ સમજવું જોઈએ કે શિર્ક કોને કહેવાય. શિર્ક એટલે અલ્લાહ જેવો કોઈને સમજવો અથવા અલ્લાહની સિફતોમાંથી કોઈ સિફત મખ્લૂકમાં અલ્લાહ જેવી માનવી. શિર્ક કહેનાર એ સાબિત કરી બતાવે કે અમે નબી, વલી અને શહીદને અલ્લાહ જેવા માનીએ છીએ અથવા અલ્લાહની સિફતોમાંથી કોઈ સિફત મખ્લૂકમાં અલ્લાહ જેવી સિફત તેમના માટે માનીએ છીએ. અમારું ચેલેન્જ છે કે કોઈ પણ બદઅકીદા આ વાત અમારામાં સાબિત નથી કરી શકતો. જ્યારે અમે તેમને ખુદાના બંદા માનીએ છીએ અને તેમની પાસે ખૂદની અર્પણ કરેલ શકિત માનીએ છીએ અને એવું પણ માનીએ છીએ કે તેઓ ખુદાના હુકમ સિવાય કંઈ કરતા નથી, પછી શિર્ક ઠરે એ દુનિયાનો કોઈ માણસ માન્ય રાખી શકતો નથી.

**ત્રીજો જવાબ** :- વહાબી અને દેવબંદીના કહેવાથી તે કામ અલ્લાહના નિકટ પણ શિર્ક બની જતું તો અમારે વિચાર કરવો પડતો. કારણ કે મુશ્રિકને અઝાબથી છૂટકારો આપવામાં આવશે નહીં. અમે નચિંત એટલા

માટે છીએ કે જે કામ અમે કરીએ છીએ તેના જાઈઝ હોવા પર શરઈ દલીલો મૌજૂદ છે અને શરઈ કાયદાના વર્તુળમાં અમારું એ કામ શિર્ક ઠરતું નથી. વહાબી અને દેવબંદી ધર્મમાં શિર્ક હશે તો હશે તેનાથી અમને કશો મતલબ નથી. અમે અહલે સુન્નત વલ જમાઅત છીએ, નથી વહાબી અને નથી દેવબંદી. ખુદારા માફ કરશો, તમારે અમારી વાતમાં પડવાની કોઈ જરૂર નથી.

**ચોથો જવાબ** :- મુસલમાન પર તોહમત લગાડી અને આક્ષેપ મૂકવો ઘણા જ મહાન ગુનાહનું કામ છે. કુર્આન શરીફમાં અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે :-

اَلَّذِيْنَ يُؤْذُوْنَ الْمُؤْمِنِيْنَ وَ الْمُؤْمِنَاتِ بِغَيْرِ مَا اكْتَسَبُوْا فَقَدِ احْتَمَلُوْا بُهْتَانًا وَّ اِثْمًا مُّبِيْنًا

"અને જેઓ ઈમાનવાળા સ્ત્રીઓ અને પુરૂષોને વગર વાંકે તકલીફ આપે છે તેમણે આક્ષેપ અને ખુલ્લો ગુનોહ પોતાના શિરે લીધો."

فَقَدِ احْتَمَلُوْا بُهْتَانًا وَّ اِثْمًا مُّبِيْنًا

ઉપરોકત આયત સ્પષ્ટ કહી રહી છે કે મુસલમાન પર આક્ષેપ મૂકવો મહાન ગુનાહનું કામ છે.

આક્ષેપ મૂકવાવાળાઓથી મારો સવાલ છે : તેઓ બતાવે કે શું એક મુસલમાન પર કુફ્ર અને શિર્કથી મોટો કોઈ આક્ષેપ થઈ શકે છે ?

સહીહ હદીષોના આધારે (બુખારી, મુસ્લિમ) કુફ્ર (અને શિર્ક)નો હુકમ બેમાંથી એક પર જરૂર લાગે છે. જેને કહેવામાં આવ્યું તે પોતાના અમલ અથવા લખાણ અથવા જાહેર કરેલી માન્યતાના આધારે શરઈ કાયદામાં કાફિર ઠરતો હોય તો તેની ઉપર લાગુ પડશે. અને આમ નહીં હોય તો કુફ્ર કહેવાવાળા પર પરત આવશે. હદીષોના ઉલ્લેખની જરૂરત એટલા માટે નથી કે આ વાતને સઘળા ફિર્કાના લોકો માન્ય રાખે છે.

## ★ એક જરૂરી વાત ★

કોઈ એક લખાણ, કોઈ એક કામ,અથવા જાહેર કરેલી કોઈ એક માન્યતા ઓછામાં ઓછી એવી હોય કે તેને દરેક દિશાએથી તપાસવામાં આવશે. સઘળી દિશાઓ કુફ્ર જ બતાવે તો કાફિર કહેવામાં આવશે. જે વાતને





લક્ષમાં રાખીને કુફ્રનો ફત્વો આપવામાં આવે તો તે નિયુકત વાતની એક દિશા પણ ઈમાન બતાવે તો કુફ્રનો ફત્વો આપવામાં આવશે નહીં. કારણ કે મુસલમાન માટે નેક અનુમાનને લઈને ઈમાનવાળી દિશાને મહત્વ આપવામાં આવશે. ફતાવા રઝવિય્યહ્‌માં આ'લા હઝરત ફાઝિલે બરેલ્વી رضی اللہ عنہ એ પણ આનો ઉલ્લેખ કર્યો છે.

જ્યારે કુફ્ર અને શિર્કનો ફત્વો આપવા વિશે જરૂરી વિગત જાણી લીધી તો તે હવે હું નબીઓ અને વલીઓથી તેમના પર્દો કર્યા બાદ તેમનાથી માંગ કરનારને મુશ્રિક કહેવાવાળાઓને હોશિયાર કરું છું કે અમે લોકો નબી અને વલીને નથી ખુદા માનતા, નથી ખુદા જેવો માનતા. બીજુ એ કે અમે તેમને ખુદાના બંદા જ સ્વીકારીએ છીએ. ત્રીજુ એ કે તેમની શકિતઓ અલ્લાહની આપેલી જ માનીએ છીએ. તેમને કોઈ પણ કામમાં આપ શકિતમાન નથી માનતા. ચોથુ એ કે તેઓ કોઈ પણ કામ કરશે તો અલ્લાહ તઆલાના હુકમ અને આદેશથી. અલ્લાહ ન ઈચ્છે તો તેઓ કરી શકતા નથી. પાંચમુ એ કે તેમની પાસે અલ્લાહ જેવી એક પણ સિફત નથી.

આટલું માનવા પછી અને આ પ્રમાણે માનવા પછી પણ અમારા કામને શિર્ક કહી શકાય છે ? દુનિયાનો કોઈ પણ મુફતી હવે પછી આ કામને શિર્ક કહી શકતો નથી અને કહેશે તો ઉપરોકત હદીષનો ભાવાર્થ રજુ કરવામાં આવ્યો તેનું ગંભીર પરિણામ પોતાના માથે લેવા તૈયાર થઈ જાય. મામલો અમારો છે અને અમારા કામ પર તમારી તરફથી ફત્વો મારવામાં આવે છે. અમે જ્યારે અમારા કામની ચોખવટ કરી દીધી તો પછી તમારું હઠે ચઢવું આત્મહત્યા છે.

**સવાલ** :- તમે શિર્કની તારીફ કરી તે માન્ય છે પણ અહીં જે ફત્વો આપવામાં આવે છે તે એટલા માટે કે કાફિર લોકો મૂર્તિઓથી માંગ કરે છે અને તે નિર્જીવ છે. એ જ પ્રમાણે માણસ મરી ગયા પછી કોઈનું કામ કરી શકતો નથી. તો તેનાથી મદદની માંગ કરવી મૂર્તિઓથી માંગ કરવા સમાન છે.

**જવાબ** :- મુસલમાન મુડદાં અને મૂર્તિમાં કોઈ પ્રકારની બરાબરી નથી થઈ શકતી જેનો ઉલ્લેખ હું આગળ કરી ગયો છું. કયાં માણસ અને કયાં મૂર્તિ ? શરઈ દલીલથી સાબિત કરી બતાવો કે મુસલમાન મુડદું અને

મૂર્તિ એક જેવી છે ? તો પછી નબી, વલી અને શહીદનો દરજ્જો કેટલો ઊંચો છે કે જ્યાં આપણો ખયાલ પણ પહોંચી શકતો નથી.

બીજું એ કે મુસલમાન નબી, વલી અને શહીદની ઈબાદત નથી કરતો જેથી કહી શકો કે જેમ કાફિર મખ્લૂકની ઈબાદત કરે છે તેમ મુસલમાન પણ મખ્લૂકની ઈબાદત કરે છે.

ત્રીજું એ કે કાફિરો માફક કયારે  થઈ શકે છે જ્યારે મુસલમાન પણ મૂર્તિની પૂજા કરે, પણ મુસલમાનની માન્યતા તો એ છે કે ખુદા સિવાય કોઈની બંદગી નથી થઈ શકતી. તો પછી મૂર્તિ પૂજવાનો પ્રશ્ન જ ઉપસ્થિત નથી થતો. મૂર્તિથી રોકવામાં આવ્યા છે પણ તમે એ બતાવી શકો છો કે મુસલમાનને નબીથી રોકવામાં આવ્યો ? મૂર્તિઓથી દૂર રહેવાનો આદેશ આપવામાં આવ્યો છે પણ શું વલીઓથી પણ દૂર રહેવાનો હુકમ આપવામાં આવ્યો છે ? મૂર્તિઓથી દુશ્મનીનો હુકમ મળ્યો પણ શું મુસલમાન સાથે પણ દુશ્મનીનો હુકમ મળ્યો છે ? પછી મૂર્તિ અને નબી, મૂર્તિ અને વલી, મૂર્તિ અને મુસલમાન એક જેવો શી રીતે થઈ શકે છે ?

(૧) મૂર્તિઓ માટે છે :– وَاجْنُبْنِي وَبَنِيَّ أَنْ نَعْبُدَ الْأَصْنَامَ "બચાવ મને અને મારી ઔલાદને મૂર્તિઓની પૂજાથી."

(૨) નબીઓ બાબતે કહેવામાં આવ્યું :

كُلٌّ آمَنَ بِاللّٰهِ وَمَلٰئِكَتِهِ وَكُتُبِهِ وَرُسُلِهِ لَا نُفَرِّقُ بَيْنَ أَحَدٍ مِّنْ رُّسُلِهِ

"બધાએ માન્યુ, અલ્લાહ તેના ફરિશ્તાઓ, તેની કિતાબો અને તેના રસૂલોને. અમે તેના કોઈ રસૂલ પર ઈમાન લાવવામાં ફરક નથી કરતા."

مَنْ يُطِعِ اللّٰهَ وَالرَّسُولَ فَأُولٰئِكَ مَعَ الَّذِينَ أَنْعَمَ اللّٰهُ عَلَيْهِمْ مِّنَ النَّبِيِّينَ وَالصِّدِّيقِينَ وَالشُّهَدَاءِ وَالصَّالِحِينَ وَحَسُنَ أُولٰئِكَ رَفِيقًا

"અને જે અલ્લાહને રસૂલનો હુકમ માને તો તેઓ એવા લોકોની સંગતમાં હશે જેમની ઉપર અલ્લાહે ઈનામ કર્યું. એટલે કે નબીઓ, સિદ્દીકો, શહીદો અને નેક લોકો. આ કેટલા સારા દોસ્ત છે.





(૩) વલીઓ બાબતે કહેવામાં આવ્યું :

يَا أَيُّهَا الَّذِينَ آمَنُوا اتَّقُوا اللّٰهَ وَكُونُوا مَعَ الصَّادِقِينَ

" અય ઈમાનવાળાઓ ! તમે સાચા લોકોની સંગતમાં રહો."

أَلَا إِنَّ أَوْلِيَاءَ اللّٰهِ لَا خَوْفٌ عَلَيْهِمْ وَلَا هُمْ يَحْزَنُونَ

"સાંભળી લો ! અલ્લાહના વલીઓને નથી કોઈ પ્રકારનો ડર અને ન તેઓ ગમ કરશે."

(૪) ઈમાનવાળાઓ બાબતે કહેવામાં આવ્યું :

إِنَّمَا الْمُؤْمِنُونَ إِخْوَةٌ فَأَصْلِحُوا بَيْنَ أَخَوَيْكُمْ

"બેશક ! ઈમાનવાળાઓ પરસ્પર ભાઈ ભાઈ છે તો તમારા ભાઈઓમાં સુલેહ કરો."

يَا أَيُّهَا الَّذِينَ آمَنُوا لَا يَسْخَرْ قَوْمٌ مِّنْ قَوْمٍ عَسَىٰ أَنْ يَكُونُوا خَيْرًا مِّنْهُمْ وَلَا نِسَاءٌ مِّنْ نِّسَاءٍ عَسَىٰ أَنْ يَكُنَّ خَيْرًا مِّنْهُنَّ

અય ઈમાનવાળાઓ ! પુરૂષો એકબીજાની હંસી ન ઉડાવે. શકય છે તેઓ હંસી ઉડાવનારાઓથી ઉત્તમ હોય અને ન સ્ત્રીઓ એકબીજાની, શકય છે કે તેણીઓ હંસી ઉડાવનારાઓથી ઉત્તમ હોય."

ઉપરોકત આયતોથી સ્પષ્ટ થયું કે મૂર્તિઓથી દૂર રહેવાની દુઆ કરવામાં આવી. જ્યારે કે નબીઓ પર ઈમાન લાવવું અને એમની દોસ્તી ઘણી જ સારી છે એનો ઉલ્લેખ કરવામાં આવ્યો. વલીઓ બેખૌફ અને બે ગમ છે અને તેમની સંગતમાં રહેવાનો આદેશ આપવામાં આવ્યો. ઈમાનવાળાઓ પરસ્પર ભાઈ ભાઈ છે, એમની ઈસ્લાહ કરવી અને એમની બુરાઈથી બચવું એની તાકીદ કરવામાં આવી. પછી નબી અને મૂર્તિ, વલી અને મૂર્તિ, મુસલમાન અને મૂર્તિ એક હુકમમાં શી રીતે થઈ શકે છે ?

## ★ અકલી ફરક અને તફાવત ★

મૂર્તિઓ ન સાંભળે ન જવાબ આપે, માણસ સાંભળે, બોલે, જવાબ

આપે. મૂર્તિઓ કંઈ પણ લઈ ન શકે અને કંઈ આપી પણ ન શકે. માણસ કંઈ પણ આપી શકે, અને લઈ પણ શકે. મૂર્તિઓ નિર્જીવ, માણસ સજીવ. મૂર્તિઓને માણસે કોતરીને બનાવી, માણસને ખુદા તઆલાએ બનાવ્યો. મૂર્તિઓ પાબંદ નથી, માણસને અલ્લાહ તઆલા તરફથી પાબંદ બનાવવામાં આવ્યો છે. મૂર્તિઓ નિર્જીવ હોવાને લઈને બેઅધિકાર અને લાચાર છે, માણસ સજીવ હોવાને લઈને અધિકારવાળા છે. મૂર્તિઓ નથી પોતે કંઈ કરી શકતી નથી ન બીજાનું કંઈ કરી શકતી. માણસ પોતે પોતાનું પણ કરે છે અને બીજાનું પણ કરે છે. જ્યારે માણસ અને મૂર્તિઓમાં આટલા બધા ફરક અને તફાવત છે પછી તેમને એક હુકમમાં કેમ કરી લાવી શકાય છે ?

**સવાલ** :- વાત લંબાવવાની કંઈ ફાયદો નથી. અમે તમને પ્રશ્ન કરીએ છીએ મૂર્તિની પૂજા કરવાથી શિર્ક થાય તો શું માણસની બંદગી અને પૂજા કરવાથી શિર્ક થાય કે નહીં ?

**જવાબ** :- માણસની ઈબાદત કરવામાં આવે તો શિર્ક થાય. પણ અમારા અન્ય કામો પણ તમે શિર્ક શિર્ક કહો છો તો તમારે એ સાબિત કરવું પડશે કે અમે માણસોની ઈબાદત કરીએ છીએ અથવા તેમને ઈબાદતના લાયક સમજીએ છીએ. પણ તમે સાબિત કરી શકશો નહીં. અમારી નબીઓ, વલીઓ અને મુસલમાનો પ્રત્ય સાચી અકીદત અને માન્યતાનો ઉલ્લેખ આગળ કરી દેવામાં આવ્યો છે. એટલે તમારો દાવો સાબિત થશે નહીં.

**સવાલ** :- કોઈ માણસ મૂર્તિથી માંગ કરે તો તમે તેને શું કહેશો ?

**જવાબ** :- તે મુશ્રિક છે. તેણે તૌબા કરી, ફરી ઈમાન લાવવું જરૂરી છે.

**સવાલ** :- મૂર્તિ ગૈરખુદા છે તેનાથી માંગ કરવાથી માણસ મુશ્રિક બની જાય છે અને એને તમે પણ માન્ય રાખો છો, પછી નબી, વલી અને શહીદ પણ ગૈરખુદા છે, એમનાથી માંગ કરવી પણ શિર્ક છે. તમે લોકો એક ગૈરખુદાથી માંગ કરવી શિર્ક કહો છો અને બીજા ગૈરખુદાથી માંગ કરવી ઈમાન સમજો છો ! એ સમજની વાત ન કહેવાય ?

**જવાબ** :- અલ્લાહ અને એની સિફતો છોડીને સમગ્ર જગત અને તેની દરેક ચીજ વસ્તુ ગૈરખુદા છે. દરેક ગૈરખુદા હુકમમાં એક જેવો નથી





જેનો ઉલ્લેખ થઈ ગયો છે. મૂર્તિ કાફિરોની માન્યતામાં ગૈરખુદા નથી ખુદા છે અને તેઓ તેની ઈબાદત કરે છે. ગૈરખુદા હોવાને લઈને તેનાથી માંગ કરવી શિર્ક નથી તેને ઈબાદતના લાયક સમજીને માંગ કરવી શિર્ક છે.

મૂર્તિઓથી માંગ કરવામાં દરેકને મુશ્રિક એટલા માટે કહેવામાં આવશે કે મૂર્તિઓ કાફિરોનું ધાર્મિક ચિન્હ છે. ધાર્મિક ચિન્હમાં નિય્યત જોવામાં નહીં આવે. જાહેર પર હુકમ લગાડી દેવામાં આવશે. પણ તમે એ બતાવી શકો છો કે નબીઓ તેમનું (મુશ્રિકોનું) ધાર્મિક ચિન્હ છે કે વલીઓ તેમનું ધાર્મિક ચિન્હ છે ? જ્યારે ધાર્મિક ચિન્હ નથી તો પછી મૂર્તિવાળો હુકમ નબીઓ, વલીઓ અને શહીદોથી માંગ કરવા પર કેવી રીતે આવી શકે છે ?

ઉસ્તાદ ગૈરખુદા છે, શું ઈલ્મ શીખવવામાં તેની મદદ લેવી અથવા તેની મદદની માંગ કરવી શિર્ક છે ? મા, બાપ ગૈરખુદા છે તેમનાથી ખાવા પીવાની માંગ કરવી શિર્ક છે ? ગરીબ માણસે માલદારથી મદદની માંગ કરવી શિર્ક છે ? દોસ્ત બિરાદરથી મદદની માંગ કરવી શિર્ક છે ? આ સવાલોના જવાબમાં દરેક ફિર્કાના લોકો આમ જ કહે છે કે આ પ્રમાણેની મદદ શિર્ક નથી. તો જનાબે આલી ! જ્યારે મા, બાપ, ઉસ્તાદ, માલદાર દોસ્ત, બિરાદર ગૈરખુદા અને તેમનાથી મદદની માંગ કરવી શિર્ક નથી, તમારી માન્યતાના આધારે પણ ! તો પછી નબીથી માંગ કરવી, વલીથી માંગ કરવી, શહીદથી માંગ કરવી, શિર્ક કેમ કરી બને ? જો તમે એવું કહેવા માંગો કે તેમના મરણ પછી તેમનાથી મદદની માંગ કરવી શિર્ક છે. તો એનો એક જવાબ નહીં પણ કેટલાયે જવાબો આગળ હું તમને આપી ગયો છું. વધુમાં એ કે શિર્ક જીવંત માટે બદલાતું નથી. જો તમે માનતા હોય તો દલીલોથી તમારે સાબિત કરવું પડશે કે મુર્દાથી કાંઈ પણ નિય્યતે માંગ કરવી શિર્ક છે. પણ હું તમને કહું છું, તમે શિર્કની વ્યાખ્યાને લક્ષમાં રાખી કયારે પણ સાબિત કરી શકશો નહીં. ખોટી રીતે વિના ખરી દલીલે સાબિત કરવાનો કોઈ મતલબ નથી. ખુદાને ન માનવાવાળાઓ ખુદા ન હોવા પર ખોટી દલીલો આપે છે. કુર્આનને ખુદાની કિતાબ ન માનવાવાળાઓ તેના કિતાબે ઈલાહી ન હોવા પર ખોટી દલીલો આપે છે. નબીને નબી ન માનવાવાળાઓ તેમના નબી ન હોવા પર ખોટી દલીલો આપે છે. સારાંશ એ કે ખોટી અને મનઘડત દલીલોથી દાવો સાબિત થતો નથી. દલીલનું નામ

આપવાથી દલીલ નથી બની જતી એના માટે કુર્આન અને હદીષના પુરાવાનો શણગાર જરૂરી છે.

## ★ ઈમામે ગિઝાલી رحمۃ اللہ علیہ નો અમૂલ્ય જવાબ ★

આજે તમે અમને બરેલ્વી કહીને બિદઅતી અને મુશ્રિકનાં નીચ નામ આપો છો અને સમગ્ર જગતમાં ખોટી રીતે અમને બદનામ કરવાની નાપાક કોશિશ કરો છો. પણ તમારે યાદ રાખવું જોઈએ કે ઈજ્જત અને ઝિલ્લત અલ્લાહ તઆલાના યદે કુદરતમાં છે. એ ઈજ્જત આપવા ઈચ્છે તો તમારી નાપાક કોશિશો નુકસાન પહોંચાડી શકતી નથી. તમે અમને બરેલ્વી કહો છો તો હઝરત ઈમામે ગિઝાલીને શું કહેશો ? તેઓ અહલે સુન્નતના ઈમામ છે. બરેલ્વીનું નામ આજે આપવામાં આવ્યું પણ બરેલ્વી માન્યતા સદીઓ જૂની છે. હઝરત ઈમામ ગિઝાલીનું લખાણ એક હજાર વર્ષ જૂનું છે.

"અશ્અતુલ લમઆત બાબે ઝિયારતિલ કુબૂર"માં હઝરત ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہ નાં લખાણનો હવાલો રજુ કરવામાં આવ્યો છે. આપ ફર્માવે છે : જેનાથી જિંદગીમાં મદદ માંગવામાં આવે તેમનાથી તેમની વફાત પછી પણ મદદ માંગવામાં આવશે. એક બુઝુર્ગનું કહેવું છે કે, ચાર બુઝુર્ગોને અમે જોયેલા છે કે તેઓ કબ્રોમાં પણ એવો જ અમલ કરે છે જે જિંદગીમાં કરતા હતા, અથવા તેનાથી અધિક એક જમાઅત કહે છે કે જીવંતની મદદ વધારે મજબૂત છે અને હું (ગિઝાલી) કહું છું, મુડદાંની મદદ વધારે મજબૂત છે. ઔલિયાની સત્તા જગતમાં છે અને આ નથી પણ એમની રૂહોની કારણ કે રૂહો બાકી છે. (નષ્ટ નથી થતી.)

ઉપરોકત લખાણથી જાણવા મળ્યું કે બુઝુર્ગોથી એમના દુનિયાથી પર્દા પછી મદદ માંગી શકાય છે. અને તેઓ દુનિયામાં જે મદદ કરી શકતા હતા તેમનાથી અધિક મદદ બરઝખમાં જઈને કરી શકે છે. દુનિયામાં રૂહ તથા બદનની કેદમાં હોય છે. બદન જાડુ અને મોટુ છે એને એક જગાએથી બીજી જગાએ જવામાં સમય લાગે છે. જ્યારે રૂહ અને પ્રાણ ફરિશ્તાઓ માફક લતીફ અને પાતળો છે તે સેકન્ડોમાં કયાંથી કયાં પહોંચી શકે છે. બીજુ એ કે દુનિયા દારુલ અમલ છે. માણસને અહીં પાબંદીઓમાં રાખવામાં આવ્યો છે, જ્યારે આખિરત દારુલ જઝા છે અને ત્યાં બદલો આપવામાં





આવે છે. દુનિયામાં શરીઅતનાં વર્તુળમાં પાબંદ થઈને રહેનારને ત્યાં આઝાદી આપવામાં આવે છે. એટલે ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہ એ ફર્માવ્યું, અમુક લોકો તો જીવંતની મદદને મજબૂત સમજે છે પણ મારા નિકટ જીવંત કરતાં મુડદાની મદદ વધારે મજબૂત છે.

જયારે ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہ એ ફૈંસલો કર્યો કે મદદ માંગવામાં જીવંત અને મુડદાની શર્ત છે. સબબ અને કારણ સમજીને મદદ લેવામાં આવે તો જીવંતથી પણ લઈ શકાય છે અને પર્દો કરેલાથી પણ લઈ શકાય છે. ન જીવંતથી મદદ લેવી શિર્ક છે અને ન પર્દો કરેલથી મદદ લેવી શિર્ક છે.

**નોંધ :-** જે લોકો નબી, વલી, અને શહીદથી તેમના પરદો કર્યા બાદ મદદ માંગવા પર અમને મુશ્રિક અને કબર પૂજક કહે છે તે લોકોએ વિચાર કરવો જોઈએ કે હઝરત ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہ પણ એ જ વાત ફર્માવે છે જે અમારી માન્યતા છે, અથવા અમારી માન્યતા તે જ છે જે હઝરત ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہ ની છે !

## ★ ઈબ્ને અબ્દુલ વહ્હાબનું ખોટુ લખાણ ★

ઈબ્ને અબ્દુલ વહ્હાબનું કહેવું કે દુનિયામાં ૬૦૦ વર્ષોથી શિર્ક ચાલી રહ્યું છે. તો તેના આક્ષેપના વર્તુળથી પણ હઝરત ઈમામ બે સદી આગળ થઈ ગયા છે. પછી તો એનું ૬૦૦ વર્ષ કહેવું ખોટુ છે. અને એ ખરું હોય તો પછી એ પોતે જ ખોટો છે અને હઝરત ઈમામની માન્યતા સત્ય જ હતી જ અને એનાં લખાણ પ્રમાણે પણ સત્ય જ છે. અને અમારી પણ એ જ માન્યતા છે. અલ્લાહનો ફઝલ છે કે એણે અમારી માન્યતા પણ અલ્લાહવાળાઓની માન્યતા મુજબ રાખી.

**સવાલ :-** શું તમે નબી, વલી અને શહીદથી તેમનાં અવસાન પછી મદદ માંગો છો તો તમને મદદ મળીને જ રહે છે ?

**જવાબ :-** મદદ મળે છે કે નથી મળતી એની ચર્ચા નથી. ચર્ચા એની ચાલી રહી છે કે મદદ માંગી શકાય છે કે, નથી માંગી શકાતી. તો અમે તમને સાબિત કરી બતાવ્યું કે જીવંતથી પણ મદદ માંગી શકાય

છે અને પર્દો કરેલથી પણ મદદ માંગી શકાય છે. મળવું ન મળવું અલ્લાહ તઆલા તરફથી છે. એનો હુકમ હશે તો મળશે અને નહીં હોય તો નહીં મળે.

હું તમને સવાલ કરું છું કે તમારું કહેવું એવું છે કે જીવંત પાસે તાકત અને શકિત છે, એ મદદ કરી શકે છે એટલે એનાથી મદદ માંગી શકાય છે. તો શું જીવંત પાસે મદદ માંગવામાં આવે તો મળીને જ રહેશે. તમારે જવાબમાં ના કહેવું જ પડશે. કારણ કે, ઘણી માંગણીઓ જીંવત લોકોથી કરવામાં આવે છે પણ તેઓ પૂરી કરતા નથી. અને કયારેક તો તેમની પાસે માંગ પૂરી કરવાની શકિત હોય છે તો પણ તેઓ સ્પષ્ટ શબ્દોમાં ના કહી દે છે. જો તમારો કહેવાનો ભાવાર્થ એવો હોય કે કયારેક મળે કયારેક ન મળે. તો પછી તેમનાથી મદદની માંગ ન કરવી જોઈએ, તો મારા ઉલ્લેખ પ્રમાણે જીવંત પણ એમાં સામેલ છે. આગળ વધું તો આમ પણ કહી શકાય છે કે અલ્લાહ તઆલાથી પણ માંગ કરવામાં આવે છે અને દુઆ પર દુઆ કરવામાં આવે છે છતાં દરેકને જ દુનિયામાં તેની માંગ પ્રમાણે મળતું હોય એવું નથી. ઘણી દુઆઓ છે દુનિયામાં તેની અસર જોવા મળતી નથી. તો શું ખુદાથી પણ માંગ ન કરવામાં આવે ? એટલે એ પ્રશ્ન ખોટો છે કે નબી, વલી અને શહીદથી તેમના અવસાન પછી માંગ કરવામાં આવે તો માંગ પૂરી થવી જ જોઈએ અને આપણે માંગેલું મળીને જ રહેવું જોઈએ. ચર્ચા માત્ર એટલી છે કે તમે કહો છો એ મદદ એમનાથી એમના અવસાન પછી માંગવી શિર્ક છે અને અમારું કહેવું એવું છે કે મદદ માંગી શકાય છે. શિર્ક નથી જાઈઝ છે અને શરીઅતમાં આપણને એની છૂટ આપવામાં આવી છે. અમે સાબિત કરી બતાવ્યું કે મદદ માંગી શકાય છે. અને તમારી માન્યતા આ બાબતે તદ્દન ખોટી અને હકથી દૂર છે.

**નોંધ** :- અમારો દા'વો દલીલોથી સાબિત તો થઈ ગયો છે પણ અમે અમારા દાવાને અધિક મજબૂત અને સશકત બનાવવા કુર્આન અને હદીષમાં પૂરાવાથી ભરપૂર એક પ્રકરણ અલગથી રજૂ કરીશું. (ઈન્શાઅલ્લાહુ તઆલા)





## ★ એક શંકાનો ઉકેલ ★

અહીં ઉપસ્થિત એક શંકા એ છે કે આપણે કયારેક નબીઓ, વલીઓ અને શહીદોથી માંગ કરીએ છીએ પણ આપણી માંગ પૂરી થતી નથી. કયારેક આપણે જીવંત લોકોથી માંગ કરીએ છીએ પણ તેમાંય આપણને સફળતા મળતી નથી. કયારેક નબીઓ, વલીઓ, શહીદો, બલ્કે સૈયેદુલ અંબિયા صلی اللہ تعالیٰ علیہ وسلم નો વસીલો લઈને દુઆ કરીએ છીએ અને ખુદા તઆલાથી માંગ કરીએ છીએ, તો પણ માંગ પૂરી થતી નથી. જેઓ વસીલાનો ઈન્કાર કરે છે તેમના કહેવા પ્રમાણે કયારેક ડાયરેકટ ખુદા તઆલાથી માંગ કરવામાં આવે છે તો પણ માંગ પૂરી થતી નથી. તો એવું કેમ ? નબી, વલી, અને શહીદ મદદ કરી શકે છે તો પછી દરેક માંગ પૂરી કેમ નથી થતી ? જીવંત મદદ કરી શકે તો દરેક માંગ તેના તરફથી પૂરી કરવામાં કેમ નથી આવતી ? વસીલાથી માંગ પૂરી થાય છે તો આમ કરવાથી પણ દરેક માંગ પૂરી નથી થતી કેમ ? ડાયરેકટ કેમ ? તો એ શંકાનો ઉકેલ તકદીરની માલૂમાતથી થઈ શકે છે. એટલે તકદીરનો ટૂંકસાર અમે તમારી ખિદમતમાં રજુ કરીએ છીએ.

કુર્આન શરીફમાં છે,

કોઈ પણ લીલું અને સુકું ખુલ્લી કિતાબમાં છે.

وَلَا رَطْبٍ وَّلَا يَابِسٍ اِلَّا فِىْ كِتٰبٍ مُّبِيْنٍ

આ આયત પ્રમાણે દરેક ચીજ વસ્તુનું લખાણ કરી દેવામાં આવ્યું છે. લૌહે મેહફૂઝમાં બધું જ લખી દેવામાં આવ્યું છે.

આપણે શું કરવાના છીએ અને આપણી સાથે શું થવાનું છે તે પ્રથમથી અલ્લાહ તઆલાએ પોતાના અઝલી ઈલ્મથી લખી રાખ્યું છે તેને તકદીર કહેવામાં આવે છે.

અન્ય કારણોને લક્ષમાં રાખી તકદીરના ત્રણ પ્રકાર વર્ણવવામાં આવે છે. દરેક ફેંસલો એ ત્રણ પ્રકારથી બાહ્ય નહીં હોય.

## ★ તકદીરના ત્રણ પ્રકાર ★

(૧) તકદીરે મુબરમે હકીકી, (૨) તકદીરે શબીહ બ મુબરમ, (૩) તકદીરે મુઅલ્લક.

## ★ મુબરમે હકીકી ★

તે તકદીરને કહે છે જે અલ્લાહના ઈલ્મમાં કોઈ ચીજ પર આધારિત નથી. મતલબ એ કે થઈને જ રહેશે અને તેને ટાળવામાં નહીં આવે. પછી તેના માટે દુઆ કરવામાં આવે, કોઈ જીવંતથી મદદ લેવામાં આવે, દુઆમાં વસીલો આવે કે પછી નબીઓ, વલીઓ અને શહીદોથી માંગ કરવામાં આવે. કોઈ પણ કારણનો સહારો લેવામાં આવે તે ટળી શકાતું જ નથી, થઈને જ રહે છે.

નબી દુઆ કરે તો દુઆ કરતા પહેલાં તેમને રોકી દેવામાં આવે છે. કારણ કે, જ્યારે એ તકદીર ટળી શકવાની જ નથી તો પછી દુઆની કબૂલિયતનો સવાલ જ નથી. પણ તેમના મહાન દરજ્જાને લઈને તેમને રોકી દેવામાં આવે છે. વલીઓ અને મુસલમાનોની દુઆ કબૂલ થતી નથી.

જ્યારે કોઈ કામમાં સફળ થવા માટે દરેક સબબને ઉપયોગમાં લાવવામાં આવે અને છતાં કામ ન બને તો સમજી લેવું કે એનો સંબંધ "તકદીરે મુબરમે હકીકી" સાથે હશે.

## ★ શબીહ બ મુબરમ ★

તે તકદીર છે ફરિશ્તાઓની કિતાબોમાં તેનું કશા પર આધારિત હોવાનો ઉલ્લેખ કરવામાં નથી આવ્યો પણ અલ્લાહના ઈલ્મમા તે કશા પર આધારિત છે. જેના પર આધારિત હોય માણસ તેના સુધી પહોંચી તેને ઉપયોગમાં લઈ લે તો કામ બની જાય છે અને તે પોતાના મકસદમાં સફળ થઈ જાય છે. જો માણસ તે આધારિત ચીજ સુધી ન પહોંચે અને તેને ઉપયોગમાં ન લાવે તો તેનું કામ બનશે નહીં.

## ★ તકદીરે મુઅલ્લક ★

તે તકદીર જે ફરિશ્તાઓની કિતાબોમાં કશા પર આધારિત હોય.





એટલે કે જેના પર આધારિત કરવામાં આવ્યું હોય તેને જો માણસ ઉપયોગમાં લઈ આવે તો તેનું કામ બની જાય છે. અને તેમાં પણ જો તે આધારિત ચીજ સુધી ન પહોંચી શકો તો કામ બની શકતું નથી.

તકદીરે મુબરમે હકીકી બદલાઈ શકતી જ નથી તેનું બદલાવું ઈલ્મે ઈલાહીના આધારે અશકય થઈ ગયું છે. પણ આપણે આપણા કામમાં સફળ થવા માટે પછી તેનો સંબંધ તે તકદીરથી હોય કોશિશ એટલા માટે કરીશું અને દરેક સબબને એટલા માટે ઉપયોગમાં લાવવાની ટ્રાય કરીશું કે આપણને ખબર નથી, કે આપણે જે કામને લઈને ચાલીએ છીએ તે કશા પર આધારિત છે કે નથી. જેથી આપણે આધારિત સમજીને ચાલીશું અને સફળતા ન મળે તો ખબર પડશે કે એનો સંબંધ મુબરમ સાથે હશે. અને એવું થઈ શકે છે કે આધારિતથી હોય પણ કઈ ચીજ પર આધારિત હશે તે આપણને ખબર નથી અને જે ચીજો અને સબબો ઉપયોગમાં લાવ્યા તેની સાથે એનો સંબંધ ન હોય.

આ ઉલ્લેખથી સ્પષ્ટ થયું કે કોઈ કામમાં દુઆ કરવાથી અથવા વસીલો લેવાથી અથવા જીવંતથી મદદ લેવાથી અથવા ડાયરેકટ અલ્લાહથી માંગ કરવાથી જરૂરી નથી કે કામ બની જાય. બની જાય તો શુક્ર અદા કરવો જોઈએ અને ન બને તો સબ્રથી કામ લેવું જોઈએ અને દરેક હાલતમાં અલ્લાહ તઆલાના ફેંસલા પર ખુશ રહેવું જોઈએ.

અલ્લાહ તઆલા આપણને હક્ક પર અમલ કરવાની તૌફીક અતા ફર્માવે. આમીન.

وَمَا عَلَيْنَآ اِلَّا الْبَلَاغُ الْمُبِيْنُ وَ اٰخِرُ دَعْوَانَا عَنِ الْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ

### (પ્રકરણ-૩)

# વસીલો

نَحْمَدُهٗ وَ نُصَلِّیْ عَلٰی رَسُوْلِهِ الْکَرِیْمِ اَمَّا بَعْدُ فَاَعُوْذُ بِاللّٰهِ مِنَ الشَّیْطَانِ الرَّجِیْمِ بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِیْمِ تَعَاوَنُوْا عَلَی الْبِرِّ وَ التَّقْوٰی وَلَا تَعَاوَنُوْا عَلَی الْاِثْمِ وَ الْعُدْوَانِ صَدَقَ اللّٰهُ مَوْلَانَا الْعَظِیْمُ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَیْكَ یَا رَسُوْلَ اللّٰهِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَیْكَ یَا حَبِیْبَ اللّٰهِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَیْكَ یَا نَبِیَّ اللّٰهِ

اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَیْكَ یَا نُوْرَ اللّٰهِ

صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْكَ وَسَلَّمَ

મારા પ્યારા આકા صلی اللہ تعالیٰ علیہ وسلم ની પ્યારી દીવાનીઓ ખુત્બા પછી જે આયતે કરીમાની તિલાવતનો મેં શરફ પ્રાપ્ત કર્યો તેની બાબત અલ્લાહ તઆલા મને હક્ક કહેવાની અને તમને બધાંને હક્ક સાંભળવાની અને એની ઉપર અમલની તૌફીક અતા ફર્માવે.

મારી બહેનો ! ગત બે અઠવાડિયાથી તમે વસીલા લેવા વિષે બયાન સાંભળી રહી છો. અને આજે પણ તમને વસીલો લેવા વિષે જ વધુ માહિતી આપવામાં આવશે. તમને એ તો બતાવવામાં આવ્યું હતું કે વસીલાના ઘણા બધા પ્રકાર છે અને આપણે દરેક પ્રકાર દલીલોથી સાબિત કરવાનો છે તથા ઉપસ્થિત થતી શંકાઓનું નિવારણ કરવાનું છે.





અલ્લાહ તઆલાની અપાર કૃપા અને મહેરબાનીથી અને સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم ના વસીલાથી ગત બે પ્રકરણમાં કુર્આન અને હદીષના હવાલાઓ અને પૂરાવા સાથે ૫૦થી અધિક પ્રશ્નોમાં ઉત્તર પણ આપવામાં આવ્યા હતા. કોઈ પણ મુસલમાન વ્યકિત ન્યાય અન ઈન્સાફથી કામ લે તો ઈન્શાઅલ્લાહ તેને સત્ય માર્ગ મળી શકે છે અને સત્ય માર્ગ પર રહેવાવાળો એનો સહારો લે તો દરેક પ્રકારની શંકા કુશંકાથી પોતાના દિમાગને બચાવી શકે છે.

હું તમને બતાવી ગયો તેમ કે આપણી તબ્લીગી કોશિષો અને શ્રમો તો ગૈરમુસ્લિમ અને કાફિરો માટે હોવા જોઈતા હતા, મુસલમાનોની સંખ્યામાં વધારો થાય એ માટે વિચાર કરવાનો હતો, પણ જોવા જોઈએ તો આજે નકશો પલ્ટાઈ ગયો છે. કાફિરને ઈસ્લામના વર્તુળમાં લાવવો દૂરની વાત છે, મુસલમાનને ઈસ્લામી માન્યતા પર કેમ કરી રાખવો, ખોટી માન્યતાઓથી તેનું રક્ષણ કેવી રીતે કરવું, તેનું ઈમાન નાસી ન જાય તેના માટે કેવો કાર્યક્રમ કરવો વગેરે કામોથી જ ફુરસદ નથી મળતી ! ફિર્કાઓ એટલા વધી ગયા છે કે મુસલમાનોને આંત્રિક જંગોથી છૂટકારો નથી મળ તો, ગેરમુસ્લિમો જેટલો મુસલમાનોથી ક્રોધ નથી રાખતા તેનાથી અધિક કહેવાતા મુસ્લિમ ફિર્કાઓ એક બીજાથી ક્રોધ રાખે છે. અમારા બયાનનો ઈશારો પણ કહેવાતા મુસ્લિમ ફિર્કાઓ તરફ છે પણ શું કરીશું સત્યને સાબિત રાખવા, દલીલો આપવી જ પડે છે ?!

**સવાલ** :- તમને એટલી લાગણી હોય તો તમારે દરેક સાથે મળીને રહેવું જોઈએ અને કોઈ પ્રકારનો વિવાદ ઊભો ન કરવો જોઈએ ?

**જવાબ** :- મુસલમાનોની ફિર્કા બંદીઓ પર અફસોસનો મતલબ એવો નથી કે હવે અમે ખોટાને ખોટુ કહીએ અને સુલેહ કુલ બની જઈએ. અફસોસનો મતલબ માત્ર એટલો કે આમ ન થવું જોઈએ. એનાથી મુસલમાનોની શકિત તૂટી જાય છે, કાફિરોની હિંમત વધી જાય છે, દુશ્મનોને હસવાનો મોકો મળે છે. પણ જયારે ન થવું જોઈએ તે થઈ જ ગયું તો હવે દીની માન્યતાને ખીચડો થવાથી બચાવી દલીલોનો ઉલ્લેખ કરવો જ પડે છે. જેમ કાફિરને મુસલમાન બનાવવો ઘણા જ સવાબનું કામ છે એ જ રીતે

મુસલમાનને કુફ્રમાં પહોંચવાથી બચાવવો એનાથી મોટા સવાબનું કામ છે.

**સવાલ** :– મુસલમાનને કુફ્રથી બચાવવો અધિક મોટા સવાબનું કામ છે એ શાથી ?

**જવાબ** :– કાફિરનો મુસલમાન પર કોઈ હક્ક નથી. મુસલમાન તેની ભલાઈ વિચારે તો તે મુસલમાનનું એહસાન છે કે તેને હમેશાંની દોઝખની સજાથી નજાત અપાવવા ઈચ્છે છે. હદીષના ઈર્શાદ મુજબ એક કાફિરને મુસલમાન બનાવવો દુનિયા અને તેની સઘળી નેઅમતો મળવાથી ઉત્તમ છે. તેમ છતાં મુસલમાનને કુફ્રથી બચાવવો વધારે સવાબનું કામ એટલા માટે છે કે મુસલમાન ઈસ્લામના વર્તુળમાં આવીને આપણો ભાઈ બની ગયો છે. આપણો તેની સાથે બીજો કોઈ હક્ક હોય ન હોય પણ પરસ્પર ઈસ્લામી હક્ક તો અવશ્ય છે. સહાબાની તારીફ અને વખાણમાં કુર્આનનો ઈર્શાદ છે :–

اَشِدَّآءُ عَلَى الْكُفَّارِ رُحَمَآءُ بَيْنَهُمْ

"કાફિરો પર કડક અને પરસ્પર મહેરબાની છે."

જાણવા મળ્યું કે આપણી લાગણી અને મહેરબાનીનો વધારે હક્ક મુસલમાનને પહોંચે છે.

**બીજો જવાબ** :– કાફિર ઈસ્લામના વર્તુળમાં આવ્યો જ નથી. સમજાવવા પર આવી પણ શકે છે અને નથી પણ આવી શકતો. જો સમજાવવા પર આવી જાય તો તેનું નસીબ અને ન આવે તો તેની બરબાદી. પહેલાં દોઝખી હતો અને રહ્યો. પણ મુસલમાન તો ઈસ્લામના વર્તુળમાં પ્રવેશી ગયો છે. જન્નતનો હક્કદાર બન્યા પછી દોઝખી બન્યો એટલે વધારે અફસોસની વાત કહેવાય. એટલે મુસલમાનને કુફ્રથી બચાવવો વધારે સવાબનું કામ છે.

**ત્રીજો જવાબ** :– કુફ્ર પણ રહેવું જરૂર મહાન ગુનોહ છે પણ ઈસ્લામથી નીકળી જઈને થઈ કુફ્રમાં પ્રવેશવું વધારે મોટા ગુનાહનું કામ છે. કાફિર કાફિર છે પણ ઈસ્લામમાં આવી ફરી કુફ્રમાં પહોંચનાર મુર્તદ છે. કાફિર તૌબા ન કરે તો જો જીજિયા (ટેકસ) વેરો આપવા પર રાજી થઈ જાય તો તેને અમાન આપવામાં આવશે, તેને કુફ્ર પર રહેવાની છૂટ રહેશે. અને





ટેક્ષ આપવા પણ રાજી ન થાય તો તેની સાથે જંગ લડવામાં આવશે. જ્યારે મુર્તદ તૌબા કરી ઈસ્લામમાં પ્રવેશે નહીં તો તેને કત્લ કરી નાખવામાં આવશે. ઈર્તેદાદનો ગુનોહ કુફ્રથી વધીને છે. એનાથી સ્પષ્ટ થાય છે કે મુસલમાનનું ઈમાન બચાવવું વધારે સવાબનું કામ છે.

**ચોથો જવાબ** :– કાફિર કાફિર છે ! એટલે મુસલમાન તેની સાથે ધાર્મિક સંબંધ રાખશે નહીં. જ્યારે મુસલમાન ખોટી માન્યતાથી મુર્તદ બને અને પોતાને મુસલમાન જાહેર કરે તો બીજા મુસલમાનોની બરબાદીનું કારણ બની શકે છે. મુસલમાનોમાં વિવાદ ઊભો કરી શકે છે, એકતાનો ભંગ કરી શકે છે, શકિત તોડી શકે છે, ખાનાજંગી કરી શકે છે. સ્પષ્ટ થયું કે મુસલમાનનું ખોટી માન્યતાના આધારે મુર્તદ બનવું કાફિરના કાફિર રહેવાથી અધિક ખતરનાક છે. એટલે મુસલમાનને કુફ્રથી બચાવવો વધારે સવાબનું કામ છે.

ખલીફએ અવ્વલ (પ્રથમ) હઝરત અબૂ બક્ર સિદ્દીક رضی اللہ عنہ ની ખિલાફતના જમાનામાં અન્ય મુસલમાનોએ ઝકાત બાબતે પોતાની માન્યતા બદલી અને ખોટી માન્યતા એ ઉપજાવી કે ઝકાતનો હુકમ સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم ને આપવામાં આવ્યો હતો. આપનાં પર્દો ફર્માવ્યા પછી એ હુકમ બાકી રહેતો નથી. આપે તેમની વિરૂધ્ધ કડક પગલાં લીધાં. તેમની સાથે જંગ કરવા સહાબાનું સૈન્ય મોકલ્યું. અને કોઈ પ્રકારની નરમી કરવાની મનાઈ ફર્માવી. જ્યારે કે કાફિરની વિરૂધ્ધમાં સૈન્ય મોકલવામાં આવે તો ઈસ્લામી તાલીમ એ છે કે પ્રથમ તેમને ઈસ્લામની દા'વત આપવામાં આવે, સ્વીકારી લે તો તે મુસલમાન છે, ન સ્વીકારે તો તેમને ટેક્ષ (જીજિયા વેરા)નું કહેવામાં આવે, જો ટેક્ષ આપવા રાજી થઈ જાય તો તેમને અમાન છે, જંગ કરવામાં આવશે નહીં. તો આ એક પ્રકારની કાફિરો સાથે નરમી છે. પણ મુર્તદ માટે નરમી એટલા માટે નથી કે તેનાથી ખતરો વધારે છે. અને તેનો ગુનોહ પણ મોટો છે. સ્પષ્ટ થયું મુસલમાનને કુફ્રથી બચાવવો અધિક સવાબનું કામ છે. અને જે શ્રમ કરી રહ્યા છે તે એટલે જ કે તમારી માન્યતા ખોટી ન થાય. અને તમારા દિમાગમાં ખોટી શંકાઓ ન આવે. દુઆ છે અલ્લાહ તઆલા અમને અને તમને સત્ય દીન પર રાખે, અને બદ્અકીદાથી દૂર રાખે.

ગત બયાનમાં એ ઉલ્લેખ પણ કરવામાં આવ્યો હતો કે કર્તા તરફ કાર્યનો સંબંધ બે પ્રકારથી કરવામાં આવે છે, હકીકી (અસલી) તથા મજાઝી

(નકલી). તો કોઈ પણ ફેંસલો કરતાં પહેલા એ મનન કરવું પડશે કે કર્તા તરફ કાર્યનો સંબંધ અસલી છે કે નકલી. તેનો દાખલો એ આપવામાં આવ્યો હતો કે કાફિર કહે વસંતઋતુ એ ઘાસ ચારો ઉગાવ્યો, અથવા વસંતઋતુ ઝાડનાં પાંદડાં લાવી. તો આ દાખલામાં વસંતઋતુ કર્તા છે, ઉગાડવું કાર્ય છે અને કર્તા તરફ કાર્યનો સંબંધ અસલી છે. એટલા માટે કે કાફિર કહી રહ્યો છે જેનું ખુદા પર ઈમાન નથી, અથવા છે તો તેની માન્યતામાં એક ખુદા નથી સેકડોં છે. પરંતુ એ જ શબ્દોમાં કોઈ પણ પ્રકારનો ફેરફાર કર્યા વિના મુસલમાન કહે તો તેમાં કર્તા તરફ કાર્યનો સંબંધ અસલી નથી નકલી છે. કારણ કે, મુસલમાનનું ઈમાન ખુદા પર છે, અને તેની માન્યતામાં એક જ ખુદા છે. અને તેની માન્યતામાં ખુદા તઆલાના ઈરાદા અને હુકમ વિના કંઈ જ થઈ શકતું નથી. એટલે એક જ શબ્દ કાફિર કહે છે તો કુફ્ર અને શિર્ક છે. અને તે શબ્દો કોઈ પ્રકારના ફેરફાર વિના મુસલમાન કહે છે તો તે કુફ્ર અને શિર્કથી પાક છે. આવું કેમ ? એટલે જ કે બોલ ચાલમાં માન્યતાને પણ મોટી દખલ છે. તો શબ્દો સાંભળીને ફેંસલો કરી દેવામાં નહીં, પણ કહેનારને પણ જોવામાં આવશે. મુસલમાનોમાં જેમણે આ ફર્ક ઉઠાવી દીધો તેમણે અસંખ્ય ભૂલો કરી અને મુસલમાનોમાં મટી ન શકે એવો વિવાદ ઊભો કરી દીધો.

જ્યારે એ સ્પષ્ટ થઈ ગયું કે કર્તા તરફ કાર્યનો સંબંધ અસલી પણ હોય છે, જેને પરિભાષામાં હકીકી કહેવામાં આવે છે. અને નકલી પણ હોય છે જેને પરિભાષામાં મજાઝી કહેવામાં આવે છે. તો હવે અમે તમને કુર્આન અને હદીષથી બતાવીશું કે તેમાં પણ આ વાતનો ખયાલ રાખવામાં આવ્યો છે. જો ઉપરોકત ફરક અને તફાવત ભૂલાવી દેવામાં આવે તો અસંખ્ય હદીષો અને ઘણી બધી આયતો કુફ્ર અને શિર્કની તાલીમ આપનાર બની શકે છે. તો હવે અમે તમારી ખિદમતમાં તે પ્રમાણેની હદીષો અને આયતો રજુ કરીશું.

(૧) تَعَاوَنُوْا عَلَى الْبِرِّ وَالتَّقْوٰى وَلَا تَعَاوَنُوْا عَلَى الْاِثْمِ وَالْعُدْوَانِ

નેકી અને પરેઝગારીના કામ પર એક બીજાની મદદ કરો. ગુનાહ અને દુશ્મનીના કામમાં એક બીજાની મદદ ન કરો.

આ આયતમાં અલ્લાહ તઆલાએ આપણને હુકમ આપ્યો કે નેકી અને પરેઝગારીનાં કામો પર એક બીજાની મદદ કરો અને ગુનાહ તથા





દુશ્મનીનાં કામ પર એક બીજાની મદદ ન કરો. આમાં મદદ કરવી કાર્ય છે અને તમે લોકો કર્તા છે. શું આપણે કોઈની મદદ કરીએ તો તે આપણી પોતાની શકિતથી છે અથવા અલ્લાહની અર્પણ કરેલ શકિતથી. પોતાની શકિતથી માનવામાં આવે તો કુફ્ર અને શિર્ક છે, કારણ કે આપણી પાસે દરેક પ્રકારની શકિત અલ્લાહની અર્પણ કરેલી છે, તો સ્પષ્ટ થયું અર્પણ કરેલી શકિત છે. તો પછી કર્તા તરફ કાર્યનો સંબંધ નકલી છે અસલી નથી. અસલી માનવો શિર્ક છે, નકલી માનવો ઈમાન છે.

(૨) قَالَ مَنْ اَنْصَارِىْ اِلَى اللّٰهِ قَالَ الْحَوَارِيُّوْنَ نَحْنُ اَنْصَارُ اللّٰهِ

તેણે કહ્યું અલ્લાહ તરફ મારા મદદગાર કોણ છે ? હવારીઓએ વિનંતી કરી, અમે અલ્લાહના મદગદગાર છીએ.

આ આયતમાં બે પ્રકારનો સુબૂત છે. પબ્લિકથી મદદની માંગ કરવી, જો ગૈરેખુદાથી મદદની માંગ કરવી વિના શરતે શિર્ક હોય તો હઝરત ઈસા عليه السلام એ શુભેચ્છકોથી મદદની માંગ કેમ કરી ? હવારીઓનું કહેવું કે અમે અલ્લાહના એટલે અલ્લાહના દીનના મદદગાર છીએ. એ વાતની દલીલ છે કે મદદ અલ્લાહની મખ્લૂકથી પણ કરી શકે છે, અને તેમની મદદ લઈ શકાય છે.

બીજો સુબૂત એ કે હઝરત ઈસા عليه السلام એ શુભેચ્છકોથી મદદની માંગ કરી તો આપે અવશ્ય એ નિય્યતે જ માંગ કરી કે અસલી મદદ ખુદા તઆલાની છે અને શુભેચ્છકો મદદ કરશે તો અલ્લાહની તૌફીક અને તેની અતા અને અર્પણથી. તો શુભેચ્છકોની મદદ નકલી છે (મજાઝી છે.) સ્પષ્ટ થયું ઈમાન અને કુફ્રનો ફેંસલો કરવામાં અસલી, નકલીનો તફાવત કરવો કુર્આની તાલીમથી પણ અવશ્ય છે, જો ફરક ઉઠાવી દેવામાં આવે તો અસંખ્ય આયત અને હદીષો કુફ્ર અને શિર્કની તાલીમ આપનાર બની શકે છે.

(3) اِنْ تَنْصُرُوا اللّٰهَ يَنْصُرْكُمْ જો તમે અલ્લાહના દીનની મદદ કરશો તે તમારી મદદ કરશે.

આયતથી જાણવા મળ્યું કે બંદાઓ મદદ કરી શકે છે કારણ કે, તેઓથી મદદની માંગ કરવામાં આવી છે. આયત નં. ૨ માં અલ્લાહના નબી

ઈસા عليه السلام એ અલ્લાહના દીન માટે શુભેચ્છકોથી મદદની માંગ કરી હતી. આયતમાં અલ્લાહ તઆલાએ તો તે બંદાઓને ફર્માવ્યું કે, તમે દીનની મદદ કરશો તો હું તમારી પણ મદદ કરીશ.

اِنْ تَنْصُرُوْا માં તમે લોકો કર્તા (કાર્ય કરનાર) અને મદદ કાર્ય છે. મદદનો સંબંધ ગૈરે ખુદા સાથે કરવામાં આવ્યો છે તે નકલી છે. કારણ કે, માણસ પાસે પોતાની કોઈ તાકત અને શકિત નથી. તેને જે કંઈ મળ્યું અલ્લાહ તઆલા તરફથી છે. અલ્લાહ તઆલાની અર્પણ કરેલ તાકત અને શકિતને લઈને કોઈનાથી મદદની માંગ કરવામાં આવે તો માંગ કરી શકાય છે. અને એ પણ જાણવા મળ્યું કે ગેરખુદાથી શર્ત સાથે મદદ લેવી કુફ્ર અને શિર્ક નથી. જો આ ફરક અને તફાવત માન્ય રાખવામાં ન આવે તો અસંખ્ય આયતો અને હદીષો કુફ્ર અને શિર્કની તાલીમ બની શકે છે.

(૪) لَتُؤْمِنُنَّ بِهٖ وَلَتَنْصُرُنَّهٗ તમે લોકો જરૂરથી તેના પર ઈમાન લાવશો અને તેમની મદદ કરશો.

આલમે અરવાહમાં નબીઓથી સરકારે મદીના صلى الله تعالى عليه وسلم પર ઈમાન લાવવાનો અને તેમની મદદ કરવાનો વાયદો લેવામાં આવ્યો હતો. નબીઓએ વાયદાનો સ્વીકાર કર્યો. જો ગેરખુદાથી કોઈ શર્ત સાથે મદદ ન લઈ શકાય તો નબીઓથી મદદ કરવાનો વાયદો કેમ લેવામાં આવ્યો ? સ્પષ્ટ થયું કે અલ્લાહ તઆલાએ માણસને શકિત અર્પણ કરેલ છે. તો અલ્લાહની અતા કરેલ શકિતથી તે મદદ કરશે એ શર્ત સાથે ગેરખુદાની મદદ લઈ શકાય છે. જો આ ફરક અને તફાવત ઉઠાવી દેવામાં આવે તો કુર્આનની ઘણી બધી આયતો અને સેકડોં હદીષો કુફ્ર અને શિર્કની તાલીમ બની શકે છે.

**સવાલ :-** શું અલ્લાહ તઆલા પોતે મદદ નથી કરી શકતો ? પછી બંદાને મદદ માટે કેમ કહે છે ?

**જવાબ :-** બંદો મદદ કરશે તો પણ હકીકતમાં અલ્લાહની મદદ છે. કારણ કે બંદા પાસે પોતાનું કંઈ નથી જે કંઈ છે તે અલ્લાહનુ અતા કરેલું છે. બીજાું એ કે અલ્લાહ તઆલા બંદાને શકિત અતા કરે છે, મદદની તૌફીક બખ્શે છે અને પછી તેના થકી મદદ કરાવી તેને પોતાના તરફથી





બદલો આપે છે. તો તે બંદાને મદદનો બદલો આપવા માટે કહે છે કે, તે અલ્લાહના દીનની મદદ કરે. ત્રીજું એ સ્પષ્ટ કરવા કે બંદાને ખુદાની મદદનું કારણ અને સબબ સમજીને તેનાથી મદદ લેવામાં આવે તો લઈ શકાય છે. ચોથુ એ કે જાણવા માટે કે ગેરખુદાથી કોઈ પણ શર્ત વિના મદદ માંગવાને શિર્ક કહેવું કુર્આન વિરૂધ્ધ છે.

(૫) اَيَّدَكَ بِنَصْرِ الْمُؤْمِنِيْنَ અય નબી ! અલ્લાહ તઆલાએ પોતાની અને ઈમાનવાળાઓની મદદથી શકિત આપી.

આ આયતથી જાણવા મળ્યું કે મદદ અલ્લાહની પણ હોય છે અને તેની મખ્લૂકની પણ હોય છે. અલ્લાહ પણ કરે છે તેને મખ્લૂક પણ મદદ કરે છે. અને જ્યારે મખ્લૂક પણ મદદ કરે છે તો તેમની મદદ પણ લઈ શકાય છે. અલ્લાહની મદદ હકીકી અને અસલી છે. તેની મખ્લૂકની મદદ તેની અર્પણ અને તૌફીકથી છે, અસલી નથી. એટલે અસલી અને ગૈર અસલીમાં તફાવત જરૂરી છે. જો આ તફાવત ઉઠાવી દેવામાં આવે તો અસંખ્ય આયતો અને હદીષો કુફ્ર અને શિર્ક બની શકે છે.

(૬) فَاَعِيْنُوْنِيْ بِقُوَّةٍ તો તમે મારી શકિતથી મદદ કરો.

હઝરત સિકંદર ઝુલકરનૈન رحمة الله عليه જેઓ હઝરત ખિઝર عليه السلام ના પિતરાય છે. કુર્આન શરીફના સોળમા સિપારાના બીજા રુકૂઅમાં તેમનું થોડું વર્ણન કરવામાં આવ્યું છે. યાજૂજ માજૂજનો માર્ગ બંધ કરવા અને લોકોને તેમના ત્રાસથી બચાવવા તેમણે લોકોથી મદદની માંગ કરી હતી. તાંબા, પિત્તળ, લોખંડને ઓગાળીને એક દીવાર બનાવવામાં આવી અને તેમનો માર્ગ બંધ કરી દેવામાં આવ્યો, તેનો ફાયદો આજે પણ આપણને મળી રહ્યો છે. કિયામત નિકટ તેઓ દીવાર તોડીને બહાર આવશે અને લોકોને તકલીફ પહોંચાડશે.

ઉપરોકત આયતથી જાણવા મળ્યું કે, કોઈ પણ શર્ત વિના ગેરખુદાની મદદ લેવી શિર્ક અને કુફ્ર કહેવામાં આવે તો હઝરત સિકંદર ઝુલકરનૈન رحمة الله عليه મદદ ન લેત. કુર્આને તારીફ સાથે એમનું વર્ણન કર્યું તેનાથી સ્પષ્ટ થયું કે ગેરખુદાની મદદ લઈ શકાય છે. અને એમાં શર્ત એ છે

કે અસલ મદદ અલ્લાહની અને મખ્લૂક તે મદદનો સબબ અને ઝરીયો છે. જો આ તફાવત ઉઠાવી દેવામાં આવે તો કુર્આનની આયતો શિર્ક અને કુફ્રની તાલીમ બની જાય.

(૭) فَاللّٰهُ مَوْلٰهُ وَ جِبْرِيْلُ وَصَالِحُ الْمُؤْمِنِيْنَ وَالْمَلٰٓئِكَةُ بَعْدَ ذٰلِكَ ظَهِيْرًا

નબીના મદદગાર અલ્લાહ, જિબ્રઈલ, અને નેક ઈમાનવાળાઓ છે, પછી ફરિશ્તાઓ (તેમના) મદદગાર છે.

આ આયતમાં નબીના માટે અલ્લાહની મદદનો ઉલ્લેખ તો છે જ પણ સાથે જિબ્રઈલની મદદ, બીજા ફરિશ્તાઓની મદદ, નેક ઈમાનવાળાઓની મદદ કે જે ગેરખુદાની મદદ છે. એનાથી એ સ્પષ્ટ થયું કે ગેરખુદાથી પણ મદદ થઈ શકે છે અને તેમની પણ મદદ લઈ શકાય છે. જો ગેરખુદાની મદદ કોઈ પણ શર્ત વિના કુફ્ર અને શિર્ક કહેવામાં આવે તો ઉપરોકત આયત કુફ્ર અને શિર્કની તાલીમ બની જાય. એટલે ગેરખુદાની મદદમાં એ શર્ત માન્ય રાખવી જ પડશે કે અસલ મદદ અલ્લાહની અને મખ્લૂક તેનો સબબ અને ઝરીયો છે.

(૮) ولو انهم رضوا ما اٰتاهم الله ورسوله وقالوا حسبنا الله سيؤتينا الله من فضله و رسوله

અને કેટલું સારું થાત જો તેઓ અલ્લાહ અને એના રસૂલે જે એમને અર્પણ કર્યું તેની પર રાજી થઈ જાત અને કહેત અલ્લાહ અમને બસ છે. હવે અલ્લાહ પોતાના ફઝલથી અને તેના રસૂલ અમને આપશે.

આયતમાં આપવાનો અને અર્પણ કરવાનો સંબંધ અલ્લાહ તઆલા તરફ કરવામાં આવ્યો છે અને નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ની તરફ પણ કરવામાં આવ્યો છે. આપવાના કાર્યનો સંબંધ કર્તા અલ્લાહ સાથે છે તથા કર્તા રસૂલ સાથે પણ છે. જયારે કે જે કાંઈ અર્પણ થાય છે તે ખુદા તઆલા તરફથી અર્પણ થાય છે. અને મખ્લૂક તરફથી માત્ર સબબ અને ઝરીયો છે. તો અલ્લાહ તરફ આપવાનો સંબંધ અસલી, અને રસૂલ તરફ આપવાનો સંબંધ ગેર અસલી. જો આ તફાવત માન્ય રાખવામાં ન





આવે તો કુર્આનની ઘણી બધી આયતો અને સેંકડો હદીષો કુફ્ર અને શિર્કની તાલીમ બની જાય.

બીજું એ કે મખ્લૂક આપી શકે તો તેની પાસે માંગ પણ કરી શકાય છે. અને મખ્લૂકથી માંગ કરવી કુફ્ર અને શિર્ક નથી, કારણ કે કુર્આન આપણા માર્ગદર્શન માટે ઉતારવામાં આવ્યું છે અને એ આપણને બે માર્ગ બતાવી રહ્યું છે, ખુદાથી પણ માંગ કરો અને તેની મખ્લૂકમાંથી જેનાથી મદદ મળી શકે તેનાથી મદદની માંગ કરો. અસલી મદદ અલ્લાહની છે પણ અલ્લાહ તઆલાએ પોતાની મદદનો જાહેરી સબબ પોતાની મખ્લૂકને બનાવ્યો છે. તો પછી મખ્લૂકને સબબ અને ઝરીયો સમજીને મદદ લેવી હકીકતમાં ખુદા તઆલાથી જ મદદ લેવી છે. મખ્લૂકથી મદદ લેવાને વિના શર્તે કુફ્ર અને શિર્ક કહેવું કુર્આનની તાલીમને શિર્ક કહેવું છે.

(૯) وَمَا نَقَمُوْٓا اِلَّآ اَنْ اَغْنٰهُمُ اللّٰهُ وَرَسُوْلُهٗ مِنْ فَضْلِهٖ તેઓને એ જ ખરાબ લાગ્યું કે એમને અલ્લાહ અને એના રસૂલે પોતાના ફઝલથી માલદાર બનાવી દીધા.

આ આયતમાં માલદાર બનાવવું કાર્ય છે અને એના કર્તા અલ્લાહ અને એના પ્યારા રસૂલ છે. અલ્લાહ સાથે માલદાર બનાવવાનો સંબંધ અસલી છે કારણ કે અસલ મદદ અને અર્પણ ખુદા તઆલાની જ છે, અને સરકારે મદીના રાહતે કલ્બો સીના صلی اللہ تعالیٰ علیہ وسلم તરફ માલદાર બનાવવાનો સંબંધ ગેર અસલી અને મજાઝી છે. કારણ કે હુઝૂર જે કાંઈ કરે છે ખુદાની અર્પણ કરેલ મદદથી અને તેના જ ફર્માનથી કરે છે. અસલ કાર્ય ખુદા તઆલાનું છે અને હુઝૂર તે કાર્યના જાહેર થવાનો જાહેરી સબબ અને ઝરીયો છે.

આ આયતથી એ પણ જાણવા મળ્યું કે આમ તો કહી જ શકાય છે કે અલ્લાહ તઆલાએ મને આપ્યું અને અલ્લાહ તઆલાએ મને ધનવાન બનાવ્યો. પણ આમ પણ કહી શકાય છે કે હુઝૂરે મને અર્પણ કર્યું અને હુઝૂરે મને ધનવાન બનાવ્યો. દલીલ એ જ કે કુર્આન આ પ્રમાણેનો ઉલ્લેખ કરી રહ્યું છે, તો આનો વિરોધ અને આ માન્યતાથી વિવાદ એ કુર્આનનો વિરોધ અને કુર્આનથી વિવાદ છે. જે એક ઈમાનવાળો કયારે પણ કરી શકતો નથી.

## ★ નિર્ણય સહેલો નથી ★

ગત બયાનમાં મેં તમને એ પણ બતાવ્યું હતું કે કુર્આનની માત્ર એક આયત પઢીને કોઈ પ્રકારનો નિર્ણય નથી લઈ શકાતો તેના માટે સઘળી આયતો પર ધ્યાન રાખવું જરૂરી છે. આપણે એહલે સુન્નત વલ જમાઅત કુર્આન સાથે હદીષને પણ માન્ય રાખીએ છીએ એટલે નિર્ણયમાં હદીષો પર ધ્યાન રાખવું પણ અવશ્ય જરૂરી છે. એટલે દરેક માણસ મુજતહિદ નથી બની શકતો. તેના માટે ઘણી બધી શર્તો છે. એટલું જાણી લેવું પૂરતું છે કે દુનિયામાં મહાન આલિમો અને માનંવતા વલીઓ ચાર ઈમામોમાંથી કોઈ એકને પોતાનો આઈડિયલ બનાવે છે. અને એમના ફૈસલાને માન્ય રાખે છે. પીરાને પીર રોશન ઝમીર મુહ્યુદ્દીન અબ્દુલ કાદિર જીલાની رحمۃ اللہ علیہ જેમનાં કદમ કદમ પર કરામત જાહેર થતી હતી અને તેમની ઈલ્મી સભાઓમાં ૭૦ હજારની મેદની થતી હતી અને આપનો શબ્દે શબ્દ લખવામાં આવતો. ૪૦૦ માણસો તેમના મુખેથી નીકળતા મુબારક શબ્દોનો લખાણનું સ્વરૂપ આપતા, તો પણ આપ પોતાનો આઈડિયલ હઝરત ઈમામ અહમદ ઈબ્ને હંબલ رضی اللہ عنہ ને બનાવે છે અને હંબલી મસ્લક પર રહી ફત્વાઓ આપે છે. સ્પષ્ટ થયું મુજતહિદનું વતુળ શર્તોના આધારે ઘણુ જ સંકોચાયલું છે.

જેઓ બે ત્રણ કિતાબો પઢીને પોતાને મહાનથી મહાન સમજી ગયા અને કોઈને પોતાનો આઈડિયલ બનાવવું પસંદ ન કર્યું અને ખ્યાતિના ખોટા ખયાલમાં મેદાનમાં કૂદી પડયા તેમણે પોતાની અજાણતા અને જહાલતથી કૌમે મુસ્લિમમાં વિવાદ ઊભો કર્યો. દાખલા તરીકે ઈબ્ને અબ્દુલ વહ્હાબ નજદી, ઈસ્માઈલ દહેલ્વી, ખલીલ અંબેઠવી, કાસિમ નાનોત્વી, અબુલ આ'લા મૌદૂદી વગેરે અને તેમના ચેલાઓ.

અરબી (ભાષાઓની) દુનિયામાં કુસંપ જગાડનાર ઈબ્ને તૈમિયહ્ અને ઈબ્ને અબ્દુલ વહ્હાબ નજદી છે. અને જે નામો ઉપરોકત લખવામાં આવ્યાં તેમણે ઉર્દૂ ભાષીઓની દુનિયામાં એકતામાં ભંગ કરેલો છે. મુસલમાન મુસલમાનનો દુશ્મન આ લોકોના સબબથી બનેલો છે.

**સવાલ :–** અકીદા અને માન્યતામાં તકલીદ જરૂરી નથી ?





**જવાબ :–** તકલીદ જરૂરી ન હોવાનો મતલબ એવો તો નથી કે જેના મનમાં આવે તેવો અકીદો ઉપજાવે, અને પસંદ આવે તેવી માન્યતાને ઈસ્લામ કહે. ઈલ્મે કલામના આધારે અકીદા અને માન્યતામાં અહલે સુન્નતના બે ઈમામો છે. અબુલ હસન માતુરીદી અને અબૂ મૂસા અશ્અરી. જેને માતુરીદીયા અને અશ્અરિયા કહેવામાં આવે છે. અહલે સુન્નતની માન્યતા એમના પર આધારિત છે. બીજાું એ કે કુર્આનમાં સ્પષ્ટ લખાણ હોય, સહીહ હદીષોમાં સાફ વર્ણવવામાં આવ્યું હોય, અસંખ્ય આલિમોનું મંતવ્ય પણ એક હોય તેવી વાતોમાં કોઈનો વિવાદ માન્ય રાખવામાં નથી આવતો.

હું તમને અહીં એ બતાવવા માગું છું કે કુર્આનની એક જ આયતને પઢી કોઈ પ્રકારનો નિર્ણય નથી લઈ શકાતો. તેના માટે કુર્આનની સઘળી આયતો અને હદીષો પર ધ્યાન હોવું જરૂરી છે. જો આમ કરવામાં ન આવે તો પરિણામ દુનિયા અને આખેરતની બરબાદી છે. જેમ કે બાતિલ ફિર્કાનાં આલિમોની થઈ અને તેમણે અસંખ્ય લોકોને પણ પોતાના શુભેચ્છક બનાવીને બરબાદ કર્યા અને કિયામત તલક કેટલાઓને કરશો ?!

## ★ ભૂલ કરવાના અન્ય દાખલાઓ ★

(૧) مَا لَكُمْ مِّنْ دُوْنِ اللّٰهِ مِنْ وَّلِيٍّ وَّلَا نَصِيْرٍ અલ્લાહ સિવાય તમારો કોઈ વલી અને મદદગાર નથી.

આ આયત એ સ્પષ્ટ કરી રહી છે કે વલી માત્ર અલ્લાહ જ છે અને મદદગાર માત્ર અલ્લાહ છે. અલ્લાહ સિવાય કોઈને વલી અને મદદગાર માનવો શિર્ક છે. શિર્ક મોટામાં મોટો ગુનોહ છે તેનાથી મુસલમાન ઈસ્લામના વર્તુળથી અલગ થઈ જાય છે. એટલે કુર્આનની આ આયતને લક્ષમાં રાખી કોઈને વલી અને મદદગાર માનવો નહીં, માત્ર અને માત્ર અલ્લાહ જ છે !

## ★ ભૂલ કેમ થઈ ? ★

ઉપરોકત નિર્ણય ખોટો છે, કારણ કે માત્ર એક આયતને પઢીને ફૈસલો કરી દેવામાં આવ્યો છે. આપણું કુર્આન ૬૬૬૬ આયતો ધરાવે છે.

અને સઘળી આયતો પર ઈમાન રાખવું જરૂરી છે. જે નિર્ણય લેવામાં આવે તે કુર્આનની બીજી આયતો વિરૂધ્ધ ન જવો જોઈએ. જ્યારે કે ઉપરોકત નિર્ણય બીજી આયતો વિરૂધ્ધ છે !

(૧) وَالْمُؤْمِنُونَ وَالْمُؤْمِنَاتُ بَعْضُهُمْ أَوْلِيَاءُ بَعْضٍ ઈમાનવાળા પુરૂષ અને સ્ત્રીઓ એક બીજાના વલી છે.

(૨) إِنْ أَوْلِيَاؤُهُ إِلَّا الْمُتَّقُونَ એના (અલ્લાહનો) વલીઓ પરહેઝગાર લોકો જ છે.

(3) أَلَا إِنَّ أَوْلِيَاءَ اللَّهِ لَا خَوْفٌ عَلَيْهِمْ وَلَا هُمْ يَحْزَنُونَ الَّذِينَ آمَنُوا وَكَانُوا يَتَّقُونَ

સાંભળી લો ! બેશક ! અલ્લાહવાળાઓ પર કોઈ ડર નથી અને તેઓ ગમ નહીં ઉઠાવે જેઓ ઈમાન લાવ્યા અને પરહેઝગાર હતા.

(૪) وَالَّذِينَ كَفَرُوا أَوْلِيَاؤُهُمُ الطَّاغُوتُ يُخْرِجُونَهُمْ مِنَ النُّورِ إِلَى الظُّلُمَاتِ

અને જેમણે કુફ્ર કર્યું શૈતાન તેમના વલી છે. તેઓને પ્રકાશથી અંધારામાં લઈ જાય છે.

આ આયતોથી જાણવા મળ્યું કે અલ્લાહ સાથે વલીનો શબ્દ નિયુકત નથી તેની મખ્લૂક માટે પણ તે શબ્દ ઉપયોગ કરી શકાય છે. અને મખ્લૂકમાંથી અન્યને વલી કહેવું કુફ્ર અને શિર્ક નથી. કારણ કે કુર્આનમાં મખ્લૂકમાંથી અન્યને વલી કહેવામાં આવ્યા છે. જેમણે એક આયત પઢીને નિર્ણય લીધો અને બીજી આયતો પર ધ્યાન ન આપ્યું તો તેમણે કુર્આનની ઘણી બધી આયતો વિરૂધ્ધ કર્યું. સ્પષ્ટ થયું કે એક આયત પઢીને નિર્ણય લેવો કયારેક માણસને બરબાદ પણ કરી શકે છે.

નસીર એટલે મદદગાર એનો સંબંધ પબ્લિક સાથે પણ થઈ શકે છે અને પબ્લિક એક બીજાની મદદ કરી શકે છે તેની આયતોનો ઉલ્લેખ આગળ કરી દેવામાં આવ્યો છે. نَحْنُ أَنْصَارُ اللَّهِ અમે અલ્લાહના દીનના મદદગાર છીએ.





અન્સાર નાસિરનું બહુવચન છે. નાસિર અને નસીરમાં એટલો તફાવત છે કે નાસિર ક્રમે ક્રમે મદદ કરવાનું કાર્ય કરે, નસીર સતત તે સિફતમાં રહે, નહીંતર અર્થ એક છે.

**સવાલ :–** વલી અને નાસિર અસલી માયનામાં તો અલ્લાહ માટે જ છે ? પબ્લિક માટે બોલવામાં આવે તો ગેર અસલી માયનામાં હોય છે જેને સબબ અને ઝરિયો કહેવાય છે ?

**જવાબ :–** અમે પણ એવું કહેવા માંગીએ છીએ કે મુસલમાન મખ્લૂક માટે કોઈ શબ્દ બોલે તો સમજા વિચાર્યા વિના કુફ્ર અને શિર્ક નહીં બોલવાનું. તે મુસલમાન હોવાને લઈને ખુદા માટે જુદા અર્થમાં લે છે અને પબ્લિક માટે જુદા અર્થમાં. અને કુર્આન જ્યારે તફાવત અને ફરક બતાવી રહ્યું છે તો પછી મુસલમાનો પર ત્રાસ ન કરવો જોઈએ અને ગમે તેને કાફિર કહીને પોતાને બરબાદ ન કરવો જોઈએ, જો તમે પ્રથમ નિર્ણયમાં આ પ્રમાણેના ફરકને દખલ આપ્યો હોય તો વિવાદ ઊભો ન થતો.

لِلَّهِ مَا فِي السَّمَاوَاتِ وَمَا فِي الْأَرْضِ

"આકાશ અને જમીનમાં જે કઈ છે અલ્લાહનુ જ છે."

આ પ્રમાણેની કુર્આન શરીફમાં ઘણી બધી આયતો નાઝિલ કરવામાં આવી છે. તેનાથી સ્પષ્ટ થાય છે કે દરેક ચીજ વસ્તુનો માલિક અલ્લાહ જ છે અને અલ્લાહ તઆલા સિવાય કોઈ માલિક નથી.

ઉપરોકત ઉલ્લેખ ખોટો છે કે અલ્લાહ તઆલા સિવાય કોઈ કશાનો માલિક જ નથી. બલ્કે દુનિયામાં ઘણી બધી ચીજ વસ્તુઓ પર આપણે માલિક છે અને આપણી માલિકીમાં બીજાને દખલ કરવાની મનાઈ કરવામાં આવી છે. કુર્આનમાં છે :–

(૧) إِنَّمَا أَمْوَالُكُمْ وَأَوْلَادُكُمْ فِتْنَةٌ બેશક ! તમારા માલ અને તમારી ઔલાદ ફિત્નો છે.

(૨) يَا أَيُّهَا الَّذِينَ آمَنُوا لَا تُلْهِكُمْ أَمْوَالُكُمْ وَلَا أَوْلَادُكُمْ عَنْ ذِكْرِ اللَّهِ

અય ઈમાનવાળાઓ ! તમારા માલ અને તમારી ઔલાદ તમને અલ્લાહની યાદથી ગાફેલ ન કરી દે.

لَا تُؤْتُوا السُّفَهَآءَ اَمْوَالَكُمُ الَّتِىْ جَعَلَ اللّٰهُ لَكُمْ قِيَامًا ( 3 )
તમારા માલ મૂર્ખાઓને ન આપો જેને અલ્લાહે તમારા માટે.

اِنَّ اللّٰهَ اشْتَرٰى مِنَ الْمُؤْمِنِيْنَ اَنْفُسَهُمْ وَاَمْوَالَهُمْ بِاَنَّ لَهُمُ الْجَنَّةَ (૪)
બેશક ! અલ્લાહે ખરીદી લીધા ઈમાનવાળાઓથી એમના પ્રાણો અને એમના માલ એ બદલામાં કે એમના માટે જન્નત છે.

(૫) خُذْ مِنْ اَمْوَالِهِمْ صَدَقَةً તેમના માલમાંથી ઝકાત લો.

وَاِنْ خِفْتُمْ اَنْ لَّا تَعْدِلُوْا فَوَاحِدَةً اَوْ مَا مَلَكَتْ اَيْمَانُكُمْ (૬)
અને જો તમને ડર હોય કે ન્યાય નહીં કરી શકો તો માત્ર એકથી (નિકાહ કરો) અથવા જેના જમણા હાથ માલિક છે. (જેના તમે માલિક છો લોંડીઓના)

આ આયતોથી જાણવા મળ્યું કે આપણે પણ ઘણી બધી ચીજોના માલિક છીએ. ઝકાત પોતાની માલિકીના માલમાં જ વાજિબ થાય છે. ઝકાત જે ગરીબ અને જરૂરતમંદને આપવામાં આવે તેને માલિક બનાવવું જરૂરી છે. જો માલિક બનાવવામાં ન આવે તો ઝકાત અદા થતી નથી. બીજાના માલનો તેની રજા વિના આપણે માલિક બની શકતા નથી. એટલે બંદાની અન્ય ચીજ વસ્તુ પર માલિકીનો ઈન્કાર નથી થઈ શકતો.

**સવાલ :–** હકીકી અને અસલી માલિક તો અલ્લાહ તઆલા જ છે અને બંદાને જે કંઈ અતા થયું અલ્લાહ તઆલા તરફથી એટલે તે અસલી માલિક નથી ગેર અસલી માલિક છે ?

**જવાબ :–** અમે પણ એ જ કહીએ છીએ કે અસલી માલિક ખુદા છે અને ખુદા જે કંઈ અતા કરે છે તેમાં બંદો ખુદાની અતાથી માલિક થઈ શકે છે. એટલે બંદાની માલિકીનો તદ્દન ઈન્કાર નથી થઈ શકતો. કારણ કે, બંદાની માલિકી પર ઘણી બધી આયતો અને હદીષો દલીલ બની રહી છે.

ભૂલ તો તમારી છે કે તમે કોઈ પ્રકારનો ફરક અને તફાવત કર્યા વિના મુસલમાનને કોઈ વાત કહેવા પર કુફ્ર અને શિર્કનો બકવાસ શરૂ કરી દો છો અને જ્યારે તમારી પકડ કરવામાં આવે છે ત્યારે જવાબ બનાવવા





અસલી અને ગેર અસલીનો ફરક માન્ય રાખો છો, તો જો તમે પ્રથમથી આ ફરકને લક્ષમાં રાખતા તો મુસલમાનને મુશ્રિક કહેવાનું ભયંકર પરિણામ પોતાને શીરે ન લેવું પડતું. બંદાથી માંગ કરવામાં અને નબીઓ, વલીઓથી તેમની હયાતમાં અને તેમના પર્દો કર્યા પછી તેમનાથી માંગ કરવામાં પણ આ જ ફરક અને તફાવત છે. તો તમે કહો છો, ના ! ના ! મખ્લૂકથી માંગ કરવી શિર્ક છે ! શિર્ક છે !

દાખલા રૂપે બે આયતો તેમજ અસલી, ગેર અસલીનો ફરક કરવા માટે તેના સુબૂતમાં બીજી આયતો વર્ણવવામાં આવી. અને એ સ્પષ્ટ કરી દેવામાં આવ્યું કે એક આયત પઢીને નિર્ણય નથી લઈ શકાતો તેના જેવી જેટલી આયતો અને હદીષો હોય તેને સામે રાખી વચલા ગાળાનો ફેંસલો કરવામાં આવશે. કારણ કે, કુર્આનની દરેક આયત પર ઈમાન રાખવું જરૂરી છે. પછી એક આયત પઢીને નિર્ણય કેવી રીતે લઈ શકાય છે. બાતિલ ફિર્કાના લોકોએ માત્ર એક આયત પઢીને નિર્ણય લઈ અસંખ્ય મુસલમાનોને કાફિર અને મુશ્રિકની લાઈનમાં ઊભા કરી દીધા.

અમારા આપવામાં આવેલા દાખલાઓથી તમને એ વાતનું ઈલ્મ થઈ ગયું કે ઈલ્મવાળા લોકો ભૂલો કેવી રીતે કરે છે અને તેમની ભૂલનું કયારેક કેટલું ગંભીર પરિણામ આવે છે. ઈબ્ને અબ્દુલ વહ્હાબ નજદી, ઈસ્માઈલ દહેલ્વી, કાસિમ નાનોત્વી, અશરફ અલી થાનવી, ખલીલ અહમદ અંબેઠવી, સર સૈયદ અહમદ રાયબરેલ્વી, મહમૂદુલ હસન, રશીદ અહમદ ગંગોહી વગેરે ભૂલ કરી કરીને પોતાના ઠેકાણે પહોંચી ગયા પણ તેમની ભૂલોથી કેટલું નુકસાન થયું કે મુસલમાનોની એકતાનો ભંગ થઈ ગયો. પરસ્પર એક બીજાના શત્રુ બની ગયા અને આપણી તબ્લીગનું કેન્દ્ર માત્ર મુસલમાન બનીને રહી ગયો.

આપણું બયાન એ ચાલી રહ્યું હતું કે કર્તા તરફ કાર્યનો સંબંધ દરેક જગાએ અસલી નથી હોતો કયારેક ગરે અસલી અને મજાઝી પણ હોય છે. અને આ ફરક અને તફાવત અમારો ઉપજાવેલો નથી બલ્કે કુર્આન શરીફની ઘણી બધી આયતોથી સ્પષ્ટ થાય છે. એટલે મુસલમાન માટે નિર્ણય લેવામાં જલ્દબાજીથી કામ ન લેવું જોઈએ, નહીં તો મુસલમાન તો મુસલામાન રહી જશે અને તેને કાફિર કહેવાવાળો

ઈસ્લામથી બહાર થઈ જશે ! જયારે કુર્આન પર આપણુ ઈમાન છે તો કુર્આન જે ફરક અને તફાવત બનાવે તેની ઉપર પણ આપણુ ઈમાન હોવું જોઈએ. જે કુર્આનમાં વર્ણવેલ ફરક અને તફાવત પર ઈમાન રાખશે તે પોતાનું ઈમાન બચાવી શકશે અને જે તે તફાવત ગુમાવી બેસશે તે ભૂલો કરી પોતાનું ઈમાન ગુમાવી બેસશે. જેમ કે બાતિલ ફિર્કાના લોકો ફત્વા છાપી છાપીને કરી રહ્યા છે.

(૧૦) اِنَّمَآ اَنَا رَسُوْلُ رَبِّكِ لِاَهَبَ لَكِ غُلٰمًا زَكِيًّا બેશક ! હું તમારા રબનો રસૂલ છું. (હું એટલા માટે આવ્યો છું) કે તમને પાક છોકરો અર્પણ કરું.

આ આયતથી એ સાબિત થાય છે કે હઝરતે જિબ્રઈલે અમીન عليه الصلاة والسلام એ હઝરત મરયમ પાસે આવીને કહ્યું હતું કે હું તમારા રબનો રસૂલ છું એટલા માટે આવ્યો છું કે હું તમને પાક અને સ્વચ્છ છોકરો આપુ. જો અસલી અને ગેર અસલીનો ફરક ઉઠાવી દેવામાં આવે તો આમ કહી શકાય છે કે હઝરત જિબ્રઈલ عليه الصلاة والسلام એ ખોટુ કહ્યું ! છોકરો આપવો કે છોકરી આપવી માણસનું, જિનનું અથવા ફરિશ્તાનું કામ નથી તે બધા મખ્લૂક છે અને ખુદાના બંદા છે ! આ કામ તો માત્ર ખુદાનુ છે, મખ્લૂકથી થઈ શકતુ નથી. તો પછી જિબ્રઈલ عليه الصلاة والسلام પણ વહાબીના ફત્વાથી બચી શકતા નથી ! એટલે અસલી અને ગેર અસલીનો ફરક અવશ્ય છે.

ઉપરોકત આયતમાં કર્તા હઝરત જિબ્રઈલ અમીન عليه الصلاة والسلام છે, એમના તરફ જે કાર્યનો સંબંધે કરવામાં આવ્યો છે તે બાળક અર્પણ કરવું છે. અને કર્તા સાથે કાર્યનો આ સંબંધ ગેર અસલી અને મજાઝી છે. કારણ કે આ કાર્યમાં અસલ કર્તા ખુદા તઆલા જ છે. તો અસલી અને ગેર અસલીનો ફરક કુર્આનમાં આપેલો છે.

જયારે ગેર અસલી તરીકાથી મખ્લૂક કર્તા બની શકે છે અને અર્પણ કરી શકે છે, અને એમનું આ પ્રમાણે કરવું કુર્આનની આયતના આધારે શિર્ક નથી ?! તો પછી ગેર અસલી તરીકાથી મખ્લૂકથી માંગ કરવામાં આવે તો તે શિર્ક કેમ કરી થઈ શકે છે ? સારાંશ એ કે કોઈ માણસ પોતાના માટે કોઈ વલીયુલ્લાહથી બાળકની માંગ કરે અથવા





બીજી કોઈ ચીજ વસ્તુની માંગ કરે તો તે મુશ્રિક નથી. કારણ કે, મુસલમાન દરેક કાર્યમાં અસલ ખુદાને માને છે અને ત્યારે જ મુસલમાન બને છે. તો મખ્લૂકથી તેની માંગમાં અસલી અને ગેર અસલીનો તફાવત માન્ય રાખવામાં આવશે. ખુદા તઆલાથી માંગ કરે તો અસલી અને મખ્લૂકમાંથી કોઈનાથી માંગ કરે તો ગેર અસલી.

(૧૧) اِنِّيْٓ اَخْلُقُ لَكُمْ مِّنَ الطِّيْنِ كَهَيْئَةِ الطَّيْرِ فَاَنْفُخُ فِيْهِ فَيَكُوْنُ طَيْرًا ۢبِاِذْنِ اللّٰهِ وَاُبْرِئُ الْاَكْمَهَ وَالْاَبْرَصَ وَاُحْيِ الْمَوْتٰى بِاِذْنِ اللّٰهِ وَاُنَبِّئُكُمْ بِمَا تَاْكُلُوْنَ وَمَا تَدَّخِرُوْنَ فِيْ بُيُوْتِكُمْ

બેશક ! હું માટીથી તમારા માટે પક્ષીના ઢાંચા જેવું બનાવું છું પછી તેનામાં ફૂંક મારું છું તો તે અલ્લાહના હુકમથી પક્ષી બની જાય છે. હું આંધળા અને કોઢીને શિફા આપુ છું, હું અલ્લાહના આદેશથી મુર્દા જીવંત કરું છું અને હું તમે જે ખાવ છો અને પોતાના ઘરોમાં ભેગુ કરો છો તેની ખબર આપુ છું.

અમે તમને એ જ બતાવવા માંગીએ છીએ કે કર્તા સાથે જે કાર્યોનો સંબંધ કરવામાં આવે તે દરેક જગાએ અસલી નથી હોતો, કયારેક અસલી હોય છે અને કયારેક ગેર અસલી. જો આ ફરક અને તફાવત ઉઠાવી દેવામાં આવે તો કુર્આન શરીફની ઘણી બધી આયતો કુફ્ર અને શિર્ક બની શકે છે. શું કુર્આન શિર્કની તાલીમ આપી શકે છે ?! શું કુફ્ર કરવાનો આદેશ પ્રાપ્ત થઈ શકે છે ? જો આમ જ હોય તો મુસલમાન અને કાફિર મુશ્રિકની દરમિયાન કોઈ ફરક ન રહે, અને મઆઝલ્લાહ ! ઈસ્લામ પણ કુફ્રની બલાનું નામ બની જાય ! એટલે અસલી અને ગેર અસલીનો ફરક અવશ્ય છે.

ઉપરોકત આયતમાં હઝરત ઈસા عليه الصلاة والسلام એ ચાર કાર્યોનો સંબંધ પોતાની તરફ કરેલો છે અને તે કાર્યોનો કર્તા પોતાને જાહેર કર્યો છે : **(૧)** પેદા કરવું **(૨)** શિફા આપવી **(૩)** જીવંત કરવું **(૪)** ગયબની ખબર આપવી.

જે લોકો અસલી અને ગેર અસલીનો ફરક નથી કરતા અને મુસલમાનોને ગમે તેવા ફત્વા આપે છે અને પોતાના પરિણામની ગંભીરતાની ચિંતા નથી કરતા તેઓ જવાબ આપે કે અલ્લાહના નબી હઝરત ઈસા عليه الصلاة والسلام એ ફર્માવ્યું, "હું પેદા કરું છું" કયા અર્થમાં છે ? "હું શિફા આપું છું" કયા

અર્થમાં છે ? "હું જીવંત કરું છું" કયા અર્થમાં છે ? "હું ગયબની ખબર આપુ છું" કયા અર્થમાં છે ? તમે લોકો સામાન્ય મુસલમાનોને અસલી અને ગેર અસલીનો ફરક કર્યા વિના ફત્વો આપો છો તો શું તમે હઝરત ઈસા عليه السلام માટે એ ફરક કરશો કે નહીં ? જો કરશો તો અમે કહીશું કે આ ફરક બીજા મુસલમાનો માટે કેમ નહીં ?! અને જો તમે નબી માટે પણ ગેર અસલી માયનામાં માન્ય ન રાખો તો તમારા નિકટ નબી પણ મુશ્રિક બની જાય ! તો તમારે અવશ્ય ગેર અસલીનો ફરક કરીને ફેંસલો કરવો પડશે અને તે ફરક દરેક મુસલમાનની વાતમાં માન્ય રાખવામાં આવશે. અને તમે જાણ્યું તેમ કે, આ વાત અમારી ઉપજાવેલી નથી બલ્કે કુર્આનથી સાબિત થાય છે. શું તમે કુર્આનની વાત માન્ય નહીં રાખો ?

બીજાું એ કે બંદો કાર્ય સાથે ગેર અસલી સંબંધના આધારે કર્તા બની શકે છે અને આપી શકે છે તો પછી ગેર અસલી સંબંધની નિય્યતે તેનાથી માંગ પણ કરી શકાય છે. હે બુઝુર્ગ ! તમે શિફા આપો ! હે બુઝુર્ગ તમે સારું કરી દો ! હે બઝુર્ગ તમે દિકરો આપો ! હે બુઝુર્ગ ! તમે અમને ધનવાન કરો ! વગેરે. તો આ પ્રમાણે કહેવું અને માંગ કરવી શિર્ક નથી. કુફ્ર પણ નથી કારણ કે એ પ્રમાણેની વાતો શબ્દાર્થી તફાવત સાથે ગેર અસલી માયનામાં કુર્આનમાં આવી છે.

**હે વહાબીઓ અને દેવબંદીઓ !** તમે વાત વાતમાં શિર્ક અને કુફ્રની બકવાસ કરો છો તો બતાવો તમારું કુફ્ર અને શિર્ક કહેલું કુર્આનના આધારે તો ઈમાન સાબિત થાય છે ! તો પછી તમારી શિર્કની બકવાસથી અમને કોઈ નુકસાન નથી પહોંચી શકતું કારણ કે, અમારું આઈડિયલ કુર્આન છે અને એ અમારું માર્ગદર્શક છે એને તો અમને તફાવત અને ફરક બતાવેલો છે. હવે તમારે પોતાની ચિંતા કરવાની છે કે, તમે અમને કાફિર અને મુશ્રિક કહેવાનો શ્રમ કરી રહ્યા હતા, જ્યારે કુર્આનની આયતો અમારા ઈમાનની ગવાહી આપી રહી છે તો પછી હસદને લઈને તમે પોતે જ પોતાને ઈસ્લામના વર્તુળથી બહાર કરી રહ્યા છો.

**હે વહાબીઓ અને દેવબંદીઓ !** તમે કુર્આનમાં આવેલી મૂર્તિઓ અને બુતોની બુરાઈમાં આવેલી આયતોને નબીઓ, વલીઓ અને





શહીદો સાથે મેળવો છો અને બુતોને એક લાઈનમાં લાવીને ઊભા કરો છો. તમને ઉપરોકત આયતોથી એ વાતનું ઈલ્મ અથવા એહસાસ થઈ ગયો હશે કે મૂર્તિઓની આયતો નબીઓ, વલીઓ અને શહીદો સાથે મેળવી નથી શકાતી કારણ કે મર્તિઓની મજબૂરીઓનું વર્ણન કુર્આનમાં છે અને અલ્લાહના નેક બંદાઓના અધિકારનું સ્પષ્ટ બયાન કુર્આન જ કરી રહ્યું છે. અધિકારવાળો અને લાચાર, મજૂબર એક જેવો કેમ કરી થઈ શકે છે ?

## ★ મૂર્તિઓની લાચારી અને વલીનો અધિકાર ★

વહાબી અને દેવબંદી આલિમો પોતે ખોટો અકીદો રાખીને રૂહાનિયતથી મહરૂમ અને બેમુરાદ થઈ ગયા તો તેમણે એવું લખ્યું કે સત્ય અકીદાના અમલવાળા વલીઓ અને સૂફીઓને પણ કોઈ પ્રકારનો અધિકાર આપવામાં આવતો નથી. તો તેઓ સુન્નીઓ બરેલ્વીઓને આમ કહીને સંબોધન કરે છે. હે સુન્નીઓ ! તમે બુઝુર્ગોને પુકારો છો અને કાફિરો મૂર્તિઓને પુકારે છે, તમારા બંનેમાં કોઈ ફરક અને તફાવત નથી. જેમ મૂર્તિઓ બે અધિકાર છે તેમ આ પણ બે અધિકાર છે. તેના ઘણા બધા દાખલાઓ તમને 'તકવિયતુલ ઈમાન'માં જોવા મળશે. જ્યાં લાચારી અને મજબૂર હોવામાં દેવી, દેવતા અને અંબિયા, ઔલિયાને એક લાઈનમાં ઊભા કરવામાં આવ્યા છે ! (અલ્લાહની પનાહ !)

## ★ મૂર્તિઓની લાચારી અને વલીઓનો અધિકાર ★

અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે :

**اِنَّ الَّذِیْنَ تَدْعُوْنَ مِنْ دُوْنِ اللّٰہِ لَنْ یَّخْلُقُوْا ذُبَابًا وَّ لَوِ اجْتَمَعُوْا لَہٗ وَاِنْ یَّسْلُبْھُمُ الذُّبَابُ شَیْئًا لَّا یَسْتَنْقِذُوْہُ مِنْہُ ضَعُفَ الطَّالِبُ وَ الْمَطْلُوْبُ**

"બેશક ! અલ્લાહને છોડી તમે જેમની પૂજા કરો છો તેઓ એક માખી પણ બનાવી શકશે નહીં. બધા જ તેના માટે એકત્ર થઈ જાય તો પણ અને જો માખી તેમની પાસેથી કશું ખુંચવી જાય તો તેની પાસેથી પાછુ ન લઈ શકે. કેટલો અશકત શુભેચ્છક અને જેનાથી ઈચ્છા રાખવામાં આવી."

આ આયતમાં મૂર્તિઓની બુરાઈ કરવામાં આવી છે કે તેમની પાસે કોઈ તફાવત અને શકિત નથી. તેઓ માખી પણ પેદા નથી કરી શકતા અને માખી પાસેથી કંઈ લઈ પણ નથી શકતા. અને તદ્દન સત્ય વાત છે પત્થરોમાં શકિત નથી. પણ જો આ આયતને દરેક મખ્લૂક માટે લેવામાં આવે તો ખોટુ છે. નાના જીવડાંઓ એવાં પણ છે જે માખીને ખાય જાય છે. અને માણસને લેવામાં આવે તો તેને અલ્લાહ તઆલા તરફથી ઘણો બધો અધિકાર આપવામાં આવ્યો છે. માણસ વાઘ અને સિંહને પણ પિંજરામાં બંધ કરી લાવે છે અને હાથી જેવા શકિતશાળી પ્રાણીથી પોતાનાં કામો લે છે.

મૂર્તિઓ કંઈ પેદા નથી કરી શકતી અને બીજા લોકો પણ કંઈ પેદા નથી કરી શકતા. પણ બનાવવાનો મતલબ લેવામાં આવે તો મૂર્તિઓ કંઈ બનાવી પણ નથી શકતી અને એમને જ બીજા લોકો બનાવે છે. બનાવવાનો જ્યાં સુધી સંબંધ છે દુનિયામાં માણસે અસંખ્ય ચીજ વસ્તુઓ બનાવી છે અને બનાવતો રહેશે. સ્પષ્ટ થયું કે માણસ પણ એક જેવો નથી. પક્ષીઓ પણ પોતાના રહેવા માટે ઘરો બનાવે છે તો તેઓ પણ મૂર્તિઓ માફક લાચાર નથી. આ પેદા કરવાનો સંબંધ અલ્લાહ તઆલા સાથે જ છે તે શકિત કોઈ પણ બંદાને અને મખ્લૂકને આપવામાં આવી નથી પણ ગેર અસલી માયનામાં કુર્આનમાં એનો પણ સંબંધ નબી સાથે જોડવામાં આવ્યો છે. હઝરત ઈસા عليه الصلاة والسلام એ ફર્માવ્યું કે; وَاِذْ تَخْلُقُ مِنَ الطِّيْنِ كَهَيْـَٔةِ الطَّيْرِ فَانْفُخُ فِيْهِ فَيَكُوْنُ طَيْرًا بِاِذْنِ اللّٰهِ "હું તમારા માટે માટીમાંથી પક્ષીની આકૃતિ બનાવું છું પછી તેમાં ફૂંક મારું છું તો તે તરત જ પક્ષી બની જાય છે અલ્લાહના હુકમથી."

આ આયત સ્પષ્ટ કરી રહી છે કે હઝરત ઈસા عليه الصلاة والسلام માટીનું પક્ષી બનાવી ફૂંક મારી તેને જીવંત પણ કરતા હતા તો આ પેદાઈશ અને તખ્લીક હઝરત ઈસા عليه الصلاة والسلام ની પણ ખુદાના અર્પણ કરેલ અધિકારથી છે. તો મૂર્તિઓ માટે જે વાતનો ઈન્કાર કરવામાં આવ્યો હઝરતે ઈસા عليه الصلاة والسلام માટે તે અધિકાર સ્પષ્ટ કરવામાં આવ્યો. એટલે મૂર્તિઓ અને નબીઓને, વલીઓને એક લાઈનમાં નથી લાવી શકતા. આયત નં.૧૧ માં હઝરત ઈસા عليه الصلاة والسلام ના બીજા અધિકારનું પણ વર્ણન થયું છે.

**સવાલ** :- એ તો નબીના મો'જિઝાત છે અને એનો અમે પણ





ઈન્કાર નથી કરતા.

**જવાબ** :- શું મૂર્તિઓને મો'જિઝાત આપવામાં આવે છે ? તે તો તદ્દન લાચાર છે તેમને તો કોઈ પ્રકારનો અધિકાર આપવામાં આવ્યો જ નથી. મો'જિઝાત અને કરામતો અલ્લાહ તરફથી મળેલ અધિકારનું જ નામ છે, પછી મૂર્તિઓ અને નબીઓ, વલીઓને એક લાઈનમાં લાવવા જુલ્મ અને ત્રાસ નથી ? બલ્કે અસંખ્ય આયતોનો અને હદીષોનો ઈન્કાર છે. મો'જિઝાતના સુબૂતમાં એક આયત પૂરાવા રૂપે અમે ટાંકી તે પૂરતી છે પણ એક કરામત પણ તમને કુર્આનથી સાબિત કરી બતાવીએ તો તમને જાણવા મળે કે નેક બંદાઓને અલ્લાહ તઆલા તરફથી કેવો અધિકાર આપવામાં આવે છે.

اَيُّكُمْ يَاْتِيْنِىْ بِعَرْشِهَا قَبْلَ اَنْ يَّاْتُوْنِىْ مُسْلِمِيْنَ

"તમારામાં કોણ છે કે તે તેણીનું સિંહાસન મારી પાસે લઈ આવે તેઓ મારી પાસે તાબેદાર બનીને હાજર થાય ત્યાર પહેલાં."

હઝરત સુલેમાન عليه الصلاة والسلام અલ્લાહ તઆલાના નબી છે અને નબીને કુફ્ર, શિર્ક અને ગુનાહોથી પાક રાખવામાં આવે છે. એટલે તેઓ જે કંઈ કામ કરે, કરાવે અથવા કરવાનું કહે તે અલ્લાહ તઆલાને માન્ય હોય છે. અને તે અલ્લાહની મરજીનું જ કહેવામાં આવે છે. દરેકની આ શાન નથી પણ નબી માટે સર્વને માન્ય છે.

જ્યારે નબી માટે માન્ય છે તો હઝરત સુલેમાન عليه الصلاة والسلام પોતાની સભામાં બેસતા લોકોને કહ્યું, બિલ્કિસ પોતાના સૈન્યને લઈને ઈસ્લામ લાવવાની નિય્યતે આવવા નીકળી ગઈ છે અને તેનુ મોટુ અને વિશાળ વજની તખ્ત છે. તેના આવતા પહેલાં તેનું સિંહાસન હાજર કરવાનુ છે. હઝરત સુલેમાન عليه الصلاة والسلام એ સભાવાસીઓથી આ બાબતે મદદની માંગ કરી. તો આ માંગ એ વાતની દલીલ છે કે મખ્લૂકને જેટલો અધિકાર આપવામાં આવ્યો છે તે પ્રમાણેની મદદની માંગ તેનાથી થઈ શકે છે. શર્તની સાથે મખ્લૂકથી માંગ કુફ્ર અને શિર્ક નથી બલ્કે કુર્આનની તાલીમ છે.

**સવાલ** :- હઝરત સુલેમાન عليه الصلاة والسلام પોતે તખ્ત ન લાવી શકતા હતા કે આપે અનુયાયીઓથી એ વાતની માંગ કરી ?

**જવાબ** :- જ્યારે આપની સંગતમાં રહેવાથી અનુયાયીઓને અપાર શકિત મળી તો પછી આપની શકિતઓની સીમારેખા આપણે કેમ કરી ખેંચી શકીએ. આપ જરૂરથી એ કામ કરી શકતા હતા પણ આપ એ બતાવવા માંગતા હતા કે નબીઓથી ઉતરતું પદ વિલાયતનું છે. અને જેમને વિલાયત આપવામાં આવે છે તેમને પણ અધિકાર આપવામાં આવે છે. દાલખા તરીક અલ્લાહ તઆલા દરેક કામ કરી શકે છે, પણ તે ફરિશ્તાઓથી અસંખ્ય કામો કરાવે છે.

**સવાલ** :- જ્યારે બિલ્કિસ ઈમાન લાવવા માટે નીકળી ગઈ હતી તો પછી તેનું તખ્ત તેના આવતાં પહેલાં મંગાવવાનો શો મતલબ ?

**જવાબ** :- એ બતાવવા માટે કે જે ધર્મ તરફ તેણીને દા'વત આપવામાં આવી છે તેની સત્યતા તેના દિલમાં બેસી જાય અને એને એ વાતનુ યકીન થઈ જાય કે હઝરત સુલેમાન عليه السلام માત્ર રાજા નથી બલ્કે અલ્લાહના સાચા નબી છે. તેમને અલ્લાહ તઆલા તરફથી અપાર રૂહાની તાકતો અને શકિતઓ આપવામાં આવી છે.

## ★ આપના શુભેચ્છકોની વિનંતી ★

આપનો ઈર્શાદ સાંભળીને આપના શુભેચ્છકોમાંથી એક જિન્નાતે વિનંતી કરી કે હું તેણીના આવતા પહેલાં તમારી ખિદમતમાં હાજર કરી શકું છું. અલ્લાહ તઆલા ફર્માવે છે :-

قَالَ عِفْرِيْتٌ مِّنَ الْجِنِّ اِنَا اٰتِيْكَ بِهٖ قَبْلَ اَنْ تَقُوْمَ مِنْ مَّقَامِكَ
وَاِنِّىْ عَلَيْهِ لَقَوِىٌّ اَمِيْنٌ

એક મોટો ખવીસ જિન બોલ્યો, હું તે સિંહાસન સેવામાં હાજર કરીશ, હુઝૂર દરબાર બરખાસ્ત કરે ત્યાર પહેલાં અને હું એ બાબત પર બેશક ! બળવાન અને પ્રમાણીત છું.

હઝરત સુલેમાન عليه السلام ની માંગ તો એ જ હતી કે બિલ્કીસ તેના સૈન્ય સાથે મારી ખિદમતમાં પધરામણી કરે ત્યાર પહેલાં તખ્ત અહીં હાજર થઈ જવું જોઈએ. જેમ માણસોની શકિતઓ એક જેવી નથી, જિન્નાતોની





શકિતઓમાં પણ ફેરફાર હોય છે. અધિક શકિતશાળી જિન્ન બીજા સામાન્ય જિન્નોથી જલ્દી કામ કરી શકે છે.

હઝરત સુલેમાન عليه السلام અને તખ્તની વચમાં તે જમાનાની તેજ સવારીથી એક મહિનાનું અંતર હતું, જવા આવવામાં ડબલ અંતર થઈ જાય છે. હવે એ વિચારવાનું છે કે જિન્ન પાસે કેટલી શકિત છે કે તેણે જવાબમાં વિનંતી કરી, અય અલ્લાહના નબી ! આપતો ફર્માવો છો કે તેણીની પધરામણી પહેલાં હાજર કરવાનું છે પણ એ તો ઘણી લાંબી મુદ્દત કહેવાય ! મારી પાસે તો એવી શકિત છે કે આપની સભા બરખાસ્ત ન થાય તે પહેલાં હું તેને તમારી ખિદમતમાં હાજર કરી શકુ છું. આપ હુકમ આપો તો હું એ કામ કરી બતાવુ.

આપની ખિદમતમાં અસંખ્ય જિન્નાત હાજર રહેતા હતા અને આદેશ દરેકને જ આપવામાં આવ્યો હતો પણ તેમાંથી એક જિન્નનું ઉદાહરણ એ વાતની દલીલ છે કે તે જિન્ન સઘળા જિન્નાતમાં વધારે શકિતવાળો હતો અને તે સભા બરખાસ્ત થતાં પહેલાં લાવી શકતો હતો.

જિન્નનું આ કામ પણ આશ્ચર્યજનક છે કે તેજ સવારીથી એ મહીનાનું અંતર મિનિટમાં કપાય જાય, અને વજની તખ્ત સાથે ખિદમતે અકદસમાં પરત આવી જાય. આજે વિજ્ઞાનની આધુનિક શોધમાંથી વિમાન છે જેની ઝડપથી આપણે વાકેફ છીએ. ઉપરોકત કામ આપણા દિમાગથી વધારે નિકટ થવું જોઈએ, તો પણ આપણને સમજમાં નથી આવી શકતું કે વજની તખ્ત આટલું જલ્દી કેમ કરી હાજર કરી શકાય છે ?

હાજર જનોમાં અલ્લાહના વલીઓ પણ હતા, જેમની રૂહાની શકિતઓનો કિનારો આપણે મેળવી નથી શકતા. આપણે તો આપણે પણ તેમની શકિતઓથી જિન્નાતો પણ આશ્ચર્યમાં પડી જાય છે. જિન્નાતોએ તો પોતાની અંતિમ શકિત જણાવી આપી. હવે મનુષ્યમાંથી વલીની શકિતનું યકીન કુર્આનના પુરાવાથી મજબૂત કરો. અલ્લાહ ફર્માવે છે :-

قَالَ الَّذِىْ عِنْدَهٗ عِلْمٌ مِّنَ الْكِتَابِ اَنَا اٰتِيْكَ بِهٖ قَبْلَ اَنْ يَّرْتَدَّ
اِلَيْكَ طَرْفُكَ فَلَمَّا رَاٰهُ مُسْتَقِرًّا عِنْدَهٗ قَالَ هٰذَا مِنْ فَضْلِ رَبِّىْ

''જેની પાસે કિતાબનું ઈલ્મ હતું તેણે વિનંતી કરી, હું તેને એક

પલક ઝપકતાં પહેલાં સેવામાં હાજર કરીશ, પછી જ્યારે સુલેમાને સિંહાસન પોતાની પાસે મૂકાયેલુ જોયું તો કહ્યું, આ મારા રબની કૃપાથી છે.''

## ★ તખ્ત લાવનાર કોણ હતો ? ★

તખ્ત લાવવાનું કામ જિન્નાતોએ નહીં માણસે કર્યું હતું. હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہ ફર્માવે છે કે આ કામ આસિફ બિન બરખિયાએ કર્યું હતું જેઓ હઝરત સુલેમાનના વઝીર હતા અને તેમની પાસે ઈસ્મે આ'ઝમ હતું. હઝરત ઈબ્ને ઝૈદની રિવાયત એ છે કે એક બુઝુર્ગ માણસ હતા જે દરિયા પારથી હાજર થયા અને તેમણે આ કામ કરી બતાવ્યું. *(તફસીરે કબીર)*

**સવાલ** :- શું આ પ્રમાણેના કામો માણસ માટે શકય છે ?

**જવાબ** :- સામાન્ય લોકો માટે આદતના આધારે શકય નથી. પણ અહીં વાત અલ્લાહના વલીઓની છે કે તેમને અલ્લાહ તઆલા તરફથી આ પ્રમાણેનો અધિકાર આપવામાં આવે છે તે અશકયનો જે વજૂદમાં ન આવી શકે. અને ઉપરોકત કામનો વજૂદ કુર્આનમાં પુરાવા સાથે છે. એટલે સ્પષ્ટ થયું શકય છે અને એટલે જ વજૂદ થયો.

**સવાલ** :- આમ નથી થઈ શકતું કે પલક ઝપકવાનું માત્ર જલ્દી હોવાને લઈને કહેવામાં આવ્યું હોય ? કારણ કે, પરિભાષામાં આ પ્રમાણેના શબ્દ જલ્દી બતાવવા માટે ઉપયોગ થાય છે ?

**જવાબ** :- પલક ઝપકવાના માયનામાં લેવું જ ઉત્તમ છે. કારણ કે, કુર્આનમાં એ પ્રમાણેનો જ ઉલ્લેખ છે. બીજું એ કે સભા બરખાસ્ત થતાં પહેલાં લાવી આપવાનું તો જિન્નાતે પણ કહ્યું હતું. તો બીજી આયતમાં તેનાથી અધિક જલ્દી લાવવાનું વર્ણન છે. હાલત જોતાં તે તરતના માયનામાં છે.

**સવાલ** :- પલક ઝપકવામાં સેકન્ડ પણ લાગતો નથી. મહીનાથી અધિક સમયનું અંતર કાપીને વજની તખ્ત હાજર થઈ જવું અક્કલમાં આવી શકે છે ?

**જવાબ** :- કરામત એને જ કહેવાય ! બીજું એ કે કુર્આન પુરાવો આપી રહ્યું છે. સમજમાં આવે ન આવે મુસલમાન છો તો માનવું જ પડશે. ત્રીજું એ કે અલ્લાહનું કલામ છે. અલ્લાહ તઆલાએ બંદાઓને એ પ્રમાણેની





શકિતઓ આપી છે ત્યારે તો કુર્આનમાં ઉતાર્યું.

## ★ હાઝિર નાઝિર ★

આ વાકયાથી એ પણ સાબિત થાય છે કે મુકદ્દસ હસ્તીઓ હાઝિરો નાઝિર થઈ શકે છે. અને એક ટાઈમમાં અલગ અલગ જગાએ રહી શકે છે. હાઝિરો નાઝિરને માન્ય રાખવામાં આવે તો આ વાકયો પણ માન્ય રહેશે. અને જેને આ વાકયો માન્ય હશે તેને હાઝિરો નાઝિર માન્ય રહેશે. *(તફસીરે કબીર ઈમામ રાઝી)*

## ★ એક શકયતા ★

દિમાગથી નિકટ કરવા માટે અન્ય દાખલાઓ તમારી ખિદમતમાં રજુ કરીએ છીએ. ફરિશ્તાઓ આકાશથી જમીન પર સેકન્ડોમાં આવી જાય છે. જ્યારે આકાશ અને જમીનની વચમાં લાખો માઈલોનું અંતર છે. મલકુલ મૌત (રૂહ લેનાર ફરિશ્તો) દુનિયાના દરેક ખૂણેથી રૂહ ખેંચે કરે છે અને તેના માટે આટલી વિશાળ પૃથ્વી પ્લેટ માફક છે. *(રૂહુલ મઆની)*

શૈતાન લોકોને વસવસો આપે છે અને દુનિયાના ખૂણે ખૂણે સેકન્ડોમાં પહોંચી જાય છે. અને એક સમયમાં અલગ અલગ જગ્યાના હજારો લાખો લોકોને વસવસો નાખે છે. સૂર્ય જમીન અને પૃથ્વીથી ૧૬૪ ગણો મોટો છે તો પણ ૨૪ કલાકમાં માત્ર પૃથ્વી નહીં ચોથા આકાશનો ફેરો પૂરો કરે છે. હિસાબ લગાડો સેકન્ડમાં કેટલા હજાર માઈલનું અંતર કાપતો હશે ?! આ બધું થઈ રહ્યું છે અને આપણે માની રહ્યા છીએ પછી ઉપરોકત વાતમાં કોઈ શંકા રહેતી જ નથી.

## ★ તમે ન્યાય કરો ★

આ આયતોથી જાણવા મળ્યું કે નબીથી ઉતરતી કક્ષાના લોકો એટલે વલીઓને અલ્લાહ તઆલા તરફથી આ પ્રમાણેનો અધિકાર આપવામાં આવ્યો છે પછી નબીઓના અધિકારનો તો પાર જ રહેતો નથી. પછી તેમને મૂર્તિઓ માફક બે અધિકાર અને લાચાર શી રીતે કહેવામાં આવે છે ?!

વહાબીઓ અને દેવબંદીઓ અલ્લાહવાળાઓની પુકારને મૂર્તિઓની પુકાર સાથે મેળવે છે અને તેમને પણ મૂર્તિઓ માફક બે અધિકાર અને લચાર કહે છે. સ્પષ્ટ થયું કે તેમની માન્યતા કુર્આનની બતાવેલ માન્યતા વિરૂધ્ધ છે. કુર્આનની બતાવેલ માન્યતા વિરૂધ્ધ માન્યતા કોણ રાખી શકે છે ? તે નામ તમારા ઈન્સાફ અને ન્યાય પર છોડી આપુ છું.

## ★ અધિકારવાળાથી મદદની માંગ ★

જે લાચાર અને બે અધિકાર છે અને ઈસ્લામમાં જેની મદદની મનાઈ કરવામાં આવી છે તેનાથી મદદ નથી માંગી શકતા. દા. ત. મૂર્તિઓ, દેવી, દેવતાઓ, શૈતાન અને જિન્નો વગેરે. એમને છોડીને જેમને અલ્લાહ તઆલા તરફથી અધિકાર આપવામાં આવ્યો છે તેમનાથી એમના અધિકાર પ્રમાણે મદદની માંગ થઈ શકે છે. જેમ કે હઝરત સુલેમાન عليه الصلوٰة والتسليم એ વલીની શકિત બતાવવા માટે દૂર માર્ગેથી પલક ઝપકતામાં તખ્ત હાજર કરાવ્યું અને તેમાં મદદની માંગ કરી. નબીનું કામ શિર્ક, કુફ્ર અને કબીરા ગુનાહથી પાક હોય છે. એટલે મદદની માંગ શિર્ક, કુફ્ર અને કબીરા ગુનાહના વર્તુળથી બહાર થઈ ગઈ. તેમનું કામ કુર્આનમાં તારીફ અને વખાણથી વર્ણવવામાં આવ્યું જેથી તેમનું ખુદાની બારગાહમાં ઉત્તમ હોવાની દલીલ છે.

**સવાલ** :– આ વાતો માન્ય રાખી લઈએ તો પણ એ આગલી ઉમ્મતોની વાતો છે આપણે અંતિમ નબીના ઉમ્મતી છીએ આપણે આપણી શરીઅત પર ચાલવું જરૂરી છે ?

**જવાબ** :– એનો જવાબ પ્રથમ પ્રકરણમાં ત્રણ માણસોના સફરવાળી હદીષની રિવાયતમાં આપી દેવામાં આવ્યો છે.

બીજુ એ કે હઝરત સુલેમાન عليه الصلوٰة والتسليم ના ઉમ્મતીઓનો દરજ્જો અંતિમ નબીના ઉમ્મતીઓથી ઊતરતો છે. કુર્આનમાં આપણને ઉત્તમ અને ઉચ્ચતર ઉમ્મતના પ્યારા ઉપનામથી યાદ કરવામાં આવ્યા છે. અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

(૧) كُنْتُمْ خَيْرَ اُمَّةٍ તમે લોકો અતિ ઉત્તમ છો.





(૨) وَكَذٰلِكَ جَعَلْنٰكُمْ اُمَّةً وَّسَطًا لِّتَكُوْنُوْا شُهَدَآءَ عَلَى النَّاسِ
અને વાત આમ જ છે કે અમે તમને બધી ઉમ્મતોમાં શ્રેષ્ઠ બનાવ્યા કે તમે લોકો પર ગવાહ બનો.

(૩) સૂરએ કદ્રની શાને નુઝૂલ પર ધ્યાન આપવામાં આવે.

સ્પષ્ટ થયું અંતિમ નબીના ઉમ્મતી સઘળા નબીના ઉમ્મતીઓથી ઉચ્ચતર અને ઉત્તમ છે. જયારે આપણા નબીની ઉમ્મતના વલીઓને સીમા પારનો અધિકાર આપવામાં આવ્યો છે તો પછી આ ઉમ્મતના વલીઓનું શું પૂછવું ?

## ★ આયતનો એક ઈશારો ★

હઝરત આસિફનો અધિકાર કુર્આનની આયતથી સાબિત થયો તેમાં એક ઈશારો એ પણ છે કે માણસ જયારે દુનિયામાં હોય છે ત્યારે તેની શકિતશાળી રૂહ અને પ્રાણને બદનની જેલમાં બંધ કરી દેવામાં આવે છે. તેનાથી રૂહની પોતાની શકિતઓ તૂટી જાય છે અને તેણે દરેક કામમાં બદનનો સાથ લેવો પડે છે. દા.ત. હવાનું શરીર પાતળુ છે અને તે એક જગાએથી બીજી જગાએ ઘણી જલ્દીમાં પહોંચી જાય છે. આ વાતનો કોઈ સામાન્ય માણસ પણ ઈન્કાર કરી શકતો નથી. પણ જયારે કોઈ વજની ચીજમાં હવાને બંધ કરી લેવામાં આવે તો હવાની શકિત તૂટી ગઈ, તેની ઝડપનો નાસ થઈ ગયો, પણ હવાનો નાસ નથી થયો તે છે પણ વજની ચીજની જેલમાં. જો તેને વજની ચીજથી અલગ કરી દેવામાં આવે તો તેની શકિતઓ પરત આવશે. બીજો દાખલો એ કે પાતળી ચીજ વસ્તુને તેનાથી અધિક પાતળી ચીજ સાથે જોડી દેવામાં આવે તો તેની ઝડપમાં વધારો થઈ જાય છે. જેમ કે અવાજ સેકન્ડમાં ઘણી વિશાળ જગામાં ફેલાય જાય છે. તેને કરન્ટ સાથે જોડવામાં આવે તો તેની શકિતમાં કરન્ટ જેટલો વધારો થઈ જાય છે. આધુનિક શોધમાં ટેલિફોન છે, સેકન્ડોમાં અવાજને દુનિયાના એક ખૂણેથી બીજા ખૂણે પહોંચાડી આપે છે. જેમણે ટેલિફોનનો ઉપયોગ કરેલો છે તેમને આ વાતની દલીલ આપવાની જરૂરત નથી. સ્પષ્ટ થયું પાતળી ચીજને વજની ચીજ સાથે કરી દેવામાં આવે તો તેની શકિત તૂટી જાય છે અને તેનાથી અધિક પણ પાતળી ચીજ સાથે મેળવી દેવામાં આવે તો તેની શકિતમાં વધારો થઈ જાય છે.

જ્યારે આટલું સમજી લીધું તો હવે સમજો કે પ્રાણ અતિ શકિતશાળી છે અને ફરિશ્તાઓ માફક તેને એક જગાએથી બીજી જગાએ જવામાં વધારે સમય લાગતો નથી પણ દુનિયામાં બદન સાથે મળી તેની શકિત તૂટી જાય છે. તો પણ માણસ અલ્લાહ તઆલાની ઈબાદત અને બંદગીમાં જીવન પસાર કરે તો અલ્લાહ તેનાથી ખૂશ થઈને તેને એક પ્રકારનો અધિકાર અર્પણ કરે છે, તો બદન સાથે રહેવા છતાં તે સેકન્ડોમાં હજારો માઈલનું અંતર કાપી શકે છે જેનો સુબૂત કુર્આનથી થઈ ગયો. તો પછી મરણ બાદ રૂહ અને પ્રાણને બદનના વજનથી મુકત કરી દેવામાં આવે છે તો તેની શકિતઓ પરત આપે છે. અલ્લાહના વલીઓનો જે દુનિયાવી અધિકાર છે તેનાથી આલમે બરઝખનો અધિકાર વધી જાય છે. ઉપરોકત આયતમાં આ વાત તરફ ઈશારો થાય છે.

જ્યારે જીવન દરમ્યાન તેમનાથી તેમના અધિકાર પ્રમાણે મદદની માંગ કરી શકાય છે તો પછી અવસાન બાદ તેમના અધિક અધિકાર પ્રમાણે વધારે મદદની માંગ કેમ ન થઈ શકે ? એટલે જ ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہ એ ફર્માવ્યું, દુનિયામાં જેનાથી મદદની માંગ કરી શકાય અવસાન પછી પણ તેનાથી મદદની માંગ કરવી શિર્ક નથી.

## ★ મખ્લૂકથી માંગ કરવી શિર્ક નથી હદીષોના પુરાવાથી ★

કુર્આન શરીફથી એ સ્પષ્ટ થઈ ગયું કે શર્ત સાથે મખ્લૂકથી મદદની માંગ કરવી શિર્ક અને કુફ્ર નથી. બલ્કે આપણી જિંદગી અને જીવનનો આધાર મખ્લૂકથી મદદની માંગ છે. જીવનના પ્રથમ □ાસથી અંતિમ □ાસ સુધીમાં □ાસોની સંખ્યાથી વધારે સજીવ અને નિર્જીવ ચીજોની મદદ લઈએ છીએ. જેનો એક બાળક પણ ઈન્કાર નથી કરી શકતું. આટલી સ્પષ્ટ વાતો પણ કુર્આન અને હદીષના હવાલાઓ અને પુરાવાથી એટલા માટે રજુ કરવી પડે છે કે વહાબી અને દેવબંદી જેવા કબુધ્ધિના લોકોની સમજમાં આવી જાય અને મુસલમાનોને મુશ્રિક કહેવાથી તૌબા કરી લે.

મખ્લૂકથી મદદ માંગવાના જાઈઝ હોવા પર લગભગ બાર





આયતોના પુરાવા રજુ કરવામાં આવ્યા, સમજદાર માટે એટલું જ સંપૂર્ણ છે. હદીષના પુરાવાની જરૂરત રહી જતી નથી. તો પણ અમે અમારો દાવો અને માન્યતાને મજબૂત બનાવવા માટે હદીષોના પુરાવા પણ રજુ કરીએ છીએ. સઘળી હદીષો તો રજુ કરી શકાતી જ નથી પણ દાખલા રૂપે અમુક હદીષોનો સહારો લઈશું.

**(૧)** જેઓ મુસલમાનોમાં શિર્ક શિર્કનો બકવાસ કરે છે તેઓનું કહેવું પણ એવું જ છે કે ચાર પછી પાંચમાં ક્રમથી એનો વજૂદ થયો છે. પણ અમે તમારી સમક્ષ એવી હદીષોનું વર્ણન કરીશું જે પ્રથમ જમાનો એટલે નબીની સંગતમાં સહાબાનો યુગ છે જેને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ખૈરૂલ કોરૂન ફર્માવ્યું છે. અને કિયામત નિકટ જ્યારે મુસલમાનોમાં માન્યતાના આધારે ભાગો પડી જશે અને ક્રમે ક્રમે **ઉમ્મત ૭૩ ભાગોમાં વહેંચાય જશે, તો તેઓ પૈકી ૭૨ ને આપે દોઝખની કરૂણ ખબર સંભળાવી,** અને જે એક ફિર્કાને જન્નતની ખુશખબર આપી તેની ઓળખ પેટે ફર્માવ્યું, **مَا اَنَا عَلَيْهِ وَاَصْحَابِىْ** જેના પર હું અને મારા સહાબા છે તે પંથ પર રહેવાવાળો ફિર્કો દરેક જમાનામાં જન્નતી છે. જો નબી અને સહાબાથી એ સ્પષ્ટ થઈ જાય કે મખ્લૂકથી શર્ત સાથે મદદની માંગ થઈ શકે છે તો તે સત્ય માન્યતા ઠરશે અને તેનો અવરોધ કરનાર ૭૨ પૈકી એક હશે.

**(૨)** બુખારી અને મુસ્લિમમાં હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે : તેઓ ફર્માવે છે , મેં વિનંતી કરી, અય અલ્લાહના રસૂલ ! صلی اللہ تعالیٰ علیہ وسلم હું આપથી ઘણી બધી હદીષો સાંભળું છું પણ એને ભૂલી જાઉં છું. આપે ફર્માવ્યું, તમારી ચાદર ફેલાવો ! તો મેં તેને ફેલાવી. આપે પોતાના ખોબા ભરીને તેમાં નાખ્યા. (જોવામાં કંઈ નાખવાનું ન હતું પણ ઈશારો એ પ્રમાણે થઈ રહ્યો હતો), પછી ફર્માવ્યું તેને ચિમટાવી લે તો મેં તેને ચિમટાવી લીધી તો ત્યાર બાદ હું કંઈ પણ ભૂલ્યો નથી.

**સવાલ :-** જ્યારે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ નું દિમાગ અશકત હતું અને એમને યાદ ન રહેતું તો તેમણે ખુદા તઆલાથી દુઆ કરવી જોઈએ અને યાદશકિત તેનાથી માંગવી જોઈએ પણ તેમણે નબીની ખિદમતમાં ફરિયાદ કેમ કરી ?

**જવાબ** :– આ પ્રશ્નનો ઉત્તર દેવબંદી અને વહાબી લોકો આપે ! કારણ કે, તેઓ નબી અને વલીથી માંગ કરવાને શિર્ક કહે છે, શિર્ક હતું તો સહાબીએ આ કામ શા માટે કર્યુ ? શિર્ક હતું તો નબીએ એમને વાકિફ કેમ ન કર્યા ? શિર્ક હતું તો પછી નબીએ તેમની ફરિયાદનો નિકાલ કેમ કર્યો ?

**જવાબ નં. ૨** :– દરેક પ્રકારની મદદ અલ્લાહ તઆલાની જ છે, પરંતુ તે પોતે મદદ ન કરે તો પોતાની મદદ બીજાથી પૂરી કરાવે છે, અને કયારેક તે પોતે પૂરી કરે છે.

મખ્લૂક ખુદા તઆલાની મદદનો જાહેર ઝરીયો અને કારણ છે. એટલે મખ્લૂકને ખુદા તઆલાની મદદનો ઝરીયો સમજીને મદદ લેવી હદીષમાં ખુદા તઆલાની જ મદદ છે. તેને શિર્ક અને કુફ્ર ન કહેવાય. જો વિના શર્તે મખ્લૂકની મદદને શિર્ક કહેવામાં આવે તો હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ નું કામ પણ શિર્ક ઠરે અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નો અમલ પણ તેના ઉત્તમ હોવાની દલીલ છે. અને અમારો અમલ પણ એ જ છે જેને નબી ઉત્તમ બનાવી રહ્યા છે. સ્પષ્ટ થયું مَا اَنَا عَلَیْهِ وَاَصْحَابِیْ અમારા માટે સત્ય ઠરે છે. તમારી માન્યતા તો નબી અને સહાબીને પણ શિર્કના વર્તુળમાં લઈ જાય છે !

## ★ નબીનો અપાર અધિકાર ★

હઝરત અબૂ હુરૈરહ્ علیہ الصلوٰۃ والسلام એ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم થી કોઈ સામાન્ય માંગ ન કરી હતી બલ્કે એક એવી માંગ કરી હતી કે આધુનિક ટેકનોલોજીના જમાનામાં પણ કોઈ વ્યક્તિ એ માંગ પૂરી નથી કરી શકતો. બીજા શબ્દોમાં એ કે હુઝૂર ! જેનાથી સઘળા લોકો લાચાર છે તેવી માંગ હું આપની કરી રહ્યો છું. તો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ એવું ન ફર્માવ્યું, અય અબૂ હુરૈરહ્ ! તમે મારી પાસે માંગ કરો છો ? માંગ તો ખુદાથી જ કરવી જોઈએ ? પણ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم જાણતા હતા કે મુસલમાન ત્યારે જ મુસલમાન બને છે જ્યારે તે અસલ કર્તા ખુદા તઆલાને માની લે. હવે એ મારાથી માંગ કરી રહ્યો છે તો એ સમજીને કે હું ખુદાનો નબી અને રસૂલ છું અને મને રબ તરફથી અધિકાર આપવામાં આવ્યો છે. રબના અર્પણ કરેલ અધિકારના આધારે એ મારાથી





માંગ કરી રહ્યો છે. તો આપે માંગ પૂરી ફર્માવી અને એવું દિમાગ અર્પણ કર્યું છે કે જે સાંભળી લે તે યાદ રહી જાય લખવાની જરૂરત જ નહીં.

**કૌન દેતા હેય કો મુંહ ચાહિયે**
**દેનેવાલા હૈય સચ્ચા હમારા નબી**

## ★ મૂર્તિ અને નબી ★

**(૧)** આ હદીષથી એ જાણવા મળ્યું મૂર્તિથી માંગ કરવી શિર્ક છે પણ નબીથી માંગ કરવી શિર્ક નથી. અને મૂર્તિ મૂર્તિ છે તેને કોઈ અધિકાર નથી, જ્યારે નબી નબી છે તેને અલ્લાહ તઆલા અપાર અધિકાર અર્પણ કરે છે કે જે વાતથી ઈમાન ન લાવે તે અધિકારને જોઈને ઈમાન લઈ આવે. અધિકાર જોઈને ઈમાન લાવવાવાળાઓની સંખ્યા ગણતરીથી બહાર હશે. હઝરત મૂસા علیہ الصلوٰۃ والسلام સામે જાદૂગરોએ નમતુ જોખ્યું અને આપનો અધિકાર જોઈને ઈમાન લઈ આવ્યા. ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ જ્યારે હિંદુસ્તાન આવ્યા ત્યારે કાફિરોનાં દિલમાં આપની મહોબ્બત પેદા થઈ અને તેમનો મોટો ભાગ આપનો અધિકાર જોઈને, ઈમાન લઈ આવ્યો, સ્પષ્ટ થયું કે નબી અને વલી ખુદાના દોસ્ત છે અને ખુદા તઆલા તેમને અધિકાર આપે છે. અધિકારવાળાથી તેના અધિકાર પ્રમાણે માંગ કરવી શિર્ક નથી.

**(૨)** તફસીરે કબીર, ઝરકાની અલલ મવાહિબ, અન્વારે મુહમ્મદિયહ્માં છે : હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم પાણીના કિનારે હતા. ઈકરમા બિન અબૂ જહલ ત્યાં જઈ પહોંચ્યો અને કહેવા લાગ્યો, જો તમે સાચા હોવ તો પેલા પત્થરને બોલાવો જે બીજા કાંઠે છે, તે તરતો આવે અને ન ડૂબે. તો એના તરફ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈશારો ફર્માવ્યો તો પત્થર એની જગાએથી ઉખડયો અને તરતો તરતો રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم સમક્ષ આવી ગયો. અને આપની રિસાલતની ગવાહી આપી. નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈકરમાને કહ્યું, અને આટલું બસ છે ! તેણે કહ્યું એને એની જગાએ પરત કરી આપો.

વહાબી અને દેવબંદી જેઓ નબીને લાચાર અને મજબૂર માને છે અને તેમના માટે કોઈ પ્રકારનો અધિકાર માનતા નથી, તેઓ જવાબ આપે કે ઈશારો કરતાની સાથે પત્થરમાં હલચલ મચી જવી, પત્થરનું વજની હોવા

છતાં પાણી પર તરવું, જે તરફ નબી છે તે તરફ આવવું, હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની રિસાલતની ગવાહી આપવી હુકમ મળતાની સાથે પોતાની જગાએ પરત જવું. આ એક ચીજ વસ્તુમાં ઘણા બધા અધિકાર જોવા મળે છે. શું લાચાર અને મજબૂર આ પ્રમાણે કરી શકે છે ? બીજાું એ કે નબી તમારા કહેવા મુજબ મજબૂર અને લાચાર હોય છે તો પછી જ્યારે આપથી અધિકાર બતાવવાનો પ્રશ્ન કરવામાં આવ્યો તો આપે જવાબમાં ના કહેવું જોઈએ ! અને મજબૂર જ હોત તો આપના આદેશ પર પત્થરમાં હલચલ પેદા ન થતી ! કાફિરોને પણ ખબર હતી કે નબી અધિકારવાળો હોય છે. કારણ કે, ઈકરમાએ આમ કહ્યું હતું, اِنْ كُنْتَ صَادِقًا فَادْعُ ذٰلِكَ الْحَجَرَ ـ જો તમે સાચા છો તો પેલા પત્થરને બોલાવો ! કાફિરના કહેવા પર આપે પત્થરને પોતાની ખિદમતમાં બોલાવ્યો અને સાબિત કર્યું કે હું નબુવ્વતના દાવામાં સાચો છું અને આ છે મારો અધિકાર !

**(૩) દલાઈલુન્નબુવ્વત : ખસાઈસેકુબ્રા અને બુખારી શરીફમાં હઝરત જરીર رضی اللہ عنہ થી રિવાયત છે : આપે ફર્માવ્યું છે, હું સવારીની હાલતમાં ઘોડા પરથી પડયા કરતો. મેં હુઝૂરની ખિદમતમાં ફરિયાદ કરી, આપે પોતાનો મુબારક હાથ મારી છાતી પર માર્યો તો મને હાથનું નિશાન મારી છાતીમાં દેખાયું. પછી આપે ફર્માવ્યું :**

اَللّٰهُمَّ ثَبِّتْهُ وَاجْعَلْهُ هَادِيًا مَهْدِيًّا فَمَا سَقَطْتُ عَنْ فَرَسِيْ بَعْدُ

"અય અલ્લાહ એને થમાવી દે ! એને હિદાયત પર રાખ ! અને માર્ગદર્શક બનાવ !" ફર્માવે છે, ત્યાર બાદ હું મારા ઘોડા પરથી નથી પડયો.

## ★ હદીષનો ફાયદો ★

(૧) નબી લાચાર હોય અથવા નબીથી માંગ કરવી શિર્ક હોય તો સહાબી પોતાની ફરિયાદ લઈને નબીની ખિદમતમાં ન આવતા. **(૨)** જો તમે આમ વિચારો સહાબી ફઝીલતવાળા હોય છે પણ માસૂમ નથી હોતા, એમનાથી ભૂલ થઈ શકે છે.ઈતિહાસ ભરેલો પડયો છે કે સહાબાથી ઘણી બધી (ઈજતેહાદી) ભૂલો થઈ છે. તો અમે કહીશું શું નબીથી પણ ભૂલ થઈ





હતી ? કારણ કે, તેઓ પોતાની ફરિયાદ લઈને નબીની ખિદમતમાં આવ્યા હતા અને નબીએ તેમને એવું ન કહ્યું કે, તમે ખુદા તઆલાથી કહો ! બલ્કે આપે તેમની મુશ્કેલી દૂર ફર્માવી દીધી, એ બતાવવા કે હું ખુદાનો નબી છું અને મારો દરેક અધિકાર ખુદાનો અર્પણ કરેલો છે. **(૩)** નબી મુશ્કિલ કુશા છે અને આ સહાબાની માન્યતા છે, કારણ કે, હઝરત જરીર رضی اللہ عنہ પોતાની મુશ્કેલીનો ઈલાજ કરવા નબી પાસે પહોંચ્યા અને નબીએ તેમની મુશ્કેલી દૂર કરી. સ્પષ્ટ થયું નબીને મુશ્કિલ કુશા અને દાફેઉલબલા માનવું સહાબીની માન્યતા છે. **(૪)** નબી અને સહાબાની માન્યતા પર રહેવું સાચા અને જન્નતી હોવાનો પુરાવો છે. આપણે ખુશ થવું જોઈએ કે આપણી એ માન્યતા છે. **(૫)** સહાબાની માન્યતા એ પણ હતી કે નબી અધિકારવાળો હોય છે, લાચાર અને મજબૂર નથી હોતો. **(૬)** સહાબાની માન્યતા એ પણ હતી કે નબીથી માંગ અલ્લાહના મહબૂબ અને પ્રિયથી માંગ છે. મૂર્તિઓથી માંગ કરવા માફક નથી. જો આમ જ હોત તો મનાઈ કરવામાં આવતી. **(૭)** મુસલમાન મખ્લૂકથી મદદની માંગ કરે તો આમ કહેવું જરૂરી નથી કે હું તને ઝરીયો અને સબબ સમજીને મદદ લઉ છું ! કારણ કે, આ વાત તેના મુસલમાન હોવાથી વિના બોલે સમજી લેવામાં આવે છે. હઝરત જરીરે હુઝૂરથી મદદ લેવામાં એ વાતનો ઉલ્લેખ નથી કર્યો અને એમને કહેવામાં પણ નથી આવ્યું. **(૮)** આપણી માંગ અને નબીની માંગ એક જેવી નથી. આપે હાથ માર્યો અને દુઆ કરી તો હમેશાં માટે કામ બની ગયું. **(૯)** અલ્લાહ દરેકની સાંભળ છે પણ એક જેવી નહીં. આપણે માંગ કરીએ તો મળે અને એ પણ શકય છે ન મળે. પણ નબી માંગ કરે તો તેમના અતિ પ્રિય હોવાને લઈને તેમની માંગ પૂરી કરવામાં આવે છે. હઝરત જરીર رضی اللہ عنہ એ આ હિકમત અને રહસ્યને લક્ષમાં રાખીને નબીથી માંગ કરી કે, હું નબીથી માંગ કરું, નબી મારા માટે ખુદાથી માંગ કરે. તો કામ કેવું બન્યું કે હમેશાં એ તકલીફ જતી રહી.

**માલિકે કૌનેન હંય ગો પાસ કુછ રખતે નહીં**
**દો જહાંકી નેઅમતેં હંય ઉન્કે ખાલી હાથમેં**

**(૪)** اُخْرُجْ يَا شَيْطَانُ مِنْ صَدْرِ عُثْمَانَ فَمَا سَمِعْتُ بَعْدَ ذٰلِكَ شَيْئًا اِلَّا حَفِظْتُهٗ

બયહકી, અબૂ નઈમ, ખસાઈસે કુબ્રામાં હઝરત ઉસ્માન બિન અબુલ આસ

رضی اللہ عنہ થી રિવાયત છે કે હું કુર્આન શરીફ ભૂલી જતો તો મેં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم થી ફરિયાદ કરી. આપે ફર્માવ્યું નજીક આવો ! પછી આપે મારી છાતીમાં હાથ માર્યો અને તેની ઠંડક મને મળી અને આપે ફર્માવ્યું, "અય શૈતાન ! ઉસ્માનની છાતીમાંથી નીકળી જા !"

હઝરત ઉસ્માનનું દિમાગ અશકત હતું, કોશિશથી યાદ કરવાથી યાદ રહેતું ન હતું. પણ નબીની ખિદમતમાં પોતાની ફરિયાદ નોંધાવી તો એવું દિમાગ અર્પણ થયું કે જે સાંભળે તે યાદ ! મોઢે કરવાની મહેનત પણ નહીં અને ભૂલવાની ફિકર પણ નહીં. આ છે નબીથી માંગ કરવાનો ફાયદો. વાટ જોવી ન પડે અને કામ બની બની જાય. અલ્લાહ તઆલા તરફથી આપને અધિકાર આપવામાં આવ્યો છે, આપે ઈરાદો કર્યો કે દિમાગ અર્પણ કરી દઉં તો ઈશારામાં એ અમૂલ્ય નેઅમત અર્પણ કરી.

(૫) નસાઈ શરીફ, ઝરકાની અલલ મવાહિબમાં હઝરત મુહમ્મદ બિન હાતિબ رضی اللہ عنہ થી રિવાયત છે : આપ ફર્માવે છે, હું બાળક હતો ત્યારે મારી ઉપર હાંડલી પડી ગઈ તો મારી બધી ચામડી બળી ગઈ. મારા પિતા મને રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم પાસે ઉઠાવી લાવ્યા. આપે મારી ઉપર થુક મુબારક લગાડયું અને બળેલા પર પોતાનો હાથ ફેરવ્યો અને ફર્માવ્યું :

اَذْهِبِ الْبَاسَ رَبَّ النَّاسِ فَصِرْتُ صَحِيْحًا لَا بَاسَ بِيْ

"અય લોકોના પરવરદિગાર ! તકલીફ દૂર ફર્માવ ! તો તરત હું તંદુરસ્ત થઈ ગયો અને મને કોઈ પ્રકારની શિકાયત ન હતી."

માણસ બળી જાય તો તેને ડોકટર પાસે લઈ જવામાં આવે, દવા દારૂ કરવામાં આવે. હાલત ગંભીર હોય તો દુઆ કરવામાં આવે. પણ હઝરતે મુહમ્મદ બિન હાતિબ رضی اللہ عنہ ના પિતાએ કંઈ ન કર્યું અને સીધા નબીની બારગાહમાં લઈ આવ્યા. એટલે જ કે તેમને ખબર હતી કે ઈખ્તિયાર અને અધિકારવાળા નબી આપણામાં બિરાજમાન છે, આપ ખુદાના પ્રિય છે, આપ ખુદાથી અમારા માટે માંગ કરશે તો અલ્લાહ તઆલા અમારા લીધે નહીં પણ પોતાના પ્રિય નબીના માંગવાને લઈને અર્પણ કરશે. અને એવું જ થયું કે થૂક મુબારક અને હાથ મુબારક ફેરવવાની બરકતથી તકલીફ જતી





રહી. ચામડી આવી ગઈ, દાગ સુધ્ધાં બાકી ન રહ્યો અને જોતજોતામાં તો એટલા તંદુરસ્ત થઈ ગયા કે જાણે કશું થયું જ નથી. આનાથી સ્પષ્ટ થયું કે નબીથી માંગ કરવી ડાયરેકટ માંગ કરવાથી ઉત્તમ છે. તેઓ પોતે ઈલાજ કરાવતા તો શકય છે કે સારું ન થાત. અને થાત તો લાંબો સમય લાગત, અને દાગ તો બાકી જ રહેતો ! પણ નબીની ખિદમતમાં હાજરી આપી નબીનો સહારો લીધો તો તરત નિકાલ થઈ ગયો. બીજું એ કે, સહાબા તો નબીને અધિકારવાળા સમજતા અને માનતા હતા પણ નબીએ પાક તેમની માન્યતા પ્રમાણે તેમને ફાયદો પણ પહોંચાડતા હતા. એટલે કે નબી પણ પોતાને અધિકારવાળો સમજતા હતા. ત્રીજું એ કે આપણે કોઈનો રૂહાની ઈલાજ કરીએ છીએ તો ફાયદો થવાનું યકીન નથી હોતું, માત્ર ઉમ્મીદ હોય છે, પણ નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم આ પ્રમાણેનું કોઈ કામ કરતા તો આપને યકીન હોતું કે કામ બની જશે અને ફાયદો મળશે. નબીની ખિદમતમાં પોતાની હાજતો અને જરૂરતોને લઈને આવનાર એક વ્યકિત પણ એવો નથી બતાવી શકતા કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ તેને ફાયદો પહોંચાડવાનો ઈરાદો ફર્માવ્યો અને એને ફાયદો ન મળ્યો અથવા તે બેમુરાદ રહ્યો. આ આપના સંપૂર્ણ અધિકારની દલીલ છે.

**ઈદે મુશ્કિલ કુશાઈ કે ચમ્કે હિલાલ**
**નાખૂનોંકી બશારતપે લાખોં સલામ**

(૬) મુસ્લિમ શરીફમાં હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે એક વ્યકિતએ નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખિદમતે અકદસમાં હાજર થઈને વિનંતી કરી, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم મારી આ ઊંટડી ઘણી ધીમી ચાલે છે, તો આપે પોતાના પગથી ઠોકર મારી. હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ બયાન કરે છે કસમ તે જાતની જેના કુદરતવાળા હાથમાં મારો પ્રાણ છે. મેં તેને દેખી કે દરેકથી આગળ નીકળી જતી. لَقَدْ رَأَيْتُهَا تَسْبِقُ الْقَائِدَ

ઊંટડી અશકત હોય તો તેને સશકત બનાવવા માટે સારું સારું ખવડાવવામાં આવે, તેનાથી ઓછું કામ લેવામાં આવે, વજન ઓછો રાખવામાં આવે. ઘરડી થઈ ગઈ હોય તો જવાન લેવામાં આવે વગેરે શકય છે કે તેમણે ઈલાજ કર્યો હોય અને કામયાબી ન મળી અથવા ઈલાજ કરવા માટે ખર્ચ ન હોય તો તેમણે નબીની ખિદમતમાં પધરામણી કરી અને નબીથી

ફરિયાદ કરી. તેમને ખબર હતી કે અન્ય ઈલાજો કામયાબીની ઉમ્મીદ પર કરવામાં આવે છે પણ નબીની ખિદતમની હાજરી મકસદમાં કામયાબીનું યકીન મજબૂત બનાવે છે. હુઝૂરે શું કર્યું ? માત્ર પોતાના પગની ઠોકરનો ફૈઝ અર્પણ કર્યો તો જોત જોતામાં ઊંટડ(કીનો દરેક ઐબ જતો રહ્યો, અને એટલી સશકત અને તેજ બની ગઈ કે કોઈ ઊંટડીની મજાલ છે કે નબીથી ફૈઝ પામનાર ઊંડટીથી આગળ વધે ! આપ હઝરત ફર્માવે છે,

**ખાઈ કુર્આને ખાકે ગુઝરકી કસમ**
**ઉસ કફે પાકી હરમત પે લાખોં સલામ**

હદીષે પાકથી એ સ્પષ્ટ થયું કે દરેક ઈલાજ અને દરેક સબબ એક જેવો નથી. સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم કામ બનાવવાના માટે અતિ નિકટતા મજબૂત સબબ છે. બીજો કોઈ ઈલાજ કામ કરે ન કરે પણ આ અંતિમ અને સરળ એવો ઈલાજ છે કે તેને ઉપયોગમાં લાવ્યા પછી નાઉમ્મીદીનું નામ પણ સાંભળવા ન મળે. સહાબા પાસે આટલો મજબૂત ઝરીયો હતો પછી બીજા માર્ગે જવાની શી જરૂરત ? ગમે તેને ગમે તે થાય જલ્દીથી બારગાહે નબીમાં પહોંચતા એટલે જ કે સહાબા નબીને બેઅધિકાર અને લાચાર સમજતા ન હતા. લાચાર અને મજબૂર પાસે જવાથી શું મળે ? પણ તેઓ આપને ખુદાના પ્રિય અને અતિશકિતશાળી સમજતા હતા. અને તેમનું સમજવું ખોટુ પણ ન હતું. મકસદમાં તેમની કામયાબી અને સફળતા એની મજબૂત દલીલ છે.

**સવાલ :-** શું નબીના ચાહવાથી ખુદા તે કામ કરવા માટે મજબૂર બની જાય છે ?

**જવાબ :-** તમને મજબૂરી સિવાય કંઈ આવડતું નથી ! ખુદા અને મજબૂરીનું ભેગુ થવું અશકય છે. શું અશકય પણ વજૂદમાં આવી શકે છે ખરૂં ?! દરેક કામ મજબૂર થઈને નથી કરવામાં આવતું. કામ કરવાના અને બનાવવાના ઘણા બધાં રિઝન અને કારણ છે તેના પૈકી એક ખુદાનો પ્રિય હોવું છે. નબી અને વલીના કહેવાથી જે કામો બની જાય છે અને કામયાબી મળે છે તે તેમની ખુદાની બારગાહમાં પ્રિયતાને લીધે છે. મા બાળકની દરેક જરૂરત પૂરી કરે છે તો મજબૂર થઈને નહીં મહોબ્બતમાં. બાળક સાથે મજબૂર





થવાનો શો મતલબ ?

**(૭)** તબ્રાની હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہ થી રિવાયત કરે છે કે અન્સારમાંથી એક વ્યકિતના બે ઊંટ હતાં તે બંને ગાંડાં થઈ ગયાં, તેણે બંનેને વાડામાં બંધ કરી દીધાં. પછી તે અલ્લાહના હબીબ صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખિદમતમાં હાજર થયા. તેમણે વિચાર્યુ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને બોલાવે. નબીએ કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم અમુક અન્સારીઓ સાથે બેઠા હતા. તેમણે વિનંતી કરી, યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم હું એક જરૂરી કામ માટે હાજર થયો છું, મારાં બે ઊંટ છે તે ગાંડાં થઈ ગયાં છે, મેં એમને વાડામાં બંધ કરી દીધાં છે. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ સહાબાને ફર્માવ્યું, ઉઠો ! મારી સાથે ચાલો ! હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم બિરાજમાન થયા. જ્યારે દરવાજા પાસે પહોંચ્યા તો માલિકને હુકમ આપ્યો કે દરવાજો ખોલો ! તેમને દરવાજો ખોલવાની બીક લાગી કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને તકલીફ ન પહોંચાડે. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ભાર દઈને ફર્માવ્યું કે દરવાજો ખોલો ! તેમણે દરવાજો ખોલ્યો. એક ઊંટ દરવાજા પાસે બેઠેલું હતું તેણે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને જોતાંની સાથે સિજદો કર્યો. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ માલિકને કહ્યું, દોરડી લાવો હું એનું માથુ બાંધીને તમને આપી દઉં. તેઓ જલ્દીથી દોરડી લઈ આવ્યા. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ બાંધીને ફર્માવ્યું, લઈ લો ! વાડાના કિનારે બીજાું ઊંટ ઊભુ હતું. તેણે પણ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને સિજદો કર્યો. તેના માટે પણ તેના માલિકને દોરડી લાવવાનો હુકમ ફર્માવ્યો. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ એ જ પ્રમાણે એને દોરડી બાંધી અને માલિકને આપ્યું પછી ફર્માવ્યું,

**اِذْهَبْ فَاِنَّهُمَا لَا يَعْصِيَانِكَ**

"જાવ ! હવે તેઓ તમારી નાફર્માની નહીં કરે."

ઊંટ ગાંડુ થાય તો નબીની ખિદમતમાં જવાની શી જરૂરત ? કોઈ ઢોર ડોકટરને બતાવવામાં આવે અથવા મારીને સીધુ કરવામાં આવે અથવા ખુદા તઆલાથી તેમની તંદુરસ્તીની દુઆ કરી લેવામાં આવે, પણ સહાબી પોતાની આ ફરિયાદ લઈને નબીની ખિદમતમાં હાજર થયા. એટલે જ કે આપને અલ્લાહ તઆલા એ અધિકાર અર્પણ કરેલો છે, આપ દુઆ કરી આપશે તો ઊંટનું ગાંડપણ બાકી રહેશે નહીં. એટલે તેઓ તરત જ નબીની ખિદમતમાં હાજર થયા અને નબીએ પાકે પોતાની નિગાહોથી એમને તંદુરસ્ત બનાવી દીધા. તેમજ આપે

ફર્માવ્યું, લઈ જાવ ! હવે પછી તેઓ હેરાન કરશે નહીં.

આ હદીષથી એ જાણવા મળ્યું કે મખ્લૂક પાસેથી શર્તની સાથે મદદ લેવી જાઈઝ છે અને સહાબાએ કિરામ આ અકીદા અને માન્યતા પ્રમાણે પોતાની તકલીફો અને જરૂરતોમાં સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم નો સહારો લેતા હતા અને મદની તાજદાર તેમની મદદ કરતા હતા. જ્યારે સહાબાની આ માન્યતા છે અને નબી તેમની માન્યતા પ્રમાણે તેમની મદદ કરતા હતા તો પછી આપણે મખ્લૂકની મદદ લઈએ તો એ નવો અકીદો અને ખોટી માન્યતા નથી બલ્કે નબી અને સહાબા તરફથી આપણને આપવામાં આવેલી માન્યતા છે. અસલ મદદ ખુદા તઆલાની સમજીને મખ્લૂકને તે મદદનો ઝરીયો અને સહારો માનવામાં આવે તો શરીઅતમાં કોઈ વાંધો જ નથી.

(૮) મિશ્કાતુલ મસાબીહ બાબુસ્સોજૂદ મુસ્લિમ શરીફના પુરાવાથી છે : હઝરત રબીઆ બિન કઅબ અસ્લમી رضی اللہ عنہ થી રિવાયત છે કે, હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ મને ફર્માવ્યું, તું માંગ ! તો મેં આપને વિનંતી કરી,

اَسْئَلُكَ مُرَافَقَتَكَ فِي الْجَنَّةِ قَالَ اَوَغَيْرَ ذٰلِكَ فَقُلْتُ هُوَ ذٰلِكَ
قَالَ فَاَعِنِّيْ عَلٰى نَفْسِكَ بِكَثْرَةِ السُّجُوْدِ

હું આપથી જન્નતમાં આપની સંગત માંગુ છું ! આપે ફર્માવ્યું, તે સિવાય કંઈ ? મેં વિનંતી કરી તે જ. આપે ફર્માવ્યું, પોતાની જાત પર વધારે નફ્લોથી મારી મદદ કર.

જે હદીષોનું વર્ણન થયું તેમાં હુઝૂર પાક صلی اللہ تعالیٰ علیہ وسلم નો દુનિયાવી અધિકાર જાણવા મળતો હતો પણ આ હદીષથી એ સ્પષ્ટ થયું છે કે આખિરતના કામોમાં પણ હુઝૂર પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ને અધિકાર આપવામાં આવેલો છે. અને સહાબાએ કિરામની માન્યતા પણ એ જ હતી કે આપ صلی اللہ تعالیٰ علیہ وسلم અલ્લાહના મહબૂબ છે અને અલ્લાહ તરફથી આપને જ ઉચ્ચતર પદ અને મહોબ્બતનું મુકામ આપવામાં આવ્યું છે તેને લઈને આપને અપાર અધિકાર આપવામાં આવ્યો છે. દુનિયામાં આપથી જે માંગવામાં આવ્યું તે મળ્યું. આપે કોઈને કયારે પણ "ના" કહ્યું નથી. પણ જન્નત જેવી જન્નતની માંગ કરવામાં આવી તો આપે તે પણ પૂરી ફર્માવી.





**કિસ ચીઝકી કમી હય મૌલા તેરી ગલીમેં**
**દુન્યા તેરી ગલીમેં ઉકબા તેરી ગલીમેં**

હઝરત રબીઆ બિના કઅબ અસ્લમી رضی اللہ عنہ એ એટલો ઊંચો સવાલ કર્યો છે કે તેની પૂરી છણાવટ નથી થઈ શકતી. આપે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم થી જન્નતની માંગ કરી. જન્નતમાં તે જન્નતની માંગ કરી જે નબીઓની છે. અને નબીઓની જન્નતમાં તે ભાગની માંગ કરી જે સરકારે મદીના માટે નિયુકત છે. અને તેમાં પણ હુઝૂરની સંગત ! અને તેના પર સરકારે આમ ન કહ્યું કે, રબીઆ આખેરત બાબતે મને કોઈ અધિકાર નથી. બલ્કે ફર્માવ્યું, તમે નફ્લ પઢતા રહો, તમે જે માંગ કરી છે તે પૂરી કરાવીશ. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નું દરખાસ્ત કબૂલ કરી લેવું એ વાતની દલીલ છે કે આખેરત પણ આપના અધિકારમાં રાખવામાં આવી છે. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની માન્યતા પણ એ જ હતી. એટલે આપે તેમની માંગ કબૂલી તેને પૂરી કરવાનો વાયદો ફર્માવ્યો અને સહાબાની માન્યતા પણ એ જ હતી કે દુનિયા તથા આખેરત બંને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના અધિકારમાં આપવામાં આવેલી છે. અને અલ્લાહના ફઝલો કરમથી આપણી માન્યતા પણ હુઝૂર અને સહાબાવાળી માન્યતા છે. **مَا اَنَا عَلَيْهِ وَ اَصْحَابِىْ** વાળી ખુશખબર એ માન્યતાના આધારે આપણી સાથે ફિટ થાય છે.

**કૂંજી તુમ્હેં દી અપને ખઝાનેકી ખુદાને**
**મહબૂબ કિયા માલિકો મુખ્તાર બનાયા**

## ★ મુહદ્દિષે દેહલ્વીનુ મંતવ્ય ★

શાહ અબ્દુલ હક્ક સાહેબ મુહદ્દિષે દહેલ્વી رحمۃ اللہ علیہ પોતાની સંપાદિત ગાઈડ અશ્અતુલ લમઆત શર્હે મિશ્કાતમાં આ હદીષની વિગતે ચર્ચામાં પોતાનું મંતવ્ય રજુ કરતાં ઈર્શાદ ફર્માવે છે :–

વિના શર્તે કહેવું કે "માંગ" અને કોઈ મતલબની ચીજને નિયકુત ન કરવી, એનાથી જાણવા મળ્યું કે સઘળાં કામો આપના કુદરત અને ઈજ્જતવાળા હાથમાં છે. જે ઈચ્છે અને જેના માટે ઈચ્છે પોતાના પરવરદિગરના આદેશથી અર્પણ કરે છે.

આપના કહેવાનો ભાવાર્થ એ છે કે સરકાર صلی اللہ تعالیٰ علیہ وسلم ને આપવામાં આવેલો અધિકાર એક ખાસ પ્રકારનો હોત તો આપ હઝરત રબીઆ رضی اللہ عنہ ને અન્ય ચીજ વસ્તુઓનાં નામ બતાવીને ફર્માવતાં આમાંથી જે માંગવું હોય તે માંગો, પણ આપે કોઈ ચીજ વસ્તુ ખાસ ન કરી અને એમની ઈચ્છા પર માંગને અવલંબિત રાખી. એટલે જ પુરવાર થાય છે કે આપને અલ્લાહ તઆલા તરફથી અપાર અધિકાર આપવામાં આવ્યો છે અને સહાબી પણ આમ જ સમજતા હતા. એટલે તેમણે પણ નાની સરખી ચીજ વસ્તુ ન માંગી બલ્કે હુઝૂરનો અપાર અધિકાર સાબિત થાય તેના માટે જન્નતમાં આપની સંગત માંગી લીધી.

"તકવિયતુલ ઈમાન" જેનો પુરાવો વર્ણવી દેવામાં આવ્યો છે તેમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની શાનને નીચી બતાવવા માટે લખી માર્યું :–

જેનું નામ અલી અને મુહમ્મદ હોય તે કોઈ પ્રકારનો અધિકાર ધરાવતો નથી.

આ હતી વહાબી અને દેવબંદી માન્યતા પણ તમે હદીષને સામે રાખીને ફેંસલો કરો કે નબીને કેટલો અધિકાર આપવામાં આવ્યો છે અને સહાબા આપ માટે કેટલો અધિકાર માનતા હતા. તો તમારે કબૂલવું જ પડશે કે **વહાબીની માન્યતા સહાબાની માન્યતા વિરૂધ્ધ છે.** અને **સહાબાવાળી માન્યતા અમારા સુન્નીઓની માન્યતા છે.** અને એવી જ માન્યતા પર હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم તરફથી ખુશ ખબર આપવામાં આવી છે.

## ★ મુલ્લા અલી કારીનું મંતવ્ય ★

હઝરત મુલ્લા અલી કારી رحمۃ اللہ علیہ મિર્કાત શર્હે મિશ્કાતમાં ઉપરોકત હદીષની વિગતમાં ફર્માવે છે : فَيُعْطِي لِمَنْ شَاءَ مَا شَاءَ જેને જે અર્પણ કરવા ઈચ્છે અર્પણ કરે.

એટલે કે સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم અલ્લાહ તઆલાના પ્રિય છે. અલ્લાહ તઆલાએ આપને અપાર અધિકાર અર્પણ કરેલો છે. આપ અલ્લાહના અર્પણ કરેલ અધિકારથી જેને જે આપવા ઈચ્છે તે આપી શકે છે. અને જ્યારે આપ આપી શકે છે તો આપથી દુનિયાની ચીજોની માંગ





પણ થઈ શકે છે. જેમ કે સહાબાએ કિરામ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم થી કયારેક દુનિયાની ચીજોની માંગ કરતા અને કયારેક આખેરતની ચીજોની માંગ કરતા, અને સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم તેમની માંગ પૂરી ફર્માવતા.

**કૌન દેતા હંય દેનોકો મુંહ ચાહિએ**
**દેનેવાલા હંય સચ્ચા હમારા નબી**

**હાથ જિસ સિમ્ત ઉઠ્ઠા ગની કર દિયા**
**મૌજે બહરે સખાવત પે લાખોં સલામ**

(૯) બુખારીમાં હઝરત બરાઅ બિન આઝિબ رضی اللہ عنہ થી રિવાયત છે : આપ ફર્માવે છે, જ્યારે અબૂ રાફેઅ (યહૂદી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નો દુશ્મન હતો) ને કતલ કરીને તેના ઊંચા મકાનથી નીચે ઉતારતાં દાદરથી પડી ગયા તો આપની પિંડી ભાગી ગઈ. અમામાથી બાંધી લીધી અને બારગાહે નબીમાં હાજર થયા અને પોતાની હાલત કહી સંભળાવી, તો નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, તમારો પગ લાંબો કરો ! તો મેં મારો પગ લાંબો કર્યો અને આપે તેના પર હાથ ફેરવી દીધો. ફર્માવે છે, فَكَأَنَّمَا لَمْ أَشْتَكِهَا قَطُّ તો જાણે તેમાં કયારેક કોઈ શિકાયત થઈ નથી.

હઝરત બરાઅ رضی اللہ عنہ નો પગ ભાગી ગયો તો તેઓ વૈદ અને હકીમ પાસે ન ગયા અને સીધા સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખિદમતમાં આવ્યા અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم થી ફરિયાદ કરી, આકા ! મારો પગ ભાગી ગયો છે. તો સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم એ આમ ન ફર્માવ્યું, બરાઅ ! બરાબર છે કે તમારો પગ ભાગી ગયો છે તો તેનો ઈલાજ કરાવો ! કોઈ વૈદ અથવા હકીમ પાસે જાવ ! પછી થોડા દિવસ આરામ કરો તો સારું થઈ જશે. બલ્કે કહેતાની સાથે આપે તેમના પગ પર હાથ ફેરવી દીધો તો તે જ સમયે સારું થઈ ગયું ! ભાગેલું હાડકુ સારું થઈ ગયું, દર્દ અને તકલીફ જતી રહી અને એવા તંદુરસ્ત થઈ ગયા જાણે કશું થયું જ નથી. એટલે જ કે આપને અલ્લાહ તઆલા તરફથી અધિકાર આપવામાં આવ્યો છે માટે આ બાજુ આપે ઈરાદો કર્યો અને પેલી બાજુ કામ બની ગયું !

હઝરત બરાઅ رضی اللہ عنہ નબી પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ને અધિકારવાળા માનતા હતા એટલે તેઓ વૈદ અને હકીમ પાસે ન જતાં સીધા સરકારે

મદીનાની ખિદમતમાં પહોંચ્યા અને પોતાના મકસદમાં સફળ થયા. આ છે સહાબીની માન્યતા કે નબીને ખુદા તઆલા તરફથી અધિકાર આપવમાં આવે છે, આપ ખુદા તઆલાથી કોઈ ચીજ વસ્તુની માંગ કરે તો ખુદા તઆલા પૂરી ફર્માવે છે અને આપ કશાનો ઈરાદો કરે તો ખુદા તઆલા તે પ્રમાણે કરી આપે છે. અને આ જ અમારી પણ માન્યતા છે. ખુદા તઆલાનો અપાર ફઝલો કરમ છે કે તેને અમારી માન્યતા તે રાખી જે સહાબાની માન્યતા છે.

**કિસ ચીઝ કી કમી હય મૌલા તેરી ગલીમેં**
**દુન્યા તેરી ગલીમેં ઉકબા તેરી ગલીમેં**

**સવાલ** :- કુર્આન શરીફમાં છે અલ્લાહ તઆલા હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم બાબતે ઈર્શાદ ફર્માવે છે : قُلْ لَّا اَمْلِكُ لِنَفْسِىْ نَفْعًا وَّلَا ضَرًّا اِلَّا مَا شَآءَ اللّٰهُ

તમે ફર્માવી દો હું મારા માટે નફા નુકસાનનો માલિક નથી પણ જે અલ્લાહ ઈચ્છે.

આ આયતથી જાણવા મળ્યું કે, હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم જ્યારે પોતાના માટે નફા નુકસાનમાં માલિક નથી પછી બીજાને નફા નુકસાન શું પહોંચાડી શકે છે ?

**જવાબ** :- એનો જવાબ અમારે આપવાની જરૂરત નથી. એ જ આયતમાં એનો જવાબ આપી દેવામાં આવ્યો છે. તમે બીજી વખત આયતનો તર્જુમો પઢી લો તો સમજમાં આવી જશે. હું મારા માટે એ જ નફા નુકસાનનો માલિક છું જે અલ્લાહ ઈચ્છે છે. તો અલ્લાહની જેટલી ઈચ્છા હતી તેટલું તેણે પોતાના મહબૂબને અર્પણ કર્યું. અલ્લાહ તઆલાએ કેટલું ઈચ્છેલું છે તેના માટે હદીસો પર ધ્યાન આપો કે સહાબા હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم થી દુનિયાની ચીજોની પણ માંગ કરી રહ્યા છે અને આખેરતની ભલાઈની પણ માંગ કરી રહ્યા છે. તો ઉપરોકત આયત હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નો અધિકાર સાબિત કરે છે.

## ★ હઝરત ઈમામ રાઝી رحمۃ اللہ علیہ નું મંતવ્ય ★

તફસીરે કબીર, જિ. ૩, સિપારો ૭,

لَوْ اَشْرَكُوْا لَحَبِطَ عَنْهُمْ مَّا كَانُوْا يَعْمَلُوْنَ વાળી આયતની તફસીરમાં વર્ણવે છે :-





ત્રીજા નબીઓ છે તેમને અલ્લાહ તઆલાએ એટલું ઈલ્મ અને જ્ઞાન આપેલું છે જેનાથી તેઓ મખ્લૂકની અંદરની સ્થિતિઓ અને તેમની રૂહો (પ્રાણો) પર અધિકાર જાહેર કરી શકે છે, અને તેમને એવી તાકત અને શકિત અર્પણ કરેલી છે જેનાથી તેઓ મખ્લૂકની જાહેરી હાલત પર અધિકાર જાહેર કરે છે.

હઝરત ઈમામ રાઝી رحمۃ اللہ علیہ એ એ ફેંસલો કરી દીધો કે નબીઓને સામાન્ય લોકો માફક ન સમજવા જોઈએ. તેઓને અલ્લાહ તઆલા તરફથી ઈલ્મ અને શકિતઓ આપવામાં આવી છે. તેઓ પાસે એટલો અધિકાર છે કે લોકોના અંતર પર કંટ્રોલ જમાવી શકે છે અને જાહેર તો કંટ્રોલમાં હોય જ છે.

જ્યારે તેમને આટલા અધિકાર આપવામાં આવ્યા છે તો તેમનાથી મદદની માંગ કરી શકાય છે અને માંગ કરવા પર તેઓ મદદ પણ કરી શકે છે. ખુદા તઆલા તરફથી અર્પણ કરેલ શકિતના આધારે મદદની માંગ કરવી નથી કુફ્ર કે શિર્ક અને નથી નાજાઈઝ.

## ★ અન્ય તફસીરો ★

તફસીરે કબીર, તફસીરે રૂહુલ બયાન, તફસીરે ખાઝિનમાં સૂરએ યુસૂફની આયત فَلَبِثَ فِى السِّجْنِ بِضْعَ سِنِيْنَ ની તફસીરમાં વર્ણવવામાં આવ્યું છે, اَلْاِسْتِعَانَةُ بِالنَّاسِ فِى دَفْعِ الضَّرَرِ وَالظُّلْمِ جَائِزَةٌ તકલીફ અને ત્રાસ દૂર કરવા માટે લોકોની મદદ લેવી અને મદદની માંગ કરવી જાઈઝ છે.

## ☆ મૌલ્વી કાસિમ નાનોત્વીનું મંતવ્ય ☆

કસાઈદે કાસેમીમાં મૌલ્વી કાસિમ સાહેબનો એક શેઅર છે જેમાં તેમણે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم થી મદદની માંગ કરી છે. અને જાહેર છે કે કાસિમ સાહેબનો જમાનો નિકટનો છે અને તેઓ નબીથી માંગ કરી રહ્યા છે, તો નબીના પર્દો ફર્માવ્યા પછીની જ વાત છે ! તો સ્પષ્ટ થયું કે દેવબંદીઓના આધારભૂત મૌલ્વી અને દારુલ ઉલૂમ દેવબંદના સ્થાપક સુન્નીઓને નબીથી

માંગ કરવા પર ગમે તેવો ફત્વો આપે છે તેમ છતાં તેઓ પોતે સુન્નીઓ માફક કામ કરી રહ્યા છે !

**મદદ કર અય કરમે અહમદી કે તેરે સિવા**
**નહીં હય કાસિમે બે કસકા કોઈ હામીએ કાર**

મતલબ એ કે હું તમારાથી જ મદદની માંગ કરું છું અને તમારા સિવાય મારા કામમાં મદદ કરનાર કોઈ જ નથી.

## ☆ ઈમામ કસ્તલાનીનું મંતવ્ય ☆

હઝરત ઈમામ કસ્તલાની પાયાના બુઝુર્ગ અને મહાન આલિમે દીન હતા. આપે બુખારી શરીફની શરહ પણ લખી છે. પોતાની અદભૂત કિતાબ મવાહિબે લદુન્નિયહ્માં પોતાની બીમારીનો કિસ્સો વર્ણવતાં લખે છે :

મને એવી બીમારી થઈ ગઈ કે ઈલાજ કરી કરીને થાકયો પણ ફાયદો થયો નહીં. તબીબ અને વૈદોએ પોતાની લાચારીનું એલાન કર્યું તો અંતે મક્કા શરીફમાં હિજરી સન ૮૯૩ જમાદિયુલ ઉલાની ૨૮ મી તારીખે મેં સરકારે મદીના ﷺ થી ફરિયાદ કરી. ફર્માવે છે, હું સૂતો તો મને સ્વપ્ન આવ્યું કે એક વ્યક્તિ પોતાની સાથે એક પત્ર લઈને આવ્યો જેમાં લખેલું હતું બારગાહે રસૂલથી રજા મેળવ્યા બાદ આ અહમદ બિન કસ્તલાનીની બીમારીની દવા છે. ફર્માવે છે, જાગ્યા પછી હું બીમારીથી શિફા પામી ગયો હતો અને શિકાયત તદન દૂર થઈ ગઈ અને નબીએ પાક ﷺ ની બરકતથી શિફા મળી ગઈ. *(મવાહિબે લદુન્નિયહ્, જિ. ૨, પેજ-૭૯૨)*

હઝરત ઈમામ કસ્તલાનીએ હુઝૂર ﷺ થી ફરિયાદ કરી અને પોતાની બીમારીથી શિફા પ્રાપ્ત કરવા નબીની બારગાહથી મદદની માંગ કરી. જ્યારે આપ મદીનામાં ન હતા બલ્કે આપ મક્કામાં હતા અને ત્યાંથી મદદની માંગ કરી, અને આપના હિજરી સન લખવાથી સ્પષ્ટ છે આપ હુઝૂર ﷺ ના કર્યા પછી ૮૮૩ વર્ષે મદદની માંગ કરી રહ્યા છે. અને આપના વર્ણનથી જાહેર છે કે આપની ફરિયાદની હુઝૂર ﷺ ને ખબર પડી અને આપે બીમારીનો ઈલાજ ફર્માવ્યો.





જેનાથી એ જાણવા મળ્યું કે પર્દો ફર્માવ્યા પછી પણ ગમે ત્યાંથી અને ગમે ત્યારે હુઝૂર ﷺ થી મદદની માંગ કરી શકાય છે. અને એ માત્ર અમારો અકીદો નથી પણ પૂર્વજ મહાન અને આધારભૂત આલિમોનો અકીદો છે. એટલે જ સુન્નીઓના ઈમામ અને મુજદ્દિદ આ'લા હઝરત અહમદ રઝા رضی اللہ عنہ બરેલ્વી ફર્માવે છે :-

**ફર્યાદ ઉમ્મતી જો કરે હાલેઝારમેં**
**મુમ્કિન નહીં કે ખૈરે બશરકો ખબર ન હો**

## ☆ ઈમામ બુસૈરી رحمۃ اللہ علیہ નું મંતવ્ય ☆

ઈમામ બુસૈરી رحمۃ اللہ علیہ નો પ્રખ્યાત કસીદો કસીદા બુર્દા છે જેનો તર્જુમો અને જરૂરી વિગત તમારી ખિદમતમાં હું ઈન્શાઅલ્લાહ રજુ કરીશ, જેમાં આપનું જીવન ચરિત્ર પણ વર્ણવવામાં આવશે. આપનો કસીદો પઢતાં એવું સ્પષ્ટ થાય છે કે આજે બરેલ્વી સુન્ની એટલે કે આપણે જે માન્યતા ધરાવીએ છીએ તે જ તેઓની પણ હતી. અહીં આપણા પ્રકરણ પ્રમાણે હુઝૂર ﷺ થી ફરિયાદ કરવી અને મદદની માંગ કરવીનો સુબૂત પણ આપના શેઅરથી મળી આવે છે.

**يَا أَكْرَمَ الْخَلْقِ مَالِيْ مَنْ أَلُوْذُ بِهٖ    سِوَاكَ عِنْدَ حُلُوْلِ الْحَادِثِ الْعَمَمِ**

''અય મખ્લૂકમાં અધિક ઉત્તમ ! મારા માટે તમારી સિવાય કોઈ નથી, મુસીબતો અને સંકટના સમયે જેની પનાહ લઉં.''

અહીં બે પ્રકારનો પુરાવો મળી આવે છે. એક તો આપને સંબોધન કરવું એટલે કે આપને દુનિયાના કોઈ પણ ખૂણાએથી ''યા'' ના શબ્દથી સંબોધન કરી શકાય છે. બીજું એ કે આપની પનાહ પણ લઈ શકાય છે અને એની માંગ પણ કરી શકાય છે. ત્રીજું એ કે, ફરિયાદીની ફરિયાદની આપને જાણ થઈ જાય છે. ચોથુ એ કે, ખુદાના અર્પણ કરેલ અધિકારથી આપ મદદ પણ કરી શકે છે. અને આજ અહલે સુન્નત વલ જમાઅત બરેલ્વીઓનો અકીદો અને એમની માન્યતા છે.

## ★ બુર્દા નામનું કારણ ★

ઈમામ બુસૈરીનાં કસીદાને બુર્દા એટલે ચાદર એટલા માટે કહેવામાં આવે છે કે આપને લકવો થઈ ગયો અને કોઈ ઈલાજ કામ ન આવ્યો ત્યારે આપે સરકારે મદીના ﷺ નો લખાણમાં કસીદો લખ્યો અને તેમાં પોતાની ફરિયાદ લખી, નબીથી સંબોધન પણ કર્યું. આપે તેમની ઉપર કૃપા કરતાં સ્વપ્નમાં તેમનું નસીબ જગાડયું અને દીદાર કરાવી શિફા આપી, આપનો લખેલો કસીદો કબૂલ ફમાવ્યો અને ઈનામમાં ચાદર મુબારક આપી જેને અરબીમાં બુર્દા કહેવામાં આવે છે, તો આપે કસીદાનું નામ બુર્દા રાખ્યું.

જો "યા" શબ્દથી સંબોધન કરવું જાઈઝ ન હોય અથવા પર્દો ફર્માવ્યા પછી આપથી મદદની માંગ ન થઈ શકે અથવા આપને ઉમ્મતની ફરિયાદનું ઈલ્મ ન થાય તો આ બધું શી રીતે બન્યું ? સ્પષ્ટ થયું કે નબી પર્દો ફર્માવ્યા પછી પણ મદદ ફર્માવી શકે છે અને એવો અકીદો રાખવો જાઈઝ છે. નબીને સંબોધન થઈ શકે છે કારણ કે, આપને જાણ થઈ જાય છે અને આપ જાહેરમાં ન આવે તો સ્વપ્નમાં આવી કામ બનાવી જાય છે. સંબોધન એટલું પૂરતું છે કે જેને સંબોધન કરવામાં આવે તેને એની જાણ થઈ જાય. દાખલા તરીકે આપણે ટેલીફોનથી કોઈની સાથે વાત કરીએ તો આપણી અને તેની વચમાં કયારેક હજારો માઈલનું અંતર હોય છે, તે આપણી સમક્ષ હાજર નથી હોતો તો પણ આપણે તેનાથી સંબોધન કરીએ છીએ, કયારેક ફરિયાદ કરીએ છીએ, કયારેક મદદની માંગ કરીએ છીએ, કયારેક કંઈ ચીજ વસ્તુ મંગાવીએ છીએ. જયારે ટેલીફોનનો તાર હજારો માઈલોનાં અંતરમાં આટલો બધો મદદરૂપ બની ગયો કે આપણા દરેક મસ્અલાનો નિકાલ આવી ગયો તો અલ્લાહના રૂહાની તારો પ્રથમથી ખેંચી દેવામાં આવેલો છે તેનાથી નબીને ઈલ્મ થઈ જાય છે પછી સંબોધન કેમ ન થઈ શકે ? અને અલ્લાહ તઆલાએ નબીને અધિકાર આપેલો છે પછી આપ મદદ કેમ ન કરી શકે ? અને જયારે મદદ કરી શકે તો મદદની માંગ કેમ ન કરી શકીએ ? પ્રથમથી આ માન્યતા ચાલી આવી છે અને આજે પણ આપણી માન્યતા ખુદા તઆલાના ફઝલથી એ જ છે. સાઈન્સ અને વિજ્ઞાનમાં આધુનિક શોધોથી રૂહાની તાકતો અને શકિતઓ ઘણી જ વધારે છે. તેમને





એટલું તો માન્ય હશે જ કે વિમાન અને રોકેટ હજારો કિવન્ટલોનો વજન ઉઠાવીને વિજ્ઞાનની શોધથી મશીનોના પાવરથી હવામાં ઉડે છે અને મન ગમતી જગાએ હવાઈ અડ્ડાઓ પર લઈ જવામાં આવે છે. એ શોધ સો દોઢ સો વર્ષની હશે તે પહેલાં માણસના દિમાગમાં એ ખયાલ પણ નહીં આવ્યો હોય કે હજારો ટન વજનવાળી ચીજ હવામાં ઉડી શકશે અને લોકો તેમાં સવારી કરી શકશે ! પણ આજે જયારે એ શોધ થઈ ગઈ અને અનુભવથી પસાર થઈ ગઈ તો લોકો માટે ઓર્ડીનરી કામ બની ગયું. પણ તમે એ વિચાર કરો કે હજારો વર્ષ પહેલાં રૂહાની શકિતઓથી વિના મશીને માત્ર આદેશ પર હજારો ટન વજનનું તખ્ત મોટા મોટા સૈન્યને લઈને હવામાં ઉડતું હતું અને તેને ઉતારવા માટે હવાઈ અડ્ડાઓ પણ ન બનાવવામાં આવ્યા હતા. જ્યાં કહેવામાં આવતું ઉતરતું અને જ્યાં કહેવામાં આવતું હવામાં તરતું ! તે હઝરત સુલૈમાન عليه السلام ની રૂહાની શકિત હતી, એ વાતને આપણે તો આપણે પણ યહૂદી અને ઈસાઈ પણ માન્ય રાખે છે. સ્પષ્ટ થયું કે રૂહાની શકિતઓ વિજ્ઞાનની આધુનિક શકિતઓથી ઘણી વધીને છે. જ્યારે વિજ્ઞાનની શકિતઓથી અસંખ્ય મસ્અલાઓનો નિકાલ આવી ગયો તો પછી રૂહાની શકિતઓ જે ખુદા તઆલાની અર્પણ કરેલી શકિતઓ પર આધારિત માનવામાં આવે છે તેમાં મુસલમાને વિવાદ કરવો જ ન જોઈએ. મુસલમાન વિજ્ઞાનને પછી માને છે રૂહાની શકિતઓને પ્રથમ માને છે. વિજ્ઞાનનો સંબંધ સબબોથી છે અને રૂહાની શકિતઓનો સંબંધ સબબોમાં સફળ કરવાવાળા ખુદા તઆલાથી છે.

## ★ મો'જિઝો અને કરામત ★

નબીનું તે કામ જે આદતના આધારે ન થઈ શકે તેને નબી કરી બતાવે તો મો'જિઝો અને વલી કરી બતાવે તો કરામત છે. બંનેનો પુરાવો કુર્આન અને હદીષથી છે. મુસલમાન માટે શકય નથી કે તે મુસલમાન હોવા છતાં આ બંનેનો ઈન્કાર કરે. શું મો'જિઝો અને કરામત રૂહાની શકિત નથી ? પછી દૂરથી સાંભળી લેવું નબી માટે મો'જિઝો અને વલી માટે કરામતમાં સામેલ કરી લેવામાં આવે તો કઈ ચીજ એનાથી મનાઈ કરે છે ? અમે તો ઘણુ બધું માન્ય રાખીએ છીએ. તમે રૂહાની શકિતઓને ન સમજી શકો તો

વધારે નહીં માત્ર એટલું તો માન્ય રાખો જે વિજ્ઞાનની આધુનિક શોધને આધારે માન્ય રાખવામાં આવે છે.

## ★ કરામત અને મો'જિઝો અમારું હથિયાર છે ★

જે લોકો દીન અને ધર્મની દરેક વાતને અક્કલથી સમજવા માંગે છે તેમણે દીન અને ધર્મમાં વિવાદ ઊભો કરી પોતે કુમાર્ગી બન્યા અને અસંખ્ય લોકોને ખોટા માર્ગે લઈ ગયા. એટલે દુનિયામાં ભલે અક્કલથી વિચારવામાં આવે પણ ધર્મને અક્કલથી માનવામાં નહીં આવે. અકલી વાતો વિશે ધર્મમાં કાંઈ વર્ણવવામાં આવે તો એનો મતલબ માત્ર એટલો હોય છે કે આ વાત ધર્મથી તો સાબિત છે પણ આ પ્રમાણે અક્કલથી પણ નિકટ થઈ શકે છે.

અકલી વાત માન્યતાનો આધાર નથી. અમે બરેલ્વીઓ માન્યતામાં સત્ય માર્ગે એટલા માટે જ છીએ કે અમારી માન્યતાનું હથિયાર કરામત અને મો'જિઝો છે. જેનો આધાર રૂહાની શક્તિઓ પર છે અને એનો પુરાવો કુર્આન અને હદીષથી મળે છે. જ્યારે કોઈ પ્રકારનો અકલી પ્રશ્ન ઉપસ્થિત કરવામાં આવે છે અથવા કોઈ શક જાય છે તો કરામત અને મો'જિઝાના પુરાવા અમારા યકીનને મજબૂત બનાવી દે છે અને અમારી શંકાનો નિકાલ આવી જાય છે.

## ★ મોબાઈલ ફોન અને શંકાનો ઈલાજ ★

યૂરોપના દેશોમાં મોબાઈલ ફોન એટલા વધારે પ્રમાણમાં વપરાશમાં છે કે સ્કૂલના નાના નાના બાળકોનાં પોકેટો પણ તેનાથી ભરેલાં હોય છે અને ગમે ત્યાંથી ગમે તેનાથી સંપર્ક કરી લેવામાં આવે છે. અને એવું નથી કે એનાથી માત્ર લોકલ ફોન થતા હોય છે બલ્કે બીજા મુલ્કો અને દેશોનો પણ કોન્ટેકટ થાય છે. કોઈ પોતાના ટાઉન અને શહેરના શોપીંગ સેન્ટરમાં શોપીંગ કરતો હોય છે અને હજારો માઈલના અંતરે આવેલા માણસથી મોબાઈલથી વાતો પણ કરી રહ્યા હોય છે.

તમને એટલી તો ખબર હશે કે મોબાઈલમાં વચમાં તારનો લગાવ નથી હોતો સેટલાઈટ થ્રુ આ કોન્ટેકટ થતા હોય છે. વચમાં તારનું કનેકશન નથી તો પણ હજારો માઈલોના અંતરેથી વાત થઈ રહી છે ! વિજ્ઞાનની શોધ





ન હોય તો માત્ર કહેવાથી આ વાત સમજમાં ન આવે પણ અનુભવથી પસાર થયા એટલે આપણી સમજમાં આવી ગયું તો આનાથી રૂહાની શક્તિઓનું સમજવું સહેલું થઈ જાય છે અને ઈન્કાર કરવાનો માર્ગ નથી રહી જતો.

## ★ સર્વને માન્ય ★

આ વાત તો સર્વને માન્ય હશે કે જેમ પરવરદિગારે આલમની મુકદસ બારગાહમાં સવાર સાંજ બંદાઓના અમલો પેશ કરવામાં આવે છે. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની પવિત્ર ખિદમતમાં તેમની ઉમ્મતના અમલો પેશ કરવામાં આવે છે. અને સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم પોતાની ઉમ્મતને ઓળખે છે. અને કિયામતના દિવસે જ્યારે આપણને ખુદાની બારગાહમાં હિસાબો કિતાબ માટે હાજર કરવામાં આવશે ત્યારે હુઝૂર આપણા ગવાહ અને સાક્ષી બનીને ગવાહી આપશે. કુર્આનમાં અલ્લાહ તઆલાનું ફર્માન છે;

فَكَيْفَ اِذَا جِئْنَا مِنْ كُلِّ اُمَّةٍ بِشَهِيْدٍ وَّ جِئْنَا بِكَ عَلٰى هٰٓؤُلَآءِ شَهِيْدًا

"ત્યારે શું થશે જ્યારે અમે દરેક ઉમ્મત માટે સાક્ષી લાવીશું અને તમને આ બધા માટે સાક્ષી તરીકે લાવીશું."

આ આયતથી સ્પષ્ટ થયું કે દરેક નબીને નબુવ્વતના નૂરથી પોતાની ઉમ્મતના અમલોનું જ્ઞાન હોય છે અને સરકારે મદીનાને દરેક માટે ગવાહ બનાવવામાં આવશે તો આપને દરેક ઉમ્મતમાં અમલોનું પણ જ્ઞાન છે. નહીં તો વિના જ્ઞાન અને વિના દેખે ગવાહી કેમ કરી આપી શકાય છે ? જ્યારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને આપણા અમલોનું જ્ઞાન છે અથવા આપની ખિદમતમાં ઉમ્મતના અમલો સવાર સાંજ પેશ કરવામાં આવે તે અને આપ અમલોથી ઉમ્મતના દરકે વ્યક્તિને ઓળખી લે છે. તો જો આપણે નબીને ફરિયાદ કરીએ, નબીને સંબોધન કરીએ, નબીથી કોઈ ચીજ વસ્તુની માંગ કરીએ, નબીને આપણા માટે દુઆ કરવાનું કહીએ વગેરે. જો લોકોના કહેવા પ્રમાણે થોડીવાર માટે લઈએ કે આપને પ્રથમની ઈલ્મ નથી તો એટલું તો માન્ય રાખવું જ પડશે કે સવારમાં કહીએ તો સાંજે અને સાંજે કહીએ તો સવારમાં તો ખબર પડી જ જશે. પછી નથી સાંભળતા, નથી આવતા વગેરે બેઅદબીની

વાતો હોવી જ ન જોઈએ. આપણો મકસદ છે જાણ થવી, તો તે ગમે તે રીતે થઈ જાય છે. અને તરત નહીં તો થોડા સમય પછી પણ કામ બની શકે છે તો પછી વિવાદ શાથી કરવામાં આવે ?

## ★ કાઝી ષનાઉલ્લાહ સાહેબનું મંતવ્ય ★

તફસીરે મઝહરીમાં ષનાઉલ્લાહ સાહેબ શહીદ એટલે નબીના સાક્ષી હોવા સંબંધે તફસીર કરતાં એક રિવાયત નકલ કરી પોતાનું મંતવ્ય પ્રગટ કરે છે.

ઈબ્ને મુબારકે સઈદ બિન મુસય્યબથી તખરીજ કરી. તેઓ ફર્માવે છે કે કોઈ પણ દિવસ એવો નથી જેમાં સવાર સાંજ નબી صلی اللہ تعالیٰ علیہ وسلم પર તેમની ઉમ્મત પેશ કરવામાં આવે છે તો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم તેમને તેમના ચહેરાથી ઓળખે છે અને એટલા માટે જ તેમના સાક્ષી બનશે.

આ રિવાયતના આધારે એ જાણવા મળે છે કે માત્ર અમલ નહીં ઉમ્મતને સવાર સાંજ નબીની ખિદમતમાં પેશ કરવામાં આવે છે અને નબી ચહેરાથી લોકોને ઓળખે છે કે આ કોણ છે અને પેલો કોણ છે.

## ★ અલ્લામા ઈબ્ને કષીરનું મંતવ્ય ★

તફસીરે ઈબ્ને કષીરમાં અલ્લામા ઈબ્ને કષીર પોતાનું મંતવ્ય આ પ્રમાણે વર્ણવે છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم કિયામતના દિવસે ઉમ્મતના અમલોની ગવાહી આપશે.

## ★ અલ્લામા આલૂસીનું મંતવ્ય ★

અલ્લામા મહમૂદ આલૂસી પોતાની તફસીર રૂહુલ મઆનીમાં વર્ણવે છે, હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم પોતાની ઉમ્મતના ગવાહ બનશે. કારણ કે, હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم પોતાની ઉમ્મતની હાલતોનું નિરીક્ષણ કરી રહ્યા છે, અને એમના અમલોને જોઈ રહ્યા છે અને કિયામતના દિવસે એમના હક્કમાં અથવા એમની વિરોધમાં ગવાહ બનશે.





## ★ અલ્લામા ઈસ્માઈલ હક્કીનું મંતવ્ય ★

અલ્લાહ તઆલાએ નબીએ કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم ને બંદાઓના અમલોથી વાકેફ કર્યા છે. હુઝૂરે તેને જોયેલું છે એટલે સાક્ષી ફર્માવવામાં આવ્યા.

ઉપરોક્ત તફસીર બરેલ્વીઓની લખેલી નથી બલ્કે તેમને લગભગ સર્વ લોકો ભરોસાપાત્ર સમજે છે. અને તેમના લખાણથી સ્પષ્ટ થયું કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને અમલોની ખબર છે અને ખબર છે તો મદદ માંગી શકાય છે અને સંબોધન પણ થઈ શકે છે.

## ★ જમાઅતી પણ કબૂલ કરે છે ! ★

જમાઅતી લોકોની એક કિતાબ છે "અકાઈદે ઉલ્માએ દેવબંદ" જેમાં તેઓ અહલે સુન્નત છે તે સાબિત કરવામાં આવ્યું છે ! જો તેમના આલિમોનું લખાણ સામે રાખીને ન્યાય કરવામાં આવે તો દરેક વ્યક્તિ એ કહેવા પર મજબૂર થઈ જશે છે કે પોતાને બદ્અકીદાના નીચ નામથી બચાવવા બેવકૂફ બનાવવાની સ્કીમ છે. પણ અહીં આપણા ફાયદા માટે પેજ નં. ૧૪ નું લખાણ રજુ કરીએ છીએ,

હમારે નઝદીક ઔર હમારે મશાઈખકે નઝદીક હઝરત صلی اللہ تعالیٰ علیہ وسلم અપની કબ્ર મુબારકમેં ઝિંદા હૈ. ઔર આપકી હયાત દુન્યાકી સી હૈ બિલા મુકલ્લફ હોને કે ઔર યે હયાત મખ્સૂસ હૈ, આં હઝરત صلی اللہ تعالیٰ علیہ وسلم કે સાથ ઔર તમામ અંબિયા વ શોહદાકે સાથ.

આપણા ફાયદા માટે આટલું લખાણ પૂરતું છે કારણ કે, હઝરત ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہ નું મંતવ્ય તમારી ખિદમતમાં રજુ કરી દેવામાં આવ્યું છે અને તે મંતવ્ય દેવબંદી આલિમ હમદુલ્લાહ દાજવીએ પોતાની કિતાબ "અલ્ બસાઈર"પેજ નં. ૬૦ માં પણ વર્ણવ્યું છે.

مَنْ يُسْتَمَدُّ بِهٖ فِىْ حَيَاتِهٖ يُسْتَمَدُّ بِهٖ بَعْدَ مَمَاتِهٖ

"જેનાથી તેના જીવનમાં મદદ લઈ શકાય તેનાથી તેના મૃત્યુ પછી પણ મદદ લઈ શકાય છે."

જયારે દેવબંદી અને જમાઅતી આલિમે પૂરાવા પેટે ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہ નું ઉપરોકત મંતવ્ય રજુ કર્યું તે એ વાતની દલીલ છે કે એમને ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہ ની વાત માન્ય છે. તો મતલબ એ થયો કે નબીને મૌત અલ્લાહનો વાયદો પૂરો કરવા માટે આવે છે ત્યાર પછી તેમને દુનિયા માફક હયાત અને જીવન આપી દેવામાં આવે છે. બીજું એ કે **મરણ પછી પણ મદદની માંગ કરવી જાઈઝ છે,** અને તમારો દાવો સાબિત કરવા આ બે વાતો બુન્યાદ છે **તેનો સુબૂત અને દેવંબદી અને જમાઅતી લોકોના લખાણથી મળી આવ્યો.** અમે સુન્નીઓ એ જ કહેવા માંગીએ છીએ કે સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم થોડા સમય માટે મૌતથી પસાર થયા હતા ત્યાર બાદ આપ જીવંત છે અને આપથી મદદની માંગ કરી શકાય છે એટલે અમે મદદની માંગ કરીએ છીએ. જો મરણ પછી મદદની માંગ કરવી નાજાઈઝ અને શિર્ક હોય તો ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہ પણ તે વર્તુળમાં જશે અને દેવબંદી અને જમાઅતી આલિમો જેઓ વાત વાતમાં શિર્ક બોલતા હોય છે તેઓ પણ એ જ વર્તુળમાં જશે. એટલે અમારી માન્યતા તમારે કબૂલવી જ પડશે. એ જ સત્ય માન્યતા છે કે નબીથી, વલીથી, શહીદથી મદદની માંગ થઈ શકે છે, તેમના જીવનમાં પણ અને તેમના દુનિયાથી પર્દો કર્યા પછી પણ. જો તમને આ વાત માન્ય ન હોય તો અમે બીજી દલીલો તો એની જગાએ રહી અહીં અમે તમારી કિતાબોના પુરાવાથી અમારો દા'વો સાબિત કરેલો છે. જો તમને માન્ય હોય તો અમારું નબીઓ, વલીઓથી મદદની માંગ કરવું શિર્ક નથી અને અમે અમારા દા'વામાં સાચા છે, અને તમને માન્ય ન હોય તો તમારા આલિમોનું લખાણ ખોટુ અને તેઓ પણ શિર્કના વર્તુળમાં ઘેરાયેલા છે !

## ★ સહાબાનું મંતવ્ય ★

હદીષની કિતાબોમાં ધ્યાન કરતાં એ જોવા મળે છે કે સહાબાએ કિરામની માન્યતા પણ એ જ હતી કે નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم થી તેઓ જે પ્રમાણે જીવનમાં માંગ કરતા, આપનો વસીલો લેતા, આપથી દુઆનું કહેતા તે જ પ્રમાણ દુનિયાથી પર્દો કર્યા પછી પણ તેમના એ પ્રમાણેના કામો ચાલુ જ હતા. તેનાથી એ સ્પષ્ટ થયું કે તેઓની માન્યતા એ હતી કે નબીથી માંગ





થઈ શકે છે અને આપની બંને હાલતો એક જેવી છે તેમાં કોઈ તફાવત નથી અને અમારી માન્યતા પણ એ જ છે.

## ★ હયાતમાં માંગ ★

હયાતમાં માંગ કરવાની ઘણી બધી રિવાયતો અમે તમારી ખિદમતમાં રજુ કરી પણ હજી એકનો વધારો કરીએ છીએ તાકે દા'વાના સુબૂતમાં તમને કોઈ પ્રકારની શંકા ન રહી જાય.

મિશ્કાત શરીફમાં શર્હુસ્સુન્નહ્‌ના પુરાવાથી હદીષ લખવામાં આવી છે : હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે. કહે છે કે, રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો, બેશક ! અલ્લાહ તઆલાએ મને વાયદો ફર્માવ્યો કે મારી ઉમ્મતમાંથી ચાલીસ હજારને વિના હિસાબે જન્નતમાં દાખલ કરશે. હઝરત અબૂબક્ર رضی اللہ عنہ એ વિનંતી કરી : زِدْنَا يَا رَسُوْلَ اللّٰهِ અય અલ્લાહના રસૂલ ! એ સંખ્યામાં વધારો કરી દો ! આપે ફર્માવ્યું આટલું વધારે ! પછી આપે ખોબો ભર્યો. હઝરત અબૂબક્ર رضی اللہ عنہ એ વિનંતી કરી : زِدْنَا يَا رَسُوْلَ اللّٰهِ અય અલ્લાહના રસૂલ ! صلی اللہ تعالیٰ علیہ وسلم એ સંખ્યામાં વધારો કરી દો ! આપે ફર્માવ્યું, આટલું વધારે ! હઝરત ઉમરે رضی اللہ عنہ કહ્યું, અય અબૂબક્ર ! અમને છોડી દો (એટલે કે હવે વધારે કરવાનું ન કહો) તો અબૂબક્ર رضی اللہ عنہ એ ફર્માવ્યું : وَمَا عَلَيْكَ اَنْ يُّدْخِلَنَا اللّٰهُ كُلَّنَا الْجَنَّةَ "અય ઉમર ! તમને શું થાય છે જો અલ્લાહ આપણા સર્વને જન્નતમાં દાખલ કરી આપે હઝરત ઉમરે વિનંતી કરી, બેશક ! અલ્લાહ તઆલા ઈચ્છશે તો પોતાની મખ્લૂકને એક ખોબામાં જન્નતમાં દાખલ કરી દેશે. તો નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, (હઝરત) ઉમરે સાચુ કહ્યું.

ઉપરોકત હદીષે પાકમાં રસૂલથી માંગ કરનાર હઝરત અબૂબક્ર સિદ્દીક છે અને તેઓ માત્ર પોતાના માટે માંગ નથી કરી રહ્યા બલ્કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની સઘળી ઉમ્મત માટે માંગ કરી રહ્યા છે. અને કોઈ સામાન્ય માંગ નથી બલ્કે આખેરતમાં જન્નતની માંગ છે અને તે પણ જન્નતમાં વિના હિસાબે પ્રવેશવાની માંગ છે ! વિચારવાની વાત એ છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ

ફર્માવ્યું, ખુદા તઆલાએ મને વાયદો ફર્માવ્યો કે મારી ઉમ્મતના ચાલીસ હજાર લોકોને વિના હિસાબે જન્નતમાં દાખલ કરશે. તો હઝરત અબૂબક્ર رضی اللہ عنہ એ કહેવું જોઈતું હતું કે તમે અલ્લાહ તઆલાથી વધારેની માંગ કરો. પણ આપે વિનંતી કરી કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم તમે તે સંખ્યામાં વધારો કરો. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ જવાબમાં કહેવાનું હતું કે અબૂબક્ર ! હું ખુદાથી દુઆ કરીશ. જો તે મને કહેશે કે મેં વધારો કરી આપ્યો તો હું તમને કહીશ કે એ સંખ્યામાં વધારો કરી દેવામાં આવ્યો છે. પણ આપે વિનંતી કરતાંની સાથે જ ફર્માવ્યું આટલો વધારો કર્યો ! ફરી સવાલ કર્યો તો પણ આપે ફર્માવ્યું, આટલો વધારો કર્યો ! તેનો ઉલ્લેખ હઝરત ઉમર رضی اللہ عنہ એ કર્યો કે અલ્લાહ તઆલા ઈચ્છે તો એક જ ખોબામાં સઘળી મખ્લૂકને જન્નતમાં પહોંચાડી આપે અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, ઉમરે સાચું કહ્યું, જ્યારે કે હુઝૂરે બે વખત ખોબા ભરીને બતાવ્યું કે આટલી સંખ્યાનો વધારો કરવામાં આવ્યો.

## ★ હઝરત અબૂબક્ર رضی اللہ عنہ ની માન્યતા ★

હદીષે પાકથી જાણવા મળ્યું કે સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم ને અલ્લાહ તઆલા તરફથી અધિકાર આપવામાં આવ્યો છે અને તે અધિકાર માત્ર દુનિયા પર આધારિત નથી બલ્કે આખેરત પણ. અલ્લાહ તઆલાના હબીબ صلی اللہ تعالیٰ علیہ وسلم ના અધિકારમાં છે. દુનિયાની ચીજ વસ્તુઓની માંગ તો એક બીજાથી અને સામાન્ય લોકોથી પણ કરી દેવામાં આપે છે. પરંતુ આખેરતમાં કામયાબી અને સફળતાની માંગ ઘણી જ મહાન છે. આખેરત બાબતે અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે :- لِمَنِ الْمُلْكُ الْيَوْمَ لِلّٰهِ الْوَاحِدِ الْقَهَّارِ

"આજે સત્તા કોની છે ? માત્ર એક જબરજસ્ત અલ્લાહ તઆલાની"

આયતનો મતલબ એ છે કે કિયામતના દિવસે જ્યારે સૂરથી લોકોને હિસાબ માટે ભેગા કરવામાં આવશે ત્યારે અલ્લાહ તઆલા ફર્માવશે કે, દુનિયામાં લોકો તારું મારું કરતા હતા, પોતાની સત્તાની વાતો કરતા હતા. આજે જ્યારે હશ્રના મેદાનમાં લોકોને એકત્ર કરવામાં આવ્યા છે તો એક અલ્લાહ તઆલા સિવાય કોઈની સત્તા નથી.

શું ઉપરોકત આયતનો મતલબ એ છે કે નબીઓને અને વલીઓને





કોઈ અધિકાર નહીં હોય ? જો આમ માની લેવામાં આવે તો અસંખ્ય હદીષોનો ઈન્કાર થશે. કારણ કે, શફાઅતની ઘણી બધી સહીહ હદીષો છે. અને ઉપરોકત હદીષથી સ્પષ્ટ થાય છે કે નબીને અધિકાર આપવામાં આવ્યો છે કે ત્યાં જે સંખ્યાનો વધારો કરવાનો છે તે અહીં પોતાનાં અર્પણ કરેલ અધિકારથી કરી રહ્યા છે. તો જ્યાં ખુદા તઆલા સિવાય કોઈની સત્તા નહીં હોય ત્યાં નબીઓને આ પ્રમાણેનો અધિકાર આપવામાં આવ્યો છે તો અહીં તો તમારી અને અમારી પણ સત્તા છે. વધારે નહીં તો ઘરવાળાઓ પર સત્તા જરૂરતથી પ્રાપ્ત છે. તો પછી જ્યાં દરેકને થોડી ઘણી સત્તા મળી હોય ત્યાં નબીને કેટલી સત્તા આપવામાં આવી હશે ? જ્યારે આખેરતમાં કામયાબી અને સફળતાની માંગ નબીથી કરી શકાય છે તો પછી દુનિયાની ચીજ વસ્તુની માંગ નબીથી કરવામાં શિર્ક કેવી રીતે થાય ?

જો નબીઓ અને વલીઓથી કોઈ ચીજ વસ્તુની માંગ કોઈ પણ શર્ત વિના કુફ્ર અને શિર્ક હોય તો ઉપરોકત હદીષને સમક્ષ રાખી ન્યાયથી ફૈસલો કરો કે નબીથી માંગ કરનાર અબૂબક્ર સિદ્દીક છે અને માંગ સ્વીકારનાર નબીએ અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم છે, અને ગવાહ તરીકે હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ છે. અને સદીઓથી આ હદીષ રિવાયત થતી આવી છે અને સર્વએ માન્ય રાખી એટલે અસંખ્ય લોકોની માન્યતા પણ એ જ થઈ. શું પછી પણ તમે એમ કહેશો કે આ પ્રમાણેની માંગ શિર્ક છે ?

સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું :

عَلَيْكُمْ بِسُنَّتِيْ وَسُنَّةِ الْخُلَفَاءِ الرَّاشِدِيْنَ

તમારી ઉપર મારી સુન્નતનું અનુસરણ અને ખોલફાએ રાશેદીનની સુન્નતનું અનુસરણ છે.

આ હદીષના આધારે પુરાવામાં જે હદીષ વર્ણન કરવામાં આવી તેમાં નબી શામેલ છે તો તે નબીની સુન્નતમાં શામેલ થઈ. અને અબૂબક્ર અને ઉમરનો તરીકો છે એટલે ખોલફાએ રાશેદીનની સુન્નત પણ થઈ, પછી તેને શિર્ક કેમ કરી કહેવામાં આવે ?

સ્પષ્ટ થયું કે હદીષ શિર્કની તાલીમ નથી આપતી, કુર્આન શિર્કની

તાલીમ નથી આપતું, સહાબા શિર્કનાં કામો નથી કરી શકતા. શિર્કનાં કામો પર સદીઓના મુસલમાનોની એકમતી નથી થઈ શકતી. તો પછી મખ્લૂકને ખુદા તઆલાની મદદનો ઝરિયો સમજીને મદદ લેવામાં આવે તો તે શિર્ક નથી બલ્કે અસંખ્ય આયતો અને હદીષોની તાલીમનો નિચોડ અને ખુલાસો છે. અને જેઓ આવી સ્પષ્ટ વાતમાં વિવાદ કરે છે તેઓ ખોટા છે. અને તેમની વાત માન્ય રાખવામાં નહીં આવે. અને અમારા કહેવાનો ભાવાર્થ પણ એ જ છે કે જ્યારે આપણે આપણો દીન અને ધર્મ આપણા નબી અને આપના સહાબાથી શીખીએ છીએ તો પછી જે વાતને તેઓ માન્ય રાખે આપણે પણ અવશ્ય માન્ય રાખીશું અને તેમને પણ માન્ય રાખીશું જેઓ એમના માન્ય રાખેલાને માન્ય રાખે છે. અને તે લોકોને ખોટા સમજીશું જેઓ તેમના માન્ય રાખેલાને ખોટુ કહે છે.

અમારા લખાણથી તમારી ઉપર એ સ્પષ્ટ થઈ ગયું કે માન્યતા કોની સાચી છે અને કોની ખોટી છે. જેની સાચી હોય તેને માની લો અને જેની ખોટી હોય તેને છોડી દો. તો હું તમને કહી આપુ છું કે અમારી માન્યતા સાચી છે અને વહાબી માન્યતા ખોટી છે. અમારી માન્યતા પર નબીની હદીષો, કુર્આનની આયતો અને સહાબાનાં કાર્યો દલીલ છે અને વહાબીઓ પાસે સચોટ દલીલ જેવું કાંઈ જ નથી. અલ્લાહ તઆલા સર્વને હક્ક કબૂલવાની તૌફીક અતા ફર્માવે.

وَمَا عَلَيْنَآ اِلَّا الْبَلَاغُ الْمُبِيْنُ وَاٰخِرُ دَعْوَانَا عَنِ الْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ

(પ્રકરણ-૪)

# ગયરુલ્લાહથી મદદનો મતલબ અને એનો શરઈ જવાબ

نَحْمَدُهٗ وَنُصَلِّیْ عَلٰی رَسُوْلِهِ الْکَرِیْمِ اَمَّا بَعْدُ فَاَعُوْذُ بِاللّٰهِ
مِنَ الشَّیْطٰنِ الرَّجِیْمِ بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِیْمِ قَالَ مَنْ
اَنْصَارِیْ اِلَی اللّٰهِ قَالَ الْحَوَارِیُّوْنَ نَحْنُ اَنْصَارُ اللّٰهِ صَدَقَ
اللّٰهُ مَوْلَانَا الْعَظِیْمُ وَصَدَقَ رَسُوْلُهُ النَّبِیُّ الْاَمِیْنُ الْکَرِیْمُ
اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَیْکَ یَا رَسُوْلَ اللّٰهِ
اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَیْکَ یَا حَبِیْبَ اللّٰهِ
اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَیْکَ یَا نَبِیَّ اللّٰهِ
اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَیْکَ یَا نُوْرَ اللّٰهِ
صَلَّی اللّٰهُ تَعَالٰی عَلَیْکَ وَسَلَّمْ

મારા પ્યારા આકા صلی اللہ تعالیٰ علیہ وسلم ની પ્યારી દીવાનીઓ ! ખુત્બા પછી જે આયતે કરીમા પઢવાનો મેં શરફ પ્રાપ્ત કર્યો તેની બાબત અલ્લાહ તઆલા મને હક્ક બોલવાની અને આપને હક્ક સાંભળવાની અને એની ઉપર અમલ કરવાની તૌફીક અતા ફર્માવે.

મારી બહેનો ! વસીલા વિશે આજે આપણું ચોથુ બયાન છે. આજના પ્રકરણમાં હું તમને એ બતાવવાની કોશિષ કરીશ કે આપણો અકીદો અને





માન્યતા એ છે કે અલ્લાહના નબીઓ, વલીઓ અને બુઝુર્ગોથી એમની હયાતમાં અને દુનિયાથી પર્દો કરી ગયા પછી મદદ લેવી અને મદદની માંગ કરવી સારું કામ છે, ઈસ્લામી તાલીમાતના વર્તુળમાં છે, એનાથી કોઈ પ્રકારનું કુફ્ર અને શિર્ક સાબિત થતું નથી. સાથે એ સ્પષ્ટ કરવાની પણ કોશિશ કરીશું કે જ્યારે મદદ લઈ શકાય છે અને તેઓ મદદ કરી શકે છે તો પછી તેમને મદદ માટે પુકારી શકાય છે અને સંબોધનના શબ્દોથી સંબોધી શકાય છે. એટલે કે નિદાએ યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم અને નિદાએ બુઝુર્ગાને દીનના મસ્અલાનો મજબૂત પુરાવાઓની સાથે ઉલ્લેખ કરવામાં આવશે.

## ★ શક્તિના પ્રકાર ★

શક્તિના બે પ્રકાર છે : **(૧)** જાતી એટલે કે આપ મેળે પ્રાપ્ત હોય બીજાની તેમાં કોઈ પ્રકારની દખલ ન હોય. **(૨)** અતાઈ એટલે કે બીજા તરફથી અર્પણ કરવામાં આવી હોય.

## ★ જાતી શક્તિની વિગત ★

ઈમાનવાળાઓનો એ અકીદો છે કે દરેક પ્રકારની જાતી શક્તિઓ માત્ર અલ્લાહ તઆલાની છે. માત્ર અલ્લાહ તઆલાની જાત એવી છે જેને બીજાની જરૂરત નથી. તે હમેશાંથી છે અને હમેશાં રહેશે. તેની જાત અને સિફતો સિવાય કોઈ ચીજ હમેશાંથી નથી. આલમ અને જગતની દરેક પ્રકારની ચીજ વસ્તુ અલ્લાહ તઆલાની પેદા કરેલી છે, દરેક માટે એક જમાનો એવો હતો જેમાં તે કંઈજ ન હતું. અલ્લાહ તઆલાએ ઈરાદો ફર્માવ્યો તો તે વજૂદમાં આવ્યું. જ્યારે આપ મેળે કોઈનો વજૂદ નથી તો પછી આપમેળ તાકત અને શક્તિ કેમ કરી આવી શકે છે ? એટલે સ્પષ્ટ થયું કે જાતી તાકતો અને શક્તિઓ માત્ર અલ્લાહની છે. તેની આ સિફતમાં તેનો કોઈ શરીક નથી અને થઈ પણ નથી શકતો. જો કોઈ એવું સમજે કે મખ્લૂકમાંથી કોઈની પાસે જાતી શક્તિઓ છે જે તેને આપ મેળે જ પ્રાપ્ત થઈ છે, તેમાં અલ્લાહનો પણ દખલ નથી ! તો **તેવો વ્યક્તિ મુશ્રિક છે.** અને ઈમાન લાવ્યા પછી જો તે આવો અકીદો રાખે તો પણ મુશ્રિક અને મુર્તદ છે. અને ઈમાનનો ઈકરાર કરતાં

પહેલાં પણ એ જ માન્યતા રાખતો હતો અને પછી પણ એ જ માન્યતા રાખે છે તો તે મુશ્રિક છે ઈમાનના વર્તુળમાં તેનો પ્રવેશ થયો જ નથી.

## ★ અતાઈ શકિતઓ ★

અલ્લાહની મખ્લૂકમાં ગમે તે હોય, નબી હોય, રસૂલ હોય, ફરિશ્તો હોય, જિન હોય, જન જનાવાર હોય, પશુ પંખી હોય, કોઈ પણ હોય તેમનામાં જે કંઈ તાકત અને શકિત હોય અથવા તેઓમાં આવશે તે સઘળી અલ્લાહ તઆલાની અર્પણ કરેલી છે. મખ્લૂકમાંથી કોઈની તાકત અને શકિત તેની જાતી શકિત નથી અતાઈ છે.

અલ્લાહ તઆલા માટે અતાઈ શકિતઓ માનવી એ કુફ્ર અને શિર્ક છે. અને મખ્લૂક માટે જાતી શકિત માનવી કુફ્ર અને શિર્ક છે. એટલે આ બે શબ્દોને સામાન્ય સમજવામાં ન આવે તેનો ફેરફાર માણસને ઈમાનના વર્તુળ થી બહાર કરી દે છે.

**સવાલ** :- શું શકિતઓમાં જાતી અને અતાઈનો ફરક કરવો જરૂરી છે ? અને શાથી ?

**જવાબ** :- જાતી અને અતાઈનો ફરક કરવો જરૂરી છે એટલા માટે કે અલ્લાહ તઆલાએ મખ્લૂકને શકિત અર્પણ કરેલી છે. જો ફરક ઉઠાવી દેવામાં આવે તો એ સવાલ ઉપસ્થિત થાય છે કે અલ્લાહ પણ શકિતવાળો અને મખ્લૂક પણ શકિતવાળી તો પછી અલ્લાહ અને તેની મખ્લૂક આ સિફતમાં બરાબર થઈ ગઈ ! તો ઉપરોકત વર્ણવવામાં આવેલો ઉલ્લેખ આ પ્રશ્નનો ઉત્તર છે અને ઘણી બધી સિફતો છે જેમાં આ પ્રમાણેનો ફરક કરવો જ પડે છે. દાખલા તરીકે આપણે જાણીએ છીએ તો આપણે આલિમ અને અલ્લાહ જાણે છે તો અલ્લાહ આલિમ. આપણે મૌજૂદ છીએ અને અલ્લાહ પણ મૌજૂદ છે. મહેરબાની અને કૃપા આપણે પણ કરીએ છીએ અને અલ્લાહ પણ કરે છે. જો બધામાં જાતી અને અતાઈનો ફરક કરવામાં ન આવે તો શિર્ક અને તૌહીદને સમજવું મુશ્કેલ થઈ પડે. એટલે આ પ્રમાણેનો ફરક અવશ્ય છે.





## ★ કોઈ શંકા નથી ★

દુનિયામાં એવા લોકો પણ છે જેઓ અલ્લાહને માનતા જ નથી અને તેમની માન્યતા એવી છે કે દુનિયાને પેદા કરનાર કોઈ નથી બધું નેચરલ છે અને એ પ્રમાણે દુનિયા પ્રગતિ કરી રહી છે. પણ દુનિયામાં એવા લોકોની સંખ્યા ઓછી છે. મુસલમાન હોય કે ગેરમુસ્લિમ તેઓ એટલું તો માને છે કે દુનિયાને પેદા કરનાર છે અને તેના પેદા કરવાથી જ જગત વજૂદ (અસ્તિત્વ) માં આવ્યું છે. દુનિયામાં જે કંઈ થયું અને થઈ રહ્યું છે અને થશે તે બધું જ તેના તરફથી છે. એનાથી માંગ કરવી, એને પુકારવો, એને સંબોધવું એમાં કોઈનો જ વિવાદ નથી. પણ બીજા અન્ય અકીદા અને માન્યતાઓમાં તફાવત લઈને દીન અને ધર્મનો વિવાદ જોવા મળે છે.

**સવાલ** :- મુશ્રિક કયારે કહી શકાય છે ?

**જવાબ** :- મુશ્રિક કહેવા માટે એ જરૂરી નથી કે એ દરેક પ્રકારનું શિર્ક કરે બલ્કે અલ્લાહની જાતમાં શરીક સમજે, બરાબરીમાં કે ઓછો પણ તે મુશ્રિક છે. અલ્લાહની સિફતોમાંથી કોઈ એક સિફતમાં અથવા વધારેમાં ગેર માટે અલ્લાહની સિફતવાળો મતલબ લે તો તે મુશ્રિક છે. પછી તેમાં બરાબર સમજતો હોય કે તેનાથી ઓછું માનતો હોય. દા.ત. મખ્લૂકમાંથી કોઈના માટે રજકણ જેટલું જાતી ઈલ્મ માને તો તે પણ મુશ્રિક છે. કોઈ એક કામમાં પણ મખ્લૂકની જાતી મદદ માને તો તે પણ મુશ્રિક છે. મખ્લૂકમાંથી કોઈ એકને પણ બંદગીના લાયક સમજે અને માને તો તે પણ મુશ્રિક છે.

**સવાલ** :- જાતી અને અતાઈનો ફરક જે તમે કરેલો છે તે કુર્આનની આ આયતથી વિરૂધ્ધ છે اياك نعبد وإياك نستعين અમે તારી જ બંદગી કરીએ છીએ અને તારાથી જ મદદ માંગીએ છીએ. અલ્લાહથી જ મદદ માંગવાનો મતલબ અલ્લાહ સિવાય કોઈનાથી નથી માંગતા.

**જવાબ** :- એનો મતલબ છે : અય અલ્લાહ ! عزوجل સત્ય (હકીકી) મદદ તારી છે અને જાતી મદદ તારી જ છે. અને આ પ્રકારની મદદની માંગ અમે તારાથી જ કરીએ છીએ. જો મખ્લૂકમાંથી કોઈનાથી મદદની માંગ કરીએ તો તેને માત્ર જાહેર ઝરિયો, અને વસીલો સમજીએ છીએ. તેની

મદદ તારી તેને કરેલ મદદ અને અર્પણ કરેલ શકિતનો એક ભાગ છે.

આ પ્રમાણેનો મતલબ માત્ર એમ જ નથી લેતા બલ્કે જેઓ મસાઈલમાં અમારાથી વિવાદ રાખે છે અને હદથી આગળ વધીને શિર્કના ફત્વાઓ આપે છે તેમણે પણ આ પ્રમાણેની તફસીરો કરી છે.

## ★ દેવબંદીઓના શૈખુલ હિંદની તફસીર ★

દેવબંદીઓના ચોટીના આલિમ જેમને તેઓ તરફથી શૈખુલ હિંદનું ઉપનામ આપવામાં આવ્યું છે તે મૌલ્વી મહમૂદુલ હસન સાહેબ દેવબંદી પોતાના તર્જુમએ કુર્આનની તફસીરમાં લખે છે, (પ્રથમ ચાર સિપારાની તફસીર તેમણે પોતે કરેલી છે) وَإِيَّاكَ نَسْتَعِينُ ની તફસીરમાં તેમણે આ પ્રમાણે લખાણ કરેલું છે :–

"હાં ! અગર કિસી મકબૂલ બંદેકો વાસ્તએ રહમતે ઈલાહી ઔર ગૈર મુસ્તકિલ સમઝ કર ઈસ્તેઆનતે ઝાહેરી ઉસ્સે કરે તો યે જાઈઝ હૈ, કે યે ઈસ્તેઆનત દર હકીકત હક્ક તઆલા હી સે ઈસ્તેઆનત હય."

શૈખ સાહેબનો કહેવાનો ભાર્વાથ એ છે કે મકબૂલ બંદાને રહમતે ઈલાહીનો વાસ્તો અને ઝરિયો સમજીને મદદ લેવામાં આવે અને એવું સમજવામાં આવે કે આપ મેળે મદદ નથી કરી રહ્યો, તો આ પ્રમાણે ગેરખુદાથી મદદની માંગ જાઈઝ છે.

કુર્આનની આયત وَإِيَّاكَ نَسْتَعِينُ વિરૂધ્ધ નથી. આ પ્રમાણેથી મદદની માંગ ગેરથી એ કરવી હકીકતમાં અને વાસ્તવમાં ખુદા તઆલાથી માંગ કરવી છે.

**સારાંશ** :– અમે તો તફસીર કરી જ હતી કે મદદના બે પ્રકાર છે. જાતી અને અતાઈ, પણ વિવાદ કરનારાઓના ગળા નીચે ઉતરતું ન હતું પણ હવે શૈખુલ હિંદ સાહેબનો તફસીરી પુરાવો મળ્યો તો ઉમ્મીદ છે સમજમાં આવી જશે !

**મુદ્દઈ લાખપે હૈ ગવાહી તેરી**

**સવાલ** :– અહીંયા ગેરથી મદદની માંગ કરવાનો મતલબ એ છે





કે જીવંત લોકોથી મદદની માંગ કરવી, મરેલા લોકોથી નહીં. જયારે તમે બરેલ્વી લોકો મરેલાઓથી મદદની માંગ કરો છો ?

**જવાબ** :– અલ્લાહવાળાઓને સામાન્ય લોકો માફક મરેલા કહેવું તેમનું અપમાન છે. તેમની બરઝખી હયાત કેવી છે તેના વિશે ભાગ નવમાં ચર્ચા કરવામાં આવશે. અહીં એ કે તમારું કહેવું કે માત્ર જીવંત લોકોથી મદદની માંગ કરી શકાય છે મરેલાઓથી નહીં. એ તમારા આલિમના લખાણના પુરાવાથી ખોટુ છે. અમે તો માનીએ છીએ પણ એ વાતને તમારા આલિમે પણ માન્ય રાખેલી છે.

મૌલ્વી અશરફ અલી થાનવી સાહેબ જેમને તમારા તરફથી હકીમુલ ઉમ્મતનું ઉપનામ આપવામાં આવેલું છે. પોતાના ઈમ્દાદુલ ફતાવા, ભાગ–૪, કિતાબે અકાઈદ વલ કલામ, પેજ નં. ૯૯ માં લખે છે :

જો ઈસ્તેઆનતો ઈસ્તિમદાદ બએઅ્તેકાદે ઈલ્મો કુદરત મુસ્તકિલ હો વો શિર્ક હૈ ઔર જો બએઅ્તેકાદે ઈલ્મો કુદરત ગેર મુસ્તકિલ હો ઔર વોહ ઈલ્મો કુદરત કિસી દલીલસે સાબિત હો જાએ તો જાઈઝ હૈ. ખ્વાહ મુસ્તમદ મિન્હો હય્ય હો યા મય્યિત.

**ભાવાર્થ** :– થાનવી સાહેબના કહેવાનો ભાવાર્થ એ છે કે ગેરખુદાથી મદદની માંગ એવી માન્યતાથી કરવામાં આવે કે તે આપ મેળે મદદ કરી રહ્યો છે, તેની મદદમાં ખુદાની તાકત અને શકિતને દખલ નથી, તો તે શિર્ક છે. પણ જો આવી માન્યતા રાખવામાં ન આવે તો તેને શિર્ક કહેવામાં આવશે નહીં. શિર્ક કહેવામાં માન્યતાની છણાવટ જરૂરી રહેશે. અને થાનવી સાહેબે ફર્માવ્યું, જેનાથી મદદની માંગ કરવામાં આવે તેનું જીવંત હોવું જરૂરી છે, મય્યિત હોય તો પણ ઉપરોકત માયનામાં મદદની માંગ કરવી શિર્ક નથી.

**સારાંશ** :– વિવાદ કરનારાઓ પોતાના આલિમોનાં લખાણ પર ધ્યાન આપતા નથી અને બકવાસ કરતા રહે છે પણ તેમના ચોટીના આલિમ બલ્કે તેમના દેવબંદી મસ્લકની બુનિયાદ થાનવી સાહેબનું લખાણ તેમના સમક્ષ આવ્યા પછી અચરજમાં પડી જશે.

**મુદ્દઈ લાખપે ભારી હૈ ગવાહી તેરી**

## ★ કબ્ર પૂજક કહેવું ★

દેવબંદી અને બીજા બાતિલ ફિર્કાના લોકો સુન્નીઓને વાત વાતમાં કબ્ર પૂજક કહે છે. જો તેઓ ધ્યાન આપે અને તેમને પોતાનું ઈમાન બચાવવાની ચિંતા હોય તો તેમના મુખેથી આ પ્રમાણેનું વ્યાકરણ ઘણુ જ બુરું અને ખરાબ છે. અને બીજાના ઈમાનની ફિકરમાં પોતાના ઈમાનનો સોદો છે. કબ્ર પૂજક એટલે કબ્રોની ઈબાદત કરનાર. શું તમે કોઈ એક મુસલમાન પણ એવો બતાવી શકો છે જે એ અકીદો અને માન્યતા રાખતો હોય કે અલ્લાહને છોડીને બીજા કોઈની ઈબાદત કરી શકાય છે તો પછી તેઓ કબ્ર પર જઈને ગમે તે કરતા હશે તેનો સંબંધ માત્ર તાઝીમ અને ઈજ્જત છે. તેનાથી આગળ કશું જ નથી. જો તમે કહો કે ત્યાં જઈને લોકો દુઆ માંગે છે મદદની માંગ કરે છે તો **તમારા જ મૌલ્વી સાહેબ કહી ગયા તેમ કે મય્યિતથી મદદની માંગ પણ શિર્ક નથી.** પછી તમે ગુરૂ ગુલ અને ચેલા શક્કર હો ગયા ! ખુદારા પ્રથમ પોતાનું ઈમાન બચાવવાની કોશિષ કરો. અવ્વલ ખૈશ બઅ્દહૂ દરવૈશ. બીજાના માટે તમે તમારું ઈમાન કેમ ખરાબ કરો છો. તમે લોકો તો કાફિરને કાફિર કહેવા તૈયાર નથી પછી મુસલમાનના કામમાં તમારા આલિમોના લખાણ અનુસાર છૂટકારોનો માર્ગ નીકળી શકે છે પછી તેમને મુશ્રિક શા માટે કહો છો ? શું તમને અલ્લાહવાળાઓની કબ્રની ઈજ્જત નથી સારી લાગતી ? તો શું મૂર્તિપૂજકોની પૂજા સારી લાગે છે ?! જો આમ નથી તો પછી કાફિરો માટે નરમી અને મુસલમાનો માટે ગરમી કેમ ? મુસલમાનની કબ્રની બેઈજ્જતી કરી શકાય છે એવો કોઈ મસ્અલો તમે બનાવી શકો છો ? તો પછી મારા ભાઈ ! શીદને દોઝખમાં જવાનો માર્ગ શોધી રહ્યો છે ? જો બકવાસ કરવાની આદત પડી ગઈ હોય અને મોઢું બંધ ન રહેતું હોય તો લગામ લગાવી આપ ! શું તને ખબર નથી કે પ્યારા આકા صلی اللہ تعالیٰ علیہ وسلم નો પ્યારો ઈર્શાદ છે :– "જે ચુપ રહ્યો તે નજાત પામ્યો."

## ★ મૌલ્વી ઈસ્માઈલ દહેલ્વી ★

સિરાતે મુસ્તકીમ, પેજ–૬૦ પર મૌલ્વી ઈસ્માઈલ દહેલ્વી લખે છે :–

ઔર હઝરતે મુર્તઝા کرم اللہ تعالیٰ وجہہ الکریم કે લિએ શૈખૈન પર ભી એક





ગુના ફઝીલત ષાબિત હૈ ઔર વોહ ફઝીલત આપકે ફર્માંબરદારોંકા ઝિયાદા હોના ઔર મકામાતે વિલાયત બલ્કે કુતુબિય્યતો ગૌષિય્યત ઔર અબદાલિયત ઔર ઈન્હી જૈસી બાકી ખિદમાત આપકે ઝમાનેસે લેકર દુન્યાકે ખત્મ હોને તક આપ હી કી વેસાતતસે હોના હૈ ઔર બાદશાહોંકી બાદશાહત ઔર અમીરોંકી અમારતમેં આપકો વોહ દખલ હૈ જો આલમે મલકૂતકી સૈર કરનેવાલોં પર મખ્ફી નહીં.

**ભાવાર્થ :–** દહેલ્વી સાહેબના કહેવાનો ભાવાર્થ એવો છે કે હઝરત અલી શેરે ખુદા کرم اللہ تعالیٰ وجہہ الکریم ની ખિદમતથી વિલાયત, ગૌષિયત અને અબદાલિયતની ખિદમતોની વહેંચણી થાય છે અને એવું નથી કે આપ દુનિયામાં હતા અને કામ બનતાં બલ્કે આપને આ જવાબદારી કિયામત સુધી સોંપવામાં આવી છે અને આપની બારગાહથી આ કામો કિયામત સુધી બનતાં રહેશે. રાજાનાં રાજ અને અમીરના સંચાલનમાં એમને દખલ હોય છે. આ રૂહાની કામો છે, રૂહાનિયતમાં જેઓ આગળ વધી ગયા છે તેઓ આને સારી રીતે સમજી શકે છે.

### મુદઈ લાખપે ભારી હય ગવાહી તેરી

જેને ઉપરોકત દરજ્જાઓમાં કામયાબી પ્રાપ્ત કરવી હોય તેણે શું કરવું જોઈએ ? તો દહેલ્વી સાહેબ ફર્માવે છે :

જેને જવાબદારી સોંપવામાં આવી હોય તેની તરફ ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ની મદદનું કામ જ્યારે દુનિયામાં હતા ત્યારે તો જોરશોરથી ચાલી રહ્યું હતું પણ દુનિયાથી ગયા પછી પણ ચાલુ જ છે અને કિયામત સુધી ચાલતું રહેશે.

દેવબંદીઓ શાહ સાહેબના ઉપરોકત લખાણ પછી સુધરી જશે અને સુધરે નહીં તો અચરજમાં પડી જશે કે આ શું થયું ! દહેલ્વી સાહેબે તો આપણને વાત વાતમાં શિર્ક કહેવાનો માર્ગ બતાવ્યો અને તેઓ પોતે જ એવી વાતો કરી રહ્યા છે જેનાથી બરેલ્વીઓની ખુશીનો પાર રહેતો નથી ! ભાઈ ! અફસોસ કરવાની જરૂરત નથી અમારી હક્ક માન્યતા પોતે જ સાબિત થઈને રહે છે. તમને એ ખબર હોવી જોઈએ કે, اَلْحَقُّ يَعْلُوْ وَلَا يُعْلٰى عَلَيْهِ હક્ક બુલંદ હોય છે તેની ઉપર બુલંદી પ્રાપ્ત નથી કરી શકાતી. તમે લોકો અમારી

માન્યતાને ખોટી સાબિત કરવાની કેટલી કોશિશ કરો છો છતાં કે જેને તમે ખોટું સાબિત કરવા માંગો છે તેના યોગ્ય હોવા પર અંતે તમારા જ લખાણો દલીલ બની જાય છે.

## ★ ઈસ્લામ ઐસા પૌધા હૈ કાટો તો હરા હોગા ★

ગેર ખુદાથી માંગ કરવામાં અન્ય બીજા સવાલો પણ ઉપસ્થિત થાય છે તેના જવાબો આ ભાગના પ્રથમ બે બયાનોમાં આપી દેવામાં આવ્યા છે. શંકા કુશંકાનો નાશ કરવા માટે તેને વારંવાર સાંભળો અને પોતાની માન્યતાને એવા મજબૂત કિલ્લામાં બંધ કરી આપો કે શૈતાનને કોઈ પણ રીતે તેને ખરાબ કરવાનો મોકો ન મળી શકે.

## ★ આપણા નબી અંતિમ નબી ★

મૌલ્વી કાસિમ નાનોત્વી સાહેબે (દેવબંદી) પોતાની કિતાબ "તહઝીરુન્નાસ"માં આપણા નબીના અંતિમ હોવાનો ઈન્કાર એ પ્રમાણે કર્યો છે કે અંતિમનો માયનો ફેરવીને કાદયાની લોકો માટે માર્ગ ખુલ્લો કરી આપ્યો. તેમના કહેવાનો ભાવાર્થ એવો હતો કે આપણા નબી પછી નવો નબી આવી શકે છે ! પરંતુ આપણો અકીદો તો કુર્આન અને હદીષના પ્રકાશમાં છે. કુર્આન خَاتَمَ النَّبِيّٖن કહીને આપને અંતિમ નબી બતાવ્યા અને હુઝૂરે તફસીર કરીને لَانَبِیَّ بَعْدِیْ મારા પછી નબી નથી એવું ફર્માવ્યું એટલે આપણા નબી પછી બીજા નવા નબીનું આવવું જાઈઝ મળવું કુફ્ર છે.

આપણા નબી જ્યારે અંતિમ નબી છે અને આપ પછી કોઈ નબી આવવાનો નથી તો પછી એ માનવું જ પડશે કે આપણા નબીનો ફૈઝ અને આપના થકી પહોંચતો ફાયદો આપની દુનિયાની હયાતમાં તો હતો પણ દુનિયાથી પર્દો ફર્માવ્યા પછી પણ ચાલુ છે. દરેક નબીનો જમાનો એક હદમાં હતો અને આપણા નબી صلی اللہ تعالیٰ علیہ وسلم નો જમાનો આપના એલાને નબુવ્વતથી ચાલી રહ્યો છે અને કિયામત સુધી ચાલતો રહેશે. આપણે બીજા નબીના નામનો કલ્મો પઢીને મુસલમાન નથી થઈ શકતા પણ આપણા નબીના નામનો કલ્મો પઢી મુસલમાન બની જઈએ છીએ. જેઓ બીજા નબીના





નામનો કલ્મો પઢે છે જેમ કે યહૂદી અને ઈસાઈ તેમણે પણ આપણા નબીના નામનો કલ્મો પઢવો જરૂરી છે, નહીં તો તેમને પણ ઈસ્લામના વર્તુળથી બહાર રાખવામાં આવશે.

આપણા નબીના એલાને નબુવ્વત કર્યા પછી કોઈ પણ મુસલમાન હોય આપના ફૈઝથી જ મુસલમાન છે, કોઈ પણ વલી હોય આપના ફૈઝથી જ વલી છે, કોઈ પણ કુતુબ હોય આપના ફૈઝથી જ કુતુબ છે, કોઈ પણ અબ્દાલ હોય આપના ફૈઝથી જ અબ્દાલ છે, કોઈ પણ ગૌષ હોય આપના ફૈઝથી ગૌષ છે. જે કોઈ આપનો ઈન્કાર કરી આપે તે કોઈ દરજ્જે પહોંચવું દૂરની વાત મુસલમાન પણ રહી શકતો નથી ! સ્પષ્ટ થયું કે દરેક પ્રકારનો ફૈઝ આપણા નબીનો છે જે આપ દુનિયામાં હતા ત્યારે મળતો હતો અને આજે જ્યારે આપણાથી પર્દામાં ચાલ્યા ગયા ત્યારે પણ મળી રહ્યો છે.

દહેલ્વી સાહેબનો પુરાવો રજુ કરી દેવામાં આવ્યો જેઓ હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم માટે એ માન્યતા ધરાવે છે કે કિયામત સુધી ફૈઝ વિલાયત આપની ખિદમતથી મળશે. જ્યારે હઝરત અલીના کرم اللہ تعالیٰ وجہہ الکریم ફૈઝે વિલાયતમાં દુનિયાથી પર્દો કર્યા પછી કોઈ ફરક ન આવ્યો તો એમને જ મર્તબો મળ્યો તે આપણા નબીના સદકામાં મળ્યો પછી આપણા નબીનો ફૈઝ ખત્મ શી રીતે થઈ શકે છે ?

જ્યારે આપણા નબીનો ફૈઝ હયાતમાં મળતો હતો ત્યારે સહાબાએ તેનાથી ભરપૂર ફાયદો પ્રાપ્ત કર્યો, જ્યારે દુનિયાથી પર્દો કર્યા પછી તેમાં ફરક આવ્યો નથી તો પછી ત્યારથી આજ સુધી દુનિયા ફાયદો પ્રાપ્ત કરતી આવી છે અને કયામત સુધી ફાયદો પ્રાપ્ત કરતી રહેશે. જેઓ ઈન્કાર કરે છે અને મદદ લેવાને શિર્ક કહે છે તેમણે જવાબ બતાવવો જોઈએ.

મરણ પછી માણસ ખત્મ નથી થઈ જતો અને તેનો તદ્દન નાશ નથી થઈ જતો બલ્કે માત્ર રૂહ અને પ્રાણને શરીરથી અલગ કરી લેવામાં આવે છે અને રૂહની શક્તિઓ વધારે છે પણ તે શરીરની સંગતમાં શરીર જેવી બની જાય છે. આ વિશે વિગતવાર બયાન તોહફાએ નજાત, ભાગ–૯ માં આવશે. નબી, વલી અને શહીદની હયાત વિશે પણ ભાગ નવમાં અલગથી પ્રકરણ રજુ કરવામાં આવશે. (ઈન્શાઅલ્લાહ !)

જીવંત લોકોથી મદદની માંગ કરવામાં કોઈને શંકા નથી અને વિવાદ પણ નથી હોતો. અમુક માંગો એવી હોય છે જેની માંગ બંદાથી કરવામાં વિવાદ જોવા મળે છે તેના હવાલાઓ અને પુરવાઓ રજુ કરી દેવામાં આવ્યા છે. અમુક અત્રે રજુ કરીશું અને ત્યારબાદ અન્ય પુરાવા મરણ પછી નબીઓ, વલીઓ, અને નેક લોકોથી મદદ લઈ શકાય છે તે વિશે વર્ણવવામાં આવશે જેથી હક્ક અને સત્યની શોધમાં રહેનાર વ્યક્તિ માટે કોઈ પ્રકારની શંકા ન રહી જાય.

## ★ જિબ્રઈલ عليه الصلوٰة والتسليم ને જોઈ લીધા ★

અલ્ એસાબા ફી મઅરેફતિસ્સહાબામાં છે હઝરત હારેસા رضی اللہ عنہ પોતાના પ્રિય નબી સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم પાસેથી પસાર થયા, આપ કોઈ અજાણી વ્યક્તિ સાથે વાતચીત કરી રહ્યા હતા. હઝરત હારેસા رضی اللہ عنہ એમને ઓળખી ન શકયા, અને સલામ કર્યા વિના ત્યાંથી પસાર થઈ ગયા પરત આવ્યા ત્યારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ પૂછયું તમે અમને સલામ કેમ ન કરી હતી. વિનંતી કરી, મારા આકા ! આપ કોઈની સાથે વાત ફર્માવી રહ્યા હતા તો મેં આપને દખલ દેવું પસંદ ન કર્યું, એટલે હું ચુપચાપ ચાલ્યો ગયો. ફર્માવ્યું, શું તમે એ વ્યક્તિને જોયો હતો વિનંતી કરી, જરૂર ! ફર્માવ્યું, તેઓ જિબ્રઈલે અમીન હતા ! ફર્માવી રહ્યા હતા કે જો આમણે સલામ કરી હોત તો આપણે જવાબ આપતા.

## ★ અર્શે ઈલાહી નજરો સમક્ષ ★

મિફતાહે દારિસ્સઆદહ્માં છે : હઝરત હારેસા એક વખત બારગાહે નબવીમાં પધાર્યા. સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ પૂછયું, તમે કેવા છો ? વિનંતી કરી, اَصْبَحْتُ مُؤْمِنًا حَقًّا મેં બરહક્ક મો'મિન હોવાની સ્થિતિ સવાર કરી. ફર્માવ્યું, હારેસા ! તમારા ઈમાનની વાસ્તવિકતા શું છે ? વિનંતી કરી અય અલ્લાહના રસૂલ ! صلی اللہ تعالیٰ علیہ وسلم હું દુનિયા અને તેની વાસનાઓથી કિનારે થઈ ગયો છું. રાત ઈબાદતમાં જાગીને અને દિવસ રોઝાની હાલતમાં ગુઝારું છું અને મારી નજરની સ્થિતિ એ છે કે,





كَاَنِّىْ اَنْظُرُ اِلٰى عَرْشِ رَبِّىْ بَارِزًا وَّكَاَنِّىْ اَنْظُرُ اِلٰى اَهْلِ الْجَنَّةِ يَتَزَاوَرُوْنَ فِيْهَا وَاِلٰى اَهْلِ النَّارِ يَتَعَاوَوْنَ فِيْهَا

જાણે હું મારા રબ્બના અર્શને ખુલ્લુ જોઈ રહ્યો છું. અને દોઝખીઓને મુલાકાત કરતાં જોઈ રહ્યો છું અને દોઝખીઓને ચીસાચીસ કરતાં જોઈ રહ્યો છું.

હુઝૂરે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું :-

هُوَ الْعَبْدُ نَوَّرَ اللّٰهُ قَلْبَهٗ

"આ તે બંદો છે જેનું દિલ અલ્લાહ તઆલાએ પ્રકાશિત કરી દીધું છું !"

**ફાયદો** :- હઝરત હારેષા પાસે આ કમાલ અને નિગાહની તેજી કયાંથી આવી કે ગૈબ રહેતી ચીજો તેમના માટે પ્રકાશિત બની ગઈ અને તેઓ દુનિયામાં રહીને અર્શને, જન્નતને અને દોઝખને નિહારી રહ્યા છે ?! તો કહેવું પડશે આ છે નબીએ પાકની સંગતનો ફૈઝ.

**ખૂદ ન થે જો રાહ પર ઔરોંકે હાદી બન ગયે**
**અલ્લાહ ! અલ્લાહ ! મૌતકો કિસને મસીહા કર દિયા**

## ☆ જંગલી જાનવરોથી જંગલ ખાલી થઈ ગયું ☆

હિજરી સન ૫૦ માં મુસલમાનો ઈસ્લામના પ્રચાર માટે આફ્રિકાના જંગલો સુધી પહોંચી ગયા હતા. આફ્રિકાના એક ભયંકર જંગલમાં દસ હજાર મુજાહિદોનું સૈન્ય એક જગાએ રોકાયું, તે જગાએ પછી એક શહેર કીરનનાં નામથી વસ્યું જે જગાએ ઈસ્લામી મુજાહિદોનું સૈન્ય રોકાયું હતું, ત્યાં જંગલી જાનવરો અને ઝેરીલા સાપ બીજી જગા કરતાં અધિક હતા. કામિલ ઈબ્ને અસીરમાં છે હઝરત ઉકબા બિન નાફેઅ رضی اللہ عنہ લશ્કરના અમીર હતા. આપ જંગલની સરહદે આવ્યા અને જંગલના જાનવરોને ઊંચે સ્વરે ફર્માવ્યું;

اَيَّتُهَا الْحَيَّاتُ وَالسِّبَاعُ ... اِنَّا اَصْحَابُ رَسُوْلِ اللّٰهِ
اِرْحَلُوْا عَنَّا فَاِنَّا نَازِلُوْنَ --- وَمَنْ وَجَدْنَاهُ بَعْدَ ذٰلِكَ قَتَلْنَاهُ

"અય સાપો ! અને જંગલી હિંસક પ્રાણીઓ ! અમે નિઃશંક રસૂલુલ્લાહના સહાબા છીએ ! તમે અહીંયાથી ચાલ્યા જાવ ! કેમ કે અમે અહીં ઉતરેલા છીએ. હવે પછી જે મળી જશે તેને અમે કતલ કરી નાખીશું."

હઝરત ઉકબાનું رضی اللہ عنہ ફર્માન સાંભળીને જાનવરો પોતાનાં બચ્ચાંઓને પીઠો પર રાખીને ત્યાંથી જવા લાગ્યાં. ત્યાંના રહેવાસી આ કરામત જોઈને મુસલમાન બની ગયા.

**ફાયદો :–** હઝરત ઉકબા رضی اللہ عنہ પાસે આ કમાલ કોના સદકામાં આવ્યો ? તો કહેવું જ પડશે કે નબીએ પાકના સદકામાં ! તો આ નબુવ્વતનો ફૈઝ છે જે ચાલુ હતો અને આજે પણ ચાલી રહ્યો છે અને કિયામત સુધી આપ નબી છે તો આપનો ફૈઝ ચાલતો રહેશે.

**આંખવાલે તેરી જોબનકા તમાશા દેખે**
**દીદએ કોરકો કયા આયે નઝર કયા દેખે**

**ગર ન બીનદ બરોઝ સિવરા ચશ્મ**
**ચશ્મએ આફતાબરા ચે ગુનાહ**

ચિબડાને દિવસમાં દેખાતું નથી અને રાતમાં જ નજર આવે છે. ચિબડો કહે સૂરજ મને દેખાતો કેમ નથી ! તો તે સૂરજનો વાંક નથી ચિબડાની આંખોનો અયબ છે કે એને દિવસમાં નજર આવતું નથી. એ જ પ્રમાણે કુફ્ર અને નિફાકનો ચશ્મો પહેરીને કોઈને નબીઓ અને વલીઓનો કમાલ દેખાતો ન હોય તો તેણે કમાલનો સદંતર ઈન્કાર ન કરી દેવો જોઈએ, બલ્કે જે ચશ્મો એણે પહેરેલો છે તેને ઉતારી ઈમાનનો ચશ્મો લગાડવો જોઈએ, પછી જુએ કે દુનિયામાં બુઝુર્ગોનો ફૈઝ કેટલું કામ કરી રહ્યો છે !

## ★ હિંસક પ્રાણી માર્ગદર્શક ★

હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہ યમનના હાકિમ અને ગવર્નર હતા. સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ હઝરત સફીના رضی اللہ عنہ ને પત્ર આપીને યમન મોકલ્યા. આપ જંગલમાં માર્ગ ભૂલી ગયા એટલામાં એક હિંસક સિંહ આવ્યો અને હુમ્લો કરવા તૈયાર થયો. આપે ફર્માવ્યું, અય સિંહ ! હું રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم નો ગુલામ છું. સાંભળતાંની સાથે જ સિંહ ઠંડો થઈ





ગયો અને પાળેલા કૂતરા માફક નિકટ આવ્યો અને પછી સીધો માર્ગ બતાવીને ચાલ્યો ગયો.

**ફાયદો :–** આ હતો નબીએ પાકના મુબારક નામનો વસીલો અને તેનો ફાયદો ! અને આ હતો હુઝૂર પાક صلی اللہ تعالیٰ علیہ وسلم નો ચાલી રહેલો ફૈઝ ! હિંસક પ્રાણીઓ પણ આપનું મુબારક નામ સાંભળીને ઠંડાં બરફ થઈ જાય છે કે લૂકમો બનાવવાની જગાએ માર્ગદર્શક બની જાય છે. *(મિશ્કાત શરીફ, શિફા શરીફ)*

## ★ વિસાલ પછી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની ઝિયારત ★

એ હદીષનો ઉલ્લેખ થઈ ગયો કે સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم નું ફર્માને છે કે જેણે મને સ્વપ્નમાં જોયો તેણે મને જ જોયો, કારણ કે, શૈતાન મારી શકલનો નથી બની શકતો. એટલે કે જેના સ્વપ્નમાં હું આવું તે હું પોતે જ હોઉં છું. તેમાં માણસે કોઈ પ્રકારની શંકા કરવાની રહેતી નથી.

આ હદીષે પાકથી એ સાબિત ન થયું કે સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم નો ફૈઝ કોઈ જમાના સાથે નિયકુત નથી. આપ આવ્યા ન હતા તો પણ અહલે કિતાબ આપના મુબારક નામનો વસીલો લઈને દુઆઓ કરતા અને તેમની દુઆઓ આપના સદકામાં કબૂલ કરી લેવામાં આવતી હતી, તો પછી હવે તો આપ આપણા દરમિયાનમાં આવી ગયા છે અને નબુવ્વતનું પદ કિયામત સુધી આપના હાથમાં રહેશે, તો પછી શું આપનું નામ ફાયદો ન પહોંચાડે ! આપની જાતે મુકદ્દસથી ફાયદો ન પહોંચે ! અને આપના સદકામાં આપણા કામો ન બને ?!

જે લોકો નબીએ પાકના ઈખ્તિયાર અને અધિકારનો ઈન્કાર કરે છે તેઓની કિતાબો જોવામાં આવે તો ખબર પડશે કે તેમણે કેટલાં સ્વપ્નાંઓ વર્ણન કરેલાં છે. મેં અહીંયાની લાઈબ્રેરીમાં એક કિતાબ જોઈ જે અલિફથી લઈને યા સુધી નબીએ પાક સ્વપ્નમાં આવીને કોનું કોનું નસીબ જગાડી ગયા તેની વિગત પ્રકરણમાં હતી અને તેને લખવાવાળો દેવબંદી જ છે ! શું પછી કહી શકાય છે કે નબીથી ફાયદો નથી મળી શકતો ?

એવું તો નથી કે સ્વપ્ન માત્ર મદીના શરીફમાં રહેતો હોય તેને

આવે અને બીજાને ન આવે. સમ્રગ જગતના દેશોમાં જ્યાં જ્યાં મુસલમાન રહેતો હશે તેમાંથી કોઈને તો સ્વપ્નમાં મુલાકાત જરૂરથી આપતા હશે. હવે વાત એ છે કે સ્વપ્ન જુએ છે તો તો પોતાના બિસ્તર પર પડેલો છે પછી ત્યાં તેને ઝિયારત આપવા માટે આવે કોણ છે ? આપ તો કહી નથી શકતા કે જિન અથવા શૈતાન લોકો માટે એવાં રૂપમાં આવતો હશે, કારણ કે નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ શંકાનો નાસશકરેલો છે કે શૈતાન અને જિન કોઈ પણ મારી શકલ બનાવી શકતા નથી. જ્યારે જેઓ એક બીજાનું રૂપ ધારણ કરી શકે છે તેઓ એવી શકલ નથી બનાવી શકતા તો પછી તમારી મારી જેવા થોડી બનાવી શકવાના છે ?! જેથી એ સ્પષ્ટ થઈ ગયું કે ઝિયારત કરાવવા માટે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم પોતે જ આવે છે. તો શું આ નબીનો ચાલતો ફૈઝ નથી જે સદીઓ પછી પણ પોતાના ઉમ્મતીઓને ઓળખી ઓળખીને ઝિયારતથી નવાઝી રહ્યો છે ?

નબીએ પાકને ખબર હશે અને આપ જાણતા હશે કે ફલાણી જગાએ મારો ઉમ્મતી છે જે મને પ્રિય છે, મારા પર દરૂદ પઢે છે તો મારે તેને ઝિયારત આપવાની છે કેમ કે ખબર વિના પણ થઈ શકતું નથી ! તો સ્પષ્ટ થયું કે આપને ઈલ્મ પણ છે અને આપ જેને નવાઝવા ઈચ્છે છે તેને નવાઝે છે. તો પછી જ્યારે આપ સર્વને જાણે છે અને ત્યાં પહોંચી પણ જાય છે પછી આપને પુકારવામાં આવે અને આપથી મદદની માંગ કરવામાં આવે તો મદદ કેમ ન કરે ? અને જ્યારે આવી જ શકે છે તો પછી આપને દા'વત કેમ નથી આપી શકાતી કે આપ આવે અને અમારું કામ બનાવે ?!

**સવાલ** :– તમે પુકારો છો તો કોઈ વખત કામ બની જાય છે તે ઈત્તેફાક છે, જો વાંરવાર કામ બની જાય તો તમારો દાવો સત્ય કહેવાય ?

**જવાબ** :– એ કંઈ જરૂરી નથી કે આપણે જ્યારે બોલાવીએ ત્યારે આપ આવી જ જાય, બલ્કે પુકારવા પર ઉમ્મીદ હોય છે કે જો આપ ઈચ્છશે તો મદદ ફર્માવશે. આપણા કહેવાથી નબીને આપણુ માનવું વાજિબ નથી. બીજાું એ કે કામ બનાવનાર અલ્લાહ તઆલા છે, ખુદાની બારગાહથી આપને કહેવામાં આવશે તો આપ કરશે. ત્રીજાું એ કે આપણે ખુદાથી દુઆ કરીએ છીએ તો શું દરેક દુઆની અસર થઈ જ જાય છે ? અને ખુદાને તેના





પ્યારા નામો સાથે સંબોધીએ છીએ તો શું આપણી મદદ થઈ જ જાય છે ? આ દરેક જગાએ ઉમ્મીદથી કામ કરવામાં આવે છે કે આપણી પુકાર પર એમને રહેમ આવશે તો કામ બની જશે. તો પછી નબીને પુકારવામાં પણ એ કાયદો ભૂલવામાં ન આવે. માત્ર કહેવાથી કામ ત્યાં બને છે જ્યાં આપણો હક્ક તેમની ઉપર વાજિબ હોય. હવે આપણો હક્ક અલ્લાહ પર વાજિબ નથી અને રસૂલે પાક પર પણ વાજિબ નથી તો પછી રહમત અને કૃપાની ઉમ્મીદથી કામ કરવામાં આવે. એટલે પુકારવા પર મદદ ન થવામાં અને કામ ન બનવામાં એવું નથી કહી શકાતું કે તેઓ નથી કરી શકતા એટલે ન થયું !

**સવાલ** :– તો પછી માત્ર અલ્લાહથી મદદ લેવામાં શો વાંધો છે ? જો આમ કરવામાં આવે તો કોઈ પ્રકારનો વિવાદ જ ન રહે !

**જવાબ** :– વિવાદ કરવાવાળો જ સુધરી જાય તો પણ વિવાદ ન થઈ શકે પછી તે સુધરી કેમ નથી જતો ! બીજાું એ કે જે કામ શરીઅતની રોશનીમાં જાઈઝ કરી શકતા હોય તેને જાઈઝ માનવા પર ધર્મ છે. પછી વિરોધીને લઈને જાઈઝને નાજાઈઝ નથી કરી શકાતું. ત્રીજાું એ કે એક બે મસ્અલામાં વિવાદ હોય તો એકતાનો માર્ગ નીકળે, હજારો મસ્અલાઓમાં વિવાદ હોય તો તેનો નિકાલ જ નથી. જો વિવાદને લઈને જાઈઝ વાતો છોડી દેવામાં આવે તો બદ્અકીદા લોકો દીનને દીન જ ન રહેવા દે બલ્કે પોતાની વાસનાનો જથ્થો બનાવી દે. ચોથુ એ કે વિવાદને લઈને લોકોને અલગ કરી શકાય છે, વિવાદને લઈને ધર્મને અલગ નથી કરી શકાતો, જ્યારે કે ધર્મનું સત્ય હોવું સાબિત થઈ ગયું છે. પાચમું એ કે ધર્મથી ખસીને એકતા કરવી એનાથી ધર્મ પર રહીને વિવાદ બાકી રાખવો ઉત્તમ છે. સાતમું એ કે જો તમારે વિવાદ મટાડવો હોય તો સત્યને કબૂલી લો. આઠમું એ કે માત્ર નબી અને વલી જ ગેર ખુદા નથી સમ્રગ જગત ગેર ખુદા છે. પછી નબી અને વલીને આ મસ્અલાથી અલગ કરવામાં કામ બની શકતું નથી અને દરેકને અલગ કરી દેવું ઈન્સાની જરૂરતોને લઈને શકય નથી. કારણ કે, દુનિયામાં એક બીજાની મદદ વિના જીવવાનું અશકય છે. માણસ એક બીજાની મદદ લે છે અને બીમાર પડે છે તો દવાનો, ડોકટરનો, વૈદનો સહારો લે છે. એક બીજાની મદદ લેવામાં પણ એ યકીન નથી હોતું કે કામ બની જ જશે, દવા અને ડોકટરોને સહારો બનાવવામાં પણ શિફાનું યકીન નથી હોતું માત્ર

ઉમ્મીદ પર દરેક કામ કરવામાં આવે છે. તો પછી નબી અને વલીથી વિવાદ કરવો અયોગ્ય છે.

## ★ દેવબંદીઓમાં આવેલું થોડુ પરિવર્તન ★

દેવબંદીઓ વહાબીઓની ઢબ પર ચાલવાની ઝંડી લઈને નીકળ્યા હતા પણ હિંદુસ્તાન પાકિસ્તાનમાં તેવી માન્યતાઓ સાથે કામ કરવું શકય ન હતું તો પ્રથમ જેટલું બદલવું હતું તેટલું બદલી નાખ્યું પણ જ્યારે અહલે સુન્નતના આલિમો તરફથી બયાનો લખાણોથી લોકોને વાકેફ કરવામાં આવ્યા અને પબ્લિકમાં તેમની ખરાબ માન્યતાઓની ચર્ચા થવા લાગી તો તેમણે પબ્લિકને હાથમાં લેવા માટે પરિવર્તન કર્યું ! તેમની ખરાબ માન્યાતાઓથી વાકેફ થવા માટે અલ્લામા અર્શદુલ કાદરી સાહેબની કિતાબ **ઝલ્ઝલા** અને **ઝેરો ઝબર**ને વાંચો. (ઝલ્ઝલા ગુજરાતીમાં પણ અમારી પાસે છે. –પ્રકાશક) તકવિયતુલ ઈમાનમાં લખવામાં આવ્યું છે : જેનું નામ અલી અને મુહમ્મદ હોય તે કશી ચીજનો અધિકાર રાખતો નથી. મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم મરીને માટીમાં મળી ગયા વગેરે. હવે પરિવર્તન જુઓ ! :–

અલ્ મુહન્નદમાં ખલીલ અહમદ સાહેબે લખ્યું છે જેમાં ત્રીસથી વધારે દેવબંદના ચોટીના આલિમોએ પોતાની સહી કરીને કિતાબને મજબૂત બનાવવાની કોશિશ કરી છે. જ્યારે કે બીજા ખોટા લખાણો પર આજ દિવસ સુધી તેમણે તૌબા નથી કરી. પેજ નં. ૩૬ પર છે;

(૧) કયા વફાત કે બાદ રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم કા તસવ્વુલ (વસીલો) લેના જાઈઝ હય ?

(૨) તુમ્હારે નઝદીક સલ્ફે સાલેહીન યા'ની અંબિયા, સિદ્દીકીન ઔર શોહદાઓ ઔલિયા અલ્લાહકા તવસ્સુલ ભી જાઈઝ હૈ યા નાજાઈઝ ?

**જવાબ** :– હમારે નઝદીક ઔર હમારે મશાઈખકે નઝદીક દુઆઓમેં અંબિયાઓ સુલહાઓ, ઔલિયાઓ, શોહદાઓ સિદ્દીકીનકા તવસ્સુલ જાઈઝ હય ! ઉન્કી હયાતમેં યા બાદે વફાત બ ઈં તોરકે કહીએ યા અલ્લાહ મેં બવસીલા ફલાં બુઝુર્ગ કે તુઝસે દુઆકી કબૂલિયત ઔર હાજત બરારી ચાહતા હૂં. ઈસી જૈસે ઔર કલેમાત કહીએ. ચુનાંચે ઉસ્કી તશરીહ





ફર્માઈ હય હમારે શૈખ મૌલાના શાહ મુહમ્મદ ઈસ્હાક દહેલ્વી ષમ્મલ મક્કીને, ફિર મૌલાના રશીદ અહમદ ગંગોહીને ભી અપને ફતાવામેં ઉસ્કો બયાન ફર્માયા હય જો છપા હુવા આજકલ લોગોં કે હાથોંમેં મૌજૂદ હય, ઔર યહ મસ્અલા ઉસ્કી પહલી જિલ્દકે સફા ૯૩ પર મઝકૂર હય, જિસ્કા જી ચાહે દેખ લે.

## ★ બીજું પરિવર્તન ★

કયા ફર્માતે હો જનાબ રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم કી કબ્રમેં હયાત કે મુતઅલ્લિક કે કોઈ ખાસ હયાત આપકો હાસિલ હય યા આમ મુસલમાનોંકી તરહ બરઝખી હંય ?

**જવાબ** :– હમારે નઝદીક ઔર હમારે મશાઈખકે નઝદીક હઝરત صلی اللہ تعالیٰ علیہ وسلم અપની કબ્ર મુબારકમેં ઝિંદા હય ઔર આપકી હયાત દુન્યા કી સી હય બેલા મુકલ્લફ હોને કે. ઔર યહ હયાત મખસૂસ હય. આં હઝરત ઔર અંબિયા علیہم السلام ઔર શોહદાકે સાથ બરઝખી નહીં હય જો હાસિલ હય તમામ મુસલમાનો બલ્કે સબ આદમિયોંકો. ચુનાંચે અલ્લામા સેયૂતી رحمۃ اللہ علیہ ને અપને રિસાલા "અંબાઉલ્ અઝકિયા બહયાતિલ અંબિયા"મેં બતસ્રીહ લિખ્ખા હય. ચુનાંચે ફર્માતે હંય કે અલ્લામા તકીયુદ્દીન સોબૂકીને ફર્માયા હય કે અંબિયાઓ શોહદાકી કબ્રમેં હયાત ઐસી હય જૈસી દુન્યામેં થી ઔર મૂસા علیہ الصلوٰۃ والتسلیم કા અપની કબ્રમેં નમાઝ પળ્હના ઉસ્કી દલીલ હય, કયોં કે નમાઝ ઝિંદા જિસ્મકો ચાહતી હય. પસ ઈસસે સાબિત હુવા કે હઝરત صلی اللہ تعالیٰ علیہ وسلم કી હયાત દુન્યાવી હય ઔર ઈસ મઅનાકર બરઝખી ભી હય કે આલમે બરઝખમેં હાસિલ હય ઔર હમારે શૈખ મૌલાના મુહમ્મદ કાસિમ સાહેબ કુદ્દેસ સિર્રહૂકા ઈસ મબહષ મેં એક મુસ્તકિલ રિસાલા ભી નિહાયત દકીક ઔર અનોખે તર્ઝકા બેમિષ્લ જો તબાઅ હોકર લોગોંમેં શાએઅ હો ચુકા હય ઉસ્કા નામ "આબે હયાત" હય.

ઉપરોકત લખાણમાં દેવબંદી આલિમોએ એ વાતની કબૂલાત કરી લીધી કે સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم જે પ્રમાણે આ દુનિયામાં હયાત હતા દુનિયાથી પર્દો ફર્માવી ગયા પછી પણ આપ એ જ પ્રમાણે હયાત છે, ફરક

એટલો છે કે આપ દુનિયામાં હતા હવે આપ આલમે બરઝખમાં પહોંચી ગયા.

## ★ નબીએ અકરમ અને જન્નતની વહેંચણી ★

જન્નતની વહેંચણી વિશે અન્ય રિવાયતોનો ઉલ્લેખ પાછલા પ્રકરણોમાં થઈ ગયો છે. બીજી ત્રણ રિવાયતોનો ઉલ્લેખ અત્રે કરવામાં આવે છે.

જન્નત એવી અલ્લાહની નેઅમત છે જે માણસ માટે કામયાબી અને સફળતાના ઈનામ તરીકે રાખવામાં આવી છે. જે જન્નતી બની ગયો તે હમેશાં માટે કામયાબી પામી ગયો, અલ્લાહ તઆલા જન્નત મળવા પર કામયાબીની ખૂશખબર આપતાં ઈર્શાદ ફર્માવે છે :–

فَمَنْ زُحْزِحَ عَنِ النَّارِ وَأُدْخِلَ الْجَنَّةَ فَقَدْ فَازَ

જેને આગથી બચાવીને જન્નતમાં દાખલ કરવામાં આવ્યો તે સફળ થઈ ગયો.

અસંખ્ય હદીસો છે અને ઘણી બધી કુર્આનની આયતો છે જેમાં એ વાતનો ખુલાસો કરવામાં આવ્યો છે કે દુનિયાની અલ્લાહની બારગાહમાં ઈજ્જત નથી. મિશ્કાતમાં છે મચ્છરની પાંખ જેટલી ઈજ્જત દુનિયાને ખુદાની બારગાહમાં પ્રાપ્ત હોતે તો કાફિરોને ખાવા પીવા કંઈ જ આપવામાં ન આવતું, પણ તેમને આપવામાં આવે છે તે એ વાતની દલીલ છે કે ખુદાની બારગાહમાં દુનિયાને ઈજ્જત નથી. આ હતી દુનિયાની હકીકત અને વાસ્તવિકતા.

આખિરતમાં જન્નત અલ્લાહની રેઝા અને ખૂશીનું ઈનામ છે એ જેને આપશે તેના માટે કામયાબી છે. પણ એ વાત દરેક મુસલમાન માટે અકીદાના રૂપમાં છે કે **કાફિર** અને **મુશ્રિક**ને કયારેય પણ દોઝખથી નજાત આપવામાં આવશે નહીં, તેઓ તેમાં હમેશાં રહેશે. દુનિયા બેઈજ્જત છે એટલે આપવામાં આવે છે અને જન્નત અલ્લાહની બારગાહમાં ઈજ્જતવાળી છે એટલે કાફિર અને મુશ્રિકને આપવામાં આવશે નહીં.

જે જન્નત અલ્લાહનું આટલું મહાન અને અમૂલ્ય ઈનામ છે તેને





નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم લોકોને વહેંચે છે. સહાબા હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم થી જન્નતની પણ માંગ કરતા હતા જેમ કે હઝરત રબીઆ رضی اللہ عنہ ને માંગ કરવા પર હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ જન્નતમાં પોતાની સંગત અર્પણ ફર્માવી. જે નબી જન્નત વહેંચી શકે તો દુનિયા કેમ ન વહેંચી શકે ? અને જેમની પાસે જન્નતની માંગ કરી શકાય તેમની પાસે દુનિયાની મદદોની માંગ કેમ ન કરી શકાય ?!

**તુઝસે ઔર જન્નતસે કયા મતલબ વહાબી દૂર હો**
**હમ રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم કે જન્નત રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم કી**

## ★ પુત્રીઓનું પોષણ, જન્નતની બશારત ★

તિર્મિઝી શરીફમાં છે : સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, જેણે બે છોકરીઓનું ભરણ પોષણ કર્યું છે તો હું અને તે જન્નતમાં આ પ્રમાણે હશે ! અને પોતાની બે આગંળીઓથી ઈશારો ફર્માવ્યો, એટલે કે તે અને હું સાથે અથવા પાસે પાસે રહીશું.

## ★ યતીમનું પોષણ અને બશારત ★

તિર્મિઝી શરીફમાં છે : સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, હું અને યતીમનું ભરણ પોષણ કરનાર જન્નતમાં આ પ્રમાણે રહીશું, અને પોતાની બે આંગળીઓથી ઈશારો ફર્માવ્યો.

## ★ ખબર લઈ આવો અને જન્નત લઈ લો ! ★

મુસ્લિમ શરીફમાં છે હઝરત હુઝૈફા رضی اللہ عنہ ફર્માવે છે કે જયારે અહઝાબનું યુધ્ધ થયું તે સમયે મક્કાવાસીઓનું લશ્કર મદીના શહેરની નિકટ રોકાયું હતું. ઠંડી કહે કે મારું કામ ! લોકો મકાનોમાં લપાઈને બેઠેલા ! એવી ઠંડી હવા ચાલતી હતી કે એનો સામનો કરવાની કોઈની હિંમત નહીં. હુઝૂરે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم જન્નતની બશારત આપતાં ફર્માવ્યું, અત્યારે જે મુજાહિદ દુશ્મનના સૈન્યની ખબર લાવે અલ્લાહ તઆલા એને જન્નતમાં મારી સાથે જગા અતા ફર્માવશે ! આપે ત્રણ વખત એલાન કર્યું પણ કોઈની હિંમત થઈ

નહીં. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ મુબારક ચહેરો મારી તરફ કર્યો અને હુકમ ફર્માવ્યો, હુઝૈફા તમે જાવ ! અને હાલાત માલૂમ કરી આવો ! પણ યાદ રાખો કોઈને કંઈ કહેશો નહીં. હઝરત હુઝૈફા ફર્માવે છે જ્યારે હું બહાર નીકળ્યો તો એવું લાગતું હતું કે જાણે ગરમ હમ્મામમાં ચાલી રહ્યો છું. દૂર દૂર સુધી ઠંડીનું નામ નિશાન નહીં એ હાલતમાં હું દુશ્મનના લશ્કર નિકટ જઈ પહોંચ્યો. એક જગાએ ધૂંણી સળગાવેલી હતી. નિકટ થઈને જોયું તો અબૂ સુફિયાન તાપી રહ્યા હતા. એ મારા તીરના નિશાના પર હતા પણ મને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની વાત યાદ આવી ગઈ ! એટલે મેં કંઈ ન કર્યું અને ખબર લઈને પરત આવ્યો. આવતાની સાથે ઠંડી લાગવા માંડી. હુઝર صلی اللہ تعالیٰ علیہ وسلم એ કૃપા કરી મને પોતાનો કંબલ ઓઢાડી આપ્યો, હું સવાર સુધી સૂતો રહ્યો, સવારની નમાઝના સમયે જગાડવા માટે પ્રેમથી ફર્માવ્યું, અય ઊંઘનાર ઉઠ !

આ ત્રણ રિવાયતોથી સાબિત થયું કે જન્નત અને દોઝખનો ફૈસલો તો હશ્રના મેદાનમાં થવાનો છે પણ મુસલમાનોની માન્યતા અને અકીદો એ છે કે સરકારે મદીનાએ જેમને જન્નતની ખૂશ ખબર સંભળાવી તે જન્નતી છે. અને તેના જન્નતી હોવામાં બેમત નથી. કેમ ? એટલે જ કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને અલ્લાહ તઆલા તરફથી અધિકાર આપવામાં આવ્યો છે કે દુનિયાની માંગ કરનારને તે આપી દે અને જન્નતની માંગ કરનારને તે આપી દે. જો કે આ બધું અલ્લાહના કહેવાથી જ હોય છે પણ એટલું તો માન્ય રાખવામાં આવશે જ કે નબી ફર્માવે છે તો અલ્લાહ કબૂલ કરી લે છે. અને એવું પણ નથી કે નબીના કહેવાથી અલ્લાહ પર જરૂરી જ થઈ જાય છે ! અલ્લાહ પર બંદાઓની કોઈ વાત કબૂલી લેવી જરૂરી નથી પરંતુ આ મહબૂબ અને મોહિબના રહસ્યો છે જેને આપણે જાણી નથી શકતા, પણ બનતાં કામોથી અંદાજો લગાડી શકીએ છીએ. જે જન્નત વહેંચે તે દુનિયાની નેઅમતો કેમ ન વહેંચી શકે ! એટલે ખુદાથી માંગ કરવામાં નબીઓ અને વલીઓને વસીલો લેવામાં આવે છે અને કયારેક તેમનાથી પણ માંગ કરી લેવામાં આવે છે.

## ★ જન્નતી સ્ત્રી ★

મુસ્લિમમાં છે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہ એ એક સ્ત્રી તરફ ઈશારો કરીને હઝરત અબૂ રેબાહને બતાવ્યું કે આ સ્ત્રી જન્નતી છે. કારણ





કે તેણી એક વખત બારગાહે રિસાલતમાં હાજર થઈ હતી અને વિનંતી કરી હતી કે અલ્લાહના રસૂલ હું મિર્ગીની (વાઈની) દર્દી છું તો દુઆ કરો એ બીમારી જતી રહે. આપે ફર્માવ્યું, ઈચ્છો તો સબ્ર કરીને જન્નત લઈ લો અને ઈચ્છો તો હું દુઆ કરી આપું કે તમને છૂટકારો મળે ! તેણીએ જોયું કે સબ્ર કરી લેવામાં જન્નતની ખૂશખબરી છે તો સબ્ર કરવાનું સ્વીકારી લીધું.

**ફાયદો :-** હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہ એ તેણીને જન્નતી સ્ત્રી શા માટે કહી ? એટલે જ કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم તરફથી તેણીને શિફા અથવા સબ્ર પર જન્નત બે માંગમાંથી એકનો અધિકાર આપવામાં આવ્યો હતો તેણીએ સબ્ર સાથે જન્નતની માંગ કબૂલી લીધી અને ફર્માન નબીનું હતું એટલે તેણીને જન્નતી સ્ત્રી કહી. તો જન્નત પણ આપની બારગાહથી મળી શકે છે.

**મૈં તો માલિક હી કહુંગા કે હો માલિક કે હબીબ**
**યા'ની મહબૂબો મોહિબમેં નહીં મેરા તેરા**
(આ'લા હઝરત)

## ★ જન્નત ન માંગવા પર સહાબાને આશ્ચર્ય ★

મજમઉઝ્ ઝવાઈદમાં હઝરત અલી صلی اللہ تعالیٰ علیہ وسلمથી રિવાયત છે કે સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની એ શરીફ આદત હતી કે કયારે પણ કોઈ સવાલ કરનારને બેમુરાદ પાછો ન કાઢતા. એક દિવસ એક ગામડિયો માણસ આવ્યો. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, જે ઈચ્છો તે માંગો ! હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم કહે છે કે અમને લાગ્યું કે એ જન્નતની માંગ કરશે પરંતુ એણે માત્ર એક સવારીનાં ઊંટની માંગ કરી ! હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, બીજું કંઈ માંગો ! એણે મુસાફરી માટે સામાનની માંગ કરી તો એનો સવાલ પૂરો કરી દેવામાં આવ્યો. પછી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, આ ગામડિયાના સવાલ અને મૂસા علیہ الصلوٰۃ والسلام જમાનાની ખાતૂનના સવાલમાં કેટલો તફાવત છે ! બંનેની વિચારસરણી કેટલી અલગ છે ! પછી આપે આ કિસ્સો સંભળાવ્યો :-

હઝરત મૂસા علیہ الصلوٰۃ والسلام ફિરઓનીઓના ત્રાસથી કંટાળીને બની ઈસરાઈલને લઈ દરિયા કિનારે ગયા તો એવું લાગ્યું જાણે રસ્તો ભૂલી ગયા છે. અને લોકોના દિમાગમાંથી પણ નીકળી ગયું. મૂસા علیہ الصلوٰۃ والسلام એ ખુદાની

બારગાહમાં ઈલ્તેજા કરી કે આમ શા માટે થયું ? તો જવાબ મળ્યો, અય મૂસા عليه الصلوة والسلام ! તમે યુસૂફ عليه الصلوة والسلام ની કબ્ર નિકટ છો અને એમની મય્યિતને તમારી સાથે લઈ જાઓ તો માર્ગ મળશે.

હઝરત યુસૂફ عليه الصلوة والسلام એ પોતાની કૌમને વસિય્યત કરી હતી કે જ્યારે તેઓ મિસરથી નીકળે તો મારી મૈયતને સાથે લઈ જાય. તો વસિય્યત પ્રમાણે આમ કરવું જ પડશે નહીં તો માર્ગ મળશે નહીં એવું જાણકાર ! લોકોએ કહ્યું.

બધા લોકો ચિંતામાં પડી ગયા કે યુસૂફ عليه الصلوة والسلام ની કબ્ર કયાં શોધવી ? તો પૂછતા પૂછતા જાણ થઈ એક ડોસી સિવાય કોઈને એ વાતની જાણ નથી. હઝરત મૂસા عليه الصلوة والسلام પાસે એ ખાતૂન લાવવામાં આવી. આપે પૂછયું, શું તમને યૂસુફ عليه الصلوة والسلام ની કબ્રનું ઈલ્મ છે ? તેણીએ કહ્યું, ખબર તો છે પણ મારી એક શર્ત છે એને પૂરી કરવાનો વાયદો કરતા હોઉ તો બતાવું ! આપે શર્ત માલૂમ કરી તો ખાતૂને વિનંતી કરી :–

فَاِنِّیٓ اَسْئَلُكَ اَنْ اَكُوْنَ مِنْكَ فِی الدَّرَجَةِ الَّتِیْ تَكُوْنُ فِیْهَا فِی الْجَنَّةِ

મારો સવાલ એ છે કે હું આપની સાથે જન્નતમાં તે દરજ્જામાં રહું જેમાં આપ હોય.

હઝરત મૂસા عليه الصلوة والسلام એ ફર્માવ્યું, માત્ર જન્નત માંગી લો આપી દઈશું ! પણ તેણી પોતાની વાત પર અટલ રહી, એનાથી ઓછા પર ખૂશ થવા તૈયાર ન થઈ ! હઝરત મૂસા عليه الصلوة والسلام થોડી વાર માટે ચૂપ રહ્યા પછી અલ્લાહ તઆલા તરફથી આપ પર વહી ઉતારવામાં આવી.

اَنْ اَعْطِهَا ذٰلِكَ فَاِنَّهٗ لَا يَنْقُصُكَ شَيْئًا

તેણીને આપી દો એનાથી તમારા મર્તબામાં કંઈ કમી કરવામાં નહીં આવે.

હઝરત મૂસા عليه الصلوة والسلام એ ખાતૂનની માંગ પૂરી કરી દેવાનો વાયદો ફર્માવ્યો, ખાતૂને જગા બતાવી કે તળાવનું પાણી કાઢો ! કાઢવામાં આવ્યું તો કહ્યું,





આ જગાએ ખોદો ! ખોદવામાં આવ્યું તો યૂસુફ عليه الصلوة والسلام નુ મુબારક શરીર બહાર આવ્યું. પછી પોતાની સાથે લઈને રવાના થયા તો માર્ગ મળી ગયો.

**ફાયદો** :– ઉપરોકત રિવાયતથી એક વાત તો એ જાણવા મળી કે ગામડિયાએ જન્નત માંગવાની જગાએ ઊંટ અને સામાનની માંગ કરી તો સહાબાને આશ્ચર્ય થયું ! સહાબાને ખબર હતી કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે માંગ કર ! તારી ઈચ્છામાં આવે તે ! જો તે જન્નત માંગતો તો હુઝૂર તેને અતા ફર્માવી દેતા પણ તેમણે માંગમાં ભૂલ કરી.

બીજાું એ જાણવા મળ્યું કે હઝરત મૂસા عليه الصلوة والسلام એ જન્નતમાં તેમની નિકટતું પદ આપવા બાબતે ખામોશી ઈખ્તિયાર કરી અને જ્યારે અલ્લાહ તરફથી વહી આવી ત્યારે ફૈસલો ફર્માવ્યો, પણ સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની શાન કે એક એક કામ બયાન ફર્માવતા જાય છે અને જન્નતમાં પોતાના નિકટના મુકામની ખૂશખબરી આપતા જાય છે !

**સારાંશ** :– એ કે અલ્લાહ તઆલાની બારગાહમાં નબીઓની ઘણી જ ઈજ્જત છે અલ્લાહ તઆલાએ તેમને પોતાના તરફથી એ અધિકાર આપેલો છે કે દુનિયા અને આખેરતની નેઅમતોમાંથી જે આપવા ઈચ્છે તે આપે. ઉપરોકત લખાણ આપની દુનિયાવી હયાતથી સંબંધિત હતું પણ હવે આપણે પર્દો ફર્માવ્યા પછીના ફૈઝ વિશે ચર્ચા કરીશું.

## ★ મુહદ્દિષે દહેલ્વી رحمة الله عليه નું મંતવ્ય ★

હઝરત શાહ અબ્દુલ અઝીઝ સાહેબ મુહદ્દિષે દહેલ્વી رحمة الله عليه પોતાની જગ મશ્હૂર તફસીરે કુર્આન "તફસીરે અઝીઝ"માં સૂરએ અબષમાં લખે છે :–

**(૧)** દફન કરી દેવામાં આવેલા બુઝુર્ગો અને બીજા નેક લોકોથી નફો પામવો અને ફાયદો ઉઠાવવો ચાલી રહેલો છે અને તેમનો ફાયદો અને મદદ દિમાગમાં આવે છે.

એટલે કે આ પ્રમાણેનાં કામો પહેલાંથી ચાલી રહેલાં છે અને દિમાગમાં આવે પણ છે કે લેવાવાળાઓને ફાયદો મળે છે અને ગયબથી

મદદ થઈ જાય છે.

સૂરએ ઈન્શેકાકની તફસીરમાં ફર્માવે છે :–

**(૨)** બાતિની કમાલોની ઈચ્છા ધરાવનાર તેમનાથી તે પ્રાપ્ત કરે છે અને જરૂરતમંદ પોતાની મુશ્કેલીઓનો નિકાલ તેમનાથી માંગે છે અને પામે છે.

મુહદ્દિષ અબ્દુલ અઝીઝ رحمۃ اللہ علیہ ની શખ્સિયતને અહલે સુન્નતના લોકો પણ માને છે અને દેવબંદના લોકો પણ માને છે અને તેમણે પોતાનું મંતવ્ય પ્રગટ કરતાં ફર્માવ્યું કે બુઝુર્ગોને દીનના દુનિયાથી ગયા પછી પણ તેમનાથી ફાયદો ઉઠાવવામાં આવે છે, તેમનાથી મદદની માંગ કરવામાં આવે છે અને લોકોના કામો તેના થકી પૂરાં પણ થાય છે. એ એ વાતની દલીલ છે કે આ પ્રમાણેનાં કામો શરીઅતના વર્તુળમાં છે.

## ★ શહાદત પછી વસિય્યત ★

અલ્ ઈષાબા ફી મઅરેફતિસ્સહાબામાં છે : હઝરત ષાબિત બિન કૈસ رضی اللہ عنہ હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ ની ખિલાફતના જમાનામાં મુસૈલમા કઝ્ઝાબના ફિત્નાને દબાવવા માટે મોકલવામાં આવેલા ઈસ્લામી સૈન્યના મુજાહિદ બનીને ગયા હતા. પ્રથમ હુમ્લામાં મુસલમાનોના પગ ઉખડવા લાગ્યા તો આપને ઘણો જ અફસોસ થયો. આપ પોતાના તંબુમાં આવી ગયા અને કપૂર બદન પર માલિશ કરવા લાગ્યા અને હઝરત અનસ رضی اللہ عنہ ને કહ્યું; આપણામાં પીછેહટ કરવાની આદત નથી. માથા પર કપૂર લગાવી, કફન બાંધી લડવું આપણી ઓળખ છે. આપ માથા પર કફન બાંધીને નીકળ્યા અને એટલી હિંમતથી યુધ્ધ કર્યું કે શત્રુઓના છક્કા છૂટી ગયા ! અંતે બહાદુરી અને હિંમત સાથે જંગ લડી શહીદ થઈ ગયા.

દિવસ પસાર થયો રાત આવી ત્યારે આપે એક વ્યક્તિને સ્વપ્નમાં આવી વસિય્યત ફર્માવી :–

اِنِّی اُوصِیکَ بِوَصِیَّةٍ فَاِیَّاکَ اَنْ تَقُولَ هٰذَا حُلْمٌ فَتُضِیعَهُ

હું તમને વસિય્યત કરું છું, એને યાદ રાખશો કે સ્વપ્નું સમજીને ભૂલાવી ન દેશો.





વાત એ છે કે મારા શહીદ થયા પછી મારું બખ્તર એક ભાઈએ ઉતારી લીધું છે તેનો મને અફસોસ છે. તે વ્યકિતનો તંબુ એક ખૂણા પર છે અને બહાર એક ઘોડો બાંધેલો છે જે થોડી થોડી વારે ઉછળ્યા કરે છે. તે વ્યકિતએ બખ્તર પર હાંડલી રાખેલી છે અને તેની ઉપર સામાન રાખેલો છે. હું તમને વસિય્યત કરું છું કે લશ્કરના વડા જનાબ ખાલિદ બિન વલીદને એની જાણ કરો અને કહો કે એની પાસેથી લઈને હક્કદારોને આપી દે. બીજાું એ કે હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہ ને જઈને કહેશો કે ફલાણી વ્યકિતનું મારા માથે દેવું છે તે આપ તે અદા ફર્માવી દો. અને ત્રીજાુ એ કે ફલાણા ગુલામે મારી ઘણી ખિદમત કરી છે તેને આઝાદ કરી દેવામાં આવે.

જ્યારે હઝરત ખાલિદ બિન વલીદ رضی اللہ عنہ ને અને હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ ને એ વાતની જાણ કરવામાં આવી તો તેમણે મુડદાની વાત કહીને છોડી ન આપી બલ્કે તેની ઉપર અમલ કર્યો અને વસિય્યત પૂરી કરી.

**ફાયદો :–** ઉપરોકત વાકયાથી ઘણી બધી વાતો જાણવા મળી. એક તો એ કે જે લોકો યુધ્ધમાં હતા તેમને બખ્તર અંગે જાણ ન હતી પણ શહીદ થઈ ગયા પછી કોણે લીધી છે, તેનો તંબુ કયાં છે, નિશાની શું છે, કેવી જગાએ રાખેલી છે. બખ્તર ઉપર શું શું રાખવામાં આવ્યું છે, બધું જ બતાવી આપ્યું. તો સ્પષ્ટ થયું કે શહીદોની મૌત અને સામાન્ય લોકોની મૌતમાં તફાવત છે. બીજાું એ કે તેમની જોવાની અને સાંભળવાની શકિતઓમાં વધારો થઈ જાય છે.

બીજાું એ કે સહાબાની માન્યતા એ હતી કે મરણ પછી દરેક વ્યકિત કેદ કરી લેવામાં નથી આવતો બલ્કે નેક લોકોની રૂહોને આઝાદી આપવામાં આવે છે કે તેઓ ફરી શકે છે. અને એટલે જ હઝરત અબૂબક્ર સિદ્દીકે અને હઝરત ખાલિદ ખાલિદ બિન વલીદે નિંદા ન કરી બલ્કે વાત માન્ય રાખી અને અમલ કર્યો. અને કુર્આન પણ શહીદો માટે ખાસ પ્રકારની હયાત સાબિત કરે છે.

وَلَا تَحْسَبَنَّ الَّذِیْنَ قُتِلُوْا فِیْ سَبِیْلِ اللّٰهِ اَمْوَاتًا بَلْ اَحْیَآءٌ عِنْدَ رَبِّهِمْ یُرْزَقُوْنَ

કદાપી એવી માન્યતા ન ધરાવશો કે જેમને અલ્લાહના માર્ગમાં શહીદ કરી દેવામાં આવે તે મરેલાં છે બલ્કે તેઓ પોતાના રબની પાસે જીવંત

છે, તેમને રોજી આપવામાં આવે છે.

કુર્આન જેમની હયાતની ગવાહી આપે અને આપણને તાકીદે કહેવામાં આવે કે તેમના મરેલા હોવાની માન્યતા રાખશો નહીં. તેમના જીવંત હોવાની દલીલ એ છે કે તેમને રબ તબારક વ તઆલા તરફથી રોજી આપવામાં આવે છે. સ્પષ્ટ થયું કે દરેક મરનારનો હુકમ એક જેવો નથી કે બધાને એક લાકડીએ હાંકવામાં આવે બલ્કે મુકામ અને મર્તબા પ્રમાણે બરઝખી જીવનમાં ફરક આવે છે. અને કોઈ પણ માન્યતા કાયમ કરતાં પહેલાં જોવામાં આવશે કે તે કયા પ્રકારનો વ્યકિત હતો.

જેમ આપણે આપણા સમજમાં માણસનો માન મર્તબો જોઈને તેની ઈજ્જત અને સન્માન કરીએ છે. અલ્લાહ દરેકથી વધીને હક્ક આપવાવાળો છે એટલે તેની બારગાહમાં આવનારનું પણ તેના નેક અમલો પ્રમાણે સન્માન કરવામાં આવે છે. પુરવાઓ ભાગ નવમાં આવશે. (ઈન્શાઅલ્લાહ !)

## ★ રસૂલે પાકથી ફરિયાદ ★

હઝરત નાબેગા જઅ્દીનો ખાનદાની સંબંધ કબીલા બનુ આમિર સાથે હતો. જાહિલિય્યતના યુગમાં ખ્યાતિ પામેલા શાયર હતા. ૧૫૦ વર્ષથી અધિકની ઉંમર હતી. જ્યારે ઈસ્લામ લાવ્યા ત્યારે નબીએ પાકની ખિદમતમાં હાજરી આપી અને પોતાની શાયરી સંભળાવી. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને પસંદ આવી અને આપે એમના માટે દુઆ કરી, તમે સારું કલમ પેશ કર્યું, અલ્લાહ તઆલા તમારું મોઢું સલામત રાખે.

નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ની દુઆની એટલી અસર થઈ કે આજીવન તેમના દાંત સલામત રહ્યા. અને તેમના દાંત મોતી માફક ચમકતા હતા. તેમનો આટલી ઉંમરે પણ કોઈ દાંત પડી જતો તો નવો દાંત નીકળી આવતો !

એક વખત આપના કબીલાના પ્રાણીઓ કોઈ વ્યકિતના ખેતરમાં પેસી ગયાં. ખેતરના માલિકે બસરાના હાકિમ (ગર્વનર) હઝરત અબૂ મૂસા અશ્અરીને ફરિયાદ કરી અને ગુનેગારોને બોલાવવા પોલીસ મોકલી. જ્યારે પોલીસો ત્યાં પહોંચ્યા તો તેમણે એક બીજાને બૂમો પાડવાનું શરૂ કર્યું કે બધા ભેગા થઈ જાય અને પોલીસો આગળ કંઈ કરી ન શકે. અવાજ સાંભળીને





હઝરત નાબેગા જઅદી પણ ત્યાં દોડી આવ્યા. તેમને હઝરત અબૂ મૂસા رضی اللہ عنہ સમક્ષ હાજર કરવામાં આવ્યા. હઝરત નાબેગાને તેમનામાં જોઈને હઝરત અબૂ મૂસા رضی اللہ عنہ ને ઘણો ક્રોધ આવ્યો. પૂછયું, તમે લોકો સાથે શા માટે આવ્યા છો ? તેમણે જવાબ આપ્યો, હું મારા કબીલાના કહેવાથી હાજર થયો છું. હઝરત અબૂ મૂસા رضی اللہ عنہ ને તેમની આ હરકત પસંદ ન આવી અને નાબેગા જઅદીને થોડા કોરડા માર્યા.

હઝરત નાબેગાને ક્રોધ આવ્યો અને તેમણે હઝરત અબૂ મૂસાની વિરૂધ્ધમાં શાયરી લખી અને પોતાના દિલનો ધૂમાડો કાઢયો :–

رَاَیْتُ الْبِکْرَ بِکْرَ بَنِیْ ثَمُوْدٍ۔ وَاَنْتَ اَرَاکَ بِکْرَ الْاَشْعَرِیْنَا

બનૂ સમૂદના ઊંટો મેં જોયાં અને તમને હું અશ્અરીઓનાં ઊંટોમાં જોઈ રહ્યો છું.

فَاِنْ تَکُ لِابْنِ عَفَّانَ اَمِیْنًا۔ فَلَمْ یَبْعَثْ بِکَ الْبَرَّ الْاَمِیْنَا

જો તમે ઈબ્ને અફફાન માટે અમીન છો પણ હકીકત એ છે કે તેમણે નેક અને અમીન નથી મોકલ્યા.

فَیَا قَبْرَ النَّبِیِّ وَصَاحِبَیْهِ ــ اَلَا یَا غَوْثَنَا لَوْ تَسْمَعُوْنَا

અય નબી ! અને તેમના બે સહાબી અબૂ બક્ર અને ઉમરની કબ્ર ! અમારી મદદ કરનાર ! જો તમે મારી વાત સાંભળી લો.

اَلَا صَلّٰی اِلٰهُکُمْ عَلَیْکُمْ ۔ وَلَا صَلّٰی عَلَی الْاُمَرَاءِ فِیْنَا

તમારો મઅબૂદ તમારી ઉપર રહમતોની વર્ષા કરે પણ અમારા હાકિમો પર રહમતની વર્ષા ન કરે. *(ઈસ્તિઆબ, ભાગ–૩, પેજ નં.૫૫૭)*

ઉપરોકત બનાવ હઝરત ઉસ્માન ગનીની ખિલાફતના યુગમાં બન્યો હતો. હઝરત નાબેગાને ગુસ્સો એટલા માટે આવ્યો હતો કે ઊંટો બીજાના ખેતરમાં પેસી જવામાં તેમનો કોઈ ગુનો ન હતો. ઊંટો તેમના ખાનદાનનાં હતાં પણ તેઓ ખાનદાનવાળાઓ સાથે ગયા એટલે તેમને કોરડા મારવામાં આવ્યા તો તેમને પસંદ ન આવ્યું. અને આમ એકબીજામાં થતુ જ

રહે છે, પણ અહીં વિચારવાની વાત એ છે કે તેમણે પોતાની ફરિયાદ સરકારે મદીના અને તેમના સહાબાની બારગાહમાં પેશ કરી અને તેમને પોતાના **"ગૌષ"** કહ્યા અને **"યા"** શબ્દથી તેમને સંબંધોન કર્યું.

તો **ગૌષ** કહેવું તેમના નિકટ જાઈઝ હતું, મર્યા પછી ફરિયાદ કરવી પણ જાઈઝ હતી, અને દૂરથી "યા" કહીને સંબોધન કરવું પણ જાઈઝ હતું. એટલે આપે પોતાની શાયરીમાં પોતાની માન્યતા અને અકીદાની છણાવટ કરી અને કોઈએ એ વિશે નિંદા ન કરી અને વિરોધ ન નોંધાવ્યો. એ એ વાતની દલીલ છે કે બીજા લોકોની માન્યતા પણ એ જ હતી અને આપણી માન્યતા પણ તેમની માન્યતાના આધારે એ જ છે. એટલે **ગૌષ** કહેવા પર શિર્કનો ફત્વો આપવો અથવા **"યા"** શબ્દથી દૂરથી સંબોધવા પર શિર્કકહેવું ઈસ્લામી તાલીમાતથી ના વાકેફ હોવું અને અલ્લાહના નબીઓ, વલીઓને અર્પણ કરેલ શકિતનો ઈન્કાર કરવું છે.

## ★ યા મુહમ્મદનો ના'રો ★

હઝરત અબૂ ઓબૈદા બિન જર્રાહ رضی اللہ عنہ મુલ્કે શામમાં ઈસ્લામી સૈન્યના ગર્વનર હતા. અન્ય જગાઓ પર કબ્જો જમાવ્યા પછી આપે ત્યાંના આધુનિક શહેર હલ્બને ફતેહ કરવાનો ઈરાદો ફર્માવ્યો. અહીંયાનો રાજા યુકન્નાએ પોતાના શહેરના રક્ષણ માટે રાક્ષસી સૈન્ય ભેગું કરી રાખ્યું હતું અને એક મજબૂત કિલ્લો પણ બનાવ્યો હતો.

હઝરત અબૂ ઓબૈદાએ હઝરત કઅબ બિન ઝમોરાને એક હજારના સૈન્ય પર ગર્વનર બનાવીને માત્ર ચાલ ઢાલ જોવા માટે પ્રથમ રવાના કર્યા. મુસલમાનોનું આ નાનું સરખું સૈન્ય હલ્બ માટે રવાના થયું. જાસૂસોએ રાજાને જાણ કરી આપી કે હજાર માણસોનું સૈન્ય આપણા શહેર તરફ આગળ વધી રહ્યું છે.

રાજાએ એક હજારના મુકાબલામાં દસ હજારનું સૈન્ય મોકલ્યું અને સૈન્યના બે ભાગ કર્યા. એક ભાગને સંતાડી દીધું અને પાંચ હજારનું મુકાબલા માટે સામ સામે કર્યું. હજારના મુકાબલામાં પાંચ હજારનું સૈન્ય જોઈને ઈસ્લામી મુજાહિદો ગભરાવા લાગ્યા. હઝરત કઅબ رضی اللہ عنہ એ ફર્માવ્યું,





મુજાહિદો ! ગભરાવાની જરૂરત નથી, દુશ્મનનું સૈન્ય પાંચ હજારનું છે. એક મુસલમાનના મુકાબલામાં માત્ર પાંચ સિપાહી આવે છે. અને એ આપણા માટે સામાન્ય છે. આમ કહીને લોકોની હિંમત વધારી.

મુસલમાનોએ એવો હુમ્લો કર્યો કે યુકન્નાનું સૈન્ય હિંમત હારી ગયું અને તેઓમાં નાસ ભાગ થવા લાગી. યુકન્નાએ જોયું કે મુસલમાનો થાકેલા છે એટલે તાજુ લશ્કર તેના મુકાબલામાં લાવવું જોઈએ જેથી જે પાંચ હજારને તેમણે સંતાડીને રાખ્યા હતા તેમને એક સાથે મુસલમાનો પર તૂટી પડવાનો આદેશ આપ્યો. હવે પાંચની જગાએ સંખ્યામાં વધારો થઈ ગયો અને મુસલમાનોમાં ઘણા બધા મુજાહિદો શહીદ થયા. જોત જોતામાં શહીદ થનારાઓની સંખ્યા એકસો સિત્તેર થઈ ગઈ.

હઝરત કઅબ બિન ઝમોરાએ પોતાના સૈન્યની હિંમત બનાવી રાખવા માટે ઝંડો લહેરાવતા આગળ વધ્યા. જુસ્સો આપવા માટે દુશ્મનના સૈન્યમાં જઈ પહોંચ્યા અને મુજાહિદોને કહેવા લાગ્યા, યુધ્ધ ચાલું રાખશો મદદ આવવાની તૈયારી છે, ફતેહ આપણને જ મળવાની છે ! આપની જીભથી આ પ્રમાણે પ્યારા પ્યારા શબ્દો અદા થઈ રહ્યા હતા :-

يَا مُحَمَّدُ يَا مُحَمَّدُ يَا نَصْرَ اللّٰهِ اِنْزِلْ مَعَاشَرَ الْمُسْلِمِيْنَ
اُثْبُتُوْا اِنَّمَا هِيَ سَاعَةٌ وَيَاْتِي النَّصْرُ وَاَنْتُمُ الْاَعْلَوْنَ

અય મુહમ્મદ ! صلی اللہ تعالیٰ علیہ وسلم અય મુહમ્મદ ! صلی اللہ تعالیٰ علیہ وسلم અય અલ્લાહની મદદ ઉતરી આવ, અય મુસલમાનોની જમાઅત ! અડગ રહો ! બસ થોડી વાર છે ! મદદ આવી રહી છે ! સરબુલંદ તમે જ છો !

આપના ફર્માવ્યા મુજબ થોડી જ વારમાં કાફિરોની હિંમત તૂટી ગઈ અને તેઓમાં નાસ ભાગ થવા લાગી. તેઓ પોતાની જાન બચાવવા કિલ્લામાં ભરાઈ ગયા. *(ફુતૂહુશ્શામ, ભાગ-૧, પેજ-૧૯૬)*

**ફાયદો :-** "યા" શબ્દ સાથે નબીએ પાકને મહીનાઓના અંતરથી પુકારવું શું એ વાતની દલીલ નથી કે યા રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم કહેવું અમારી જ માન્યતા નથી બલ્કે આ માન્યતા સહાબાના જમાનાથી સતત ચાલી આવી છે. જેઓ ઈન્કાર કરે છે અને બેલગામ થઈને ફત્વાઓ આપે છે તેમણે

વિચાર કરવો જોઈએ કે તેમના ફત્વાઓના તીર બરેલ્વીઓ સુધી નહીં રહે બલ્કે આગળ વધીને સહાબા સુધી પહોંચી જશે !

આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત ફર્માવે છે :–

**ગૈઝમેં જલ જાએ બેદીનોં કે દિલ**
**યા રસૂલલ્લાહ કી કષરત કિજીએ**

**ઈમામ બુસેરી :–** કસીદા બુર્દા શરીફ ઘણો ખ્યાતિ પામેલો કસીદો છે અને જ્યારે એમણે લખ્યો તો સરકારે મદીનાએ સ્વપ્નમાં એમનાથી કબૂલ કર્યો અને ઈનામમાં પોતાની ચાદર આપી. બુર્દા એટલે ચાદર થાય છે, એને લઈને કસીદાને બુર્દા કહેવામાં આવે છે. (વધારે ઉલ્લેખ માટે શર્હે કસીદા બુર્દાનો અભ્યાસ કરશો)

ઈમામ બુસેરી સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ને "યા" શબ્દથી સંબોધન કરે છે અને પછી આપથી મદદની માંગ કરે છે. અને હુઝૂરે પાકે આપની પુકાર સાંભળી એમની મદદ ફર્માવી અને લખવાની ભયંકર બીમારીમાં સપડાયા હતા તેમનાથી પણ શિફા આપી. ફર્માવે છે;

**يَا أَكْرَمَ الْخَلْقِ مَالِي مَنْ أَلُوذُ بِهِ -- سِوَاكَ عِنْدَ حُلُولِ الْحَادِثِ الْعَمِمِ**

"અય મખ્લૂકમાં અતિ ઉત્તમ ! મારું તમારા સિવાય કોઈ નથી જેની પનાહ લઉં મુસીબતોના સમયે." નો શબ્દ અરબીમાં હાજર વ્યકિત માટે વપરાય છે અને **યા** શબ્દ થોડે દૂર હોય એવા વ્યકિતને સંબોધવા માટે વપરાય છે. અહીં એ બંને પ્રકારના શબ્દો ઉપયોગમાં લેવામાં આવ્યા છે. હવે ફૈંસલો તમારે કરવાનો છે કે હઝરત ઈમામ બુસેરીની માન્યતા કેવી હતી જેને લઈને "યા" શબ્દથી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને કર્યું અને મદદની માંગ કરી ?! એ જ માન્યતા અમારી છે અને અમે પણ "યા" શબ્દથી સંબોધન કરવું જાઈઝ માનીએ છીએ અને એવું યકીન રાખીએ છીએ કે જે અલ્લાહવાળાઓને અમે પુકાર કરીએ તેઓ ઈચ્છશે અને કૃપા કરશે તો જરૂર અમારી મદદ કરશે. અલ્લાહવાળો દરેક કામ અલ્લાહની મરજીથી જ કરતો હોય છે એટલે તેઓ મદદ કરશે તો જાણીશું કે અલ્લાહને મંઝૂર હતું અને મદદ નહીં કરે તો જાણીશું કે અલ્લાહને મંઝૂર ન હતું, તો વાસ્તવમાં મદદ અલ્લાહ





તઆલાની છે પણ જે અલ્લાહવાળાઓને પુકાર કરીએ છીએ તેઓ એ મદદના વાસ્તા, ઝરિયા, અને વસીલા છે.

**"રહમતે ખુદા બ વસીલએ ઔલિયા"**

મૌલાના રૂમ رحمۃ اللہ علیہ ફર્માવે છે;

**ઔલિયારા હસ્ત કુદરત અઝ ઈલાહ**
**તીર જસ્તા બા'ઝ ગરદાનક ઝે ચહ**

એટલે કે અલ્લાહવાળાઓને અલ્લાહના બની જવાથી તેમને એવી શકિતઓ અને તાકતો આપવામાં આવે છે જેને સામાન્ય તરીકાથી એક કે અધિક લોકો મળીને પણ નથી કરી શકતા. તેનો દાખલો મૌલાના રૂમે એ પ્રમાણે આપ્યો કે ધનુષ્યમાંથી નીકળી ગયેલ તીરને માર્ગથી પરત કોણ કરી શકે છે ? નથી એકથી થઈ શકતું, ન અધિકથી થઈ શકતું, પણ અલ્લાહના વલીઓ જે સામાન્ય તરીકાથી સામાન્ય લોકો માટે અશકય છે તેવું કામ પણ પોતાની નિગાહોના ફૈઝથી કરી બતાવે છે.

આ'લા હઝરત رضی اللہ عنہ ફર્માવે છે :–

**કાંટા ભી હમારે તો હિલાએ નહીં હિલતા**
**તુમ જો ચાહો તો હો જાએ કોહે મહન ફૂલ**

હાથ લગાવ્યા વિના આપણે એવું ઈચ્છીએ કે કાંટો માત્ર આપણા વિચારવાથી હલવા લાગે તો આપણી નિગાહોમાં તો એટલી પણ અસર નથી. આટલી હલકી ચીજ પણ આપણા ઈરાદો કરવાથી હલી નથી શકતી, પણ અય અલ્લાહના નબી ! અલ્લાહ તઆલા તરફથી આપને એટલી શકિતઓ આપવામાં આવી છે કે તમે ઈચ્છો તો મજબૂત પહાડની હકીકત અને વાસ્તવિકતા બદલાય જાય અને તમે એવું ચાહો કે ફૂલ બની જાય તો આખો પહાડ તમારા વિચારવાથી ફૂલ બની જાય !

## ★ ફતાવા રશિદીયહ્નો પુરાવો ★

દેવબંદી આલિમોના વડા મૌલ્વી રશીદ અહમદ ગંગોહી સાહેબને

કોઈ ભાઈએ ફત્વો પૂછયો, જે ફતાવા રશીદિયહ, ભાગ–૧, કિતાબે કતરવલ ઈબાહનમાં છે;

**સવાલ** :– અશઆર ઈસ મઝમૂન કે પળહને કૈસે હંય ?

**યા રસૂલે કિબ્રિયા ફર્યાદ હૈ**
**યા મુહમ્મદ મુસ્તફા ફર્યાદ હૈ**

**મદદ કર બહરે ખુદા હઝરત મુહમ્મદ મુસ્તફા**
**મેરી તુમસે હર ઘળી ફર્યાદ હૈ**

**અલ જવાબ** :– ઐસે અલ્ફાઝ પળ્હને મહબ્બતમેં ઔર ખલવતમેં બઈ ખયાલ કે હક્ક તઆલા આપકી ઝાતકો મુત્તલઅ ફર્મા દેવે યા મહઝ મહબ્બતસે બિલા કિસી ખ્યાલકે **જાઈઝ** હંય.

**ફાયદો** :– અલ્લાહવાળાઓથી મદદની માંગ કરવામાં આવે છે તો આજના દેવબંદી મોલ્વીઓ જેઓ મદ્રસામાંથી પઢીને નહીં ચરીને નીકળ્યા છે તેઓ શિર્ક શિર્કની બૂમો પાડવા લાગે છે પણ તેમને એટલી ખબર નથી કે આપણા આલિમોએ એ વિશે કાંઈ છણાવટ કરી છે કે નહીં.

ઉપરોકત શાયરીમાં નબીએ પાકને ફરિયાદ કરવામાં આવી રહી છે, આપથી મદદની માંગ કરવામાં આવી રહી છે અને "યા" શબ્દથી સંબોધન કરવામાં આવી રહ્યું છે તો પણ દેવબંદી મોલ્વી રશીદ સાહેબ ફર્માવે છે કે, આપણે કહેવું **જાઈઝ** છે.

ગંગોહી સાહેબે "યા" શબ્દ વડે દૂરથી સંબોધન કરવામાં બે પ્રકાર વર્ણવ્યા છે : (૧) એકાંતમાં મહબ્બત અને પ્રેમથી એવું સમજીને સંબોધન કરે કે અલ્લાહ તઆલા એમને આપણી પુકારની ખબર આપી દેશે તો જાઈઝ છે. (૨) માત્ર મહબ્બત અને પ્રેમમાં "યા" શબ્દથી સંબોધન કરે અને બીજી કોઈ નિય્યત ન હોય તો પણ જાઈઝ છે.

**સવાલ** :– હાઝિર નાઝિર સમજીને "યા' થી સંબોધન કરવું જાઈઝ કયાં બતાવ્યું છે ?

**જવાબ** :– ચાલો ! તમને એવું લાગે છે કે અમે હાઝિર નાઝિર સમજીને બોલીએ છીએ અને એવું જ છે ! અમે એવું જ માનીએ છીએ ! પણ





તમે ગંગોહી સાહેબના બતાવેલા પ્રકારોનો લક્ષમાં રાખીને તો યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم અને યા હબ્બીલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم કહો ! પણ તમે તો "યા" નો શબ્દ સાંભળીને જેમ અઝાનનો અવાજ સાંભળીને શૈતાન નાસે છે તેમ તમે નાસવા લાગો છો ! તમારી નિય્યત તમારી સાથે અને અમારી નિય્યત અમારી સાથે. તમે તમારા મૌલ્વી સાહેબના લખાણની ઈજ્જત રાખીને તો કહો ? જો તમારે હાઝિર અને નાઝિરનો જવાબ જોઈએ છે તો વાટ જુઓ ! એક ભાગ અમે માત્ર આ પ્રકરણમાં પ્રગટ કરીશું.(ઈન્શાઅલ્લાહ !)

## ★ યા ઝર્રુક કહો ★

બુસ્તાનુલ મુહદ્દેષીનમાં હઝરત શાહ અબ્દુલ અઝીઝ સાહબ શેખ અબુલ અબ્બાસ અહમદ ઝર્રુકની શાયરી નકલ ફર્માવે છે :–

اَنَا لِمُرِيْدِىْ جَامِعٌ لِشَتَّاتِهٖ ـ اِذَا مَا مَطٰى جَوْرُ الزَّمَانِ بِنَكْبَتِهٖ

હું મારા મુરીદની વિખરેલી બાજી ભેગી કરી આપું છું જયારે મુસીબતો તેને તકલીફ આપે.

وَاِنْ كُنْتَ فِىْ ضَيْقٍ وَّ كَرْبٍ وَّ وَحْشَةٍ ـ فَنَادِ بِيَا زَرُّوْقُ اٰتِ بِسُرْعَةٍ

અને જો તું તંગી, મુસીબત, અને ગભરામણમાં પડયો હોય તો યા ઝર્રુક કહીને બોલાવ ! હું તરત આવીશ.

ઉપરોકત રિવાયતને નકલ ફર્માવનાર હઝરત શાહ અબ્દુલ અઝીઝ સાહબ છે જેમને બંને ફિર્કાના લોકો માન્ય રાખે છે. તેમણે એવી શાયરી નકલ કરી જે બરેલ્વી અકીદા અને માન્યતાને સશકત બનાવે છે. અમારું માનવું એવું જ છે કે અલ્લાહવાળાઓને અલ્લાહ તરફથી શકિત આપવામાં આવી છે. તેઓ જયારે દુનિયામાં હોય છે ત્યારે મદદ ફર્માવે છે અને હજારો લોકોના કામો બનાવે છે, દુનિયાથી પર્દો ફર્માવ્યા પછી તેમની તાકત અને શકિતમાં વધારો થઈ જાય છે અને તેઓ દુનિયાથી અધિક ફાયદો આખેરતમાં જઈને પહોંચાડે છે.

## ★ ગંગોહી સાહેબનો નિર્ણય ★

ફતાવા રશિદીયહ્, ભાગ–૩, પેજ–૫, ૫૨ છે: ગંગોહી સાહેબને સવાલ કરવામાં આવ્યો કે અત્રે રજુ કરવામાં આવેલી શાયરી વઝીફા તરીકે પઢવી કેવી છે ?

یَا رَسُوْلَ اللّٰہِ اُنْظُرْ حَالَنَا ۔ یَا حَبِیْبَ اللّٰہِ اِسْمَعْ قَالَنَا
اِنَّنَا فِیْ بَحْرِ غَمٍّ مُّغْرَقٌ ۔ خُذْ یَدِیْ سَہِّلْ لَنَا اَشْکَالَنَا

અય અલ્લાહના રસૂલ ! મારી હાલત પર નજર કરો, અય અલ્લાહના હબીબ ! અમારી વાત સાંભળો ! બેશક ! અમે ચિંતાના સમુદ્રમાં ડૂબી ગયેલા છીએ, મારો હાથ પકડો અને અમારી મુશ્કેલીઓને સરળ બનાવો.

બીજો સવાલ પૂછવામાં આવ્યો અને કસીદા બુર્દાની આ શાયરી વઝીફામાં પઢવી કેવી છે ?

یَا اَکْرَمَ الْخَلْقِ مَا لِیْ مَنْ اَلُوْذُ بِہٖ
سِوَاکَ عِنْدَ حُلُوْلِ الْحَادِثِ الْعَمَمِ

જવાબ આપતાં ફર્માવે છે : આ પ્રમાણેના શબ્દો શાયરીમાં હોય અથવા સામાન્ય લખાણમાં મકરૂહે તન્ઝીહી છે, કુફ્ર અને ફિસ્ક નથી.

જ્યારે "યા" થી સંબોધન કરવું કુફ્ર અને શિર્ક નથી બલ્કે ફિસ્ક પણ નથી એટલે અલ્લાહવાળાઓને દૂર રહીને "યા" થી સંબોધન કરી શકાય છે.

## ★ ઈમામે આ'ઝમ رضی اللہ عنہ નું મંતવ્ય ★

હઝરત ઈમામે આ'ઝમ અબૂ હનીફા رحمۃ اللہ علیہ કસીદાએ નુઅમાનમાં સરકારે મદીનાને "યા" સંબોધન કર્યું છે અને આપથી મદદની માંગ ફર્માવી છે.

یَا اَکْرَمَ الثَّقَلَیْنِ یَا کَنْزَ الْوَرٰی ۔ جُدْ لِیْ بِجُوْدِکَ وَاَرْضِنِیْ بِرِضَاکَ
اَنَا طَامِعٌ مِّنْکَ بِالْجُوْدِ لَمْ یَکُنْ ۔ لِاَبِیْ حَنِیْفَۃَ فِی الْاَنَامِ سِوَاکَ





અય જિન્નાત અને ઈન્સાનમાં અતિ ઉત્તમ ! અય અલ્લાહની નેઅમતના ખજાના ! તમારી સખાવતથી મને અર્પણ કરો અને તમારી ખુશીથી મને ખુશ કરો.

ઈમામે આ'ઝમ હનીફા رحمۃ اللہ علیہ ને ઈમામે મુજતહિદ માનનાર અને આપની તકલીદનો દમ ભરનાર માટે પુરાવા રૂપે એટલું બસ નથી કે આપ દૂરથી સંબોધન કરવાને જાઈઝ સમજે છે અને પોતે અમલ કરે છે. સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم થી મદદની માંગ કરે છે, હુઝૂરની બારગાહમાં પોતાની ફરિયાદ લઈ જાય છે.

જ્યારે ઉપરોકત કામો ઈમામે આ'ઝમ કરે તો તમે કોઈ ફત્વો મારવામાં વિચાર કરશો કારણ કે, મસાઈલે ફિકહમાં તમે એમની પેરવી અને અનુસરણ કરો છો. તો પછી એ જ પ્રમાણેના કામો અમે કરીએ છીએ તો પછી તમે બકવાસ કેમ કરવા લાગો છો ? ખુદારા ! ન્યાય અને ઈન્સાફથી કામ લો. સત્ય બોલો અને એની ઉપર અડગ રહો. જે કામો શરીઅતના વર્તુળમાં રહીને કરી શકાય છે અને એની ઉપર બુઝુર્ગોના અમલોનો નમૂનો મળી આવે છે. તો પછી ખોટી રીતે વિવાદ ઊભો કરી મુસલમાનોમાં કુસંપ ન કરો. બની શકે તો મુસલમાનોનો કુસંપ દૂર કરો અને તેઓમાં એકતાનું વાતાવરણ પેદા કરો.

અલ્લાહ તઆલા ફર્માવે છે;

وَاعْتَصِمُوْا بِحَبْلِ اللّٰہِ جَمِیْعًا وَّلَا تَفَرَّقُوْا

(૧) ભેગા થઈને અલ્લાહની દોરડી મજબૂત પકડો અને કુસંપ ન કરો .

اِنَّمَا الْمُؤْمِنُوْنَ اِخْوَۃٌ فَاَصْلِحُوْا بَیْنَ اَخَوَیْکُمْ

(૨) બેશક ! ઈમાનવાળાઓ ભાઈ ભાઈ છે તો તમારા ભાઈની વચમાં સુલેહ શાંતિ સ્થાપો.

فَاَصْلِحُوْا بَیْنَھُمَا بِالْعَدْلِ وَاَقْسِطُوْا اِنَّ اللّٰہَ یُحِبُّ الْمُقْسِطِیْنَ

(૩) મુસલમાનોની બે વિવાદાસ્પદ જમાઅતોમાં ન્યાયથી ફૈંસલો કરો અને સચમાં ન્યાય કરો, બેશક ! અલ્લાહ તઆલા ન્યાય કરવાવાળાઓને પસંદ ફર્માવે છે.

**જહાઝ ઉમ્મતકા હક્કને કર દિયા હય આપકે હાથોં**
**તુમ અબ ચાહે ડૂબાડો યા તિરાઓ યા રસૂલલ્લાહ ! ﷺ**

હાજી સાહેબ સરકારે દો આલમને સમ્રગ ઉમ્મતના માલિક માને છે અને પછી આપને સંબોધન કરી કહે છે કે, હુઝૂર ! ઉમ્મતની આગબોટ અલ્લાહ તઆલાએ આપના ઈખ્તિયાર અને અધિકારમાં આપી દીધી છે, તમે ઈચ્છો તો પાર લાગે અને તમે ઈચ્છો તો ડૂબી જાય, પણ આપ રહમતુલ્લિલ આલમીન છો, આપથી પાર થવાની જ ઉમ્મીદ રાખવામાં આવે છે.

ઉપરોકત શાયરીમાં પીર સાહેબનો અકીદો અને માન્યતા જાણવા મળી :– (૧) હુઝૂર ﷺ થી મદદ માંગવી જાઈઝ છે. (૨) હુઝૂર ﷺ ને ઉમ્મતનો માલિક માનવું જાઈઝ છે. (૩) હુઝૂર ﷺ ને અલ્લાહ તઆલા તરફથી ઉમ્મતના નફા નુકસાનનો અધિકાર આપવામાં આવેલો છે. (૪) હુઝૂર ﷺ લોકોની મદદે પહોંચી શકે છે. (૫) હુઝૂર ﷺ આપણું કહેવું સાંભળે છે. (૬) એટલે હુઝૂર ﷺ ને "યા" શબ્દથી સંબોધન કરી શકાય છે. (૭) "યા" શબ્દથી સંબોધવું ઈસ્લામી શરીઅતના વર્તુળમાં છે. (૮) જેનો હુઝૂર ﷺ ને અધિકાર આપવામાં આવ્યો તેમાં હુઝૂર ﷺ જે ઈચ્છે છે તે પ્રમાણે અસર જાહેર થાય છે. (૯) વિસાલ થવાથી હુઝૂર ﷺ ના અધિકારમાં કોઈ ફરક નથી આવતો. (૧૦) આ પ્રમાણેની માન્યતા અહલે સુન્નત વલ જમાઅતની છે. (૧૧) અને હું કહું છું અમારા બરેલ્વીઓની માન્યતા આ જ પ્રમાણેની છે પછી ફત્વામાં ફેરફાર કેમ જોવા મળે છે ? શું જે તમારી સાથે સંબંધ રાખતો હોય તેની ઉપર કોઈ ફત્વો ન આપો ? જો આમ જ હોય તો યાદ રાખશો; وَمَا اللّٰهُ بِغَافِلٍ عَمَّا تَعْمَلُوْنَ અલ્લાહ તમારા કાર્યોથી બેખબર નથી.

## ★ નાનોત્વી સાહેબનું મંતવ્ય ★

કસાઈદે કાસમિયામાં મૌલ્વી કાસિમ સાહેબ નાનોત્વી જેમણે





પોતાની કોશિશોથી દારુલ ઉલૂમ દેવબંદ ઊભું કરેલું છે તેઓ પોતે અલ્લાહને છોડીને સરકારે મદીનાથી મદદની માંગ કરે છે ! શાયરીમાં લખે છે;

**મદદ કર અય કરમે અહમદી કે તેરે સિવા**
**નહીં હય કાસિમે બેકસકા કોઈ હામીકાર**

**ફાયદો :–** કાસિમ સાહેબે જ્યારે આ પ્રમાણેની શાયરી લખી ત્યારે હુઝૂર દુનિયાથી પર્દો ફર્માવી ચૂકયા હતા, દુનિયાથી સદીઓ પહેલાં પર્દો ફર્માવી ગયા પછી પણ કહેવું "મદદ કર !" એ હુઝૂર ﷺ ને સંબોધવું છે. હુઝૂર દૂરથી સાંભળતા ન હોય તો સંબોધવું કેવું ? પર્દો ફર્માવી ગએલાથી મદદ ન માંગી શકાય તો હુઝૂર ﷺ થી મદદની માંગ કેવી ? શું અલ્લાહ સાંભળી નથી શકતો કે રસૂલને સંબોધન કરવામાં આવી રહ્યું છે ? શું અલ્લાહ મદદ નથી કરી શકતો કે, રસૂલથી માંગ કરવામાં આવે છે ? શું દુનિયાથી પર્દો ફર્માવી જનાર દુનિયામાં મદદે આવી શકે છે ?

ગેર ખુદાથી મદદની માંગ કરવા પર જે પ્રમાણેના ખોટા ખોટા સવાલો તમે બરેલ્વીઓને પૂછો છો અને પબ્લિકને શંકામાં નાંખો છો તે જ પ્રમાણેના દરેક સવાલો નાનાત્વી સાહબની ઉપરોકત શાયરી પર પણ થાય છે ! અને આપની શાયરી તે સઘળા સવાલોનો જવાબ પણ છે. જો તમે (દેવબંદીઓ) નાનાત્વી સાહેબના અનુયાયી હોવાના દાવેદાર છો તો પછી નાનાત્વી સાહેબ તમારી જમાઅતથી નીકળી ન જાય તેને લઈને ઉપરોકત સવાલોના જવાબ બનાવવા પડશે અને એ અમારો પણ જવાબ હશે, કૂવો ખોદે તે પડે !

તમે (દેવબંદીઓ) નાનોત્વી સાહેબના અનુયાયી છો એટલે તમે એમને બચાવવાના પ્રયત્નો કરશો. તો પછી બીજા મુસલમાનો પણ સાહિબે ઈમાન છે એમને કંઈ બોલવા પર બચાવવાના પ્રયત્ન કેમ નથી કરતા ? હવે તમારે પોતે નિર્ણય લેવાનો છે કે તમે જે કરો છો તે ન્યાય છે અથવા અન્યાય. જો તમે અન્યાયને ન્યાય સમજતા હોઉ તો પછી તમારો ઈલાજ શકય નથી. તમારી બદ્અકીદગીના ઈલાજ પહેલાં તમારા દિમાગનો ઈલાજ કરાવવો પડશે ! અંતે આટલું યાદ રાખશો;

**ખૂદ કરદાર ઈલાજે નીસ્ત**

પોતે કરેલાનો કશો ઈલાજ (નિકાલ) નથી. (હાથના કર્યાં હૈયે વાગે !) તમે શિર્ક અને બિદઅતની જાળ પાંથરી કે આમાં બરેલ્વીઓને ફસાવીશું પણ કબૂતર સાથે કાગડા પણ તે જાળમાં ફસાવવા લાગ્યા ! ભાઈ ! અનાડી બનીને શિકાર ન કરાય ! પ્રથમ શિકારની ટ્રેનિંગ લેવી પડે, બંદૂક હાથમાં આવે તો ચલાવતાં શીખવું પડે અને દોસ્ત તથા દુશ્મનનો ફરક કરવો પડે.

## ★ નમાઝમાં યા નબી ! ★

આપણે નમાઝની બીજી રકાતમાં કાયદામાં અને અંતિમ રકાતના કાએદામાં તશહ્હૂદ એટલે અત્તહિય્યાત શરીફ પઢીએ છીએ. તશહ્હૂદ પઢવું વાજિબ છે જાણી જોઈને પઢવામાં ન આવે તો નમાઝ દોહરાવી વાજિબ થઈ જાય, ભૂલથી પઢવામાં ન આવે તો સહૂનો સિજદો કરવામાં આવે. હવે આપણે ધ્યાન એ વાત પર આપવાનું છે કે તશહ્હૂદમાં નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ને કેવી રીતે સલામ કરવામાં આવે છે ? પઢતાં પઢતાં આપણે આગળ વધીશું તો સલામ પર પહોંચીને કહીશું, اَلسَّلَامُ عَلَيْكَ اَيُّهَا النَّبِيُّ અય નબી ! તમને સલામ ! ث જો હાજર હોય અને એક હોય તો તેને ثَ બે હોય તો كُمَا વધારે હોય તો كُمْ કહેવામાં આવે છે. اَيُّهَا النَّبِى એટલે يَا اَيُّهَا النَّبِى અરબીમાં "યા" શબ્દ કયારે પણ નથી બોલવામાં આવતો, જેમ કે કુર્આનમાં છે, يُوْسُفُ اَعْرِضْ عَنْ هٰذَا વાસ્તવમાં **યા યુસૂફ** છે. તો સ્પષ્ટ થયું નમાઝમાં كَ કહીને હાજર માનવામાં આવે છે અને "યા" શબ્દથી સંબોધન પણ કરવામાં આવે છે. તો પછી જયારે નમાઝની અંદરમાં આ પ્રમાણે કહી શકાય તો પછી નમાઝ બહાર يَا نَبِى سَلَامٌ عَلَيْكَ શિર્ક કેમ બની જાય ?! શું એવું થઈ શકે છે કે એક ચીજ નમાઝની અંદરમાં શિર્ક ન હોય અને નમાઝની બહાર આવી શિર્ક બની જાય ? શિર્ક તો બધે જ શિર્ક કહેવાય !

## ★ અહયાઉલ્ ઉલૂમનો પુરાવો ★

હઝરત ઈમામ મુહમ્મદ ગિઝાલી رحمۃ اللہ علیہ ઈહયાઉલ ઉલૂમ,





ભાગ–૧, નમાઝની બાતિની શર્તોમાં લખે છે;

اَحْضِرْ فِىْ قَلْبِكَ النَّبِىَّ عَلَيْهِ السَّلَامُ وَ شَخْصَهُ الْكَرِيْمَ

પોતાના દિલમાં નબી અને તેમની જાતને હાજર સમજો અને પછી સલામ પેશ કરો.

તશહ્હૂદમાં સલામ કરતી વખતે કેવી માન્યતા રાખવી જોઈએ તે હઝરત ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہ એ પોતાના અકીદા અને માન્યતા થકી વર્ણન કરતાં ફર્માવ્યું કે :–

**માત્ર હાજર હોવાના શબ્દો જ બોલવામાં ન આવે બલ્કે તેમને પોતે હાજર સમજીને સલામ કરવામાં આવે.**

હકીકતમાં હઝરત ઈમામે એ પ્રશ્નનો ઉત્તર આપવા માંગે છે કે તશહ્હૂદ તો મેઅરાજનો બનાવ છે. અને ત્યાં અલ્લાહ, નબી, અને ફરિશ્તાઓ તરફથી જે શબ્દો વજૂદમાં આવ્યા તેને ભેગું કરીને તશહ્હૂદનું નામ આપવામાં આવ્યું તો નમાઝમાં તશહ્હૂદનો હુકમ તે મેઅરાજવાળી તશહ્હૂદની યાદ તાજી રાખવા માટે છે. તો હઝરત ઈમામે જવાબ આપ્યો કે ના એવું નથી કે માત્ર યાદ તાજી કરવાની છે બલ્કે આજે પણ જ્યારે કોઈ નમાઝી તશહ્હૂદ પઢે અને જ્યારે સલામ પર પહોંચે તો નબી અને તેમની જાતે પાકને દિલમાં હાજર સમજીને સલામ પેશ કરે. તો પછી આપના કહેવાનો ભાવાર્થ એ થયો કે નબીને હાજર માની શકાય છે, હાજર સમજીને "યા" શબ્દથી સંબોધન કરી શકાય છે, અને જ્યારે સલામ કરવામાં આવે છે અને આપ હાજર છે તો પછી સાંભળે પણ છે એટલે આપને નમાઝમાં સંબોધન કરીને સલામ કરવામાં આવે છે.

**આખોમેં હૈ લેકિન મિષ્લે નઝર, યૂં દિલમેં હૈ જૈસે જિસ્મમેં જાન**
**હૈ મુઝમેં લેકિન મુઝસે નિહાં, ઈસ શાનકી જલ્વા નુમાઈ હૈ**

**(૨)** દુર્રે મુખ્તાર બાબે કેફીયતુસ્સલાતમાં છે અત્તહિય્યાતના શબ્દોમાં પોતે કહેવાની નિય્યત કરે જાણે તે પોતે અલ્લાહને તહિય્યત કરી રહ્યો છે كَاَنَّهٗ يُحَيِّىْ عَلَى اللّٰهِ وَيُسَلِّمُ عَلٰى نَبِيِّهٖ نَفْسَهٗ અને તેના નબી પર પોતે સલામ મોકલી રહ્યો છે.

ઉપરોકત લખાણના ખુલાસામાં શામીમાં છે કે અત્તહિય્યાતમાં મેઅરાજના વાકયા અને તેની ખબરની નિય્યત ન કરે જે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم, રબ તઆલા અને ફરિશ્તાઓની વચમાં થયો હતો. બલ્કે પોતાની તરફથી તહિય્યત અને સલામની નિય્યત કરે.

## ★ મદારિજ અને અશ્અતુલ્ લમ્આત ★

મુહદ્દિષે દહેલ્વી હઝરત અબ્દુલ હક્ક સાહબ صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવે છે, અન્ય આરિફોનું કહેવું એવું છે કે અત્તહિય્યાતમાં આ સંબોધન એટલા માટે છે કે હકીકતે મુહમ્મદિયહ્ મૌજૂદાતના કણ કણમાં અને મુમકેનાતના એક એકમાં પ્રસરેલી છે. તો પછી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નમાઝીઓની જાતમાં મૌજૂદ અને હાજર છે. તો નમાઝીએ આ મતલબથી ખબરદાર રહેવું જોઈએ અને આ હાજરીથી ગાફિલ ન રહે જેથી નિકટતાના પ્રકાશ અને માઅરેફતના રહસ્યોથી સફળ બની જાય.

મુહદ્દિષ સાહેબનું આ લખાણ મિસ્કુલ ખેતામમાં નવાબ સિદ્દીક હસનખાં ભોપાલી વહાબીએ પણ પેજ નં. ૨૪૩ પર લખેલું છે, "નમાઝી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને હાઝિર નાઝિર સમજીને અત્તહિય્યાતમાં સલામ કરે." આ શાયરી લખે છે;

**દર રાહે ઈશ્ક મરહલએ કુર્બો બુઅદ નીસ્ત**
**મીબીનમત અયાં વ દુઆ મીફરસમત**

ઈશ્કના માર્ગમાં દૂર અને નિકટવાળી વાત નથી હોતી, હું તમને દેખું છું અને દુઆ કરું છું.

**ફાયદો** :- ઉપરોકત પુરાવાઓથી એ સ્પષ્ટ થઈ ગયું કે નબીને હાજર સમજીને સલામ કરવામાં આવશે અને આપને સંબોધન પણ કરવામાં આવે. તો સાથે સાથે એ પણ ખુલાસો થઈ ગયો કે જ્યારે નમાઝમાં કહી શકાય અને હાજર સમજી શકાય તો નમાઝની બહાર આવીને કેમ ન કહી શકાય ?

## ★ ઈમામ ઝૈનુલ આબેદીન رضی اللہ عنہ ★

સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم ને "યા" શબ્દથી સંબોધવું અને આપથી





મદદની માંગ કરવી જાઈઝ છે. અને એ કોઈ નવી માન્યતા નથી જેને બરેલ્વીઓ સાથે લગાડી ભૂલાવી દેવામાં આવે. બલ્કે બરેલ્વીઓ પૂર્વજ, મહાન આલિમો અને સહાબા તાબેઈનનું અનુસરણ કરે છે એટલે બરેલ્વી માન્યતા કહેતાં પહેલાં પૂર્વજોના લખાણો તરફ ધ્યાન આપવું જોઈએ.

હઝરત ઈમામ ઝૈનુલ આબેદીન رضی اللہ عنہ , હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہ ના પુત્ર પોતાની માન્યતાને જાહેર કરતાં પોતાના કસીદામાં લખે છે;

يَا رَحْمَةً لِّلْعَالَمِيْنَ اَدْرِكْ لِزَيْنِ الْعَابِدِيْنَ
مَحْبُوْسٌ اَيْدِى الظَّالِمِيْنَ فِى مَوْكَبِ الْمُزْدَحِم

"અય સમગ્ર જગતની કૃપા (નબી) ! ઝૈનુલ આબેદીનની મદદે પહોંચો ! તે ભીડભાડમાં ત્રાસવાદીઓના હાથોમાં ફૅંસાએલો છે."

**સવાલ** :- તમે અત્તહિય્યાતમાં જે સંબોધન કરવામાં આવે છે તેનાથી એ સાબિત કરવાની કોશિશ કરી કે જ્યારે નમાઝમાં સંબોધન કરી શકાય છે તો પછી નમાઝ બહાર નબીને સંબોધન કરવાથી શા માટે મનાઈ કરો છો ? તો તમારો એ પુરાવો યોગ્ય નથી. કારણ કે, એ પ્રમાણેની અત્તહિય્યાત નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ની હયાતમાં પઢવામાં આવતી હતી. દુનિયાથી પર્દો ફર્માવ્યા પછી અત્તહિય્યાત બદલી નાખવામાં આવી હતી. બુખારી, ભાગ-૨, કિતાબુલ ઈસ્તિઝાન પ્રકરણ મુસાફહ્, બાબ અલ્ અખ્ઝો બિલયદૈનમાં હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ થી રિવાયત છે કે અમને નબીએ પાકે અત્તહિય્યાતમાં **અસ્સલામુ અલૈક ઐયુહન્નબીય્યુ વરહ્મતુલ્લાહિ વ બરકાતુહૂ** શીખવાડયું, જયારે આપ પર્દો ફર્માવી ગયા તો અમે અત્તહિય્યાતમાં આમ પઢતા : **અસ્સલામુ અલન્ નબી.**

ઉપરોકત રિવાયતથી સ્પષ્ટ થયું કે નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ને હયાતમાં સંબોધન કરવામાં આવતું હતું પર્દો ફર્માવ્યા પછી નહીં. જો પર્દો ફર્માવ્યા પછી પણ સંબોધન જાઈઝ હોત તો સહાબાએ બદલવાની જરૂરત ન હતી. બદલવું એ વાતની દલીલ છે કે પર્દો ફર્માવ્યા પછી સંબોધન જાઈઝ નથી.

**જવાબ** :- (૧) હઝરત ઈબ્ને મસ્ઊદે એવું નથી ફર્માવ્યું કે

હુઝૂર ﷺ એ અમને પોતાની હયાતમાં આ પ્રમાણે અત્તહિય્યાત પઢવાનું કહ્યું હતું બલ્કે તેમણે જાતે પોતે એ પ્રમાણે વિચાર કર્યો. જ્યારે હુઝૂર ﷺ એ મનાઈ નથી કરી તો તેને મનાઈમાં દાખલ કરવામાં આવશે નહીં.

**(૨)** હયાતમાં સંબોધન કરવામાં આવતું હતું તો એવું તો ન હતું કે ઈસ્લામ માત્ર મદીનામાં હતો અને ત્યાંના લોકો જ "અય્યુહન્નબી" પઢે બલ્કે તે સમયના દરેક જગાના મુસલમાનો માટે એ હુકમ હતો. હવે કોઈ પોતાના ઘરમાં નમાઝ પઢે તો ત્યાં નબી કયાં છે ? કોઈ બીજા શહેરમાં નમાઝ પઢતો હોય તો ત્યાં નબી કયાં છે ? તો પણ તેઓ "અય્યુહન્નબી" કહેતા હતા પછી આમ કેવી રીતે કહી શકાય કે હુઝૂર ﷺ ના પર્દો ફર્માવ્યા પછી અત્તહિય્યાતમાં નબીને સંબોધન કરવું બદલી નાખ્યું હતું. અને અમુકે બદલી પણ નાખ્યું હોય તો એ તેમનો ઈજતેહાદ (વિચારસરણી) છે. રસૂલે પાકે જ્યારે કહેવામાં ભાગ ન પાડયા તો પછી બહુમતિ સામે અમુક સહાબાના ઈજતેહાદ પર અમલ જરૂરી થશે નહીં.

**(૩)** ચાર ઈમામોની તકલીદ વાજિબ કરવામાં આવી છે તો તેમણે સંબોધનવાળી અત્તહિય્યાતનો ફૈંસલો કરેલો છે. કોઈએ બદલી નથી અને બદલવાનું કહ્યું નથી. તો આપણે આપણા ઈમામની તકલીદ પેરવી અને અનુસરણમાં બદલીશું નહીં. દેવબંદી પણ ઈમામે મુજતહિદની તકલીદ વાજિબ કહે છે એટલે તેઓ પણ આ પ્રમાણે પઢે છે. ગેરમુકલ્લિદ પણ બદલતા નથી અને હદીષમાં આવી છે તે પ્રમાણે જ પઢે છે. જ્યારે "યા" થી સંબોધન કરવાનો મનાઈ કરવાવાળાઓ પણ બદલતા નથી તો પછી પ્રશ્ન ઉપસ્થિત કરવો બેકાર છે.

**(૪)** ફતાવા રશીદિયહ્, ભાગ-૧, કિતાબુલ અકાઈદ, પેજ નં.૧૭ પર છે : સંબોધન બદલવું જરૂરી નથી અને એમાં અમુક સહાબાનું અનુસરણ જરૂરી નથી, નહીં તો હુઝૂર ﷺ પોતે ફર્માવતા કે મારા અવસાન પછી સંબોધન બદલી નાખશો. તો પછી સંબોધનનો શબ્દ તે જ રાખવો ઉત્તમ છે.

**(૫)** જે પાસે ન હોય અને તેને એટલા અંતરથી સંબોધન કરવામાં આવે કે આપણો અવાજ ત્યાં પહોંચી શકતો જ ન હોય તો શિર્ક થાય છે.





એવું જ જો હોય તો પછી રસૂલે પાકની હયાતના જમાનામાં મક્કાવાસીઓ નમાઝમાં અય્યુહન્નબી કહીને સંબોધન કરતા હતા તે પણ શિર્ક હોવું જોઈએ, તો જ્યારે હયાતમાં આટલા અંતરેથી સંબોધન કરવું શિર્ક ન કર્યું તો પછી વફાત પછી શિર્ક કેમ કરી બની ગયું ? હયાત અને વફાતથી શિર્કમાં કોઈ ફરક પડતો નથી.

**(૬)** વહાબીઓને છોડીને દરેક કહેવાતા મુસલમાન નબીની હયાતને માને છે અને અકાઈદે ઉલ્માએ દેવબંદમાં તો નબીએ પાકની હયાતને અવસાન પછી પણ દુનિયાવી હયાત માફક માનવામાં આવી છે. અને હદીષે પાકમાં પણ છે :-

نَبِيُّ اللّٰهِ حَيٌّ يُرْزَقُ

"અલ્લાહના નબી જીવંત છે, તેમને રોજી આપવામાં આવે છે."

તો પછી અત્તહિય્યાતમાં સંબોધન બાબતે પ્રશ્ન ઉઠાવવો બેકાર છે. કારણ કે સવાલ હયાત અને અવસાનના બે ભાગપાડીને ઉઠાવવામાં આવ્યો છે, જ્યારે નબીની બંને હાલતો એક જ છે તો પછી બંને હયાતોમાં હુકમ પણ એક જ રહેશે.

**(૭)** જ્યારે નબીની બંને હાલતો એક જેવી છે તો પછી જેમ અત્તહિય્યાતમાં સંબોધન કરવું અને તે પણ હાલતે નમાઝમાં શિર્ક નથી તો પછી નમાઝ બહાર શિર્ક કેમ કરી બને ? એટલે યા નબી, યા રસૂલ, જે કંઈ કહેવામાં આવે છે તે સત્ય છે અને તેમાં વિવાદ ઊભો કરવો કાયદા કાનૂનથી નાવાકેફ અને જાહિલ હોવાની દલીલ છે. આ'લા હઝરત ઈમામ અહમદ રઝા ખાં મુહદ્દિષે બરેલ્વી رضی اللہ عنہ ફર્માવે છે :-

**અંબિયાકો ભી અજલ આની હય, મગર ઈત્ની કે ફકત આની હય**
**ઉસ આન કે બાદ ઉન્કી હયાત, મિષ્લે સાબિક વહી જિસ્માની હય**

એટલે કે નબીઓને અલ્લાહના વાયદા મુજબ માત્ર આલમ બદલવા માટે થોડો સમય મૌત આવે છે પછી તેમને દુનિયાવી હયાત અર્પણ કરી દેવામાં આવે છે. તો તેમની દુનિયાવી અને બરઝખી હયાતમાં કોઈ ફરક હોતો નથી.

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા ખાં મુહદ્દિષે બરેલ્વી رضی اللہ عنہ સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની હયાતને નિયુકત કરીને ફર્માવે છે;

**તૂ ઝિંદા હય વલ્લાહ તૂ ઝિંદા હય વલ્લાહ**
**મેરે ચશ્મે આલમસે છુપ જાનેવાલે**

**સવાલ** :– અમે (દેવબંદીઓ) અત્તહિય્યાતમાં જે સંબોધન કરીએ છીએ તે હાઝિરો નાઝિર સમજીને નહીં માત્ર હદીષ પર અમલ કરવા માટે કરીએ છીએ. અને તમે લોકો તો હાજર સમજીને કરો છો ?

**જવાબ** :– હાજર સમજીને કરવાના પુરાવા અને રજુ કરી દીધા છે એટલે અહીં ફરીથી રજુ કરવાની જરૂરત નથી. અમે તો આમ જ કહીશું કે તમે ગમે તે નિય્યતે કહેતા હશો પણ કહો તો છો ! તો પછી અમે **યા નબી**ની સલામ પઢીએ તો તમે અમારી સાથે ઊભા રહીને પઢો ! ભલે તમે તમારી નિય્યત કરો અને અમે અમારી નિય્યત કરીશું ! પણ તમે તો આમ કરવા તૈયાર થતા જ નથી ! એનો મતલબ શું ?

**સવાલ** :– એમાં હદીષની મુખાલફત છે. સરકારે મદીનાએ ફર્માવ્યું છે : مَنْ تَشَبَّهَ بِقَوْمٍ فَهُوَ مِنْهُمْ જે ગેર કૌમ જેવું કરશે તે તેઓ પૈકી એક છે. તો આ હદીષના આધારે તમે તમારી જેવું કરવા નથી માંગતા.

**જવાબ** :– આ હદીષમાં કાફિર અને ગેરમુસ્લિમ જેવા અને તે પણ તેમના ધર્મ સંબંધિત કામોથી રોકવામાં આવ્યા છે. મુસલમાનોના અનુસરણની મનાઈ કરવામાં નથી આવી. પછી ઉપરોકત હદીષ ન કરવામાં (મનાઈના હુકમમાં) વર્ણવવી યોગ્ય જગાએ નથી.

**સવાલ** :– હાઝિર અને નાઝિર નબીને માનવું અમારા (દેવબંદીઓ) નિકટ માન્યતા નથી. એટલે તમે કરો છો પણ અમે તેને ગેરમુસ્લિમ કૃત્ય માનીએ છીએ !

**જવાબ** :– ગેર મુસ્લિમ કૃત્ય તમે કહો છો પણ તમારા કહેવાથી કોઈ કામ ગેરમુસ્લિમ કૃત્ય બની જતું નથી. અમે સંબોધન કરવા બાબતે અને હાઝિર સમજીને સંબોધન કરવા બાબતે ઘણા બધા પુરવા રજુ કર્યા જેનાથી એ સ્પષ્ટ થઈ ગયું કે નબીને હાઝિર સમજીને સંબોધન કરવું





ગેરમુસ્લિમ માન્યતા નથી.

બીજાું એ કે અલગથી સલાતો સલામ પઢવામાં તો તમે ઉપરોકત બહાનું બનાવીને છટકી જવાનો છો પણ તશહ્હૂદ અને અત્તહિય્યાત બાબતે હું સાબિત કરી ગયો છું કે ઈમામ મોહયુદ્દીન મુહમ્મદ ગિઝાલી رحمۃ اللہ علیہ પણ એ માને છે કે નબીની રૂહને હાઝિર સમજીને સલામ પેશ કરવામાં આવશે. તો તમે અત્તહિય્યાતમાં સલામ પેશ કરો છો તેમાં શું કરો છો ? ગેર કૌમનું અુસરણ સમજીને તમે છોડી આપો તો કહેવાય કે તમે પાકા છો ! પણ તમે સંબોધન કરો છો અને બદલતા નથી ! તો જ્યારે નમાઝમાં ગેર કૌમની મુશાબહત નથી થતી તો પછી નમાઝ બહાર હદીષને બહાનું કેમ બનાવવામાં આવે છે. જો તમારી સમજમાં આવી ગયું હોય તો પછી તમારે નમાઝ બહાર પણ અમારી જેવા યા નબીયલ્લાહ !, યા રસૂલલ્લાહ ! અને યા હબીબલ્લાહ ! ના ના'રાઓ લગાવા જોઈએ.

ત્રીજાું એ કે અમારી નિય્યત દિલમાં છે અને તમારી નિય્યત પણ દિલમાં છે અને તમારા કહેવા મુજબ ફરક અને તફાવત દિલી માન્યતાનો છે પણ જાહેરમાં "યા" થી સંબોધન કરવાની ગુંજાઈશ તમારા દેવબંદી વર્તુળ માં પણ છે. તો પછી જાહેરમાં અમારી સાથે થઈ જાવ અને યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم કહેવાનું શરૂ કરી આપો, અમારી નિય્યત અમારી સાથે અને તમારી નિય્યત તમારી સાથે !

**સવાલ** :– આમ કરી તો શકાય છે પણ પછી અમારી પબ્લિક અમને એવું કહેશે કે હવે તમે લોકો પણ બરેલ્વીઓ જેવા બની ગયા છો ?!

**જવાબ** :– પબ્લિકને સમજાવી આપવાની કે આપણે આ નિય્યતે કહીશું અને બરેલ્વીઓ બીજી નિય્યતથી કહે છે. એટલે તે પ્રમાણેની નિય્યત કરવામાં નહીં આવે.

**સવાલ** :– એવું તો પછી કેટલા લોકોને કહેવાનું ?

**જવાબ** :– તમે તમારી કૌમને ઘણી બધી વાતો શિખવાડી ચૂકયા છો તો આટલું શિખવાડવામાં શું વાંધો છે ? લખીને પહોંચાડી આપવાનું, કામ બની જશે ! પછી પણ તમે આમ ન કરો તો એનો મતલબ એ થયો કે ગુંજાઈશ તો છે પણ તમે તમારી સહુલત માટે લોકોને યા રસૂલલ્લાહ !

صلی اللہ تعالیٰ علیہ وسلم કહેવાનો હુકમ નથી કરતા, અને તમારા મતલબ માટે વાતો બદલો છો. જો આમ જ હોય તો તમારી મતલબનો ધર્મ તમને મુબારક અને અલ્લાહ, રસૂલ અને ઉલમાની સંમતિવાળો ધર્મ અમને મુબારક.

ન્યાય અને ઈન્સાફથી ફેંસલો કરવાવાળો વ્યક્તિ અહીં ન્યાય અને ઈન્સાફને જગા આપે તો સત્ય માર્ગ મેળવી શકે છે. મતલબી ધર્મ સાચો કે પછી અલ્લાહ રસૂલવાળો ધર્મ સાચો, નિઃશંક ! કહેવું પડશે કે અલ્લાહ રસૂલવાળો ધર્મ સાચો. તો પછી ચર્ચાથી એ વાતનો ખુલાસો થઈ ગયો કે અલ્લાહ, રસૂલવાળો ધર્મ અમારી પાસે છે તો પછી અમારી સાથે રહો.

## ★ ઈલ્મે ગયબમાં પણ મતલબી ફેંસલો ★

હિફઝુલ્ ઈમાનમાં મૌલ્વી અશ્રફ અલી થાનવી સાહેબે રસૂલે પાક માટે અન્ય ચીજોનો ઈલ્મે ગયબ જાઈઝ માનેલો છે. પણ જો કોઈ પણ દેવબંદીને પૂછવામાં આવે કે નબીએ પાકને ઈલ્મે ગયબ હતો ? તો જવાબ આપશે, "લા હૌલ વલા કુવ્વત બિલ્લાહ !" ઈલ્મે ગયબ અલ્લાહ તઆલા સિવાય કોઈની પાસે નથી ! પબ્લિક સંદતર ઈલ્મે ગયબનો નબી માટે ઈન્કાર કરે છે એટલે જ કે અહીંયા પણ તમે તમારી સહુલત માટે મન ગમતો ફેંસલો કરેલો છે. કેટલાને કહેવા જઈશું કે કેટલો માનવો અને કેટલો નહીં માનવો એનાથી ઉત્તમ એ કે કહી આપો ગયબ હતો જ નહીં !

તમને ખબર છે કે તમે સંદરત ઈન્કાર કરાવ્યો તેમાં કુર્આનની આયતો જેમાં અન્ય ચીજોનો ઈલ્મે ગયબ સાબિત કરવામાં આવ્યો છે તેના પર ઈમાનનું શું થાય ? ઘણી બધી હદીષોમાં ઈલ્મે ગયબે નબીનું વર્ણન થયું છે તેના પર ઈમાનનું શું થાય ? તમે તો તમારી સહુલતને લક્ષમાં રાખી પબ્લિક પાસે ઘણી બધી આયતો અને હદીષોનો ઈન્કાર કરાવ્યો તો તેના જવાબદાર કોણ ? પછી આમ ન કહી શકાય કે તમારો ધર્મ મન ગમતો અને મતલબી છે ! અલ્લાહ અને રસૂલની મતલબવાળો ધર્મ માન્ય રાખવામાં પોતાની સહુલત અને વાસનાને દખલ નથી હોતી. જો અહીં પણ મારી ભલામણ તમારી સમજમાં આવતી હોય તો પબ્લિકમાં એલાન કરાવો, છપાવીને પહોંચાડો અને એ વાતમાં દબાણ આપો કે આપણા નબીને ઈલ્મે





ગયબ આપવામાં આવ્યું હતું અને આપણા નબી ગયબના જાણકાર હતા ! પછી તમારે તમારી માન્યાતાની છણાવટ કરી દેવી. એનાથી એટલો ફાયદો તો થશે કે અન્ય આયતો અને હદીષો પરનું ઈમાન બાકી રહેશે અને પબ્લિક કુફ્રની વાતો બોલતી અટકી જશે. મૌલ્વી મૌલ્વીની જગાએ રહ્યા ! એ સમજવા છતાં ન સમજે તો એઓ જાણે પણ અમે પબ્લિકને કુફ્ર સુધી પહોંચાડવા નથી માંગતા.

## ★ અમારી માન્યતા ★

જો તમે ન જાણતા હોય તો જાણી લો અમે રસૂલે પાક માટે જે ઈલ્મે ગયબ અતાઈ માનીએ છીએ તે પણ અલ્લાહના ઈલ્મ જેટલો નહીં બલ્કે અમારા આલિમોના ખુલાસા મુજબ સાત સમુદ્રની આગળ એક ટીપું એટલે કે માત્ર દાખલો આપવા માટે અને દિમાગથી નિકટ કરવા માટે આમ કહીએ છીએ કે અલ્લાહનું ઈલ્મ દાખલા તરીકે સાત સમુદ્ર જેટલું છે (જો કે હકીકતમાં ખુદાના ઈલ્મની કોઈ હદ નથી) તો નબીનું ઈલ્મ અલ્લાહના ઈલ્મ આગળ દાખલા તરીકે એક ટીપા જેટલું છે. પણ મખ્લૂકના ઈલ્મની વાત કરવામાં આવે તો અમારો ધર્મ એ છે કે રસૂલે પાકને જે ઈલ્મ આપવામાં આવ્યું તે દરેકથી વધીને છે. તો સ્પષ્ટ થયું ઈલ્મે ગયબ તે અતાઈમાં અમારી માન્યતા કુલ ઈલ્મે ગયબની નથી, અલ્લાહના ઈલ્મ આગળ અન્ય ચીજોના ઈલ્મે ગયબ અને તે પણ અતાઈની છે.

## ★ હાઝિર નાઝિર અને ઈલ્મે મા કાન વમાય કૂનમાં અમારો ફેંસલો ★

એ વાતની છણાવટ કરી આપવી ઘણી જ અગત્યની છે કે હાઝિર અને નાઝિરનો મતલબ અમારા ત્યાં એ છે કે હાજર થવા ઈચ્છે તો થઈ શકે છે અને જોવા ઈચ્છે તો જોઈ પણ શકે છે એટલે કે આ બંને કામો તેમની શક્તિમાં છે. અને તે અલ્લાહ તઆલા તરફથી અર્પણ કરવામાં આવી છે. તેનો ખુલાસો તોહફાએ નજાત, ભાગ દસ (૧૦) માં કરવામાં આવશે. (ઈન્શાઅલ્લાહ !)

નકારાત્મક જવાબ આપનાર અને ઈન્કાર કરનાર માટે અમારો ફેંસલો એ છે કે અમે તેવા વ્યક્તિને ગુમરાહ, બદ્દીન અને કુમાર્ગી કહીશું, કાફિરનો ફત્વો આપવામાં નથી આવતો. અશશાહિદમાં બહરુલ ઉલૂમ સાહેબે સ્પષ્ટ કર્યું છે :–

''ઈલ્મે ગયબે અતાઈમાં અમે ઈલ્મે મા કાન વમા યકૂન માનીએ છીએ એટલે દુનિયાની શરૂઆતથી કિયામત સુધી દરેક ચીજ વસ્તુનો ઈલ્મ અને તેના અમારી પાસે ઘણા બધા પુરાવા છે પણ આમાં ઈન્કાર કરનારને અમે કુફ્રનો ફત્વો આપતા નથી. આ પ્રમાણેનું ઈલ્મ ઘણી દલીલોથી પસાર થયા બાદ સાબિત કરવામાં આવે છે એટલે ઈન્કાર કરનારને ગુમરાહ કહેવામાં આવે છે. ફતાવા રઝવિય્યહ્‌માં આ'લા હઝરત ઈમામ અહમદ રઝા ખાં મુહદ્દિષે બરેલ્વી رضی اللہ عنہ આ વિશે ખુલાસો કરેલો છે.

અમે જે તમને ભલામણ કરી ગયા કે પબ્લિકને અસલ અને મૂળ મસ્અલાથી વાકેફ કરો તે એટલા માટે જ કે અમે પબ્લિકને સદંતર ઈન્કાર કરાવીને ઈસ્લામના વર્તુળથી બહાર કરવા નથી માંગતા.

અને હું પબ્લિકને પણ ભલામણ કરું છું કે દેવબંદી મૌલ્વીઓ મક્કાર (પ્રપંચી) છે, તેઓ તમને અંધારામાં રાખવા માંગે છે. અને તમને પોતાના અનુયાયી બનાવી પોતાનું વર્તુળ વિસ્તારવા ઈચ્છે છે. અને તમારી દૌલતને પોતાના કબ્જામાં કરી ઉલ્લૂ સીધો કરવા માંગે છે. તો તમે તમારી ઈસ્લામ અને ઈમાનની દૌલતને ખરાબ લોકોના કબ્જામાં આપી બરબાદ ન કરો. બલ્કે થોડો સમય દીન સમજવા માટે કાઢો. અને દીનની સત્ય માન્યતાનું જ્ઞાન મેળવી તેની ઉપર અમલ કરો.

**આજ જાહિલ ભી હય આલિમકા લેબાદા ઓઢે**
**ઐસે મુલ્લાઓંસે ઈમાન બચાએ રખીએ**

(અજમલ)

**આંખસે કાજલ સાફ ચુરા લે યા વોહ ચોર બલા કે હંય**
**તેરી ગઠરી તાકી હય ઔર તૂને નીંદ નિકાલી હંય !**

*(આ'લા હઝરત)*





**સવાલ :–** દૂરનો અવાજ સાંભળવો અલ્લાહની જ શાન છે. જેથી મખ્લૂકને દૂરથી પુકારવી અને સંબોધન કરવું શિર્ક છે, અને જ્યારે દૂરનો અવાજ સાંભળી નથી શકાતો તો પછી સંબોધન કરવું બેકાર છે.

**જવાબ :–** દૂરનો અવાજ સાંભળવો અલ્લાહની શાન નથી, દૂરનો અવાજ તે સાંભળે જે દૂર હોય, અને અલ્લાહ તઆલા બંદાથી તેના પ્રાણ કરતાં વધારે નિકટ છે. તો હવે દૂરનો અવાજ સાંભળવો બંદાની શાન થઈ શકે છે ખુદાની નહીં. અલ્લાહ તઆલા ફર્માવે છે :

**فَإِذَا سَأَلَكَ عِبَادِي عَنِّي فَإِنِّي قَرِيبٌ**
**أُجِيبُ دَعْوَةَ الدَّاعِ إِذَا دَعَانِ**

અને જ્યારે તમને મારી બાબત મારા બંદાઓ પૂછે (તો કહી આપશો) બેશક ! હું નજીક છું, દુઆ કબૂલ કરું છું પુકારનારની જ્યારે મને પુકારે.

ઉપરોકત આયતે કરીમાએ પ્રશ્નનો ઉત્તર આપ્યો કે કોઈ બોલાવવાવાળો મને બોલાવે તો એવું જ ન સમજે કે હું તેનાથી દૂર છું, ના ! બલ્કે હું તેની નિકટમાં છું. તો હવે વિચારો કે તમારો સવાલ ઈસ્લામી તાલીમાતથી કેટલો દૂર છે.

શિર્ક કહેતાં પહેલાં શિર્ક કોને કહેવાય એ સમજવું જોઈએ. જે કામ અલ્લાહની સિફત જ નથી તેમાં અલ્લાહની બરાબરીનો પ્રશ્ન ઉપસ્થિત થતો જ નથી. દેવબંદીઓ શિર્ક શિર્ક બહુ જલ્દીમાં બોલી જાય છે પરંતુ શિર્કની વ્યાખ્યા પણ તેમને આવડતી નથી.

દૂરનો અવાજ મખ્લૂકમાંથી કોઈ સાંભળી નથી શકતું એ વાત પણ વિના દલીલ છે ! જે જમાનામાં વિજ્ઞાન પાછળ હતું અને આધુનિક શોધો કરવામાં ન આવી હતી ત્યારે લોકો એ વાતને માન્ય રાખી શકતા હતા, છતાં તે જમાનામાં પણ માન્ય રાખવામાં નથી આવ્યું. લોકો કરામતોથી એને જાઈઝ માનતા હતા. અને હવે આવા આધુનિક શોધોના જમાનામાં કે જેમાં મોબાઈલ ફોનથી દુનિયાના ખૂણે ખૂણેની વ્યક્તિથી વાત કરી શકાય છે અને છતાં કોઈ વ્યક્તિ ઈન્કાર કરે તો એવું કહી શકાય છે કે તેને દીન અને ધર્મથી તો સંબંધ નથી પરંતુ દુનિયાથી પણ તે તદ્દન નાવાકેફ છે ! આજે તો હજારો માઈલના

અંતરેથી માત્ર અવાજ નહીં પણ તેનો ફોટો પણ સાથે પહોંચાડવામાં આવે છે. આધુનિક તાકતોથી યુ.કે.માં રહીને ભારતવાસી સાથે વાત કરી શકાય અને તેને સંબોધી શકાય પણ અલ્લાહની અર્પણ કરેલી તાકતોથી યુ.કે.માં રહીને મદીનાવાળા આકાને સંબોધવામાં આવે તો ઈન્કાર કરવામાં આવે ! એને સમજદારી ન કહેવાય.

## ★ શું તમે કરામતને નથી માનતા ! ★

મો'જિઝાઓ તો દરેક માને છે પણ અહીં પ્રશ્ન કરામતનો છે. એ લોકો કહે છે કે દૂરનો અવાજ કોઈ સાંભળી નથી શકતું તો તેઓ બતાવે કે તમે કરામતને માન્ય રાખો છો ? તમારી ઘણી બધી કિતાબો વાંચતાં એ જાણવા મળ્યું કે તમે લોકો પણ કરામતને માનો છો. તો ભાઈ ! અમે પણ કોઈ નબી અને વલીને સંબોધન કરીએ છીએ તો માન્યતા એ જ હોય છે કે અલ્લાહ તઆલા તરફથી તેમને આ પ્રમાણેની તાકત અને શકિત આપવામાં આવી છે. એ શકિતને નબી સાથે મેળવવામાં આવે તો મો'જિઝો કહેવાય અને વલી સાથે મેળવવામાં આવે તો કરામત કહેવાય. સામાન્ય લોકોને અમે આ પ્રમાણેનું સંબોધન નથી કરતા તે એટલા માટે જ કે સામાન્ય લોકોને કરામતની બરકત નથી આપવામાં આવતી.

**દૂરો નઝદીક કે સુનનેવાલે વોહ કાન**
**કાને લઅલે કરામત પે લાખોં સલામ**

*(આ'લા હઝરત)*

## ★ મુસલમાન માટે સારું અનુમાન રાખો ★

સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم નું ફર્માન છે : **ظُنُّوا الْمُؤْمِنِيْنَ خَيْرًا** ઈમાનવાળાઓ માટે સાફ અનુમાન રાખો. તો ઈસ્લામની તાલીમાત પર અમલ કરવા માટે એ જરૂરી છે કે મુસલમાનો તરફથી કોઈ કામ કરવામાં આવે તો તેમાં જ્યાં સુધી સારો માર્ગ નીકળી શકે, સારો માર્ગ કાઢવો જોઈએ. એટલે કે જ્યાં સુધી તેની વાત સત્ય બનાવી શકાય સત્ય બનાવવાની કોશિશ કરવી જોઈએ. સત્ય બનાવવાનો કોઈ માર્ગ બાકી ન રહે તો પછી શરીઅતની જે પકડ હોય તે





પ્રમાણે નિર્ણય લેવો જોઈએ.

દૂરથી નબીઓ અને વલીઓને સંબોધન કરવા બાબતે શિર્કનો ફત્વો આપવામાં આવે છે, તો એ બાબતે હું ખુલાસો કરી ગયો કે આ વાતને શિર્ક સાથે કોઈ સંબંધ નથી, કારણ કે દૂરનો અવાજ તેને સંભળાવાય જે દૂર હોય અને અલ્લાહ કોઈનાથી દૂર નથી પણ દરેકથી નિકટ છે તો પછી દૂરનો અવાજ સાંભળવો અલ્લાહની જ શાન છે કહેવું ખોટું છે. હવે જયારે મુસલમાનોની એક મોટી જમાઅત અને તે પણ માત્ર પબ્લિકની નહીં બલ્કે તેમાં આલિમો અને સૂફી સંતો પણ છે. પછી તેમની વાતને વિના વિચારે શિર્ક કેમ કરી કહી દેવાય ? ઉપરોકત લખાણમાં હું કહી ગયો તેમ કે કરામતથી દૂરનો અવાજ સાંભળી શકાય છે તો પછી જેઓ નબીઓ અને વલીઓને દૂરથી પુકારે તેઓ પણ એવું જ માને છે કે અલ્લાહ તઆલાએ તેમને એ શકિત અપર્ણ કરી છે અને તેઓ સાંભળે છે. તો પછી કરામતને જાઈઝ કહેનારે આ વાતમાં હઠે ન ચડવું જોઈએ અને જવાઝ (જાઈઝ હોવાનો)નો માર્ગ મળી આવ્યો છે તો પછી જવાઝના માનવાવાળા બની જવું જોઈએ. અને જવાઝનો માર્ગ નીકળી આવ્યો તો પછી આ વાતમાં વિવાદ ઊભો કરી મુસલમાનોમાં કુસંપ ન કરવો જોઈએ, આ મારી સત્ય માર્ગ શોધનારને ભલામણ હતી.

## ★ કરામત પર જવાઝનો ફત્વો ★

**(૧)** એક પ્રશ્ન એ છે કે પતિ દુનિયાના એક કિનારે અને પત્ની દુનિયાના બીજા કિનારે રહતી હોય. પત્નીએ બાળકને જન્મ આપ્યો. પતિએ કહ્યું કે એ બાળક મારૂ જ છે. તો શું બંનેની વચમાં દુનિયાના એક કિનારાથી બીજા કિનારાનું અંતર છે છતાં પતિની વાત સ્વીકારી લેવામાં આવશે અને બાળક હરામી નહીં પણ તે પતિનું જ કહેવાશે ? જો માત્ર અક્કલથી ફેંસલો કરવામાં આવે તો એવું જ કહેવું પડશે કે એ શકય નથી. કારણ કે, પતિ, પત્ની વચમાં લાખો માઈલોનું અંતર છે પછી બાળક તેનું કેમ કરી કહેવાય ? પણ વાત એક મુસલમાનની છે અને તેની બાબતે સારું અનુમાન રાખવું જોઈએ. જયારે પતિ પોતે કબૂલી રહ્યો છે કે બાળક મારું જ છે તો હવે જવાઝનો માર્ગ શોધવામાં આવશે કે, શું

ઈસ્લામમાં એવો કોઈ માર્ગ છે કે દાવો કરનાર મુસલમાનને એના દાવામાં સત્ય માની લેવામાં આવે ? તો શોધ કરતાં કરતાં કરામત સુધી પહોંચી ગયા. અને કહેવામાં આવ્યું કે કરામત અહલે સુન્નત વલ જમાઅતના વર્તુળ માં જાઈઝ છે અને મુસલમાન વલી હોય તો કરામત થકી હાજરી આપી શકે છે. તો કરામતના જવાઝને લઈને બાળક તેનું માની લેવામાં આવશે. અને આ માત્ર અમારા દિમાગની પૈદાવાર નથી બલ્કે મસ્લકે હનફીની ભરોસાપાત્ર કિતાબ શામી શરીફમાં આનો ઉલ્લેખ થયો છે. શામી, ભાગ–૨, બાબે ષુબૂતીન્નસબમાં છે;

માર્ગ પાર કરવો પણ કરામતમાંથી છે. નબીએ અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم ના આ ફર્માનને પુરાવો બનાવી કે મારા માટે જમીન સંકોચી દેવામાં આવી. મુફતી લોકોએ જે ફર્માવ્યું તે આના આધારે જ છે કે કોઈ વ્યક્તિ પૂર્વમાં હોય અને પશ્ચિમમાં રહેવાવાળી સ્ત્રીથી નિકાહ કરે પછી તેણી બાળકને જન્મ આપે તો બાળક તે મરદથી સંબંધિત કરવામાં આવશે અને તાતાર ખાનિયામાં છે કે આ મસ્અલો કરામતના જાઇઝ હોવાને સશકત બનાવે છે.

**(૨)** શામી શરીફમાં એ જ જગાએ આ પણ છે, ન્યાયની વાત એ છે જે ઈમામ નસફીએ તે સમયે કહી જ્યારે એમને પ્રશ્ન પૂછવામાં આવ્યો કે કા'બા એક વલીની ઝિયારતે જાય છે. આમ કહેવુ જાઈઝ છે ? તો એમણે ફર્માવ્યું કે ઔલિયા અલ્લાહ માટે આદત વિરૂધ્ધનું કામ કરામતના તરીકા પર અહલે સુન્નતના નિકટ જાઈઝ છે.

ઉપરોકત કરવામાં આવેલા સવાલનો જો અક્કલથી ઉત્તર આપવામાં આવે તો આમ જ કહેવામાં આવશે કે કા'બા નિર્જીવ છે એ પોતે કોઈની ઝિયારતે કેમ કરી જઈ શકે ? બીજું એ કે ઈમારત જગાએથી જુદા થઈ થઈને કેમ કરી ઉડી શકે ? પણ ઈમામ નસફીએ અહીં અક્કલને દખલ આપી મનાઈ તો ફત્વો સાદર ન કર્યો બલ્કે એ વિચાર કર્યો કે મુસલમાનો કહે છે, અથવા માને છે તો જ્યાં સુધી એના જવાઝનો (જાઈઝ હોવાનો) માર્ગ નીકળી શકે છે તો નાજાઈઝ કહી મુસલમાનની ઈજ્જત પર હુમ્લો કરવામાં નહીં આવે જેથી તેમણે ખુલાસો કર્યો આદતના આધારે નથી થઈ શકતું પણ એનો મતલબ એ નથી કે એ અશકય છે અને કયારે પણ વજૂદમાં નથી આવી શકતું. એ કેમ અશકય છે આદતના આધારે પણ કરામત જેને





અહલે સુન્નત હક્ક માને છે તેના આધારે થઈ શકે છે તો જો કોઈ ખાસ વ્યકિત મળે કહેવામાં આવે અને તે વલી હોય તો જાઈઝ માની લેવામાં આવશે.

## ★ દૂરનું સાંભળવાનો કુર્આની પુરાવો ★

કુર્આન શરીફ સિપારો ૧૯, સૂરએ નમ્લમાં કીડીના વંશનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે,

**يٰٓاَيُّهَا النَّمْلُ ادْخُلُوْا مَسٰكِنَكُمْ لَا يَحْطِمَنَّكُمْ سُلَيْمٰنُ وَجُنُوْدُهٗ وَهُمْ لَا يَشْعُرُوْنَ فَتَبَسَّمَ ضَاحِكًا مِّنْ قَوْلِهَا**

"અય કીડીઓ ! પોત પોતાના ઘરોમાં ચાલી જાવ ! સુલેમાન અને તેમનું સૈન્ય બેખબરીમાં તમને કચડી ન નાખે તો એની વાત સાંભળીને આપ મલકાવા લાગ્યા.

તફસીરે રૂહુલ બયાન અને બીજી તફસીરોમાં આ આયતની તફસીરમાં લખવામાં આવ્યું છે કે, હઝરત સુલેમાન علیہ الصلوٰۃ والسلام એ ત્રણ માઈલના અંતરેથી કીડીનો અવાજ સાંભળ્યો.

કીડી આપણે આપણા કાનમાં રાખી દઈએ તો પણ તેનો અવાજ આપણને સાંભળવા ન મળે અને હઝરત સુલેમાન علیہ الصلوٰۃ والسلام ના સાંભળવાની શકિતનો હિસાબ લગાડો કે કીડીનો અવાજ અને તે પણ ત્રણ માઈલના અંતરેથી સાંભળી લે. જો અક્કલથી વિચારો તો સમજમાં ન આવે કે ઊંચા સ્વરે બોલવામાં આવે તે ત્રણ માઈલથી ન સંભળાય અને કીડીનો અવાજ એટલા અંતરેથી સાંભળી લેવામાં આવે અને એનો પુરાવો કાચો પાકો નહીં કુર્આનનો. તો એવું કહેવું જ પડશે કે માણસ આદતના આધારે નથી સાંભળી શકતો પણ મો'જિઝા અને કરામતની બરકતથી આમ થઈ શકે છે.

**સવાલ** :– કોઈ કહે છે કે એવી શી રીતે ખબર પડી કે ત્રણ માઈલેથી અવાજ સાંભળ્યો ?

**જવાબ** :– તફસીરોમાં આવ્યું છે તો તેમણે આગલી કિતાબોથી

પ્રાપ્ત કર્યું હશે. અને ગમે તેટલા અંતરેથી હોય પણ કીડીનો અવાજ સાંભળી લેવો પણ મો'જિઝો છે. તો જયારે મો'જિઝાથી આટલો ધીમો અવાજ સાંભળી લેવાય તો પછી તે શકિતથી ઊંચો અવાજ દૂર દૂરથી કેમ ન સાંભળી લેવાય ! અને અમે દૂરનો અવાજ સાંભળવો મો'જિઝા અને કરામતથી જ જાઈઝ માનીએ છીએ. એટલે અમારી માન્યતા કુર્આનના પ્રકાશમાં છે.

## ★ દૂરનું સાંભળવાનો પુરાવો હદીષથી ★

હદીષે પાકમાં પણ એ વાતનો ઉલ્લેખ મળે છે કે દૂરનો અવાજ અલ્લાહના વલીઓ અને જેમને અલ્લાહની બારગાહની નિકટતા મળી છે કે તેઓ સાંભળી શકે છે. મિશ્કાત, કિતાબુદ્દા'વાત, બાબે ઝિકુલ્લાહની પહેલી ફસ્લમાં હઝરત અબૂ હૂરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે કે સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું;

مَنْ اٰذٰی لِیْ وَلِیًّا فَقَدْ اٰذَنْتُہٗ بِالْحَرْبِ وَمَا تَقَرَّبَ عَبْدِیْ
بِشَیْءٍ اَحَبَّ اِلَیَّ لِمَا افْتَرَضْتُ عَلَیْہِ وَمَا یَزْدَادُ عَبْدِیْ
یَتَقَرَّبُ اِلَیَّ بِالنَّوَافِلِ حَتّٰی اُحِبَّہٗ فَاِذَا اَحْبَبْتُہٗ فَکُنْتُ
سَمْعَہُ الَّذِیْ یَسْمَعُ بِہٖ وَ بَصَرَہُ الَّذِیْ یُبْصِرُ بِہٖ وَیَدَہُ
الَّتِیْ یَبْطِشُ بِھَا وَرِجْلَہُ الَّتِیْ یَمْشِیْ بِھَا وَاِنْ سَئَلَنِیْ
لَاُعْطِیَنَّہٗ وَلَئِنِ اسْتَعَاذَنِیْ لَاُعِیْذَنَّہٗ وَمَا تَرَدَّدْتُ عَنْ شَیْءٍ
اَنَا فَاعِلُہٗ تَرَدُّدِیْ عَنْ نَفْسِ الْمَوْتِ وَاَنَا اَکْرَہُ مَسَائَتَہٗ وَلَا بُدَّ مِنْہُ

જે કોઈ મારા વલી સાથે દુશ્મની રાખશે તો હું તેને યુધ્ધનું એલાન કરું છું. જે ચીજ મને અધિક પ્રિય છે એટલે કે ફર્ઝ તેનાથી મારો બંદો નિકટતા પ્રાપ્ત કરે છે. અને નફ્લથી સતત મારો બંદો મારી નિકટતા પ્રાપ્ત કરતો રહે છે. એટલે સુધી કે હું તેને પ્રિય રાખું છું. જયાં હું તેને પ્રિય બનાવી લઉં છું હું તેની સાંભળવાની શકિત છું જેનાથી સાંભળે છે. હું તેની જોવાની શકિત છું જેનાથી તે જુએ છે, હું તેના હાથની શકિત છું જેનાથી તે પકડે છે, હું તેના પગની તાકાત છું જેનાથી તે ચાલે છે. અને જો તે મારાથી કંઈ માંગે તો હું





તેને જરૂરથી અર્પણ કરું છું અને જો તે મારી પનાહ લે તો હું તેને જરૂરથી પનાહ આપું છું.

હું તેનું દરેક કામ બનાવી આપું છું પણ તેની મૌતમાં ખચકાઉં છું તે મૌતની તકલીફ પસંદ નથી કરતો અને હું તેને તકલીફ આપવું પસંદ નથી કરતો પણ મૌતથી તેને છૂટકારો નથી. આ રિવાયત બુખારીએ કરી છે.

**ફાયદો :-** આ હદીષે પાકથી એ જાણવા મળ્યું કે દરેક મખ્લૂક અલ્લાહની બારગાહમાં એક જેવી નથી. જેઓ ખુદાની બારગાહમાં નેક અમલોથી પ્રિય બની જાય છે તેમને ખુદાની બારગાહમાં માન મર્તબો આપવામાં આવે છે, તેમની વાત રાખી લેવામાં આવે છે, તેમની માંગ પૂરી કરી દેવામાં આવે છે, તેમને મૌત પહેલાં મૌતથી વાકેફ કરી દેવામાં આવે છે અને દુનિયામાં તેમને અલ્લાહની અન્ય સિફતોને પ્રગટ કરનાર બનાવી દેવામાં આવે છે. તેમનું સાંભળવું, જોવું, હાથ અને પગને કામમાં લગાડવું, માણસને આપવામાં આવેલી સામાન્ય તાકતોથી નથી હોતું. બલ્કે અલ્લાહ તઆલાની અર્પણ કરેલ બાતિની તાકતોથી હોય છે. એટલે કે તેનું સાંભળવું કરામત, તેનું જોવું, કરામત, તેના હાથ અને પગથી વજૂદમાં આવતા અન્ય કામો કરામત. તેનાં કામોને જોઈને અને તેની કરામતોને નિહાળીને દરેક વ્યકિત કહેવા પર મજબૂર બની જાય છે કે આ અલ્લાહનો વલી છે. અને અલ્લાહ તરફથી એને આ શકિતઓ આપવામાં આવી છે.

## ★ મિર્કાત શર્હે મિશ્કાત ★

મિર્કાત શર્હે મિશ્કાતમાં મુલ્લા અલી કારી رحمۃ اللہ علیہ એ સાંભળવું, જોવું, પકડવું, અને ચાલવું, એના ઘણા મતલબ વર્ણવ્યા તેના પૈકી એક એ પણ છે :-

اَنَا اَسْرَعُ اِلٰی قَضَاءِ حَوَائِجِہٖ مِنْ سَمْعِہٖ فِی الْاِسْتِمَاعِ وَ
بَصَرِہٖ فِی النَّظَرِ وَ یَدِہٖ فِی اللَّمْسِ وَرِجْلِہٖ فِی الْمَشْیِ

''હું તેની જરૂરતોને ઘણી જ જલ્દીમાં પૂરી કરી આપું છું,

સાંભળવા ઈચ્છે તો સાંભળવામાં, નજર કરે તો જોવામાં, પકડે તો તેના હાથમાં અને ચાલે તો તેના પગમાં.''

એટલે કે જે કામો સામાન્ય લોકો ટાઈમની એક હદમાં કરી શકે છે તેનાથી જલ્દી કરવા તેમના માટે આદતના આધારે અશકય હોય છે પણ જેઓ મારા પ્રિય બની જાય છે તેમને મારા તરફથી શકિત આપવામાં આવે છે તો તેઓ ઘણી જ જલ્દીમાં દરેક કામ કરી લે છે જેને લોકો પોતાની સામાન્ય તાકતોથી નથી કરી શકતા. તો પછી તેઓ શરીઅત અને ઈલ્મે કલામની પરિભાષામાં તેને કરામત કહેવા પર મજબૂર થઈ જાય છે.

જ્યારે એ સ્પષ્ટ થયું કે અલ્લાહની બારગાહના પ્રિય લોકોની સાંભળવાની અને જોવાની, હાથથી કામ કરી બતાવવાની અને પગથી ચાલી જવાની કરામતો અર્પણ કરી દેવામાં આવે છે તો જ્યારે તેઓ સાંભળી લે છે તો પછી સંબોધન કેમ ન કરી શકાય ? તેઓ જુએ છે તેમને બોલાવી કેમ ન શકાય ? તેઓ મદદ કરી શકે છે તો મદદ કેમ ન લેવાય ? તેઓ સેકન્ડોમાં માર્ગ પાર કરી શકે છે તો તેમને દૂરથી મદદ માટે કેમ ન બોલાવાય ? આ દરેક પ્રકારના સવાલોનો જવાબ હદીષે પાકના શબ્દો છે :–

**ઈસ દર કે ગદા ભર દેતે હૈ, શાહાને જહાંકી ઝોલી કો**
**મોહતાજકા જબ યેહ આલમ હૈ, મુખ્તારકા આલમ કયા હોગા**

## ★ ઉપરોક્ત હદીષ અને ઈસ્માઈલ દહેલ્વી ★

દહેલ્વી સાહેબે શિર્કમાં શું નુ શું લખી નાખ્યું છે અને ''તકવિયતુલ ઈમાન'' તેનો પુરાવો છે. તેમની કિતાબ ''સિરાતે મુસ્તકીમ'' એટલે સીધો માર્ગ અને તેમાં લખવામાં આવ્યું છે કે નબીનો ખ્યાલ નમાઝમાં આવવાથી નમાઝ તૂટી જાય છે, વગેરે વગેરે. પરંતુ ઉપરોકત હદીષમાં તેમણે વિચાર બદલી નાખ્યો છે અથવા પોતાના લખાણમાં થોડું પરિવર્તન લાવ્યા છે, જે કંઈ હોય પણ અમારી વાતને સશકત બનાવવા માટે તેમની વાત અહીં પુરાવાનું કામ આપે છે એટલે અમે તેને અત્રે રજુ કરીએ છીએ :–





ઈસી તરહ જબ ઉસ તાલિબ કે નફસે કામિલકો રહમાની કોશિશ ઔર જઝબકી મૌજેં અહદિયત કે દરયાઓંકી તેહમેં ખીંચ કર લે જાતે હંય, તો અનલ હક્ક ઔર લયસા ફી જુબ્બની સેવાલ્લાહકા આવાઝ ઉસસે સાદિર હોને લગતા હય ઔર યેહ હદીષે કુદસી,

كُنْتُ سَمْعَهُ الَّذِىْ يَسْمَعُ بِهٖ وَبَصَرَهُ الَّذِىْ يُبْصِرُ بِهٖ،
وَيَدَهُ الَّتِى يَبْطِشُ بِهَا

ઉસી હાલતકી હિદાયત હય. *(સિરાતે મુસ્તકીમ, પેજ નં. ૧૩)*

એમના કહેવાના ભાવાર્થ એ છે કે જ્યારે માણસ ફના ફિલ્લાહ થઈ જાય છે અને તે તૌહીદના સમુદ્રમાં ડૂબકીઓ લગાડવા લાગે છે તો તે જઝબમાં આવીને એવી વાતો બોલે છે જે શરઈ કામના આધારે ખોટી હોય છે પણ તેમના જઝબને લઈને માફ રાખવામાં આવે છે. અને તે સિફાતે ઈલાહીને જાહેર કરનાર બની જાય છે જેમ કે હદીષે કુદસીમાં છે, હું તેનો કાન બનું છું જેનાથી તે સાંભળે છે, હું તેની આ આંખ બનું છું જેનાથી તે જુએ છે, હું તેનો હાથ બનું છું જેનાથી તે પકડે છે. અને એક રિવાયતમાં છે હું તેની જીભ બનું છું તેનાથી તે બોલે છે.

સ્પષ્ટ થયું જ્યારે તેના બદનના ભાગોમાં ખુદાઈ તાકતો અને શકિતઓ આવી જાય છે તો પછી તેમને દૂરથી સંબોધી કેમ ન શકાય ? તેમનાથી મદદની માંગ કેમ ન થઈ શકે ? અને તેઓ સાંભળીને મદદ કરવા ઈચ્છે તો કેમ મદદ ન કરી શકે ? અને તે વિશે પણ દેવબંદી આલિમોના પુરાવા રજુ કરી દેવામાં આવ્યા છે.

**સવાલ** :– તમે જેને જેને સંબોધો છો અને મદદ માટે પુકારો છો તમને શું ખબર કે તેઓ અલ્લાહના વલીઓ છે ?

**જવાબ** :– નબીઓ બાબત તેમના નબી હોવામાં કોઈ શંકા નથી. વલીઓની વાત તો જેમનું વલી હોવું ખ્યાતિ પામેલ છે જેમ કે ખ્વાજા ગરીબ નવાઝ, હુઝૂર ગૌષે આ'ઝમ, મખ્દૂમ અશરફ સિમનાની વગેરે, તો તેમની બાબત વલી હોવામાં શંકા નથી. અને જેમનું વલી હોવું ખ્યાતિ નથી પામેલ પણ તેમને વલી માનવામાં આવે છે તેમના વલી હોવામાં અનુમાન હોવું પૂરતું છે.

## ★ એક અકલી દલીલ ★

રેડીઓમાં સમગ્ર જગતના રેડીઓ સ્ટેશનની વાતો પકડાય છે અને ત્યાંથી રિલે કરવામાં આવેલા પ્રોગામો સાંભળી શકાય છે. તમને ખબર હોય તો તેમાં કાંટો હોય છે અને નંબરો લખેલા હોય છે. નંબરો પર કાંટો ફરતો જાય છે અને સ્ટેશનો બદલાતાં જાય છે. કયારેક એક શહેરથી બીજા શહેરમાં પહોંચી જવાય અને કયારેક એક દેશથી બીજા દેશમાં પહોંચી જવાય. કાંટો અડધો ઈંચ ખસે અને હજારો માઈલોની પાર રિલે કરવામાં આવેલો પ્રોગામ સેકન્ડોમાં વાગવા લાગે. શું આ તમારી અક્કલમાં આવે છે ? આજની આધુનિક શોધમાંથી છે અને તેમાં વિજ્ઞાનનો હાથ છે એટલે તમે માન્ય તો રાખશો. તો પછી અલ્લાહ તરફથી આપવામાં આવેલી તાકતોથી જો કોઈ નબી અને વલી હજારો માઈલના અંતરે રહીને આપણો અવાજ સાંભળી લે તો તે સમજમાં કેમ નથી આવતું અને તેમાં શંકા કેમ કરવામાં આવે છે ? ચાલો ! તમારી સમજમાં આવે કે ન આવે પણ તમે એટલું તો માનશો કે હજારો માઈલોના અંતરે થતો અવાજ સેકંડોમાં સાંભળી શકાય છે. અને સાંભળી શકાય છે તો પછી સંબોધન પણ કરી શકાય છે.

**સવાલ** :– શું અકલી દલીલો શરીઅતમાં માન્ય રાખી શકાય છે ?

**જવાબ** :– અમે માત્ર અક્કલથી સાબિત નથી કરતા કે આ પ્રશ્ન ઉપસ્થિત થાય અને કુર્આન, હદીષ, અને આલિમોના અસંખ્ય પુરાવા તમારી ખિદમતમાં રજુ કર્યા જેનાથી અમારો દાવો સાબિત થઈ ગયો છે. અકલી દલીલ તો અમે લોકોના દિમાગથી નિકટ કરવા માટે રજુ કરી છે.

## ★ કરામતથી અવાજ પહોંચાડવો ★

મિશ્કાત, બાબુલ કરામત, ફસ્લ ત્રણમાં હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે કે હઝરત ઉમર رضی اللہ عنہ એ એક સૈન્ય (નહાવિંદા) રવાના ફર્માવ્યું અને લશ્કરના વડા હઝરત સારિયા رضی اللہ عنہ ને બનાવ્યા. એક દિવસ હઝરત ઉમર رضی اللہ عنہ (મસ્જિદે નબવીમાં જુમ્આનો) ખુત્બો પઢી રહ્યા હતા. ઓચિંતા આપે ઊંચે સ્વરે ફર્માવ્યું :– يَا سَارِيَةُ الْجَبَلَ





અય સારિયા ! પહાડ (એટલે પહાડ તરફ ધ્યાન રાખો) આ વાકયાના થોડા દિવસ પછી લશ્કરનો પત્રકાર આવ્યો અને વિનંતી કરી, અય અમીરુલ મો'મિનીન અમારા દુશ્મને અમારી ઉપર હુમ્લો કર્યો અને અમને (એક તબક્કે) હરાવ્યા પણ ઓચિંતા અમે ઊંચો સ્વર સાંભળ્યો, અય સારિયા ! પહાડ તરફ ધ્યાન આપો ! તો અમે પહાડને પીઠ પાછળ કર્યો તો અલ્લાહ તઆલાએ દુશ્મનોને પરાજય આપ્યો. *(બયૂહકી, દલાઈલુન્નબુવ્વત)*

મદીનાથી નહાવિંદા એક મહિનાથી અધિકનો માર્ગ હતો અને ત્યાં ઈસ્લામી સૈન્ય કાફિરો સાથે યુધ્ધમાં તલ્લીન હતું અને તેમનો પરાજય થઈ રહ્યો હતો અને ત્યાંના ઈસ્લામી સૈન્યને ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ એ મદીનામાં જોઈ લીધું અને એમની મદદ ફર્માવી. પ્રથમ તો હઝરત સારિયા رضی اللہ عنہ ને આટલા અંતરેથી સંબોધન કર્યું, બીજાું એ કે વિજય મેળવવા માટે કઈ જગ્યા યોગ્ય છે તેનું માર્ગદર્શન આપ્યું.

**ફાયદો** :– આ હદીષે પાકથી એક વાત તો એ જાણવા મળી કે જો આપણો અવાજ પહોંચી શકે અથવા સામેવાળો દૂરનું સાંભળી શકે તો સંબોધન થઈ શકે છે. બીજાું એ કે અલ્લાહવાળાઓને દૂર અને નજીક જગ્યાને તફાવત નથી. તેઓ અલ્લાહની અતા કરેલ શકિતઓથી દૂરનું જોઈ શકે છે. ત્રીજાું એ કે તેઓ મદદ પણ કરી શકે છે. ચોથું એ કે આ કામો કરામતોથી સંબંધિત છે એટલે મિશ્કાતમાં બાબે કરામતમાં વર્ણન થયું.

**સવાલ** :– દૂર સુધી અવાજ પહોંચાડવામાં હઝરત ઉમર رضی اللہ عنہ ની કરામત હતી અને તેમણે પોતાની કરામતથી એટલા અંતરે અવાજ પહોંચાડયો. તમારી પાસે થોડી કરામત છે કે અવાજ પહોંચાડશો ?

**જવાબ** :– અમે અમારી કરામતની વાત નથી કરતા, અમે અલ્લાહવાળાઓની કરામતની વાત કરીએ છીએ અને એ સાબિત કરવાની કોશિષ કરીએ છીએ આ કામ કરામતોથી થઈ શકે છે. અને ઉપરોકત હદીષમાં તેનો સંપૂર્ણ પુરાવો છે. અહીં અવાજ પહોંચાડનારની કરામત છે અમે અને સંબોધન કરીએ છીએ કે આ કામ કરામતોથી થઈ શકે છે અને ઉપરોકત હદીષમાં તેનો સંપૂર્ણ પુરાવો

છે. અહીં અવાજ પહોંચાડનારની કરામત છે અને અમે સંબોધન કરીએ છીએ ત્યાં સાંભળનારની કરામત હોય છે.

## ★ ફતાવા અબ્દુલ હય્ય ★

મૌલાના અબ્દુલ હય્ય સાહેબ ફિરંગી મહલીને દેવબંદીઓ માને છે અને તેઓ તેમને પોતાના માટે ભરોસાપાત્ર સમજે છે. અત્રે અમે તેમના ફતાવાની કિતાબનો પુરાવો રજુ કરીએ છીએ. કિતાબુલ અકાઈદ, પેજ નં. ૪૩ પર છે :–

હઝરત અબ્બાસ رضی اللہ عنہ એ પૂછયું, અય અલ્લાહના રસૂલ ! صلی اللہ تعالیٰ علیہ وسلم ચાંદ તમારી સાથે વર્તણુંક રાખતો હતો જ્યારે આપ ચાલીસ દિવસના હતા. આપે ફર્માવ્યું, મારી દયાળુ માતાએ મારો હાથ ફીટ બાંધી દીધો હતો જેની તકલીફથી મને રડવું આવતું અને ચાંદ મનાઈ કરતો હતો. હઝરત અબ્બાસ رضی اللہ عنہ એ વિનંતી કરી કે તે સમયે આપ ચાલીસ દિવસના હતા. આ હાલતનું આપને કેવી રીતે ઈલ્મ થયું ? ફમાવ્યું, લૌહે મહફૂઝ પર કલમ ચાલતી હતી અને હું સાંભળતો હતો જ્યારે કે હું માતાના પેટમાં હતો. અને ફરિશ્તાઓ અર્શ નીચે તસ્બીહ કરતા અને હું તેમની તસ્બીહનો અવાજ સાંભળતો હતો જ્યારે કે હું માતાના પેટમાં હતો.

**ફાયદો :–** આ હદીષે પાકથી જાણવા મળ્યું કે નબીએ પાકને સાંભળ વાની એવી શકિતઓ આપવામાં આવી હતી કે જ્યારે કે હજી આપ દુનિયામાં પધાર્યા ન હતા, હજી આપ માતાના પેટમાં હતા ત્યારે આપ લૌહે મહફૂઝ પર ચાલતી કલમની અવાજ સાંભળી લેતા, અર્શે ઈલાહી જે સાતેવ આકાશ ઉપર છે ત્યાં ફરિશ્તાઓ તસ્બીહ પઢે છે તેમનો અવાજ પણ સાંભળી લેતા હતા, પછી પૃથ્વીના એક ખૂણાથી લઈને બીજા ખૂણામાં અર્શે ઈલાહીનું જેટલું અંતર નથી, પછી આકા વ મૌલા સાંભળવા ઈચ્છે તો કેમ ન સાંભળે. પછી જો આપને યા રસૂલલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم, યા હબીબલ્લાહ ! صلی اللہ تعالیٰ علیہ وسلم કહેવામાં આવે તો આ પ્રમાણેનું સંબોધન નાજાઈઝ કેમ કરી થાય ? દેવબંદીઓની ભાષામાં શિર્ક કેવી રીતે બને ?

ઉપરોકત હદીષની રિવાયત પર અમારે ચર્ચા કરવાની કોઈ





જરૂરત નથી કારણ કે, જેમને સમજાવવા માટે અમે કોશિશો કરી રહ્યા છીએ તેમના ભરોસાપાત્ર મૌલાના અબ્દુલ હય્ય સાહેબે પોતાના ફતાવામાં કિતાબુલ અકાઈદમાં નકલ કરી છે. ઉપરોકત હદીષ નકલ કરવા લાયક હશે ત્યારે તો આપે નકલ કરી હશે ? એટલે અમારા વિરોધીઓ જેઓ મૌલાના સાહેબને માને છે તેમણે ઉપરોકત હદીષમાં રિવાયતી વાંધાવાચક કાઢવાની જરૂરત નથી.

## ★ પીરનો અધિકાર અને ગંગોહી સાહેબ ★

ઈમ્દાદુસ્સુલૂક, પેજ નં. ૧૦ ઉપર મૌલ્વી રશીદ અહમદ સાહેબ ગંગોહી પીરના અધિકાર વિશે ચર્ચા કરતાં લખે છે :–

મૂળ લખાણ ફારસીમાં છે તેને ગુજરાતી લીપીમાં રજુ કરવામાં આવે છે;

મુરીદ એ પણ યકીનની સાથે જાણે કે શૈખની રૂહ એક જગામાં કેદ નથી. મુરીદ ગમે ત્યાં હોય દૂર કે પછી નિકટ, ભલે પીરના શરીરથી દૂર છે પણ પીરની રૂહાનિયત દૂર નથી. જ્યારે આ વાત સશકત થઈ ગઈ તો દરેક પળ પીરને યાદ રાખે. દિલી સંબંધ પૈદા થાય છે. અને દરેક સમય ફાયદા પ્રાપ્ત થાય છે. મુરીદ દરેક કામમાં પીરનો મોહતાજ હોય છે. શૈખને દિલમાં હાજર કરી ઝબાને હાલથી એમનાથી માંગે. પીરની રૂહ અલ્લાહના હુકમથી જરૂર ધ્યાન આપશે, પણ પૂરેપૂરો સંબંધ શર્ત છે અને શૈખથી આ પ્રમાણેના સંબંધથી લઈને દિલની જીભ બોલવા લાગે છે એન હક્ક તઆલા તરફ માર્ગ ખુલ્લો થઈ જાય છે અને હક્ક તઆલા એને ઈલ્હામવાળો બનાવી દે છે.

**ફાયદો :–** ગંગોહી સાહેબ નબી અને વલીની શાનમાં ગમે તે કહેતા હશે ભલે પણ ઉપરોકત વાતમાં તેમણે પોતાની પીરી મુરીદી ચમકાવવા એવી એવી વાતો સાબિત કરી છે કે તેમના ચાહકો વાંચે તો અચરજમાં પડી જશે અને માથે હાથ દઈને બેસી જશે કે આ શું થયું ?! ગંગોહી સાહેબે બિલ્ડિંગ બનાવી અને આપણે તેનું રક્ષણ કરતા રહ્યા પણ આજે ગંગોહી સાહેબને શું થયું કે આટલી મહેનત અને શ્રમથી બનાવેલી

બિલ્ડિંગ પોતે જ બોમ્બ મારીને ઉડાવી રહ્યા છે. નબીઓ અને વલીઓ ન હાજર થઈ શકે ન નાઝિર થઈ શકે ! પણ પીર સાહેબની રૂહ માટે દૂર અને નિકટ બધું એક સરખું છે !" મુરીદ ભલેને સેંકડો માઈલ દૂર હોય અને પછી ગમે ત્યાં હોય પણ પીર સાહેબની રૂહ મુરીદથી જુદા થતી નથી. મુરીદ દરેક કામમાં પીરનો મોહતાજ હોય છે અને તેણે પોતાની દરેક જરૂરતને પૂરી કરવામાં પીરનો સહારો લેવો જોઈએ. પીર તેને ફાયદો પહોંચાડી શકે છે. પીરના સદકામાં દિલ ચાલુ થઈ જાય છે પછી તેમાં દરેક સમય ઝિક્ર ચાલુ રહે છે. અને પીરથી મજબૂત સંબંધ લઈને તે ખુદાની બારગાહનો પ્રિય બની જાય છે અને અલ્લાહ તઆલા તેનું રહસ્ય ખોલી નાખે છે. હમણા તો પીર દરેક વાત જાણી લેતા હતા હવે મુરીદ પણ એટલો કમાલવાળો બની જાય છે ! આ છે દેવબંદી પેશ્વા ગંગોહી !

ભાઈઓ ! અમો તો પહેલાંથી જ માનીએ છીએ કે અલ્લાહના વલીઓની સંગતમાં દરેક ફાયદો મળી શકે છે અને તેઓની રૂહાનિયત આપણી સાથે રહી શકે છે. તેમના માટે દૂર, નજીક બધું એક જેવું છે. પણ અમને ખુશી એ થઈ કે જેઓ વિરોધ ઉઠાવે છે અને વાત વાતમાં શિર્ક શિર્ક બોલે છે તેમના વડાએ પીર માટે હાઝિર નાઝિર હોવાનો અધિકાર સાબિત કર્યો. જ્યારે અલ્લાહના વલીઓ માટે દૂર અને નિકટ એક જેવું છે અને તેઓ પોતાના શરીરો સાથે આપણાથી દૂર હોય પણ તેમની રૂહાનિયત આપણી નિકટ જ હોય છે. અને જ્યારે નિકટ હોય છે તો પછી શરીરથી કેટલા દૂર છે તે જોવામાં નહીં આવે, તેમની રૂહાનિયતને નિકટ સમજીને સંબોધન કરી શકાય છે.

**મુદ્દઈ લાખ પે ભારી હય ગવાહી તેરી !**

## ★ ઈમામ રાઝી رحمۃ اللہ علیہ નું મંતવ્ય ★

ઈમામે રાઝીની ખ્યાતિ પામેલ ભરોસાપાત્ર તફસીર જિ.૫ માં છે :–

જ્યારે કોઈ વ્યકિત નેકીઓની સતત પાબંદ રહે છે તો તે એવા મુકામે પહોંચી જાય છે જેની બાબત અલ્લાહ તઆલાએ કુન્તો લહુ સમ્અન વ બસરન ફર્માવ્યું :–





فَاِذَا صَارَ نُوْرُ جَلَالِ اللّٰہِ سَمْعًا لَّہٗ سَمِعَ الْقَرِیْبَ وَ الْبَعِیْدَ وَ اِذَا صَارَ ذٰلِكَ النُّوْرُ بَصَرًا لَّہٗ رَاٰی الْقَرِیْبَ وَالْبَعِیْدَ وَاِذَا صَارَ ذٰلِكَ النُّوْرُ یَدًا لَّہٗ قَدَرَ عَلَی التَّصَرُّفِ فِی الصَّعْبِ وَ السَّھْلِ وَ الْقَرِیْبِ وَ الْبَعِیْدِ

પછી જ્યારે અલ્લાહના જલાલનું નૂર તેનો કાન બની જાય છે તો તે નજીક અને દૂરનું સાંભળે છે અને જ્યારે તે નૂર તેની આંખ બની જાય છે તો તે જુએ છે નજીક અને દૂર, અને જ્યારે તે નૂર તેનો હાથ બની જાય છે તો તે કષ્ટદાયક અને સહેલું, નજીક અને દૂરમાં કામ કરી બતાવવાની શકિત ધરાવે છે.

**સુનતે હૈં દેખતે હૈં સમીઓ બસીર હૈં**
**મુન્કિરકો હૈં વઈદ અઝાબે શદીદકા**

**ફાયદો** :– ઈમામે રાઝી رحمۃ اللہ علیہ એ તો નજીક અને દૂરનો શબ્દ ઉમેરીને આપણા પ્રશ્નનો ઉકેલ લાવી દીધો, જેઓ અલ્લાહના વલી હોય છે તેઓ અલ્લાહના પ્રિય હોય છે અને તેમને અલ્લાહ તઆલા એવી એવી શકિતઓ આપે છે કે લોકોને જોઈને એ માનવું જ પડે છે કે આ અલ્લાહનો વલી છે. જે જેનો હોય તેની પાછળ તેનો હાથ હોય, આ અલ્લાહના છે તો એમની પાછળ અલ્લાહની કુદરતનો હાથ છે.

બીજાું એ કે જ્યારે અલ્લાહના વલીઓ અલ્લાહની અર્પણ કરેલ શકિતઓથી અલ્લાહના બંદાઓની સાંભળી શકે છે અને દૂર, નજીક દરેક જગ્યાએ બંદાઓનું કામ બનાવી આપે છે તો પછી તેમને દૂરથી સંબોધન કરી શકાય છે કે આપણો અવાજ તો જ્યાં સુધી પહોંચે છે પહોંચશે પણ કરામત સાંભળનારની છે તેમના માટે દૂર, નજીક બધું જ બરાબર છે એટલે તેમને સંબોધની મદદની માંગ કરી શકાય છે.

**સવાલ** :– દેવબંદીઓનો શાયરીમાં એક પ્રશ્ન છે તેનો ઉત્તર પણ શાયરીમાં મળશે.

**વોહ કયા હંય જો નહીં મિલતા ખુદાસે**
**જિસે તુમ માંગતે હો ઔલિયાસે**

એટલે કે ખુદાથી તમને શું નથી મળતું જેને તમે વલીઓ પાસે માંગો છો. મતલબ એ કે જ્યારે દરેક ચીજ વસ્તુ ખુદા તઆલા જ આપે છે તો ખુદાને છોડીને બીજા કોઈની પાસે કંઈ જ ન માંગવું જાઈએ.

**જવાબ :– વોહ ચંદા હૈ ! જો નહીં મિલતા ખુદાસે !**
**જિસે તુમ માંગતે હો અગ્નિયાસે !**

એટલે કે તમે એવું કહેવા માંગો છો કે દરેક ચીજ વસ્તુ ખુદા પાસેથી જ મળે છે તો પછી વલીઓ પાસે માંગવું બેવકૂફી અને અલ્લાહની તૌહીન કરવા બરાબર છે. તો તેમની વાતનો જવાબ આપવામાં આવ્યો કે પછી તમે માલદારો પાસે મસ્જિદ મદ્રસાનો ચંદો લેવા માટે શા માટે જાવો છો ? શું તમને દરેક ચીજ ખુદા નથી આપતો ?! શું તમારું એ વાત પર ઈમાન નથી કે મસ્જિદ, મદ્રસા અને આપણા ઘરો ખુદા તઆલા જ ચલાવે છે ? તો પછી માલદારો પાસે ચંદો કેમ કરો છો ? જે તમારો જવાબ માલદારોથી માંગવા બાબતે હશે તે જવાબ અમારો વલીઓથી માંગવા બાબતે રહેશે.

**સવાલ :–** અમે માલદારોને ખુદા સમજીને નથી માંગતા બંદા સમજીને માંગીએ છીએ.

**જવાબ :–** અમે પણ વલીઓને ખુદા સમજીને નથી માંગતા ખુદાના નેક બંદા સમજીને માંગીએ છીએ.

**સવાલ :–** અમે તો તેમની પાસે જઈને માંગ કરીએ છીએ અને તમે તો દૂરથી કરો છો ?

**જવાબ :–** અને તમે લોકો કયારેક ટેલીફોનથી પણ માંગ તો કરી જ લો છો ! તો પછી અમે કયારેક એમની કબરો પર હાજરી આપીને માંગ કરીએ છીએ અને કયારેક દૂરથી કરીએ છીએ જેને તેઓ રૂહાની પાવર હાઉસ દ્વારા સાંભળી લે છે. તમને તાર, ટેલીફોન, અને આધુનિક શોધો પર ગર્વ છે અને અમને વલીઓની ખુદાની અર્પણ કરેલી રૂહાની શકિતઓ પર ગર્વ છે. એ તો નસીબની વાત છે કોઈ દુનિયાદાર બને અને કોઈ દીનદાર !

## ★ દલાઈલુલ્ ખૈરાત ★

"અલ્ મુહન્નદ"માં દેવબંદી આલિમોના વડાઓની જમાઅતે એ





વાત સ્વીકારી લીધી કે "દલાઈલુલ ખૈરાત"નો વિર્દ કરી શકાય છે. અને આમ કયારે કહી શકાય જ્યારે તેની રિવાયતોને અથવા વર્ણવવામાં આવેલી વાતોને માન્ય રાખવામાં આવે તો હવે અમે તે દલાઈલુલ ખૈરાતની એક રિવાયત તમારી ખિદમતમાં રજુ કરીએ છીએ.

દલાઈલુલ ખૈરાતના ખુત્બામાં છે : સરકારે દો આલમ ﷺને પૂછવામાં આવ્યું કે તમારાથી દૂર રહેવાવાળાઓ અને જેઓ (ભવિષ્યમાં) આવશે તો બંનેના દુરૂદોનો શું હાલ છે ? તો આપે ફર્માવ્યું :–

اَسْمَعُ صَلٰوۃَ اَھْلِ مَحَبَّتِیْ وَاَعْرِفُھُمْ

હું મારાથી મહબ્બત કરવાવાળાનાં દુરૂદ સાંભળું છું અને તેમને ઓળખું છું.

**ફાયદો :–** હદીષે પાકમાં સ્પષ્ટ સવાલ ગાયબ એટલે જ હાજર ન હોય પછી તે દુનિયામાં ગમે ત્યાં રહતો હોય તેની બાબત કરવામાં આવ્યો. અને બીજો પ્રશ્ન ભવિષ્યમાં જે લોકો કિયામત સુધી આવતા રહેશે અને તેઓ દુરૂદ પઢશે, તેમની બાબત કરવામાં આવ્યો, પણ સરકારે દો આલમે એવો જવાબ આપ્યો કે દુરૂદની બીજી હદીષોનો જવાબ પણ બની ગયો અને આપણી માન્યતા અને અકીદાનો ખુલાસો પણ થઈ ગયો. આપે ફર્માવ્યું, મારાથી મહબ્બત કરવાવાળો હાજર હોય કે ગેરહાજર, પાસે હોય કે દૂર હોય. દુનિયામાં આવી ગયો હોય કે કિયામત સુધીમાં ગમે ત્યારે આવવાનો હોય પણ હું તેના દુરૂદને સાંભળું છું અને સાંભળીશ, ઓળખું છું અને ઓળખીશ.

અમારે સાબિત એ જ કરવું હતું કે કોઈ વ્યકિત ગમે ત્યાં રહીને સંબોધન કરે તો નબી સાંભળે છે. હદીષે પાકમાં સવાલ દુરૂદ શરીફ બાબતે પૂછવામાં આવ્યો તો આપે દુરૂદ બાબતે ફર્માવ્યું પણ એનો મતલબ એવો થોડો છે કે માત્ર દુરૂદ સંભળાય અને બીજી વાત હોય તો ન સંભળાય ! સ્પષ્ટ થયું કે નબી સાંભળે છે અને તેમને સાંભળવા માટે દૂર અને નિકટ કોઈ ચીજ નથી.

વલીઓને મળતી કરામતો નબી ﷺ ના ફૈઝ અને તેમની

સાથે સાચી મહબ્બત અને પ્રેમ કરવાથી અને તેમની સીરત પર અમલ કરવાથી મળે છે. તો જ્યારે નબી માટે એ સાબિત થઈ ગયું તો નબીના સંબંધથી વલીઓ માટે પણ સાબિત થઈ ગયું અને વલીઓ માટેના પુરાવા રજુ કરી દેવામાં આવ્યા છે.

## ★ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નો સાંભળવું અને જોવું ★

નબીએ અકરમ નૂરે મુજસ્સમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ આપણને અલગથી નસીહત કરીને સમજાવવાની કોશિષ કરી છે કે આપણે એ બાબતે ખોટી વાત બોલી નબીનું અપમાન ન કરીએ અને આપણું ઈમાન ખતરામાં ન નાંખીએ.

માણસની આદત છે કે જ્યારે એને સામે કોઈ બનાવ બને છે તો તે પહેલાં અક્કલથી વિચારે છે અને માણસની વિચારસરણી માહોલ પર આધારિત હોય છે. મનુષ્ય વર્તુળમાં કેટલી શક્તિઓ છે અને માણસ શું શું કરી શકે છે તેમાં જ તેનું દિમાગ ફરતું હોય છે. જો કોઈ વિચિત્ર કામ અને તે પણ એવું જે મનુષ્ય શક્તિથી બહાર હોય અને તેની આંખો સમક્ષ એ બનાવ બન્યો હોય તો તે સર્કલ અને વર્તુળથી બહાર થઈને વિચારવાની કોશિશ કરે છે અને જેની સામે એ બનાવ નથી બન્યો તેવી વ્યક્તિ પાસે જ્યારે ખબર પહોંચે છે તો તે કબૂલવામાં આનાકાની કરે છે અને શંકા કુશંકામાં સપડાયેલા રહે છે. કયારેક એવું વિચારે છે કે હાથ ચાલાકી હશે, કયારેક વિચારે છે કે મેલી વિદ્યા અને જાદૂથી હશે, કયારેક વિચારે છે કે થયું કંઈ નહીં હોય નજરબંધી કરવામાં આવી હશે, શકય છે કે તે મનુષ્ય ન હોય અને જિન હોય, વગેરે. પરંતુ તે હિંમત ન હારે અને શ્રમ કરતો રહે તો અંતે મકસદમાં સફળ થાય છે અને સત્ય માર્ગ પામી લે છે. કુર્આનનો તર્જુમો પઢતા હોય અથવા કેસેટોથી સાંભળતા હોય તો તેમને એ વાતનું ઈલ્મ હશે કે નબીઓ જ્યારે મનુષ્ય શક્તિથી બહાર જઈને મો'જિઝો બતાવતા તો તેઓ જાદૂ કહીને ખસી જતા હતા, પણ અંતે તેમને માર્ગ મળી જતો હતો.

માણસે માત્ર પોતાની અક્કલને માર્ગદર્શક ન બનાવવી જોઈએ થોડું આગળ પણ વધવું જોઈએ. દરેકની અક્કલ અને વિચારસરણી અલગ





હોય છે એટલે વિચારસરણીના આધારે માર્ગ એક નથી રહેતો. દરેકની વિચારસરણીના આધારે એનો માર્ગ અલગ બનતો જાય છે. આજની સ્થિતિઓ સામે રાખીને ફેંસલો કરવામાં આવે તો તમને જાણવા મળશે કે દિવસે દિવસે ઈસ્લામના નામ પર નવા નવા ફિર્કાઓ અને નવી નવી જમાઅતો વજૂદમાં આવતી જોવા મળે છે. એવું કેમ થઈ રહ્યું છે ? એટલા માટે કે લોકો ધર્મ અને દીનને અક્કલના આધારે લઈ આવ્યા છે. અને દરેકની અક્કલ એક સરખી નથી પછી એના પર આધારિત રાખવામાં આવેલો ધર્મ એક સરખો કેમ કરી રહે ? એટલે નવા નવા ફિર્કાઓ જોવા મળે છે.

માણસે ઈમાન લાવવા માટે અક્કલનો થોડો સહારો લેવો પડે છે, ઈસ્લામના વર્તુળમાં આવ્યા પછી તેની વિચારસરણીનો આધાર અક્કલ નથી હોતી માત્ર કુર્આન અને હદીષ હોય છે. જો વાસ્તવમાં કુર્આન અને હદીષને માર્ગદર્શક બનાવવામાં આવે તો બદ્અકીદગી અને કુસમજીનો મૂળમાંથી નાશ થઈ શકે છે. તો આપણા આકાએ બે શબ્દોમાં આપણને નસીહત ફર્માવી, અને આપણી વિચારસરણીને મનુષ્ય વર્તુળથી બહાર કરવાની દા'વત આપતાં ફર્માવ્યું;

તિર્મિઝી, ઈબ્નેમાજહ્, અને મિશ્કાતમાં છે હઝરત અબૂબક્ર ગેફારી ફર્માવે છે કે નૂરે મુજસ્સમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો :-

إِنِّي أَرَىٰ مَا لَا تَرَوْنَ وَأَسْمَعُ مَا لَا تَسْمَعُونَ

બેશક ! હું જે જોઉં છું તે તમે નથી જોતા અને હું સાંભળું છું. તે તમે નથી સાંભળતા !

એટલે કે મને મનુષ્યથી અને તેમના સમગ્ર વર્તુળથી વધીને રૂહાની શક્તિઓ આપવામાં આવી છે. તમારું અને મારું જોવું એક સરખું નથી, તમારું અને મારું સાંભળવું એક સરખું નથી. એટલે મારી બાબતે તમારે નિર્ણય લેવો હોય તો તમારે તમારે વિચારસરણીથી બહાર આવીને રૂહાની શક્તિઓ પર ઈમાન લાવવું પડશે.

હદીષમાં ફર્માવવામાં આવ્યું : તરૌવના, તસ્મઉના, તમે જુઓ છો અને તમે સાંભળો છો. "તમે" માં નબીને છોડીને સઘળા મનુષ્યોનો

અને આગળ વધીએ તો જિન્નાતોનો પણ સમાવેશ થાય છે. સર્વને સંબોધન કરવામાં આવ્યું કે તમે લોકો નબીના સાંભળવાની શકિત અને જોવાની શકિતને તમારા જિન્ન વર્તુળમાં અને મનુષ્ય વર્તુળમાં બંધ કરીને ન રાખશો. નબી એ સર્વથી વધારે જુએ છે અને વધારે સાંભળે છે, કેટલું વધારે ? તે રિવાયત તમારી ખિદમતમાં મજમઉલ ફતાવા મૌલાના અબ્દુલ હય્યના પુરાવાથી રજુ કરી દેવામાં આવી છે કે નબીએ પાક માતાના પેટમાં હતા ત્યારે લૌહે મહફૂઝ પર ચાલતી કલમનો અવાજ સાંભળતા હતા, અર્શે ઈલાહીની નીચે ફરિશ્તાઓ જે તસ્બીહ પઢ છે તેમનો અવાજ પણ સાંભળતા હતા. શું આવી શકિત મનુષ્ય અને જિન્નના વર્તુળમાં છે ? તો પછી તે નબીની રૂહાની શકિતઓ લક્ષમાં રાખી સંબોધન કરવામાં આવે તો પછી કુર્આન અને હદીષને માર્ગદર્શક બનાવનાર મુસલમાન ઈન્કાર કેમ કરીને કરી શકે ?

**અકલ કુર્બાન કુન બપેશે મુસ્તફા**

## ★ બીજો નમૂનો ★

મુસ્તદરકમાં હાકિમે હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત કરી છે : સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ હઝરત બિલાલ رضی اللہ عنہ ને પૂછયું, અય બિલાલ ! જે હું સાંભળું છું તમે પણ સાંભળો છો ? હઝરત બિલાલે વિનંતી કરી, ના ! કસમ ખુદાની અય અલ્લાહના રસૂલ ! صلی اللہ تعالیٰ علیہ وسلم હું તે નથી સાંભળ તો. તો આપે ફમાવ્યું :– اَلَا تَسْمَعُ اَهْلَ الْقُبُوْرِ يُعَذَّبُوْنَ

શું તમે નથી સાંભળતા કબ્રવાળાઓને અઝાબ થઈ રહ્યો છે ! એટલે કે કબ્રવાળાઓને અઝાબ થઈ રહ્યો છે અને તેઓ ચીસાચીસ કરી રહ્યા છે પણ તેનો સંબંધ આલમે ગયબથી છે, આલમે ગયબ મારા માટે ગયબ નથી. એટલે હું જોઈ પણ રહ્યો છું અને ચીસો સાંભળી પણ રહ્યો છું.

મુડદુ કબ્રમાં હોય છે આપણી અને મુડદાની વચમાં માટીનો ઢગલો હોય છે. આપણી આંખો ઢગલાની પાર નથી જોઈ શકતી અને આલમે ગયબનો અવાજ આપણા માટે ગયબ છે એટલે સાંભળી તો શકતા જ નથી. પણ નબી માટે માટીનો ઢગલો જોવાથી રુકાવટ નથી બની શકતો અને સાંભળ વામાં આલમે ગયબ શહાદત છે, શહાદતનું પૂછવું જ શું ?





બુખારીમાં હઝરત અબૂ ઐયૂબ અન્સારીથી રિવાયત છે આપ ફર્માવે છે કે, સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم સાંજના સમયે નીકળ્યા તો આપે એક અવાજ સાંભળ્યો. આપે ફર્માવ્યું :–

يَهُوْدُ تُعَذَّبُ فِىْ قُبُوْرِهَا

"યહૂદીઓને એમની કબ્રોમાં અઝાબ આપવામાં આવી રહ્યો છે."

ખસાઈસે કુબ્રા અને મુસ્તદરકમાં હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ અને હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضوان اللہ تعالیٰ علیہم اجمعین થી રિવાયત છે : તેઓ ફર્માવે છે કે અમે સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખિદમતે અકદસમાં હાજર હતા એટલામાં ઓચિંતા આપે માથું ઉઠાવ્યું અને ફર્માવ્યું, વ અલૈકુમુસ્સલામ વરહમતુલ્લાહિ વબરકાતુહુ. હાજર જનોએ વિનંતી કરી, અય અલ્લાહના રસૂલ ! આપે શું કર્યું ? એટલે કે સલામનો જવાબ કોને આપ્યો ? આપે ફર્માવ્યું :–

مَرَّ بِىْ جَعْفَرُ بْنُ اَبِىْ طَالِبٍ فِىْ مَلَاٍ مِّنَ الْمَلٰٓئِكَةِ فَسَلَّمَ عَلَىَّ

જઅફર બિન અબી તાલિબ ફરિશ્તાઓની એક જમાઅત સાથે ઉપરથી પસાર થયા તો એમણે મને સલામ કરી.(તો મેં તેમને સલામનો જવાબ આપ્યો.)

સલામનો જવાબ તો સહાબાને સાંભળવા મળ્યો પણ સલામ કરવામાં આવી તેનો અવાજ ન સંભળાયો અને એટલે જ એમણે સવાલ કર્યો કે હુઝૂર આપે સલામનો જવાબ કોને આપ્યો. બીજું એ કે ફરિશ્તાઓની જમાઅત સાથે હઝરત જઅફર પસાર થયા, હુઝૂરે તેમને જોયા પણ સહાબા હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم સાથે હતા એમણે ન જોયા. સ્પષ્ટ થયું કે નબીનું સાંભળવું અને આપણા સાંભળવામાં જમીન અને આકાશનો તફાવત છે ! આપણા જોવામાં અને નબીના જોવામાં એટલો જ તફાવત છે જે નબીને ગયબની અવાજો સંભળાય તેમને આલમે શહાદતની અવાજ કેમ ન સંભળાય ?!

એસાબા ફી મઅરેફતિસ્સહાબામાં અને તિબ્રાનીએ સગીરમાં હઝરત ઉમ્મુલ મો'મિનીન મૈમૂના رضی اللہ عنہا થી રિવાયત કરી છે : છે આપે ફર્માવ્યું, સરકારે દો આલમ મારે ત્યાં હતા, આપ નમાઝે તહજ્જુદ માટે ઉઠયા અને વુઝૂ કરવાની

જગાએ ગયા તો મેં સાંભળ્યું કે આપે વુઝૂની જગાએ ત્રણ વખત **લબ્બૈક** ! ફર્માવ્યું અને ત્રણ વખત "તમારી મદદ કરવામાં આવી" એવું ફર્માવ્યું, જ્યારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم વુઝૂ કરીને આવ્યા તો મેં વિનંતી કરી, અય અલ્લાહના રસૂલ ! صلی اللہ تعالیٰ علیہ وسلم મેં તમને તમારી વુઝૂની જગાએ ત્રણ વખત **લબ્બૈક** ! અને ત્રણ વખત **નુસિરતા** કહેતાં સાંભળ્યું, આપ કોઈની સાથે વાત કરી રહ્યા હતા !

فَهَلْ كَانَ مَعَكَ اَحَدٌ فَقَالَ هٰذَا رَاجِزٌ يَسْتَصْرِخُنِىْ પણ તમારી સાથે કોઈ માણસ ન હતું (તો પછી વાત કોની સાથે કરી રહ્યા હતા ?) આપે ફર્માવ્યું, આ રાજિઝ મને ફરિયાદ કરી રહ્યો છે.

વાકયો અને કિસ્સો એવો છે કે સુલહે હુદૈબિયામાં બની બિક્ર કુરૈશ તરફથી જવાબદાર બન્યા હતા અને ખેઝાઅ કબીલાના લોકો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم તરફથી જવાબદાર બન્યા હતા અને બંનેની જવાબદારી એ વાત પર હતી કે ભવિષ્યમાં દસ વર્ષો સુધી પરસ્પર લડાઈ અને યુધ્ધ કરવામાં નહીં આવે. પરંતુ કુરૈશે વાયદા ખિલાફી કરી અને બની બિક્ર સાથે મળીને મુસલમાનોને કત્લ કરવાનો ઈરાદો કર્યો એ સમયે હઝરત અમ્ર બિન સાલિમ રાજિઝે મક્કાથી સરકારે દો આલમને ફરિયાદ કરી અને મદદની માંગ કરી, તેમના જવાબમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ત્રણ વખત **લબ્બૈક** અને ત્રણ વખત **નુસિરતા** કહીને મદદ ફર્માવી. ત્યાર પછી હુઝૂરે પાકે કુરૈશવાળાઓ પર હુમ્લો કર્યો અને મક્કા શરીફ પર વિજય મેળવી લીધો.

આ વાકયો અને હદીષ સ્પષ્ટ બતાવી રહી છે કે ફરિયાદ કરનાર ગમે ત્યાં હોય જો તે ફરિયાદ કરે તો નબી સાંભળી લે છે, ઓળખી લે છે અને મદદ પણ કરી શકે છે. જ્યારે નબીએ પાકની આ શાન અને માન મર્તબો છે તો પછી દૂરથી સંબોધન કરવું જાઈઝ છે, દૂરથી ફરિયાદ કરવી જાઈઝ છે, આપથી મદદની માંગ કરવી જાઈઝ છે.

## ★ નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ની યાદ પૂરા અદબથી કરો ★

આપણી ચર્ચા એ ચાલી રહી છે કે આપણે નબીને સંબોધન કરી શકીએ છીએ અને આપણી વાત નબી સાંભળી શકે છે, તો એ બાબતે સારો એવો ખુલાસો હઝરત અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ એ પોતાની





જગ મશ્હૂર કિતાબ મદારિજુન્નબુવ્વત, ભાગ-૨ માં કરેલો છે.

ફર્માવે છે : હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નો ઝિક્ર કરો અને આપ પર દુરૂદ પઢો. અને એવી સ્થિતિમાં રહેવું કે જાણે આપ અમારી સમક્ષ હાજર છે જાહેરી હયાતની સ્થિતિમાં અને તમે આપને જોઈ રહ્યા છો. અદબ, ઈજ્જત, બીક અને શરમથી રહો.

વ બેદાંકે વે صلی اللہ تعالیٰ علیہ وسلم મી બીનદ વ મી શુનવદ કલામે તોરા ઝેરા કે વે صلی اللہ تعالیٰ علیہ وسلم મુત્તસિફ અસ્ત બસિફાતે ઈલાહિય્યા વ યકે અઝ સિફતે ઈલાહી આનસ્ત કે,

اَنَا جَلِيْسُ مَنْ ذَكَرَنِىْ

સારી રીતે એ જાણી લો કે સરકાર صلی اللہ تعالیٰ علیہ وسلم તમારી વાત સાંભળ અને જુએ છે. કારણ એ કે સરકાર صلی اللہ تعالیٰ علیہ وسلم ને અલ્લાહની સિફતોમાં શણગારવામાં આવ્યા છે (જે સિફતો મુસ્તફામાં અતાઈ છે) અને અલ્લાહ તઆલાની એક સિફત એ પણ છે કે હું મારા ઝિક્ર કરવાવાળા પાસે રહું છું.

મુહદ્દિષ સાહેબે એ મંતવ્ય વ્યકત કર્યું કે સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ને અલ્લાહ તઆલાએ પોતાની સિફતોનું નૂર અર્પણ કર્યું છે અને આપને પોતાની મખ્લૂકમાં બેમિસાલ નબી બનાવ્યા છે. જેમ આપણે ખુદાને યાદ કરીએ છીએ, ઝિક્ર કરીએ છીએ ત્યારે એ માન્યતા રાખીએ છીએ કે અલ્લાહ તઆલા આપણાથી નિકટ છે અને આપણને જોઈ રહ્યો છે અને આપણા કલામ (વાત)ને સાંભળી રહ્યો છે. તો જ્યારે સરકારે દો આલમને અલ્લાહ તઆલાએ પોતાના તરફથી સીમા પારની શકિતઓ અર્પણ કરી છે તો જ્યારે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને યાદ કરવામાં આવે, આપનો ઝિક્ર કરવામાં આવે, નઅત શરીફ પઢવામાં આવે, સલાતો સલામ પેશ કરવામાં આવે તો આ કામો ઘણા જ અદબપૂર્વક કરવાં જોઈએ કારણ કે સરકાર આપણી પાસે છે, આપણને જુએ છે અને આપણુ ઝિક્ર, નઅત, મૌલૂદ શરીફ સાંભળે છે.

સ્પષ્ટ થયું કે જ્યારે સરકાર જુએ છે, સાંભળે છે અને હાજરી પણ આપે છે પછી આપને સંબોધન કેમ ન કરી શકાય ? આપને ફરિયાદ કેમ ન કરી શકાય ? આપથી મદદની માંગ કેમ કરી શકાય ?

## ★ નબી દુરૂદ સાંભળે છે ★

જેલાઉલ અફહામમાં ઈબ્ને કૈયિમે હઝરત અબૂબક્ર મુહમ્મદ બિન ઉમર رضی اللہ عنہ ફર્માવે છે કે હું હઝરત અબૂબક્ર બિન મુજાહિદ પાસે હતો. એટલામાં હઝરત શિબ્લી આવ્યા અને અબૂબક્ર બિન મુજાહિદ એમની તાઝીમ માટે ઊભા થયા અને તેમને ગળે મળ્યા અને તેમની બે આંખોની વચમાં કપાળ પર ચુંબંન કર્યું. મુહમ્મદ બિન ઉમર કહે છે : મેં અરજ કરી, અય સરકાર ! તમે હઝરત શિબ્લી સાથે આ પ્રમાણે કરો છો ? જયારે કે આપ પોતે અને બગદાદના લોકો એમને મજનુ અને દીવાના કહો છો ! અબૂબક્ર બિન મુજાહિદે ફર્માવ્યું, મેં શિબ્લી સાથે એવું કામ કર્યું જેવું મેં સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ને કરતાં જોયા. અને તે એ કે મેં સ્વપ્ન જોયું કે આ શિબ્લી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની સભામાં આવ્યા તો હુઝૂર એમના માટે ઊભા થઈ ગયા અને એમના કપાળ ચુબંન કર્યું ! મેં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને પૂછયું, આકા ! તમે શિબ્લી સાથે આ પ્રમાણે કરો છો ! તો આપે ફર્માવ્યું, આ શિબ્લી દરેક નમાઝ પછી لَقَدْ جَآئَکُمْ થી સૂરતના અંત સુધી પઢે છે અને પછી ત્રણ વખત આમ કહે છે :–

صَلَّى اللّٰهُ عَلَيْكَ يَا مُحَمَّدُ

અય મુહમ્મદ ! صلی اللہ تعالیٰ علیہ وسلم તમારી ઉપર અલ્લાહની રહમત વરસે ! ઈબ્ને મુજાહિદ ફર્માવે છે, મેં હઝરત શિબ્લીને પૂછયું તો તેમણે જે મેં સાંભળ્યું હતું તેવું જ કહી સંભળાવ્યું.

**ફાયદો** :– હઝરત અબૂબક્ર શિબ્લી رحمۃ اللہ علیہ અલ્લાહના વલી હતા અને દુનિયામાં જેમની વિલાયત એવી હતી કે ખ્યાતિ પામેલ તેવા વલીઓએ આપને વલી ફર્માવ્યા છે. તેમના વઝીફા પર ધ્યાન આપો. કુર્આનની બે આયતો પઢીને પછી સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم પર દુરૂદ પઢતા અને દુરૂદમાં **"યા"** શબ્દની સાથે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને સંબોધન કરતા, અને હુઝૂરે પાક એમના વઝીફા અને દુરૂદને સાંભળતા, એટલે તો ઈબ્ને મુજાહિદે જયારે સરકારે દો આલમને સ્વપ્નમાં





જોયા અને અબૂબક્ર શિબ્લીને જે આપે ઊભા થઈને સ્વાગત કર્યું તે બાબતે માલૂમ કર્યું તો આકા صلی اللہ تعالیٰ علیہ وسلم એ તેમનો વઝીફો અને જે પ્રમાણે દુરૂદ પઢતા હતા તે જાહેર ફર્માવ્યું. જો નબી જોતા નથી સાંભળતા નથી તો પછી આપને જાણ કેવી રીતે થઈ ?

## ★ ડોકટર ઈકબાલનું મંતવ્ય ★

ડોકટર ઈકબાલ સાહેબે પોતાનું મંતવ્ય શાયરીમાં વ્યકત કર્યું છે કે સરકારે મદીનાની صلی اللہ تعالیٰ علیہ وسلم શાન કેવી હતી અને આપને અલ્લાહ તઆલા તરફથી કેવી કેવી તાકતો અને કેવી કેવી શકિતઓ આપવામાં આવી હતી. લખે છે :–

**મુસ્તફા આઈનએ રૂએ ખુદાસ્ત**
**મુનઅકિસ દરવે હમા ખૂએ ખુદાસ્ત**

ખુદા તઆલાની જાતનો અરીસો મુસ્તફા صلی اللہ تعالیٰ علیہ وسلم છે. અલ્લાહની સિફતોનો પડછાયો તેમનામાં જોવા મળે છે.

## ★ મહફિલમાં નબીની હાજરી ★

શરહુસ્સુદૂરમાં હઝરત ઈમામ જલાલુદ્દીન સિયૂતી رحمۃ اللہ علیہ મહફિલમાં નબીની હાજરીની માન્યતા રાખે છે તેની બાબતે મસ્અલાની છણાવટ કરતાં ન્યાય અને ઈન્સાફથી લખે છે;

જો લોકો એવો અકીદો અને માન્યતા રાખે કે નબીએ પાકની રૂહ અને આપની છબી મૌલૂદ પઢતી વખતે, ખત્મે કુર્આનના સમયે અને કસીદાઓ પઢવાના ટાઈમે હાજરી આપે છે, يَحْضُرُ جَازٌ જાઈઝ છે. એટલે કે આ પ્રમાણેની માન્યતા ઈસ્લામી માન્યતા છે. આવી માન્યતા રાખી શકાય છે. અને કેમ ન રાખી શકાય ?! માત્ર એટલા માટે જ કે નબીએ પાકને આ પ્રમાણેના અધિકાર અલ્લાહ તબારક વ તઆલા તરફથી આપવામાં આવ્યા છે અને આપ હાજરી આપી શકે છે. અને હાજરી કયારે આપે જયારે ખબર હોય, જોતા હોય, અને મહફિલમાં અને સભામાં જે ઝિક્ર થઈ રહ્યો છે તેને સાંભળતા હોય. તો

પછી નબીને સંબોધન કરવું ''યા'' શબ્દથી પુકારવું, આપથી ફરિયાદ કરવી, અને આપથી મદદની માંગ કરવી જાઈઝ છે.

## ★ નઅતની મહફિલમાં હાજરી ★

તરવીહુલ જેનાનમાં મૌલાના અબ્દુલ હય્ય સાહેબ ફિરંગી મહલ્લી હુક્કાનો હુકમ બયાન કરતાં ફર્માવે છે, એક માણસ નઅતખાં હતો અને હુક્કો પણ પીતો હતો. તેણે સ્વપ્ન જોયું કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, જ્યારે તમે મૌલૂદ શરીફ પઢો છો તો હું મહફિલમાં હાજરી આપું છું પણ જ્યારે મહફિલમાં હુક્કો આવે છે તો હું ચાલ્યો જાઉં છું.

મૌલાના અબ્દુલ હય્ય સાહેબે પોતાની વાત સાબિત કરવામાં જે વાકયાને દલીલ બનાવી છે તે એક બનાવ છે પરંતુ સ્વપ્નમાં નબીનું આવવું પોતે નબીનું આવવું છે, તો એનાથી પણ હુકમ સાબિત કરી શકાય છે. જેથી ફર્માવ્યું, હુક્કો મને પસંદ નથી જો તમે એવું ઈચ્છતા હોઉ કે અંત સુધી હું રહું તો તમારી સભામાં હુક્કો ન આવવો જોઈએ.

આપની વર્ણવેલ રિવાયતથી જાણવા મળ્યું કે નઅતની મહફિલ રાખવામાં આવે તો નબીને ખબર હોય છે, જગા પણ જાણતા હોય છે, સાંભળતા પણ હોય છે, હાજરી આપવા ઈચ્છે તો હાજરી પણ આપે છે અને સભામાં શું થાય છે તેની પણ આપને ખબર પડી જાય છે. જ્યારે આ પ્રમાણે નબીની તાકતો અને શકિતઓ છે તો પછી આપને ''યા'' થી સંબોધન કરી શકાય છે અને આપથી મદદની માંગ પણ કરી શકાય છે.

મારા પ્યારા આકા صلی اللہ تعالیٰ علیہ وسلم ની પ્યારી દીવાનીઓ ! આપણી ચર્ચા એ વાત પર ચાલી રહી હતી કે નબીઓ અને વલીઓને દૂરથી સંબોધન કરી શકાય છે. એમનાથી મદદની માંગ કરી શકાય છે અને આ પણ વસીલાનો એક પ્રકાર છે અને આ પ્રમાણે પણ વસીલો લઈ શકાય છે. આ મસ્અલાના સુબૂતમાં અસંખ્ય પુરાવા આપણા તરફથી અને વિવાદ કરનારાઓના વડવાઓના લખાણથી તમારી ખિદમતમાં રજુ કરવામાં આવ્યા. મારા ધારવા મુજબ કોઈની પાસે થોડો પણ





ઈન્સાફ હશે તો મારી વાત તેની સમજમાં આવીને રહેશે અને તે કોઈ પ્રકારનો આ મસ્અલાઓમાં વિવાદ રાખતો હશે તો ઈન્શાઅલ્લાહ તૌબા કરી સત્યમાર્ગ પર આવી જશે. વધુ ઉલ્લેખ માટે તોહફાએ નજાત, ભાગ–૧૦ ની રાહ જુઓ.

દુઆ છે અલ્લાહ તઆલા આપણને સત્ય માર્ગ પર ચાલવાની તૌફીક અતા ફર્માવે અને બદ્અકીદગીથી આપણને બચાવે.

وَمَا عَلَيْنَا اِلَّا الْبَلَاغُ الْمُبِيْنُ وَاٰخِرُ دَعْوَانَا عَنِ الْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ

---


# ફય્ઝાને શરીઅત

ગુજરાતી લિપિમાં

**લેખક : હઝરત મૌલાના ઈબ્રાહીમ 'આસી'**

એમ. એ. બી. એડ. –ઉર્દૂ (અલીગ)

(૧) (રૂબરૂ તથા પોસ્ટથી પણ મળશે)

સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)

મુ. દયાદરા, તા.જિ. ભરૂચ. પિન : ૩૯૨૦૨૦

ફોન : (૦૨૬૪૨) ૮૨૭૯૨, ૮૨૦૧૧

[હદિયો : ૧૫૦/– રૂા. + ટપાલ ખર્ચ રૂા. ૧૫/–]

જેમાં અકાઈદ, નમાઝ, રોઝા, હજ્જ, ઝકાત, કુર્બાની વુઝૂ, ગુસ્લ, તયમ્મુમ, હૈઝો નિફાસ, તથા ઝિક્ર, તિલાવત, દુરૂદ, આદાબે મસ્જિદ તેમજ મદીના શરીફના ફઝાઈલ તથા મસાઈલ, મોટી રાતો તથા દિવસોની ઈબાદતો, માં બાપના, પડોશીના, સગાં સંબંધીના હક્કો, ખૌફે ખુદા તથા તૌબા, અમ્ર બિલ મઅ્રૂફ, સબ્ર, શુક્ર, હલાલ રોજી, મૌત, જનાઝા, નિકાહ,મીલાદ શરીફ, ખામોશી, સારાં નામો રાખવા વિશે તથા દુઆ વગેરે બયાનોનો અઢળક ખજાનો. આ કિતાબમાં ભરેલો છે.

### (પ્રકરણ-૫)

# તબર્રુકનો વસીલો

اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعَالَمِيْنَ وَالْعَاقِبَةُ لِلْمُتَّقِيْنَ وَالصَّلٰوةُ وَالسَّلَامُ
عَلٰى سَيِّدِ الْاَنْبِيَاءِ وَالْمُرْسَلِيْنَ وَعَلٰى اٰلِهٖ وَصَحْبِهٖ اَجْمَعِيْنَ
اَمَّا بَعْدُ فَاَعُوْذُ بِاللّٰهِ مِنَ الشَّيْطَانِ الرَّجِيْمِ بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ
الرَّحِيْمِ يَآ اَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا اتَّقُوا اللّٰهَ وَكُوْنُوْا مَعَ الصَّادِقِيْنَ
صَدَقَ اللّٰهُ الْعَظِيْمُ وَصَدَقَ رَسُوْلُهُ النَّبِيُّ الْاَمِيْنُ الْكَرِيْمُ وَ
نَحْنُ عَلٰى ذٰلِكَ لَمِنَ الشَّاهِدِيْنَ وَالشَّاكِرِيْنَ
اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَا رَسُوْلَ اللّٰهِ
اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَا حَبِيْبَ اللّٰهِ
اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَا نَبِيَّ اللّٰهِ
اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَا نُوْرَ اللّٰهِ
صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْكَ وَسَلَّمَ

મારા પ્યારા આકા વ મૌલા صلی اللہ تعالیٰ علیہ وسلم ની દીવાનીઓ ! વસીલા વિશે અન્ય પ્રકરણો તમારી ખિદમતમાં રજુ થયાં આજે હું તમને એ બતાવીશ કે તબર્રુકની ચીજ વસ્તુઓનો વસીલો લઈ શકાય છે અને કુર્આન અને હદીષમાં જગા જગાએ એ વિશે ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

આપણે અહલે સુન્નત વલ જમાઅત છીએ એટલે આપણે આપણા અમલો કુર્આન, હદીષ, અને સહાબા, તાબેઈનના માર્ગ પર રહીને કરીએ છીએ. કોણ માને છે અને કોણ નથી માનતો એનાથી આપણને કોઈ મતલબ નથી ! જે જેવું કરશે તે ભોગવશે. પણ આપણો ધ્યેય એ છે કે આપણે જે





માન્યતા રાખીએ છીએ તે કુર્આન અને હદીષના પ્રકાશમાં છે કે નહીં ? તબર્રુક વિશે ચર્ચા કરતાં તમને એ વાતનું યકીન થઈ જશે કે આ વિશે આપણી માન્યતા સત્ય છે. અને જેઓ નકારાત્મક જવાબ આપે છે તેઓ માર્ગ ભૂલેલા છે. તેમણે પોતાની હઠથી તૌબા કરવી જોઈએ.

દલીલો ચાર પ્રકારની હોય છે : કુર્આન, સુન્નત (હદીષ), ઈજમાએ ઉમ્મત અને કિયાસ. તબર્રુકની તા'ઝીમ અને ઈજ્જત કરવામાં આ ચારે પ્રકારની દલીલોથી સુબૂત મળે છે. એમાં પહેલાં તો કોઈનો વિવાદ ન હતો પણ હવે દેવબંદીઓ અને એમને વધીને વહાબીઓ તબર્રુકની તા'ઝીમનો ઈન્કાર કરે છે અને એનાથી કોઈ પ્રકારનો રૂહાની અથવા જિસ્માની ફાયદો પ્રાપ્ત કરવાને અયોગ્ય કામ કહે છે. અને એટલે જ જ્યારે અરબના અન્ય ભાગોમાં વહાબી ગવર્નમેન્ટ આવી તો તેમણે પહેલાંની યાદગારો, સહાબા અને અહલે બયતના મજારો અને તબર્રુકની ચીજ વસ્તુઓનો બનતા પ્રયાસે નાશ કર્યો. આજે કોઈ વ્યકિત હજ્જ અથવા ઉમરાની નિય્યતે હરમૈન શરીફૈનમાં જાય છે તો તેને આલીશાન મસ્જિદો સિવાય તબર્રુકની કોઈ ચીજ અથવા યાદગારની જગાનું સાચુ નિશાન મળતું નથી. તમને એમના લખાણથી જાણવા મળી શકે છે કે તેઓ ખુદા તઆલા સિવાય બીજા કોઈને માનવા તૈયાર નથી, કાફિરને કાફિર કહેવાનુ મના કરે છે અને મુસલમાનોને વાત વાતમાં મુશ્રિક કહે છે ! જાણે તેમને કાફિરોથી એટલો પ્યાર છે કે તેઓ સ્પષ્ટ કુફ્ર અને શિર્ક કરે છે તો પણ તેમનું દિલ દુઃખવવા નથી માંગતા અને મુસલમાન તેમના માટે એટલો નીચ છે કે તેમને મુશ્રિક સિવાય કોઈ શબ્દ આપવો તેમને યોગ્ય નથી લાગતો. કાફિરોથી પ્યાર, મહબ્બત અને મુસલમાનોથી દુશ્મની તેમના ખરાબ અકીદાઓની ગવાહી નથી આપતું ?

વિના દલીલે કોઈ દાવો માન્ય રાખવામાં આવશે નહીં. તબર્રુક વિશે અમે જેટલા પ્રકારની દલીલો આપીએ એના વિરોધમાં શત્રુએ પણ એટલી જ દલીલો આપવાની હોય છે તો એ બરાબરીમાં આવી શકે છે. અને દલીલ ન આપી શકે તો જે હઠ છે એનાથી તૌબા કરવી જોઈએ.

આજે સમાજ એક બીજાની હા માં હા મિલાવવા પર ચાલી રહ્યો છે. જે દેવબંદી હોય તે દેવબંદી આલિમ અને મૌલ્વીની વાત માન્ય

રાખે ભલે તે આપમેળે બોલતો હોય અથવા પોતાની કમ દલીલથી સત્ય માર્ગ શોધી ન શકતો હોય, એ જે કહે તે જ ફાઈનલ ! જમાઅતે ઈસ્લામી, નેચરી, કાદયાની વગેરે બાતિલ ફિર્કાના લોકોની પણ એ જ કુટેવ છે. જ્યારે કે ઈસ્લામ આપણને એ પ્રકારની તાલીમ આપતો નથી કે આપણે ગમે તેની વાત સ્વીકારી લઈએ. બલ્કે આપણે એની વાત માન્ય રાખીશું જેની વાત કુર્આન અને હદીષથી સાબિત હોય. સહાબા, તાબેઈન અને આલિમોની મોટી જમાઅતે તેને માન્ય રાખી હોય, જો એકની હામાં હા મિલાવવામાં આવે તો કયારે પણ સાચો માર્ગ મળી શકતો નથી.

## ★ તબર્રુક અને એના વસીલાનો મતલબ ★

અલ્લાહ તઆલાના નેક બંદાઓ સંબંધિત ચીજ વસ્તુઓને તબર્રુક કહેવામાં આવે છે. અને વસીલાનો મતલબ એ છે કે એને એ નિય્યતથી ઉપયોગમાં લાવવામાં આવે કે અલ્લાહ તઆલા એની બરકતથી મુશ્કેલી દૂર ફર્માવે, પોતાની રહમતની વર્ષા કરે, કામયાબી અને વિજય અતા કરે અથવા બગડેલાં કામો બનાવી આપે.

આ હતો તબર્રુકનો વસીલો બનાવવા વિશે આપણો દાવો. દાવો ગમે તેવો કરી શકાય છે પણ સત્ય અને માન્ય એ જ છે જેને દલીલોથી શણગારવામાં આવે. તો હવે આપણે દલીલોના મેદાનમાં જઈએ છીએ. દલીલમાં પ્રથમ સ્થાન કુર્આન અને તેની આયતોને પ્રાપ્ત છે એટલે આપણે કુર્આનની આયતોથી આપણા દાવાને સશકત બનાવીશું.

## ★ તબર્રુક કુર્આનના પ્રકાશમાં ★

અલ્લાહવાળાઓથી મહબ્બત રાખવી, એમની નસીહતો પર અમલ કરવો, એમની સંગતમાં રહેવું સારો અમલ છે. એનાથી દુનિયા અને આખેરતનો મોટો ફાયદો પ્રાપ્ત થઈ શકે છે. એમની દોસ્તીની તારીફ અને વખાણ કરતાં અલ્લાહ તઆલા ફર્માવે છે :– وَحَسُنَ اُولٰٓئِكَ رَفِيْقًا

અને આ કેટલા સરસ દોસ્ત છે.

તેમની સંગતમાં રહેવાની તાલીમ આપતાં ઈર્શાદ ફર્માવે છે;





يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا اتَّقُوا اللّٰهَ وَكُوْنُوْا مَعَ الصّٰدِقِيْنَ

''અય ઈમાનવાળાઓ ! અલ્લાહથી ડરો ! અને સાચા લોકોની સંગતમાં થઈ જાવ !''

તેમના માર્ગે ચાલવાની તાલીમ આપતાં ઈર્શાદ ફર્માવે છે;

اِتَّبِعْ سَبِيْلَ مَنْ اَنَابَ اِلَيَّ

''જે મારી તરફ નમી ગયો તુ તેના માર્ગે જા !''

જ્યારે અલ્લાહવાળાઓ અલ્લાહની બારગાહમાં આટલા પ્રિય છે કે અલ્લાહ તઆલા પોતે વખાણ કરી રહ્યો છે પછી આપણે તેમને પ્રિય કેમ ન રાખીએ અને તેમનાથી મહોબ્બત કેમ ન કરીએ ?!

મહોબ્બતનાં ઘણા પ્રકાર હોય છે. માત્ર મહોબ્બત, ઓછી મહોબ્બત, વધારે મહોબ્બત, અનહદ મહોબ્બત, મહોબ્બત અને પ્રેમનું પ્રમાણ જેટલું વધતું જાય છે એટલો જ માણસ મહબૂબ તરફ નમતો જાય છે. પછી તે એ હદે પહોંચી જાય છે કે એને સંબંધિત ચીજ વસ્તુઓથી પણ પ્યાર કરતો થઈ જાય છે. ''મુકાશિફતુલ કુલૂબ''માં હઝરત ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہ લખે છે કે, મજનૂને લૈલાથી એટલો પ્યાર હતો હતો કે તેની ગલીના કૂતરાથી પણ પ્યાર કરતો ! આ'લા હઝરત ઈમામ અહમદ રઝાખાં બરેલ્વી رضی اللہ عنہ ના લખાણ પ્રમાણે મજનૂ અલ્લાહનો વલી હતો પણ તેણે પોતાની વિલાયતના રહસ્યને ગુપ્ત રાખવા માટે દુનિયાવી પ્રેમને સહારો બનાવ્યો હતો. સારાંશ એ કે મહબ્બત જેટલી વધતી જાય છે માણસ મહબૂબ તરફ એટલો જ નમતો જાય છે પછી તે માત્ર મહબૂબને નહીં તેની સંબંધિત ચીજ વસ્તુઓથી પણ પ્યાર કરવા લાગે છે.

કુર્આનમાં તબર્રુકની તા'ઝીમ અને ઈજ્જત કરવાનો આદેશ આપવામાં આવ્યો છે એનો મતલબ પણ એ જ છે કે અલ્લાહવાળાઓથી એટલી હદે મહોબ્બત અને પ્રેમ કરો કે એમને સંબંધિત ચીજ વસ્તુઓ પણ તમને પ્યારી લાગવા માંડે. અલ્લાહ તઆલા ફર્માવે છે,

وَمَنْ يُّعَظِّمْ شَعَآئِرَ اللّٰهِ فَاِنَّهَا مِنْ تَقْوَى الْقُلُوْبِ

અને જે અલ્લાહની નિશાનઓની ઈજ્જત કરે તો એ દિલોની પરહેઝગારીમાંથી છે.

અરબીમાં શઈરા શબ્દનું બહુવચન શઆઈર છે એનો મતલબ અલામત અને નિશાની થાય છે. શરીઅતની પરિભાષામાં તે નિશાનીઓને શઆઈર કહેવામાં આવે છે, જેનાથી અલ્લાહની ઈતાઅત અને ફર્માંબરદારી તરફ માણસનું ધ્યાન કેન્દ્રિત થાય. તફસીરે કબીર ઈમામ રાઝી رحمۃ اللہ علیہ માં છે, *(ભાગ-૨, સૂરએ બકરહ્, સિપારો-૨)*

كُلُّ شَيْءٍ جُعِلَ عَلَمًا مِنْ اَعْلَامِ طَاعَةِ اللّٰهِ فَهُوَ مِنْ شَعَائِرِ اللّٰهِ

દરેક ચીજ વસ્તુ જેને અલ્લાહની ઈતાઅતની નિશાનીઓ પૈકી નિશાની બનાવવામાં આવી હોય તેને શઆઈરુલ્લાહ કહેવામાં આવે છે.

શઆઈરના ઘણા પ્રકાર છે : **(૧)** સ્થળ **(૨)** જમાનો **(૩)** ચીજ વસ્તુઓ. સ્થળ : જેમ કે સફા, મરવા, કા'બા, મસ્જિદે નબવી, મસ્જિદે અકસા, બીજી મસ્જિદો, નબીએ પાકનો રોઝા મુબારક, વલીઓ અને શહીદોના મઝારો વગેરે. જમાનો જેમ કે રમઝાન શરીફ, હજ્જનો મહીનો, નબીએ પાકની વિલાદતનો દિવસ, જુમ્આનો દિવસ વગેરે. ચીજ વસ્તુઓ જેમ કે હજરે અસ્વદ, મકામે ઈબ્રાહીમ, નબીએ પાકનો પહેરવેશ, આપના મુબારક વાળ, બુઝુર્ગો અને વલીઓથી સંબંધિત વસ્તુઓ વગેરે, અઝાન અને કુર્બાનીનાં પ્રાણીઓ પણ શઆઈરુલ્લાહ ગણવામાં આવે છે.

## ★ બુઝુર્ગોનાં મઝારો શઆઈરુલ્લાહ શાથી ?! ★

અહીં એક પ્રશ્ન એ ઉપસ્થિત થઈ શકે છે કે બુઝુર્ગોનાં મઝારો શઆઈરુલ્લાહમાં કેમ કરી કબૂલી લેવામાં આવે ? તો એનો જવાબ એ છે કે માણસ એમનાં મઝારો પર હાજરી આપી કુર્આનની તિલાવત કરે છે, દુઆ કરે છે, અન્ય નેક કામોમાં ભાગ લે છે અને એ બધું અલ્લાહની ઈતાઅત છે. એટલે અવશ્ય શઆઈરમાં સામેલ છે. એનો એક દાખલો એ છે કે હું એક વખત પ્રવાસે નીકળ્યો, પ્રથમ દિલ્હી ગયો ત્યાં ઐતિહાસિક જગાઓ જોઈ. દુનિયા સિવાય કંઈ યાદ ન આવ્યું. બીજા દિવસે બુઝુર્ગોના મઝારોની ઝિયારત





કરી તો જ્યાં ગયા ત્યાં કુર્આનની તિલાવત, દુઆ, ઝિક્ર ચાલું જ રહ્યું. પછી તેમના મઝારોને શઆઈર કેમ ન કહેવામાં આવે ?

આગ્રા શહેરનો તાજમહેલ કેટલો જગ મશહૂર અને ખ્યાતિ પામેલો છે. સમગ્ર દુનિયાના લોકો તેને જોવા માટે આવે છે. ભારતના લોકોથી અધિક પરદેશના લોકો ત્યાં જોવા મળે છે. તમે આ વાતનો પોતે અનુભવ મેળવી શકો છો કે તાજમહલ જોઈને તમે એટલું જ વિચારી શકો છો કે તાજ એટલે તાજ ! પણ તેને જોઈને અલાહ યાદ નથી આવી શકતો, માણસનું દિલ અલ્લાહની યાદ તરફ નમતું નથી જોવા મળતું. હવે હઝરત ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ ના મઝાર પર હાજરી આપો અને જુઓ કે દિલ તરફ નમે છે ! દીનદાર હોય કે દુનિયાદાર દરેક અલ્લાહની યાદમાં લાગી જાય છે. કુર્આનની તિલાવત કરે છે, દુઆ કરે છે. ફકીરોને દાન કરે છે, અલ્લાહના માર્ગમાં ખર્ચ કરે છે. શું પછી પણ આમ કહી શકાય છે કે બુઝુર્ગોના મઝારો શઆઈરૂલ્લાહ નથી ?!

**સવાલ :-** મઝારો પર ગુનાહોનાં કામો પણ થાય છે અને લોકો બિદઅતે સૈયેઆ પણ કરી લે છે પછી શઆઈર કેમ કહેવાય ?

**જવાબ :-** બધા લોકો સરખા નથી હોત. ગુનો કરનાર પોતે કરી રહ્યો છે તેનો જવાબદાર તે છે, એક બેમાં કોઈ ખોટુ કામ કરવાથી હુકમમાં ફરક આવતો નથી. આજનો માહોલ હું તમને બતાવું કે કા'બા શરફ પોતે શઆઈરમાં અને તેમાંનાં તબર્રુક અવશ્ય શઆઈરમાં છે, તો પણ આજે કેટલા પુરૂષ અને કેટલી સ્ત્રીઓ એવી પણ આવે છે જે તવાફ વખતે અથવા સઈ વખતે પોકેટો કાપવાની તાકમાં રહે છે ! અને તમને ઘણા લોકો એવા જોવા મળશે જેઓ પોકેટ કપાય જવાથી રડતા હોય છે ! અમુક લોકો ત્યાં જૂઠુ બોલીને ભીખ માંગે છે ! વેપારીઓ પણ હાજીઓને પાડી દેવાના ચક્કરમાં જ હોય છે ! તો શું આવા ગુનાહિત કામોને લઈને કા'બા તથા સફા મરવાને શઆઈરમાંથી કાઢી મૂકવામાં આવે ?! તો પછી ઉપરોકત પ્રશ્ન માત્ર બુઝુર્ગોના મઝારો સાથે જ કેમ ? સ્પષ્ટ થયું કે બુઝુર્ગોનાં મઝારો શઆઈર છે અને ત્યાં હાજરી આપનારને અલ્લાહ યાદ આવે છે.

## ★ સફા અને મરવા ★

સફા અને મરવા બે પહાડીઓનાં નામ છે. જેમ બીજી પહાડીઓ છે તેમ આ પણ છે, પરંતુ કુર્આન શરીફમાં અલ્લાહ તઆલાએ આને શઆઈર ફર્માવ્યું છે :– إِنَّ الصَّفَا وَالْمَرْوَةَ مِنْ شَعَائِرِ اللَّهِ

બેશક ! સફા અને મરવા અલ્લાહની નિશાનીઓમાંથી છે.

તમારા દિમાગમાં એ વાત ફરતી હશે કે અલ્લાહ તઆલાએ ઉપરોકત પહાડીઓને શઆઈરુલ્લાહમાં કેમ સામેલ ફર્માવી ? પહાડીઓને શઆઈરથી શો સંબંધ ? એ પહાડીઓમાં એવી તે કઈ ખૂબી અને સુંદરતા હશે જેને એની તકદીર બદલી નાખી ? તો એના માટે ઈતિહાસની માલૂમાત કરવાની જરૂરત છે, તારીખ પર લક્ષ આપવાની જરૂરત છે, દૂરના ભૂતકાળ માં જવાની જરૂરત છે. ઈતિહાસ અને તારીખ આપણા સવાલોનો જવાબ આપતાં કહે છે : અય ઉત્તરની માંગ કરનાર ! મારી પાસે આવ ! હું તને બતાવું પહાડીઓની તકદીર કેમ કરી બદલાઈ ગઈ ? દૂરના ભૂતકાળમાં દુનિયાને ઈમાનમાં પ્રકાશથી પ્રકાશિત કરવા અલ્લાહના એક નબી આવ્યા હતા, જેમનું નામ ઈબ્રાહીમ છે. જેમને ખલીલુલ્લાહ હોવાનું ઉપનામ આપવામાં આવ્યું છે. નમરૂદ જેવા જાલિમ કાફિર રાજાના જમાનામાં આપ તૌહીદનો દીપ લઈને આવ્યા. સત્ય ધર્મને કામયાબીના પંથે લઈ ગયા. એ જ નબીની અલ્લાહ તઆલા તરફથી પરીક્ષા કરવામાં આવી કે તમે તમારી પત્ની હાજરા અને તમારો પુત્ર ઈસ્માઈલને તમારાથી જુદા કરો અને હરમે પાકની જમીનમાં પહોંચાડી આવો ! આપ અલ્લાહના ખલીલ હતા, હુકમ મળતાની સાથે હઝરત હાજરા અને દૂધ પીતા બાળક ઈસ્માઈલને સવારી પર સવાર કરી હરમે પાકની મુકદસ જમીનમાં લઈ આવ્યા ખાવા માટે થોડી ખજૂરો અને પાણીની એક મશક આપી હઝરત ઈબ્રાહીમ عليه الصلاة والسلام ત્યાંથી પરત મુલ્કે શામ જવા લાગ્યા. હઝરત હાજરાએ વિનંતી કરી, મારા માથાના તાજ ! અલ્લાહના પ્યારા નબી ! આવી સુમસામ પહાડીઓમાં અમને એકલાં છોડીને કયાં જઈ રહ્યા છો ? જવાબ ન મળતાં વારંવાર વિનંતી કરી. અંતે કહ્યું, શું તમે અમને અલ્લાહના હુકમથી અહીં છોડી જાવ છો ? આપે





ફર્માવ્યું, હા ! મને અલ્લાહ તરફથી હુકમ આપવામાં આવ્યો છે. પછી આપ તેમના માટે અલ્લાહ તઆલાથી રહમત અને બરકતની દુઆ માંગે છે :

رَبَّنَا إِنِّي أَسْكَنتُ مِن ذُرِّيَّتِي بِوَادٍ غَيْرِ ذِي زَرْعٍ عِندَ بَيْتِكَ الْمُحَرَّمِ

અય મારા રબ ! મેં મારા અમુક વંશને ખેતી વિનાની જમીનમાં તારા ઈજ્જતવાળા ઘર પાસે વસાવી. અય મારા રબ ! એટલા માટે કે તેઓ નમાઝ કાયમ રાખે, તો તું લોકોનાં દિલોને તેઓ તરફ નમાવી આપ અને તેમને વિવિધ પ્રકારનાં ફળો ખાવા માટે અર્પણ ફર્માવ, જરૂર તેઓ શુક્ર અદા કરશે.

હઝરત હાજરાને ખાવા માટે થોડી ખજૂરો અને પાણીની એક મશક આપવામાં આવી હતી તે કેટલા દિવસ ચાલે ? ખજૂરો પૂરી થઈ અને પાણી ખત્મ થયું. હવે પાસે નથી ખાવાનું અને નથી પીવાનું ! હઝરત ઈસ્માઈલ عليه الصلاة والسلام ભૂખે તરફડવા લાગે છે. માંની મમતા જોશમાં આવે છે પાણીની શોધમાં પોતાના બાળકને નીચે સૂવડાવીને પહાડી પર જાય છે. ઊંચાઈ પર પહોંચીને ચારે બાજુ નજર કરે છે કોઈ જગાએથી પાણી મળી આવે. એક પહાડીથી ઉતરીને બીજી પહાડી પર જાય છે. નીચાણમાં જઈને દોડવા લાગે છે કે જલ્દીથી પોતાનું બાળક નજરો સમક્ષ આવી જાય. ઊંચાઈ પર ચઢીને ચારેબાજુ નજર દોડાવે છે કે કોઈ જગાએ પાણીનું નિશાન મળી આવે. આ બે પહાડીઓની વચમાંનું કુલ અંતર ૭૭૦ મિટર જેટલું થાય છે. આપે સાત ચક્કર કાપ્યા પણ કોઈ જગાએ પાણી જોવા ન મળ્યું પણ પોતાના બાળકને જોતાં ખબર પડી કે એમના પગો પાસેથી પાણીનું ઝરણું વહી રહ્યું છે ! આપ નીચે આવ્યાં અને ઝમ ઝમ (રોકાઈ જા ! રોકાઈ જા !) કહીને માટીની પાર બનાવી પાણીને રોકી લીધું. એટલે આજે પણ એ પાણીને ઝમ ઝમ કહેવામાં આવે છે.

હઝરત હાજરાની આ અદા અલ્લાહ તઆલાને પસંદ આવી અને એમના ઈતિહાસને જીવંત રાખવા માટે અલ્લાહ તઆલાએ હજ્જ અને ઉમરો કરનાર માટે સફા મરવાની સઈ વાજિબ ફર્માવી. અને તેમના મુકદસ કદમોની બરકતથી પહાડીઓને પોતાની નિશાની બનાવી.

સફા અને મરવા પર જ્યારે ઊંચાઈ પર પહોંચવામાં આવે ત્યારે દુઆ કરવી સુન્નત છે અને ત્યાં દુઆ કરવાથી દુઆ કબૂલ થાય છે. એટલા

માટે કે હઝરત હાજરાની પાણીની માંગ અલ્લાહ તઆલાએ ત્યાંથી પૂરી ફર્માવી.

હઝરત હાજરાના કદમ મુબારક પહાડ પર ગયા તો અલ્લાહ તઆલાએ તેમનાં કદમોનાં સંબંધથી પહાડીઓને પોતાની અઝમત અને શાનની નિશાની બનાવી. અને તેમણે પાણીની માંગ કરી તો અલ્લાહ તઆલાએ એવું બરકતવાળુ પાણી અર્પણ કર્યું જે માત્ર તેઓ માટે નહીં પણ કિયામત સુધી આવતા લોકો માટે તેને બરકત બનાવી અને તે કૂવાને પણ શઆઈરૂલ્લાહ બનાવી દીધો. એટલે જ અમે લોકો કહીએ છીએ કે બુઝુર્ગોના સંબંધથી પણ ચીજ વસ્તુઓ તબર્રુક બની જાય છે અને તેની પણ ઈજ્જત કરવામાં આવે.

## ★ મુકામે ઈબ્રાહીમ ★

મુકામે ઈબ્રાહીમ એટલે હઝરત ઈબ્રાહીમ عليه الصلوٰة والتسليم ના ઊભા રહેવાની જગા. પણ અહીં મકામે ઈબ્રાહીમથી તે પથ્થર મુરાદ લેવામાં આવે છે જેની ઉપર ઊભા થઈને આપ કા'બાની ઈમારત બનાવતા હતા. એ પથ્થરની ખૂબી એ છે કે એમાં હઝરત ઈબ્રાહીમ عليه الصلوٰة والتسليم ના મુબારક કદમોની નિશાની છે. હકીકતમાં એ પથ્થર અને આપણે જેને હજરે અસ્વદ કહીએ છીએ તે બંને જન્નતી યાકૂતમાંથી છે પણ અલ્લાહ તઆલાએ તેની ચમક લઈ લીધી એટલે તેઓ સામાન્ય પત્થર જેવા લાગે છે. પણ ઈસ્લામી વર્તુળ માં તેની ઈજ્જત જુઓ કે હજરે અસ્વદની ચારેબાજુ અલ્લાહની ઈબાદતની નિય્યતે તવાફ કરવામાં આવે છે. અને સાત ફેરાનો એક તવાફ પૂરો કરી મકામે ઈબ્રાહીમ પાસે બે રકાત નમાઝ અદા કરવામાં આવે છે. તવાફ પણ ઈબાદત અને નમાઝ પણ ઈબાદત. અને ખૂબીની વાત એ કે આ બંને મહત્વની ઈબાદતો બે પત્થરો પાસે અદા થઈ રહી છે. અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે;

فِيْهِ اٰيَاتٌ بَيِّنَاتٌ مَّقَامُ اِبْرَاهِيْمَ

"તેમાં સ્પષ્ટ નિશાનીઓ છે ઈબ્રાહીમ عليه الصلوٰة والتسليم ના ઊભા રહેવાની."





ઉપરોકત આયતમાં અલ્લાહ તઆલાએ મુકામે ઈબ્રાહીમની શાન અને એનો માન મર્તબો સ્પષ્ટ કરવા માટે આ પ્રમાણે ફર્માવ્યું કે કા'બામાં ઘણી બધી સ્પષ્ટ નિશાનીઓ છે પણ એમાં મકામે ઈબ્રાહીમ પણ છે. એટલે કે એ ઘણી જ ઈજ્જત અને માન મર્તબાવાળી જગા છે. ત્યાંથી બરકત પ્રાપ્ત કરવાનું ભૂલશો નહીં. અને તમે ભૂલશો કયારે જ્યારે તમારી ઉપર છોડી દેવામાં આવે. પરંતુ અમે અમારા તરફથી તમને નમાઝનાં જવાબદાર બનાવી આપીએ છીએ. અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે:–

وَاتَّخِذُوْا مِنْ مَّقَامِ اِبْرَاهِيْمَ مُصَلًّى

"મકામે ઈબ્રાહીમને નમાઝની જગા બનાવો !"

હઝરત ઈબ્રાહીમ عليه الصلوٰة والتسليم ના મુબારક કદમોની બરકતથી પથ્થરને એટલી ઈજ્જત આપવામાં આવી કે તેને કા'બામાં શણગારવામાં આવ્યો. તેની પાસે લોકોને નમાઝ અદા કરવાનો આદેશ આપવામાં આવ્યો. તેનાથી એ સ્પષ્ટ થયું કે બુઝુર્ગોની નિસ્બત અને સંબંધથી ચીજ વસ્તુઓ તબર્રુક બની જાય છે અને તેની ઈજ્જત કરવામાં આવશે.

**સવાલ :–** જે લોકો તબર્રુકની તા'ઝીમ અને ઈજ્જતને અયોગ્ય કામ કહે છે અને તેમાં હદથી આગળ વધીને શિર્કનો ફત્વો આપે છે તેમણે આ જગ્યાએ મનન કરવાની જરૂરત છે. મકામે ઈબ્રાહીમ પત્થર છે છતાં અલ્લાહ તઆલા લોકોને તેની નિકટમાં નમાઝ અદા કરવાનો આદેશ આપે છે. પત્થર પાસે નમાઝ પઢવાથી શું શિર્ક કહેવાશે ? અને શિર્ક હોય તો અલ્લાહ તઆલાએ આદેશ કેમ આપ્યો ?

**જવાબ :–** તે લોકો જવાબ આપતાં કહે છે કે શિર્ક તો ત્યારે થાય જ્યારે પથ્થરની બંદગી કરવામાં આવે અથવા તેને ખુદાનો શરીક અને બરાબર બનાવવામાં આવે જ્યારે અહીં એ વાત નથી. પથ્થરની માત્ર ઈજ્જત કરવા માટે આદેશ આપવામાં આવ્યો છે. તો ઈબાદત અને બંદગી ખુદા તઆલાની અને ઈજ્જત અને તા'ઝીમ મકામે ઈબ્રાહીમની અને એનાથી શિર્ક થતું નથી.

**સવાલ :–** તો પછી અમે બુઝુર્ગોના તબર્રુકની તાઝીમ અને ઈજ્જત

કરીએ છીએ ત્યારે તમે અમને શિર્કના ફત્વાઓ શા માટે આપો છો ? શું ત્યારે તમે ઉપરોકત જવાબ ભૂલી જાવ છો ? અથવા શિર્ક તમારા માટે નથી બીજા લોકો માટે જ છે ? ભાઈઓ નફસ્ના ગુલામ ન બનો અને મુસલમાનોને ખોટી રીતે ન વગોવો. ન્યાય અને ઈન્સાફને લક્ષમાં રાખીને ફૈસલો આપો. ખુદાનો ખૌફ રાખો અને હશ્રના મેદાનને યાદ કરો જ્યાં દરેકને હિસાબ આપવાનો છે.

## ★ ઈબાદત અને ઈજ્જત ★

જે કામો સ્પષ્ટ શિર્ક છે તેમાં કરનારની નિય્યતને લક્ષમાં રાખવામાં આવશે નહીં. કરશે એટલે મુશ્રિક કહેવાશે. જે કામો મુશ્રિક લોકોની શિર્કની નિશાનીઓ છે તેનો પણ એ જ હુકમ છે. પરંતુ જે કામો કાફિરોની ધાર્મિક નિશાની નથી અને મુસલમાનો એ કામો કરતા હોય તો તેમને તેમના કાર્યની નિય્યત પૂછવામાં આવશે. જો તે ગેરખુદાની બંદગીની નિય્યતે કરતો હોય તો જ મુશ્રિક કહેવામાં આવશે. તા'ઝીમ અને ઈજ્જતના લાયક ચીજોની ઈજ્જત કરવાથી શિર્ક થતું નથી. દા.ત. મકામે ઈબ્રાહીમ પાસે નમાઝ અદા કરવી. ત્યાં નમાઝ અદા કરનાર પથ્થરની ઈજ્જત તો કરે છે પરંતુ તેની ઈબાદત નથી કરતો એટલે તેનું કાર્ય અલ્લાહને પસંદ છે. અને અલ્લાહ તઆલાએ પણ તે પત્થર પાસે નમાઝ પઢવાનો હુકમ આપ્યો. આનાથી સ્પષ્ટ થયું કે **તા'ઝીમ અને ઈજ્જત અલગ છે અને બંદગી અલગ છે.** દેવબંદીઓ અને વહાબીઓ વાંરવાર ખોટા ફત્વાઓ આપીને મુસલમાનોનાં દિલ દુ:ખવે છે, એટલે જ કે તેઓને તા'ઝીમ (રિસ્પેકટ) અને બંદગીમાં તફાવત ખબર પડતો નથી !

## ★ આર્ય લોકોનો સવાલ ★

આર્ય સમાજમાં લોકો મુશ્રિક છે અને મૂર્તિઓની પૂજા કરે છે. તેમને શિર્ક બાબત કહેવામાં આવે છે તો તેઓ આપણને સવાલ કરે છે અને કહે છે, અય મુસલમાનો ! જો તમે લોકો મૂર્તિપૂજાને ખોટી કહો છો અને તેને બેજાન પથ્થર કહો છો તો અમારો સવાલ એ છે કે તમે લોકો પણ પથ્થરના પૂજારી છો ! તમે લોકોએ મક્કામાં પથ્થર રાખેલો છે તેની ચારે બાજુ ફેરા





ફરો છો ! તને ચુમો છો ! અને તેના પર હાથ લગાડો છો ! ત્યાં દુઆ કરો છો અને તમારી જરૂરતોની માંગ કરો છો. સમ્રગ જગતના લોકો ત્યાં હાજરી આપે છે અને ફેરા ફરવાને બંદગી કહે છે. તમે લોકો તે પથ્થર તરફ મોઢું કરીને નમાઝ પઢો છો. તો જેમ અમારા માટે પત્થર છે તેમ તમારા માટે પણ પથ્થર છે ! પછી અમારામાં અને તમારામાં શો તફાવત ? (વહાબીઓ અને દેવબંદીઓ એવું ન સમજે કે આ સવાલ માત્ર બરેલ્વીઓ માટે છે ! આર્યાએ જે સવાલ કરેલો છે તે કામો તમે પણ કરો છો અને અમે પણ કરીએ છીએ.)

**જવાબ :-** અમે પથ્થરની બંદગી નથી કરતા અને તેને ઈબાદત અને બંદગી લાયક પણ નથી સમજતા. બલ્કે મખ્લૂકમાંથી કોઈને પણ ઈબાદતના લાયક નથી સમજતા. અમે માત્ર એ પથ્થરની ઈજ્જત કરીએ છીએ. ઈજ્જત જેમ આપસમાં એક બીજાની કરવામાં આવે છે તે બંદગી નથી એ જ રીતે આ પણ માત્ર ઈજ્જત અને રિસ્પેકટ છે, ઈબાદત નથી. (અમારો આ જવાબ આર્યા લોકો માટે પણ છે અને વહાબી દેવબંદીઓ લોકો માટે પણ છે. અથવા વહાબીઓ ઉપરોકત સવાલનો જે જવાબ આપશે તે અમે તેમના સવાલોનો જવાબ આપીશું.)

## ★ હઝરત યૂસુફ عليه الصلوة والسلام નો જબ્બો ★

બુઝુર્ગોથી સંબંધિત ચીજ વસ્તુઓમાં કેટલી બરકત હોય છે અને એનાથી કેવા કેવા ફાયદા પ્રાપ્ત થઈ શકે છે તેની હદીષે પાકથી ઘણી રિવાયતો તમારી ખિદમતમાં રજુ કરીશું પણ અહીં એક કડી કુર્આની આયતના પ્રકાશમાં વર્ણવવામાં આવે છે.

હઝરત યુસૂફ عليه الصلوة والسلام ના ખોવાઈ જવા પર હઝરત યાકૂબ عليه الصلوة والسلام ને ઘણો અફસોસ થયો અને આપ તેમની જુદાઈમાં આંસૂ સારતા રહ્યા, અને એટલી હદે રૂદન કર્યુ કે આંખોની રોશની જતી રહી અને આપ આંખોથી માઝૂર થઈ ગયા. જ્યારે હઝરત યૂસુફ عليه الصلوة والسلام મિસરના રાજા બન્યા અને આપના ભાઈઓથી આપની મુલાકાત થઈ તો પોતાના પ્યારા પિતા હઝરત યાકૂબ عليه الصلوة والسلام ની ખબર માલૂમ કરી, જાણવા મળ્યું કે આપની જુદાઈમાં

રડી રડીને આંખો જતી રહી છે. તો આપે તેમને પોતાનો જબ્બો મુબારક જેને આપે પહેરીને ઈજ્જત આપી હતી તે આપ્યો અને એનો ફાયદો પણ બતાવી આપ્યો. આ જ જબ્બો મારા પિતાના ચહેરા પર નાખશો એમની રોશની પરત આવી જશે. આમ કરવામાં આવ્યું તો હઝરત યાકૂબ عليه السلام ની આંખોની રોશની પરત આવી.

આ માત્ર વાકયો અને કિસ્સો નથી બલ્કે આ તે સુબૂત કુર્આન શરીફે આપ્યો છે. અલ્લાહ તઆલા ફર્માવે છે; ....اِذْهَبُوْا بِقَمِيْصِىْ هٰذَا

"તમે લોકો મારો આ જબ્બો લઈ જાવ પછી એને મારા પિતાના ચહેરા પર રાખશો તો તેઓ જોતા થઈ જશે."

કુર્આન શરીફની આ આયત સાબિત કરી રહી છે કે બુઝુર્ગોના તબર્રુકથી ફાયદો ઉઠાવી શકાય છે અને અલ્લાહ ઈચ્છે તો ફાયદો મળીને રહે છે. પણ એટલું તો સ્પષ્ટ થયું કે ફાયદો પ્રાપ્ત કરવો શિર્ક નથી, કુર્આનની તાલીમ છે.

## ★ તાબૂતે સકીના (શાંતિ આપનાર પેટી) ★

તાબૂતે સકીના જેમાં હઝરત મૂસા અને હારૂન عَلَيْهِمُ السَّلَام નાં તબર્રુકાત હતાં અને તૌરેતની તખ્તીઓ પણ તેમાં રાખવામાં આવી હતી. આ અમૂલ્ય અમાનત બની ઈસ્રાઈલ પાસે હતી. હઝરત યાકૂબ عليه السلام ની ઔલાદનો જે વંશ ચાલી રહ્યો હતો તેને બની ઈસ્રાઈલ કહેવામાં આવે છે. કુર્આન શરીફમાં ઠેકઠેકાણે બની ઈસરાઈલનો શબ્દ વર્ણવવામાં આવ્યો છે.

મિસરના જાલિમ રાજા ફિરઔને બની ઈસરાઈલને ગુલામ બનાવીને રાખેલા હતા. મજૂર વર્ગોનું કામ તેઓથી લેવામાં આવતું હતું. હઝરત મૂસા عليه السلام એ પોતાના મો'જિઝાના પાવરથી ફિરઔનને પરાજય આપ્યો. સઘળા ફિરઔની દરયાએ નીલમાં ડૂબાવી દેવામાં આવ્યા. આમ અલ્લાહના નબી થકી બની ઈસ્રાઈલને આઝાદી મળી અને ગુલામીની બેડીઓથી મુકત થયા.

હઝરત મૂસા અને હારૂન عليه السلام ના પર્દો ફર્માવી ગયા બાદ તેમના તબર્રુકાત કપડાં, ચપ્પલ, દંડો વગેરેને બની ઈસરાઈલે એક પેટીમાં રાખ્યાં અને જ્યારે કોઈ મુસીબત આવતી અથવા દુશ્મનોથી યુધ્ધ થતું તો તેઓ એ પેટીને પોતાની સમક્ષ રાખી એના વસીલાથી દુઆ કરતા તો એમને વિજય





મળતો. અને તે પેટીની બરકતોથી તેમની હિંમત વધી ગઈ હતી અને કયારે પણ દુશ્મનો સામે પીછેહઠ ન કરતા કારણ કે, તેમને વરસોનો અનુભવ હતો કે આ તબર્રુકાતની બરકતથી વિજય આપણને જ મળવાનો છે. પરંતુ જ્યારે તેઓ દીન અને ધર્મમાં મનમાની કરવા લાગ્યા તો કૌમે અમાલેકાએ તેમની ઉપર વિજય મેળવી લીધો અને બની ઈસ્રાઈલ ફરી મુસીબતમાં મૂકાયા. તબર્રુકાતની પેટી પણ તેમના હાથોમાંથી ચાલી ગઈ અને અમાલેકાના કબ્જા હેઠળ ગઈ. બની ઈસરાઈલને પરાજયનો જેટલો ગમ ન હતો તેથી અધિક પેટી ચાલી જવાનો હતો.

હઝરત શિમઅવીલ عليه السلام એ બની ઈસરાઈલને કહ્યું કે, તમે અમાલેકા સાથે યુધ્ધ કરો અને પોતાનો ઈલાકો પરત મેળવો. બની ઈસરાઈલે કહ્યું કે, આપ કોઈને અમારો રાજા બનાવો તેના માર્ગદર્શન હેઠળ અમે જંગ લડીશું. હઝરત શિમઅવીલ عليه السلام એ તાલૂતને તેમનો રાજા નિયુકત કર્યો. બની ઈસરાઈલને તાલૂતનું રાજા બનવું પસંદ ન પડયું અને તેમણે વિનંતી કરી કે કોઈ ઊંચા ખાનદાનના માણસને રાજા બનાવવામાં આવે. હઝરત શિમઅવીલ عليه السلام એ ફર્માવ્યું કે, તાલૂતને રાજા બનાવવાનો આદેશ અલ્લાહ તરફથી છે અને એની નિશાની એ છે કે તાબૂતે સકીના જે તમારા કબ્જા હેઠળથી નીકળી ગયું છે તે ફરિશ્તાઓ મારફત તમને પરત કરવામાં આવશે.

અમાલેકાને તાબૂતે સકીનાની ખૂબીઓનું ઈલ્મ ન હતું એટલે તેમણે તે પેટીની ઈજ્જત ન કરી અને અસ્વચ્છ જગાઓ પર ફેંકી મારી. એ પેટીની બેઈજ્જતી કરવાથી અમાલેકાને નુકસાન થયું અને તેઓ વિવિધ પ્રકારની મુસીબતોમાં સપડાય ગયા. એક ઔરત જે અમાલેકા સાથે રહેતી હતી તેણે અમાલેકાને કહ્યું કે આ પેટી તમે તમારી પાસેથી રવાના કરી દો તો તમને મુસીબતોથી મુકિત મળશે. તેમણે બળદગાડીમાં રાખી આમ જ રવાના કરી દીધી. અલ્લાહ તઆલાએ ફરિશ્તાઓ મારફત બની ઈસરાઈલમાં પહોંચાડી આપી. બની ઈસરાઈલની ખૂશીનો પાર ન રહ્યો, તેમની હિંમત વધી ગઈ અને તેઓ યુધ્ધ માટે તૈયાર થઈ ગયા. પેટીની બરકતથી અલ્લાહ તઆલાએ તેમને વિજય આપ્યો અને ફરીથી તેઓ આબાદ થઈ ગયા.

કુર્આન શરીફમાં અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે;

وَقَالَ لَهُمْ نَبِيُّهُمْ اِنَّ اٰيَةَ مُلْكِهٖ اَنْ يَّاْتِيَكُمُ التَّابُوْتُ فِيْهِ سَكِيْنَةٌ مِّنْ رَّبِّكُمْ وَبَقِيَّةٌ مِّمَّا تَرَكَ اٰلُ مُوْسٰى وَ اٰلُ هٰرُوْنَ تَحْمِلُهُ الْمَلٰٓئِكَةُ اِنَّ فِيْ ذٰلِكَ لَاٰيَةً لَّكُمْ اِنْ كُنْتُمْ مُّؤْمِنِيْنَ

અને તેમને એમના નબીએ ફર્માવ્યું, બેશક ! તેના રાજની નિશાની તમારી પાસે તે પેટીનું આવવું છે જેમાં તમારા દિલોની શાંતિ છે અને તેમાં આલે મૂસા અને આલે હારૂન عليه السلام ની છોડેલી ચીજો છે. ફરિશ્તાઓ તેને ઉઠાવી લાવશે, જો તમે ઈમાનવાળા છો તો આ કાર્યમાં તમારા માટે નિશાની છે.

## ★ તાબૂતે સકીનામાં તબર્રુકની ચીજો ★

હઝરત મૂસા عليه السلام નો અસો (દંડો), કપડાં, અને ચપ્પલ, હઝરત હારૂન عليه السلام નો અમામા શરીફ અને તૌરેતની અમુક તખ્તીઓ. આ બરકતવાળી પેટીની અલ્લાહની બારગાહમાં કેટલી ઈજ્જત છે કે ફરિશ્તાઓથી તેને બની ઈસરાઈલ સુધી પહોંચાડી. જેઓ એ પેટીની ઈજ્જત કરતા તેમને કામયાબી આપવામાં આવતી અને જેઓ એની બેઈજ્જતી કરતા તેઓ મુસીબતોમાં સપડાઈ જતા. જ્યારે નબીના સંબંધિત ચીજોની આટલી બરકત છે તો પછી તબર્રુકની તા'ઝીમ કરવી જોઈએ તથા દીની અને દુનિયાવી કામોમાં એને સહારો બનાવવો જોઈએ.

## ★ કુર્બાનીનું પ્રાણી ★

કુર્બાનીનું પ્રાણી દાખલા તરીકે બકરો, બકરી, ઘેટો, ઘેટી, ભેંસ, પાડો, ગાય, વાછરડો, વગેરે જેને કુર્બાની માટે નિયુકત કરવામાં આવે તેની ઈજ્જત કરવામાં આવે છે. તેને સારું સારું ખવડાવવામાં આવે છે. એ પણ જોવામાં આવે છે કે તેમાં કોઈ પ્રકારનો જાહેરી એવો અયબ ન હોય જેનાથી એનો દેખાવ બગડી જાય અથવા તેને અયબદાર કહેવામાં આવે. તેને મારવાની અને તેની ઉપર સવાર થવાની પણ રજા આપવામાં આવતી નથી, કેમ ? એટલે જ કે તેને કુર્બાની માટે નિયુકત કરવામાં આવ્યાં છે અને તેને કુર્બાન કરી અલ્લાહ તઆલાની નિકટતા પ્રાપ્ત કરવાની છે એટલે બીજા





પ્રાણીઓથી તેની સેવા ચાકરી વધારે કરવામાં આવે છે અને તેને ઈજ્જત સાથે રાખવામાં આવે છે.

અલ્લાહ તઆલા કુર્બાનીનાં પ્રાણીઓના શઆઈરમાં સામેલ કરી ફર્માવે છે; وَالْبُدْنَ جَعَلْنٰهَا لَكُمْ مِّنْ شَعَآئِرِ اللّٰهِ لَكُمْ فِيْهَا خَيْرٌ

અને કુર્બાનીનાં પ્રાણીઓ અમે તમારા માટે અલ્લાહની નિશાનીઓ બનાવ્યાં જેમાં તમારા માટે ફાયદો છે.

કુર્બાનીનાં પ્રાણીઓને શઆઈરુલ્લાહ એટલા માટે કહેવામાં આવે છે કે હઝરત ઈબ્રાહીમ عليه السلام ની પ્યારી સુન્નત કુર્બાની પર અમલ આ પ્રાણીઓ થકી જ થઈ શકે છે. તો જે પ્રાણીઓને કુર્બાની માટે નિયુકત કરવામાં આવે તે સુન્નતે ઈબ્રાહીમની અદાયગીનો ઝરિયો છે એટલે સુન્નત સાથે તેનો સંબંધ થવાથી તેને શઆઈરુલ્લાહ કહેવામાં આવે છે અને તે પ્રાણીઓનાં ગોશતને તબર્રુક કહેવામાં આવે છે.

એક નબીની સુન્નતની અદાયગીનો જે ઝરિયો બની જાય અને સુન્નત સાથે જેનો સંબંધ થઈ જાય તે શઆઈરૂલ્લાહ અને તબર્રુક બની જાય, તો નબી સાથે જેનો સંબંધ થઈ ગયો હોય તે ચીજ વસ્તુ શઆઈરૂલ્લાહ અને તબર્રુક કેમ ન બની જાય ? જેનો ઉલ્લેખ તાબૂતે સકીનાના તબર્રુકાતમાં થઈ ગયો.

તબર્રુકની તા'ઝીમ અને ઈજ્જત વાસ્તવમાં એની તા'ઝીમ અને ઈજ્જત છે જેની તરફ એ તબર્રુકનો સંબંધ કરવામાં આવે, અને તેની બે કદ્રી તબર્રુકવાળાની બેકદ્રી છે. દાખલા તરીકે કોઈ માણસ આપણાં કપડાંને પસંદ કરે અને તેની તારીફ અને વખાણ કરે, અથવા પ્યારથી તેને ચુમે તો આપણને સારું લાગે છે. જ્યારે કે સામેવાળાએ આ સઘળાં કામો કપડાં માટે કર્યા છે. તો આપણને સારું લાગવું એટલા માટે જ છે કે કપડાંનો સંબંધ આપણી સાથે છે અને એની તારીફ, વખાણ અને ઈજ્જત આપણા સંબંધથી છે એટલે તે આપણી ઈજ્જત છે. એ જ રીતે કોઈ વ્યકિત તમારાં કપડાંને તમારાં સમજીને ફેંકી દે, તેનાથી મોઢું ફેરવી લે, તેની બાબતે એલફેલ બકે તો આપણે નારાજ થઈ જઈએ છીએ. જ્યારે કે સામેવાળાએ આ સઘળાં કામો કપડાં માટે કર્યાં છે પણ આપણી સાથે કપડાંને સંબંધ છે એટલે આપણને

લાગી આવે છે કે જાણે આપણી બેઈજ્જતી કરવામાં આવી.

આ દાખલો તબર્રુકનો છે એટલે તબર્રુકાતની તા'ઝીમ અને ઈજ્જત કરવામાં આવશે. અલ્લાહ તઆલા આપણને તબર્રુકાતની ઈજ્જત કરવાની તાલીમ આપતાં ઈર્શાદ ફર્માવે છે;

وَمَنْ يُّعَظِّمْ شَعَآئِرَ اللّٰهِ فَاِنَّهَا مِنْ تَقْوَى الْقُلُوْبِ અને જે અલ્લાહની નિશાનીઓની ઈજ્જત કરે તો એ દિલોની પરહેઝગારીમાંથી છે.

ઉપરોકત પાંચ પ્રકારના શઆઈર અને તબર્રુકાત કુર્આન શરીફના પ્રકાશમાં હતા : (૧) સફા મરવા (૨) મકામે ઈબ્રાહીમ (૩) હઝરત યૂસુફ عليه السلام નો જબ્બો (૪) તાબૂતે સકીના અને (૫) કુર્બાનીનાં પ્રાણીઓ. અને શઆઈરની તા'ઝીમ તથા રિસ્પેકટ કરવાનો હુકમ પણ કુર્આનનો હતો. એટલે તબર્રુકને વસીલો બનાવવા બાબતે અધિક કંઈ કહેવાની કે લખવાની જરૂરત નથી. કારણ કે, કુર્આનની ગવાહીથી વધીને કોઈ ગવાહી નથી પણ આપણને વધારે ફાયદો થાય અને આપણુ ઈમાન વધારે મજબૂત બની જાય એટલે નબીએ પાકનાં તબર્રુકાતનો ઉલ્લેખ હદીષે પાકથી કરવામાં આવે છે, સાથે એ પણ સ્પષ્ટ કરવામાં આવશે કે તબર્રુકાતમાં સહાબાનો કિરદાર અને એમની માન્યતા કેવી હતી.

**અહલે સુન્નતકા હય બેળા પાર અસ્હાબે હુઝૂર,**
**નજ્મ હૈ ઔર નાવ હૈ ઈતરત રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم કી**

*(આ'લા હઝરત)*

## ★ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નો મુબારક કંબલ ★

બુખારી શરીફમાં હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે : આપ ફર્માવે છે કે હઝરત આઈશા رضی اللہ عنہا એ એક જાડો કંબલ કાઢીને અમને બતાવ્યો અને ફર્માવ્યું, આમાં નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ની રૂહ કબ્ઝ કરવામાં આવી.

**ફાયદો** :– કંબલ સાચવીને રાખવો અને બીજા લોકોને ઝિયારત કરાવવી એ એ વાતની દલીલ છે કે આ તબર્રુક છે અને એની ઝિયારત કરવી સવાબનું કામ છે.





## ★ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખળાઉં (પાવડી) ★

બુખારી શરીફમાં છે : રાવી ફર્માવે છે કે હઝરત અનસ رضی اللہ عنہ એ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની મુબારક ખળાઉં અમારા માટે કાઢી અને ઉપર વાળ ન હતા. અને ફર્માવ્યું, આ બંને નબીએ પાકની ખળાઉં છે.

## ★ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નું પ્યાલુ ★

હઝરત આસિમથી બુખારી શરીફમાં રિવાયત છે કે હઝરત અનસ رضی اللہ عنہ પાસે હુઝૂરનું પ્યાલુ હતું તે તૂટી ગયું તો તેને ચાંદીની સાંકળથી બનાવ્યું. હઝરત આસિમ رضی اللہ عنہ કહે છે મેં એની ઝિયારત કરી અને એમાં પાણી પીધું.

**ફાયદો** :– પ્યાલાની ઝિયારત સવાબ માટે અને તેનાથી પાણી પીધું બરકત પ્રાપ્ત કરવા માટે હતું.

## ★ મશકનું મોઢિયું ★

બુખારી શરીફમાં હઝરત કાન્શાથી રિવાયત છે : તેઓ કહે છે કે નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم મારા ઘરે પધાર્યા. ઊભા થઈને આપે લટકેલી મશક લીધી અને મશકથી પાણી પીધું. તો મેં ઊભા થઈને મશકનું મોઢિયું કાપી લીધું.

**ફાયદો** :– સહાબાને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم થી સંબંધિત ચીજ વસ્તુથી કેટલો પ્યાર હતો કે તેમની મશકથી મોઢું લગાડીને પાણી પીધું તો તેમણે મશકનું મોઢિયું કાપી લીધું અને તબર્રુક સમજીને પોતાની પાસે હિફાઝતથી રાખી લીધું કે વારંવાર તેનાથી ફાયદો પ્રાપ્ત કરી શકાય.

## ★ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના વુઝૂનું પાણી ★

સહાબાએ કિરામ નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ના બદનથી વુઝૂમાં અલગ થયેલ પાણીને તબર્રુક સમજતા હતા અને તેને પામવાની કોશિષ કરતા. જો ન મળી શકતું તો જેને મળ્યું હોય તેની પાસેથી લઈ લેતા.

બુખારીમાં હઝરતે અબૂ હુઝૈફાથી રિવાયત છે : આપ ફર્માવે

છે હું નબીએ પાકની ખિદમતમાં હાજર થયો. મેં હઝરત બિલાલને જોયા કે એમણે નબીએ પાકના વુઝૂનું પાણી (ધોવણ) લીધું અને લોકોને જોયા કે એ પાણી માટે દોડી રહ્યા છે. જેને કંઈ મળી જતું તે તેને શરીર પર માલિશ કરી લેતો અને જેને કંઈ ન મળતું તે બીજાના હાથ પરથી તરી લઈ લેતો.

**ફાયદો** :– વુઝૂનું પાણી થોડી વાર માટે બદન સાથે લાગીને પછી અલગ થઈ જાય છે, પણ થોડી વાર માટેની સંગતમાં તે પાણીમાં કેટલી બરકતો આવતી હશે અને તેનાથી કેટલો ફાયદો પ્રાપ્ત થતો હશે તેને આપણે તો શું સમજી શકીએ ! એ તો સહાબાના કિરદારથી સમજવું જોઈએ કે તેઓ તેને પ્રાપ્ત કરવા માટે દોડતા, પડાપડી કરતા અને ગમે તેમ કરી લઈને જ રહેતા.

## ★ હુઝૂરનું થૂક અને લીંટ મુબારક પણ તબર્રુક ★

ઉર્વા બિન મસઊદ رضی اللہ عنہ ને જ્યારે તેઓ ઈમાન ન લાવ્યા હતા ત્યારે કુરૈશના લોકોએ તેમને નબીએ પાકની હાલત જોવા માટે મોકલ્યા હતા. તે આવ્યા અને હાલત જોઈને કુરૈશવાળાઓને સંભળાવે છે :

અય લોકો ! અલ્લાહની કસમ ! નિઃશંક કૈસર, કિસરા, અને બીજા મોટા મોટા રાજાઓના દરબારમાં ગયો છું. અલ્લાહની કસમ ! મેં કયારે પણ કોઈ રાજા એવો નથી જોયો જેના ચાહકો તેની એટલી ઈજ્જત કરતા હોય જેટલી કે મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم ના સાથીઓ એમની ઈજ્જત કરે છે. જ્યારે તેઓ થૂંકે છે અથવા નાક સાફ કરે છે તો તે તેમના સાથીઓમાંથી કોઈના હાથમાં જ પડે છે. (એટલે કે તેઓ એને પણ નીચે પડવા દેતા નથી !) જેને તેઓ પોતાના ચહેરા અને શરીર પર માલિશ કરે છે. અને જ્યારે તેઓ હુકમ કરે છે તો તેના પાલન માટે બધા જ દોડી પડે છે. અને જ્યારે તેઓ વુઝૂ કરે છે તો તેમના વુઝૂના પાણી માટે તેઓ એવી પડાપડી કરે છે કે જાણે લડી જશે. અને જ્યારે આપ વાત કરે છે તો ચાહકો પોતાનો અવાજ નીચો રાખે છે અને નજર ઉઠાવીને જોતા નથી તેમની ઈજ્જતને લક્ષમાં રાખી.

તબર્રુકની તા'ઝીમ અને ઈજ્જત સુન્નતે રસૂલ અને સુન્નતે સહાબા છે. હુઝૂર પાક صلی اللہ تعالیٰ علیہ وسلم સમક્ષ ઉપરોકત કામો કરવામાં આવ્યાં પણ હુઝૂર





صلی اللہ تعالیٰ علیہ وسلم એ મના ન ફર્માવી એ આપના પસંદ હોવાની દલીલ છે. અને સહાબાના કિરદારથી અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની રજાથી એક વાત એ પણ જાણવા મળી કે ઈબાદત અલગ છે અને ઈજ્જત અલગ છે. કશાની ઈજ્જત કરવામાં આવે તે એ વાતની દલીલ નથી કે આ તેની બંદગી છે. સહાબા હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની ઈજ્જત આપના નબી અને રસૂલ હોવાને લઈને કરતા પણ આપથી સંબંધિત ચીજ વસ્તુઓની ઈજ્જત તેને તબર્રુક સમજીને કરતા હતા. એટલે જેવી તબર્રુકની ચીજ તે પ્રમાણે તેનાથી ફાયદો પણ પ્રાપ્ત કરવામાં આવશે.

## ★ તબર્રુકથી શિફા પ્રાપ્ત કરવી ★

મુસ્લિમ શરીફમાં છે : હઝરત અસ્મા બિન્તે અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ પાસે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નો મુબારક જબ્બો હતો. તેઓ ફર્માવે છે કે નબીએ પાક એને પહેરતા હતા. અમે તે જબ્બાને બીમાર લોકો માટે ધોઈ આપીએ છીએ અને તેનાથી શિફા મળી જાય છે.

**ફાયદો** :– સહાબાએ કિરામના જમાનાની વાત છે. સહાબાની માન્યતા એ હતી કે જેમ દવાથી શિફા મળે છે અને સારું થઈ શકે છે એ જ પ્રમાણે તબર્રુકથી પણ શિફા પ્રાપ્ત કરી શકાય છે. જ્યારે કોઈ બીમાર પડતું તો હુઝૂરે પાકના જબ્બા મુબારકનું ધોવણ પી લેતા તો તબર્રુકની બરકતથી શિફા મળી જતી હતી.

## ★ પ્યાલાનું પાણી અને શિફા ★

શિફા કાઝી અયાઝમાં છે : હઝરત ઈમામ ઈબ્ને મામૂન ફર્માવે છે કે અમારી પાસે નબીએ પાકનું એક પ્યાલુ હતું. અમે લોકો એમાં પાણી નાખતા અને બીમારને પીવાડવતા તો તેમને શિફા મળી જતી.

## ★ કપડાંનો ટૂકડો અને શિફા ★

ઈબ્ને અદીએ રિવાયત કરી છે : હઝરત મુહમ્મદ બિન જાબિર رضی اللہ عنہ ફર્માવે છે કે નબીએ પાકના જબ્બા મુબારકનો એક ટૂકડો અમારી પાસે હતો. અમે એને ધોઈને બીમારોને શિફા માટે પીવડાવતા હતા, તો

શિફા મળી જતી.

## ★ હઝરત ઉમર رضی اللہ عنہ ની અકીદત ★

કન્ઝુલ ઉમ્માલમાં છે : હઝરત ખદાશ બિન અબૂ ખદાશ رضی اللہ عنہما પાસે નબીએ પાકનું એક પ્યાલુ હતું. કયારેક હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ એમના ત્યાં તશરીફ લઈ જતા તો તે જ પ્યાલુ માંગતા અને એનાથી ઝમઝમનું પાણી પીતા અને પોતાના ચહેરા પર તેના છાંટતા લેતા.

ઝમઝમનું પાણી રહમત અને બરકતવાળુ પાણી છે એનાથી પણ બીમારીઓથી શિફા પ્રાપ્ત થાય છે. તે બરકતવાળા પાણીને પણ પીવામાં સરકારે મદીનાનું પ્યાલું એટલા માટે જ માંગવામાં આવી રહ્યું છે કે નબીએ અકરમના હાથ અને આપનું મોઢુ લાગવાથી એ પ્યાલુ તબર્રુક બની ગયું છે એટલે ઝમઝમ પણ તેમાં નાખીને જ પીવાનું પસંદ કરતા.

## ★ એક પ્યાલુ લાખોનું ! ★

બુખારીમાં હઝરત આસિમ رضی اللہ عنہ થી રિવાયત છે : તેઓ ફર્માવે છે કે હઝરત અનસ પાસે પહોળુ અને સરસ પ્યાલુ હતું, લાકડાનું હતું અને તેની કિનારી લોખંડની બનેલી હતી. હઝરત અનસ رضی اللہ عنہ એ વિચાર્યું કે લોખંડની જગાએ સોના અથવા ચાંદીની કિનારી બનાવડાવું પરંતુ હઝરત અબૂ તલ્હા رضی اللہ عنہ એ ફર્માવ્યું, જે નબીએ પાકે બનાવ્યું તેમાં ફેરફાર ન કરવો જોઈએ. તો હઝરત અનસે તેમાં ફેરફાર કર્યો નહીં. હઝરત અનસ ફર્માવે છે કે, આ પ્યાલાથી મેં નબીયે પાકને ઘણી વખત પાણી પીવડાવ્યું છે.

શરહે શમાઈલે બયજૂરીમાં છે : એ પ્યાલુ વારસામાં નઝર બિન અનસને મળ્યું તો તેમની પાસેથી આઠ લાખ દિરહમમાં વેચાતુ લેવામાં આવ્યું. હઝરત ઈમામ બુખારી ફર્માવે છે કે, મેં એ પ્યાલુ બસરા શહેરમાં જોયું એનાથી પાણી પણ પીધું.

## ★ અસા સાથે જન્નતમાં ★

બયહકીમાં હઝરત અબ્દુલ્લાહ બિન ઓનૈસ رضی اللہ عنہ થી રિવાયત





છે : તેઓ ફર્માવે છે કે, નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ મને ખાલિદ બિન સુફયાન બિન બેખ હઝલીને કતલ કરવા માટે રવાના કયો. હું જયારે તેને કતલ કરીને નબીએ પાકની ખિદમતમાં હાજર થયો તો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ મને પોતાનો અસા મુબારક અર્પણ કર્યો અને ફર્માવ્યુ, આની સાથે જન્નતમાં ચાલ્યો જજે !

આ અસો તેમની પાસે રહ્યો, જયારે તેમની વફાતનો સમય નિકટ આવ્યો તો તેમણે વસિય્યત કરી કે આ અસાને મારા કફનમાં રાખી દેવામાં આવે તો પછી આમ જ કરવામાં આવ્યું.

## ★ તબર્રુક કબ્રમાં પણ સાથે ★

બયહકી અને ઈબ્ને અસાકિરમાં છે : હઝરત મુહમ્મદ બિન સીરીં ફર્માવે છે કે, હઝરત અનસ رضی اللہ عنہ પાસે હુઝૂરે પાકનો એક નાનો સરખો દંડો હતો. જયારે તેમનું અવસાન થયું તો વસિય્યતના પ્રમાણે તેમની સાથે દફન કરી દેવામાં આવ્યો.

## ★ કફન માટે ચાદરની માંગ ★

બુખારી શરીફમાં હઝરત સહલ બિન સઅ્દથી રિવાયત છે : ફર્માવે છે કે એક ઔરત એક ચાદર લઈને હુઝૂરે પાકની ખિદમતમાં આવી અને વિનંતી કરી, હુઝૂર ! صلی اللہ تعالیٰ علیہ وسلم આ ચાદર મેં મારા હાથથી વણી છે અને આપ માટે લાવી છું. આપે કુબૂલ ફર્માવી અને લુંગીની જગાએ એને પહેરીને આવ્યા. એક સહાબીએ જોઈને કહ્યું કે કેટલી સારી ચાદર છે ! અય અલ્લાહના રસૂલ ! صلی اللہ تعالیٰ علیہ وسلم મને અર્પણ કરશો ? હુઝૂરે આપવાનું કહ્યું અને થોડા સમય પછી મહેફિલ (સભા)થી ઉઠીને તશરીફ લઈ ગયા અને પધાર્યા તો એ ચાદર આપના હાથમાં હતી અને આપે માંગ કરનાર સહાબીને મોકલી આપી. સહાબાએ કહ્યું, તમે ચાદરનો સવાલ કરીને સારું કામ નથી કર્યું ! તમને ખબર છે કે હુઝૂર કોઈનો સવાલ રદ નથી કરતા. હુઝૂરને એની જરૂરત હતી. (પણ તમારા માંગવાથી આપી દીધી છે.) તે સહાબીએ પોતાની અકીદત જાહેર કરતાં ફર્માવ્યું કે, મેં માત્ર એટલા માટે માંગ કરી કે મારું મૃત્યુ થાય તો એ મારું કફન બને. હઝરત સહલ ફર્માવે છે કે આ ચાદર

એમનું કફન બની.

**ફાયદો** :- સહાબાનો અકીદો પણ હતો કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના તબર્રુકાતથી દુનિયામાં તો ફાયદો થાય છે પણ એનો ફાયદો આખેરત અને આલમે બરઝખમાં પણ મળી શકે છે એટલે તેઓ હુઝૂરે પાકનાં તબર્રુકાતને કબ્રમાં સાથે લઈ જવાની વસિય્યત કરતા હતા. અને એમની વસિય્યત પૂરી કરવામાં આવતી હતી.

## ★ તીર કામઠાનો અદબ ★

શિફા શરીફમાં હઝરત અબૂ અબ્દુર્રહમાન અસલમીથી રિવાયત છે : આપ ફર્માવે છે કે, અહમદ બિન ફઝલવિયા પાસે એક તીર કામઠુ હતું જેને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ એક દિવસ પકડયું હતું. તેઓ ફર્માવે છે કે, જ્યારથી મને ખબર પડી કે નબીએ પાકે આ તીર કામઠાને હાથ લગાડયો છે તો મેં વગર વુઝૂએ એને પકડયું નથી.

**ફાયદો** :- એવું નથી કે વગર વુઝૂએ પકડવું જાઈઝ નથી અથવા એને પકડવા માટે વુઝૂ કરવું જરૂરી છે પણ આ તેમની અકીદત અને મહોબ્બત છે કે નબીએ પાકનો હાથ લાગેલો છે એટલે પાક હાલતમાં જ એને પકડીશ ! સ્પષ્ટ થયું કે ઈબાદત અને ઈજ્જતમાં ફરક છે.

## ★ હુઝૂરના ગોદડાને બોસો આપ્યો ★

તારીખે સગીર ઈમામ બુખારીમાં છે : હઝરત અબ્દુલ્લાહ ફર્માવે છે કે, મારા દાદા પાસે રસૂલે પાકનું ગોદડું હતું. જ્યારે હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ ખલીફા બન્યા તો તેમણે મારા દાદાને કહેવડાવ્યું કે ગોદડું લઈને આવશો. મારા દાદા ચામડામાં બાંધીને લઈ ગયા. હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ એને પોતાના ચહેરા પર ફેરવવા લાગ્યા.

## ★ કબ્રમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની ચાદરનો ફાયદો ★

હુલ્યામાં છે : હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ ફર્માવે છે કે જ્યારે (હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ની માતા) ફાતેમા બિન્તે અસદનું અવસાન





થયું તો નબીએ પાક પધાર્યા અને એમના માથા પાસે બેસીને ફર્માવવા લાગ્યા;

અલ્લાહ તમારી ઉપર કૃપા કરે તમે મારી માં પછી મારી માં હતાં, તમે પોતે ભૂખ્યાં રહીને મારું પેટ ભરતાં. પોતે ગમે તે પહેરીને કપડાં મને પહેરાવતાં. પોતે સારું ન ખાતાં અને મને ખવડાવતાં. અને એનાથી તમારો મતલબ અલ્લાહને ખુશ રાખવો અને આખેરત હતી. પછી આપે ગુસ્લ આપવાનો હુકમ ફર્માવ્યો અને પછી પોતાની ચાદર કફન માટે આપી. ઓસામા બિન ઝૈદ, અબૂ ઐયૂબ અન્સારી, ઉમર બિન ખત્તાબ અને હબ્શી ગુલામને બોલાવીને કબ્ર ખોદવાનો આદેશ આપ્યો. પછી આપે જનાઝાની નમાઝ પઢાવી, કબ્ર પાસે આવ્યા એને પહોળી કરાવી અને પછી પોતે કબ્રમાં ઉતરીને આડા પડયા અને ફર્માવ્યું, સઘળા વખાણ અલ્લાહ માટે છે જે જીવતો કરે છે અને મારે છે અને તે પોતે જીવંત છે કયારે પણ નહીં મરે. અય અલ્લાહ ! મારી માતા ફાતેમા બિન્તે અસદને બખ્શી આપ અને એમને એમના જવાબ શિખવાડી આપ. અને એમના માટે એમની કબ્રને પહોળી કરી દે. તારા નબીના સદકામાં અને મારાથી પહેલાં આવેલા નબીઓના સદકામાં તો તું સૌથી અધિક કૃપાળુ છે. પછી ફર્માવ્યું;

મેં મારું ખમીસ એટલા માટે પહેરાવ્યું કે એમને જન્નતનાં કપડાં પહેરાવવામાં આવે અને કબ્રમાં એટલા માટે આડો પડયો કે એમના માટે નરમ બની જાય. *(અલ્ ઈસ્તીઆબ)*

હાકિમે મુસ્તદરકમાં રિવાયત કરી કે અમીરુલ મો'મિનીન હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ એ અરજ કરી, અય અલ્લાહના રસૂલ ! صلی اللہ تعالیٰ علیہ وسلم મેં તમને આ ઔરત સાથે જે સુલૂક કરતાં જોયા તો બીજા કોઈ સાથે કરતાં નથી જોયા. ફર્માવ્યું;

અય ઉમર ! આ ઔરત મારી સગી માં જેવી છે. અબૂ તાલિબ હમેશાં ભરણપોષણનું એહસાન જતાવતા અને આ તેમને અદબ અને નરમી શિખવાડવાની. પછી ફર્માવ્યું;

બેશક ! અલ્લાહ તઆલા તરફથી જિબ્રઈલ અમીને મને ખબર આપી છે કે આ ઔરત જન્નતી છે અને અલ્લાહ તઆલાએ સિત્તેર હજાર ફરિશ્તાઓને એમના પર નમાઝ પઢવાનો હુકમ આપ્યો હતો.

આ હતી સરકારે મદીનાની ચાદર મુબારકના કફનનો ફાયદો અને તેનો પુરાવો નબીના જ ફર્માનથી. એટલે તબર્રુકાતના ફાયદાનો ઈન્કાર નથી થઈ શકતો.

## ★ હુઝૂર ﷺ ના અમામાની બરકત ★

તબકાતે ઈબ્ને સઅદમાં છે : હઝરત ઈબ્ને સઅદ ફર્માવે છે કે, ગઝવએ ખંદકમાં કાફિરો તરફથી અમ્ર બિન અબ્દેવુદ જે ઘણી જ હિંમતવાળો અને બેખૌફ હતો તે મેદાનમાં આવ્યો અને કહેવા લાગ્યો, મુસલમાનો તમારામાં કોઈ મારો મુકાબલો કરી શકે એવો હોય તો મારી સામે આવી જાય !

આ વાત સાંભળીને હઝરત અલી શેરે ખુદા كرم الله تعالى وجهه الكريم ઊભા થયા અને સરકારે દો આલમ ﷺ થી રજા માંગી. હુઝૂર ﷺ એ ફર્માવ્યું, મારી પાસે આવો ! શેરે ખુદા નજીક આવ્યા તો સરકારે મદીનાએ તેમને પોતાની તલ્વાર આપી અને પોતાનો અમામો તેમના અમામા પર બાંધી આપ્યો અને દુઆ કરી, અય અલ્લાહ ! અલીને અમ્ર બિન અબ્દેવુદ પર મદદ અતા ફર્માવ !

સરકારે મદીના ﷺ ના તબર્રુકાત લઈને હઝરત અલી મુકાબલા માટે આવ્યા. અમ્ર પહેલવાન હતો કેટલા માણસો પર એકલો ભારે હતો પરંતુ હઝરત અલી كرم الله تعالى وجهه الكريم સામે તેનો એક દાવ પણ ન ચાલ્યો. શેરે ખુદાએ એવી ખેંચીને તલ્વાર મારી કે તેનું માથુ કપાયને દૂર જઈ પડયું. કાફિર ડરીને નાસી છૂટયા અને મુસલમાનોને વિજય મળ્યો.

**ફાયદો** :– કામયાબી માટે હુઝૂર ﷺ ની દુઆ કાફી હતી તો પણ સરકારે મદીનાએ તેમને પોતાની તલ્વાર આપી અને અમામો પહેરલો હતો તો પણ અમામો પહેરાવ્યો એટલા માટે જ કે જેમ દુઆથી ફાયદો પહોંચે છે અને અલ્લાહની રહમતની વર્ષા થાય છે એ જ પ્રમાણે તબર્રુકાતથી પણ ફાયદો થાય છે. અને જ્યાં તબર્રુકાત પહોંચે છે ત્યાં અલ્લાહની રહમતો અને બરકતો પણ પહોંચ છે. એટલે તબર્રુકાતની બરકતોનો ઈન્કાર નથી થઈ શકતો.





## ★ હુઝૂર ﷺ ની કુલ્લીની બરકત ★

ઈસ્તીઆબમાં છે ઉમ્મુલ મો'મિનીન رضی اللہ عنہا હઝરત ઝૈનબ બિન્તે અબૂ સલ્મા સરકારે મદીના ﷺ ની ખિદમતમાં આવી. તે સમયે આકા વ મૌલા ﷺ ગુસ્લ ફર્માવી રહ્યા હતા. હુઝૂરે પોતાની કુલ્લીનું પાણી તેમના ચહેરા પર છાંટયું. હદીષના રાવી કહે છે કે હઝરત ઉમ્મે સલમા વૃધ્ધા થઈ ગઈ પરંતુ ચહેરાથી તેમની જવાનીની ચમક ન ગઈ.

માણસના પૂરા શરીરમાં વૃધ્ધાવસ્થાનાં ચિન્હો દેખાય પણ ચહેરા પર તેની અસર ન આવે એ માની શકાય છે ? પણ આ હકીકત છે ! હઝરત ઉમ્મે સલ્માના ચહેરામાં થોડો પણ ફેરફાર થયો નહીં અને તેમનો ચહેરો ખીલેલો જ રહ્યો એટલે કે તેઓના ચહેરા મુબારકને સરકારે મદીનાની કુલ્લીના પાણીની બરકત પ્રાપ્ત થઈ હતી અને તેના ફૈઝની અસરથી જવાનીની ચમક દમક હતી.

આજે દુનિયામાં વિવિધ પ્રકારનાં ક્રીમો અને જાત જાતની દવાઓની શોધ કરવામાં આવી કે આનાથી જવાનીની ચમક દમક જઈ શકતી નથી. અને લોકો તેની પાછળ પોતાની મહેનતની કમાઈ ને માલ વેડફી નાખે છે પણ કંઈ ફાયદો નથી થતો જ્યારે નબીની કુલ્લીના પાણીની બરકત જુઓ ! ક્રીમો અને દવાઓ બેઅસર અને નબીની કુલ્લીનું પાણી બાઅસર ! એટલે જ અમે કહીએ છીએ કે તબર્રુકાતના ફૈઝનો ઈન્કાર નથી થઈ શકતો.

## ☆ હુઝૂર ﷺ ના હાથોનું ધોવણ ☆

મુસ્લિમમાં હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે : આપ ફર્માવે છે કે, જયારે હુઝૂર ﷺ ફજરની નમાઝથી ફારિગ થતા તો મદીના મુનવ્વરાના બાળકો વાસણોમાં પાણી લઈને ખિદમતે અકદસમાં હાજરી આપતા. આપ દરેક વાસણમાં પોતાનો મુબારક હાથ નાખી આપતા. ઠંડીના મોસમમાં આવતા તો પણ હાથ નાખી આપતા.

**ફાયદો** :– અમુક લોકો બીમાર હોય તો તેનાથી શિફા પામવા અને અન્ય લોકો માત્ર બરકત માટે વાસણોમાં પાણી લઈને આવતા અને

સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم તેમને મનાઈ ન ફર્માવતા બલ્કે દરેકના વાસણમાં હાથ નાખી આપતા. ઠંડીની મોસમમાં પોતે ઠંડક વેઠી લેતા પણ આવનાર વ્યકિતને નારાજ ન ફર્માવતા. જયારે કે નબીએ પાકને ખબર હતી કે આ લોકો પાણીનાં વાસણો લઈને શા માટે આવે છે ? અને મારી પાસે શા માટે હાથ નંખાવે છે ? પરંતુ આપ તેમના એ કામને પસંદ ફર્માવતા અને તેમની જરૂરત પૂરી ફર્માવી આપતા અને અલ્લાહ તઆલાને પણ પસંદ હતું જેથી હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના હાથ મુબારકના ધોવણથી લોકોને શિફા આપતો કે લોકોનાં દિલોમાં એની મહોબ્બત વધી જાય અને ઈલાજ માટે એનો સહારો લે. પછી કોઈ વ્યક્તિ એવું કહે કે આમ ન કરવું જોઈએ આ હદથી વધારે મહોબ્બત અને અકીદત કહેવાય તો એવા માણસની વાત કબૂલવામાં આવશે નહીં.

## ★ સ્વપ્નની જગાનો પણ અદબ ★

એ વાત પર બધા લોકોની સંમતિ છે કે સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم કોઈને સ્વપ્નમાં આવે તો તે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم જ હોય છે. બીજુ કોઈ નહીં, કારણ કે શૈતાને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની સૂરતમાં આવવાની શકિત આપવામાં આવી નથી, એટલે જે હુઝૂરને સ્વપ્નમાં જુઓ તો તેણે પોતે હુઝૂરને જ જોયા છે એમાં બે મત નથી. જયારે મસ્અલો આ પ્રમાણે છે તો હવે અકીદતની દુનિયામાં આવીને સાંભળો :–

વફાઉલ વફામાં હઝરત ઈસ્માઈલ બિન યાકૂબ તૈમી ફર્માવે છે કે, હઝરત ઈબ્ને મુનકદિર મસ્જિદે નબવી શરીફના ચોગાનમાં આડા પડતા. એમને આ વાતનું કારણ પૂછવામાં આવ્યું તો એમણે ફર્માવ્યું કે મેં આ જગા પર રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ને સ્વપ્નમાં જોયા છે.

એટલે કે તેઓ એ જગાએ આડા પડીને ફૈઝ અને બરકત લઈ રહ્યા છે કારણ કે સ્વપ્નમાં એ જગાએ હુઝૂર આવ્યા જેથી હુઝૂરથી એ જગાને સંબંધ થઈ ગયો અને તે બરકતવાન બની ગઈ. આ છે ઈશ્ક અને મહોબ્બત કે સ્વપ્નની જગાનો પણ અદબ કરે. અને એક છે આપણો જમાનો કે દરેક વાતના સુબૂતમાં બુખારી અને મુસ્લિમનો પુરાવો માંગવામાં આવે !! હઝરત ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہ આજથી એક હજાર વર્ષો પહેલાં થઈ ગયા,





એમની કિતાબોને વાંચનાર સમજી શકે છે કે એમણે વર્ણવેલી દરેક હદીષ સિહાહે સિત્તહ્‌ની નથી. બીજી કિતાબોની પણ અસંખ્ય હદીષોનો પુરાવો રજુ કરેલો છે. આજથી હજાર વર્ષ પહેલાં બીજી કિતાબોના પુરાવા ચાલતા હતા અને આજે તેના પર વિવાદ ઊભો કરવામાં આવે છે. હવે ન્યાયથી ફેંસલો કરો કે આજ કાલના અન્ય બદ્અકીદા લોકોની વાત માન્ય રાખવામાં આવે છે કે હજાર વર્ષ પહેલાંના આલિમોનો માર્ગ કબૂલવામાં આવે ?!

## ★ પોતાના માથાના વાળ પણ તબર્રુક ★

શિફા શરીફ અને કન્ઝુલ ઉમ્માલમાં છે : હઝરત અબૂ મહઝૂરા رضی اللہ عنہ ના માથાના આગલા ભાગમાં વાતનો ગુચ્છો હતો જયારે તેઓ બેસતાં અને છોડતા તો જમીન સુધી પહોંચી જતા. એમને પૂછવામાં આવ્યું કે તમે કપાવી કેમ નથી નાખતાં. ફર્માવ્યું હું એને કયારે પણ નહીં કમાવું, કારણ કે, એના પર નબીએ અકરમનો હાથ લાગેલો છે.

હઝરત અબૂ મહઝૂરાના માથાના આગલા ભાગ પર જયારથી નબીએ પાકનો હાથ પડયો હશે ત્યારથી લઈને એમને પૂછવામાં આવ્યું ત્યાં સુધી તેમણે એ વાળને કપાવ્યા ન હતા અને એ જ હાલતમાં દુનિયાથી પર્દો થયા અને એ બરકત પોતાની સાથે લઈને ગયા. આજે આપણે બુઝુર્ગોનાં તબર્રુકની ગમે તેટલી ઈજ્જત કરીએ પણ ઈજ્જતમાં સહાબાથી આગળ નથી નીકળી શકતા, તેમની અકીદત અને મહોબ્બતનો આલમ જ જુદો હતો. તેમણે પોતાના માથાના વાળ સાથે જે અમલ કર્યો તે કોઈ શરઈ હુકમ ન હતો કે નબી માથા પર હાથ રાખે તો વાળ કાપવામાં ન આવે પણ આ ઈશ્ક છે તેમાં પુરાવો શોધવામાં નથી આવતો, માત્ર નિસ્બત અને સંબંધનો ખયાલ કરવામાં આવે છે.

ડોકટર ઈકબાલ સાહેબ ફર્માવે છે :–

**દીન સરાપા સોખ્તન અંદર તલબ**
**ઈન્તેહાયશ ઈશ્ક વ આગાજશ અદબ**

(ધર્મ પૂરે પૂરું શોધમાં બળવું છે
તેની શરૂઆત ઈશ્કથી અને તેનો અંત ઈશ્ક છે.)

**ઝિંદગીરા શરઓ આઈન અસ્ત ઈશ્ક**
**અસ્લે તહઝીબ અસ્ત દીન દીન અસ્ત ઈશ્ક**
(જીવનની શરીઅત અને કાનૂન ઈશ્ક છે
અસલ તોર તરીકો ધર્મ છે અને ધર્મ ઈશ્ક છે.)

**દીં ન ગરદદ પુખ્તા બે આદાબે ઈશ્ક**
**દીં બગીર અઝ સહુબતે અરબાબે ઈશ્ક**
(ધર્મ ઈશ્કના નિયમો વિના મજબૂત નથી થતો
ઈશ્કવાળાઓની સંગતમાં રહી ધર્મ પ્રાપ્ત કરો.)

## ★ હઝરત અલી کرم اللہ تعالٰی وجہہ الکریم નો જવાબ ★

શરીઅતનો કાયદો છે કે મોજા જેને પહેરીને બૂટ ચપ્પલ વિના ચાલી શકાય તેની બીજી પણ શરતો છે જે તોહફાએ નજાત, ભાગ–૪ થી હાંસલ કરો. તો મોજા ઉપર મસોહ કરો. જ્યારે કે ચાલવામાં ધૂળ અને કુંઈ અને કંઈ લાગે છે નીચે લાગે છે પણ મસોહ ઉપર કરવાનો આદેશ આપવામાં આવ્યો. હઝરત અલી رضی اللہ عنہ ફર્માવે છે કે દીન અને ધર્મની બુન્યાદ અક્કલ પર હોત તો હું મોજાની નીચે મસોહ કરતો પણ દીન અલ્લાહ અને રસૂલનાં ઈર્શાદનું નામ છે. એ જે ફર્માવે માની લેવાનું :– અક્કલ કુર્બાન બ..શે મુસ્તફા નબીએ પાક સમક્ષ અક્કલને છોડી આપો. ઈશ્ક મહબ્બતને લક્ષમાં રાખી સ્વીકારી લો.

## ★ મિમ્બરનું ચુબન ★

શિફા શરીફમાં છે : હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ મિમ્બરે અકદસમાં જે જગા સરકારે મદીનાના બેસવાની હતી ત્યાં પોતાના હાથ ફેરવતા અને પછી તેને મોઢા પર ફેરવી લેતા.

મિમ્બર લાકડાનું હતું હુઝૂર થોડા સમય માટે તેના પર બેસીને ખસી જતા હતા તો પણ સહાબાની અને તેમાં પણ હઝરત ઈબ્ને ઉમરની માન્યતા અને અકીદત જુઓ કે તો જગાને બરકતવાળી સમજીને તેના પર હાથ ફેરવી બરકત લઈ તેને ચહેરા પર ફેરવતા હતા. એટલું બતાવવા માટે જ કે નબીએ





પાકથી સંબંધિત ચીજ વસ્તુઓ નહીં આપ જે જગાએ પધારે અને બેસે તે પણ બરકતવાન બની જાય છે અને એનો પણ અદબ કરવામાં આવશે.

આનાથી એ પણ સાબિત થયું કે જે પેપર પર બુઝુર્ગોના મઝારોના ફોટો હોય અથવા તેમનાં તબર્રુક હોય તો તેને ચૂમી શકાય છે.

## ★ હાથ ચૂમવો ★

તબર્રુકાતે ઈબ્ને સઅદમાં છે : હઝરત અબ્દુર્રહમાન બિન ઝૈદ ઈરાકી ફર્માવે છે કે અમે ઝબદામાં હઝરત સલ્મા બિન અકવા સહાબીની ખિદમતમાં હાજર થયા તેમણે પોતાનો હાથ અમારી તરફ લાંબો કર્યો અને ફર્માવ્યું કે મેં આ હાથથી નબીએ પાકની બયઅત કરી હતી ! તો પછી અમોએ તેમના હાથ ચૂમી લીધા.

અહીં વિચારવાની વાત એ છે કે હઝરત સલ્મા બિન અકવાએ હુઝૂર صلی اللہ تعالٰی علیہ وسلم થી બયઅત કરી અને આપના હાથોમાં હાથ આપ્યા પણ જ્યારે વર્ષો પછી એમનાથી મુલાકાત કરવામાં આવી તો તેમણે કેટલી વખત પોતાના હાથ ધોયા હશે તો પણ તાબઈ લોકોનો પણ અકીદો અને અકીદત જુઓ કે એટલા માટે હાથને બોસો આપ્યો કે તેમણે આ હાથોથી હુઝૂર صلی اللہ تعالٰی علیہ وسلم ના હાથ પકડયા હતા. અદબ માટે તો હાથ ચૂમી જ શકાય છે પણ અહીં તબર્રુક સમજીને હાથને બોસો આપ્યો હતો.

## ★ મુહદ્દિષે દહેલ્વીનું મંતવ્ય ★

હઝરત અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ ના ઈલ્મો ઈરફાનથી હિંદુસ્તાનનો ખૂણે ખૂણો મહેકી રહ્યો છે. આપના લખાણની ધૂમ ચારે બાજુ પ્રસરી રહી છે.

ગુજરાતીમાં એક કાવ્ય પંકિત છે;

**આપ બળે એકલ ખૂણે ધૂમ બધે પ્રસરે**
**જગમાં એવા જન્મ્યા અગરબત્તી ને સંત**

ચાર સદીઓનો લાંબો સમય પસાર થયા પછી પણ એવું લાગે છે

જાણે તેઓ આપણામાં જ છે. આજે પણ માત્ર "મુહદ્દિષે દહેલ્વી" કહેવામાં આવે છે તો લોકોનું દિમાગ આપની જાતને નિયુકત કરી લે છે. આપણે તો આપણે બદ્ અકીદા લોકો પણ આપની જાતે પાકને માન્ય રાખે છે. એટલે આપનું મંતવ્ય દરેકના માટે મજબૂત પુરાવો છે. આપની પ્રખ્યાત કિતાબ, ઈશ્કો મહબ્બતથી ભરપૂર "મદારિજુન્નબુવ્વત"માં છે;

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના તબર્રુકાતની અમુક ચીજ વસ્તુઓ હતી અને તેને એક રૂમમાં સાચવીને રાખી હતી અને દરરોજ એક વખત એની ઝિયારત કરતા હતા. મોટા લોકોમાંથી કોઈ આપની મુલાકાતે આવતો તો તેને પણ ઝિયારત કરાવતા હતા અને ફર્માવતા, "મારું તો બધું જ આ છે !" અલ્લાહ આ તબર્રુકાતની બરકતથી તમને ઈજ્જત આપે. કહેવામાં આવ્યું છે કે એ રૂમમાં એક ખાટલી, ચામડાનો તકિયો જેમાં ખજૂરની છાલ ભરેલી હતી, એક જોડ મોજા, ગોદડું, ઘંટી અને એક ધનુષ્યબાણ હતું જેમાં થોડાં તીર હતાં. ગોદડામાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના તેલની ચિકાશ હતી. એક માણસને સખ્ત બીમારી થઈ ગઈ હતી અને તેને શિફા ન મળતી હતી. હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝને વિનંતી કરવામાં આવી તો તે ચિકાશમાંથી થોડું ધોઈને બીમારની નાકમાં ટપકાવી દેવામાં આવ્યું તો તે વ્યકિત સારો થઈ ગયો.

## ★ હઝરત કાઝી અયાઝનું મંતવ્ય ★

તે સઘળી જગાઓ અને સઘળી ચીજ વસ્તુઓની ઈજ્જત કરવામાં આવશે અને જે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના શરીર સાથે લાગવાની ઈજ્જત પ્રાપ્ત થઈ હોય તેની પણ ઈજ્જત કરવામાં આવશે અને તે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની ઈજ્જત કરવા સમાન જ છે અને તેમાં ઘણી જ બરકત છે. એટલે સુધી કે જે જમીનની માટીને હુઝૂરે પાકના શરીર સાથે સ્પર્શવાથી ઈજ્જત પ્રાપ્ત થઈ છે જરૂરી છે કે તેના મેદાનોની પણ ઈજ્જત કરવામાં આવે, તેની હવાઓ સુંઘવામાં આવે અને તેની દરો દીવારને બોસો દેવામાં આવે.

સારાંશ એ કે હબીબ, હબીબની જગાઓ, પોશાક અને તબર્રુકાતની તા'ઝીમ કરવી જોઈએ. એટલા માટે તો હઝરત ઈમામ માલિકે તે વ્યકિતને ત્રીસ કોરડા મારવાનો હુકમ આપ્યો હતો જેણે કહ્યું હતું કે મદીના





મુનવ્વરાની માટી ખરાબ છે. આપે ફર્માવ્યું, જે જમીનમાં મખ્લૂકના અતિ ઉત્તમ નબી આરામ ફર્માવી રહ્યા છે, તું કહે છે કે એ જમીનની માટી ખરાબ છે ! તારુ ડોકું ઉડાવી દેવું જોઈએ !

**જિસ ખાક પે રખતે થે કદમ સય્યદે આલમ**
**ઉસ ખાક પે કુર્બાં દિલે શૈદા હૈ હમારા**

હઝરત ઈમામ માલિક رحمۃ اللہ علیہ પોતે પણ નબીના શહેર અને દરો દીવારની એટલી ઈજ્જત કરતા કે તેઓ ઉઘાડા પગે રહેતા, નબીની હદીષ સાંભળવા ઈચ્છતા તો પ્રથમ ગુસ્લ કરી, ખૂશ્બુ લગાવી પૂરા અદબની સાથે એ કામ કરતા હતા. એક દિવસે ચાલુ સબકમાં વિંછી આપના જબ્બામાં ચાલ્યો ગયો અને દબાવવા પર એણે હઝરત ઈમામ رحمۃ اللہ علیہ ને ડંખ મારવાનું શરૂ કર્યું તો ચહેરાની હાલત બદલાઈ પણ આપે અદબ સાથે સબક પૂરો કર્યો અને પછી જબ્બો કાઢયો તો અંદરથી વિંછી નીકળીને પડયો. હઝરત ઈમામ رحمۃ اللہ علیہ ફર્માવે છે કે, સોળ વખતે ડંખ માર્યો પણ હદીષ શરીફનો સબક ચાલતો હતો તેને બંધ કેવી રીતે કરું ! ઓચિંતો બંધ કરી દેવો મારા નિકટ બેદઅબી છે એટલે મેં તકલીફ વેઠી લીધી પણ અદબમાં ફરક ન આવવા દીધો !

આના માટે પુરાવાની જરૂરત નથી કે ઈમામે આમ શા માટે કર્યું ? કારણ કે, આ માણસને ઈશ્ક અને મહોબ્બત છે. મહોબ્બતમાં કોઈ પુરાવા નથી હોતો.

## ★ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખાટલીની ઈજ્જત ★

ઝર્કાની અલલ મવાહિબમાં છે : હઝરત અસઅદ બિન ઝરારાએ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખિદમતે અકદસમાં એક ખાટલી ભેટ કરી હતી જેના પાયા સાગના હતા હુઝૂર તેની ઉપર આરામ ફર્માવતા. પર્દો ફર્માવ્યા પછી આપને એની ઉપર જ રાખવામાં આવ્યા. ત્યાર બાદ હઝરત અબૂબક્ર સિદ્દીક صلی اللہ تعالیٰ علیہ وسلم ને પણ તેની ઉપર રાખવામાં આવ્યા. ત્યાર બાદ લોકો બરકત માટે પોતાના મડદાંઓને તેની ઉપર રાખતા હતા. આ ખાટલી બનૂ ઉમય્યાના યુગમાં હઝરત આઈશાના વારસામાં વેચવામાં આવી. અબ્દુલ્લાહ બિન

ઈસ્હાકે એના પાટિયાં ચાર હજાર દિરહમમાં વેચાણ લીધાં હતાં.

## ★ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની બેઠકનો અદબ ★

વફાઉલ વફા અને કશ્ફુલગુમ્મામાં છે કે સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم ના મિમ્બર શરીફનાં ત્રણ પગથિયાં હતાં. આપ ઉપરના પગથિયા પર બેસતા હતા. અને વચલા પગથિયા પર પગ મુબારક રાખતા હતા. આપ પછી હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ પોતાની ખિલાફતના યુગમાં અદબને લઈને વચલા પગથિયા પર બેસતા અને પગ નીચલા પગથિયા પર રાખતા. હઝરત ઉમર ફારૂકે આ'ઝમ એમની ખિલાફતના યુગમાં અંતિમ પગથિયા પર બેસતા અને પગ જમીન પર રાખતા અને જ્યારે હઝરત ઉસ્માને ગની رضی اللہ عنہ ની ખિલાફતનો યુગ આવ્યો ત્યારે તેમણે એક પગથિયાનો વધારો કર્યો અને તે વધારેલા પગથિયા પર બેસીને ખુત્બો આપતા.

એક બીજાની જગાએ ને બેસવું જગાના અદબ માટે હતું અને એટલા માટે પણ કે કોઈ એવું ન સમજી લે કે હુઝૂર પછી આ ખલીફા હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની જગાએ આવેલા છે તો હુઝૂર માફક થઈ ગયા. બલ્કે નબી નબી જ છે અને ઉમ્મતી ઉમ્મતી છે. એટલે તેમની જગાએ બેસીને બરાબરીની શંકા ન થાય તેને લઈને પગથિયું છોડીને બેસતા હતા. આનાથી એ પણ સ્પષ્ટ થયું કે બુઝુર્ગોની જગાનો કોઈ માણસ અદબ કરે અને તેમના ન હોવા પર પણ ત્યાં ન બેસે અને બીજાને પણ એ વાતની તાલીમ આપે તો આમ કરવું યોગ્ય કામ છે અને એનાથી મનાઈ નથી કરી શકતા. જો કે આ કામો જરૂરતમાં નથી પણ અહલે મહબ્બત પોતાની મહોબ્બતને લઈને પોતાના માટે જરૂરી સમજતા હોય છે. જેમ કે કોઈ માણસ રોઝો રાખવાની મન્નત માને તો રોઝો રાખવો તેની ઉપર વાજિબ થઈ જાય છે. આ મહબ્બતની વાતો છે એને સમજવા માટે માણસે પોતે મહબ્બત અને પ્રેમના વર્તુળમાં આવવું જોઈએ.

**અઝ ખુદા ખાહેમ તૌફીક અદબ-બે અદબ મહરૂમ અઝ ફઝલે રબ**

(ખુદાથી અદબની તૌફીક માંગીએ છીએ-બેઅદબ રબના ફઝ્લથી વંચિત રહે છે.)





## ★ અદબનું ઈનામ ★

હુલ્યતુલ ઔલિયામાં અબૂનઈમે અને સીરતે હલ્બીયામાં પણ આ રિવાયત નકલ કરવામાં આવી છે કે બની ઈસરાઈલમાં એક માણસ ઘણો જ પાપી હતો જેણો બસો વર્ષ સુધી અલ્લાહ તઆલાની નાફર્માની કરી. જયારે તે મરી ગયો તો લોકોએ ગંદકી જગાએ નાખી દીધો. હઝરત મૂસા علیہ الصلوٰۃ والسلام પર વહી (અલ્લાહનો પૈગામ) આવી કે એ માણસને ઉઠાવીને લાવો અને એને દફન કરો. હઝરત મૂસાએ અરજ કરી, મૌલા ! બની ઈસરાઈલ ગવાહી આપે છે કે એણે બસો વર્ષ સુધી તારી નાફર્માની કરી છે અને પાપી મર્યો છે. ફર્માવ્યું, એ સાચુ છે પણ એની આદત હતી કે જયારે એ તૌરેત શરીફ ખોલતો અને મારા હબીબ મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم નું નામ જોતો તો એને ચુમીને આંખે લગાડી લેતો અને એમની ઉપર દુરૂદ પઢતો એટલે મેં એને બખ્શી આપ્યો અને સિત્તેર હૂરો એના નિકાહમાં આપી.

## ★ બેઅદબીનો વબાલ ★

શિફા શરીફમાં છે હઝરત ઉષ્માનગની صلی اللہ تعالیٰ علیہ وسلم ના હાથમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નો મુબારક અસો હતો. જહજાહે ગુસ્સામાં આપના હાથમાંથી લઈને ગુથણ પર મૂકીને તોડી નાખવાનો ઈરાદો કર્યો. ચારે બાજુથી બૂમો પડવા લાગી કે તું આ શું કરી રહ્યો છે ! પણ તેણે કોઈ વાત સાંભળી નહીં અને તોડી જ નાંખ્યો. તરત જ તેના ગુથણમાં એક ચાંદુ થયું અને આગળ વધવા લાગ્યું. થોડાક દિવસોમાં પગ કાપવો પડયો અને એક વર્ષમાં તકલીફથી મરી ગયો.

ઉપરોકત બે બનાવથી તમને એ વાતનું ઈલ્મ થઈ ગયું હશે કે અદબનો કેવો બદલો મળે છે અને બેઅદબનો વબાલ કેવો હોય છે. અદબે ગુનેહગાર અને પાપીને જન્નતી બનાવી દીધો અને બેઅદબની દુનિયા દોઝખ બની ગઈ !

## ★ ચાદરનો કમાલ ★

મસ્નવી શરીફ, દફતર અવ્વલમાં છે, સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم

એક દિવસ એક જનાઝામાં કબ્રસ્તાન તશરીફ લઈ ગયા. જ્યારે પાછા આવ્યા તો હઝરત આઈશા رضی اللہ عنہا, આપનાં કપડાંને હાથ લગાઢી લગાડીને જોવા લાગ્યાં. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ પૂછયું, અય આઈશા ! શું જુઓ છો ? કહ્યું, વરસાદ થઈ રહ્યો હતો અને આપનાં કપડાં લીલા નથી થયાં. ફર્માવ્યું, આઈશા ! માથા પર શું ઓઢેલું છે ? કહ્યું, હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم આપની મુબારક ચાદર ! ફર્માવ્યું, અય પાક દામન ! એ મુબારક ચાદરની બરકતથી આલમે ગયબનો વરસાદ તને દેખાડવામાં આવ્યો :–

સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم ની ચાદરની ફૈઝ અને બરકતનો અંદાજો લગાવો કે હઝરત આઈશ رضی اللہ عنہا ને ગયબનો વરસાદ અને રહમતની વર્ષા દેખાવા લાગી. જેમની ચાદરની બરકત આલમે ગયબ પ્રકાશિત થઈ જાય તેમની જાતનો આલમ કેવો હશે. આ'લા હઝરત رضی اللہ عنہ ફર્માવે છે :–

**ઔર કોઈ ગયબ કયા તુમસે નિહાં હો ભલા**
**જબ ન ખુદા હી છુપા તુમપે કરોળોં દરૂદ**

## ★ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના પસીનાનો ફાયદો ★

બુખારી અને મુસ્લિમમાં હઝરત અનસ બિન માલિકથી રિવાયત છે : આપ ફર્માવે છે, કદી કદી સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم બપોરના સમયે અમારે ઘરે આવી આરામ ફર્માવતા. આપ ઊંઘી જતા અને પસીનો થતો તો મારી મા પસીના મુબારકનાં ટીપાં શીશીમાં લઈ લેતાં. એક દિવસ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ તેમને આમ કરતાં જોયાં તો ફર્માવ્યું, અય ઉમ્મે સુલૈમ ! આ શું કરો છો ? તેમણે વિનંતી કરી, આ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નો મુબારક પસીનો છે અમે તેને અત્તરમાં નાખીશું અને આ તો દરેક અત્તર અને સુગંધથી વધીને સુગંધી છે.

તિબ્રાની, ઈબ્ને અષાકિર અને ખસાઈસમાં છે : હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ ફર્માવે છે, એક વ્યકિત હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખિદમતમાં આવ્યો અને વિનંતી કરી, અય અલ્લાહના રસૂલ ! صلی اللہ تعالیٰ علیہ وسلم મારે મારી છોકરીનો નિકાહ કરવાનો છે અને મારી પાસે અત્તર નથી, આપ થોડું અત્તર આપો. ફર્માવ્યું, કાલે ખુલ્લા મોઢાની શીશી લઈ આવજો. બીજા દિવસે તે વ્યકિત શીશી લઈ આવ્યો. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ બંને બાજુથી એમાં પસીનો નાખવાનું શરૂ કર્યું





અને શીશી ભરી દીધી. પછી ફર્માવ્યું, એને લઈ જાવ અને બેટીને કહી આપશો કે આમાંથી લગાડી લેશો. જ્યારે તેણી આપના પસીનાનું અત્તર લગાડતી તો મદીનાવાળાઓને એની સુગંધ પહોંચતી ત્યાં સુધી કે એ ઘરવાળાઓનું નામ સુગંધી લોકોનું ઘર પડી ગયું.

આ'લા હઝરત ઈમામ અહમદ રઝાખાં બરેલ્વી رضی اللہ عنہ ફર્માવે છે;

**વલ્લાહ જો મિલ જાએ મેરે ગુલકા પસીના,**
**માંગે ન કભી ઈત્ર ન ફિર માંગે દુલ્હન ફૂલ**

**શબનમે બાગે હક્ક યા'ની રૂખકા અર્ક,**
**ઉસ્કી સચ્ચી બુરાકત પે લાખોં સલામ**

**ભીની ભીની મહક પર મહકતી દુરૂદ,**
**યારી પ્યારી નફાસત પે લાખોં સલામ**

## ★ હુઝૂરના લૂકમાની બરકત ★

શિફા શરીફ, તિબ્રાની ખસાઈસ, ઝર્કાની અલ્લ મવાહિબમાં છે :– હઝરત અબૂ ઉમામા رضی اللہ عنہ ફર્માવે છે કે મદીનામાં એક બેશરમ અને ખરાબ જીભની સ્ત્રી હતી. એક વખત તેણી હુઝૂર પાસેથી પસાર થઈ રહી હતી. આપ તે સમયે સરીદ ખાઈ રહ્યા હતા. તેણીએ આપથી માંગ કરી, આપે તેણીને થોડું આપ્યું જે આપની સમક્ષ રાખેલું હતું તેનાથી તેણીએ કહ્યું, આમાંથી નહીં આપના મોઢામાં છે તે આપો. આપે પોતાના મોઢામાંથી કાઢીને તેણીને આપ્યો, કારણ કે, આપ માંગનારની માંગને રદ ન ફર્માવતા. તેણી ખાઈ ગઈ. કોળિયો ગળાની નીચે ઉપરતાંની સાથે તે એટલી શરમવાળી થઈ ગઈ કે શરમમાં બીજી ઔરતોથી આગળ નીકળી ગઈ !

## ★ કૂવો સુગંધી થઈ ગયો ★

ઈબ્ને માજહ્ અને બયહકીમાં છે : હઝરત વાઈલ બિન હજર ફર્માવે છે કે, હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم પાસે એક ડોલમાં પાણી લાવવામાં આવ્યું, આપે તેમાંથી પીધું અને કુલ્લી કરીને એક કૂવામાં નાખી દીધું તો તેમાંથી

કસ્તુરીની સુગંધ આવવા લાગી.

## ★ કૂવો પાણીથી ભરપૂર ★

તબકાતે ઈબ્ને સઅદમાં છે હઝરત અનસ ફર્માવે છે કે, હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એક વખત કુબામાં તશરીફ લઈ ગયા અને એક કૂવા પર પહોંચ્યા. જેનાથી ખેતીઓને પાણી આપવામાં આવતું હતું. તે કૂવાનું પાણી થોડીવારમાં પૂરું થઈ જતું હતું અને આખો દિવસ ખાલી રહેતો. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ એક ડોલમાં કુલ્લી કરીને એ પાણી કૂવામાં નાખી દીધું તો તેની હાલત એ થઈ કે બધી ખેતીઓને પીવડાવામાં આવતી પણ પાણી ભરેલું ને ભરેલું રહેતું.

**ફાયદો :–** સરકારે મદીનાએ આ જગાએ પોતાના થુક મુબારકને મો'જિઝો જાહેર કરવા માટે ઉપયોગ નથી કર્યું, કારણ કે અહીં કોઈને ઈસ્લામ માટે તૈયાર કરવાનો ન હતો બલ્કે આપનો મકસદ પોતાના થુક મુબારકની બરકત જાહેર કરવાનો હતો. અને એ સાબિત કરવા માટે હતું કે અલ્લાહવાળાઓને અલ્લાહ તરફથી અમુક ઈખ્તિયાર અને પાવર (શકિત) આપવામાં આવે છે તેનાથી લોકોનાં કામો બની શકે છે. અને જ્યારે કામ બની શકે છે તો કામો લઈ પણ શકાય છે.

## ★ હુદૈબિયહ્માં પાણીની બરકત ★

બુખારીમાં હઝરત બરાઅ બિન આઝિબ رضی اللہ عنہ થી રિવાયત છે : ફર્માવે છે, હુદૈબિયહ્માં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم કૂવા પાસે રોકાયા તે સમયે આપ સાથે ૧૪૦૦ સહાબાએ કિરામ હતા. ઈસ્લામી સૈન્યએ કૂવાથી બધું પાણી ખાલી કરી નાખ્યું તેમાં હવે એક ટીપુ પણ પાણી ન હતું. નબીએ પાકને એની ખબર આપવામાં આવી, આપ કૂવા પાસે પધાર્યા. અને એના કિનારે બેસીને પાણીનું વાસણ માંગ્યું. વુઝૂ કર્યું અને એક કુલ્લી એટલે કોગળા કરીને એ પાણી કૂવામાં નાખ્યું પછી દુઆ કરી અને ફર્માવ્યું, થોડીવાર રહેવા દો. તે કૂવામાં એટલું પાણી ભરાયું છે કે (વીસ દિવસ ત્યાં રહ્યા) સૈન્ય અને તેમનાં જાનવરો પેટ ભરીને પીતાં રહ્યાં.





## ★ થૂકની બરકતથી માલામાલ ★

બયહકી અને ખસાઈસમાં છે : હઝરત ઉમ્મે જુન્દુબ ફર્માવે છે કે, મેં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને જમરતુલ ઉકબા પર કાંકરીઓ મારતાં જોયા પછી આપ મિનામાં પોતાની જગાએ તશરીફ લઈ ગયા. એટલામાં એક ઔરત પોતાનો જિન લાગેલા છોકરો લઈને આવી અને વિનંતી કરી, આકા ! મારા આ છોકરા પર કોઈ બલા આવી પડી છે એ વાત કરતો જ નથી. તો હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું પાણી લાવો ! તેણી એક વાસણમાં પાણી લઈને આવી. આપે તેમાંથી પાણી લઈને તે વાસણમાં કુલ્લી કરી અને દુઆ પણ કરી. તેણીને પાણીનું વાસણ આપીને ફર્માવ્યું, છોકરાને આ પાણી પીવડાવ જે અને એનાથી ગુસ્લ અપાવજે. ઉમ્મે જુન્દુબ કહે છે તે ઔરત જવા લાગી તો હું તેની પાછળ થઈ ગઈ અને કહ્યું, એમાંથી થોડુ પાણી મને આપ. એણે કહ્યું લઈ લે, મેં થોડુ લઈને મારા છોકરા અબ્દુલ્લાહને પીવડાવ્યું તો તે માશાઅલ્લાહ જીવતો રહ્યો અને ઘણો જ નેક બની ગયો. પછી મારી તે ઔરત સાથે મુલાકાત થઈ તો ખબર પડી કે એનો છોકરો સારો થઈ ગયો અને એની ઉમરના છોકરાઓમાં એની જેટલો સારો કોઈ નહીં અને દરેકથી અક્કલમાં પણ આગળ નીકળી ગયો.

**ફાયદો :–** અલ્લાહ તઆલા તરફથી નબીએ પાકને પાવર (શકિત) આપવામાં આવ્યો છે કે હુઝૂર જિનને કહેતા નીકળી જા ! તો તેને નીકળવું જ પડતું. તો પણ સરકારે મદીનાએ પોતાના મોઢામાં પાણીને લઈને કુલ્લી કરી તે પાણીથી ઈલાજ કરવાનું ફર્માવ્યું, અને તેનાથી પણ ફાયદો થયો કે જિન તો જતો જ રહ્યો પણ છોકરાની ચાલ ચલગત, વાત ચીત અને સુઝ સમજમાં પણ વધારો થઈ ગયો. આપે આ એટલા માટે કર્યું કે જેમ અલ્લાહવાળાઓના કલેમાતથી એમની દુઆથી કામ બને છે એ જ પ્રમાણે એમની સંબંધિત ચીજ વસ્તુઓ અને તબર્રુકાતથી પણ કામ બને છે. દીની અને દુનિયાવી જરૂરતોમાં તબર્રુકાતનો સહારો લઈ શકાય છે અને આમ કરવું શિર્ક અને બિદઅત નથી બલ્કે એવું કામ છે જે નબીએ પોતે કરીને બતાવ્યું છે.

**જિસ્કે પાનીસે શાદાબ જાનો જેનાં ઉસ દહનકી તરાવટ પે લાખોં સલામ**

*(આ'લા હઝરત)*

## ★ બીમારીથી શિફા અને શરીરમાં સુગંધ ★

ખસાઈસે કુબ્રામાં છે : હઝરત ઉમ્મે આસિમ ફર્માવે છે કે ઉત્બા બિન ફરકદના ત્યાં અમે ચાર ઔરતો હતી. (એટલે એમના નિકાહમાં) અમે દરેક એકબીજાથી વધીને ઉત્બા માટે સુગંધી ચીજ વસ્તુ લગાવતી પરંતુ જે સુગંધ ઉત્બાના શરીરમાંથી આવતી તે ઘણી સારી હતી અને તે જ્યારે લોકોમાં જઈને બેસતા તો લોકો કહેવા લાગતા કે અમે કોઈ ખૂશ્બુ ઉત્બાની ખૂશ્બુથી સારી નથી સુંઘી. એક દિવસ અમે આનું કારણ માલૂમ કર્યું કે તો તેમણે કહ્યું કે નબીએ પાકના યુગમાં મારા શરીર પર ચાંદાં નીકળી આવ્યાં, મેં હુઝૂરે પાકથી મારી બીમારી વિશે ફરિયાદ કરી તો આપે ફર્માવ્યું, કપડાં કાઢી નાંખો, મેં કપડાં ઉતારી નાખ્યાં, અને શરમની જગાઓ પર સતર ઢાંકેલું રાખ્યું, અને આપની સામે બેસી ગયો અને પોતાનું થુક મુબારક હાથમાં લઈને મારા પેટ અને પીઠ પર માલિશ કરી આપ્યું તો (શિફા તો મળી જ ગઈ) તે દિવસથી મારા બદનમાં સુગંધ આવી ગઈ.

આપણે ગમે તેટલું સારું અને કિંમતી અત્તર લગાડીએ પણ તેની ખૂશ્બુ અને સુગંધ થોડો સમય રહે અને પછી પસીનાની દુર્ગંધ શરૂ થાય. દુનિયામાં કોઈ અત્તર એવું નથી બનાવવામાં આવ્યું જેની સુગંધ હમેશાં રહેતી હોય પણ આ નબીએ પાકના થૂકની બરકત હતી કે હમેશાં માટે અત્તર લગાડવાથી ફુરસદ કરી આપી.

**માંગેગેં માંગે જાયેંગે મુંહ માંગી પાયેગેં,**
**સરકારમેં ન લા હૈ ન હાજત અગરકી હૈ**

## ★ તમારું વધેલું હું લઈશ ★

તિર્મિઝીમાં છે : એક દિવસ હઝરત મૈમૂના صلی اللہ تعالیٰ علیہ وسلم ના રૂમમાં એક બાજુ હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہ અને બીજી બાજુ હઝરત ખાલિદ બિન વલીદ બેઠેલા હતા. હઝરત ઉમ્મુલ મો'મિનીને દૂધની ગલાસ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને આપી. હુઝૂરે દૂધ પીધું અને જે વધ્યું હાથમાં લઈને ઈબ્ને અબ્બાસને ફર્માવ્યું, તમે જમણી બાજુ બેઠા છો એટલે હક્ક તમારો છે પણ





ખાલિદ બિન વલીદ તમારાથી મોટા છે, તમે કહો તો આ દૂધ હું તેમને આપી દઉં. હઝરત ઈબ્ને અબ્બાસે વિનંતી કરી, હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم આપની વધેલી ચીજ વસ્તુમાં હું કોઈને વિશેષતા નહીં આપું !

સહાબા હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની સંબંધિત ચીજ વસ્તુઓને કેટલી ઉત્તમતા આપતા હતા તેનો અંદાજો આ હદીષે પાકથી લગાડી શકાય છે. તેઓ એકબીજાની ઈજ્જત અને રિસ્પેકટ કરતા હતા પરંતુ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના તબર્રુકની વાત આવી તો દરેકની તમન્ના એ જ હોય છે કે હું જ એનો સૌથી અધિક હકદાર છું.

## ★ નફલ રોઝો તોડી નાખ્યો ★

તિર્મિઝીમાં છે : હઝરત ઉમ્મેહાની رضی اللہ عنہا ફર્માવે છે, હું હુઝૂરે પાકની ખિદમતમાં બેઠેલી હતી. એટલામાં કોઈ પીવાની ચીજ આપની ખિદમતમાં પેશ કરવામાં આવી. આપે તેમાંથી થોડું પીને બીજું મને અર્પણ કર્યું, મેં પ્રથમ પી લીધું અને પછી વિનંતી કરી, અય અલ્લાહના રસૂલ ! صلی اللہ تعالیٰ علیہ وسلم મેં ગુનોહ કર્યો છે. મારા માટે મગફેરતની દુઆ કરો. પૂછયું કેમ ? વિનંતી કરી, હું રોઝદાર હતી અને મેં રોઝો તોડી નાખ્યો છે. એટલે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم આપે મને તમારું તબર્રુક આપ્યું તો મને એ તો યાદ હતું કે હું રોઝદાર છું પણ મેં તબર્રુકથી ફૈઝવંત થવા માટે રોઝો તોડી નાખ્યો છે ! હુઝૂરે તેમને કંઈ ન કહ્યું એટલા માટે કે તેણીએ જે કંઈ કર્યું તે રસૂલે પાકની મહબ્બતમાં જ કર્યું હતું. આનાથી એ સ્પષ્ટ થયું કે સહાબાની નજરમાં તબર્રુકની કેટલી વિશેષતા હતી અને તેઓ એને કેટલી ઈજ્જત આપતા હતા.

**મુહમ્મદકી મહબ્બત દીને હક્કકી શર્તે અવ્વલ હૈ**
**ઉસીમેં હૈ અગર ખામી તો સબ કુછ ના મુકમ્મલ હૈ**

## ★ મૂએ મુબારક ★

સરકારે મદીના રાહતે કલ્બો સીના صلی اللہ تعالیٰ علیہ وسلم થી સંબંધિત ચીજ વસ્તુઓની કેટલી બરકત છે અને એનાથી કેવાં કેવાં ફાયદાનાં કામો લઈ શકાય છે તે વિશે ચાલીસથી અધિક પુરાવા તમારી ખિદમતમાં પેશ કરવામાં આવ્યા

તેનાથી તમારું યકીન અધિક મજબૂત અને સશકત બની ગયું હશે કે તબર્રુકાત વિશે આપણી માન્યતા અને અકીદત સાચી છે. જેમ બુઝુર્ગો અને નેક અમલોને વસીલો બનાવી શકાય છે તબર્રુકાતને પણ વસીલો બનાવી શકાય છે.

તબર્રુકાતમાં સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم ના મુબારકવાળોને અધિક ફઝીલત અને ઉત્તમતા પ્રાપ્ત છે. કારણ કે, તેનો સંબંધ હુઝૂરે પાકના શરીરથી છે. અને તેની પેદાવર આપના શરીરથી થઈ છે. હઝરત કાઝી અયાઝ رحمۃ اللہ علیہ ના ફર્માન મુજબ જે માટી હુઝૂરના શરીર સાથે મળેલી છે તે ફઝીલતમાં અર્શથી વધીને છે, તો પછી જે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના શરીરનો ભાગ હોય તેની ફઝીલત હિસાબમાં કેમ કરી લાવી શકાય ?

જ્યારે સંબંધિત ચીજ વસ્તુઓને તબર્રુક સમજીને તેની ઈજ્જત કરવામાં આવે છે અને તેનાથી દુનિયા અને આખેરતમાં ફાયદા પ્રાપ્ત કરવામાં આવે છે તો પછી મૂએ મુબારકની ઈજ્જત કરવામાં કેમ ન આવે ? અને તેનાથી ફાયદો કેમ ન ઉઠાવવામાં આવે ? અને એના વસીલાથી ખુદાની બારગાહમાં દુઆ કેમ ન કરવામાં આવે ?

આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામ અહમદ રઝાખાં ફાઝિલે બરેલ્વી رضی اللہ عنہ સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم ના મૂએ મુબારકને દુનિયા અને આખેરતની ભલાઈનો ઝરિયો અને વસીલો સમજીને બયાન ફર્માવે છે :–

***સુખે ધાનોપેં હમારે ભી કરમ હો જાએ,***
***છાયે રહમતકી ઘટા બનકે તુમ્હારે ગેસૂ***
***હમ સિયાહ કારોંપે યા રબ તપિશે મેહશરમેં,***
***સાયા ફગન હો તેરે પ્યારે કે પ્યારે ગેસૂ***

ઉપરોકત બે શેઅરમાંથી એકનો સંબંધ દુનિયાની બરકતો સાથે છે અને બીજાનો સંબંધ આખેરતમાં ફાયદા માટે છે. સારાંશ એ કે ઈમામે અહલે સુન્નતે બે શેઅરમાં તબર્રુકાતના વસીલાનુ વર્ણન કર્યું. અને એ જ સત્ય માન્યતા છે એવું માર્ગદર્શન આપ્યું.

## ★ નબીએ વાળોની વહેંચણી કરી ★

એક સવાલ એ ઉપસ્થિત કરવામાં આવે છે કે સહાબા પાસે હુઝૂર





પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ના વાળ શી રીતે આવ્યા ? તો આ સવાલનો જવાબ હદીષે પાકમાં આપવામાં આવ્યો છે કે સરકારે મદીનાએ પોતે જ પોતાના મુબારક વાળોની વહેંચણી કરી હતી. અને સરકાર પોતે જ વહેંચણી કરે તો એ માનવું જ પડશે કે હુઝૂર પોતાના મુબારક વાળોને બરકત પ્રાપ્ત કરવા માટે જ વહેંચી રહ્યા છે. જો તેને તબર્રુક ન માનવામાં આવે અથવા તેનાથી કોઈ ફાયદો પ્રાપ્ત ન કરી શકાય તો પછી વહેંચણી બેકાર થઈ જાય. અને નબીનું કામ બેકાર નથી થઈ શકતું.

**સવાલ** :– કેટલા વાળોની વહેંચણી કરવામાં આવી હશે ?

**જવાબ** :– માથામાં જેટલા વાળ હોય એટલાની જ વહેંચણી કરવામાં આવી. હવે હિસાબ તમારે કરવાનો છે કે માથામાં કેટલા વાળ હોય છે. એટલા વાળોની વહેંચણી કરી.

બુખારી અને મુસ્લિમમાં હઝરત અસબ બિન માલિક رضی اللہ عنہ થી રિવાયત છે : આપ ફર્માવે છે, હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم મિનામાં આવ્યા અને જમરતુલ ઉકબા પર કાંકરીઓ મારી પછી કુર્બાની કરી પોતાની જગાએ તશરીફ લાવ્યા પછી આપે હજામને બોલાવ્યો અને પોતાના મુબારક માથાની જમણી બાજુના વાળ મુંડાવ્યા પછી અબૂ તલ્હા અન્સારીને બોલાવીને અર્પણ કર્યા પછી આપે ડાબી તરફના વાળ મુંડાવ્યા અને તે પણ અબૂ તલ્હા અન્સારીને આપ્યા અને ફર્માવ્યું, اِقْسِمْهُ بَيْنَ النَّاسِ એને લોકોમાં વહેંચી આપો.

**ફાયદો** :– હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના વુઝૂના પાણી વિશે તમે હદીષો જાણી લીધી કે સહાબા તેને લેવા માટે તૂટી પડતા હતા તો પછી તેઓએ મુબારક વાળ ને હાંસલ કરવા પ્રયત્ન નહીં કર્યા હોય ? અને બીજી વાત એ કે આ વાત હજ્જ વખતે વાળ કપાવવાની છે અને ત્યારે હજારોની સંખ્યામાં સહાબા મિનામાં હાજર હતા પછી તેઓ આ બરકતથી મહરૂમ રહ્યા હશે ? ત્રીજી વાત એ કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ પોતે ફર્માવ્યું કે આ વાળને લોકોમાં વહેંચી આપો ! તો શું હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના ઈર્શાદ પર અમલ કરવામાં નહીં આવ્યો હોય ? અને શું તેમણે એકથી બીજાને પહોંચાડવાની કોશિશ નહીં કરી હોય ?

મુસ્લિમ શરીફમાં હઝરત અનસ બિન માલિકથી રિવાયત છે : આપ ફર્માવે છે કે, મેં રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ની ઝિયારત કરી એ સમયે

હજામ આપના મુબારક વાળ મુંડી રહ્યો હતો અને આપના સહાબા આપની ચારેબાજુ કુંડાળુ વળીને ઊભા હતા તેઓ આમ ઈચ્છતા કે દરેક વાળ કોઈના ને કોઈના હાથમાં જ પડે.

**ફાયદો :–** સહાબાએ કિરામ હુઝૂર ﷺ ના મુબારક વાળને લેવા માટે પણ પડા પડી કરતા હતા અને હુઝૂર ﷺ એ પોતે પણ પોતાના વાળોની વહેંચણી કરવાનું ફર્માવ્યું. તો સ્પષ્ટ થયું કે સરકારે મદીના ﷺ ના લાખો વાળોની વહેંચણી થઈ હતી.

**સવાલ :–** અન્ય લોકો એવો સવાલ કરે છે કે આપણા માહોલમાં જે વાત નબીના વાળ કહીને સંબોધિત કરવામાં આવે છે તે આપણને શું ખબર કે એ નબીના જ વાળ હશે ?

**જવાબ :–** જ્યારે તમને આ ખબર નથી કે આ નબીના વાળ છે તો એવી ખબર પણ નહીં હોય કે આ નથી જ ? જ્યારે કે હોવાની ખબર ન હોવાની ખબર બંને નથી પછી તમે ન હોવા તરફ વધારે ભાર કેમ આપો છો ? આ તમને એ વાળનું નબીના વાળ ન હોવું યકીનથી માલૂમ હોય તો પુરાવો આપો એનાથી લોકોને રોકી દેવામાં આવશે. પણ એવો પુરાવો કોઈ લાવી શકતું નથી. તો પછી મુસલમાનોની વાત માન્ય રાખી લેવી જોઈએ.

બીજો જવાબ એ કે તમારી પાસે એ વાળનું નબીના વાળ ન હોવાનો કોઈ પુરાવો નથી માત્ર શંકા છે. અને શંકામાં હોવું ન હોવું બંને દિશા હુકમમાં બરાબર હોય છે. જ્યારે અમારી પાસે મુસલમાનોનું નબીના વાળ કહેવું અને માનવું એ પુરાવો છે પછી અમારી જ વાત માન્ય રાખવામાં આવશે.

ત્રીજો જવાબ એ કે નબીના વાળ નથી એવો પુરાવો તમારી પાસે નથી જેથી એ નબીના વાળ નથી જ, આમ તો કહી શકતા જ નથી, નહીં તો દા'વો વિના દલીલ રહેશે અને એ માન્ય નથી. અમારી પાસે એટલી દલીલ છે કે આ નબીના વાળ છે તે વારસામાં આવતા રહ્યા છે તો અમે એને નબીના વાળ માની લીધા. અમે ઈજ્જત કરીશું, તેની પાસે દુરૂદ પઢીશું, દુઆ કરીશું, બધું એ સમજીને કે આ નબીના વાળ છે તો અમને તો અમારી નિય્યત પર ફાયદો મળશે જ એટલે અમને કોઈ નુકસાન નથી. નુકસાન તો કયારે જ્યારે સો ટકા એ વાતની ખબર હોય કે આ આપણા નબીના વાળ નથી તો પણ





તેને નબીના જ વાળ કહેવામાં આવે.

**સવાલ :–** જે વાળ નબીના વાળ કહીને મુસલમાન રાખે છે તેનો સો ટકા પુરાવો તમારી પાસે પણ નથી કે આ નબીના વાળ છે. માત્ર મુસલમાનોમાં ચાલતું આવ્યું છે એટલે માની લેવામાં આવે છે.

**જવાબ :–** પ્રથમ જવાબ તો એ કે તમે એ સાબિત કરી શકો છો કે માનવા માટે સો ટકા યકીન હોવું જરૂરી છે. જો થોડી પણ શંકા હોય તો માન્ય ન રાખી શકાય ? તો આ વાત કાયદાથી તમે સાબિત કરી શકો નહીં. કારણ કે, ફઝીલતોના પ્રકરણોમાં હજારો મસ્અલાઓ તદ્દન ઝઈફ અને અશકત હદીષોથી સાબિત કરવામાં આવ્યા છે. શરઈ કાયદા કાનૂનમાં કુર્આન અને મુતવાતિર હદીષો સિવાય સો ટકાનો પુરાવો બીજી દલીલોથી મળી શકતો નથી. અને આજ પ્રમાણે કરવામાં આવે તો સદીઓનું વર્તુળ સંકોચાય જાય અને અમુક વાતો સિવાય કંઈ બાકી ન રહી જાય. મુસલમાનોમાં નેચરી લોકો સિવાય આ પ્રકારની માન્યતા કોઈ ધરાવતું નથી. તબ્લીગી નિસાબમાં પણ છે કે ફઝીલતના પ્રકરણમાં તદ્દન અશકત રિવાયતવાળી હદીષ પણ માની લેવામાં આવશે. તો પછી મૂએ મુબારકવાળુ પ્રકરણ પણ ફઝીલતનું જ પ્રકરણ છે તો તેમાં યકીની પુરાવાની કોઈ જરૂરત નથી. એટલે કોઈ નિયુકત જગાના વાળ જેને નબીના વાળ કહીને રાખવામાં આવ્યા હોય તેનો કોઈ ઈન્કાર કરે તો તેને કાફિર કહેવામાં આવશે નહીં. અને જે કોઈ તેને નબીના વાળ સમજીને રાખતો હોય અને તેની ઈજ્જત કરતો હોય તો તેને બુરો ભલો પણ કહેવામાં આવશે નહીં. જ્યારે આ ફઝીલતનું પ્રકરણ છે તો તેની તારીફ અને વખાણ કરવામાં આવશે કે તેણે નબીના સંબંધની ચીજ વસ્તુની ઈજ્જત કરી.

કોઈનાથી દુશ્મની હોય એનો મતલબ એ નથી કે તેની દરેક વાતને જૂઠી કહી દેવામાં આવે, એને ઈન્સાફ અને ન્યાય ન કહેવાય. ઈન્સાફ તો એ જ છે કે કાયદા, કાનૂનને લક્ષમાં રાખીને જ નિર્ણય લઈએ. જો દરેક વ્યકિત આ પ્લેટફોર્મ પર આવી જાય તો હજારો વિવાદનો ખાત્મો બોલી જાય, પણ આજનો માહોલ તો એવું કહે છે;

***નાસેહા મત કર નસીહત દિલ મેરા ગભરાયેહૈ,***

***ઉસે દુશ્મન જાનતા હૂં જો મુઝે સમજાયે હૈ***

**સવાલ** :- ચાલો ! થોડી વાર માટે માની લઈએ કે નબીના વાળ છે, પણ બીજો સવાલ અહીં એ ઉપસ્થિત થાય છે કે આ આખા ભારત અને પાકિસ્તાનમાં એક બે જગાએ હોય તો એવું કહી શકાય કે વારસામાં પહોંચ્યા હશે અને તેનું રક્ષણ કરવામાં આવ્યું હશે. પણ આજની હાલત તો એ છે કે દરેક ગામમાં દસ જગાએ હોય છે. ભારત અને પાકિસ્તાનમાં લગભગ બે લાખ જગાએ તો જરૂર હશે. તો પછી કેમ કરી માની લઈએ ?

**જવાબ** :- અસલ વાત એ છે કે જે મુબારક વાળ જે ડબ્બીમાં રાખવામાં આવે છે તેને વર્ષમાં એક વખત કે બે વખત ખોલવામાં આવે છે અને ઘણા અદબથી રાખવામાં આવે છે. તો ડબ્બીમાં ખસનો પાવડર અને તેમાં હીના અત્તર નાખવામાં આવે છે. પછી બાલ મુબારકને ઊભો કરીને તેમાં દબાવી દેવામાં આવે છે. જોવા એ મળે છે કે આ વર્ષે નાનો હતો તો આવતા વર્ષે ઘણો મોટો દેખાય છે અને બે-ત્રણ વર્ષ પછી જોવામાં આવે તો એક વાળની જગાએ બીજા કેટલા વાળ નીકળી આવે છે અને તે પણ વધવા લાગે છે. અને જે પ્રમાણે પ્રથમ વાળને ઊભો રાખીને દબાવવામાં આવ્યો હતો નવા આપ મેળે ઉગતા વાળ પણ એ પ્રમાણે નીકળી આવે છે અને દૂરથી પણ તમે જોઈ શકો છો કે હવે આ એક વાળ નથી કંઈ કેટલા વાળ છે. પછી જે લોકો તેનો અદબ અને સાફ સફાઈથી રાખી શકતા હોય તેઓ માંગ કરે છે તો જે વાળ આપમેળે નીકળી આવ્યા તે બીજા લોકોને વહેંચવામાં આવે છે. તો આમ કરીને ભારત અને પાકિસ્તાનમાં લાખો જગાએ એ વાળ છે. અને રબીઉલ અવ્વલમાં ઝિયારત પણ કરાવવામાં આવે છે. એટલે આ દેશોમાં આવ્યા તો અમુક જગાએ હશે પણ આ પ્રમાણે વધારો થતો ગયો.

હવે જો તમને એવું લાગતું હોય કે આ તો માનવામાં નથી આવતું અથવા સમજમાં નથી આવતું તો દરેક ચીજ સમજમાં આવવી પણ જરૂરી નથી. એની સમજ માત્ર સાંભળીને તેને આવે છે જેની પાસે અકીદત હોય અને અકીદત ન હોય તો અકીદત લાવવા માટે પોતે અનુભવ કરી લેવો જોઈએ. જેને શંકા હોય તે લઈ આવે અને થિયરી પ્રમાણે રાખે, અનુભવ મળતા સુધી અદબ પણ કરે પછી જ્યારે નાનો વાળ આપ મેળે મોટો થશે અને પછી એકમાંથી બીજા વાળ નીકળવા લાગશે તો અનુભવથી તમારી સમજમાં આવી જશે કે ભારત, પાકિસ્તાનમાં અસંખ્ય જગાએ હોવાનું કારણ શું છે ?





**સવાલ** :- અમારા સાંભળવામાં આવ્યું છે કે અન્ય લોકો કુર્આનના વરકોમાંથી વાળ કાઢે છે અને કહે છે કે આ નબીના વાળ છે. અન્ય લોકો મૂએ મબારકની પેટીની આજુબાજુ ગુલાબનાં ફૂલ રાખે છે અને બીજા વર્ષે ખોલે છે તો તેમાંથી વાળ શોધીને કાઢે છે તો પછી એ બાબત તમારું શું કહેવું છે ?

**જવાબ** :- મારા સાંભળવામાં નથી આવ્યું જ્યાં સુધી અમારા અનુભવની વાત છે તો પેટીમાં જે વાળ ઊભો રાખીને દબાવવામાં આવેલો હોય છે તેમાંથી વધારો થાય છે તો તેમાંથી એક બે વાળ આપવામાં આવે છે. પણ જો તમે કહ્યું તે પ્રમાણે કોઈએ કર્યું હોય અને તમને યકીનની સાથે ખબર હોય કે આ જગાએ આ પ્રમાણે કરવામાં આવ્યું છે તો તેને માનવામાં ન આવે. પણ મારા ધારવા મુજબ આ સવાલ માત્ર શંકા છે અને બદ્ અકીદા લોકોનો ઉપજાવેલો છે. એના પર ધ્યાન આપવામાં નહીં આવે. અને કોઈ એવું કરતો હોય અથવા કર્યું હોય તો તેણે પોતાના અમલથી તૌબા કરવી જોઈએ અને એવા વાળોને નષ્ટ કરી દેવા જોઈએ. અને જેમની પાસે સાચાં તબર્રુક હોય તેમના ત્યાંથી લાવીને પોતાના ઘરમાં રાખે.

**સવાલ** :- નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ના જમાનામાં જેમને જે તબર્રુકની ચીજ વસ્તુ મળતી તે પોતાની સાથે કબ્રમાં લઈ જતો પછી આપણા સુધી પહોંચવાનો વારો કયારે આવ્યો ?

**જવાબ** :- જેમની પાસે તબર્રુકની ચીજ વસ્તુઓ હતી તેઓ પૈકી દરેક જ પોતાની સાથે કબ્રમાં લઈ ગયો એવો કોઈ પુરાવો નથી. અમુક લોકો માટે રિવાયત મળી આવે છે, એટલે આમ કહેવું કે દરેક પોતાની સાથે લઈ ગયો એ પાયા વિનાનું છે. બીજું એ કે બીજી ચીજ વસ્તુઓ એક એક હોય તો માની લઈએ પણ મૂએ મુબારકની તબર્રુક એક ન હતી આખા માથાના વાળ સહાબામાં વહેંચવામાં આવ્યા હતા. એટલે બીજી તબર્રુક અને આ તબર્રુકમાં ઘણો ફરક છે. ત્રીજુ એ કે મૂએ મુબારક વધે છે અને તે છોડ માફક ઉગી નીકળે છે એટલે તેમાં કમી આવી શકિત નથી. જેને અનુભવ કરવો હોય તે અદબ સાથે રાખીને કરી લે.

બુખારી શરીફમાં છે હઝરત મુહમ્મદ બિન સીરીં તાબેઈ ફર્માવે છે, મેં ઓબૈદાને કહ્યું કે, મારી પાસે હુઝૂરે પાકનાં થોડા વાળ મુબારક છે જે

અમને અનસ અથવા તેમના ઘરવાળાઓ તરફથી પહોંચ્યા છે. હઝરત ઓબૈદા رضی اللہ عنہ એ કહ્યું, મારી પાસે તે વાળોમાંથી એક વાળનું હોવું દુનિયા અને તેની દરેક ચીજ વસ્તુથી પ્રિય છે. એટલે કે સમગ્ર દુનિયા એક પલ્લામાં અને બીજા પલ્લામાં નબીનો એક વાળ હોય તો મારી અકીદત એ બતાવે છે કે હું દુનિયાને છોડી નબીના વાળને ઉત્તમતા આપીશ.

ઉપરોકત રિવાયત એ સાબિત કરી રહી છે કે દરેક વ્યકિત તબર્રુકને પોતાની સાથે નથી લઈ ગયો. અમુક તબર્રુકની ચીજો વારસામાં બીજા સુધી પહોંચી છે તેની અન્ય રિવાયતો તમારી ખિદમતમાં રજુ થઈ ગઈ છે.

## ★ વાળના ધોવણથી બીમારીનો ઈલાજ ★

બુખારી અને મિશ્કાતમાં ઉષ્માન બિન અબ્દુલ્લાહથી રિવાયત છે : આપ ફર્માવે છે કે, મારી પત્નીએ પાણીનું એક પ્યાલુ આપીને મને ઉમ્મુલ મો'મિનીન, હઝરત ઉમ્મે સલ્મા પાસે મોકલ્યો. અને મારી પત્નીને એ આદત હતી કે જ્યારે પણ કોઈને નજર લાગતી અથવા કોઈ બીમાર પડતુ તો તેણી વાસણમાં પાણી ભરીને હઝરત ઉમ્મે સલ્મા પાસે મોકલી આપતી હતી, કારણ કે, તેમની પાસે સરકારે મદીનાનો મુબારક વાળ હતો. આપ રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم નો મુબારક વાળ કાઢતી જેને આપે ચાંદીની નળીમાં મૂકેલો હતો તેને પાણીમાં નાખીને હલાવી આપતી અને બીમાર તે પાણી પી જતો.

**ફાયદો** :– સહાબામાંથી જેની પાસે મુબારક વાળ હતા તેઓ માત્ર તબર્રુક સમજીને પોતાની પાસે રાખી મૂકતા ન હતા બલ્કે તેનાથી ફાયદો પણ ઉઠાવતા હતા. ઉપરોકત હદીષ બતાવી રહી છે કે નજર લાગી હોય તો તેના ઈલાજમાં અને બીમારી થઈ તો તેના ઈલાજમાં મુબારક વાળનું ધોવણ પીવામાં આવતું હતું અને તેનાથી શિફા મળતી હતી. વાત વાતમાં શિર્ક કહેવાવાળાઓ માટે કે જ્યારે દવાથી શિફા પ્રાપ્ત કરવી શિર્ક નથી તો પછી નબીના તબર્રુકથી ફાયદો ઉઠાવવો અને ઈલાજનાં કામો એનાથી લેવાં શિર્ક શાથી બને ? જો કોઈ દવાથી ઈલાજ કરવાને શિર્ક કહે તો તે તબર્રુકથી ઈલાજને શિર્ક કહી શકે છે પરંતુ દવાથી ઈલાજ તો નબીએ પાકે પણ કરેલો છે એટલે એ શિર્ક થઈ શકતું નથી, પછી તબર્રુકથી ઈલાજને પણ શિર્ક નથી





કહી શકતા. કારણ કે, એ કામો આપણે નહીં બલ્કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના સહાબા કરી રહ્યા છે અને આપણે કરીશું તો સહાબાને આ કામોમાં આપણા માર્ગદર્શક સમજીને કરીશું. જે ફેંસલો ઉસ્તાદ માટે કરવામાં આવશે તે વિદ્યાર્થીઓ માટે પણ કરવામાં આવશે.

## ★ વાળના સદકામાં વિજય ★

શિફા શરીફ, અને શમ્સુત્તવારીખમાં છે : હઝરત ખાલિદ બિન વલીદ ફર્માવે છે કે ખુશનસીબીથી હુઝૂરે પાકની પેશાની (કપાળ) મુબારકના વાળ મારી પાસે હતા. મેં એને મારી ટોપીમાં આગળની બાજુએ સીવીને રાખ્યા હતા. એ વાળોની બરકત હતી કે આજીવન દરેક યુધ્ધમાં મને વિજય મળતો હતો.

**ફાયદો** :– આ છે હઝરત ખાલિદ બિન વલીદની માન્યતા અને અકીદત કે તેઓને નબીએ પાક તરફથી સૈફુલ્લાહ (અલ્લાહની તલ્વાર)નું ઉપનામ આપવામાં આવ્યું હતું. આપને જ્યાં પણ યુધ્ધ માટે રવાના કરવામાં આવ્યા વિજય મેળવીને જ આવ્યા, પણ આપ તેનું કારણ બતાવે છે કે વિજય મળવાનું કારણ મારી હિંમત, બહાદૂરી અને ચાલાકી નથી બલ્કે એ નબીએ પાકના કપાળના મુબારક વાળનો કમાલ હતો કે એને હું મારી ટોપીમાં રાખતો તો તેની બરકતથી અલ્લાહ તઆલા મને વિજય આપતો હતો. આ રિવાયત સ્પષ્ટ દલીલ છે કે તબર્રુકાત પણ વસીલો બને છે અને એનો વસીલો લઈ શકાય છે.

## ★ પ્રાણ જાય પણ ટોપી ન જાય ! ★

શિફા શરીફમાં રિવાયત છે કે યરમુકના યુધ્ધમાં હઝરત ખાલિદ બિન વલીદ رضی اللہ عنہ બહાદૂરીનું વર્ણન કરી કાફિરોના સૈન્ય તરફ આગળ ધપવા લાગ્યા. એ તરફથી એક નસ્તુર નામી પહેલવાન આવ્યો, બંને વચ્ચે લાંબા સમય સુધી મુકાબલો રહ્યો, એટલામાં હઝરત ખાલિદનો ઘોડો ઠોકર ખાઈને પડી ગયો અને હઝરત ખાલિદ رضی اللہ عنہ તેના મોઢા પર આવી ગયા. અને માથા પરથી ટોપી પડી ગઈ, નસ્તુર મોકો જોઈને આપની પીઠ પર

આવી ગયો. હઝરત ખાલિદ બૂમો પાડી પાડીને કહી રહ્યા હતા કે મારી ટોપી મને આપો ! ખુદા તમારી ઉપર રહેમ ફર્માવે ! એક આપના કબીલા બનૂમખ્ઝૂમનો માણસ દોડતો આવ્યો અને ટોપી આપને આપી. આપે પહેરી લીધી અને નસ્તુરનો મુકાબલો કર્યો અને એને કતલ કરી નાખ્યો. લોકોએ યુધ્ધ ઠંડુ પડયા પછી પૂછયું કે દુશ્મન પીઠ પર આવી પહોંચ્યો હતો અને આપ બે આનાની ટોપીની ફિકરમાં લાગેલા હતા ! હઝરત ખાલિદ رضی اللہ عنہ એ ફર્માવ્યું, એ ટોપીમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની પેશાની (કપાળ) મુબારકના વાળ છે જે મને મારી જાનથી અધિક પ્રિય છે ! દરેક યુધ્ધમાં એ મુબારક વાળોની બરકતથી વિજય પ્રાપ્ત કરું છું. એટલા માટે હું બેકાબૂ થઈને એની માંગ કરી રહ્યો હતો કે કંઈ એની બરકતો મારી પાસેથી ન જતી રહે અને કાફિરોના હાથમાં ન આવી જાય.

**ફાયદો** :– આજે તબર્રુકાતની થોડી ઘણી તા'ઝીમ અને ઈજ્જત કરવામાં આવે છે તો જેમણે ઈસ્લામના વર્તુળથી અકીદતને તદ્દન બહાર કરી નાખી છે તેવા લોકો આંખો ફાડી ફાડીને જુએ અને એક બીજાને ઈશારો કરે છે ! જુઓ ! પેલો માણસ શિર્ક કરી રહ્યો છે ! અલ્લાહની પનાહ ! મુસલમાન થઈને શિર્કથી જુદા ન થઈ શકયો !

એક વખત હું નવી દિલ્હીમાં હઝરત નિઝામુદ્દીન ઔલિયા رحمۃ اللہ علیہ ના મઝારે અકદસ પર પહોંચ્યો. મેં અને મારા સાથીઓએ એક બે રૂા.નાં ફૂલો લીધાં અને કબ્ર મુબારક પર રાખ્યા પછી આપણા દસ્તૂર પ્રમાણે ફાતેહા પઢયા અને હાથ ઉઠાવીને દુઆ કરી. પછી મઝારથી બહાર આવ્યો. ત્રણ વ્યકિત જેમનો વસ્ત્ર ઈસ્લામી ન હતો શર્ટ પેન્ટમાં હતા, ચહેરા પર દાઢી ન હતી, મને આમ લાગતું હતું કે તેઓ જમાઅતે ઈસ્લામીના હતા. તેમણે મને પૂછયું કે ભાઈ સાબ ! ટોપલીમાં શું લઈ ગયા હતા ? મેં કહ્યું, કબ્ર પર ચઢાવવા માટે ફૂલ. તેમણે કહ્યું, તૌબા ! તૌબા ! હજુ તમે લોકો શિર્કમાં જ લાગેલા છો ? મેં પૂછયું, ભાઈ શિર્ક કોને કહેવાય ? કહ્યું, કોને કહેવાય શું ! આ બધું શિર્ક જ છે ! એટલે કે તેઓ શિર્ક શિર્ક બોલે છે પણ શિર્ક કોને કહેવાય એની ખબર હોતી નથી. (આ વિશેની ચર્ચાઓ તોહફાએ નજાત, ભાગ–૯ માં આવશે.)

મારા કહેવાનો ભાવાર્થ એ હતો કે આપણે થોડુ ઘણુ કરીએ તો





પણ શિર્ક થઈ જાય તો સહાબા તો આપણાથી અકીદત અને મહબ્બતમાં ઘણા જ આગળ હતા. તેઓ નબીએ પાકની તો ઈજ્જત કરતા જ હતા પણ આપનાં તબર્રુકની તેમની પાસે કેટલી ઈજ્જત હતી અને તેઓ તબર્રુકને કેટલા ફાયદાકારક સમજતા હતા કે તેમણે જાન અને પ્રાણથી અધિક મહત્વ તબર્રુકને આપ્યું હતું. અને વિચાર તો કરો કે બહાદૂરીથી યુધ્ધ લડે છે પણ વિજય મળે છે તો કહે છે, આ તો અમારી બહાદૂરીનું ફળ નથી બલ્કે આ તો નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ના મુબારક વાળનો કમાલ છે. જો આપણને કંઈ કામયાબી અને સફળતા મળે અને કહીએ કે આ તો ગરીબ નવાઝનો કમાલ છે ! તો બદ્અકીદા તરફથી શિર્કનો ફત્વો વાગી જાય. પણ તેઓ હઝરત ખાલિદ رضی اللہ عنہ ને શું કહેશે ?! તેઓ કહે છે મને વિજય નબીના વાળથી જ મળે છે !

મારા ભાઈ ! અમે તો નથી કહી શકતા કે હઝરત ખાલિદ અમારા પંથ પર છે પણ અમે એ તો જરૂરથી કહીશું કે અમે લોકો એમના પંથ પર છીએ ! અમે સહાબાને બરેલ્વી તો નહીં કહીએ પણ એ તો જરૂર કહીશું કે અમે બરેલ્વી સહાબાના પંથ પર છીએ. જો તમે લોકો સહાબાને પણ માર્ગમાંથી હટાવી દેવા માંગતા હોઉ તો પછી અમને પણ તેમની સાથે જવામાં જ મજા આવશે.

## ★ હઝરત ખાલિદ رضی اللہ عنہ ની પત્નીનું મંતવ્ય ★

તારીખે વાકેદીમાં છે : એક વખત હઝરત ખાલિદ બિન વલીદ رضی اللہ عنہ નાનું સૈન્ય લઈને દેશ સિરીયામાં જબલા રાજાના સૈન્ય સાથે યુધ્ધ કરવા તશરીફ લઈ ગયા અને મુબારક વાળવાળી ટોપી ભૂલી ગયા. યુધ્ધ શરૂ થયું તો રૂમનનો જનરલ કતલ થઈ ગયો તો જબલા રાજાએ પોતાના સૈન્યને કહ્યું, કે બધા ભેગા થઈને એક સાથે હુમ્લો કરો. આ હુમલામાં સહાબાની હાલત ગંભીર થઈ ગઈ. રાફેઅ બિન અમ્ર તાઈએ હઝરત ખાલિદ બિન વલીદને કહ્યું કે, હવે નક્કી આપણી કઝા આવી ગઈ છે. હઝરત ખાલિદે ફર્માવ્યું, સાચુ કહો છો એટલા માટે કે સરકારે દો આલમના મુબારક વાળ વાળી ટોપી ઘરે ભૂલીને આવ્યો છું.

આ તરફ આવી ગંભીર સ્થિતિ હતી તો પેલી બાજુ હઝરત અબૂ

ઓબૈદાને સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم એ સ્વપ્નમાં આવીને ફર્માવ્યું, તમે ઊંઘી રહ્યા છો ઉઠો ! અને ખાલિદ બિન વલીદની મદદે પહોંચો ! કાફિરોએ તેમને પોતાના ઘેરામાં લઈ લીધા છે.

હઝરત અબૂ ઓબૈદા ઉઠયા અને લશ્કરે ઈસ્લામમાં એલાન કરાવ્યું તૈયાર થઈ જાવ ! બધા તૈયાર થઈ ગયા તો ઈસ્લામી સૈન્ય લઈને જલ્દીથી ચાલવા લાગ્યા. રસ્તામાં એમણે એક સવાર જોયો જે ઘોડા પર સવાર થઈને ઘણી જ જલ્દીમાં આગળ આગળ જઈ રહ્યો છે. અન્ય સવારોને ફર્માવ્યું, જલ્દીથી જઈને એ સવારની હાલત માલૂમ કરો. સવાર લોકો તેનાથી નિકટ થયા તો બૂમ પાડીને કહ્યું, અય સવાર ઊભા રહો ! સાંભળીને ઊભા રહ્યા. માલૂમ કરતાં ખબર પડી કે હઝરત ખાલિદ બિન વલીદની પત્ની છે. હઝરત અબૂ ઓબૈદાએ એમને મુસાફરીનું કારણ પૂછયું તો કહ્યું, અમીર ! રાત્રે તમે ઈસ્લામી સેન્યમાં એલાન કરાવ્યું કે ખાલિદ બિન વલીદને દુશ્મનોએ ઘેરામાં લઈ લીધા છે એમની મદદ માટે જલ્દીથી તૈયાર થઈ જાવ. તો મેં વિચાર કર્યો કે તેઓ અસફળ કયારે પણ થશે નહીં. કારણ કે, તેમની પાસે નબીએ અકરમના મુબારક વાળ છે. ઓચિંતા મારી નજર એ ટોપી પર પડી કે તે તો અહીં રહી ગઈ છે ! મને ઘણો જ અફસોસ થયો અને તે જ સમયે નીકળી પડી કે ગમે તેમ કરી આ ટોપી તેમને પહોંચાડી આપું. હઝરત અબૂ ઓબૈદાએ ફર્માવ્યું, અલ્લાહ તમને બરકત આપે. પછી તેણીને પણ સૈન્ય સાથે લઈ લીધી.

હઝરત રાફેઅ જેઓ હઝરત ખાલિદ બિન વલીદ સાથે હતા ફર્માવે છે, હાલત એટલી ગંભીર થઈ ગઈ હતી કે અમે અમારી જિંદગીઓથી માયૂસ (નાઉમ્મીદીથી નિકટ) થઈ ગયા હતા. એટલામાં તકબીરનો અવાજ સંભળાયો. હઝરત ખાલિદે જોયું, અવાજ કયાંથી આવ્યો ? એટલામાં શું જુએ છે કે એક સવાર ઘણી જ જલ્દીથી આવી રહ્યો છે અને અન્ય રૂમન સિપાહીઓએ તેમનો પીછો કરેલો છે. હઝરત ખાલિદ ઘોડો દોડાવીને ત્યાં પહોંચ્યા અને પૂછયું, તું કોણ છે ? તેણીએ કહ્યું, હું તમારી પત્ની ઉમ્મે તમીમ છું. તમારી મુબારક ટોપી લાવી છું જેની બરકતથી દુશ્મનો સામે વિજય મેળવો છો. તમે તેને ભૂલીને આવ્યા તેને લઈને આ મુસીબત તમારી ઉપર આવી છે ! ટોપી હઝરત ખાલિદ رضی اللہ عنہ ને આપી અને તેમણે પોતાના માથા પર શણગારી.





હદીષ રિવાયત કરનાર ફર્માવે છે, ખુદા તઆલાની કસમ ! હઝરત ખાલિદે જ્યારે એ મુબારક ટોપી પોતાના માથા પર શણગારી અને પછી હુમ્લો કર્યો તો જોત જોતામાં દુશ્મનોના પગો નીચેથી જમીન નીકળી ગઈ અને મુસલમાનોને વિજય મળી ગયો.

**ફાયદો** :- હઝરત ખાલિદ બિન વલીદની પત્નીએ શું ફર્માવ્યું, એ જ કે શોહર ! તમે મુસીબતમાં એટલા માટે આવી ગયા કે તમે નબીએ પાકના મુબારક વાળવાળી ટોપી ઘરે ભૂલીને ચાલ્યા આવ્યા હતા. અને મુસીબતમાં પડયા પછી હઝરત ખાલિદે પણ આમ જ ફર્માવ્યું હતું કે આજે આપણી ખૈર નથી કે જે તબર્રુકના સદકામાં ખૈર મળતી હતી તે હું ઘરે ભૂલીને ચાલ્યો આવ્યો છું. હઝરત અબૂ ઓબૈદાએ પૂછયું, ત્યારે પણ હઝરત ખાલિદ رضی اللہ عنہ ની પત્નીએ કહ્યું હતું કે હું હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના મુબારક વાળવાળી ટોપી તેમને આપવા માટે જઈ રહી છું. તેમણે તેણીને બરકતની દુઆ આપી. આનાથી જાણવા મળ્યું કે સઘળા સહાબાનો એ અકીદો અને માન્યતા હતી કે નબીએ પાકના તબર્રુકાત આપણા કામ બનાવવાનો વસીલો અને ઝરિયો છે. અને આપણી માન્યતા પણ એ જ છે કે તબર્રુકાતને વસીલો બનાવવો જોઈએ.

## ★ કબ્રમાં બરકત પામવા વસિય્યત ★

એસાબામાં તર્જમએ અનસ બિન માલિકમાં છે, હઝરત ષાબિત બોનાની رضی اللہ عنہ ફર્માવે છે કે, સરકારે દો આલમના ખાદિમ હઝરત અનસ બિન માલિકે رضی اللہ عنہ મને કહ્યું, આ સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم નો મુબારક વાળ છે, જ્યારે હું મરી જાઉં તો એને મારી જીભ નીચે રાખી દેશો તો મેં આપની વસિય્યત પ્રમાણે અમલ કર્યો અને આપને દફન કરવામાં આવ્યા.

**ફાયદો** :- કબ્રની મંઝિલ દારુલ જઝાની મંઝિલ છે. સહાબાની માન્યતા હતી કે દુનિયામાં તો તબર્રુકાતનો ફાયદો મળે છે અને તેમણે અનુભવ પણ મેળવી લીધો હતો, પણ તેઓ એ પણ માનતા હતા કે દારુલ જઝાની મંઝિલ પણ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની તબર્રુકનો ફાયદો થવાનો છે. અને જો એ માન્યતા ન હોય તો તેને કબ્રમાં પોતાની સાથે લઈ જવાનો કોઈ મતલબ જ નથી. આ'લા હઝરત ઈમામ અહમદ રઝાખાં બરેલ્વી رضی اللہ عنہ ફર્માવે છે;

**હમ સિયાહ કારોંપે યા રબ તપિશે મહેશરમેં સાયા ફગન હો**
**તેરે પ્યારે કે પ્યારે ગેસૂ**

અય અલ્લાહ ! عزوجل અમારી જેવા ગુનેહગાર અને પાપી લોકોને હશ્રનાં મેદાનની સખ્ત ગરમીમાં સરકારે મદીના صلی اللہ تعالیٰ علیہ وسلم ના મુબારક વાળોનો છાંયડો આપજે કે તે ઝુલ્ફોના સદકામાં ગરમીથી અમને નજાત મળે.

તબકાતે ઈબ્ને સઅદ અને મદારિજુન્નબુવ્વતમાં છે : હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ رضی اللہ عنہ ની વફાતનો સમય નિકટ આવ્યો તો એમણે રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ના મુબારક વાળ અને નખ મંગાવ્યા અને વસિય્યત કરી કે આને મારા કફનમાં રાખી દેવામાં આવે.

## ★ દેવબંદી આલિમની ગવાહી ★

બદ્અકીદા લોકોની ગવાહી શરઈ કાયદાના આધારે માન્ય રાખવામાં નથી આવતી પરંતુ અમારી માન્યતા પર એ ફિર્કાનો કોઈ વ્યકિત નિંદા કરે તો તેને ચુપ કરવા માટે તેના પક્ષના આલિમના લખાણનો પુરાવો રજુ કરવામાં આવે છે.

મૌલ્વી સૈયદ હસન બિન મૌલ્વી નબીહ હસન "હુબ્બુન્નસીમ અલા નફહાત"માં, પેજ નં. ૩ ઉપર લખે છે : એક વેપારી બલખનો રહેવાસી હતો. એ ઘણો જ ધનવાન હતો. તેની દૌલતમાં રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ના ત્રણ મુબારક વાળ હતા. એના બે છોકરા હતા. જ્યારે તેની વફાત થઈ ગઈ તેનો માલ વારસામાં બે બાળકોમાં વહેંચવામાં આવ્યો. તેમણે એક એક વાળ વહેંચી લીધો અને ત્રીજા વાળ બાબતે મોટા ભાઈએ કહ્યું કે આને આપણે અડધો અડધો વહેંચી લઈએ. નાના છોકરાએ કહ્યું, મને એ કયારે પણ કબૂલ નથી કે નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ના મુબારક વાળના ટૂકડા કરવામાં આવે. મોટા છોકરાએ કહ્યું કે જો તને મૂએ મુબારકથી આટલી બધી મહોબ્બત છે તો તારા ભાગનો માલ મને આપી દે અને ત્રણે મૂએ મુબારક તું લઈ લે ! નાનો છોકરો આ પ્રમાણેની વહેંચણી પર ખુશ થઈ ગયો અને પોતાનો બધો માલ આપીને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના નૂરાની મૂએ મુબારક લઈ લીધા. હવે એનું કામ એ થઈ ગયું કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના મુબારક વાળોની ઝિયારત કરતો અને દુરૂદ શરીફ પઢતો રહેતો. અલ્લાહની કુદરતથી





પરિવર્તન જુઓ કે મોટા છોકરાનો માલ ઓછો થવા લાગ્યો અને નાના છોકરાના માલમાં મૂએ મુબારકની બરકતથી ઘણી જ પ્રગતિ થવા લાગી. થોડા સમય પછી એ નાનો છોકરો ગુજરી ગયો. તે સમયના એક બુઝુર્ગ હુઝૂરે પાકની ઝિયારતની સ્વપ્નમાં ઈજ્જત પામ્યા. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, લોકોને કહી આપો જેને કોઈ જરૂરત અલ્લાહ તઆલાથી હોય તો તે વેપારીના છોકરાની કબ્ર પર હાજરી આપે અને ત્યાં મકસદની પ્રાપ્તિ માટે દુઆ કરે તો એનો મકસદ પૂરો થઈ જશે.

આ વાકયા પછી લોકોમાં એ છોકરાની કબ્રની ઈજ્જત વધી ગઈ અને લોકો જવા લાગ્યા. એ કબ્રની એટલી ઈજ્જત વધી ગઈ કે મોટા મોટા લોકો પણ ત્યાંથી સવાર થઈને પસાર ન થતા બલ્કે સંપૂર્ણ અદબથી પગે ચાલીને જતા હતા.

**ફાયદો :–** આ વાકયાથી મુબારક વાળોની બરકત પણ જાણવા મળી અને એ પણ જાણવા મળ્યું કે મરનાર વ્યકિતને નબીએ પાકના તબર્રુકથી એટલો પ્રેમ હતો કે તેણે પોતાના ભાગનો સઘળો માલ અલ્લાહના રસૂલને ખૂશ કરવા માટે આપીને મુબારક વાળને લીધા હતા. તેનાથી અલ્લાહ અને રસૂલે પાકની બારગાહમાં એની એટલી ઈજ્જત વધી ગઈ કે મર્યા પછી એની કબ્રને ખ્યાતિ આપવામાં આવી અને એની કબ્રને લોકોની દુઆ કબૂલ થવાનો ઝરિયો અને વસીલો બનાવી દેવામાં આવ્યો. એટલે કે મૂએ મુબારક તેના માટે વસીલો બન્યા અને તે સઘળા લોકો માટે વસીલો બની ગયો.

આ'લા હઝરત ઈમામ અહમદ રઝાખાં બરેલ્વી رضی اللہ عنہ ફર્માવે છે;

**વોહ કરમકી ઘટા ગેસૂએ મુશ્કસા**
**લુક્કએ અબ્રે રાફત પે લાખોં સલામ**

## ★ નબીના વાળની બેઈજ્જતી નબીની બેઈજ્જતી છે ! ★

જામએ સગીર અને કન્ઝુલ ઉમ્માલમાં હઝરત અલી શેરે ખુદા کرم اللہ تعالیٰ وجہہ الکریم ફર્માવે છે કે, મેં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને ફર્માવતાં સાંભળ્યા, જ્યારે આપ વાળને પકડીને ઊભા હતા. જેણે મારા એક વાળને પણ તકલીફ આપી તો જન્નત એની ઉપર હરામ છે.

**ફાયદો :-** એ વાતનો ઉલ્લેખ થઈ ગયો કે કોઈની સાથે સંબંધ ધરાવતી ચીજ વસ્તુઓની ઈજ્જત તેની ઈજ્જત છે, અને બેઈજ્જતી તેની બેઈજ્જતી છે. એટલે રસૂલે પાકના તબર્રુકની તા'ઝીમ અને ઈજ્જત રસૂલે પાકની ઈજ્જત છે, કદાપી એની બેઈજ્જતી ન કરવી જોઈએ.

**સવાલ :-** કોઈ વ્યકિત નબીએ પાકના તબર્રુકની તા'ઝીમને માન્ય રાખે છે પણ હાલમાં જે તબર્રુક છે તેને સાચા તબર્રુક માનતો નથી એટલે તે એવું સમજે કે આ લોકોએ પોતાની તરફથી બેસાડી દીધેલું છે, તો પછી એવા વ્યકિતને શો હુકમ આપવામાં આવશે ?

**જવાબ :-** ઉપરોકત હુકમ કે જન્નત એના માટે હરામ છે તે ત્યારે છે જ્યારે તબર્રુકને નબીના તબર્રુક માનતો હોય અને નબીના હોવાને લઈને એની ઈજ્જત ન કરતો હોય તો તે કાફિર છે. અને જેને એ તબર્રુકમાં ગણતો નથી તેની ઈજ્જત ન કરવાથી કોઈ હુકમ આપવામાં આવશે નહીં. પણ માણસે ખોટી હઠ ન કરવી જોઈએ. જ્યાં સુધી આપણને ખોટા હોવાનું યકીન ન થઈ જાય ત્યાં સુધી માન્ય રાખવું જોઈએ, ઈજ્જત કરવી જોઈએ. અલ્લાહ તઆલા નિય્યતોથી ઘણો જ વાકેફ છે. દાખલા તરીકે કોઈ માણસ પોતાને સૈયદ કહે તો કહેવાથી આપણે તેને માની લઈશું અને નબીથી સંબંધિત હોવાને લઈને તેની ઈજ્જત કરી લઈશું. પણ કોઈ માણસ ખોટો દાવો કરે અને યકીન સાથે આપણને ખબર પડી જાય તો પછી તેને માનવામાં આવશે નહીં. જો કોઈ માણસે ખોટો સૈયદ હોવાનો દાવો કર્યો પણ તેને કોઈ જાણતું ન હતું અને તેના કુટુંબ કબીલાથી વાકેફ ન હતું અને લોકોએ સૈયદ સમજી તેની ઈજ્જત કરી અને માન મરતબો આપ્યો તો ઈજ્જત કરનારને એનો સવાબ મળી જશે. પણ દાવો કરનાર સખત પાપી છે એની ઉપર તૌબા કરવી જરૂરી છે.

શિફા શરીફ કાઝી અયાઝ رحمۃ اللہ علیہ એ તબર્રુકાતની ઈજ્જત કરવા વિશે એ માર્ગદર્શન આપ્યું છે કે જે ચીજ વસ્તુઓ માટે એ ખ્યાતિ હોય કે આ તબર્રુક છે તો તેને માની લેવામાં આવશે. લખે છે;

وَمِنْ اِعْظَامِهٖ وَ اِكْبَارِهٖ جَمِيْعُ اَسْبَابِهٖ وَ اِكْرَامِ مُشَاهَدِهٖ و
امكنةَ وَمَا لَمَسَهٗ عليه السلام اَوْ عُرِفَ بِهٖ





હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની તા'ઝીમ અને ઈજ્જતમાંથી એ પણ છે કે, હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નો સામાન, એમની જગાઓ, એમનાં ઘરો અને જે એમના બદન સાથે લાગી ગયું હોય અથવા જેની બાબત ખ્યાતિ હોય (કે આ નબીએ પાકનું અથવા આપથી એનો સંબંધ છે)

શર્હે શિફામાં મુલ્લા અલી કારી رحمۃ اللہ علیہ પણ એ જ પ્રમાણે વર્ણવે છે કે જેની બાબત ખ્યાતિ હોય તેની પણ તા'ઝીમ અને રિસ્પેકટ કરવામાં આવશે.

નૂરુલ ઈમાનમાં હઝરત અલ્લામા અબ્દુલ હલીમ સાહેબ લખનવી શિફાના ઉપરોકત લખાણ પર પોતાનું મંતવ્ય જાહેર કરતાં ફર્માવે છે;

لَوْ كَانَ عَلٰى وَجْهِ الْاِشْتِهَارِ مِنْ غَيْرِ ثُبُوت اَخْبَارٍ وَّ اٰثَارٍ
كَذَا قَالَ عَلِيُّ الْقَارِيْ

પછી ભલેને આ સંબંધ ખ્યાતિથી હોય અને હદીષથી એનો સુબૂત ન હોય.

મુલ્લા અલી કારીએ પણ આમ જ ફર્માવ્યું છે;

**આશિકાંરા ચે કારા બા તહેકીક, હર કુજા નામે ઉસ્ત કુર્બાનેમ**

ઈશ્ક, મહબ્બતવાળાઓએ ચકાસણી કરવાની જરૂરત નથી, જ્યાં મહબૂબનું નામ હશે અમે કુર્બાન થઈ જઈશું.

હું તમને આગળ બતાવી ગયો કે સહાબાના જમાનામાં જે તબર્રુકાત હતાં તેની બાબત તેઓને યકીન હતું કે આ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના છે. પરંતુ આપણે તે જમાનાથી ૧૪૦૦ થી અધિક વર્ષો દૂર છીએ એટલે તે તબર્રુકાતનો પુરાવો આપણી પાસે સશકત ન રહી ગયો. તો જે પ્રમાણેનો પુરાવો તે પ્રમાણે હુકમ આપવામાં આવશે. સહાબાના જમાનામાં નબીના વાળની બેઈજ્જતી કરનાર જ્યારે તેને ખબર હોય કે આ નબીનો વાળ છે તો કાફિર બની જાય છે. પણ આપણા જમાનામાં જે નિયુકત માણસ પાસે મૂએ મુબારક છે તેના માટે હદીષનો પુરાવો નથી. તેનો પુરાવો માત્ર લોકોમાં તેની ખ્યાતિ હોવી છે તો જ્યાં સુધી યકીનથી એ ખબર ન પડે કે આ નબીથી સંબંધિત

નથી આમાં જૂઠો દાવો કરવામાં આવ્યો છે એની તા'ઝીમ અને ઈજ્જત કરવી મુસ્તહબ રહેશે. નબીનું સમજીને ઈજ્જત કરનારને સવાબ મળી જશે. અને તેને ફાયદો પણ મળશે, કારણ કે તેની નિય્યત ઈજ્જતમાં નબીનું સંબંધિત સમજવું છે.

## ★ સ્વપ્નમાં આપવામાં આવેલા મૂએ મુબારક ★

અન્ફાસુલ આરેફીનમાં છે હઝરત શાહ વલીયુલ્લાહ મુહદ્દિષે દહેલ્વીના પિતા શાહ અબ્દુર્રહીમ સાહેબે ફર્માવ્યું, એક વખત હું બીમાર થઈ ગયો અને એટલો બીમાર રહ્યો કે એવું લાગ્યું કે હવે બચી નહીં શકું. ઓચિંતા મને ઊંઘ આવી ગઈ અને શું જોઉં છું કે શાહે કૌનૈન ﷺ બિરાજમાન છે અને ફર્માવી રહ્યા છે, બેટા ! કેવી હાલત છે ?

હુઝૂર ﷺ ના ઈર્શાદે ગિરામીની લિજ્જતથી મને વજ્દ આવી ગયો અને હું અશ્રુવર્ષા કરવા લાગ્યો. આકા ﷺ એ મને પોતાના ખોળામાં લઈ લીધો. હુઝૂર ﷺ ની મુબારક દાઢી મારા માથા પર હતી અને હુઝૂરનો ખોળો મારા આંસૂંઓથી લીલો થઈ ગયો હતો. ધીમે ધીમે હાલતમાં ફરક આવ્યો અને શાંતિ થઈ ગઈ. પછી મારા દિલમાં વિચાર આવ્યો કે એક મુદ્દત વિતી ગઈ એ ઈચ્છામાં કે સરકારે દો આલમ ﷺ ના મુબારક વાળ મળી જાત તો કેટલું સારું ! આ વિચાર આવ્યો અને હુઝૂર ﷺ ને મારા વિચારની ખબર પડી ગઈ અને હુઝૂર ﷺ એ પોતાની દાઢી મુબારકમાં હાથ ફેરવ્યો અને બે વાળ મને અર્પણ કર્યા. પછી મને વિચાર આવ્યો કે જાગ્યા પછી આ નેઅમત મારી પાસે રહેશે કે નહીં ! તો હુઝૂર ﷺ એ ફર્માવ્યું, બેટા ! આ બંને મુબારક વાળ તમારી પાસે રહેશે. ત્યાર પછી સરકારે દો આલમ ﷺ એ મને સંપૂર્ણ શિફા અને લાંબી ઉંમરની ખુશખબરી આપી, તો મને તે જ સમયે આરામ થઈ ગયો.

મેં દીવો મંગાવ્યો અને જોયું તો મારા હાથમાં મુબારક વાળ ન હતા. મને ચિંતા થઈ અને ફરી મેં નબીએ પાકની બારગાહ તરફ ધ્યાન કેન્દ્રિત કર્યું. અને જોયું કે બંને જહાનના આકા પધારેલ છે અને ફર્માવી રહ્યા છે, બેટા ! હોશમાં આવ ! મેં બંને વાળ તારા તકિયા નીચે સાચવીને મૂકેલા





છે ત્યાંથી લઈ લે.

જાગતાંની સાથે મેં તકિયાની નીચેથી લઈ લીધા અને એક પાક જગાએ ઈજ્જતની સાથે હિફાઝતથી મૂકી દીધા. તાવ ઉતરી ગયો હતો તો અશક્તિ ઘટી ગઈ હતી. હાજરજનોને લાગ્યું, મૌતનો સમય આવી ગયો છે એટલે તેઓ રડવા લાગ્યા. મારામાં બોલવાની શક્તિ ન હતી એટલે હું ઈશારા કરી રહ્યો હતો. પછી થોડા સમય બાદ મારામાં શક્તિ આવી ગઈ અને હું તંદુરસ્ત થઈ ગયો.

હઝરત શાહ અબ્દુર્રહીમ સાહેબ ફર્માવે છે કે એ બંને મૂએ મુબારકની ખૂબી એ હતી કે વિંટાએલા રહેતા, પણ જ્યારે દુરૂદ શરીફ પઢવામાં આવતું તો બંને અલગ અલગ થઈને ઊભા થઈ જતા !

ફર્માવે છે, એક વખત ત્રણ માણસો આવ્યા જેઓ આ મો'જિઝાનો ઈન્કાર કરતા હતા, તેઓ પરીક્ષા કરવા માંગતા હતા. બેઅદબીની બીકથી હું પરીક્ષા કરવા પર રાજી ન થયો. પણ જ્યારે ચર્ચા વધવા લાગી તો ચાહકોએ વાળ લીધા અને છાંયડો કરી આપ્યો. જ્યારે કે સખ્ત ગરમી હતી અને વરસાદની ઋતુ ન હતી. આ મો'જિઝો જોઈને તેમાંથી એકે તૌબા કરી લીધી. બીજા બેએ કહ્યું કે આ તો આમ જ અલ્લાહ આશરે થયું છે ! તો ફરી મૂએ મુબારકને તડકામાં લઈ ગયા તો ફરી વાદળ આવ્યું અને છાંયડો કરી દીધો. બીજાએ પણ તૌબા કરી લીધી. ત્રીજાએ કહ્યું કે આ બનાવ આશરે થયો છે. ત્રીજી વખત મૂએ મુબારકને તડકામાં લઈ જવામાં આવ્યા તો ફરી વાદળે આવીને છાંયડો કરી દીધો. આ મો'જિઝો જોઈને ત્રીજાએ પણ તૌબા કરી લીધી.

ફર્માવે છે કે અમુક લોકો મૂએ મુબારકની ઝિયારત માટે આવ્યા તો હું તેની પેટી બહાર લાવ્યો. ઘણા લોકો હતા. મેં તાળુ ખોલવા ચાવી લગાવી પણ તાળુન ખુલ્યું ઘણી કોશિશ કરી તો પણ તાળુ ખોલવામાં કામયાબી ન મળી. મેં થોડી વાર મનન કર્યું. મને ખબર પડી કે લોકોમાં ફલાણો માણસ જુનૂબી છે એને ગુસ્લ નથી કર્યું તેના વબાલમાં તાળુ ખુલતું નથી. મેં અયબને પર્દામાં રાખ્યો અને કહ્યું, જાવ ! તમે બધા ફરીથી તહારત પાકી સાફી કરીને આવો ! જ્યારે જુનૂબી માણસ ત્યાંથી બહાર નીકળ્યો તો તાળુ તરત જ ખુલી ગયું અને અમે બધાએ ઝિયારત કરી.

હઝરત શાહ વલીયુલ્લાહ સાહેબ ફર્માવે છે, જ્યારે ઉંમરની અંતિમ કક્ષામાં મારા પિતાએ તબર્રુકતની વહેંચણી કરી તો એક મુબારક વાળ મને પણ મળ્યો.

**ફાયદો** :- શાહ સાહેબને સરકારે મદીનાએ સ્વપ્નમાં વાળ આપ્યા હતા, જ્યારે હુઝૂર તેમની ખબર લેવા માટે આવ્યા અને સ્વપ્ન તો સ્વપ્ન હોય છે પણ નબીનું સ્વપ્નમાં આવવું હકીકત હોય છે એટલે તે તબર્રુક જાગ્યા પછી મળી આવી. અને કોઈ શાહ સાહબને જૂઠા ન કહે તો તે વાળો સાથે મો'જિઝો પણ આવી ગયો કે જેને શંકા હોય તે પરીક્ષા કરી લે.

બીજી વાત એ જાણવા મળી કે તેઓ દિવસમાં વિચારતા કે મને મૂએ મુબારક મળે તો કહ્યા વિના સરકારને ખબર પડી ગઈ. અને આપે નેઅમત ઈનાયત ફર્માવી. આ એ વાતની દલીલ છે કે હુઝૂર صلی اللہ تعالٰی علیہ وسلم ગયબ જાણે છે અને દિલોના વિચારો પણ જાણી લે છે.

ત્રીજુ એ કે હુઝૂર صلی اللہ تعالٰی علیہ وسلم ને પોતાની ઉમ્મતની હાલતની ખબર હોય છે તેમજ પહોંચેલી હસ્તીઓની ખબર લેવા માટે કયારેક પધરામણી પણ કરે છે.

ચોથુ એ કે તબર્રુકની તા'ઝીમ સારું કામ છે એટલે સરકારે મદીનાએ શાહ સાહેબને માંગ કરવા પર પોતાની તબર્રુક અર્પણ કરી.

પાંચમી વાત એ કે શાહ સાહેબને દેવબંદી લોકો પણ માન્ય રાખે છે. તો ઉમ્મીદ છે કે તેમની આ વાતને પણ દિલો જાનથી સ્વીકારી લેશે. અને આ તો ઘરની ગવાહી છે !

### મુદ્દઈ લાખપે ભારી હય ગવાહી તેરી

**સવાલ** :- ઉપરોકત જે કાંઈ તબર્રુક બયાન કરવામાં આવ્યાં તેનો સંબંધ માત્ર નબીઓથી છે તેમાં બીજા કોઈનાં તબર્રુકનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી ?

**જવાબ** :- સફા મરવાનું શઆઈર હોવું નબી હોવાને લઈને નથી કારણ કે, કોઈ પણ સ્ત્રીને નબુવ્વત અને રિસાલત આપવામાં આવી નથી. એટલે સ્પષ્ટ છે હઝરત હાજેરા رضی اللہ عنہا અલ્લાહની વલિય્યહ્ છે અને એમની





સંબંધિત પહાડીઓને શઆઈર કહેવામાં આવ્યું. એ એ વાતની દલીલ છે કે શઆઈર અને તબર્રુકાતમાં નબીઓ ખાસ નથી વલીઓથી સંબંધિત ચીજ વસ્તુઓ પણ એમાં સામેલ થઈ શકે છે.

**સવાલ** :- આ તો માત્ર એક જ દલીલ છે એટલાથી દાવો સશકત કેમ કરી બને ?

**જવાબ** :- તમે એટલો તો વિચાર કરો કે દલીલ કુર્આનની છે ! કુર્આનથી મોટો પુરાવો કયો ? અને બીજું એ કે દાવો સાબિત કરવામાં હજારો દલીલોની જરૂરત નથી પડતી. હોય તો આપી દેવામાં આવે છે નહીં તો દાવો સાબિત કરવામાં એક દલીલ પણ ભારે છે. શું તમારી પાસે મનાઈમાં એક દલીલ પણ છે. ત્રીજું એ કે અસ્હાબે કહફનું વર્ણન કુર્આનમાં થયું છે બલ્કે પંદરમા સિપારામાં સૂરએ કહફ છે તેમાં તેઓની હાલતનું વર્ણન થયું છે. અસ્હાબે કહફ નબી ન હતા તેઓ વલીઓ હતા અને પોતાના ઈમાનને બચાવવા માટે ત્યાં જઈ પહોંચ્યા હતા. એક કૂતરો તેમની સાથે થઈ ગયો કે કરી દેવામાં આવ્યો કુર્આનમાં તેનું પણ વર્ણન છે. શું તે કૂતરાને આપણે સામાન્ય કૂતરાઓના વર્તુળમાં રાખીશું કે તેને વલીઓનો સંબંધિત હોવાને લઈને કુર્આનમાં તેનું વર્ણન હોવાને લઈને ઈજ્જતના સ્થાને રાખીશું ? તો આ વલીઓ સંબંધિત બીજી દલીલ છે કુર્આનથી.

### ★ ગરીબ નવાઝનો બૂટ ★

હઝરત ખ્વાજા ગરીબ નવાઝ મોઈનુદ્દીન અજમેરી رحمۃ اللہ علیہ નો ગુઝર અગ્નિ પરસ્ત પારસીઓ પાસેથી થયો. તેઓ સાત માણસો હતા, અગ્નિની પૂજા કરતા અને લોકોને અગ્નિની પૂજાનો પાઠ ભણાવતા. ગરીબ નવાઝે તેમને પૂછયું, તમે અગ્નિની પૂજા કેમ કરો છે ? તેમણે કહ્યું, અમે અગ્નિને એટલા માટે પૂજીએ છીએ કે તે અમને અઝાબ ન આપે. આપે ફર્માવ્યું, ખુદાની બંદગી કરો ! ખુદા તઆલા તમને બચાવી લેશે અને આગ કંઈ કરી શકશે નહીં. તેમણે કહ્યું, તમે ખુદાની બંદગી કરો છો તમે આગમાં પડો ! જો તમને નહીં સળગાવે તો અમે સમજીશું કે તમારી વાત સત્ય છે. આપે ફર્માવ્યું, આગ મને તો શું મારા બૂટને પણ સળગાવી શકતી નથી !

આમ કહીને આપે પોતાનો બૂટ આગમાં નાખ્યો. આગ ઓલવાઈ ગઈ અને બૂટને સળગાવી ન શકી. આપની કરામત જોઈને પારસીઓ મુસલમાન બની ગયા. *(બળી સીરતે ગરીબ નવાઝ)*

આ વાકયાથી જાણવા મળ્યું કે બુઝુર્ગોથી સંબંધ રાખનાર ચીજ વસ્તુઓ પણ બુઝુર્ગોનો ફૈઝ આપે છે. અને તેઓ તેમના સંબંધથી બરકતવાન બની જાય છે. જુઓ ગરીબ નવાઝના બૂટની આગે ઈજ્જત કરી અને એને બાળી ન શકી.

## ★ નબીના નઅલૈનનો નકશો ★

નબીએ અકરમ નૂરે મુજસ્સમ ﷺ ની ફઝીલત અને બરકત એની જગાએ સર્વને માન્ય છે પણ સરકારે મદીનાની નઅલૈનનો નકશો પણ ઘણા જ બરકત વાળો છે અને ઉલમાએ કિરામે એની બરકતોના સુબૂત અને પુરાવામાં કિતાબો લખી છે. આ'લા હઝરત ઈમામ અહમદ રઝાખાં બરેલ્વી رضی اللہ عنہ એ તબર્રુકાતના સુબૂતમાં જે દલીલો વર્ણવી છે તેમાં નઅલૈન શરીફના નકશાનો પણ ઉલ્લેખ કર્યો છે અને એની બરકતોનો પૂર્વજ આલિમાના લખાણોથી પુરાવા આપ્યા છે. એટલે આપણને તો માન્ય છે અને આપણે નઅલૈનનો નકશો બતાવીને એનાથી ફાયદાઓ પ્રાપ્ત કરીએ છીએ પણ દેવબંદીઓના વડા આલિમ મૌલાના અશરફ અલી થાનવીએ પણ એની બરકતોનું વર્ણન કર્યું છે. થાનવી સાહેબનો એક રિસાલો છે "નીલુશ્શિફા બેનઅલિલ મુસ્તફા" અને આ રિસાલામાં થાનવી સાહેબે નઅલૈન શરીફનો નકશો પણ પાડેલો છે. લખે છે :-

નકશએ નઅલે મુકદસે હુઝૂર સરવરે દો આલમ ફખ્રે બની આદમ નિહાયત કવીયુલ બરકત સરીઉલ અષર પાયા ગયા હૈ. ઈસ લિએ ઈસ્લામી ખૈરખાહી બાઈષ ઈસકી હુઈ તિમસાલે ખૈરુન્નેઆલ મુસલમાનોંકી નઝર કી જાએ કે, **અપને પાસ રખકર બરકાત હાસિલ કરે** ઔર **ઉસકે તવસ્સુલસે** અપને હાજાતો મઅરુઝાત જનાબે બારી તઆલામેં કબૂલ કરાએં.

**ભાવાર્થ** :- આપના કહેવાનો ભાવાર્થ એ છે કે અમે તમારી ખિદમતમાં નઅલૈન શરીફનો નકશો એટલા માટે પેશ કર્યો કે એની ઘણી જ





બરકતો જોવામાં આવી છે, તો લોકો એની બરકતો લઈ શકે અને એના વસીલાથી પોતાની જરૂરતોમાં સફળતા પ્રાપ્ત કરે.

થાનવી સાહેબે વસીલો પ્રાપ્ત કરવાનો તરીકો પણ લખ્યો છે;

બેહતર યે હૈ કે આખિર શબમેં ઉઠ કર વુઝૂ કર કે તહજ્જુદ જિસ કદર હો સકે પળ્હે. ઉસકે બાદ ગ્યારહ બાર કલમએ તૈયબહ ગ્યારહ બાર ઈસ્તિગફાર પળ્હ કર ઉસ નકશેકો બાઅદબ અપને સર પર રખ્ખેં. ઔર બતઝર્રુએ તમામ જનાબે બારી તઆલામેં અર્ઝ કરે, ઈલાહી ! જિસ મુકદસ પૈગંબરકે નકશએ નઅલ શરીફકો સર પર લિએ હૂં ઉનકા અદના દરજેકા ગુલામ હૂં. ઈલાહી ! ઈસ નિસ્બતે ગુલામી પર નઝર ફર્માકર બ બરકત ઈસ નઅલ શરીફ કે મેરી ફલાં હાજત પૂરી ફર્માઈએ. મગર ખિલાફે શરઅ કોઈ હાજત તલબ ન કરે ફિર સર પરસે ઉસકો ઉતાર કર અપને ચેહરે પર મલે. ઔર ઉસકો બમહબ્બત બોસા દે ઔર અશઆરે ઝૌકો શૌક બગરઝે ઈઝદેયાદે ઈશ્કે મુહમ્મદી પળ્હે, ઈન્શાઅલ્લાહુ તઆલા અજીબ કૈફિયત પાયેગા. *(ઝાદુસ્સઈદ, પેજ નં. ૨૦, નિલુશ્શિફા, પેજ-૨)*

થોડાક આગળ ચાલીને લખે છે : સો ખૂદ આપકી જાન મઝમઉલ કમાલાત વ અસમાએ મજમઉલ બરકાતસે તવસ્સુલ હાસિલ કરના ઔર ઉસકે વસીલે સે દુઆ કરના કયા કુછ ન હોગા.

ઉપરોકત હવાલાઓ અને પુરાવાઓથી સ્પષ્ટ થયું કે તબર્રુકાતની ઈજ્જત કરવી જોઈએ અને એને પણ વસીલો બનાવવો જોઈએ. અલ્લાહ તઆલા આપણને હક્ક પર રહેવાની તૌફીક અતા ફર્માવે. (આમીન)

وَمَا عَلَيْنَآ اِلَّا الْبَلَاغُ الْمُبِيْنُ وَاٰخِرُ دَعْوَانَا عَنِ الْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ

## (પ્રકરણ-૯)

# દુઆમાં વસીલો લેવો

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیْكَ یَا رَسُوْلَ اللّٰہِ
اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیْكَ یَا حَبِیْبَ اللّٰہِ
اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیْكَ یَا نَبِیَّ اللّٰہِ
اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیْكَ یَا نُوْرَ اللّٰہِ
صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیْكَ وَسَلَّمْ

મારા આકા صلی اللہ تعالی علیہ وسلم ની પ્યારી દીવાનીઓ ! વસીલા વિશે આપણુ છઠ્ઠુ બયાન છે. આપણા આ પ્રકારણનું નામ છે દુઆમાં વસીલો લેવો એટલે ''ગૈરથી દુઆની અપીલ.'' અલ્લાહ તઆલા એની બાબત આપણને હક્ક કહેવાની અને હક્ક સાંભળવાની અને એની ઉપર અમલની તૌફીક આપે.

વસીલાના આ પ્રકારણમાં કોઈ ફિર્કાનો વિવાદ જોવા નથી મળતો. દરેક જ એ વાતને માન્ય રાખે છે કે જેમ આપણે પોત પોતાના માટે દુઆ કરવી જોઈએ, બીજા મુસલમાનો માટે પણ દુઆ કરવી જોઈએ અને નેક મુસલમાનોને આપણા માટે દુઆ કરવાની દરખાસ્ત કરવી જોઈએ. નેક લોકો ખુદાની બારગાહમાં વધારે પ્રિય હોય છે અને અલ્લાહ તઆલા એમની માંગ જેમ તેમ રદ કરતો નથી, જેનો પુરાવો પાછલા પ્રકરણમાં રજૂ કરવામાં આવ્યો કે અલ્લાહ તઆલાએ નેક લોકો બાબત ઈર્શાદ ફર્માવ્યો;

لَئِنْ سَاَلَنِیْ لَاُعْطِیَنَّهٗ

''જો એ મારાથી કાંઈ માંગ કરે તો હું તેને જરૂર અર્પણ કરું છું.''

(મિશ્કાત)





જયારે અલ્લાહ તઆલા પોતાના કરમ અને કૃપાથી વાયદો ફર્માવે છે કે નેક લોકોને જયારે હું પ્રિય બનાવી લઉં છું તેમની માંગ પર તેમને જરૂર અર્પણ કરું છું. તો પછી આપણે પોતે તો દુઆ કરવી જ જોઈએ. પણ દુઆની કબૂલિયતનો મજબૂત ફાયદો પ્રાપ્ત કરવો હોય તો અલ્લાહવાળાઓને દુઆની દરખાસ્ત કરવી જોઈએ.

આનો મતલબ એવો પણ નથી કે માત્ર અલ્લાહના વલીઓથી જ દુઆની દરખાસ્ત કરવી જોઈએ, બલ્કે દુઆની દરખાસ્તનો જયાં સુધી સવાલ છે તો તે દરેક મુસ્લિમને કહી શકાય છે. દરેકની કબૂલાતના જુદા જુદા સમય હોય છે. કોની દુઆ કયારે કબૂલ થશે આપણને ખબર નથી. એટલે દરેકની દુઆનો સહારો પણ લઈ શકાય છે. કુર્આન અને હદીષમાં આ પ્રમાણેની અસંખ્ય દુઆઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

આ પ્રકરણમાં એક વિવાદ બદ્‌મઝહબોએ ખડો કરેલો છે તે એ કે દુઆની દરખાસ્ત જીવંતને કરવામાં આવશે પણ મુડદાને દુઆની દરખાસ્ત નથી થઈ શકતી. પરંતુ અમારી માન્યતા એ છે કે અલ્લાહવાળાઓને દુનિયાથી પર્દો ફર્માવ્યા પછી પણ દુઆની દરખાસ્ત કરી શકાય છે. સ્પષ્ટ થયું : આ પ્રકરણમાં પણ સો ટકા સંમતિ નથી.

## ★ ઈબ્ને તૈમિયહ્‌નો ઈન્કાર ★

ઈબ્ને તૈમિયહ્‌એ મરણ પછી નબીઓથી દુઆ કરાવવાની અને જરૂરતોની માંગ કરવાની મનાઈ કરી છે.

તફસીરે જવાહિરુલ કુર્આન, ભાગ-૨ માં છે : (વહાબીઓના) શૈખુલ ઈસ્લામ ઈબ્ને તૈમિયહ્‌ ફર્માતે હૈં કે વફાતકે બાદ આં હઝરત صلی اللہ تعالی علیہ وسلم કે મઝાર પર જાકર ઈસ્તિશફાઅ જાઈઝ નહીં. યે કામ સલ્ફમેંસે કિસી એકને ભી નહીં કિયા.

**ભાવાર્થ** :- ઈબ્ને તૈમિયહ્‌ સાહેબ એવું કહેવા માંગે છે કે હુઝૂર صلی اللہ تعالی علیہ وسلم ના પર્દો ફર્માવ્યા પછી દુઆની દરખાસ્ત એટલા માટે કરવી જાઈઝ નથી કે આ પ્રમાણેનું કામ પૂર્વજોમાંથી કોઈએ કરેલું નથી.

**જવાબ** :- કોઈએ કરેલું નથી એ દાવો વિના દલીલ છે. અમે

તમને બતાવીશું કે આમ કરવામાં આવેલું છે. તમને ખબર નથી એનો મતલબ એવો થોડો છે કે આમ થયું જ નથી.

બીજું એ કે કોઈનું ન કરવું નાજાઈઝ હોવાની દલીલ નથી. એવા તો ઘણા બધાં છે કામો છે જે તે જમાનામાં કરવામાં નથી આવ્યાં પણ આ જમાનામાં કરવામાં આવે છે અને એને સઘળા ફિર્કાના લોકો જાઈઝ માને છે. નાજાઈઝ હોવા માટે એ સાબિત કરવું પડે કે આ પ્રમાણે કરવું જાઈઝ નથી અથવા કોઈને કરવાથી રોકવામાં આવ્યું હોય. એટલે આ પ્રમાણે દલીલ આપવી કાયદા કાનૂનથી નાવાકેફ હોવાની દલીલ છે.

## ★ એક વધુ ઈન્કાર ★

"હકીકતે વસીલા"માં તેના લેખક મૌલ્વી અબુલ હુસૈન મુહમ્મદ અઝીમ સિદ્દીક સાહેબ નબીએ પાકના પર્દો ફર્માવ્યા પછી આપથી દુઆની દરખાસ્ત કરવાનો ઈન્કાર કરતાં લખે છે;

યે બાત અચ્છી તરહ યાદ રહે કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم કી મજલિસમેં જાકર અલ્લાહસે ઈસ્તિગફાર કરના ઔર આપસે ભી અલ્લાહસે બખ્શિશકી દુઆકી દરખાસ્ત કરના યે સબ બિલા શુબ્હા આપકી ઝિંદગીમેં તો જાઈઝ થા લેકિન અબ આપકી વફાતકે બાદ કિસીકે લિએ ભી જાઈઝ નહીં કે આપકી કબ્ર કે પાસ આકર ઈસ્તિગફારકી દરખાસ્ત કરે. ઈસ લિએ કે જબ આપ ઈસ દારે ફાનીસે ઈન્તેકાલ ફર્માકર રફીકે આ'લાસે જા મિલે. તો અબ આપકે ઈસ્તિગફારકા સિલસિલા ભી ખત્મ હો ગયા. લેહાઝા આપકી વફાતકે બાદ આપસે કિસી ભી કિસ્મકા સવાલ કરના હરામ હૈ. *(પેજ નં. ૭૪)*

## ★ તૈમિયહના ચેલા વહાબી ★

તમે જો ઉમરા અથવા હજ્જ માટે ગયા હશો તો તમે નરી આંખે જોયું હશે અને ન ગયા હોય તો અમે જોઈને તમને બતાવી રહ્યા છીએ કે જ્યારે આપણે મદીના શરીફમાં નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ની બારગાહમાં હાજરી આપીએ છીએ, સલાતો સલામ પઢીએ છીએ, તો આપની કબર મુબારક તરફ મોઢું કરીને પઢવાની રજા આપવામાં આવે છે પણ જો આપણે





કબર શરીફ તરફ મોઢું કરીને દુઆ કરીએ અને હાથ ઉઠાવીએ તો કિયામત આવી જાય ! તેમના રક્ષકો આવીને તમારું મોઢું કા'બા શરીફ તરફ કરી આપે અને કહે, દુઆ કા'બા તરફ માંગો ! કબર તરફ દુઆ કરવી શિર્ક છે !

વહાબીઓનું આ પ્રમાણેનું વલણ હાજરી આપનારાઓ સાથે એટલા માટે છે કે તેઓ પર્દો ફર્માવ્યા પછી નબીએ પાકથી કોઈ પણ સવાલ કરવો જાઈઝ નથી માનતા, બલ્કે હરામ અને સખ્ત હરામ બલ્કે શિર્ક સમજે છે એટલે કોઈને દુઆ નથી કરવા દેતા. તો આ પ્રકરણમાં વિવાદ છે તેનો ત્રીજો પુરાવો થયો.

જ્યારે તમને એ વાતની જાણ થઈ ગઈ કે આ પ્રકરણ પણ વિવાદાસ્પદ છે તો પછી અમે આના બે ભાગ કરીશું. એક જીવંત લોકોથી દુઆની દરખાસ્ત અને બીજું મુડદાંઓથી દુઆની દરખાસ્ત.

## ★ જીવંત લોકોથી દુઆની દરખાસ્ત ★

આને ઘણા ભાગોમાં વહેંચી શકાય છે : **(૧)** બીજા લોકો માટે દુઆ કરવી **(૨)** બીજાને દુઆની દરખાસ્ત કરવી **(૩)** દુઆની દરખાસ્ત વલીઓથી કરવી **(૪)** નબીઓથી કરવી **(૫)** નેક લોકોથી કરવી **(૬)** સામાન્ય મુસલમાનોથી કરવી **(૭)** ફરિશ્તાઓનું આપણા માટે દુઆનું કામ કરવું.

## ★ કુર્આન અને અન્ય દુઆઓ ★

કુર્આન શરીફમાં નબીઓથી ઘણી બધી દુઆઓ અલ્લાહ તઆલા તરફથી ઉતારવામાં આવી છે જેમાં તેમણે પોતે વિના દરખાસ્તે બીજા મુસલમાનોને પોતાની દુઆમાં સામેલ ફર્માવેલ છે.

**(૧)** હઝરત ઈબ્રાહી علیہ الصلوٰۃ والسلام એ દુઆ ફર્માવી :–

**رَبَّنَا اغْفِرْ لِي وَلِوَالِدَيَّ وَلِلْمُؤْمِنِينَ يَوْمَ يَقُومُ الْحِسَابُ**

"અય અમારા રબ ! મારી, મારા માતા પિતાની અને ઈમાનવાળાઓની મગફેરત ફર્માવ જે દિવસે હિસાબ થાય. *(સૂરએ ઈબ્રાહીમ)*

**(૨)** હઝરત મૂસા علیہ الصلوٰۃ والسلام એ દુઆ ફર્માવી :–

رَبَّنَا لَا تَجْعَلْنَا فِتْنَةً لِّلْقَوْمِ الظّٰلِمِيْنَ وَ نَجِّنَا بِرَحْمَتِكَ مِنَ الْقَوْمِ الْكٰفِرِيْنَ

"અય અમારા રબ ! જાલિમ લોકોથી અમારી પરીક્ષા ન ફર્માવ અને તારી કૃપાથી અમને કાફિર લોકોથી મુકત ફર્માવે."

(૩) હઝરત નૂહ عليه الصلاة والسلام ની દુઆ :-

رَبِّ اغْفِرْ لِيْ وَلِوَالِدَيَّ وَلِمَنْ دَخَلَ بَيْتِيَ مُؤْمِنًا وَّلِلْمُؤْمِنِيْنَ وَالْمُؤْمِنٰتِ

"અય મારા રબ ! મગફેરત ફર્માવ ! મારી, મારા માતા પિતાની, જે મારા ઘરમાં પ્રવેશેલું છે ઈમાનની હાલતમાં અને ઈમાનવાળા પુરૂષો અને સ્ત્રીઓની. *(સૂરએ નૂહ)*

**(૪) નેક લોકોની દુઆ**

رَبَّنَا فَاغْفِرْ لَنَا ذُنُوْبَنَا وَكَفِّرْ عَنَّا سَيِّاٰتِنَا وَتَوَفَّنَا مَعَ الْاَبْرَارِ

"અય અમારા રબ ! અમારા ગુનાહો માફ ફર્માવ."

આ પ્રમાણે કુર્આન શરીફમાં ઘણી બધી દુઆઓ છે જેમાં બીજા મુસલમાનોને પોતાની દુઆમાં વિના દરખાસ્તે સામેલ કરવાનું સ્પષ્ટ થાય છે. તો આપણે પોતાના માટે પણ દુઆ કરવી જોઈએ અને બીજા મુસલમાનો માટે પણ દુઆ કરવી જોઈએ.

## ★ દુઆની દરખાસ્ત કુર્આનના પ્રકાશમાં ★

યૂસુફ عليه الصلاة والسلام ના ભાઈઓએ હઝરત યાકૂબ عليه الصلاة والسلام ને પોતાના માટે મગફેરતની દરખાસ્ત કરી અને હઝરત યાકૂબે તેમની વાત મંજૂર રાખી દુઆ કરવાનો વાયદો ફર્માવ્યો. અલ્લાહ તઆલા ફર્માવે છે :-

قَالُوْا يٰۤاَبَانَا اسْتَغْفِرْ لَنَا ذُنُوْبَنَاۤ اِنَّا كُنَّا خٰطِئِيْنَ قَالَ سَوْفَ اَسْتَغْفِرُ لَكُمْ رَبِّيْ اِنَّهٗ هُوَ الْغَفُوْرُ الرَّحِيْمُ

તેમણે કહ્યું; અય અમારા પિતા ! અમારા માટે અમારા ગુનાહોની





મગફેરત ચાહો, નિઃશંક ! અમે ગુનેહગાર છીએ. તેમણે ફર્માવ્યું; હું થોડા સમયમાં મારા રબથી તમારા માટે મગફેરતની દુઆ કરીશ. બેશક ! તે ઘણો જ માફ ફર્માવનાર મહેરબાન છે. *(સૂરએ યૂસુફ)*

(૨) મુનાફિકો જિહાદમાં ન જતા અને હુઝૂર જિહાદથી પરત આવતા તો તેઓ જૂઠા બહાનાંઓ બનાવી નબીએ પાકથી મગફેરતની દુઆની દરખાસ્ત કરતા. તેઓની દુઆની દરખાસ્ત માત્ર દેખાડવા માટે જ હોતી પણ એનાથી દુઆની દરખાસ્ત કરવાનો જવાઝ જરૂર સાબિત થાય છે. અલ્લાહ તઆલા ફર્માવે છે :- شَغَلَتْنَاۤ اَمْوَالُنَا وَ اَهْلُوْنَا فَاسْتَغْفِرْ لَنَا

અમારા માલ અને ઘરવાળાઓએ અમને કામમાં લગાડી દીધા (એટલે અમે જેહાદમાં ન આવી શકયા) તો તમે અમારા માટે મગફેરતની દુઆ કરો. *(સૂરએ ફતહ)*

(૩) ફિરઔની લોકો ઈમાન લાવવાને લઈને અને ઈમાનવાળાઓ પર ત્રાસ ગુજારવાને લઈને વિવિધ પ્રકારના અઝાબોમાં સપડાયા તો તેમણે અઝાબથી મુકિત મેળવવા અને રાહતની જિંદગી પરત લાવવા હઝરત મૂસા عليه الصلاة والسلام ને દુઆની દરખાસ્ત કરી. અલ્લાહ ફર્માવે છે :-

وَلَمَّا وَقَعَ عَلَيْهِمُ الرِّجْزُ قَالُوْا يٰمُوْسَى ادْعُ لَنَا رَبَّكَ

જ્યારે એમની ઉપર અઝાબ આવતો તો તેઓ કહેતા; અય મૂસા ! અમારા માટે તમે તમારા રબથી ભલાઈની દુઆ કરો. *(સૂરએ અઅ્રાફ)*

(૪) ગુનેહગાર ઉમ્મતીઓનું આપણા નબીને દુઆનુ કહેવું : અલ્લાહ ઈર્શાદ ફર્માવે છે;

وَلَوْ اَنَّهُمْ اِذْ ظَّلَمُوْۤا اَنْفُسَهُمْ جَآءُوْكَ فَاسْتَغْفَرُوا اللّٰهَ وَ اسْتَغْفَرَ لَهُمُ الرَّسُوْلُ لَوَجَدُوا اللّٰهَ تَوَّابًا رَّحِيْمًا

અને જ્યારે તેઓ પોતાની ઉપર જુલ્મ કરે તો તમારી પાસે આવે અને અલ્લાહથી મગફેરતની દુઆ કરે અને રસૂલ પણ તેઓ માટે મગફેરતની દુઆ કરે તો તેઓ અલ્લાહને જરૂરથી તૌબા કબૂલ કરનાર દયાળુ પામશે. *(સૂરએ નિસાઅ)*

આયતનો મતલબ એ થયો કે પોતે પોતાના ગુનાહોની મગફેરત માંગે અને પછી નબીએ પાકની ખિદમતમાં આવી આપથી દુઆની દરખાસ્ત કરે. નબીએ પાક દુઆ કરી આપશે તો તૌબા કબૂલી લેવામાં આવશે અને ગુનાહ ગમે તેવા હોય માફ કરી દેવામાં આવશે.

આ આયતોથી સ્પષ્ટ થયું કે બીજા લોકોથી દુઆની દરખાસ્ત કરી શકાય છે અને બીજી વ્યક્તિની દુઆ આપણને ફાયદો પહોંચાડે છે અને એનાથી આપણી મુરાદો પૂરી થાય છે.

## ★ નબીને દુઆનો આદેશ અલ્લાહ તરફથી ★

નબીએ અકરમ નૂરે મુજસ્સમ صلی اللہ تعالیٰ علیہ وسلم અલ્લાહના પ્રિય છે અને આપની માંગ પ્રિય હોવાને લઈને પૂરી કરવામાં આવે છે તો આપણને નબીથી દુઆની દરખાસ્ત કરવાનું કહેવામાં આવ્યું અને અલ્લાહ તઆલાએ આપણી ઉપર કૃપા કરીને નબીએ પાકને આપણા માટે દુઆનો આદેશ ફર્માવ્યો કે, નબી વિના દરખાસ્તે પણ પોતાના ઉમ્મતીઓ માટે મગફેરતની દુઆ કરે. અલ્લાહ તઆલા ફર્માવે છે :

فَبِمَا رَحْمَةٍ مِنَ اللّٰهِ لِنْتَ لَهُمْ وَلَوْ كُنْتَ فَظًّا غَلِيْظَ الْقَلْبِ لَانْفَضُّوا مِنْ حَوْلِكَ فَاعْفُ عَنْهُمْ وَاسْتَغْفِرْ لَهُمْ

અલ્લાહની કૃપાથી તમે લોકો માટે નરમ છો. જો તમે સખત પથ્થર દિલના હોતે તો તેઓ તમારી પાસેથી નાસી જતા, તો તમે એમનાથી દરગુજર કરો અને એમના માટે મગફેરતની દુઆ કરો. *(આલે ઈમરાન)*

## ★ ફરિશ્તાઓની આપણા માટે દુઆ ★

ફરિશ્તાઓ દરેક કામ અલ્લાહના હુકમથી કરે છે. તેઓ અલ્લાહની નાફર્માની નથી કરી શકતા. તેઓ માસૂમ અને ગુનાહથી સદંતર પાક છે. તેઓ આપણા માટે દુઆ કરે તે એ વાતની દલીલ છે કે આપણે તો તેમની દરખાસ્ત નથી કરી પણ અલ્લાહ તઆલા તરફથી તેમને આપણા માટે દુઆ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે તો તેઓ અર્શે ઈલાહી





પાસે આપણા માટે દુઆ કરે છે. અલ્લાહ ફર્માવે છે :

وَالَّذِيْنَ يَحْمِلُوْنَ الْعَرْشَ وَمَنْ حَوْلَهٗ يُسَبِّحُوْنَ بِحَمْدِ رَبِّهِمْ وَيُؤْمِنُوْنَ بِهٖ وَ يَسْتَغْفِرُوْنَ لِلَّذِيْنَ اٰمَنُوْا

જેઓ અર્શ ઉઠાવેલા છે અને જેઓ તેમની પાસે તેઓ પોતાના રબના વખાણ સાથે પાકી બોલે છે અને ઈમાનવાળાઓ માટે મગફેરતની દુઆ કરે છે.

## ★ હદીષે પાક અને સહાબાની નબીથી દુઆની દરખાસ્ત ★

ઘણી બધી હદીષો એ પ્રકરણમાં મળે છે કે સહાબાએ નબીએ પાકને દરખાસ્ત કરી અને આપે એમના માટે દુઆ કરી અને કેટલાક સહાબા માટે આપે પોતે દુઆ ફર્માવી. અત્રે અન્ય હદીષો રજૂ કરવામાં આવે છે :

**(૧)** બુખારી અને મુસ્લિમમાં હઝરત ઉમ્મે સુલૈમથી રિવાયત છે કે તેણીએ અરજ કરી : અલ્લાહના રસૂલ ! અમારા માટે દુઆએ ખૈર ફર્માવો. સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ આ પ્રમાણે દુઆ કરી :

اَللّٰهُمَّ اَكْثِرْ مَالَهٗ وَوَلَدَهٗ وَ بَارِكْ لَهٗ فِيْمَا اَعْطَيْتَهٗ

અય અલ્લાહ ! એમના માલ અને ઔલાદમાં વધારો ફર્માવ અને તેં જે એમને અર્પણ કર્યું છે તેઓ એમને બરકત આપ. (નબીએ પાકની દુઆની અસર જુઓ. આપની જીભથી જે શબ્દો નીકળ્યા અલ્લાહના ફઝ્લથી થઈને જ રહ્યા.) હઝરત અનસ رضی اللہ عنہ કસમ ખાયને ફર્માવે છે કે કસમ ખુદાની ! મારો માલ વધી ગયો અને મારી ઔલાદ અને પૌત્રાઓની સંખ્યા આજે એકસો જેટલી થઈ ગઈ.

આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ ફર્માવે છે :–

**ઈજાબતકા સહેરા ઈનાયતકા જોળા, દુલ્હન બનકે નિકલી દુઆએ મુહમ્મદ**
**ઈજાબતને બળહકર ગલેસે લગાયા, બળ્હી નાઝસે જબ દુઆએ મુહમ્મદ**

**ભાવાર્થ :-** દુઆની કબૂલિયતની ખુશખબરી એ રાહ જોઈને બેસે છે કે કયારે નબીની જીભ મુબારક હાલે અને હું તેને વધાવી લઉં. અને નબીની દુઆમાં આટલી અસર છે ત્યારે તો સહાબી નબીની ખિદમતમાં આવીને દુઆની દરખાસ્ત કરે છે. આ'લા હઝરત ફર્માવે છે :-

**ફિરકે ગલી ગલી તબાહ ઠોકરેં સબકી ખાએઁ કયૂં**
**દિલકો જો અક્લ દે ખુદા તેરી ગલીસે જાએ કયૂં**

જ્યારે અલ્લાહ તઆલાએ પોતાના પ્રિય અને મહબૂબ નબી આપણને અતા ફર્માવ્યા અને આપણને એમના ઉમ્મતી બનાવી એમની બારગાહમાં હાજરીની રજા આપી તો પછી એટલી મોટી અને મહાન બારગાહ છોડીને દર દરની ઠોકરો ખાવાની જરૂરત નથી. જો તમારી પાસે અક્કલ અને સદ્બુદ્ધિ હોય તો એ ચોખટને મજબૂત પકડી રાખો. જ્યારે એ બારગાહથી ઈમાનની અમૂલ્ય દૌલત મળે છે તો પછી દુનિયા કે જેની ખુદાની બારગાહમાં કોઈ વાસ્તવિકતા અને હકીકત નથી તે કેમ ન મળે ?

**(૨)** મુસ્લિમમાં હઝરત અબૂ હુરૈરહ્થી રિવાયત છે : આપ ફર્માવે છે કે મારી માતા મુશ્રિક હતી અને હું તેમને વારંવાર ઈસ્લામની દા'વત આપતો હતો. એક દિવસ મેં (ઈસ્લામ સ્વીકારી લેવાની) દા'વત આપી તો તેમણે રસૂલુલ્લાહ ﷺ બાબતે એવી વાત સંભળાવી જે મને નાપસંદ હતી. હું રડતો રડતો નબીએ પાકની ખિદમતમાં આવ્યો અને મેં વિનંતી કરી, અય અલ્લાહના રસૂલ ! આપ અલ્લાહથી મારી માતા માટે હિદાયતની દુઆ કરો. તો આપે ફર્માવ્યું;

**اُدْعُ اللّٰهَ اَنْ يَّهْدِيَ اُمَّ اَبِيْ هُرَيْرَةَ فَقَالَ اللّٰهُمَّ اهْدِ اُمَّ اَبِيْ هُرَيْرَةَ**

અય અલ્લાહ ! અબૂ હુરૈરહ્ની માને હિદાયત અતા ફર્માવ. (હુઝૂરની દુઆ પર હું ખુશ થઈને નીકળ્યો. જ્યારે હું દરવાજે પહોંચ્યો તો દરવાજો બંધ હતો. મારી માએ મારા પગોના ધબકારા (પગરવ) સાંભળ્યા તો ફર્માવ્યું : અબૂ હુરૈરહ્ ! થોભો ! મેં પાણી પડવાનો અવાજ સાંભળ્યો. તેમણે ગુસ્લ કર્યું, પોતાનો કુર્તો પહેર્યો અને જલ્દીમાં ઓઢણી ન ઓઢી અને





દરવાજો ખોલ્યો અને ફર્માવ્યું : અબૂ હુરૈરહ્ હું ગવાહી આપુ છું કે,

**اشهد ان لا اله الا الله و اشهد ان محمدا عبده ورسوله**

અલ્લાહ સિવાય કોઈ ઈબાદતના લાયક નથી અને ગવાહી આપું છુ કે મુહમ્મદ ﷺ અલ્લાહના બંદા અને તેના રસૂલ છે. (એટલે કે તેમણે પોતાનો ઈસ્લામ કલ્મા શરીફથી જાહેર કર્યો) અબૂ હુરૈરહ્ ફર્માવે છે કે હું તો નબીએ પાકની બારગાહમાં ખુશીનાં આંસૂ સારતો પરત આવ્યો તો આપે અલ્લાહની હમ્દ (વખાણ) કરી અને ફર્માવ્યું, "સારું થયું !" આ'લા હઝરત ફર્માવે છે;

**એક મૈં કયા મેરે ઈસ્યાંકી હકીકત કિતની**
**મુઝસે સૌ લાખકો કાફી હય ઈશારા તેરા**

અય અલ્લાહના પ્રિય નબી ! તમારી દુઆથી કુફ્રના વાદળો ખસી જાય છે અને ઈમાનનો સૂર્ય પ્રકાશિત દેખાવા લાગે છે. પછી તો કુફ્રને છોડીને દરેક ગુનોહ નાનો છે. કુફ્ર જ સૌથી મોટો છે તે હિદાયતમાં ફેરવાય જાય તો અમારા ગુનાહોની માફી માટે અને અમારી નજાત માટે માત્ર તમારો ઈશારો બસ છે !

**(૩)** બુખારી અને મુસ્લિમમાં હઝરત જરીર બિન અબ્દુલ્લાહથી રિવાયત છે : ફર્માવે છે કે રસૂલે પાક عليه الصلاة والتسليم એ મને ફર્માવ્યું : તમે ઝુલ ખલસા (મંદિર)ને તોડીને મને શાંતિ આપો. મેં વિનંતી કરી, કેમ નહીં ! પણ વાત એ હતી કે હું ઘોડેસવારી સારી રીતે ન કરી શકતો હતો તો મેં નબીએ પાકને એ કમીની ફરિયાદ કરી તો આપે પોતાનો હાથ મારી છાતી પર રાખ્યો. એટલે સુધી કે આપના ફૈઝ અને બરકત મને મારી છાતીમાં જણાવા લાગી અને આપે દુઆ કરી : **اَللّٰهُمَّ ثَبِّتْهُ وَاجْعَلْهُ هَادِيًا مَّهْدِيًّا** અય અલ્લાહ ! એને (ઘોડા પર) રોકાવી દે અને અમને સત્ય માર્ગ બતાવનાર અને સત્ય માર્ગ પર રહેનાર બનાવી દે.

ફર્માવે છે કે ત્યારે હું ઘોડા પરથી કયારેય પડયો નથી. પછી હું કબીલએ અહમસના દોઢસો સવારો લઈને ગયો, તેને તોડી નાખ્યું

અને આગ લગાવી દીધી.

આ'લા હઝરત ફર્માવે છે :–

**લા વ રબ્બિલ અર્શ જિસકો જો મિલા ઉનસે મિલા**
**બટતી હય કૌનૈનમેં નેઅમત રસૂલુલ્લાહકી**

એટલે કે અલ્લાહ તઆલા આપવાવાળો અને આપ વહેંચવાવાળા છે. ખુદાની બારગાહથી જેને જે કંઈ મળે છે આપની બારગાહથી મળે છે. સહાબા એટલા માટે તો પોતાની દરેક ફરિયાદ લઈને નબીએ પાકની બારગાહમાં જતા હતા અને આપ દરેકને અતા ફર્માવતા.

(૪) દારમીમાં છે : હઝરત ઈબ્ને અબ્બાસ ફર્માવે છે કે એક સ્ત્રી પોતાનો છોકરો લઈને નબીએ પાકની ખિદમતમાં આવી અને તેણીએ અરજ કરી, અય અલ્લાહના રસૂલ ! બેશક ! મારા છોકરાને પાગલપણું છે, સવાર સાંજ તેનો દૌરો પડે છે. રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ તે છોકરાની છાતી પર હાથ ફેરવ્યો અને દુઆ કરી. તે છોકરાને ઉલ્ટી થઈ અને તેના પેટમાંથી કૂતરાના કાળા બચ્ચા જેવું કંઈ નીકળ્યું અને દોડવા લાગ્યું.

એટલે કે તે છોકરાને શૈતાની દખલ હતો. નબીએ પાકે એના માટે દુઆ કરી તો તે શૈતાને તરત જ કબ્જો છોડી દીધો અને બહાર આવી ગયો. અને એવુ પણ થઈ શકે છે કે તેને જાદૂના જોરથી એવું કંઈ ખવડાવી દેવામાં આવ્યું હોય. ગમે તે હોય પણ નબીએ પાકની દુઆથી તેને તરત જ શિફા પ્રાપ્ત થઈ ગઈ. આ'લા હઝરત ફર્માવે છે :

**તૂટ પળતી હૈં બલાએં જિન પર, જિનકો મિલતા નહીં કોઈ યાવર**
**હર તરફસે વોહ પૂર અરમાં ફિર કર, ઉનકે દામનમેં છુપા કરતે હૈં**

(૫) અબૂ દાઊદમાં હઝરત અબ્દુલ્લાહ બિન અમ્રથી રિવાયત છે કે નબીએ પાક બદ્રના દિવસે ૩૧૫ વ્યકિતઓને લઈને નીકળ્યા અને આપે (દુઆમાં) ફર્માવ્યું :

اَللّٰهُمَّ اِنَّهُمْ حُفَاةٌ فَاحْمِلْهُمْ اَللّٰهُمَّ اِنَّهُمْ عُرَاةٌ فَاكْسُهُمْ اَللّٰهُمَّ
اِنَّهُمْ جِيَاعٌ فَاَشْبِعْهُمْ





અય અલ્લાહ ! આ લોકો ખુલ્લા પગે છે, એમને સવારી આપ, અય અલ્લાહ ! આ લોકો ભૂખ્યા છે એમને પેટ ભરીને ખવડાવ. (નબીએ પાકની દુઆના સદકામાં) અલ્લાહ તઆલાએ વિજય આપ્યો. તેઓ પરત આવ્યા ત્યારે દરેક વ્યકિત પાસે એક એક બે બે ઊંટ હતાં, કપડાં પહેર્યાં અને પેટ ભરીને ખાધું.

**અજબ કયા અગર રહ્મ ફર્માએ હમ પર**
**ખુદાએ મુહમ્મદ બરાએ મુહમ્મદ**
صلی اللہ تعالیٰ علیہ وسلم

(૬) તિર્મિઝીમાં હઝરત અબૂ હુરૈરહ્થી રિવાયત છે : કહે છે, હું નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ની ખિદમતમાં ખજૂરો લાવ્યો. તો મેં અરજ કરી, અય અલ્લાહના રસૂલ ! આના માટે બરકતની દુઆ ફર્માવો. આપે ખજૂરો હાથમાં લીધી અને એના માટે બરકતની દુઆ કરી અને પછી ફર્માવ્યું :

فَضَمَّهُنَّ ثُمَّ دَعَالِيْ بِالْبَرَكَةِ

આને લઈ જાવ ! અને તમારી થેલીમાં મૂકી આપો. જ્યારે પણ તમે એમાંથી લેવાનો ઈરાદો કરો તો પોતાનો હાથ એમાં દાખલ કરીને લઈ લો અને થેલીને ખંખેરશો નહીં. હઝરત અબૂ હુરૈરહ્ ફર્માવે છે કે મેં એમાંથી આટલું આટલું વજન અલ્લાહના માર્ગમાં આપ્યું, અમે પોતે પેટ ભરી ભરીને ખાતા અને આ થેલી કયારે પણ મારાથી અલગ ન કરતો. જે દિવસે હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ શહીદ કરી દેવામાં આવ્યા તે થેલી ખોવાઈ ગઈ. આ'લા હઝરત ફર્માવે છે :

**હાથ જિસ સમ્ત ઉઠ્ઠા ગની કર દિયા**
**મૌજે બહરે સમાહત પે લાખોં સલામ**

(૭) બુખારી અને મુસ્લિમમાં હઝરત અનસથી રિવાયત છે. આપ ફર્માવે છે કે નબીએ પાકના જમાનામાં દુષ્કાળ પડયો. નબીએ પાક જુમ્આના દિવસે ખુત્બો પઢી રહ્યા હતા તે સમયે એક ગામડિયો માણસ ઊભો થયો અને એણે અરજ કરી, هَلَكَ الْمَالُ وَجَاعَ الْعِيَالُ فَادْعُ اللّٰهَ لَنَا અય અલ્લાહના રસૂલ ! પશુઓ બરબાદ થઈ ગયાં અને બાળ બચ્ચાં ભૂખે મરે

છે. અમારા માટે અલ્લાહ તઆલાથી દુઆ કરો ! આપે હાથ ઉઠાવ્યા ત્યારે આકાશમાં વાદળનો ટૂકડો સુધ્ધાં ન હતો. પણ કસમ તે જાતની જેના દસ્તે કુદરતમાં મારી જાન છે ! હુઝૂરે હાથ નીચા ન કર્યા તે પહેલાં પહાડ અને પર્વત જેવાં વાદળો આવી ગયાં. હુઝૂર મિમ્બર શરીફ પરથી ઉતર્યા ન હતા ત્યાં મેં જોયું કે પાણી હુઝૂરની દાઢી પરથી ટપકવા લાગ્યું. તે દિવસે વરસ્યું, બીજા દિવસે વરસ્યું, ત્રીજા દિવસે વરસ્યું, બીજી જુમ્આ સુધી સતત વરસાદ પડતો રહ્યો. બીજી જુમ્આએ તે જ ગામડિયો અથવા બીજો કોઈ વ્યક્તિ ઊભો થયો અને અરજ કરી, અય અલ્લાહના રસૂલ ! صلی اللہ تعالیٰ علیہ وسلم મકાનો પડી ગયાં અને પશૂઓ ડૂબી ગયાં, હવે અમારા માટે અલ્લાહ તઆલાથી દુઆ કરો. આપે હાથ ઉઠાવ્યા અને ફર્માવ્યું :

عَلَيْنَا لَا حَوَالَيْنَا اَللّٰهُمَّ لَنَا اللّٰهَ فَادْعُ الْمَالُ وَغَرِقَ الْبِنَاءُ يَهْدِمُ

અય અલ્લાહ ! આજુ બાજુ આપ અમારી ઉપર નહીં ! જે દિશામાં ઈશારો કરતા વાદળ ખુલતુ જતું. મદીનાની ઉપરથી વાદળ સાફ થઈને ખાડા જેવું લાગતું હતું. નાળુ એક મહીના સુધી સતત ચાલુ રહ્યું અને આજુબાજુથી કોઈ પણ આવ્યું તેણે વધારે વરસાદ છે એ ખબર આપી. આ'લા હઝરત ફર્માવે છે :–

**વહા કયા જૂદો કરમ હૈ શહે બતહા તેરા,**
**નહીં સુનતા હી નહીં માંગને વાલા તેરા**

**ધારે ચલતે હૈં અતાકે વોહ હૈ કતરા તેરા,**
**તારે ખિલતે હૈં સખાકે વોહ હૈ ઝર્રા તેરા**

(૮) બુખારી અને મુસ્લિમમાં હઝરત અનસથી રિવાયત છે કે નબીએ પાક ઉમ્મે હરામ બિન્તે મિલ્હાન પાસે આવતા અને તેણી તે સમયે હઝરત ઓબાદા બિન ષાબિતના હાથ નીચે હતી. (એમના નિકાહમાં) એક દિવસ આપ પધાર્યા તો તેણીએ આપને ખાવા ખવડાવ્યું અને પછી માથુ જોવા બેસી ગઈ. હુઝૂર સૂઈ ગુયા અને પછી સ્મિત વેરતા ઉઠયા. તેણીએ પૂછયું, અય અલ્લાહના રસૂલ ! તમે કેમ સ્મિત કરો છો ? ફર્માવ્યું, મારી ઉમ્મતીની એક જમાઅત મારી સમક્ષ લાવવામાં આવી જે ખુદાના માર્ગમાં





જેહાદ કરી હતી અને સમુદ્રમાં એ પ્રમાણે સફર ખેડી રહી હતી જેમ રાજા પોતાના સિંહાસન પર હોય છે અથવા ફમાવ્યું, રાજાઓ માફક જેઓ પોતાના સિંહાસન પર બિરાજમાન હોય. મેં અરજ કરી, અય અલ્લાહના રસૂલ ! અલ્લાહ તઆલાથી મારા માટે દુઆ કરો કે મને પણ તેઓમાંથી બનાવી આપે. તો હુઝૂરે તેણી માટે દુઆ કરી. પછી માથુ રાખીને સૂઈ ગયા, પછી પાછા હસ્તા મુખે ઉઠયાં. મેં અરજ કરી, અય અલ્લાહના રસૂલ ! તમે શા માટે હસો છો ! તો ફર્માવ્યું, મારી ઉમ્મતની એક જમાઅત મારી સમક્ષ લાવવામાં આવે જે અલ્લાહના માર્ગમાં પ્રથમ જમાઅત માફક જેહાદ કરી હતી. તો મેં દરખાસ્ત કરી, અલ્લાહના રસૂલ મારા માટે અલ્લાહથી દુઆ કરો કે મને તેઓમાંથી બનાવી આપે. આપે ફર્માવ્યું, તું પ્રથમ જમાઅતમાંથી છે. તો ઉમ્મે હરામે સમુદ્રનો સફર કર્યો. હઝરત મુઆવિયાના જમાનામાં સમુદ્રથી નીકળ્યા પછી પોતાની સવારીના જાનવરથી પડી ગયાં અને શહીદ થઈ ગયાં. (સરકારે મદીનાની દુઆથી અલ્લાહ તઆલાએ પ્રથમ જમાઅતમાં તેમને જવાનો મોકો આપ્યો અને તેણી એ લોકો સાથે નાવડીઓથી સમુદ્ર પાર પણ કર્યો. જયારે સવારીના જાનવર પર સવાર થયાં તો પડી જવાથી તેમને માર વાગ્યો અને તેમાં તેમનું અવસાન થયું અને શહાદતનો દરજજો તેણીને મળી ગયો. આ'લા હઝરત ફર્માવે છે :

**માંગેગે માંગે જાએંગે મુહ માંગી પાએંગે**
**સરકારમેં ન લા હય ન હાજત અગરકી હયો**

(૯) ઈમામ કાઝી અયાઝે શિફા શરીફમાં રિવાયત નકલ કરી છે કે નબીએ પાકે ઔમેર બિન સઈદના માથા પર પોતાનો હાથ ફેરવ્યો અને એમની ઉમરમાં દુઆએ બરકત કરી. હઝરત ઔમૈરનું ૮૦ વર્ષની ઉંમરે અવસાન થયું પણ આપના માથામાં એક વાળ પણ સફેદ ન હતો. અને વૃધ્ધાવસ્થાની હાલત પણ ન આવી હતી.

હુઝૂરની દુઆની બરકતથી એમની ઉંમર વધી ગઈ અને હુઝૂરના હાથ ફેરવવાની બરકતથી અલ્લાહ તઆલાએ તેમને એવી જ જવાની આપી કે તે હમેશાં રહી. વાળનો કલર પણ ન બદલાયો. એટલે કે હુઝૂરે જે ફર્માવ્યું તે થઈને જ રહ્યું. એટલે આ'લા હઝરત ફર્માવે છે :

**મૈં તો માલિક હી કહુંગા કે હો માલિક કે હબીબ**
**યા'ની મહબૂબો મોહિબમેં નહીં મેરા તેરા**

**(૧૦)** તિબ્રાનીએ રિવાયત કરી છે કે એક દિવસ ઝમોરા બિન ષઅલબા બહઝીએ નબીએ પાકની ખિદમતમાં હાજરી આપી વિનંતી કરી, અય અલ્લાહના રસૂલ ! તમે મારા માટે અલ્લાહ તઆલાથી દુઆ કરો કે મને શહાદત અતા ફર્માવે. હુઝૂરે દુઆ કરી :

اَللّٰهُمَّ اِنِّيْ اُحَرِّمُ دَمَ ابْنِ ثَعْلَبَةَ عَلَى الْمُشْرِكِيْنَ

"અય અલ્લાહ ! હું ઈબ્ને ષઅલબાના લોહીને મુશ્રિક પર હરામ કરું છું."

હુઝૂરની દુઆની અસર એ જોવા મળી કે ઝમોરા જેહાદમાં જતા, કાફિરોથી નીડર થઈને લડતા, તેમની સફોમાં પેસી જતા પણ તેમને એક ઘા પણ વાગતો ન હતો અને મુશ્રિકોની તલ્વારો તેમનું લોહી વહાવી ન શકી.

હદીષમાં ધ્યાન આપવાની વાત એ છે કે હુઝૂરે ફર્માવ્યું, અય અલ્લાહ ! હું હરામ કરું છું. એનો મતલબ એ છે કે અલ્લાહ તઆલાએ આપને હરામ અને હલાલ કરવાનો અધિકાર આપેલો છે, બીજું એ કે આપ અલ્લાહના પ્રિય છે. અલ્લાહ તઆલા આપની વાત પોતાની કૃપાથી અને આપના પ્રિય હોવાને લઈને માન્ય રાખે છે. એટલે હુઝૂરે હરામ ફર્માવ્યું તો અલ્લાહ તઆલાએ પણ હરામ કરી આપ્યું અને કાફિરો તેમની ઉપર વાર કરવામાં સફળ ન નીવડયા. આ'લા હઝરત ફર્માવે છે :–

**ખુદાકી રઝા ચાહતે હૈં દો આલમ**
**ખુદા ચાહતા હૈ રઝાએ મુહમ્મદ**

صلی اللہ تعالیٰ علیہ وسلم

**(૧૧)** હઝરત ઈબ્ને સઅદ અબુલ હુવૈરિષથી રિવાયત કરે છે. એમણે ફર્માવ્યું કે કબીલએ તોજૈબની એક જમાઅત સન હિ. ૯ માં નબીએ અકરમની બારગાહમાં આવી, તેમની સાથે એક જવાન વ્યક્તિ પણ હતો. તેણે વિનંતી કરી, અય અલ્લાહના રસૂલ ! મારી જરૂરત પૂરી કરો. હુઝૂરે પૂછયું, તારી શી જરૂરત





છે ? તેણે વિનંતી કરી, અય અલ્લાહના રસૂલ ! મારા માટે ખુદાથી દુઆ કરો કે મારી મગફેરત ફર્માવે, મારી ઉપર કૃપા કરે, અને બેનિયાઝી મારા દિલમાં પેદા કરે. હુઝૂરે પોતાના ગુલામની દરખાસ્ત કબૂલ કરી એના માટે અલ્લાહ તઆલાથી દુઆ કરી : اَللّٰهُمَّ اغْفِرْ لَهٗ وَارْحَمْهُ وَاجْعَلْهُ غِنَاهُ فِيْ قَلْبِهٖ

અય અલ્લાહ ! એની મગફેરત ફર્માવ, એની ઉપર કૃપા કર અને એના દિલમાં બેનિયાઝી પેદા ફર્માવ.

બીજા વર્ષે હજજના મોસમમાં તોજૈબનો વફદ (પ્રતિનિધિમંડળ) મિનામાં ફરી હાજર થયો. હુઝૂરે તેમનાથી એ જવાનનો હાલ માલૂમ કર્યો. વિનંતિ કરવામાં આવી, અય અલ્લાહના રસૂલ ! એનાથી અધિક બેનિયાઝ અમે કોઈને નથી જોયો. એટલે કે આપે જે પ્રમાણે દુઆ ફર્માવી તે પ્રમાણે થઈ ગયો છે. આ'લા હઝરત ઈમામ અહમદ રઝા ફર્માવે છે :

**વોહ ઝબાં જિસકો સબ કુનકી કુંજી કહે**
**ઉસકી નાફિઝ હુકૂમતપે લાખોં સલામ**

**(૧૨)** કન્ઝુલ ઉમ્માલ અને મદારિજુન્નબુવ્વતમાં છે : હઝરત ફઝલ બિન અબ્બાસ ફર્માવે છે કે જ્યારે સરકારે દો આલમને કબ્રે અનવરમાં રાખવામાં આવ્યા તો મેં અંતિમ ઝિયારતની નિય્યતે આપનો મુબારક ચહેરો જોયો. જ્યારે મેં જોયું કે આપના હોઠ હલી રહ્યા છે તો મેં મારા કાન નજીક કર્યા તો સાંભળ્યું, આપ ફર્માવી રહ્યા હતા : اَللّٰهُمَّ اغْفِرْ لِاُمَّتِيْ અય અલ્લાહ ! મારી ઉમ્મતને બખ્શી આપ ! ફર્માવે છે, મેં આ વાત લોકોને બતાવી તો હુઝૂરની ઉમ્મત પ્રતિની કૃપા જોઈને લોકો અચરજમાં પડી ગયા.

આ'લા હઝરત ફર્માવે છે :–

**જિસકી તસ્કીંસે રોતે હુએ હંસ પળે**
**ઉસ તબસ્સુમકી આદત પે લાખોં સલામ**

**(૧૩)** બુખારીમાં હઝરત બરાઅ બિન આઝિબથી રિવાયત છે : ફર્માવે છે : હુદૈબિયાના દિવસે સરકારે દો આલમ હુદૈબિયાના કૂવા પાસે ઉતર્યા. આપની સાથે ૧૪૦૦ સહાબાએ કિરામ હતા. ઈસ્લામી સૈન્યએ કૂવાનું બધુ પાણી કાઢી

લીધું, તેમાં એક ટીપુ પાણી પણ ન રહ્યું. સરકારે દો આલમને એની ખબર થઈ. આપ કૂવાના કાંઠે પધાર્યા અને પછી ત્યાં બેસી ગયા અને વાસણ મંગાવ્યું, પછી હુઝૂરે વુઝૂ કર્યું પછી મોઢામાં પાણી લીધું અને કુલ્લી (કોગળો) કરી પછી દુઆ કરી : فَتَوَضَّأَ ثُمَّ مَضْمَضَ وَدَعَا પછી એ પાણી કૂવામાં નાખ્યું અને ફર્માવ્યું, થોડી વાર માટે એને રહેવા દો. (તો હુઝૂરની કુલ્લી અને દુઆની બરકતથી એટલુ પાણી ભેગું થઈ ગયું કે હુદૈબિયામાં વીસ દિવસ સુધી રોકાણ રહ્યું) જતા સુધી લોકો અને તેમનાં પશુઓ ધરાઈને પાણી પીતાં રહ્યાં. આ'લા હઝરત ફર્માવે છે :–

**જિસકે પાનીસે શાદાબ જાનો ખેળાં**
**ઉસ દહનકી તરાવટપે લાખોં સલામ**

**(૧૪)** ઈબ્ને માજહ્ અને હાકિમે રિવાયત કરી છે : હઝરત અલી ફર્માવે છે કે હુઝૂરે મને ગવર્નર બનાવીને યમન મોકલવાનો ઈરાદો કર્યો. મેં વિનંતી કરી, અલ્લાહના રસૂલ ! મને અનુભવ નથી કેસોનો ચુકાદો કેમ કરી આપીશ. હઝરત અલી ફર્માવે છે : આ વાત સાંભળીને હુઝૂરે પોતાનો હાથ મારી છાતી પર માર્યો અને દુઆમાં ફર્માવ્યું :–

اَللّٰهُمَّ اَنْصُرْ عَلَيْهِ وَ ثَبِّتْ لِسَانَهُ

અય અલ્લાહ ! એમના દિલને સત્ય માર્ગે રાખ અને એમની જીભને હક્ક પર લગાડી આપ ! હઝરત અલી ફર્માવે છે કે કસમ ખુદાની આજીવન બેની વચમાં ફૈંસલો કરવામાં મને કયારે પણ શંકા થઈ નથી.

આ'લા હઝરત ફર્માવે છે :–

**હાથ જિસ સમ્ત ઉઠ્ઠા ગની કર દિયા**
**મૌજે બહરે સખાવતપે લાખોં સલામ**

**(૧૫)** બયહકી દલાઈલુન્નબુવ્વત, અબૂ નઈમે રિવાયત કરે છે : હઝરત ઈમરાન બિન હુસૈન ફર્માવે છે કે હું સરકારે મદીનાની ખિદમતમાં હાજર હતો. એટલામાં હઝરત ફાતેમા બારગાહે રસૂલમાં પધાર્યા તે સમયે એમનો ચહેરો (અશક્તિથી) પીળો હતો. હુઝૂર ચહેરો જોઈને સમજી ગયા





કે ભૂખના કારણે આમ થયું છે. તો હુઝૂરે પોતાનો હાથ ઉઠાવ્યો અને ગળાની નીચે હારની જગાએ હાથ રાખ્યો અને આંગળીઓ પહોળી કરી અને ફર્માવ્યું :

اَللّٰهُمَّ مُشْبِعَ الْجَاعَةِ وَرَافِعَ الْوَضِيْعَةِ اِرْفَعْ فَاطِمَةَ بِنْتَ مُحَمَّدٍ

અય અલ્લાહ ! ભૂખ્યાઓનું પેટ ભરનાર અને પડેલાને ઊભો કરનાર ! ફાતિમા બિન્તે મુહમ્મદને ઊભી કર ! હઝરત ઈમરાન કહે છે : હું એમને જોઈ રહ્યો હતો, એમના ચહેરા પરથી ભૂખનાં ચિન્હો જતાં રહ્યાં. ઘણા દિવસો પછી હું હઝરત સૈયદાને મળ્યો અને એ બાબતે માલૂમ કર્યું તો ફર્માવ્યું કે પછી મને ભૂખથી કયારે પણ તકલીફ થઈ નથી.

હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ ફર્માવે છે :–

**ખાતે હૈં તેરે દરકા પીતે હૈં તેરે દરકા**
**પાની હૈં તેરા પાની દાના હૈ તેરા દાના**

અને આ'લા હઝરત ફર્માવે છે :–

**મદીને કે ખિત્તે ખુદા તુઝકો રખ્ખે**
**ગરીબોં ફકીરોંકો ઠહરાને વાલે**

**(૧૬)** તિર્મિઝી, બયહકી અને ખસાઈસમાં છે : હઝરત અબૂ ઝૈદ અમ્ર બિન અખતબ ફર્માવે છે કે સરકારે દો આલમે મારા માથા અને દાઢી પર હાથ ફેરવ્યો અને પછી ફર્માવ્યું : اَللّٰهُمَّ جَمِّلْهُ અય અલ્લાહ ! અબૂ ઝૈદ બિન અમ્ર બિન અખતબને રૂપાળા બનાવ ! હુઝૂરની દુઆની એ અસર થઈ કે) રિવાયત કરનાર બયાન કરે છે કે આપ એકસોથી અધિક વર્ષો જીવંત રહ્યા પણ એમના માથાના અને દાઢીના વાળ સફેદ ન થયા, કાળા જ રહ્યા અને ચહેરા પર કરચલી ન પડી હતી. અવસાન સુધી આપનો ચહેરો એવો જ રહ્યો. આ'લા હઝરત ફર્માવે છે :–

**અજબ કયા અગર રહમ ફર્માએ હમ પર**
**ખુદાએ મુહમ્મદ બરાએ મુહમ્મદ**
(صلی اللہ تعالیٰ علیہ وسلم)

**(૧૭)** બયહકી, અબૂ નઈમ અને ખસાઈસમાં છે : હઝરત ઉષ્માન બિન અબિલ આસ ફર્માવે છે કે મેં હુઝૂરે અકરમને ફરિયાદ કરી કે મને કુર્આન શરીફ યાદ નથી રહેતું. ફર્માવ્યું : એનું કારણ એક શૈતાન છે જેને ખિઝબ કહેવામાં આવે છે. પછી ફર્માવ્યું : મારી નજીકમાં આવો ! હું નજીકમાં આવ્યો તો આપે પોતાનો મુબારક હાથ મારી છાતી પર રાખ્યો તો મને એની ઠંડક બે ખભાની વચમાં લાગી. પછી આપે ફર્માવ્યું : અય શૈતાન ! ઉષ્માનની છાતીમાંથી નીકળી જા ! તો પછી મેં જે કંઈ સાંભળ્યું મને મોઢે યાદ થઈ ગયું. (શબ્દમાં હુકમ અને માયનામાં દુઆ છે.)

આ'લા હઝરત ફર્માવે છે :–

**ન કયોં કર કહૂં યા હબીબી અગિસ્ની**
**ઈસી નામસે હર મુસીબત ટલી હૈ**

**(૧૮)** બુખારી, અબુનઈમ અને દલાઈલમાં રિવાયત છે : હઝરત જરીર ફર્માવે છે કે હું સવારીની હાલતમાં ઘોડા પરથી પડી જતો હતો. મેં હુઝૂરની ખિદમતમાં મારી હાલત કહી સંભળાવી. તો આપે પોતાનો મુબારક હાથ મારી છાતી પર માર્યો. મેં આપના હાથ મારવાનું નિશાન મારી છાતી પર દેખ્યું અને ફર્માવ્યું : اَللّٰهُمَّ ثَبِّتْهُ وَاجْعَلْهُ هَادِيًا مَهْدِيًّا અય અલ્લાહ ! એમને (સવારી પર) રોકવી દે અને એમને સત્ય માર્ગ બતાવનાર અને સત્ય માર્ગે ચાલનાર બનાવ. હઝરત જરીર ફર્માવે છે : આ દુઆ પછી હું મારા ઘોડા પરથી કયારે પણ પડયો નથી.

આ'લા હઝરત ફર્માવે છે :–

**માલિકે કૌનૈન હૈં ગો પાસ કુછ રખતે નહીં**
**દો જહાંકી નેઅમતેં હૈં ઉનકે ખાલી હાથમેં**

**(૧૯)** બયહકી, ખસાઈસમાં છે : હઝરત જોએલ બિન ઝેયાદ ફર્માવે છે કે એક યુધ્ધમાં હું સરકારે દો આલમ સાથે હતો. મારી ઘોડી જેની ઉપર હું સવાર હતો તે ઘણી અશકત અને દુબળી હતી. હુઝૂરે જોયું કે હું ઘણો જ પાછળ થઈ ગયા છું તો આપ મારી પાસે આવ્યા અને ફર્માવ્યું, તમે કેમ પાછળ રહી ગયો છો ? મેં વિનંતી કરી, અય અલ્લાહના રસૂલ ! મારી ઘોડી





દુબળી અને અશકત છે. તો આપે પોતાના હાથમાં જે દંડો હતો તે ઉઠાવ્યો અને ઘોડીને માર્યો અને પછી દુઆ ફર્માવી : اَللّٰهُمَّ بَارِكْ لَهُ فِيْهَا અય અલ્લાહ ! આમને આમાં (સવારીમાં) બરકત આપ ! હઝરત જોએલ ફર્માવે છે (કે હુઝૂરની દુઆની બરકતથી મારી ઘોડી એટલી શકિતશાળી બની ગઈ કે) હું તેની લગામ પકડી શકતો ન હતો અને બધાથી આગળ નીકળી જતી, એનો વંશ એટલો વધ્યો કે મેં એને બાર હજારમાં વેચ્યો.

આ'લા હઝરત ફર્માવે છે :–

**હિરમા નસીબ હૂં તુઝે ઉમ્મીદવાર કહૂં**
**જાને મુરાદો કાને તમન્ના કહૂં તુઝે**

**(૨૦)** બુખારીએ તારીખમાં રિવાયત કરી છે કે હઝરત હંઝલા બિન હુઝૈમના માથા પર નબીએ પાકે પોતાનો હાથ ફેરવ્યો અને ફર્માવ્યું : بُوْرِكَ فِيْكَ તને બરકત આપવામાં આવે ! હઝરત ઝેયાલ કહે છે કે ત્યાર બાદ મેં જોયું કે આંચળમાં વરમવાળી બકરી, ઊંટ અને માણસ જેને કોઈ જગાએ વરમ થયું હોય લગાડવામાં આવતો તો હંઝલા પોતાના હાથ પર થૂકીને માથા પર લગાડતા અને ફર્માવતા : بِسْمِ اللّٰهِ عَلٰى اَثَرِ يَدِ رَسُوْلِ اللّٰهِ ﷺ અને પછી એ હાથ વરમની જગાએ રાખતા તો તરત જ વરમ જતો રહેતો. (નબીએ પાકની દુઆથી એમને ફાયદો મળ્યો પણ આપ જેને હાથ ફેરવી દેતા તેને પર ફાયદો થઈ જતો.)

આ'લા હઝરત ઈર્શાદ ફર્માવે છે :–

**તેરે ગુલામોંકા નકશે કદમ હૈ રાહે ખુદા**
**વોહ કયા બહક સકે જો સુરાગ લેકે ચલે**

**(૨૧)** દલાઈલુન્નબુવ્વત, અબૂનઈમ અને ખસાઈસમાં છે : હઝરત અબૂ કરસાફા ફર્માવે છે કે ઈસ્લામની શરૂઆતમાં હું યતીમ હતો અને મારાં માતાઅને માસી પાસે રહેતો હતો. બકરીઓ ચરાવવાનું કામ કરતો. મારાં માસી મને કહેતાં બેટા ! તું ફલાણા માણસ પાસે ન જતો, નહીં તો એ તને કુમાર્ગી બનાવી દેશે. ફર્માવે છે, પણ મેં તો બકરીઓ ચરવા છોડી દીધી અને

નબીએ પાકની ખિદમતમાં હાજર થયો અને આપની વાતો સાંભળતો રહ્યો. પછી બકરીઓ પાસે આવ્યો તો બકરીઓ દુબળી અને આચંળોમાં દૂધ ન હતું. મારાં માસીએ કહ્યું, આજે બકરીઓને શું થઈ ગયું છે ? મેં કહ્યું મને ખબર નથી એમને શું થઈ ગયું છે ! બીજા દિવસે પણ આમ જ કર્યું. ત્રીજા દિવસે નબીએ પાકની ખિદમતમાં હાજર થઈને મુસલમાન બની ગયો. મેં હુઝૂરને મારી બકરીઓ અને મારાં માસીની હાલત કહી સંભળાવી. હુઝૂરે ફર્માવ્યું, તમારી બકરીઓ લઈ આવો ! હું બકરીઓ લઈને હાજર થયો. આપે બકરીઓ માટે બરકતની દુઆ ફર્માવી : دَعَا فِيْهِنَّ بِالْبَرَكَةِ તો જોત જોતામાં તેમનામાં ગોશ્ત આવી ગયો અને દૂધ ઉતરી આવ્યું. પછી જે બકરીઓ લઈને હું માસી પાસે ગયો તે કહેવા લાગ્યાં, બેટા ! આવી જગાએ જ ચરાવો ! પછી મેં તેમને પૂરો બનાવ કહી સંભળાવ્યો તો મારાં માતા અને માસી બંને પણ મુસલમાન બની ગયાં ! આ'લા હઝરત ઈર્શાદ ફર્માવે છે :–

**બખુદા ખુદાકા યહી હૈ દર નહીં ઔર કોઈ મફર મકર**
**જો વહાંસે હો યહીં આકે હો જો યહાં નહીં તો વહાં નહીં**

**(૨૨)** ખસાઈસમાં હઝરત રેફાઆથી રિવાયત છે : આપ ફર્માવે છે કે બદ્રના (યુધ્ધના) દિવસે મને તીર (ધનુષ્ય) વાગ્યું તો મારી આંખ ફૂટી ગઈ. તો રસૂલુલ્લાહ صلی اللہ تعالٰی علیہ وسلم એ થૂક મુબારક મારી આંખમાં નાખ્યું અને મારા માટે દુઆ ફર્માવી : وَدَعَا لِيْ فَمَا آذَانِيْ مِنْهَا شَيْءٌ તો એનાથી મને કોઈ પ્રકારની તકલીફ રહી નહીં. (અને ફૂટી ગયેલી આંખ સારી થઈ ગઈ.)

કુર્આન શરીફમાં આંખોના નૂર ચાલ્યા જવા બાતે અલ્લાહ ફર્માવે છે : قُلْ اَرَءَيْتُمْ اِنْ اَصْبَحَ مَآؤُكُمْ غَوْرًا فَمَنْ يَّاْتِيْكُمْ بِمَآءٍ مَّعِيْنٍ તમે ફર્માવો ! જુઓ તો ખરા ! જો સવારમાં તમારું પાણી ધરતીમાં ચૂંસાઈ જાય તો તે કોણ છે તમને પહેલુ પાણી લાવી આપે !

આ આયતની તફસીરમાં એ પણ વર્ણન થયું છે કે અહિંયા પાણીનો મતલબ આંખોના નૂરનું પાણી છે. આંખ ફૂટી જાય, અથવા નસો સુકાઈ જાય અને એનું પ્રકાશ જતુ રહે તો દુનિયામાં કોઈની પાસે એ શકિત નથી કે તેને સારું કરી આપે. પણ અલ્લાહના રસૂલે ફૂટેલી આંખની રોશની અને





નૂર સાથે પરત કરી આપી. અલ્લાહ તઆલાની અર્પણ કરેલી શકિતથી અથવા આપની દુઆથી અલ્લાહ તઆલાએ પરત કરી આપી.

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા ફર્માવે છે :–

**કિસકા મુંહ તકિયે હાં જાઈએ કિસસે કહીએ**
**તેરે હી કદમોંપે મિટ જાએ યહ પાલા તેરા**

**(૨૩)** બુખારી, બયૂહકી, ઝરકાની અને ખસાઈસમાં છે :– હઝરત ઈબ્ને અબ્બાસ ફર્માવે છે : મુહમ્મદ બિન હાતિબ બાળક હતા. એમના માથા પર હાંડલી ગબડી ગઈ અને એમનો હાથ બચી ગયો. હુઝૂરે હાથ મુબારક ફેરવ્યો : وَدَعَا لَهٗ અને એમના માટે દુઆ કરી અને થૂક મુબારક લગાડયું તો તેઓ તે જ સમયે સારા થઈ ગયા.

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા ફર્માવે છે :–

**મેરે કરીમસે ગર કતરા કિસીને માંગા**
**દરયા બહા દીએ હૈં, દુર બે બહા દીએ હૈં**

**(૨૪)** બુખારી અને મુસ્લિમાં હઝરત બરાઅથી રિવાયત છે : આપ ફર્માવે છે; એક દિવસ મેં નબીએ પાકને એ સ્થિતિમાં જોયા કે આપ હઝરત હસન બિન અલીને ખભા પર ઉઠાવીને ઊભા હતા અને ફર્માવતા હતા : ... اَللّٰهُمَّ اِنِّيْ اُحِبُّهٗ અય અલ્લાહ ! હું એને પ્રિય રાખું છું, તું પણ એને પ્રિય બનાવી લે.

આ'લા હઝરત ફર્માવે છે :–

**કયા બાત રઝા ઉસ ચમનિસ્તાને કરમકી**
**ઝહરા હૈ કલી જિસમેં હુસૈનો હસન ફૂલ**

**(૨૫)** બુખારીમાં હઝરત ઓસામાથી રિવાયત છે : આપ કહે છે કે નબીએ પાક એમને અને હઝરત હસનને પકડીને ફર્માવતા હતા :–

اَللّٰهُمَّ اِنِّيْ اُحِبُّهُمَا فَاَحِبَّهُمَا

"અય અલ્લાહ ! હું બંનેને પ્રિય રાખુ છું તું પણ એ બંનેને પ્રિય રાખ !"

**તેરી નસ્લે પાકમેં હૈ બચ્ચા બચ્ચા નૂરકા**
**તૂ હૈ ઐને નૂર તેરા સબ ઘરના નૂરકા**

**(૨૬)** તિર્મિઝીમાં હઝરત ઈબ્ને અબ્બાસથી રિવાયત છે કે : કહે છે; નબીએ પાકે હઝરત અબ્બાસને ફર્માવ્યું, સોમવારના દિવસે સવારમાં પોતાની ઔલાદ લઈને મારી પાસે આવશો હું તમારા માટે દુઆ કરીશ જે તમને અને તમારી ઔલાદને ફાયદો કરશે. સોમવારના દિવસે સવારમાં હઝરત અબ્બાસ અને એમની ઔલાદને હુઝૂરની ખિદમતમાં લાવ્યા : હુઝૂરે અમને ચાદર ઓઢાડી પછી ફર્માવ્યું :

اَللّٰهُمَّ اغْفِرْ لِلْعَبَّاسِ وَوَلَدِهٖ مَغْفِرَةً ظَاهِرَةً وَّبَاطِنَةً لَا تُغَادِرُ
ذَنْبًا اَللّٰهُمَّ احْفَظْهُ فِيْ وَلَدِهٖ

અય અલ્લાહ ! અબ્બાસ અને એમની ઔલાદને બખ્શી આપ ! જાહેરમાં અને ગુપ્તમાં એવી બખ્શિશ અતા ફર્માવ કે એક ગુનોહ પણ બાકી ન રહી જાય.

અય અલ્લાહ ! અબ્બાસને એમની ઔલાદમાં બાકી રાખ ! પૂરા રક્ષણ સાથે.

આ'લા હઝરત ફર્માવે છે :-

**આગે રહી અતા વોહ બકદરે તલબ તો ક્યા**
**આદત યહાં ઉમ્મીદસે ભી બેશતર કી હૈ**

**(૨૭)** બુખારીએ હઝરત ઈબ્ને અબ્બાસથી રિવાયત કરી છે : આપ ફર્માવે છે કે સરકારે દો આલમે મને છાતીથી લગાડી દીધો અને પછી (દુઆ કરતાં) ફર્માવ્યું :

اَللّٰهُمَّ عَلِّمْهُ الْحِكْمَةَ

"અય અલ્લાહ ! એમને હિકમત અતા ફર્માવ."

**(૨૮)** બુખારી અને મુસ્લિમમાં હઝરત ઈબ્ને અબ્બાસથી રિવાયત છે. આપ ફર્માવે છે કે નબીએ પાક હાજત માટે તશરીફ લઈ ગયા. મેં આપના માટે વુઝૂનું પાણી રાખ્યું. આપ બહાર આવ્યા તો પૂછ્યું; આ (પાણી) કોણે





રાખ્યું છે ? આપને બતાવવામાં આવ્યું તો આપે ફર્માવ્યું :

اَللّٰهُمَّ فَقِّهْهُ فِي الدِّيْنِ

"અય અલ્લાહ ! એમને દીનની સમજ અતા ફર્માવ."

નબીએ પાકની દુઆની બરકતથી આપને ઈલ્મનો એટલો અધિક ભાગ મળ્યો કે આપને મુફસ્સિરોના વડા કહેવામાં આવતું હતું.

આ'લા હઝરત ફર્માવે છે :-

**કૌન દેતા હૈ દેનેકો મુંહ ચાહિએ**
**દેનેવાલા હૈ સચ્ચા હમારા નબી**

**(૨૯)** બુખારી અને મુસ્લિમમાં હઝરત અનસથી રિવાયત છે : ફર્માવે છે કે નબીએ પાકે અન્સારની ઔરતો અને બાળકોને શાદીમાંથી આવતાં જોયાં તો આપ ઊભા થઈ ગયા અને ફર્માવ્યું :

اللهم انتم من احب الناس الي

અય અલ્લાહ ! (તું આ લોકોને પ્રિય રાખ) તમે લોકો મને બધાથી અધિક પ્રિય છો ! આમ બે વખત ફર્માવ્યું.

**(૩૦)** મુસ્લિમમાં છે : હઝરત ઝૈદ બિન અરકમ ફર્માવે છે કે નબીએ પાકે દુઆ ફર્માવી :

اَللّٰهُمَّ اغْفِرْ لِلْاَنْصَارِ وَلِاَبْنَاءِ الْاَنْصَارِ وَلِاَبْنَاءِ اَبْنَاءِ الْاَنْصَارِ

અય અલ્લાહ ! અન્સારને બખ્શી આપ ! અન્સારના બાળકોને બખ્શી આપ ! અન્સારના બાળકોના બાળકોને બખ્શી આપ !

**ફાયદો :-** મદીનામાં ઔસ અને ખજરઝ નામનાં બે ખાનદાન અને પરિવાર હતાં તેઓ ઈસ્લામ લાવ્યાં. નબીએ પાક હિજરત કરીને તેમની વચમાં આવીને વસ્યા. તેમની અસંખ્ય કુર્બાનીઓને લઈને નબીએ પાકે તેમને અન્સારનું ઉપનામ આપ્યું.

આ'લા હઝરત ફર્માવે છે :-

**બે માંગે દેનેવાલેકી નેઅમતમેં ગર્ક હૈ**
**માંગસે જો મિલે કિસે ફહમ ઈસ કદરકી હૈ**

**(૩૧)** તિર્મિઝીમાં હઝરત જાબિરથી રિવાયત છે : આપ ફર્માવે છે કે નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ મારા માટે પચ્ચીસ (૨૫) વખત મગફેરતની દુઆ ફર્માવી. એટલે હુઝૂર એમના માટે વારંવાર મગફેરતની દુઆ કરતા હતા.

**(૩૨)** ઈમામ બુખારી અને અહમદે રિવાયત કરી કે હુઝૂરે ઉર્વા બિન અબી જઅદ માટે, હઝરત મિકદારદ માટે બરકતની દુઆ ફર્માવી. ઉર્વા કહે છે : હું જ્યારે પણ કૂફાના કોનાસા બજારમાં જાઉં છું તો હું ત્યારે જ પરત આવુ છું જ્યારે મને ચાલીસ હજારનો નફો મળે છે.

આ'લા હઝરત ફર્માવે છે :–

**વોહ દુઆ જિસકા જોબન બહારે કબૂલ**
**ઉસી નસીમે ઈજાબત પે લાખોં સલામ**

**(૩૩)** અબૂ નઈમ રિવાયત કરે છે કે હુઝૂરે હઝરત મિકદાદ માટે બરકતની દુઆ કરી. એ દુઆથી એટલી બરકત થઈ કે તેમના ઘરમાં સિક્કાની ગુણો ભરેલી રહેતી.

આપની પત્ની ઝેબાઆ બિન્તે ઝુબૈર ફર્માવે છે કે મિકદાદ એક દિવસ હાજત માટે ગયા. એટલામાં એક ઉંદર દરમાંથી અશરફી (સોનાનો સિક્કો) લઈને બહાર આવ્યો અને આપ સમક્ષ રાખી દીધો. પછી તે સતત દરમાં જતો રહ્યો અને એક એક અશરફી લાવતો રહ્યો, ૧૭ અશરફીઓ આપ સમક્ષ રાખી. હઝરત મિકદાદ હુઝૂર પાસે આવ્યા અને બનાવ કહી સંભળાવ્યો. હુઝૂરે પૂછયું, તે દરમાં તમે પોતે તો હાથ દાખલ નથી કર્યો ?! તેમણે કહ્યું, તે જાતની કસમ ! જેણે આપને હક્ક સાથે મોકલ્યા મેં હાથ દાખલ નથી કર્યો. હુઝૂરે ફર્માવ્યું, એ સદકો છે જે અલ્લાહ તઆલાએ તમારી ઉપર કર્યો. અલ્લાહ એમાં તમને બરકત આપે. ફર્માવે છે : એ અશરફીઓ અમારી પાસે બાકી રહી અને એટલી બરકત થઈ કે ચાંદીની ગુણો ભરેલી મેં આંખોથી દેખી.

આ'લા હઝરત ફર્માવે છે :–

**મંગતાકા હાથ ઉઠતે હી દાતાકી દૈન થી**
**દૂરી કુબૂલો અર્ઝમેં બસ હાથ ભરકી હૈ**





**(૩૪)** અબૂનઈમ અને ઈબ્ને અસાકિરે ઉર્વા અને જાબિર બિન અસ્વદથી રિવાયત કરી છે કે અબૂ લહબ અને એનો પુત્ર ઉત્બા શામ (સિરીયા)ની સફરે જવા માટે તૈયાર થયા. હું પણ તેમની સાથે જવા માટે તૈયાર થયો. વિદાય થતા પહેલાં અબૂ લહબના બેટા ઉત્બાએ કહ્યું : ખુદાની કસમ ! હું મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم પાસે જઈશ, એમનું દિલ દુભાવીશ ! પછી જ સફરે જઈશ. એ ગયો અને હુઝૂર પાસે પહોંચીને કહેવા લાગ્યો, અય મુહમ્મદ ! صلی اللہ تعالیٰ علیہ وسلم તમારા રબે તમારી ઉપર જે આયત નાઝિલ કરી :– دَنَا فَتَدَلّٰى فَكَانَ قَابَ قَوْسَيْنِ اَوْ اَدْنٰى હું આ વાતો ઈન્કાર કરું છું. સરકારે દો આલમે એના માટે હલાકતની દુઆ કરી :

اَللّٰهُمَّ ابْعَثْ عَلَيْهِ كَلْبًا مِّنْ كِلَابِكَ

"અય અલ્લાહ ! તારો એક કૂતરો આના માટે મોકલ."

ઉત્બા પરત આવ્યો તો અબૂ લહબે પૂછયું : તેં શું કહ્યું અને એમને શું જવાબ આપ્યો. ઉત્બાએ બધું કહી સંભળાવ્યું. અબૂ લહબ ડરી ગયો અને કહેવા લાગ્યો, એમની દુઆથી બચવું ઘણુ જ કઠણ છે. અમે લોકો સફરે રવાના થયા અને એ જગાએ પહોંચ્યા જ્યાં સિંહ વધારે રહેતા હતા. અમે લોકો ત્યાં રોકાયા. અબૂ લહબે કહ્યું : મારી ઉંમર કેટલી છે તમે જાણો છો અને મારા તમારી ઉપર કેટલા હક્કો છે એનાથી પણ તમે અજાણ નથી. તમને એ ખબર છે કે મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم એ મારા છોકરા માટે હલાકતની દુઆ કરી છે ! એવું કરો તમારો સામાન અહિંયા ભેગો કરો અને એની ઉપર મારા છોકરા માટે પથારી લગાડો, પછી આજુબાજુ તમારી પથારી લગાડો. ઉર્વા કહે છે : અમે એવું જ કર્યું, બધા ઊંઘી ગયા ત્યારે સિંહ આવ્યો, તેણે અમારાં મોઢાં સુંઘ્યાં. તેણે કોઈને કશુ ન કર્યું અને કૂદીને સામાન ઉપર પહોંચી ગયો. એણે મોઢું સુંઘ્યું અને ઓળખી લીધો કે આ જ વ્યકિત છે જેણે નબીની બેઈજ્જતી અને અપમાન કર્યુ છે ! તેણે એનું મોઢું ફાડી નાખ્યું અને માથાના ટુકડા ટુકડા કરી નાખ્યા. અબૂ લહબ જાગ્યો અને એણે પોતાના છોકરાની ગંભીર હાલતમાં થયેલું મૌત જોયું અને કહેવા લાગ્યો : મને યકીન હતું કે મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم ની દુઆ નિશાન ચૂકશે નહીં !

આ'લા હઝરત ફર્માવે છે :–

**તેરી કઝા ખલીફએ અહકામે ઝુલ જલાલ**
**તેરી રઝા હલીફ કઝા વ કદ્રકી હૈ**

**(૩૫)** ઈમામ બય્હકીએ રિવાયત કરી છે કે બની આમિરનું ટોળું નબીએ પાકની ખિદમતમાં આવ્યું. એમાં બીજા લોકો સાથે તેમના વડા આમિરન બિન તુફૈલ, અરબદ બિન કૈસ અને ખાલિદ બિન જાફર પણ હતા. આમિર એ નિય્યતે બારગાહમાં આવ્યો કે મોકો મળશે તો ચકમો આપી દઈશ. એણે અરબદ સાથે મશ્વેરો કર્યો કે હું એમને મારા તરફ ધ્યાન કેન્દ્રિત કરાવીશ. તેઓ મારી તરફ ધ્યાન કરે ત્યારે તું તલ્વાર મારી દેશે આ પ્રમાણે આપણે એમનું કામ પૂરું કરી દઈશું. જ્યારે તેઓ નબીની ખિદમતમાં આવ્યા તો આમિરે કહ્યું, અય મુહમ્મદ ﷺ મને તમારો દોસ્ત બનાવી લો ! હુઝૂરે ફર્માવ્યું; એ અત્યારે જ થઈ શકે છે જ્યારે તું મુસલમાન બની જાય. તેણે કહ્યું; ત્યારે તો અમે સવાર અને પગપાળા સિપાહીઓથી તમારો ઈલાકો ભરી દઈશું ! જ્યારે તે મોઢું ફેરવીને ચાલવા લાગ્યો તો હુઝૂરે તેના માટે તબાહીની દુઆ કરી : –

اَللّٰهُمَّ الْعَنْ عَامِرَ بْنَ طُفَيْلٍ

''અય અલ્લાહ ! આમિર બિન તુફૈલને લાનતવાળો કરી દે !''

જ્યારે આમિર અને અરબદ બંને બહાર આવ્યા, આમિરે અરબદને પૂછયું; જ્યારે મેં એમનું ધ્યાન મારી તરફ કર્યું તેં હુમ્લો કેમ ન કરી દીધો. એણે કહ્યું; મેં ઘણી વખત ઈરાદો કર્યો કે હુમ્લો કરું પણ તે સમયે એમની અને મારી વચમાં તું આવી જતો. જો હુમ્લો કરતો તો તું કતલ થઈ જતો. તેઓ પોતે બેઈજ્જત થઈને રવાના થયા. માર્ગમાં હુઝૂરની કરેલ હલાકતની દુઆની અસર જાહેર થઈ, આમિરને પ્લેગ થયો અને મરી ગયો. જ્યારે અસ્વદ પોતાના ઈલાકામાં પહોંચ્યો તો એને પૂછવામાં આવ્યું કે શું બનાવ બન્યો ? તો એણે કહ્યું; તે વ્યકિતએ એમને એક ખુદાની ઈબાદતનો હુકમ આપ્યો પણ અમે તેને માન્ય ન રાખ્યો અને મારી તમન્ના એ છે કે એ મારી પાસે હોય અને હું મારા તીરથી એને મારી નાખું. એના બે દિવસ પછી એ ઊંટ વેચવા સવાર થઈને જઈ રહ્યો હતો, વાદળાં આવ્યા અને વીજળી





પડી. અરબદને સવારી સાથે સળગાવી દીધો.

આ'લા હઝરત ફર્માવે છે :–

**વહી ધૂમ ઉન્કી હૈ માશાઅલ્લાહ !**
**મિટ ગએ આપ મિટાને વાલે**

**(૩૬)** ઈમામ બય્હકીએ હઝરત જાબિરથી રિવાયત કરી છે કે ઓકલ અને અરીના ખાનદાનના અમુક માણસો હુઝૂરે પાકની ખિદમતમાં આવ્યા અને તેમણે ઈસ્લામ સ્વીકારી લીધો. તેમણે વિનંતી કરી, હુઝૂર અને ઘોરી લોકો છે. ગામડાઓમાં રહેવાની અમારી આદત નથી એટલે અહિંયાની આબોહવા અમને રાસ નથી આવતી, અમે બીમાર થઈ ગયા છીએ. હુઝૂરે બૈતુલ માલની ઊંટડીઓ ચરતી હતી ત્યાં રહેવાનો હુકમ આપ્યો અને ફર્માવ્યું; એમનું દૂધ પીઓ અને પેશાબ પણ પીઓ, બીમારી જતી રહેશે. તેઓ ગયા અને મદીના બહાર જઈને મુર્તદ થઈ ગયા, કાફિર બની ગયા. ઊંટો ચરાવનારને કત્લ કરીને ઊંટો લઈને ચાલી નીકળ્યા. હુઝૂરને ખબર થઈ તો આપે અમુક સહાબાને એમને પકડવા માટે મોકલ્યા અને એમના માટે આ પ્રમાણે બદ્દુઆ કરી : اَللّٰهُمَّ عَمِّ عَلَيْهِمُ الطَّرِيْقَ وَاَجْعَلْهَا عَلَيْهِمْ مِنْ مَسْكِ جَمَلٍ

અય અલ્લાહ ! એમને માર્ગથી આંધળા કરી દે અને એમના માટે માર્ગ સાંકડો કરી દે.

હુઝૂરની આવી દુઆથી એમની રોશની જતી રહી. સહાબા તેઓને પકડીને નબીની બારગાહમાં લાવ્યા. હુઝૂરે જુદા જુદા ગુનાહોને લઈને એમના હાથ પગ કપાવી નાખ્યા અને એમની આંખોમાં ગરમ ગરમ સળીયા ફેરવી દીધા.

આ'લા હઝરત ફર્માવે છે :–

**અપને હાથોં ખૂદ લૂટા બેઠે હૈં ઘર**
**કિસપે દઅવએ બઝાઅત કીજીએ**

**(૩૭)** બુખારી અને મુસ્લિમે હઝરત ઈબ્ને અબ્બાસથી રિવાયત કરી છે કે જ્યારે કિસરા ઈરાનના રાજાએ હુઝૂરના પત્રને ટુકડા ટુકડા કરી નાખ્યા તો આપે તેમના માટે બદ્દુઆ કરી : اَنْ يُمَزِّقَ اللّٰهُ مُلْكَهُ અય

અલ્લાહ ! એના દેશને ટુકડે ટુકડા કરી દે.

હુઝૂરની દુઆએ હલાકતની એ અસર થઈ કે દુનિયામાં કોઈ જગાએ પારસીઓનું રાજપાટ ન રહ્યું અને તેઓ દેશ વિનાના થઈ ગયા.

આ'લા હઝરત ફર્માવે છે :–

**બાબે અતા તો યહ હૈ જો બહકા ઈધર ઉધર**<br>**કૈસી ખરાબી ઉસ ન ઘરે દરબદરકી હૈ**

**(૩૮)** ઈમામ મુસ્લિમે સલ્મા બિન અકવાથી રિવાયત કરી કે નબીએ પાકે એક વ્યક્તિને ડાબા હાથે ખાતાં જોયો. હુઝૂરે ફર્માવ્યું, જમણા હાથે ખાવ ! એણે કહ્યું, હું જમણા હાથથી નથી ખાઈ શકતો ! હુઝૂરે ફર્માવ્યું; તું કયારે પણ નહીં ખાઈ શકે ! ત્યાર પછી એનો જમણો હાથ એના મોઢા સુધી કયારે પણ ન ઉઠયો.

નબીએ પાકે દુઆએ હલાકત ન કરી પણ માત્ર ફર્માવ્યું; તું જેવું કહે છે તેવું જ છે ! તો આપના ફર્માવતાંની સાથે એ પ્રમાણે થઈ ગયું ! નબીનું ફર્માન અલ્લાહ કબૂલ કરે છે એટલે આપે કબૂલવાની વાત જાહેર ફર્માવી.

**(૩૯)** ઈમામ બયહકી અને ઈમામ ઈબ્ને જરીરે હઝરત ઈબ્ને ઉમરથી રિવાયત કરી કે હુઝૂરે મુહલમ બિન જસામા માટે હલાકતની દુઆ કરી અને ત્યાર પછી તે સાતમા દિવસે મરી ગયો. જ્યારે તેને જમીનમાં દફન કરવામાં આવ્યો તો જમીને એની લાશ બહાર ફેંકી દીધી. ફરી દફન કરવામાં આવ્યો, જમીને એને બહાર ફેંકી દીધો. ઘણી વખત એને દફન કર્યો પણ જમીને એની લાશ કબૂલ કરી નહીં. મજબૂર થઈને લોકોએ એની લાશ ગટરમાં ફેંકી દીધી અને એની ઉપર પથ્થર રાખી દીધો.

શિફામાં છે કે દુઆએ હલાકતનું કારણ એ હતું કે હુઝૂરે એક ઈસ્લામી સૈન્ય રવાના કર્યું. આમિર બિન અઝબતને એમના વડા બનાવ્યા. જ્યારે જંગલની વચમાં પહોંચ્યા તો મોહલમે ધોકો આપીને હઝરત આમિરને કત્લ કરી નાખ્યા. જ્યારે હુઝૂરને ખબર થઈ તો આપે એના માટે હલાકાતની દુઆ કરી. વિનંતી કરવામાં આવી કે આકા ! એની લાશને વારંવાર દફન કરવામાં આવી પણ જમીને બહાર ફેંકી દીધી. હુઝૂરે





ફર્માવ્યું; જમીન તો મોહલમથી મોટા પાપી લોકો પણ કબૂલ કરી લે છે પણ અહીં એણે એટલા માટે કબૂલ ન કરી કે લોકોને સબક મળે.

**(૪૦)** બુખારી અને મુસ્લિમમાં હઝરત ઈબ્ને મસઊદ અને ઈબ્ને અબ્બાસથી રિવાયત છે કે જ્યારે કબીલાએ મોઝરે ઈસ્લામીએ દા'વત કબૂલ કરવામાં સમય લગાડયો તો હુઝૂરે એમના માટે હલાકતની દુઆ કરી :

**اَللّٰهُمَّ اجْعَلْهَا عَلَيْهِمْ سِنِيْنَ كَسِنِيْ يُوْسُفَ**

અય અલ્લાહ ! એમની ઉપર એવા દુષ્કાળના વર્ષો લાવ જેમ યુસૂફ علیہ السلام ના જમાનામાં દુષ્કાળના વર્ષો આવ્યાં હતાં.

તે સમયથી વરસાદ બંધ થઈ ગયો, બધું બરબાદ તથા નષ્ટ થઈ ગયું. ખાવા માટે અનાજ ન મળતું, તેઓ મરેલા પશુઓ, તેમનાં ચામડાંઓ, એમનું લોહી અને હાડકાં ખાવા પર મજબૂર બની ગયા.

અબૂ સૂફિયાને બારગાહે નબીમાં હાજર થઈને વિનંતી કરી, હુઝૂર સગા સંબંધીઓ સાથે સારો વર્તાવ કરવાનો આદેશ આપે છે. આપની કૌમ બરબાદ થઈ રહી છે. અલ્લાહ તઆલાથી એમના માટે દુઆ કરો. હુઝૂરે હાથ ઉઠાવ્યા અને દુઆ કરી :

**اَللّٰهُمَّ اسْقِنَا غَيْثًا مُرِيْعًا طَبَقًا غَدَقًا عَاجِلًا غَيْرَ اٰجِلٍ نَافِعًا غَيْرَ ضَارٍّ**

અય અલ્લાહ ! અમારી ઉપર તાજ બનાવનાર વર્ષા ફર્માવ, વધારે પ્રમાણમાં હોય, જલ્દી હોય, મોડી નહીં, ફાયદો આપનાર હોય, નુકસાનકારક નહીં. જુમ્આ આવતા પહેલાં ઘણી જ વર્ષા થઈ.

આ'લા હઝરત ફર્માવે છે :–

**અના ફી અતશિંવ વ સખાકા અતમ, અય ગૈસૂએ પાક અય અબ્રે કરમ**<br>**બરસન હારે રિમઝિમ રિમઝિમ દો બુંદ ઈધર ભી ગિરા જાના**

ચાલીસ હદીષો હદીષની કિતાબોના પુરાવાઓ સાથે તમારી ખિદમતમાં રજૂ કરવામાં આવી કે સહાબા સરકારે મદીનાને દુઆ કરવાનું કહેતા હતા અને હુઝૂરે પાક પોતાની ઉમ્મત પર કૃપા કરી દુઆ કરી આપતા હતા. હુઝૂરે પાકે કોઈના માટે ભલાઈની દુઆ કરી તો તેને તે મળીને રહ્યું

અને કોઈના માટે હલાકતની દુઆ કરી તો તેની અસર થઈને રહી. આનાથી એ ફરક પણ સ્પષ્ટ થઈ ગયો કે અલ્લાહના બંદાઓ અલ્લાહની બારગાહમાં એક જેવા નથી. તેમને મળેલ મુકામ અને મર્તબાના આધારે તેમની માંગ પૂરી કરવામાં આવે છે. નબીએ પાકના મુકામ અને મર્તબાના આધારે તેમની માંગ પૂરી કરવામાં આવે છે. નબીએ પાકનો મુકામ અને મર્તબો મખ્લૂકમાં સૌથી ઊંચો છે જેથી તેઓ માંગ કરે છે તો અલ્લાહ તઆલા તેમને આપે જ છે અને ન આપવું હોય તો તેમને આપવાનું અથવા તે નિયુકત દુઆ કબૂલ ન કરવાનું રીઝન અને કારણ પણ બતાવી દે છે. દાખલા તરીકે હઝરત ઈબ્રાહીમ عليه السلام એ કૌમે લૂતને અઝાબથી બચાવી લેવા માટે દુઆ કરવાનો ઈરાદો ફર્માવ્યો તો અલ્લાહ તઆલાએ એમને દુઆ કરવાથી રોકી દીધા અને કારણ બતાવ્યું. કુર્આન શરીફ સૂરએ હૂદમાં છે : અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે :

يَا إِبْرَاهِيمُ أَعْرِضْ عَنْ هَٰذَا إِنَّهُمْ آتِيهِمْ عَذَابٌ غَيْرُ مَرْدُودٍ

અય ઈબ્રાહીમ ! આનાથી રોકાઈ જાવ ! બેશક ! એમની ઉપર પાછો ન જવાવાળો અઝાબ આવશે.

આ આયતમાં હઝરત ઈબ્રાહીમને દુઆથી રોકી દેવામાં આવ્યા અને દુઆથી રોકી દેવાનું કારણ પણ સાથે બતાવી આપ્યું કે કૌમે લૂત માટે અઝાબનો ફેંસલો થઈ ગયો છે અને એને બદલવામાં આવશે નહીં. તો કોઈ એવું ન કહે કે નબીએ માંગ કરી અને પૂરી ન થઈ ! તો ફર્માવી આપ્યું, તમે દુઆ કરો જ નહીં !

આપણે આપણા કામો માટે પોતે દુઆ કરીએ છીએ અને આપણને દુઆ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. બંદા ખુદાથી સવાલ ન કરે તો ખુદા નારાજ થાય છે એટલે આપણે દુઆ કરતા રહેવું જોઈએ. આપણે દુઆ કરીએ છીએ તો આપણી દરેક દુઆ કબૂલ નથી થતી અથવા દરેકની અસર જોવા મળ તી નથી. અને દુઆ કબૂલ ન થાય અથવા દુનિયામાં આપવામાં ન આવે તો આપણને કહેવામાં નથી આવતું અને કબૂલ ન કરવાનું કારણ પણ બતાવવામાં નથી આવતું. પણ તમે કુર્આનની આયત પઢી કે નબીની દુઆ કેટલી ઉત્તમ અને ખુદાની બારગાહમાં કેટલુ મહત્વ ધરાવે છે કે કબૂલ ન કરવી હોય તો રોકી





દેવામાં આવે છે. સ્પષ્ટ થયું કે અલ્લાહનો દરેક બંદો અલ્લાહની બારગાહમાં એક સરખો નથી. જે જેટલો નેક અને ઈબાદતગુઝાર છે તેનું તેના અમલો પ્રમાણે સ્વાગત કરવામાં આવે છે અને માન મર્તબા પ્રમાણે તેમને આપવામાં આવે છે. આનાથી એ પણ જાણવા મળ્યું કે આપણે પોતે તો દુઆ કરવી જોઈએ પણ દુઆઓમાં નેક લોકોની દુઆને પણ વસીલો બનાવવો જોઈએ.

## ★ આપણી દુઆ ★

આપણને દુઆ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે અને અલ્લાહ દુઆ કબૂલ ફર્માવે છે એ ખુશખબર પણ આપવામાં આવી છે પણ આપણી દુઆ કયારેક કબૂલ કરી લેવામાં આવે છે અને એની અસર જોવા પણ મળે છે તો કયારેક દુઆના સદકામાં ગુનાહ માફ કરવામાં આવે છે, કયારેક કબૂલ નથી કરવામાં આવતી અને આખેરતમાં તેનો બદલો આપવામાં આવશે. કયારેક તદ્દન રદ કરી દેવામાં આવે છે.

મિશ્કાત શરીફમાં છે : સરકારે દો આલમે ફર્માવ્યું, બેશક ! અલ્લાહ તઆલા ગાફિલ અને બેપરવા દિલની દુઆ કબૂલ કરતો નથી.

દીનના જરૂરી કામોમાં આળસ કરનાર અથવા તેની ઉપર અમલ ન કરનારને ગાફિલ કહેવામાં આવે છે. ગુનાહો પર ગુનાહ કરનારને પણ ગાફિલ કહેવામાં આવે છે. જીવન જરૂરિયાતમાં જે ઈસ્લામી કાયદા કાનૂન પર નજર ન રાખે અને હલાલ હરામનો ફરક ન કરે અને "જે આવે તે ખપે !"ની આદત બનાવી લે તેવા લોકોને બેપરવા કહેવામાં આવે છે. હવે આપણે કેવા છીએ તેનો ફેંસલો આપણે જ કરવાનો છે !

જ્યારે આપણે ગાફિલ અને બેપરવા છીએ તો આપણે દુઆથી નાસવું તો ન જોઈએ પણ દુઆઓમાં પ્રિય લોકોનો વસીલો લેવા જોઈએ અને પ્રિય લોકોને દુઆની દરખાસ્ત કરવી જોઈએ. જો તેઓ આપણા માટે દુઆ કરે તો તેમના પ્રિય હોવાને લઈને આપણને પણ ફાયદો મળી રહે છે.

## ★ વલીઓની દુઆ ★

(૧) મિશ્કાત કિતાબુઝ્ઝિક્રની હદીષ પાછલા પ્રકરણમાં રજુ કરી

દેવામાં આવી છે. બુખારીમાં હઝરત અબૂ હુરૈરહથી રિવાયત છે. તેનો અંતિમ ભાગ એ છે કે અલ્લાહ ફર્માવે છે, જેને હું મારો પ્રિય બનાવી લઉં છું તે મારાથી માંગ કરે છે તો હું તેને જરૂરથી આપુ છું. એટલે કે મારી બારગાહના પ્રિયની માંગ હું રદ કરતો નથી. જ્યારે તેમને તેમની માંગ પર જરૂરથી આપવામાં આવે છે તો આપણે આપણા માટે તેમને દુઆની દરખાસ્ત કરવી જોઈએ. અને ખુદાથી મુરાદ મેળવવામાં નેક લોકોની દુઆનો સહારો લેવો જોઈએ.

**(૨)** તિર્મિઝીમાં હઝરત અનસથી રિવાયત છે : નબીએ પાકે ફર્માવ્યું; કેટલાક લોકોની જાહેરી હાલત એ હોય છે કે વાળ વિખરેલા, ધૂળ પડેલા, બે ચાદરો પહેરેલા (એમની ખરાબ હાલત જોઈને કોઈ) તેમની પરવા કરવામાં ન આવે (પણ અલ્લાહની બારગાહમાં એમની ઈજ્જત છે.)

لَوْ اَقْسَمَ عَلَى اللّٰهِ لَاَبَرَّهٗ

જો તેઓ અલ્લાહની કૃપા પર ભરોસો કરી (કોઈ કામ કરવા પર) કસમ ખાય લે તો અલ્લાહ તઆલા પૂરી ફર્માવી આપે.

આ હદીષે પાકથી જાણવા મળ્યું કે કેટલાક પ્રિય લોકોને એ વાતનું ઈલ્મ હોય છે કે અલ્લાહ તઆલાની અમે નાફર્માની નથી કરી અને એના આદેશ પર અમલ કરવામાં આળસથી કામ નથી લીધું તો અમે ખુદાથી માંગ કરીશું તો અલ્લાહ અમારી માંગ રદ કરશે નહીં અને પોતાની અપાર કૃપાથી આપીને રહેશે. તો તેઓ કયારે કોઈ કામ પર કસમ ખાય લે છે અને અલ્લાહ તઆલા તેમની કસમને પૂરી ફર્માવી દે છે, એટલે કે તેમનું ધારેલું કામ થઈ જાય છે.

મૌલાના રૂમ ફર્માવે છે :–

**ઔલિયારા હસ્ત કુદરત અઝ ઈલાહ**
**તીર જસ્તા બાઝ ગરદાનદ ઝે રાહ**

વલીઓને અલ્લાહ તઆલા તરફથી શકિત આપવામાં આવી છે. ધનુષ્યમાંથી નીકળી ગયેલ બાણ પાછું ફેરવી શકે છે. એટલે કે આ કામ આપણા માટે અશકય છે પણ વલીઓ એવી આદતના આધારે અશકય કામોને કરવા ઈચ્છે તો કરામતથી અલ્લાહ તઆલા તેમને એ પ્રમાણે કરવાની પણ શકિત આપે છે.





**(૩)** મિશ્કાત બાબે ઝિક્રે યમનો વ શામની ત્રીજી ફસ્લમાં છે : શોરૈહ બિન ઓબૈદથી રિવાયત છે. તેઓ કહે છે કે હઝરત અલી સામે શામવાસીઓની વાત કરવામાં આવી. (શામવાળાઓ હઝરત અમીરે મુઆવિયાના ચાહકો હતા અને હઝરત અમીરે મુઆવિયા અને હઝરત અલીમાં ખિલાફત બાબતે વિવાદ હતો એટલે) આપને કહેવામાં આવ્યું કે શામવાળાઓ પર લા'નત કરો અય અમીરુલ્ મો'મિનીન ! આપે ફર્માવ્યું; ના ! (હું એમની ઉપર લઅનત નથી કરો શકતો, કારણ કે) મેં રસૂલે પાકને ફર્માવતાં સાંભળેલા છે કે અબ્દાલ શામમાં થાય છે અને તેઓ ચાલીસ માણસો છે. જ્યારે પણ તેઓ પૈકી કોઈનું અવસાન થાય તો અલ્લાહ તેની જગાએ બીજાને નિયુકત કરી આપે છે.

يُسْقٰى بِهِمُ الْغَيْثُ وَيُنْتَصَرُ بِهِمْ عَلَى الْاَعْدَاءِ وَيُصْرَفُ عَنْ
اَهْلِ الشَّامِ بِهِمُ الْعَذَابُ

તેમની બરકતથી વરસાદ વરસાવવામાં આવે છે, તેમની બરકતથી દુશ્મનો પર મદદ કરવામાં આવે છે. તેમના સદકામાં શામવાળાઓ પરથી અઝાબ ટાળી દેવામાં આવે છે.

આ હદીષે પાકથી જાણવા મળ્યું કે નેક લોકો આપણા માટે દુઆ ન કરે તો પણ તેમના પ્રિય હોવાને લઈને તેમની નિકટતાથી ફાયદો મળે છે અને અલ્લાહ તઆલા તેમના સદકામાં આપણને દુષ્કાળથી બચાવે છે, દુશ્મનોથી રક્ષણ કરે છે, યુધ્ધ થાય તો વિજય આપે છે. અઝાબ આપવાનો હોય તો અલ્લાહ તઆલા એમના સદકામાં અઝાબ હટાવી દે છે. જ્યારે એમની નિકટતાથી આટલો ફાયદો મળે છે તો તેમનાથી દુઆ કરવામાં આવે અને તેઓ કૃપા કરી આપણા માટે દુઆ કરી આપે તો ફાયદો કેમ ન મળે ? એટલે આપણે વલીઓની દુઆનો વસીલો લેવો જોઈએ એ પણ જાણવું જોઈએ કે કોઈનો હક્ક અલ્લાહ પર વાજિબ અને જરૂરી નથી પણ જેને અલ્લાહ પ્રિય બનાવે તેની માંગ પોતાની કૃપાથી પૂરી કરે છે.

## ★ નબી અને દુઆની દરખાસ્ત ★

ઉપરોકત જે હદીષોનો ઉલ્લેખ થયો તેનાથી એ સ્પષ્ટ થયું કે સરકારે

મદીના ﷺ ને અલ્લાહ તઆલા તરફથી એ અધિકાર આપવામાં આવ્યો હતો કે આપ જે ફર્માવતા તે થઈ જતું અને અલ્લાહની બારગાહમાં આપનું પદ એટલું ઊંચે છે કે અલ્લાહ તઆલાએ પોતાની મખ્લૂકમાંથી કોઈને પણ એટલું ઉચ્ચ પદ અર્પણ કર્યુ નથી. આપ મખ્લૂકના સરદાર તો છે જ પણ નબીઓ અને રસૂલોના પણ સરદાર છે. અને એ વાત પર સઘળા કલ્માગો મુસલમાનોની સંમતિ છે, પછી તે ગમે તે ફિર્કાથી સંબંધ ધરાવતો હોય.

નબીએ પાકનું મુકામ જોતાં આપને ખુદા તઆલા સિવાય કોઈની જરૂરત ન હતી પણ સરકારે મદીનાએ અન્ય કામો માત્ર આપણા સબક માટે કરેલાં છે કે એનાથી આપણને માર્ગ મળે અને એ પ્રમાણે કામ કરવાનો શોખ પેદા થાય.

સરકારે દો આલમ ﷺ એ હઝરત ઉમર ફારૂકે આ'ઝમને દુઆનું ફર્માવ્યું હતું જેમ કે હમણા રિવાયતથી સ્પષ્ટ થશે તો તે એટલા માટે કે કોઈ એવું ન સમજી બેસે કે દુઆની દરખાસ્ત માત્ર નબીઓને જ કરવામાં આવે. જેમ નબીઓ ખુદાની બારગાહમાં પ્રિય છે. વલીઓને પણ અલ્લાહ તઆલા નબીના સદકામાં પ્રિય રાખે છે અને નબીના સદકામાં તેમને પણ અધિકાર આપવામાં આવે છે. તેમના પ્રિય હોવાને લઈને તેમની માંગ પણ રદ કરવામાં આવતી નથી. જાણવા મળ્યું : નબીનો ફૈઝ વલીઓને આપવામાં આવે છે તો નબી પછી આપણે વલીઓથી અકીદત મજબૂત બનાવવી જોઈએ અને દુઆમાં અને અન્ય જરૂરતોમાં તેમનો સહકાર લેવો જોઈએ. આ નસીહત માટે હુઝૂરે હઝરત ઉમરને દુઆની દરખાસ્ત કરી અથવા આદેશ આપ્યો.

અબૂ દાઊદ અને તિર્મિઝીમાં હઝરત ઉમર ફારૂકે આ'ઝમથી રિવાયત છે : આપ ફર્માવે છે, મેં હુઝૂરથી ઉમરામાં જવાની રજા માંગી તો આપે મને રજા આપી અને ફર્માવ્યું : اَشْرِكْنَا يَا اُخَيَّ فِيْ دُعَائِكَ وَلَا تَنْسَنَا મારા નાના ભાઈ મને દુઆમાં સામેલ કરજે અને અમને ભૂલતો ના.

હઝરત ઉમર ફર્માવે છે, હુઝૂરની આ વાત મને સઘળી દુનિયા મળી જાય તેનાથી અધિક પસંદ આવી.





## ★ હુઝૂર માટે દુઆનો ઉમ્મતને આદેશ ★

નબીએ અકરમને આપણી જરૂરત નથી એ તો જાહેર છે પણ આપણને નબીની પળ પળ જરૂર છે, એનો કોઈ અસ્વીકાર નથી કરી શકતું. બીજી તે નેઅમતોને વચમાં ન લાવવામાં આવે તો પણ ઈમાનની નેઅમત જેનાથી માણસ માટે અલ્લાહની બારગાહમાં રાહતનો દરવાજો ખુલે છે તે અમૂલ્ય નેઅમત નબીના સદકામાં જ મળે છે. નબીથી ખસીને કોઈ ઈમાનવાળો બનવા માંગે તો તે ઈસ્લામના વર્તુળમાં અશકય કામ છે.

આ'લા હઝરત ફર્માવે છે :–

**બે ઉનકે વાસ્તેકે ખુદા કૂછ અતા કરે ?**
**હાશા ગલત ગલત યે હવસ બેબસરકી હૈ**

આ'લા હઝરત બદ્અકીદા લોકોને બેવકૂફી યાદ અપાવતાં ફર્માવે છે :–

**ઔર તુમ પર મેરે આકાકી ઈનાયત ન સહી**
**નજદીઓ કલમા પઢાનેકા ભી એહસાન ગયા**

એટલે કે હુઝૂરના સદકામાં દરેક જ નેઅમત મળે છે પણ તમારી સમજમાં નથી આવતું અને તમે અસ્વીકાર કરો છો તો અમે કહીએ છીએ કે ચાલો સઘળી નેઅમતો ભૂલી જાવ ! માત્ર એટલું બતાવો ઈમાન અને ઈસ્લામના વર્તુળમાં કોના સદકામાં આવ્યા ? અને આ અમારી દલીલ નથી. માત્ર અમે તમારા દિમાગમાં લાવવા માંગીએ છીએ કે જ્યારે ઈમાનની દૌલત જે અતિ અમૂલ્ય છે તે નબીના સદકામાં મળે છે તો પછી દુનિયા તો ખુદાની બારગાહમાં મચ્છરની પાંખ જેટલું પણ મુકામ રાખતી નથી, પછી તે નબીથી હટીને કેમ માનવામાં આવે ? આનો મતબલ તો એ થયો કે કહેવામાં આવે ફલાણો વ્યક્તિ લાખ આપી શકે છે પણ સો, બસો ન આપે. લાખ આપી શકે તો સો બસોની શું ગણતરી ?! પણ કહેવું પડશે :–

**અકલ હોતી તો ખુદાસે ન લળાઈ લેતે**
**યે ઘટાએં ઉસે મંઝૂર બળ્હાના તેરા**

આ'લા હઝરત આપણો અકીદો અને માન્યતા જાહેર કરતાં ફર્માવે છે :–

**લા વ રબ્બિલ અર્શ જિસકો જો મિલા ઉનસે મિલા**
**બટતી હૈં કૌનૈનમેં નેઅમત રસૂલુલ્લાહકી**

આપણી વાત એ ચાલી રહી હતી કે નબીને આપણી જરૂરત નથી પણ આપણને પળ પળ નબીની જરૂરત છે તો પણ સરકારે મદીનાએ આપણને ઉમ્મતીને પોતાના માટે દુઆનું ફર્માવ્યું છે અને તે એટલા માટે કે આપણને એ વાતનો પાકો ભરોસો થઈ જાય કે આપણી દુઆ પણ અલ્લાહ કબૂલ કરે છે. બીજુ એ કે આપણે દુઆથી આળસ ન કરવી જોઈએ. ત્રીજુ એ કે નબી માટે દુઆ કરવાની બરકતથી નબી સાથે આપણો સંબંધ વધે અને આપણું ધ્યાન એમના તરફ કેન્દ્રિત રહે. ચોથુ એ કે આપણે નબી માટે દુઆ કરીએ તો નબી પાક જોશે કે મારો ઉમ્મતી મારા માટે દુઆ કરે છે તો આપ એના માટે દુઆ કરશે. પાચમું એ કે નબીએ પાક એ દુઆના સદકામાં આપણી શફાઅત ફર્માવશે અને એનો બદલો આખેરતમાં આપશે જ્યાં દરેકને પોતપોતાની પડેલી હશે.

બુખારીમાં હઝરત જાબિરથી રિવાયત છે : નબીએ પાકે ફર્માવ્યું, જે વ્યકિતએ અઝાન સાંભળીને કહ્યું, અય અલ્લાહ ! આ સંપૂર્ણ દુઆના રબ અને થનાર નમાઝના રબ ! મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم ને વસીલો અને ફઝીલત અતા ફર્માવ અને જે વખાણવાળી જગાનો તેં વાયદો ફર્માવ્યો છે ત્યાં આપને પહોંચાડી આપ. (હુઝૂર ફર્માવે છે કે અઝાન પછી મારા માટે આ પ્રમાણે દુઆ કરનાર માટે કિયામતના દિવસે મારી શફાઅત હલાલ થઈ ગઈ. એટલે કે હું એની દુઆના બદલામાં દુઆ કરીશ અને એની શફાઅત કરીશ.)

## ★ દુરૂદો સલામ પણ દુઆ છે ★

અલ્લાહ તઆલા તરફથી આપણને નબીએ પાક પર દુરૂદો સલામ મોકલવાનો આદેશ આપવામાં આવ્યો છે. અલ્લાહ તઆલા ફર્માવે છે : يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا صَلُّوْا عَلَيْهِ وَسَلِّمُوْا تَسْلِيْمًا અય ઈમાનવાળાઓ ! નબી પર અદબથી સલાતો સલામ મોકલો.





આના જવાબમાં આ પ્રમાણે દુરૂદો સલામ પઢવામાં આવે છે :

اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا وَمَوْلَانَا مُحَمَّدٍ وَّعَلٰى اٰلِهٖ وَصَحْبِهٖ وَسَلِّمْ

અય અલ્લાહ ! રહમત કૃપા કર અમારા સરદાર અને આકા મુહમ્મદ પર અને એમની આલ અને સહાબી પર અને એમને સલામત રાખ.

નબીએ પાક પર એક વખત દુરૂદ પઢવામાં આવે તો દસ રહમતો આપણી ઉપર ઉતારવામાં આવે છે. એટલે કે હુઝૂર પર દુરૂદો સલામ પઢવાથી આપણને ફાયદો થાય છે અને એનો બદલો આપણને પલ્ટાવવામાં આવે છે. બીજું એ કે હુઝૂર માટે આપણે દુઆ કરીશું તો હુઝૂર આપણા માટે દુઆ કરશે. ત્રીજું એ કે આપણા દુરૂદો સલામ હુઝૂરની ખિદમતમાં પહોંચાડવામાં આવે છે અને આપ પોતે પણ સાંભળે છે તો એનાથી નબીએ પાક આપણી તરફ ધ્યાન કરશે. ચોથું એ કે વારંવાર દુરૂદ પઢવામાં આવે તો વાંરવાર હુઝૂરની બારગાહમાં આપણુ નામ બતાવવામાં આવશે, તો એનાથી આપણને તો નબીથી મહોબ્બત છે પણ નબીએ પાકને પણ આપણી સાથે મહોબ્બત થઈ જશે. પાચમું જે સતત દુરૂદ પઢતો રહે તેને માંગવાથી પણ અધિક અલ્લાહ તઆલા અતા ફર્માવશે. છઠ્ઠુ દુરૂદથી માણસ નબીનો પ્રિય બને છે અને નબીનો પ્રિય ખુદાનો પ્રિય છે. નબીને આપણા દુરૂદની જરૂરત ન હતી પણ આ ફાયદાઓ આપણને મળી શકે છે. એટલે અલ્લાહ તઆલાએ ઈમાનવાળાઓને દુરૂદ પઢવાનો આદેશ આપ્યો. ફરક એટલો છે કે નબી આપણા માટે દુઆ કરે તો તે આપણા માટે વસીલો, આપણે નબીને દુઆની દરખાસ્ત કરીએ તે પણ આપણા માટે વસીલો પણ આપણે નબી માટે દુઆ કરીએ તે પણ આપણા માટે વસીલો છે કે તેના સદકામાં આપણને વધારે આપવામાં આવે છે. અમે આ ઉલ્લેખ એટલા માટે કર્યો કે કોઈ ઓછી અક્કલના માણસ એવી બકવાસ ન કરી બેસે હુઝૂરને અમારી દુઆ અને દુરૂદની જરૂરત હતી ! બલ્કે આપણને હતી તો વસીલા માટે અને ખુદાની બારગાહમાં પ્રિય થવા માટે એ નેઅમત મળી.

આ'લા હઝરત ફર્માવે છે :–

**તેરે હી દામન પે હર આસીકી પળતી હે નઝર**
**એક જાને બે ખતા પર દો જહાંકા બાર હૈ**

## ★ સલામ અને તેનો જવાબ ★

સલામ કરીએ તો સામેવાળો આપણને સવાલનો જવાબ આપે છે અને ઈસ્લામી મુલાકાતનો તરીકો છે અલ્લાહ તઆલાએ આપણને હુઝૂરને સલામ કરવાનો પણ આદેશ આપ્યો. તો આ ઈર્શાદ પર અમલ કરવા આપણે કહીશું;

**યા નબી સલામુ અલૈક, યા રસૂલ સલામુ અલૈકા**
**યા હબીબ સલામુ અલૈક, સલવા તુલ્લાહ અલૈકા**

જ્યારે આપણી સલામ હુઝૂર સાંભળશે અને ફરિશ્તાઓ મારફત પહોંચાડવામાં આવેશે તો હુઝૂર પોતાના ઉમ્મતીને સલામનો જવાબ પણ આપશે. જેને એ વાતની ખબર છે કે આપણી દુઆની વિસાત કેટલી અને નબીની દુઆની વિસાત કેટલી ! તે એ સમજી શકે છે કે આપણને નબીએ પાકની ખિદમતમાં સલામ પઢવાનો આદેશ કેમ આપવામાં આવ્યો ? કે તમે સલામ કરશો અને સલામતીની દુઆ કરશો તો એ તમારી દુઆ છે નબી માટે. અને નબીએ પાક જ્યારે સલામનો જવાબ આપશે ત્યારે નબીની દુઆ આપણા માટે. તો આપણી સલામને નબીની દુઆ લેવાનો ઝરિયો બનાવવામાં આવ્યો.

આ'લા હઝરત ફર્માવે છે :–

**હમ યહાંસે પુકારે વહાં વોહ સુને**
**મુસ્તફાકી સમાઅતપે લાખોં સલામ**

**મુસ્તફા જાને રહમતપે લાખોં સલામ**
**શમ્એ બઝ્મે હિદાયતપે લાખોં સલામ**

## ★ નબીએ પાકની ખુશ ખબર ★

મુસ્લિમમાં હઝરત અબૂ હુરૈરહ્થી રિવાયત છે : નબીએ પાકે ફર્માવ્યું; દરેક નબીની એક કબૂલ થનાર દુઆ હોય છે તો દરેક નબીએ પોતાની દુઆમાં જલ્દી કરી અને મેં મારી દુઆ સાચવીને રાખી છે. કિયામતના દિવસે મારી ઉમ્મતની શફાઅત માટે મારી ઉમ્મતમાંથી જે અલ્લાહ સાથે કોઈને શરીક નહીં કરતો હોય તે મરશે તો મારી દુઆ તેને પહોંચશે. (એટલે કે મારી દુઆનો ફાયદો એમને મળીને જ રહેશે.)





બુખારી અને મુસ્લિમમાં હઝરત અબૂ હુરૈરહ્થી રિવાયત છે : હુઝૂરે પાકે ફર્માવ્યું; અય અલ્લાહ ! હું તારી બારગાહમાં દરખાસ્ત કરું છું અને તું એનો અસ્વીકાર નહીં ફર્માવે. હું એક માણસ છું તો જે ઈમાનવાળાને મારા તરફથી તકલીફ પહોંચી હોય, જેને મેં સખત વાત કહી હોય, જેને મેં માર્યું હોય તો એ બધાં કામોને એમના માટે રહમત બનાવી દે, ગુનાહોથી પાક કરવાનો ઝરિયો બનાવી દે અને નિકટતાનો ઝરિયો બનાવી દે જેનાથી તું એને કિયામતના દિવસે મારાથી નિકટ કરી આપે.

આ હદીષોથી સ્પષ્ટ થયું કે નબીએ પાકની દુઆ આપણા માટે કામયાબી અને સફળતા પ્રાપ્ત કરવાનો ઝરિયો અને વસીલો છે. આપની દુઆથી આપણને દુનિયામાં તો ફાયદો મળે છે જે દારુલ અમલ (અલ્લાહનું ઘર) છે પણ દારુલ જઝા (બદલો મળવાનું ઘર) જે આખેરત છે અને ત્યાં આપણા અમલો પ્રમાણે ફેંસલો કરવામાં આવશે, ત્યાં પણ આપણા નબીની દુઆ આપણને કામ લાગશે.

સ્પષ્ટ થયું, નબીએ પાકે આપણા માટે જે કંઈ કર્યું તે પણ આપણા માટે કામયાબ થવાનો વસીલો છે અને આપણે જે કામો નબીએ પાકની તારીફમાં કરીએ તે પણ આપણા માટે વસીલો છે.

## ★ નબી અને વલીનું માર્ગદર્શન ★

એ વાત તો સર્વને માન્ય છે કે અલ્લાહના વલીઓ નબીએ પાકના બાતિની અને રૂહાની વારસદારો હોય છે. તેઓ અલ્લાહ અને રસૂલની ઈતાઅત અને અનુસરણમાં એટલા અશકત હોય છે કે મુસ્તહબ અને અદબની વાતો છોડવું પણે તેઓ પસંદ ન કરે. હમેશાં અલ્લાહની યાદમાં તલ્લીન રહે, ગુનાહોથી બચે, સગીરા ગુનાહોથી પણ દૂર રહે તેવા લોકો અલ્લાહના વલીઓ બને છે જો તેમને વિલાયત આપવામાં આવે.

કરામતના બે પ્રકાર છે. એક કરામતે હિસ્સી જાહેરી, એક કરામતે સિર્રી બાતિની. કરામતે હિસ્સી તો એ છે કે ખિલાફે આદત (હમેશાંના નિયમથી વિરૂધ્ધ) કામ કોઈ જાહેરી સબબ વિના કરીને બતાવે. જેમ કે હવામાં ઉડવું, ખાણું ગૈબથી હાજર કરવું, થોડું ખાણુ વધારે લોકો માટે પૂરતું

કરવું વગેરે. એટલે કે જે કામો જોઈને માણસ એ વિચારવા પર મજબૂર બને કે આ પ્રમાણે દરેક વ્યકિત નથી કરી શકતી. જેણે કર્યું છે તેની પાસે લોકોની શકિતથી બહારની એક તાકાત અર્પણ થઈ છે. જો આ પ્રમાણે કોઈ નેક અને સત્ય અકીદાનો વ્યકિત કરે તો તેને કરામત કહેવામાં આવે.

એટલું યાદ રાખવું જોઈએ કે જાદૂથી પણ ઉપરોકત થઈ શકે છે અને કયારેક ગુનેહગાર અને પાપી અમુક માણસ પણ અમુક વઝીફાઓ પઢીને આ પ્રમાણે કરી શકે છે તો તેને કરામત કહેવામાં આવશે નહીં. જાદૂ તો શૈતાની ઈલ્મ છે અને ગુનેહગાર ખુદા તઆલાનો પ્રિય બની શકતો નથી, એટલે આમાં લોકોએ ઘણુ જ બચીને ફેંસલો કરવો જોઈએ.

વલીની શાન આપણને જાણવા મળી કે તેમને જાહેરી કરામતોની નેઅમત પણ આપવામાં આવે છે પણ કરામતે બાતિની એટલે અલ્લાહ વ રસૂલના ફર્માન પર અમલ કરવો અને ગુનાહોથી દૂર રહેવું આને કરામતે બાતિની કહેવામાં આવે છે. ઉપરોકત કરામત અમુક વલીઓને આપવામાં આવે છે પણ કરામતે બાતિની દરેક વલીને આપવામાં આવે છે. જો કોઈ વ્યકિત પાસે કરામતે બાતિની અલ્લાહ વ રસૂલની વાતો પર સંપૂર્ણ અમલ અને ગુનાહોથી બચવું જોવા ન મળે તો તેને વલી માનવામાં આવશે નહીં.

હદીષે પાકથી એ વર્ણન થઈ ગયું કે વલીઓની પણ એ શાન અને માન મર્તબો છે કે તેઓ અલ્લાહ તઆલાથી કોઈ ચીજ વસ્તુની માંગ કરે તો તેમના પ્રિય હોવાને લઈને તેમની માંગ પૂરી કરી દેવામાં આવે છે અને તેમનાથી દુઆની દરખાસ્ત કરવી અને તેમનાથી દુઆમાં વસીલો લેવો આપણા માટે ફાયદાથી ખાલી નથી. એટલે નબીએ પાકે આપણને એ વાતનું પણ માર્ગદર્શન આપ્યું કે વલીઓની દુઆ લેવામાં આવે.

## ★ ઉવૈસ કરની ★

હઝરત ઉવૈસ કરની رحمۃ اللہ علیہ યમનના કરન ગામના રહેવાસી હતા એટલે તે તરફ સંબંધિત કરવાથી આપને કરની કહેવામાં આવે છે. નબીએ પાક પર ઈમાન લાવ્યા હતા પણ તેમની વૃધ્ધ માતાની ખિદમતમાં સતત રહેવાથી તેઓ નબીની ખિદમતમાં હાજરી ન આપી શકયા હતા. એટલે





તેમને સહાબી હોવાનું ઉપનામ ન મળી શકયું પણ સહાબાથી તેમની મુલાકાત થઈ એટલે તેમને સર્વશ્રેષ્ઠ તાબેઈ કહેવામાં આવે છે.

સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم ના આપ સાચા અને પાકા આશિક હતા એટલે નબીએ પાક તેમને ઓળખતા હતા અને સહાબા સામે તેમની તારીફ અને વખાણ પણ કરતા હતા. હુઝૂરે એમના વખાણમાં ફર્માવ્યું હતું કે જેની એમનાથી મુલાકાત થાય તે એમને પોતાના માટે મગફેરતની દુઆની દરખાસ્ત કરે અને હુઝૂરનું આ ફર્માન એટલા માટે પણ હોય શકે છે કે વલીઓ તરફ લોકોનું ધ્યાન કેન્દ્રિત થાય અને લોકો નબીઓ પછી વલીઓથી ફૈઝ પ્રાપ્ત કરવાની અને તેમનાથી અકીદત અને મહોબ્બત રાખવાની કોશિશ કરે.

મુસ્લિમ શરીફમાં હઝરત ઉમર બિન ખત્તાબ رضی اللہ عنہ થી રિવાયત છે : નબીએ પાકે ફર્માવ્યું; યમનથી એક વ્યકિત તમારા માટે લોકો પાસે આવશે જેને ઉવૈસ કહેવામાં આવે છે. યમનમાં તેમની માતા સિવાય કોઈને નથી છોડતા (એટલે ખાનદાનમાં તેમના નિકટ જગાઓમાં માત્ર તેમની માં જ છે) તેમને કોઢના દાગ હતા, તેમણે અલ્લાહથી દુઆ કરી તો તે ચાલ્યા ગયા પણ દીનાર અથવા દિરહમ જેટલો દાગ બાકી રહી ગયો છે.

فَمَنْ لَقِيَهُ مِنْكُمْ فَلْيَسْتَغْفِرْ لَكُمْ

તમારામાંથી જે પણ એમનાથી મુલાકાત કરે તો તે પોતાના માટે તેમનાથી મગફેરતની દુઆની દરખાસ્ત કરે.

## ★ ઉમરની મુલાકાત અને દુઆની દરખાસ્ત ★

ઈમામ જલાલુદ્દીન સ્યૂતિ ફર્માવે છે કે યાસિર બિન જાબિરે હઝરત ઉમરની મુલાકાત વિશે આ પ્રમાણે ઉલ્લેખ કર્યો હતો :– જયાં સુધી હઝરત ઉવૈસ હઝરત ઉમરની ખિદમતમાં ન આવ્યા ત્યાં સુધી યમનથી આવનાર લોકોને હઝરત ઉવૈસ બાબતે પૂછતા રહેતા હતા. પણ જયારે હઝરત ઉમર પાસે હઝરત ઉવૈસ આવ્યા તો આપને પૂછયું, શું તમારો સંબંધ કબીલએ મુરાદથી છે ? અને કરની છો ? તેમણે કહ્યું, હા ! હઝરત ઉમરે પૂછયું, શું તમને કોઢના દાગ હતા, પછી તે સારા થઈ ગયા માત્ર એક દિરહમ જેટલી જગા છોડીને ? તેમણે કહ્યું, હા !

હઝરત ઉમરે પૂછયું, શું તમારી એક માતા છે ? તેમણે કહ્યું, હા ! હઝરત ઉમરે ફમાવ્યું કે મેં નબીએ પાકને ફર્માવતાં સાંભળ્યા છે કે તમારી પાસે એક વ્યકિત ઉવૈસ બિન આમિર યમનના ઈસ્લામી સૈન્ય સાથે આવશે જેનો સંબંધ કબલીએ મુરાદથી છે અને કરનનો હશે અનો કોઢ ના દાગની બીમારી હતી જે હવે જતી રહી છે પણ એક દિરહમ જેટલું ચિન્હ બાકી છે. એમની એક માતા છે જેમની સેવા ચાકરીમાં વ્યસ્ત રહે છે. એમની શાન અને મર્તબો એ છે કે તેઓ અલ્લાહના ભરોસા પર કોઈ વાતની કસમ ખાઈ લે તો અલાહ તઆલા એમની કસમ સાચી કરી દે છે ! જો તમારાથી બની શકે તો એમનાથી મગફેરતની દુઆ કરાવશો. અય ઉવૈસ ! હું તમને મારા માટે મગફેરતની દુઆની દરખાસ્ત કરું છું. હઝરત ઉવૈસે કહ્યું, અમીરુલ મો'મિનીન ! શું કહો છો ? મારી જેવો માણસ તમારા માટે મગફેરતની દુઆ કરે ? હઝરત ઉમરે ફર્માવ્યું, નિઃશંક ! તમારે મારા માટે મગફેરતની દુઆ કરવી પડશે. ત્યારે હઝરત ઉવૈસે તેમના માટે મગફેરતની દુઆ કરી. ત્યાર પછી હઝરત ઉવૈસને પૂછયું કે તમારો કયાં જવાનો ઈરાદો છે ? તેમણે કહ્યું, હું કૂફા જવાનો ઈરાદો રાખુ છું. ફર્માવ્યું, શું તમારી બાબત કૂફાના ગવર્નરને લખી આપું ? હઝરત ઉવૈસે વિનંતી કરી, મને મારી હાલત પર છોડી આપો, હું લોકોથી અલગ રહી જીવન વિતાવવા માગું છું, આમ કહી ચાલ્યા ગયા.

વલીઓના સદકામાં દુઆ કબૂલ થાય છે એનો ઉલ્લેખ મિશ્કાતના પુરાવાથી થઈ ગયો છે. તેનાથી એ પણ સાબિત થઈ રહ્યું છે કે વલીઓથી ખાસ તરીકાથી દુઆમાં વસીલો લેવો જોઈએ.

## ★ અન્ય દાખલાઓ વલીઓની દુઆની તાસીરથી સંબંધિત ★

મુસ્લિમ ભાઈઓના અને બહેનોના ઈમાન, અકીદા અને માન્યતાને સશકત બનાવવા અન્ય વાકિયાઓ આપની ખિદમતમાં રજૂ કરીએ છીએ. હદીષ અને કુર્આનના પુરાવા પછી દા'વાને સશકત બનાવવા અન્ય કિતાબોના દાખલાઓ પણ વર્ણવી શકાય છે.





## ★ દુઆથી કઝા (કિસ્મત) બદલી નાખી ★

તફસીરે મઝહરી, ભાગ-૨, પેજ નં. ૨૦૦, કાઝી ષનાઉલ્લાહ પાનીપતી લખે છે કે હઝરત ઈમામે રબ્બાની મુજદ્દિદે અલ્ફેષાની શૈખ અહમદ ફારૂકી સરહિંદી رحمۃ اللہ علیہએ મુજદ્દિદ સાહેબના છોકરાઓના ઉસ્તાદ હઝરત અલ્લામા તાહિર લાહોરીના કપાળ પર કશ્ફ તથા કરામતની નજરથી જોયું કે શકી બદ્બખ્ત, બદ્નસીબ લખેલું છે તો હઝરત મુજદ્દિદ સાહેબે આ વાત પોતાના છોકરાઓને કહી. છોકરાઓ કહેવા લાગ્યા, અબ્બા ! દુઆ કરી આપો કે અલ્લાહ તઆલા તેમને મકબૂલ બનાવી આપે અને બદ્નસીબી લખવામાં આવી છે તે એમના હક્કમાં બદલી નાખવામાં આવે. મુજદ્દિદ સાહેબે ફર્માવ્યું, મેં લૌહે મહફૂઝમાં જોયું તો ત્યાં પણ આમ જ લખેલું છે અને લખવામાં આવ્યું છે કે આ કઝાએ મુબરમ છે જે બદલી નથી શકાતી. છોકરાઓએ વારંવાર વિનંતી કરી કે એમના માટે દુઆ કરવામાં આવે. મુજદ્દિદ સાહેબ ફર્માવે છે કે હુઝૂર ગૌષે પાક સૈયદ સનદ મોહ્યુદ્દીન અબ્દુલ કાદિર જીલાની رحمۃ اللہ علیہની એક વાત પણ યાદ કરી કે બેશક ! મારી દુઆથી કઝાએ મુબરમ પણ ટાળી દેવામાં આવે છે તો મેં અલ્લાહ સુબ્હાનહૂ વ તઆલાથી દુઆ કરી અને વિનંતી કરી, અય અલ્લાહ ! તારી રહમત વિશાળ છે અને તારી કૃપા કોઈ સીમામાં બંધ નથી. હું ઉમ્મીદ રાખુ છું અને તારી વિશાળ કૃપાને લઈને તારાથી દુઆ કરુ છું.

اَنْ تُجِيْبَ دَعْوَتِيْ فِيْ مَحْوِ كِتَابِ الشَّقَاءِ مِنْ نَاصِيَةِ مُلَّا طَاهِرٍ

એ કે મારી દુઆ કબૂલ કરવામાં આવે કે મુલ્લા તાહિરના કપાળ પરથી બદ્નસીબીનું લખાણ ભૂંસી નાખવામાં આવે.

તો અલ્હમ્દુલિલ્લાહ ! બદ્નસીબીનો શબ્દ ભૂંસાઈ ગયો અને એની જગાએ ખુશનસીબ લખાઈ ગયું અને અલ્લાહ તઆલા માટે આ મુશ્કેલ નથી !

## ★ હદીષોનો પુરાવો : તકદીર દુઆથી બદલાય છે ! ★

તિર્મિઝીએ હઝરત સલમાન ફારસીથી રિવાયત કરી છે : નબીએ

પાકે ફર્માવ્યું : لَا يَرُدُّ الْقَضَاءَ إِلَّا الدُّعَاءُ તકદીરને દુઆ જ બદલી નાખે છે.

એટલે કે અલ્લાહ તઆલા દુઆ કબૂલ ફર્માવી લે છે તો તકદીરમાં ગમે તે ફેંસલો કરવામાં આવ્યો હોય પણ તેને બદલી નાખે છે.

ઈબ્ને અસાકિર અન કન્ઝુલ ઉમ્માલમાં હઝરત અનસથી રિવાયત છે. નબીએ પાકે ઈર્શાદ ફર્માવ્યો;

أَكْثِرُوا مِنَ الدُّعَاءِ فَإِنَّ الدُّعَاءَ يَرُدُّ الْقَضَاءَ الْمُبْرَمَ

"દુઆ વધારે કરો, બેશક ! દુઆ કઝાએ મુબરમને ટાળી દે છે."

## ★ તકદીર (નસીબ)ના પ્રકાર ★

તકદીર જે અલ્લાહ તઆલા તરફથી લખવામાં આવે છે. લૌહે મહફૂઝ જેને કહેવામાં આવે છે તેમાં જે કંઈ થવાનું છે તે સઘળુ લખી દેવામાં આવ્યું છે અને ફરિશ્તાઓ તે પ્રમાણે કામ કરતા હોય છે. કઈ તકદીર બદલાય શકે છે અને કઈ તકદીર બદલાઈ નથી શકતી તેને જાણવા માટે આપણે તકદીરોના પ્રકાર જાણવા જરૂરી છે. તો અત્રે અમે તકદીરના પ્રકાર વર્ણવીએ છીએ.

તકદીરના ત્રણ પ્રકાર છે :– (૧) તકદીરે મુઅલ્લક (૨) તકદીરે શબીહ બ મુબરમ (૩) તકદીરે મુબરમે હકીકી. પ્રથમ બે તકદીર બદલાઈ શકે છે પણ ત્રીજા નંબરની તકદીર બદલાઈ નથી શકતી. આ બાબતે કોઈની દુઆ કામ નથી આવી શકતે.

**(૧) તકદીરે મુઅલ્લક :–** એ તકદીરને કહેવામાં આવે છે જેને લૌહે મહફૂઝ પર કશા પર આધારિત કરવામાં આવી હોય. આમાં દવા, દુઆ, સદકા, ખૈરાત, કોઈની મદદ વગેરે સામેલ છે. દા.ત. કોઈ વ્યકિત માટે લખવામાં આવ્યું છે કે એને બીમારી આપવામાં આવશે પણ એ સદકો કરે તો બચાવી લેવામાં આવશે. જેથી જો સદકો કરે તો એને બીમારીથી બચાવી લેવામાં આવે છે. અને બીમારી આવી ગઈ હોય અને પછી સદકો આપવામાં આવે તો પણ બીમારી જતી રહી છે. દવા સાથે આધારિત હોય તો દવાથી જતી રહે છે, દુઆ સાથે આધારિત હોય તો દુઆથી જતી રહે છે.





લોકોમાં રિવાજ છે કે કંઈ થાય છે તો દવા, દુઆ, સદકા વગેરેથી ઈલાજ કરવામાં આવે છે કે જેના ઉપર આધારિત કરવામાં આવી હોય. સઘળા ઈલાજો કરવાથી કોઈ એક તો કામ લાગશે ! આને તકદીરે મુઅલ્લક કહેવામાં આવે છે.

**(૨) તકદીરે શબીહ બ મુબરમ :–** એ તકદીરને કહેવામાં આવે છે જેની બાબત લૌહે મહફૂઝમાં તો મુબરમ લખવામાં આવ્યું છે પણ અલ્લાહના ઈલ્મમાં એ આધારિત હોય છે, નબી અને કામિલ વલીઓની દુઆથી એ તકદીર બદલી નાખવામાં આવે છે. હઝરત મુજદ્દિદે અલ્ફેષાની رحمۃ اللہ علیہનો વાકયો વર્ણન થયો તેનો સંબંધ આ તકદીરથી હતો અને આપના દુઆ કરવાથી એ તકદીર બદલી નાખવામાં આવી અને મુલ્લા તાહિરને નેક બખ્તમાં લખી દેવામાં આવ્યા.

**(૩) તકદીરે મુબરમે હકીકી :–** એ તકદીરને કહેવામાં આવે છે જે લૌહે મહફૂઝમાં તથા અલ્લાહના ઈલ્મમાં કોઈ ચીજ વસ્તુ પર આધારિત રાખવામાં ન આવી હોય. જે છે તે જ પ્રમાણે રહેશે. નબીની દુઆથી પણ આ તકદીર બદલાઈ શકતી નથી. એનો દાખલો કુર્આનની આયતથી વર્ણન થઈ ગયો કે હઝરત ઈબ્રાહીમને કૌમે લૂત માટે દુઆ કરવાથી રોકી દેવામાં આવ્યા. બીજો દાખલો એ છે કે હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہની શહાદતની ખબર નબીએ પાકને પ્રથમથી જ અર્પી દેવામાં આવી હતી અને હઝરત ફાતેમા, હઝરત અલી સર્વેને ખબર હતી તો પણ હદીષોમાં એમને એ તકલીફોથી બચાવી લેવાની દુઆનો ઉલ્લેખ જોવા નથી મળતો. હઝરત ઉમર, હઝરત ઉષ્માનને શહાદતની ખબર પ્રથમથી આપી દેવામાં આવી હતી, પણ એનાથી બચાવી લેવાની દુઆનો ઉલ્લેખ જોવા નથી મળતો. એટલે જ એ તકદીરનો સંબંધ મુબરમે હકીકી સાથે હતો, તે બદલવાની ન હતી એટલે દુઆનો સવાલ રહેતો નથી.

**સવાલ :–** આપણને કેવી રીતે ખબર પડે કે આ તકદીર બદલાવાની નથી ?

**જવાબ :** – નબીઓને ખબર પડે છે અથવા તેમને બતાવી દેવામાં આવે છે. અલ્લાહના અન્ય વલીઓને ખબર પડી જાય છે અથવા ઈલ્હામથી

તેમને બતાવી દેવામાં આવે છે. આપણા માટે જાણવાનો કોઈ માર્ગ નથી એટલે આપણે દરેક મુસીબતમાં દવા, દુઆ, બરકત, સદકા વગેરેનો સહારો લેવો જોઈએ. આધારિત હશે તો બદલાઈ જશે અને નહીં હોય તો દુઆ અને સદકાનો સવાબ તો જરૂરથી મળશે.

હઝરત મૌલાના રૂમ رحمۃ اللہ علیہ આ ત્રીજા પ્રકારની બાબત ફર્માવે છે :–

**ચૂં કઝા આયદ તબીબ અબલા શવદ**
**આં દવા દર નફએ ખુદ ગુમરહ શવદ**

**અઝ હલીલા કબ્ઝ શુદ ઈતલાક અસ્ત**
**આબ આતિશ રા મદદ હમચુ નફ્ત**

**ઇં કઝા અબ્રે બુવદ ખુરશીદ પોશ**
**શેરો અઝદહા બુવદ ઝેર હમચુ મોશ**

**(અર્થ)** : જ્યારે બીમારની કઝા આવી જાય છે તો ડોકટરની અક્કલ કામ નથી કરતી. થયું શું હોય અને ફેંસલો શું કરે ? અને બીમારી બરાબર પારખી લે તો દવા ફાયદો કરવાની જગાએ વધારે નુકસાન કરે છે. હલીલાથી પેટ સાફ થાય છે પણ કઝા આવી જાય પેટમાં કબ્ઝ કરી દે છે. પાણી કેરોસીન માફક આગનું મદદગાર બની જાય છે.

આ કઝા (નસીબ) સૂર્યને ઢાંકનાર વાદળ છે. સિંહ અને અજગર પણ ઉંદર માફક લાચાર બની જાય.

મૌલાના રૂમ સાહેબના કહેવાનો ભાવાર્થ એ છે કે દુનિયા નસીબના આધારે ચાલી રહી છે. ફાયદો પ્રાપ્ત કરવાના અને રક્ષણનાં કારણો છે તે ત્યારે જ કામ આપે છે જ્યારે નસીબમાં લખેલું હોય કે ફાયદો થશે. અને ફાયદો લખવામાં ન આવ્યો હોય તે જે ચીજ હજારોને ફાયદો કરતી હોય તે નસીબના સપાટામાં આવનાર માટે નુકસાનકારક બની જાય છે. વાઘ, સિંહ અને અજગર ખતરનાક પ્રાણીઓ છે પણ કઝા અને નસીબ સામે તેઓ પણ લાચાર અને મજબૂર બનીને પોતાના પ્રાણ આપી દે છે. સારાંશ એ કે તકદીરે હકીકી અને મુબરમ સામે કોઈનું કશું ચાલતું નથી.





## ★ ગરીબ નવાઝની દુઆ ★

હઝરત ખ્વાજા ગરીબ નવાઝ મુઈનુદ્દીન અજમેરી رحمۃ اللہ علیہને ભારત દેશનું એક એક બાળક જાણે છે અને સર્વ લોકો આપથી અકીદત અને મહોબ્બત ધરાવે છે. મુસલમાનથી હિંદુ સુધી દરેક આપની જાતથી રૂહાની ફાયદો પ્રાપ્ત કરે છે. જેટલા લોકો ગરીબ નવાઝના રોઝા મુબારક પર હાજરી આપે છે ભાગ્યે જ કોઈ કબ્ર શરીફ પર એટલી ભીડ થતી હોય. એ આપના મકબૂલે ખાસો આમ હોવાની દલીલ છે અને લોકોને આપની જાતથી ફાયદો પ્રાપ્ત થવાનો પુરાવો છે. આપના જીવન સંબંધિત અસંખ્ય રૂહાની વાકિઆઓ છે જેને સાંભળવાથી ઈમાન મજબૂત થાય છે. તેનાથી પણ અમે તમને મહરૂમ નહીં રાખીએ. કોઈ મોકાસર આપના જીવન ચરિત્રથી પણ તમને વાકેફ કરીશું, પણ અહીં આપની દુઆનો એક વાકયો તમારી ખિદમતમાં રજૂ કરીએ છીએ :–

હાજી અનવર અલી દહેલ્વી પોતાની કિતાબ બડી સવાનેહમાં વર્ણન કરે છે કે એક સ્ત્રી ગરીબ નવાઝની ખિદમતમાં રડતી અને આંસૂ સારતી તે સમયે આવી જ્યારે આપ વુઝૂ ફર્માવી રહ્યા હતા. તેણીએ વિનંતી કરી, હુઝૂર ! શહેરના આગેવાને વિના વાંક ગુને મારા છોકરાને કતલ કરી નાખ્યો છે. હું હુઝૂર પાસે મારી ફરિયાદ લઈને આવી છે.

આપે વુઝૂથી ફારેગ થઈ હાથમાં પોતાનો અસો (ગેડી) લીધો અને ચાહકોને લઈને તેણી સાથે બનાવના સ્થળે પહોંચ્યા. આપે માથુ અને ધડ એક સાથે કર્યું અને અલ્લાહ તઆલાની બારગાહમાં દુઆ કરી, અય જગતને પેદા કરનાર ! જો આ છોકરાને વિના વાંક ગુને કત્લ કરવામાં આવ્યો હોય તો એને જીવંત ફર્માવી આપ ! પછી પોતાનો અસો એની છાતી પર રાખ્યો અને ફર્માવ્યું : قُمْ بِاِذْنِ اللّٰهِ અલ્લાહના હુકમથી ઉભો થઈ જા ! તો તે જીવંત થઈ ગયો. (સુબ્હાનલ્લાહ !)

**સારાંશ** :– મરી ગયેલો જીવંત થઈ ફરી દુનિયાની જિંદગીમાં કેવી રીતે આવી શકે ? એ હકીકતનો ઈન્કાર અને અસ્વીકાર થઈ શકતો નથી. કારણ કે હઝરત ઈસા علیہ السلام ના મો'જિઝાનું વર્ણન કુર્આનમાં થયું છે

અને એનો ઉલ્લેખ પણ કરી દેવામાં આવ્યો છે. તો કુર્આનની દલીલથી જાણવા મળ્યું કે આમ થઈ શકે છે. ગરીબ નવાઝની કરામત અને આપની દુઆથી મરનારને ફરી જિંદગી આપવામાં આવી.

સ્પષ્ટ થયું, ઉપરોકત વાકિઆનો સંબંધ તકદીરે શબીહ બ મુબરમથી હતો. તકદીર પ્રમાણે ફૈસલો થઈ ગયો પછી પણ ગરીબ નવાઝની દુઆથી તેને ફેરવી નાખવામાં આવ્યો અને જેની રૂહ કબ્ઝ કરી લેવામાં આવી હતી તેને ફરીથી દુનિયામાં શરીર સાથે સંબંધિત કરવામાં આવી.

## ★ હુઝૂર ગૌષે પાક رضی اللہ عنہની દુઆ ★

જેમની આપણે અગ્યારમી મનાવીએ છીએ તેમને ગૌષ પાક કહેવામાં આવે છે. આપની અસંખ્ય કરામતો છે જે ઈન્શાઅલ્લાહ બીજા કોઈ મોકાથી તમારી ખિદમતમાં રજૂ કરીશું પણ અહીં ઈમાનને મજબૂત બનાવનારો એક બનાવ તમારી ખિદમતામાં પેશ કરીએ છીએ :–

હયાતે ગૌષુલ વરામાં શૈખ અબૂ સઊદ હરીમીથી રિવાયત છે કે અબુલ મુઝફ્ફરહસન નામનો એક વેપારી શૈખ હમ્માદની ખિદમતમાં આવ્યો અને વિનંતી કરી; હુઝૂર ! હું એક ટોળકી સાથે વેપારની નિય્યતે સિરીયા દેશ જવા માગું છું. આપ બતાવો કે આ સફર મારા માટે શુભ રહેશે ? આપે ફર્માવ્યું; તું આ વર્ષે કોઈ પણ જગાએ મુસાફરી કરશે તો તને કતલ કરી દેવામાં આવશે. (એટલે કે એના નસીબમાં જે લખેલું હતું તે લૌહે મહફૂઝમાં જોઈને કહી સંભળાવ્યું) વેપારી આ ખબર સાંભળીને ચિંતામાં મૂકાયો અને ત્યાંથી પરત આવી હુઝૂર ગૌષે પાકની ખિદમતમાં પહોંચ્યો અને ગૌષે પાકથી વિનંતી કરી, હુઝૂર ! હું સિરીયા દેશ વેપાર માટે જવા માગું છું તો આ સફર મારા માટે શુભ રહેશે ? આપે ફર્માવ્યું; જાવ ! તમે જાન માલની સલામતીની સાથે પાછા આવશો ! અને એ વાતની હું જવાબદારી લઉં છું ! વેપારી તો આપના ફર્માન પર ભરોસો કરીને ઉપડી ગયો. ત્યાંથી વતન પરત આવતાં તે એક હમ્મામમાં ગુસ્લ લેવા ગયો ત્યાં તે પોતાની રકમની થેલી ભૂલી આવ્યો અને રસ્તામાં એક જગાએ રાતવાસો કર્યો. એણે સ્વપ્ન જોયું કે ડાકૂ લોકોએ એમને લૂટી લીધા અને બીજા સાથીઓને કત્લ કરી નાખ્યા અને





એના ગળા પર તલ્વાર ચલાવી. વેપારી જાગી ગયો તો એ માત્ર સ્વપ્ન હતું. તેને પોતાની રકમ યાદ આવી તો હમ્મામથી તે પણ મળી આવી અને જાહેરમાં એને કોઈ પ્રકારનું નુકસાન થયું નહીં. બગદાદ આવીને શેખ હમ્માદથી મુલાકાત કરી તો શૈખે ફર્માવ્યું; અબુલ મુઝફ્ફર મોહ્યુદ્દીન અબ્દુલ કાદિર જીલાની અલ્લાહની બારગાહમાં અતિપ્રિય છે. એમણે તારી જાન માલની સલામતી માટે અલ્લાહ તઆલાથી ૭૦ વખત દુઆ કરી તો આપની દુઆથી અલ્લાહ તઆલાએ તારી તકદીર (નસીબ) બદલી નાખી અને જે કંઈ તને જાહેરમાં થવાનુ હતું તેને સ્વપ્નમાં બદલી નાંખ્યું. વેપારી હુઝૂર ગૌષે પાકની ખિદમતમાં આવ્યો અને આપનો શુક્ર અદા કર્યો અને ફર્માવ્યું; શૈખ હમ્માદે સત્ય ફર્માવ્યું, મેં તારા હક્કમાં અલ્લાહ તઆલાથી સિત્તેર વખત દુઆ કરી હતી.

ડૉકટર ઈકબાલ લખે છે :–

**ગર હો ઝૌકે યકીને પૈહમ તો કટ જાતી હૈં ઝંઝીરેં**
**નિગાહે મર્દે મોમિનસે બદલ જાતી હૈં તકદીરેં**

આ વાકયાનો સંબંધ પણ તકદીરના બીજા પ્રકારથી છે કે લૌહે મહફૂઝમાં લખવામાં આવ્યું હતું. આ મુબરમ છે બદલાશે નહીં, પણ અલ્લાહના ઈલ્મમાં એ મુબરમ ન હતી. શૈખ હમ્માદે જોઈને કહ્યું કે તું જશે તો તને કત્લ કરી દેવામાં આવશે. એટલે એમણે ખબર સંભળાવી પણ દુઆ ન કરી. હુઝૂર ગૌષે પાકે કશ્ફથી માલૂમ કરી લીધું કે આ તકદીર બદલાઈ શકે છે તો તેમણે અલ્લાહ તઆલાથી દુઆ કરી એની તકદીર ફેરવી નાખી અને વાસ્તવમાં જે થવાનું હતું તેને સ્વપ્નમાં ફેરવી દેવામાં આવ્યું.

## ★ કીડીની દુઆના સદકામાં આપણી દુઆ કબૂલ ! ★

દાર કુત્નીએ હઝરત અબૂ હુરૈરહ્થી રિવાયત કરી : તેમણે ફર્માવ્યું કે મેં રસૂલે પાકને ફર્માવતાં સાંભળ્યા કે એક નબી લોકોને લઈને વરસાદની દુઆ માટે નીકળ્યા. ઓચિંતા આપે એક કીડીને આકાશ તરફ અમુક પગ ઉઠાવેલી જોઈ તો ફર્માવ્યું :

اِرْجِعُوْا فَقَدِ اسْتُجِيْبَ لَكُمْ مِنْ اَجَلِ هٰذِهِ النَّمْلَةِ

પાછા ચાલો ! તમારી દુઆ આ કીડીના સદકામાં કબૂલી લેવામાં આવી. *(મિશ્કાત)*

આ હદીષે પાકથી જાણવા મળ્યું કે લોકો વરસાદની દુઆ માટે નીકળ્યા હતા. હજી દુઆ ન કરી હતી, માત્ર દુઆ કરવાની નિય્યત હતી પણ તે ઉમ્મતના નબીએ ફર્માવ્યું, ચાલો ! દુઆ કરવાની જરૂરત નથી. વિના દુઆએ આપણી દુઆ કીડીના સદકામાં કબૂલ ફર્માવી. જ્યારે કીડીના સદકામાં જ્યારે કે તે જાનવરમાં છે તો પછી નબીઓ અને વલીઓ તો અલ્લાહની બારગાહના પ્રિય છે ! એમના સદકામાં દુઆ કબૂલ કરવામાં કેમ ન આવે ?

## ★ આપણી દુઆનો ફાયદો મુડદાંઓને ★

મિશ્કાત શરીફમાં હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે : નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો : અલ્લાહ તઆલા જન્નતમાં નેક બંદા માટે દરજો બુલંદ કરશે તો બંદો કહેશે, અય મારા રબ ! મને આ દરજો કેમ આપવામાં આવ્યો ? તો ફર્માવશે, તારા છોકરાની તારા માટે મગફેરતની દુઆ કરવાથી !

બય્હકી શોઅબુલ ઈમાનમાં હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે : રસૂલે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું; કબ્રમાં મય્યતની હાલત ડૂબતા માણસ માફક હોય છે જે મદદની શોધમાં હોય છે. મય્યત પણ પોતાના બાપ, મા, ભાઈ અને દોસ્ત તરફથી દુઆની રાહ જોતો હોય છે. અને જ્યારે એને દુઆ પહોંચે છે તો એને દુનિયા અને તેની દરેક ચીજથી વધીને પસંદ હોય છે. અને અલ્લાહ તઆલા જમીનવાળાઓની દુઆથી કબ્રવાળાઓને પહાડો જેવો બદલો દાખલ ફર્માવે છે. જીવંત લોકો તરફથી મુડદાંઓ માટે શ્રેષ્ઠ મગફેરતની દુઆ છે.

આ બે હદીષોથી સ્પષ્ટ થયું કે આપણી દુઆથી મુડદાંઓને ઘણો જ ફાયદો થાય છે અને દુઆનો બદલો સામાન્ય નથી. હદીષ બતાવી રહી છે કે પહાડો જેવો બદલો આપવામાં આવે છે અને મય્યતને એ દુઆ દુનિયા અને તેની દરેક નેઅમતથી અધિક પ્રિય લાગે છે. એટલે આપણે મુડદાંઓ





માટે ઈસ્તિગફારની દુઆ કરવી જોઈએ. બીજુ એ કે આપણી દુઆ મુડદાંઓ માટે નફો મેળવવાનો ઝરિયો અને વસીલો બની જાય છે. ત્રીજુ એ કે જ્યારે આપણી દુઆના શબ્દો મૈયત માટે આટલી મોટી અને મહાન નેઅમત બની જાય છે તો પછી સાથે કુર્આનની તિલાવત મેળવી લેવામાં આવે અને ખાવા પીવાની ચીજને સદકો કરી દેવામાં આવે તો એનો સવાબ કેટલો મળતો હશે ?! એટલે સુન્નીઓ દુઆ સાથે, તિલાવતે કુર્આન અને ખાવા પીવાનું પણ સામેલ કરી લે છે.

## ★ મૈયતથી જીવંતનો ફાયદો ★

બય્હકી શોઅબુલ ઈમાનમાં મુહમ્મદ બિન નુઅમાનથી રિવાયત છે : નબીએ પાકે ફર્માવ્યું; જે પોતાના માતા, પિતા અથવા તેઓ પૈકી એકની કબ્રની ઝિયારત જુમ્આના દિવસે કરે તો એની મગફેરત થઈ જાય છે અને નેક છે એવું લખી દેવામાં આવે છે. (આ છે મૈયત તરફથી મળતો ફાયદો ઝિયારત કરનારને)

આ હદીષે પાકથી જાણવા મળ્યું કે માતા, પિતાની કબ્રની જુમ્આની દિવસે ઝિયારત કરવામાં આવે તો અલ્લાહ તઆલા ઝિયારત કરનારની મગફેરત ફર્માવી આપે છે, તો પછી અલ્લાહના વલીઓ અને નબીઓની કબ્રની ઝિયારત બાબતે તમારું શું કહેવું છે ? માતા, પિતાનું વલી હોવું જરૂરી નથી, તેઓ સામાન્ય મુસલમાનોમાંથી છે પણ માતા, પિતાને એક ઈજ્જતનું સ્થાન અલ્લાહ તઆલા તરફથી આપવામાં આવ્યું છે કે તેના સદકામાં અલ્લાહ તઆલા મગફેરત ફર્માવે છે. તો પછી નબીઓનો મુકામ તો અલ્લાહની મખ્લૂકમાં સૌથી વધીને છે, વલીઓ તો વલી હોવાને લઈને અતિપ્રિય છે તો પછી એમની કબ્રોની ઝિયારત કરવામાં આવે તો અલ્લાહ તઆલા મગફેરત કેમ ન ફર્માવે ?! ત્યાં જઈને અલ્લાહથી દુઆની મગફેરત કરવી અલગ વાત છે પણ હાજરીથી પણ મગફેરતની બશારત મળે છે.

## ★ કાચા બાળકનો આખેરતમાં ફાયદો ★

ઈબ્ને માજહ્એ હઝરત અલીથી રિવાયત કરી : કહે છે કે નબીએ

પાકે ફર્માવ્યું; કાચુ બાળક પોતાના રબથી લડશે (હઠ કરશે) જ્યારે કે રબ એના માતા પિતાને દોઝખમાં દાખલ કરવાનો ઈરાદો કરશે. તો એને કહેવામાં આવશે. اَيُّهَا السِّقْطُ الْمُرَاغِمُ رَبَّهٗ اَدْخِلْ اَبْوَيْكَ الْجَنَّةَ અય પોતાના રબથી હઠ કરનાર ! કાચા બાળક ! તું તારા માતા પિતાને જન્નતમાં લઈ જા ! તો તે બાળક પોતાનાં માતા પિતાને પોતાની નાળથી ખેંચીને જન્નતમાં લઈ જશે.

કાચુ બાળક જેને દુનિયામાં પગ રાખવાનો સમય ન મળ્યો, ભલે તેનાથી ગુનાહ નથી થયો પણ નેક કામો પણ નથી થયાં. તો પણ તેનો મર્તબો જુઓ કે અલ્લાહ તઆલા તેના માતા પિતાને તેમના અમલોને લઈને દોઝખમાં મોકલવાનો ઈરાદો કરશે તો તે કાચુ બાળક અલ્લાહ તઆલાથી પોતાના માતા પિતાને જન્નતમાં લઈ જવા શફાઅત કરશે અને તેના વસીલાથી જન્નત અતા ફર્માવશે. જ્યારે કાચુ બાળક આખેરતમાં ફાયદો પહોંચાડશે જેની પાસે નેક અમલોનું નામ સુધ્ધાં નથી તો પછી નબીઓ તો માસૂમ હોય છે અને અલ્લાહના પ્રિય હોય છે. વલીઓ નાફર્માનીથી દૂર રહી હમેશાં અલ્લાહના ફર્માન પર અમલ કરી પ્રિયતાનું સ્થાન મેળવી દુનિયાથી આખેરતના માર્ગે ગયા છે તેઓ પોતાના ચાહકોને ફાયદો કેમ ન પહોંચાડે અને જન્નતમાં લઈ જવાનો વસીલો કેમ ન બને ?

## ★ નબીનો ફાયદો ★

મુસ્લિમમાં હઝરત અબૂ મૂસાથી રિવાયત છે : નબીએ પાકે ફર્માવ્યું કે અલ્લાહ તઆલા પોતાના બંદાઓમાંથી જે ઉમ્મત પર મહેરબાની અને કૃપા કરવાનો ઈરાદો કરે છે તે ઉમ્મતના નબીને તેમનાથી પહેલાં ઉઠાવી લે છે.

فَجَعَلَهٗ فَرَطًا وَّسَلَفًا بَيْنَ يَدَيْهَا

પછી અલ્લાહ તઆલ તે નબીને ફરત અને સલફ બનાવી દે છે !

ફરત અને સલફ એકબીજાની તફસીર અને ખુલાસો છે. બંનેનો મતલબ એક છે. મતલબ એ થયો કે નબીને ઉમ્મત માટે શફાઅત કરનાર બનાવી દેવામાં આવે છે. *(મિર્કાત)*

હદીષે પાકથી સ્પષ્ટ થયું કે ઉમ્મત રહે અને નબીને ઉઠાવી લેવામાં





આવે તો ઉમ્મતના માટે અલ્લાહ તઆલા તરફથી રહમત છે કે એ નબીને ઉમ્મત માટે શફાઅત કરનાર બનાવી દેવામાં આવ્યો. અને શફાઅત આખેરતમાં થશે જ્યાં અલ્લાહ તઆલા ફર્માવશે :

આજે રાજપાટ કોનું છે ? એક જબરદસ્ત અલ્લાહનું. તો જેની વાત આખેરતમાં સાંભળવામાં આવે અને તેની દુઆથી દોઝખીને જન્નતી બનાવી દેવામાં આવે. જન્નતીના દરજ્જાઓમાં વધારો કરવામાં આવે તેની વાત આલમે બરઝખથી કેમ ન સાંભળવામાં આવે અને જેને ત્યાં અધિકાર આપવામાં આવે તેને અહીં અધિકાર કેમ ન મળે ?

એ વાતનો ખુલાસો થઈ ગયો છે કે નબીઓને બરઝખમાં દુનિયાવી હયાતી અને જીવન આપવામાં આવે છે. એ દલીલોનો ઉલ્લેખ થઈ ગયો છે અને બીજો ખુલાસો તોહફાએ નજાત, ભાગ–૯ માં આવશે. તો પછી તેમની કબ્રો પર હાજરી આપવામાં આવે તો સામાન્ય મુસલમાન મુડદાંની કબ્ર પર હાજરી આપવા સમાન નથી પણ જીવંત પાસે હાજરી આપવા સમાન છે.

## ★ નબીએ પાકની કબ્ર પર હાજરીનો મતલબ ★

બયૂહકીએ શોઅબુલ ઈમાનમાં હઝરત ઈબ્ને ઉમરથી રિવાયત છે : હુઝૂરે ફર્માવ્યું :

مَنْ حَجَّ فَزَارَ قَبْرِيْ بَعْدَ مَوْتِيْ كَانَ كَمَنْ زَارَنِيْ فِيْ حَيَاتِيْ

જે હજ્જ કરે પછી મારી કબ્રની ઝિયારત કરે તો એવો છે જાણે તેણે મારી દુનિયાવી હયાતમાં મારી ઝિયારત કરી.

હદીષે પાકથી જાણવા મળ્યું કે નબીએ પાકની દુનિયાથી પડદો કરી ગયા પછીની ઝિયારત એવી જ છે જાણે આપની ઝિયારત ત્યારે કરવામાં આવે જ્યારે આપ દુનિયામાં હતા. તો પછી જ્યારે આપ દુનિયામાં હતા સલામ કરવામાં આવતી હતી તો ત્યાં પણ કરવામાં આવશે, આપથી દુઆની દરખાસ્ત કરવામાં આવતી હતી ત્યાં પણ કરવામાં આવશે. આપથી દુઆએ ઈસ્તિગફાર કરાવવામાં આવતી હતી, ત્યાં પણ કરાવવામાં આવશે. મદદની માંગ કરવામાં આવતી હતી, ત્યાં પણ કરવામાં આવશે. અદબથી રહેવામાં

આવતુ હતું, ત્યાં પણ રહેવામાં આવશે. અવાજ ધીમો રાખવામાં આવતો હતો તો ત્યાં પણ રાખવામાં આવશે.

## ★ ખલીફા મન્સૂર અને ઈમામ માલિક ★

મસ્જિદે નબવીમાં ખલીફા અબૂ જઅ્ફર મન્સૂરનો અવાજ જરૂરતથી ઊંચો થયો તો હઝરત ઈમામ માલિકે તેમને કહ્યું, અમીરુલ મો'મિનીન ! એક વાત સાંભળો !

નબીએ પાકની બારગાહમાં ઊંચો અવાજ કરવાથી અલ્લાહ તઆલાએ મનાઈ ફર્માવી છે. જે લોકો આ અદબનો ખયાલ રાખે છે તેમને નેક, પરહેઝગાર કહેવામાં આવ્યા અને તેમના માટે મગફેરત અને મહાન બદલાનો વાયદો આપવામાં આવ્યો છે અને જે લોકો અદબનો ખયાલ નથી રાખતા અને બુમો પાડે છે તેમને બેઅક્કલ અને બેવકૂફ કહેવામાં આવ્યા. *(પુરાવા માટે હુજુરાત, સિપારો-૨૬ જુઓ)*

અમીરુલ મો'મિનીન ! નબીએ પાકના વિસાલ ફર્માવી જવાથી આપની હાલતમાં ફરક નથી આવ્યો. ઉમ્મતી પર તા'ઝીમ અને ઈજ્જત જેમ પહેલાં ફર્ઝ હતી તેમ આજે પણ ફર્ઝ છે.''

ખલીફા હઝરત ઈમામ માલિકની વાત સાંભળીને ચેતી ગયો અને અવાજ ધીમો કરી લીધો અને પછી સવાલ કર્યો, અય ઈમામ ! એ બતાવો કે નબીએ પાકની બારગાહમાં હાજરી આપું તો કિબ્લા તરફ મોઢું કરીને દુઆ માંગું અથવા આપના દરબાર તરફ મોઢું રાખું ? આપે જવાબમાં ફર્માવ્યું; અમીરુલ મો'મિનીન ! નબીએ પાક તમારો વસીલો છે અને તમારાથી પહેલાં બાપ (પિતા) આદમ عَلَيْهِ السَّلَام ના પણ વસીલા છે. તો પછી પોતાનું મોઢું હુઝૂરના દરબાર તરફ રાખી દુઆ કરો અને શફાઅતની માંગ કરો. અલ્લાહ તઆલા ફર્માવે છે :

وَلَوْ اَنَّهُمْ اِذْ ظَّلَمُوْٓا اَنْفُسَهُمْ جَآءُوْكَ فَاسْتَغْفَرُوا اللّٰهَ وَاسْتَغْفَرَ
لَهُمُ الرَّسُوْلُ لَوَجَدُوا اللّٰهَ تَوَّابًا رَّحِيْمًا





ઈમામ માલિકની નસીહતથી જાણવા મળ્યું કે નબીએ પાકના દરબાર તરફ મોઢું કરીને દુઆ કરવામાં આવશે અને આપથી શફાઅતની દરખાસ્ત કરવામાં આવશે. અને નબીએ પાકની બારગાહ એ છે જેમાં અલ્લાહ તઆલા તરફથી ઉમ્મતને દુઆ માટે ત્યાં મોકલવામાં આવી છે. નબી પાસે દુઆનો મતલબ એ જ છે કે તમે ખુદા તઆલાથી મગફેરત માંગો અને નબી જોશે કે મારો ઉમ્મતી મગફેરત માંગી રહ્યો છે તો આપ પણ જીભ હલાવશે અને દુઆ કબૂલ થઈ જશે. સ્પષ્ટ થયું કે દુનિયાથી પર્દો ફર્માવ્યા પછી પણ દુઆની દરખાસ્ત કરી શકાય છે અને આપ આપણા માટે દુઆ કરે છે.

મજમઊઝ્ ઝવાઈદમાં હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ رَضِيَ اللهُ عَنْهُمَا થી રિવાયત છે : નબીએ પાકે ફર્માવ્યું :

مَا رَاَيْتُ مِنْ شَرٍّ اِسْتَغْفَرْتُ لَكُمْ

મારું જીવવું તમારા માટે ઉત્તમ છે કે તમે વાતો સાંભળો અને સંભળાવો છો અને મારું પર્દો કરવું પણ તમારા માટે ઉત્તમ છે. કારણ કે **તમારા અમલો મારી સમક્ષ લાવવામાં આવશે તો જો હું નેકીઓ જોઈશ તો અલ્લાહ તઆલાનો એના પર શુક્ર અદા કરીશ** અને જો **બુરાઈ જોઈશ તો તમારા માટે મગફેરતની દુઆ કરીશ.** *(મઝમઊઝ્ ઝવાઈદ, ભાગ-૯, પેજ-૨૪)*

સ્પષ્ટ થયું કે નબીએ પાક દુનિયાથી પર્દો ફર્માવ્યા પછી પણ આપણા માટે મગફેરતની દુઆ કરે છે જ્યારે આપણા અમલોમાં ગુનાહ અને પાપ જુએ છે તો પછી વિના દરખાસ્તે માત્ર અમલો પર નજર કરી મગફેરતની દુઆ કરે તો પછી આપણે પોતે નબીએ પાકને મગફેરતની દુઆની દરખાસ્ત કેમ નથી કરી શકતા ? જેઓ દુઆની દરખાસ્ત કરવાનું નાજાઈઝ અને બિદઅત કહે છે જેમ કે ઈબ્ને તૈમિયહ્ અને તેના ચેલાઓ તેઓ વિના દલીલે ખોટી બકવાસ કરી રહ્યા છે. નબીને સલામ કરી શકાય અને દુઆની દરખાસ્ત ન કરી શકાય ?! બંનેમાં તફાવત જણાતો નથી ! સલામ પણ દુઆ છે, સલામ કરનાર વ્યક્તિ સામેની વ્યક્તિ પાસેથી દુઆની સલામના જવાબના રૂપમાં ઉમ્મીદ રાખે છે. સામાન્ય મુડદાઓ સલામનો જવાબ આપે છે, પછી નબીની બાબત કોઈ શંકા રહેતી જ નથી ? નાસમજોને

તો ખુદા જ સમજાવે !

## ★ સહાબી અને દુઆની દરખાસ્ત ★

તફસીરે કરતબી, ભાગ-૫, પેજ-૨૬૫ માં હઝરત અલીથી રિવાયત છે : આપ ફર્માવે છે કે સરકારે દો આલમના પર્દો ફર્માવવાના ત્રીજા દિવસે એક સાહેબ આવ્યા અને કબ્ર મુબારક પર ચોંટી જઈને રડી રડી કહેવા લાગ્યા, "અય અલ્લાહના રસૂલ ! આપે અમારા સુધી અલ્લાહનો પૈગામ પહોંચાડયો જે અમે સાંભળ્યો અને આપના થકી અમે વહીના રહસ્યોથી વાકેફ થયા. તે વહીમાં એક આયત આ પણ છે :

وَلَوْ أَنَّهُمْ إِذ ظَّلَمُوا أَنفُسَهُمْ جَاءُوكَ فَاسْتَغْفَرُوا اللَّهَ وَاسْتَغْفَرَ
لَهُمُ الرَّسُولُ لَوَجَدُوا اللَّهَ تَوَّابًا رَّحِيمًا

અને જ્યારે તેઓ પોતાના પ્રાણો પર જુલ્મ કરે તો અય મહબૂબ ! તમારી સમક્ષ હાજર થાય પછી અલ્લાહ પાસે માફી માંગે અને રસૂલ તેમની શફાઅત ફર્માવે તો અવશ્ય અલ્લાહને ખૂબ તૌબા કબૂલ કરનાર મહેરબાન પામે.

બેશક ! મેં મારી જાત પર ત્રાસ કરેલો છે અને ગુનાહોની કબૂલાત કરી આપની ખિદમતમાં હાજર થયો છું. આપ મારા માટે મગફેરતની દુઆ કરો કે અલ્લાહ મારાં પાપ માફ ફર્માવે. તે સમયે નબીએ પાકની કબ્રથી અવાજ આવ્યો, તારા ગુનાહ માફ કરી દેવામાં આવ્યા !"

આ હદીષે પાકથી જાણવા મળ્યું કે નબીએ પાકના પર્દો ફર્માવ્યા પછી પણ આપથી દુઆની દરખાસ્ત કરી શકાય છે. અને નબીએ પાક આપણ માટે મગફેરતની દુઆ કરે જ છે પણ દરખાસ્ત કરવામાં આવે તો ખાસ કરીને મગફેરતની દુઆ કરી આપે છે. આપણી દુઆ આપણી જ છે પણ નબીની દુઆ અલ્લાહના મહબૂબની દુઆ છે જેના માટે અલ્લાહ તઆલાએ ફર્માવ્યું; **મારા મહબૂબ ! તમારા માટે મગફેરતની દુઆ કરી આપે તો અલ્લાહને જરૂરથી તૌબા કબૂલ કરનાર મહેરબાન પામશો** અને આયતમાં એ ખુલાસો કરવામાં નથી આવ્યો કે તમે દુનિયામાં છો ત્યાં સુધી આ ખુશખબર આપવામાં આવે છે બલ્કે કોઈ પણ શર્ત વિના





આપની ખિદમતમાં હાજરી આપવાનો આદેશ આપવામાં આવ્યો. બીજુ એ કે નબીની આખેરતની યાત્રા આપણી મોત જેવી નથી બલ્કે તેમને માત્ર અલ્લાહનો વાયદો પૂરો કરવા માટે થોડી વાર માટે મોત આવે છે પછી તેમને દુનિયાની જિંદગી આપી દેવામાં આવે છે જેનો ઉલ્લેખ થઈ ગયો અને વિગતે વર્ણન તોહફાએ નજાત, ભાગ-૯ માં આવશે. ત્રીજું એ કે દારુલ જઝામાં પહોંચ્યા પછી અમલ વાજિબ અને ફર્ઝ રહેતો નથી પણ અલ્લાહના નબીઓ અને વલીઓ ઈચ્છે તો એમને રજા આપવામાં આવે છે, જેમ કે હુઝૂરે મેઅરાજના સફરમાં હઝરત મૂસાને એમની કબ્રમાં નમાઝ અદા કરતાં જોયા. ચોથું એ કે મગફેરતની દુઆ કરવા માટે નબીની ખિદમતમાં મોકલવામાં આવ્યા તો જાણવા મળ્યું કે દુઆમાં દરેક જગા એક સરખી નથી. અમુક જગાઓ એવી પણ છે જ્યાં દુઆ કબૂલ કરવામાં આવે તો દુઆ કબૂલ કરી લેવામાં આવે છે. પાંચમું એ કે દુઆ કરવા માટે નબી પાસે મોકલવામાં આવ્યા તો નબીની કબ્ર તરફ મોઢું કરીને દુઆ કરવામાં આવે તો કોઈ વાંધો નથી. હજરે અસ્વદ તરફ મોઢું કરવાથી શિર્ક ન થાય, ત્યાં જઈ તેની તરફ હાથ કરી દુઆ માંગવાથી શિર્ક ન થાય, મકામે ઈબ્રાહીમ પાસે નમાઝ પઢવાથી શિર્ક ન થાય, તો પછી અલ્લાહના નબી હજરે અસ્વદથી અતિ ઉત્તમ છે, અલ્લાહના વલીઓ તેનાથી અધિક ફઝીલત ધરાવે છે પછી તેમની કબ્રની પાસે અને કબ્ર તરફ મોઢું કરીને દુઆ કરવામાં આવે તો શિર્ક કેમ કરીને થાય ?! સ્પષ્ટ થયું કે નબીએ પાકને અને વલીઓને દુઆની દરખાસ્ત તેમના દુનિયાથી પડદો ફર્માવ્યા પછી પણ થઈ શકે છે. તેમાં શરઈ મુમાનઅત (મનાઈ) નથી. જે લોકો મનાઈ કરે તેમણે હદીષોથી મનાઈનો ઉલ્લેખ કરવો જોઈએ, કેમ કે અમે અમારી દરેક વાત હદીષ અને કુર્આનના વર્તુળમાં રહીને કરીએ છીએ.

## ★ હુઝૂરથી વરસાદની દુઆની દરખાસ્ત ★

ફત્હુલ બારી, ભાગ-૨, પેજ-૩૯૭ માં છે : હઝરત ઉમર ફારૂકે આ'ઝમની ખિલાફતના જમાનામાં જ્યારે ભયંકર દુષ્કાળ પડયો અને લોકો ભૂખે મરવા લાગ્યા. હઝરત બિલાલ હબ્શીએ બારગાહે રિસાલતમાં દુઆની દરખાસ્ત કરતાં વિનંતી કરી :

**يَا رَسُوْلَ اللّٰهِ اِسْتَسْقِ لِاُمَّتِكَ فَاِنَّهُمْ قَدْ هَلَكُوْا**

અય અલ્લાહના રસૂલ ! પોતાની ઉમ્મત માટે વરસાદની દુઆ કરો ! લોકો હલાક અને બરબાદ થઈ ગયા !

અતિ કૃપાળુ નબીએ પોતાના સહાબીની ફરિયાદ સાંભળીને દરખાસ્ત કબૂલ કરી અને વરસાદની દુઆ પણ કરી બલ્કે સ્વપ્નમાં પધાર્યા અને ફર્માવ્યું; તમારી અરજ સ્વીકારી લેવામાં આવી છે. વરસાદ પડશે અને દુષ્કાળ દૂર થઈ જશે પણ ઉમર પાસે જઈને અમારા સલામ આપશો અને ખુશખબર સંભળાવશો કે હવે વર્ષા આવવામાં સમય નહીં લાગે.

**ફાયદો :-** હઝરત બિલાલે નબીએ પાકથી દુઆની દરખાસ્ત આપના દુનિયાથી પડદો ફર્માવ્યા પછી કરી અને હુઝૂરે એમની વિનંતી પર દુઆ કરી અને દુઆ કબૂલ થઈ ગઈ છે, એની સ્વપ્નમાં પણ ખબર આવી. જો આ કામ નાજાઈઝ અથવા અયોગ્ય હોય તો નબીએ પાકે કહેવું જોઈએ, બિલાલ ! હવે મને દુઆની દરખાસ્ત ન કરો. પણ એમને પોતાની સ્વપ્નમાં ઝિયારત આપીને એમના કામનાં વખાણ ફર્માવ્યાં. સ્પષ્ટ થયું કે વિસાલ પછી પણ દુઆની દરખાસ્ત કરી શકાય છે એમાં કોઈ વાંધો નથી. જો કોઈ એવું કહેવા માંગે કે હું સહાબાથી વધીને ધર્મચુસ્ત છું ! તો કહે ! પણ અહલે સુન્નતની સંમતિ એ વાત પર છે કે સહાબા બધાંથી અધિક ધર્મચુસ્ત છે. તો પછી સહાબાએ જે કામ કર્યું તેને યોગ્ય અને જાઈઝ માની લેવામાં આવે.

## ★ દુઆમાં કબ્ર તરફ મોઢું રાખો ! દેવબંદનો ફેંસલો ! ★

વહાબી લોકો હુઝૂરે પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ની કબ્ર મુબારક તરફ મોઢું કરીને દુઆ માંગવા દેતા નથી અને તેઓ કહે છે કે આ પ્રમાણે કરવું શિર્ક છે. અને હું જ્યારે બારગાહે નબીમાં હાજરી માટે ગયો હતો ત્યારે મેં મારી આંખોએ જોયું હતું કે કોઈને પણ કબ્ર શરીફ તરફ દુઆ માટે હાથ ઉઠાવવા દેવામાં આવતા નથી અને હાથ ઉઠાવેલા જોઈ લેવામાં આવે તો તેમના ગાર્ડ લોકો માણસને પકડીને કા'બા તરફ ફેરવી દે છે !





દેવબંદીઓ એ વહાબીઓના નાના ભાઈ છે ! પણ આ મસ્અલામાં તેમણે બરેલ્વી માન્યતા સ્વીકારી લીધી છે અને તેમનો ફેંસલો એવો છે કે દુઆમાં ઉત્તમ એ છે કે કબ્ર શરીફ તરફ મોઢું રાખવામાં આવે અને પછી આપના વસીલાથી દુઆ કરવામાં આવે.

અલમુહન્નદ, પેજ-૪૦૨ પર છે : ઈમામ ઈબ્નુલ હુમામએ લખ્યું છે કે ઈમામ અબૂ હનીફાએ હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી રિવાયત કરી છે કે સુન્નત એ છે કે જ્યારે તમે કબ્ર શરીફ પર હાજરી આપો તો કબ્રે મુતહરહ્ તરફ મોઢું કરી આ પ્રમાણે કહો :-

તમારી ઉપર સલામ નાઝિલ થાય અય નબી ! અને અલ્લાહની રહમતો બરકત ઉતરે. પછી સશકત બનાવવા માટે બીજી રિવાયત લાવ્યા છે જેને મુજદ્દીન લોગવીએ ઈબ્ને મુબારકથી નકલ કરી છે. તેઓ ફર્માવે છે કે મેં ઈમામ અબૂ હનીફાને એ પ્રમાણે ફર્માવતાં સાંભળ્યાં કે જ્યારે અબૂ ઐયૂબ સખ્તિયાની મદીના મુનવ્વરામાં આવ્યા તો હું ત્યાં જ હતો. મેં કહ્યું; હું જરૂરથી જોઈશ તેઓ શું કરે છે ? તો તેમણે કિબ્લા તરફ પીઠ કરી અને રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم ના ચહેરા મુબારક તરફ પોતાનું મોઢું કર્યું અને હકીકતમાં રડયા પછી ફકીર માફક ઉભા રહ્યા. આને નકલ કર્યા પછી અલ્લામા કારી ફર્માવે છે; આનાથી સ્પષ્ટ છે કે આ તરીકો ઈમામ સાહેબનો પસંદ કરેલો છે.

આગળ લખે છે, ઉત્તમ એ જ છે કે ઝિયારતના સમયે ચહેરા મુબારક તરફ મોઢું કરીને ઉભા રહેવું જોઈએ અને આ જ અમારા નિકટ ભરોસાપાત્ર છે અને આની ઉપર અમારો અને અમારા મશાઈખનો અમલ છે અને આ જ હુકમ દુઆ માંગવાનો છે જેમ કે ઈમામ માલિકથી રિવાયત કરવામાં આવેલી છે. જ્યારે એમના કોઈ ખલીફાએ એમને પ્રશ્ન કર્યો અને એનો ખુલાસો મૌલાના ગંગોહી પોતાના રિસાલા "ઝુબદતુલ મનાસિક"માં કરી ગયા છે.

આ ફત્વો દારુલ ઉલૂમ દેવબંદથી પ્રગટ થયેલો અને તેના પર તેમના ૪૦ થી અધિક આલિમોની સહીઓ છે કે દુઆ નબીની કબ્ર તરફ મોઢું કરીને માંગવામાં આવશે અને દુઆમાં આપનો વસીલો લેવામાં આવશે.

**મુદઈ લાખપે ભારી હય ગવાહી તેરી**

## ★ બુઝુર્ગોની કબ્રોથી ફૈઝ લેવો જાઇઝ છે ! દેવબંદનો ફત્વો ! ★

દેવબંદ, અલ મુહન્નદના પેજ નં.૪૫ એ પણ સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે બુઝુર્ગોની કબ્રોથી ફૈઝ પ્રાપ્ત કરવો જાઈઝ છે. લખે છે :

اما استفادة من روحانية المشائخ الاجلة و وصول الفيوض الباطنية من صدورهم و قبورهم فيصح على الطريقة المعروفة

બુઝુર્ગોની રૂહાનિયતથી ફાયદો પ્રાપ્ત કરવો અને એમની છાતીઓ અને એમની કબ્રોથી ફૈઝ પહોંચવો ખ્યાતિ પામેલ કાયદા મુજબ સત્ય છે.

આ લખાણથી સ્પષ્ટ થયું કે બુઝુર્ગોની કબ્રોથી ફૈઝ મળે છે અને જ્યારે મળે છે તો આપણે ફૈઝ લેવાની કોશિશ કરવી જોઈએ અને એના માટે જરૂરી છે કે અદબપૂર્વક હાજરી આપવામાં આવે, ગુનાહોથી બચવામાં આવે અને શરીઅતના વર્તુળમાં રહી દરેક કામ કરવામાં આવે.

## ★ હાજી સાહેબનો ફૈંસલો ★

હઝરત હાજી ઈમ્દાદુલ્લાહ સાહેબ મુહાજિરે મક્કી દેવંબદીઓના પૂર્વજ મહાન આલિમોના પીર છે અને પીર સાહેબ શિર્ક કરે તો પીર ન રહે. અને તેમને પીર માનવામાં આવે છે અને એમની બયૂઅત તોડવામાં નથી આવી, એ એ વાતની દલીલ છે કે એમની વાતો મુરીદોને માન્ય છે.

કિતાબ ઈમ્દાદુલ મુશ્તાક, પેજ નં. ૧૧૩ હાજી સાહેબ બુઝુર્ગોથી પોતાની અકીદત અને મહોબ્બતને જાહેર કરતાં લખે છે કે,

"ફકીરકી કબ્રસે વહી ફાયદા હાસિલ હોગા જો ઝિંદગીએ ઝાહેરીમેં મેરી ઝાતસે હોતા થા. (કયોં કે) મૈંને (અપને) હઝરતકી કબ્રે મુકદસસે વહી ફાયદા ઉઠાયા જો હાલતે હયાતમેં ઉઠાયા થા." આગળ લખે છે :–

"મેરે હઝરતકા એક જોલાહા મુરીદ થા બઅદે ઈન્તેકાલ હઝરતકે મઝાર શરીફ પર અર્ઝ કિયા કે હઝરત ! મૈં બહુત પરેશાન ઔર રોટીયોંકા મોહતાજ હૂં કુછ દસ્તીગીરી ફર્માઈએ ! હુકમ હુવા કે તુમકો હમારે મઝારસે





દો આને યા આધા આના રોઝ મિલા કરેગા.

એક મર્તબા મૈં ઝિયારતકો ગયા, વોહ શખ્સ ભી હાઝિર થા. ઉસને કુલ કૈફિયત બયાન કરકે કહા કે મુઝે હરરોઝ વઝીફએ મુકર્રાર પાઈતે કબ્રસે મિલા કરતી હૈ.

**ફાયદો** :– અમે તો એ માન્યતા રાખીએ છીએ કે વલીઓની કબ્રો પર ફૈઝ પ્રાપ્ત કરવાની નિય્યતે હાજરી આપવામાં આવશે અને તેમનાથી મદદની માંગ કરી શકાય છે અને તેમનાથી દુઆની દરખાસ્ત પણ કરી શકાય છે, પણ ખુશીની વાત એ છે કે હાજી ઈમ્દાદુલ્લાહ સાહેબ પણ એ માન્યતા રાખે છે !

## ★ નાનોત્વી સાહેબની વાત પણ સાંભળો ! ★

આબે હયાત, પેજ નં. ૪૦, મૌલ્વી કાસિમ નાનોત્વી સાહેબ લખે છે :

وَلَوْ اَنَّهُمْ اِذْ ظَلَمُوْا اَنْفُسَهُمْ جَآؤُكَ فَاسْتَغْفَرُوا اللّٰهَ وَاسْتَغْفَرَ لَهُمُ الرَّسُوْلُ لَوَجَدُوا اللّٰهَ تَوَّابًا رَّحِيْمًا

મેં કિસીકી તખ્સીસ નહીં, આપકે હમ અસ્ર હોં યા બઅદકે ઉમ્મતી હોં. ઔર તખ્સીસ હો તો કયોં હો ? આપકા વજૂદ તર્બીયતે તમામ ઉમ્મતકે લિએ યકસાં રહમત હૈ કે પિછલે ઉમ્મતિયોંકા આપકી ખિદમતમેં આના ઔર ઈસ્તિગફાર કરના ઔર કરાના જબ હી મુતવસ્સર હૈ કે આપ કબ્રમેં ઝિંદા હો.

**ભાવાર્થ** :– કાસિમ નાનોત્વી સાહેબે ઉલ્લેખ કર્યો કે નબીની બારગાહમાં હાજર થઈને મગફેરતની દુઆનો આદેશ આપવામાં આવ્યો તે નબીએ પાકની દુનિયાવી હયાત સાથે ખાસ નથી બલ્કે દરેક જમાનાના ઉમ્મતીઓ માટે આપ રહમત છે. અને જ્યારે સઘળા લોકો માટે રહમત છે તો પછી હુઝૂરને કબ્રમાં જીવંત માનવામાં આવશે, બલ્કે આપ જીવંત છે. આપની પાસે આવી મગફેરતની દુઆ કરવી, દુઆએ મગફેરતની દરખાસ્ત કરવી બધું જ યોગ્ય કામ છે.

તહઝીરુન્નાસ, પેજ નં. ૨૯, નાનોત્વી સાહેબ લખે છે :

ઔર અંબિયામેં જો કુછ હય વોહ ઝિલ્લ ઔર અકસે મુહમ્મદી હૈ, કોઈ ઝાતી કમાલ નહીં.

એ જ પેજ પર બીજી જગાએ લખે છે : ઔર અંબિયા રસૂલુલ્લાહસે ફૈઝ લેકર ઉમ્મતિયોંકો પહોંચાતે હૈં.

**ભાવાર્થ** :– દરેક નબીને જે જે જમાનામાં જે કંઈ મળ્યું અને તેમણે ઉમ્મતીઓને જે કંઈ અર્પણ કર્યું, બધું આપણા પ્યારા આકા વ મૌલાના કમાલની ભેટ હતી. જ્યારે આપણા નબી દુનિયામાં ન આવ્યા હતા ત્યારે દરેકને ફૈઝ પહોંચાડતા હતા અને નબીઓ પણ આપથી જ ફૈઝયાબ થતા હતા. તો પછી હવે જ્યારે આપ દુનિયામાં આવી ગયા છે ત્યારે આપણને ફૈઝ કેમ નથી આપી શકતા અને કિયામત સુધી આપના ફૈઝનો સમુદ્ર વહેતો કેમ નહીં રહે ?

હાશિયાએ કુર્આન : ما كان محمد ابا احد من رجالكم ની તફસીરમાં જનાબ શબ્બીર અહમદ ઉષ્માની લખે છે : મુહક્કેકીન કે નઝદીક તો અંબિયાએ સાલેહીન અપને અપને અહદમેં ભી ખાતમુલ અંબિયા صلی اللہ تعالی علیہ وسلم કી રૂહાનિયતે ઉઝમાહીસે મુસ્તફીઝ હોતે થે.

**ભાવાર્થ** :– સઘળા નબીઓ જે આપણા નબી પહેલાં દુનિયામાં આવી ગયા અને ફૈઝનો દરિયો વહાવી ગયા, કુફ્રના અંધારામાં ઈમાનનું અજવાળુ ફેલાવી ગયા, પોતાના મો'જિઝાઓનો કમાલ બતાવી ગયા, તેઓ પોત પોતાના જમાનામાં સઘળો કમાલ આપણા નબીએ પાકની રૂહાનિયતથી ફૈઝ મેળવીને કરતા હતા.

મૌલ્વી ઝુલ્ફેકાર અલી દેવબંદી પોતાની કિતાબ ઈતરૂલ વરહદ ફી શર્હે બુરદા, પેજ નં. ૨૯ પર લખે છે :–

આપ ખલાઈકકો ફૈઝ ઔર નફા પહોંચાનેમેં મિષ્લે સમંદર હૈં. બીજી જગાએ એ જ પેજ પર ફર્માવે છે; ઈસી તરહ જનાબ રિસાલતે મઆબ હર મુસ્તફીઝકો ઉસકે કમાલાતે ઝાહિરો બાતિનમેં બ દરજએ કમાલ પહોંચા દેતે હૈં ઔર બશરકો મલાએકાસે અફઝલ બના દેતે હૈં.

ત્રીજી જગાએ લખે છે; આપ આફતાબે ફઝલો કમાલ હૈં ઔર





અંબિયાએ કિરામ ઉસ આફતાબકે અકમારો કવાકિબ હૈં. પસ જૈસે કમર બ વકતે ગૈબુબતે શમ્સ ઈસ્તેફાદ નૂરકા શમ્સસે કરકે શબે તારીકકો રોશન કરતા હૈ. ઈસી તરહ અંબિયા ઈસ્તેફાદએ ફોયૂઝે ઝાહેરે વ બાતિની રૂહે પૂર ફોતૂહ આં હઝરતસે કરકે કબ્લે વજૂદે બાવજૂદ ખલ્કકી રહનૂમાઈ કરતે રહે હૈં ઔર જબ ખૂદ રૌનક બખ્શે દુન્યા હુએ તો સબ ચિરાગ પશે આફતાબ હો ગએ.

**ભાવાર્થ** :– સઘળા નબીઓ ચાંદ તારા માફક હતા. આપણા નબી સૂર્ય છે. ચાંદ અને તારા સૂર્યથી રોશનીનો ફૈઝ અને ફાયદો ઉઠાવે છે. તો દરેક નબીને આપણા નબીનો ફૈઝ મળતો હતો અને તેઓ આપણા નબીથી ફૈઝ લેતા હતા. આપણા નબી ફૈઝની વહેંચણીમાં સમુદ્ર માફક છે જે દરેકને પોતાનો ફૈઝ આપે છે. જે પણ વ્યક્તિ સાચી રીતે ફૈઝ લેવા ઈચ્છે તેને નબીએ પાક ફૈઝ આપે છે અને આપના ફૈઝનો એ આલમ છે કે ઈન્સાનને ફરિશ્તાથી પણ અફઝલ બનાવી આપે છે.

દેવબંદી માન્યતાથી સંબંધ ધરાવતા આલિમો અને તેમના પીરો તરફથી એ પુરાવાઓ રજૂ કરી દેવામાં આવ્યા જેનાથી એ વાત તદન સ્પષ્ટ થઈ ગઈ કે નબીઓ અને ખાસ કરીને આપણા નબી તથા બુઝુર્ગોને દીનથી ફૈઝ પ્રાપ્ત કરવો જાઈઝ અને દુનિયાથી પડદો ફર્માવ્યા પછી તેમના ફૈઝ જ મળતો નથી બલ્કે તેમનો ફૈઝ સમુદ્ર માફક મોજાં મારતો રહે છે ! જે પણ પ્રાપ્ત કરવા ચાહે તેમને એમની રૂહાનિયતથી ફૈઝ મળીને રહે છે. દુઆ કરવી, દુઆની દરખાસ્ત કરવી, તેમના વસીલાથી રબથી માંગ કરવી, તેમનાથી મદદ લેવું બધું જ જાઈઝ છે અને દીનમાં એનાથી મનાઈ કરવામાં આવી નથી, બલ્કે આપણને એની રજા આપવામાં આવી છે.

## ★ સહાબા અને કબ્રનો વસીલો ★

જે લોકો વસીલો લેવો નાજાઈઝ કહે છે તેઓ એવી કોઈ આયત અને એવી કોઈ હદીષ લોકો સમક્ષ લાવતા નથી જેનાથી વસીલાના દરેક પ્રકાર પર પ્રકાશ પડતો હોય. જેમ અહલે કિતાબ યહૂદી અને ઈસાઈ આલિમો પોતાની પબ્લિકને દીને ઈસ્લામથી રોકવા માટે નબીએ આખેરુઝ્ઝમાંની શાનમાં ઉતરેલી આયતોથી લોકોને અંધારામાં રાખે છે યા

તો લોકો સમક્ષ લાવતા નથી અને આવી જાય તો ખોટી ખોટી ચર્ચા કરી લોકોને શંકા કુશંકાના શિકાર કરી દે છે.

આ બલા અને મુસીબત અહલે કિતાબ યહૂદી અને ઈસાઈ આલિમોની હતી અને આજે પણ છે. પણ હવે પોતાને મુસલમાન કહેનાર અને આલિમના વર્તુળમાં પોતાને સામેલ કરનાર અમુક લોકો પણ અહલે કિતાબનો રોલ અદા કરે છે. જે વાતોને એ માનતા નથી એનો ઉલ્લેખ પૂર્વજ આલિમોના લખાણથી મળે તો તેને ગુપ્ત રાખે, હદીષમાં મળે તો તેને ગુપ્ત રાખે, કુર્આનમાં મળે તો તેને પણ જાહેર ન થવા દે અને કોઈ કિતાબી શકલમાં લઈ આવે તો પોતાની પબ્લિકને મનાવવા ખોટાં ખોટાં બહાનાં બનાવે. કહી આપે કે એમના પૂરાવા ખોટા છે ! હદીષ હોય તો કહે હદીષ ઝઈફ છે ! કુર્આનની આયત હોય તો કહે આની તફસીર મનમાની કરવામાં આવી છે ! સારાંશ એ કે જે લોકો એમની સાથે થઈ ગયા તેમને સત્ય માર્ગ મળે એવા સઘળા દરવાજાઓ બંધ કરી દે. આપણે બુઝુર્ગોની કબ્રોથી અકીદત ધરાવીએ છીએ અને બદ્અકીદા લોકોને એ પસંદ નથી, એટલે તેઓ લોકોને અંધારામાં રાખી આપણી વિરૂધ્ધ બકવાસ કર્યે જાય, પૂરાવો ન આપે અને એવું ન બતાવે કે હદીષમાં આ પ્રમાણેની કોઈ રિવાયત નકલ કરવામાં આવી છે. તો અંધારામાં રહેલ લોકો માટે અમે એક રિવાયતનો વધારો કરીએ છીએ જેનાથી એ સ્પષ્ટ થશે કે સહાબાએ કબ્ર શરીફનો વસીલો પણ લીધેલો છે અને એની ઉપર સહાબાનો વિવાદ જોવા મળતો નથી અને સઘળા સહાબા અને તાબઈનને એ વાત માન્ય હતી.

મિશ્કાત, બાબુલ કરામત, ફસ્લ બીજી, દારેમીના પુરાવાથી નકલ કરવામાં આવી છે હઝરત અબૂ જૌઝાથી રિવાયત છે : ફર્માવે છે કે મદીનાવાળાઓ કષ્ટદાયક દુષ્ળકાળમાં સપડાયા તો તેમણે હઝરત આઈશાને દુષ્કાળ વિશે ફરિયાદ કરી. ફર્માવ્યું, તમે લોકો નબીએ પાકની કબ્ર તરફ ધ્યાન કરો અને રૂમના છાપરામાં કાંણુ પાડો. કબ્ર અને આકાશની વચમાં છાપરુ ન રહેવું જાઈએ. તેમણે આ પ્રમાણે કર્યું તો તેમની ઉપર વર્ષા કરવામાં આવી, ઘાસી ઉગી આવી, (ખાઈને) ઊંટ તાજાં થઈ ગયાં. ચરબીથી તેમની કુખો ફુલી ગઈ. જેથી તે વર્ષને ફત્કનું વર્ષ કહેવામાં આવ્યું. (ખુશાલીનું વર્ષ)

આ હદીષે પાકથી સ્પષ્ટ થયું કે સહાબા અને તાબઈન તરફથી





દુષ્કાળની ફરિયાદ કરવામાં આવી તો હઝરત આઈશાએ વસીલાનો એક નવો તરીકો તેમને બતાવ્યો કે બીજું કરવાની જરૂરત નથી, માત્ર કબ્ર શરીફની ઉપરથી છાપરુ એટલું ખોલી નાખો કે આકાશ અને કબ્રની વચમાં છાપરાનો ભાગ ન રહી જાય. જો આકાશ નબીની કબ્રને જોશે તો નબીની મહોબ્બતમાં પોતાની ખુશી પ્રગટ કરશે અને તે વરસાદની શકલમાં જોવા મળશે. આમ જ કરવામાં આવ્યું તો વરસાદ એટલા પ્રમાણમાં થયો કે ખેતીવાડી સારી થઈ અને પ્રાણીઓને પણ પૂરતો ઘાસચારો મળી ગયો.

જો કબ્રથી ફૈઝ ઉઠાવવો અને કબ્ર શરીફનો વસીલો લેવો નાજાઈઝ હોત તો હઝરત આઈશા આ પ્રમાણે નિર્ણય ન લેતાં અને સહાબા અને તાબઈ તેમની વાતને ખોટી હોવા છતાં માન્ય ન રાખતા અને તેઓ એ બાબતે હઝરત આઈશાથી ચર્ચા કરતા. પણ આમ કરવામાં ન આવ્યું ! એનો મતલબ એ થયો કે કબ્ર શરીફને પણ વસીલો બનાવી શકાય છે અને એ સહાબા તથા તાબઈનનો અમલ જ છે.

## ★ કબ્રથી ફૈઝ પામવાનો એક વધુ બનાવ ★

મિશ્કાત, બાબુલ કરામાત, ફસ્લ બીજી, દારેમીના પુરાવાથી છે : હઝરત સઈદ બિન અબ્દુલ અઝીઝથી રિવાયત છે, તેઓ કહે છે : હર્રાના બનાવના દિવસોમાં નબી ﷺની મસ્જિદમાં ત્રણ દિવસ સુધી અઝાન આપવામાં ન આવી હતી અને જમાઅત પણ થઈ ન હતી. સઈદ બિન મુસય્યિબ મસ્જિદમાં જ હતા. તેમને નમાઝના સમયનો ઈલ્મ એ હલકા અવાજથી થતો જે નબીએ પાકની કબ્રથી એમને સાંભળવા મળતો.

યઝીદે મદીના શરીફ પર હુમ્લો કરવા માટે પોતાનું સૈન્ય મોકલ્યું હતું અને તેમણે મદીનામાં ઘણો જ જુલ્મ અને ત્રાસ ગુજાર્યો હતો. મદીના શરીફમાં મુસલમાનોની કત્લેઆમ કરવામાં આવી. મસ્જિદે નબવીમાં તેમનાં જાનવર બાંધવામાં આવ્યાં, અઝાન અને નમાઝ મસ્જિદમાં ત્રણ દિવસ થઈ નહીં. હઝરત સઈદ બિન મુસય્યિબ દેખાવ પૂરતા પાગલ બનીને મસ્જિદમાં રહ્યા. લોકોએ પાગલ સમજીને આપને કંઈ કહ્યું નહીં. તેઓ ફર્માવે છે કે નમાઝનો સમય થતો તો મને ખબર ન પડતી, પણ અઝાનના સમયે અઝાન તો ન થતી પણ તે સમયે કબ્ર શરીફથી ધીમો ધીમો અવાજ આવતો, એનાથી

મને ઈલ્મ થતું કે ફલાણી નમાઝનો સમય થઈ ગયો છે.

નબીએ પાકે નમાઝના સમય માટે તેમનું માર્ગદર્શન ફર્માવ્યું, અને એનાથી એ પણ જાણવા મળ્યું કે નબીએ પાક પોતાની કબ્ર શરીફમાં નમાઝ અદા કરે છે. જો કે કબ્રમાં ગયા પછી નમાઝ ફર્ઝ રહેતી નથી પણ નફ્લ કામ માણસ પોતે કરે તો તે મનાઈ પણ નથી. જેમ કે હુઝૂરે હઝરત મૂસાને કબ્રમાં નમાઝ અદા કરતાં જોયા અને એ પણ જાણવા મળ્યું કે કબ્ર શરીફથી ફૈઝ મળે છે. અને એ પણ જાણવા મળ્યું કે નબીએ પાક તરફથી મદદ કરવામાં આવે છે અને એ પણ જાણવા મળ્યું કે નબીએ પાકને હાલતોની ખબર છે.

આ વિશે અધિક ચર્ચા કરી શકાય છે પણ તેને તોહફાએ નજાત, ભાગ-૯ માં તમારી ખિદમતમાં રજૂ કરવામાં આવશે. અહીં અમે તમારી ખિદમતમાં મેદાને મેહશરમાં જ્યારે લોકો તકલીફમાં હશે અને શફાઅત માટે નબીઓની ખિદમતમાં જશે તે હદીષ રજુ કરીએ છીએ.

## ★ હશ્રના મેદાનમાં નબીની દરખાસ્ત ★

નબી દુનિયામાં આવ્યા ન હતા તો પણ ફૈઝ પહોંચાડતા હતા અને આવ્યા ત્યારે તો ફૈઝની કોઈ સીમા ન રહી અને દુનિયાથી પર્દો ફર્માવ્યા પછી પણ આપના ફૈઝનો દરિયો વહી રહ્યો છે તે પુરાવા સાથે વર્ણવી દેવામાં આવ્યું. હવે આપણે એ વિશે ચર્ચા કરશું કે આખેરતમાં જ્યારે લોકોને મેદાને મહેશરમાં હિસાબ માટે હાજર કરવામાં આવશે અને દિવસ પચાસ હજાર વર્ષનો હશે, જમીન તાંબાની અને સૂર્ય માથાથી તદ્દન નિકટ હશે અને દરેકને પોત પોતાની પડેલી હશે એવા સમયે લોકો ત્યાં પણ નબીઓનો સહારો લેશે અને એમની શફાઅતની દરખાસ્ત કરશે.

આ'લા હઝરત ફર્માવે છે :-

**આજ લે ઉનકી પનાહ આજ મદદ માંગ ઉનસે**
**ફિર ન માનેંગે કિયામતમેં અગર માન ગયા**

## ★ શફાઅત હદીષના પ્રકાશમાં ★

બુખારી અને મુસ્લિમમાં હઝરત અનસથી રિવાયત છે : નબીએ





પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું; કિયામતના દિવસે ઈમાનવાળાઓને રોકી દેવામાં આવશે તેનાથી તેઓ ચિંતામાં પડી જશે. તો તેઓ એકબીજાને કહેશે કે આપણે રબથી શફાઅત માટે કોઈને તૈયાર કરવો જોઈતો હતો કે તે આપણને આપણી જગાથી છોડાવે. (તેઓ મશ્વરો કરીને) હઝરત આદમ પાસે આવશે અને અરજ કરશે તમે લોકોના પિતા આદમ છે. અલ્લાહ તઆલાએ તમને પોતાની કુદરતના હાથથી પેદા ફર્માવ્યા. તમને પોતાની જન્નતમાં વસાવ્યા. તમારી ઈજ્જત માટે પોતાના ફરિશ્તાઓને સિજદો કરાવ્યો અને તેમને દરેક ચીજ વસ્તુનાં નામો શિખવ્યા. (જ્યારે અલ્લાહની બારગાહમાં તમારો આટલો માન મર્તબો છે તો પછી) તમે તમારા રબ પાસે અમારી શફાઅત કરો કે એ અમને અમારી આ જગાથી અલગ કરી રાહત અતા ફર્માવે. હઝરત આદમ ફર્માવશે : હું તમારા માટે (હાલ) નથી કરી શકતો અને બયાન કરશે પોતાની તે લગઝિશ જે આપને ઝાડમાંથી ખાવાને લઈને પહોંચી હતી. અને અલ્લાહે તેનાથી મનાઈ કરી હતી. (પણ તમે એવું કરો કે નૂહ પાસે જાવ જેઓ પ્રથમ નબી છે જેમને અલ્લાહ તઆલાએ જમીનવાળાઓ માટે ઉતાર્યા. તેઓ હઝરત નૂહ પાસે આવશે) અને શફાઅતની દરખાસ્ત કરશે) તો તેઓ ફર્માવશે; હું તમારા માટે (હાલ) નથી કરી શકતો. અને પોતાની લગઝિશ બયાન કરશે જે આપને વિના ઈલ્મે માંગ કરવાથી થઈ હતી. (તેમણે પોતાના કાફિર બેટા કિન્આનના બચાવી લેવાની માંગ કરી હતી) (અને ફર્માવશે એવું કરો) તમે લોકો રહમાનના ખલીલ ઈબ્રાહીમ પાસે જાવ ! તો તેઓ હઝરત ઈબ્રાહીમ પાસે આવશે (અને આપથી શફાઅતની દરખાસ્ત કરશે). આપ ફર્માવશે, હું તમારા માટે (હાલ) નથી કહી શકતો અને પોતાની ત્રણ તે વાતોનો ઝિક્ર કરશે જે તેમણે જાહેર ખિલાફ કરી હતી (અને ફર્માવશે, તમે લોકો એવું કરો) મૂસા પાસે જાવ જેઓ એવા બંદા છે જેમને અલ્લાહ તઆલાએ તૌરેત આપી, તેમનાથી વાત કરી, અને તેમને નિકટના રાઝદાર બનાવ્યા. તો તેઓ હઝરત મૂસા પાસે આવશે. (અને આપથી શફાઅતની દરખાસ્ત કરશે)

આપ ફર્માવશે; હું તમારા માટે (હાલ) નથી કરી શકતો અને પોતાની તે જાહેરમાં જણાતી લગઝિશ બયાન કરશે જે એક વ્યક્તિને કત્લ કરવાથી થઈ હતી. (અને ફર્માવશે; એવું કરો) તમે અલ્લાહના બંદા, એના

રસૂલ અલ્લાહની (ખાસ તરીકાથી અર્પણ કરેલી) રૂહ અને એના કલેમા હઝરત ઈસા પાસે જાવ ! તેઓ હઝરત ઈસા પાસે જશે (અને આપથી શફાઅતની દરખાસ્ત કરશે) આપ ફર્માવશે, હું તમારા માટે (હાલ) નથી કરી શકતો (પછી એવું કરો) તમે મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم પાસે જાવ ! જેઓ અલ્લાહના બંદા છે જેમને આગલા પાછલા ગુનાહથી પાક રાખવામાં આવ્યા છે. હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવે છે, તેઓ મારી પાસે આવશે તો હું અલ્લાહ તઆલાથી એની બારગાહમાં આવવાની રજા માંગીશ તો મને એની પાસે આવવાની રજા આપવામાં આવશે. હું એનો દીદાર કરીશ અને સિજદો કરશી અને ઈચ્છશે એટલો સમય સિજદામાં રહીશ. પછી અલ્લાહ ફર્માવશે :

قُلْ تُسْمَعْ وَاشْفَعْ تُشَفَّعْ وَسَلْ تُعْطَهْ

અય મુહમ્મદ ! ઊભા થાવ ! કહો ! સાંભળવામાં આવશે ! શફાઅત કરો ! કબૂલવામાં આવશે ! માંગો ! આપવામાં આવશે !

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવે છે, પછી હું મારું માથુ ઉઠાવીશ. જે વખાણ અને તારીફ મને મારો રબ શિખવાડશે તે પ્રમાણે એના વખાણ કરીશ. પછી હું શફાઅત કરીશ તો મારા માટે એક હદ નિયુકત કરવામાં આવશે. હું નીકળીશ અને તેઓને દોઝખથી કાઢીશ અને જન્નતમાં દાખલ કરીશ. પછી પાછો આવીશ અને બીજી વખત મારા રબથી એની બારગાહમાં આવવાની રજા માંગીશ તો મને એની પાસે આવવાની રજા આપવામાં આવશે. પછી જ્યારે હું એનો દીદાર કરીશ, સિજદો કરીશ, અલ્લાહ તઆલા ઈચ્છશે ત્યાં સુધી સિજદામાં રહીશ. પછી અલ્લાહ ફર્માવશે, અય મુહમ્મદ ! ઉઠો ! કહો ! સાંભળવામાં આવશે ! શફાઅત કરો ! કબૂલ કરવામાં કરવામાં આવશે ! માંગો ! એ આપવામાં આવશે ! હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવે છે; હું મારું માથુ ઉઠાવીશ, મારો રબ મને જે વખાણ અને તારીફ શીખવશે તેનાથી હું તેનાં વખાણ કરીશ પછી હું શફાઅત કરીશ તો મારા માટે એક હદ નિયુકત કરી દેવામાં આવશે. હું નીકળીશ અને તેઓને દોઝખથી કાઢીશ અને જન્નતમાં પહોંચાડીશ. પછી પરત આવીશ અને ત્રીજી વખત મારા રબથી એની પાસે આવવાની રજા માંગીશ, તેમને રજા આપવામાં આવશે. જ્યારે હું એનો દીદાર કરીશ, સિજદો કરીશ, અલ્લાહ ઈચ્છશે ત્યાં સુધી સિજદામાં રહીશ





પછી ફર્માવશે, અય મુહમ્મદ ! ઉઠો ! કહો ! સાંભળવામાં આવશે ! શફાઅત કરો કબૂલવામાં આવશે ! માંગો ! એ આપવામાં આવશે ! હુઝૂર ફર્માવે છે; "હું ઉઠીશ અને મારો રબ મને શીખવશે તે તારીફ અને વખાણથી એનાં વખાણ કરીશ, પછી શફાઅત કરીશ તો મારા માટે એક હદી બાંધી દેવામાં આવશે. હું નીકળીશ અને તેઓને દોઝખમાંથી કાઢીશ અને જન્નતમાં પહોંચાડીશ તો હવે દોઝખમાં માત્ર તે જ બાકી રહી જશે જેને કુર્આને રોકી રાખ્યા એટલે કે તેની ઉપર હમેશાં રહેવું વાજિબ ઠરી ગયું છે ! પછી આપે આ આયત તિલાવત ફર્માવી;

عَسٰۤى اَنْ يَّبْعَثَكَ رَبُّكَ مَقَامًا مَّحْمُوْدًا

"નજીક છે કે તમારો રબ તમને વખાણની જગાએ ઉભો કરશે."

અને ફર્માવ્યું, આ તે જગા છે જ્યાં ખુદા તઆલાએ જેનો વાયદો તમારા નબીથી કર્યો છે.

આ'લા હઝરત ફર્માવે છે :–

**સુનતે હૈં કે મહશરમેં સિર્ફ ઉનકી રસાઈ હૈ**
**સિર્ફ ઉનકી રસાઈ હૈ લો જબ તો બન આઈ હૈ**
**મત્લઅમેં યે શક કયા થા વલ્લાહ ! રઝા વલ્લાહ !**
**સિર્ફ ઉનકી રસાઈ હૈ સિર્ફ ઉનકી રસાઈ હૈ**

એટલે કે મૈદાને મહશરમાં દરેકને શફાઅતની દરખાસ્ત કરવામાં આવશે પણ કોઈ શફાઅતની દરખાસ્ત કરશે નહીં અને શફાઅત કરીશું. એની ખુશખબરી આપશે નહીં. પ્રથમ આપણા પ્યારા આકા વ મૌલા صلی اللہ تعالیٰ علیہ وسلم જેમને અલ્લાહ તઆલા તરફથી મકામે મહમૂદ આપવામાં આવશે અને શફાઅતે કુબ્રાનું મહાન પદ આપને અર્પણ કરવામાં આવશે, જ્યારે આપ શફાઅતની રબથી દુઆ કરશે અને આપને શફાઅતની રજા આપવામાં આવશે, ત્યાર પછી બીજા નબીઓ, વલીઓ, નેક લોકો અને શહીદોને પણ શફાઅતની રજા આપવામાં આવશે. જેમ કે હદીષે પાકમાં નબીએ પાકના આ મહાન પદ તરફ ઈશારો કરવામાં આવ્યો છે.

આ'લા હઝરત ફર્માવે છે :–

**પેશે હક્ક મુઝદા શફાઅતકા સુનાતે જાએંગે**
**આપ રોતે જાએંગે હમકો હંસાતે જાએંગે**

એટલે કે સરકારે દો આલમ પોતાની ઉમ્મતની નજાત અને માફી માટે રબની બારગાહમાં સિજદો કરીને રડશે. આપને રડતાં જોઈ અલ્લાહ તઆલા આપને શફાઅત કરવાની રજા આપશે અને આપ શફાઅતની ખુશખબરી આપશે અને આપણને ખુશ કરી આપશે. હઝરત મૌલાના હસન રઝા બરેલ્વી رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

**ફકત ઈતના સબબ હૈ ઈનેઅકાદે બઝ્મે મહેશરકા**
**કે ઉનકી શાને મહબૂબી દિખાઈ જાનેવાલી હૈ**

એટલે કે જયારે શફાઅતની રજા આપી ગુનેહગારોને માફ કરી જન્નતી બનાવી દેવામાં આવશે તો પછી વિના શફાઅતે ખુદા તઆલાએ માફ કરી જન્નતી હોવાની ખબર કેમ ન સંભળાવી આપી ? તો એટલા માટે કે મહેશરમાં હાજરી આપનાર સર્વ લોકો પર એ વાત જાહેર થઈ જાય કે સરકારે દો આલમની મહબૂબિયત અને પ્રિયતાને બારગાહે રબમાં કેટલી છે ? માટે મહેશર રચવામાં આવશે. એટલા માટે તો આ'લા હઝરત ફર્માવે છે :–

**તુઝસે ઔર જન્નતસે કયા મતલબ વહાબી દૂર હો !**
**હમ રસૂલુલ્લાહકે જન્નત રસૂલુલ્લાહ કી !**

મુસ્લિમમાં હઝરત અબ્દુલ્લાહ બિન અમ્ર બિન આસ رضی اللہ عنہما થી રિવાયત છે કે હઝરત ઈબ્રાહીમ બાબતે અલ્લાહ તઆલાએ જે ફર્માવ્યું તેની તિલાવત નબીએ પાકે ફર્માવી :

**رَبِّ اِنَّهُنَّ اَضْلَلْنَ كَثِيْرًا مِّنَ النَّاسِ فَمَنْ تَبِعَنِيْ فَاِنَّهٗ مِنِّيْ**
**وَمَنْ عَصَانِيْ فَاِنَّكَ غَفُوْرٌ رَّحِيْمٌ**

અય મારા રબ ! મૂર્તિઓએ ઘણા લોકોને કુમાર્ગી બનાવી દીધા. જેમણે મારું અનુસરણ કર્યું તેઓ મારા છે (એટલે કે હઝરત ઈબ્રાહીમે





અનુસરણ કરવાવાળાઓને જ પોતાના ફર્માવ્યા)

હઝરત ઈસા علیہ الصلوٰۃ والسلام એ ફર્માવ્યું;

**اِنْ تُعَذِّبْهُمْ فَاِنَّهُمْ عِبَادُكَ**

"જો તું એમને અઝાબ કરે, બેશક ! તેઓ તારા બંદાઓ છે."

પછી હુઝૂરે પોતાના બંને હાથ ઉઠાવ્યા અને અરજ કરી, અય અલ્લાહ ! મારી ઉમ્મત ! મારી ઉમ્મત ! (નેક, બદ્, સારા અને ખરાબ સઘળા ઈમાનવાળા ઉમ્મતી) પછી રડવા લાગ્યા. તો અલ્લાહ તઆલાએ ફર્માવ્યું, અય જિબ્રઈલ ! મુહમ્મદ صلی اللہ تعالیٰ علیہ وسلم પાસે જાવ ! (આપનો રબ જાણે છે કે આપ શા માટે રડે છે અને આપની માંગ શું છે ? તો પણ આપને ખુશ કરવા માટે ચિંતાથી મુકત થવા માટે કહે છે) તેમને પૂછો શા માટે રડો છો ? હઝરત જિબ્રઈલ આવ્યા, પૂછયું તો હુઝૂરે એમને ખબર આપી. તો અલ્લાહ તઆલાએ જિબ્રઈલને ફર્માવ્યું, મુહમ્મદ પાસે જાવ ! અને એમને કહો : **اِنَّا سَنُرْضِيْكَ فِيْ اُمَّتِكَ وَلَا نَسُوْءُكَ** બેશક ! નિકટમાં અમે તમને તમારી ઉમ્મત બાબત ખુશ કરી દઈશું અને તમને ચિંતિત નહીં રાખીએ !

આ'લા હઝરત ફર્માવે છે :–

**અબ આઈ શફાઅતકી સાઅત અબ આઈ**
**ઝરા ચૈન લે મેરે ઘભરાને વાલે**

**وَمَا عَلَيْنَا اِلَّا الْبَلَاغُ الْمُبِيْنُ وَاٰخِرُ دَعْوَانَا اَنِ الْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ**

### (પ્રકરણ-૭)

## ઓલમાનાં મંતવ્યો

اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعَالَمِيْنَ وَ الصَّلٰوةُ وَ السَّلَامُ عَلٰى رَسُوْلِهٖ
سَيِّدِ الْمُرْسَلِيْنَ اَمَّا بَعْدُ فَاَعُوْذُ بِاللّٰهِ مِنَ الشَّيْطٰنِ الرَّجِيْمِ
بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ يَا اَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا اَطِيْعُوا اللّٰهَ
وَ اَطِيْعُوا الرَّسُوْلَ وَ اُولِي الْاَمْرِ مِنْكُمْ صَدَقَ اللّٰهُ مَوْلَانَا
الْعَظِيْمُ وَصَدَقَ رَسُوْلُهُ النَّبِيُّ الْاَمِيْنُ الْكَرِيْمُ وَ نَحْنُ عَلٰى
ذٰلِكَ لِمَنَ الشَّاهِدِيْنَ وَالشَّاكِرِيْنَ وَ الْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعَالَمِيْنَ
اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَا رَسُوْلَ اللّٰه
اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَا حَبِيْبَ اللّٰه
اَلصَّلٰوةُ وَالسَّلَامُ عَلَيْكَ يَا نَبِيَّ اللّٰه
اَلصَّلٰوةُ وَ السَّلَامُ عَلَيْكَ يَا نُوْرَ اللّٰه
صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْكَ وَسَلَّمَ

મારા પ્યારા આકા صلی اللہ تعالیٰ علیہ وسلم ની પ્યારી દીવાનીઓ ! ખુત્બા પછી જે આયતે કરીમા પઢવાનો મેં શરફ પ્રાપ્ત કર્યો તેની બાબત અલ્લાહ તઆલા મને હક્ક બોલવાની અને આપને હક્ક સાંભળવાની અને એની ઉપર અમલ કરવાની તૌફીક અતા ફર્માવે. (આમીન બિજાહિ સૈય્યદિલ મુરસલીન)

મારી બહેનો ! વસીલાના જુદા જુદા પ્રકરણો પર કુર્આન અને હદીષના પુરાવા રજુ કરવામાં આવ્યા, જેનાથી અલ્લાહના હુકમનું પાલન





અને રસૂલુલ્લાહના હુકમનું પાલન સ્પષ્ટ થયું. અલ્લાહ અને રસૂલના ઈર્શાદ પછી બીજા કોઈના ફર્માનની જરૂરત રહેતી નથી, પરંતુ વાતને સશકત બનાવવા માટે ઓલમાએ કિરામનાં મંતવ્યો પણ તમારી ખિદમતમાં રજુ કરવામાં આવે છે જેનાથી એ સ્પષ્ટ થશે કે વસીલો લેવા માત્ર આપણી માન્યતા નથી બલ્કે પૂર્વજ મહાન આલિમોની માન્યતા એ જ હતી અને આપણે તેમનું અનુસરણ કરી રહ્યા છીએ, જે અલ્લાહ અને રસૂલ પછી ઉલૂલ અમ્રના હુકમનું પાલન કરે છે.

(૧) અલ્લામા સૈયદ મહમૂદ આલૂસી રૂહુલ મઆની, સિપારા ત્રીસમાં પોતાનું મંતવ્ય પ્રગટ કરતાં લખે છે :–

કહેવામાં આવ્યું કે આ સૂરતની શરૂઆતમાં મૌતના સમયે નેક લોકોની રૂહો (પ્રાણો) શરીરોમાંથી કેમ કરી અલગ થાય છે તેની હાલત વર્ણવવામાં આવી છે અને તે નેક રૂહોની કસમ યાદ ફર્માવવામાં આવી છે.

આ રૂહો શરીરોમાંથી ખેંચીને કાઢવામાં આવે છે, શરીરો સાથે એમને સંબંધ હોવાથી જુદા થવા નથી માંગતી અને તેનું કારણ એ છે કે નેકીઓ કમાવવા માટે શરીર સવારીનો દરજો રાખે છે. અને એનાથી નેકીઓ કમાય શકાય છે અને તેમાં વધારો થઈ શકે છે. (પછી જ્યારે પ્રાણોને શરીરમાંથી અલગ કરી લેવામાં આવે છે) તો તેઓ આલમે મલકૂત તરફ ઉડી જાય છે અને તરતાં તરતાં બારગાહે ઈલાહીના નિકટ પહોંચી જાય છે. પોતાની શરાફત અને શકિતથી તેઓ ફરિશ્તાઓમાં ભળી જાય છે અથવા તેઓ કામ કરી શકવાની શકિત મેળવી લે છે. એટલા માટે કહેવામાં આવ્યું છે :

اِذَا تَحَيَّرْتُمْ مِنَ الْاُمُوْرِ فَاسْتَعِيْنُوْا مِنْ اَصْحَابِ الْقُبُوْرِ اَىْ
اَصْحَابِ النُّفُوْسِ الْفَاضِلَةِ الْمُتَوَفِّيْنَ وَلَا شَكَّ لِيْ اَنَّهٗ يَحْصُلُ
لِزَائِرِهِمْ مَدَدٌ رُوْحَانِيٌّ بِبَرَكَتِهِمْ وَكَثِيْرًا تَنْحَلُّ عُقَدُ الْاُمُوْرِ
بِاَنَامِلِ التَّوَسُّلِ اِلَى اللّٰهِ تَعَالٰى بِحُرْمَتِهِمْ

જયારે તમને મુશ્કેલીઓનો સામનો કરવો પડે તો કબ્રવાળાઓથી મદદની માંગ કરો એટલે કે નેક પ્રાણોવાળા વફાત પામેલાઓથી. અને કોઈ શંકા નથી કે તેઓની ઝિયારત કરવાવાળાઓને રૂહાની મદદ પ્રાપ્ત થાય છે

તેઓની બરકતથી તેઓની ઈજ્જતને લઈને ખુદાની બારગાહમાં તેમના વસીલાથી ઘણી વખત કામોની ગાંઠો ખુલી જાય છે.

અને એ પણ કહેવામાં આવ્યું કે આ વ્યાકરણોમાં તે પાક તબીયતના લોકોની કસમ યાદ ફર્માવવામાં આવી છે જેઓ સુલૂક (તસવ્વુફ)ના માર્ગમાં પગ મૂકે છે. ઈબાદત, બંદગી અને સતત કોશિષોથી, અંદર અને બહારને પાક કરવામાં લાગે છે. મારફતે ઈલાહીમાં ઉન્નતિના પંથે છે. (જ્યારે તેઓ પોતાના નફસને વાસનાઓથી રોકીને ઈબાદતના માર્ગમાં સતત કોશિશ કરી ખુદાની નિકટતા મેળવી લે છે) તો તેઓ બુલંદીઓના શિખરો પાર કરતાં કરતાં કમાલ સુધી પહોંચી જાય છે અને તેઓને એ દરજો મળે છે કે નાકામ લોકોને કામયાબી આપે છે. حَتّٰى تَصِيْرَ مِنَ الْمُكَمِّلَاتِ لِلنُّفُوْسِ النَّاقِصَةِ

## ★ અલ્લામાના કહેવાનો ભાવાર્થ ★

અલ્લામા મહમૂદ આલૂસી બગદાદીએ સૂરએ નાઝેઆતની તફસીરમાં પ્રથમ આયતોની તફસીરના બે ભાગ ફર્માવ્યા. એકનો સંબંધ જીવંત લોકો સાથે છે અને બીજાનો સંબંધ દુનિયાથી પર્દો ફર્માવી ગયેલાઓ સાથે છે. જે લોકો દુનિયામાં ખુદાના હુકમનું પાલન કરે છે અને એ માર્ગમાં સફળતા મેળવવા માટે સતત પ્રયાસો કરે છે તો તેઓ ધીમે ધીમે આગળ વધતા જાય છે. જ્યારે તેઓ અલ્લાહની મારેફત હાંસલ કરી લે છે, ખુદાની નિકટતા પ્રાપ્ત કરી લે છે અને કામયાબ બની જાય છે, પછી તેમને એ અધિકાર મળી જાય છે કે પ્રથમ તેઓ કામયાબી માટે પ્રયાસો કરી રહ્યા હતા હવે તેઓ બીજા લોકોને પોતાના ફૈઝથી કામયાબ બનાવી આપે છે.

એટલે કે કામયાબી પ્રાપ્ત કરવી હોય તો પોતે આ માર્ગમાં ઈબાદત અને બંદગીથી આગળ ધપવાના પ્રયાસો કરવા જોઈએ અને જેમણે કામયાબી મેળવી લીધી તેમનો સહારો લેવો જોઈએ.

બીજુ એ કે આવા કામયાબ અને બામુરાદ લોકો દુનિયાથી પર્દો કરે છે અને તેમની રૂહોને ઘણી પાક અને સ્વચ્છ હોવાને લઈને ફરિશ્તાની જમાઅતમાં જગા આપી દેવામાં આવે છે તો તેમની પાસે લોકોની જરૂરતો પૂરી કરવાની શકિતઓ આવી જાય છે. જ્યારે કોઈ પોતાની જરૂરતોમાં





તેમની મદદ લે છે તેઓ તેમની મદદ કરે છે અને તેમના વસીલાથી ખુદા તઆલાથી માંગ કરવામાં આવે છે તો બગડેલાં કામો તેમના સદકામાં બનાવી આપવામાં આવે છે.

સારાંશ એ કે નેક અને બુઝુર્ગ લોકો પોતાની હયાતીમાં પણ ફાયદો પહોંચાડે છે અને મરણ પછી એ સિલસિલો બંધ નથી થતો બલ્કે તેમાં વધારો થઈ જાય છે. અને તેઓ પર્દો ફર્માવ્યા પછી પણ લોકોની મદદ કરી તેમનાં કામો બનાવી આપે છે. એટલે બુઝુર્ગોથી તેમની હયાતીમાં પણ ફાયદો મેળવવો જોઈએ અને અવસાન પછી પણ તેમનાથી કામ લેવું જોઈએ.

**(૨)** અલ્લામા ઈબ્નુલ હાજ પોતાની કિતાબ અલમદખલમાં પોતાનું મંતવ્ય રજૂ કરતાં લખે છે :–

અલ્લાહની બારગાહમાં અલ્લાહવાળાઓનો વધારે વસીલો લેવો જોઈએ. કારણ કે અલ્લાહ તબારક વ તઆલાએ તેમને ચૂંટી લીધેલા છે અને તેમને ઈજ્જત અને બુલંદી અર્પણ કરી છે. જેમ તેમનાથી દુનિયામાં ફાયદો પહોંચાડયો છે તો આખેરતમાં તેમનાથી અધિક ફાયદો પહોંચાડશે. જેમને જરૂરત હોય તેઓ અવશ્ય તેમની ખિદમતમાં હાજરી આપે અને એમનો વસીલો લે, કારણ કે તેઓ અલ્લાહ અને તેમની મખ્લૂકની વચમાં વાસ્તો અને ઝરિયો છે. શરીઅતમાં એ વાત સ્પષ્ટ કરી દેવામાં આવી છે અને જાણી લેવામાં આવ્યું છે કે અલ્લાહની બારગાહમાં તેમની કેટલી કદર છે અને આ વાત ઘણી મશહૂર અને ખ્યાતિ પામેલ છે. પૂર્વ, પશ્ચિમ અને સમગ્ર જગતના આલિમો અને બુઝુર્ગો વંશ પરંપરાગત તેઓની કબ્રોની ઝિયારતથી બરકત મેળવી રહ્યા છે. ગુપ્ત અને જાહેર બંને તરીકાથી બરકત પામતા રહ્યા છે.

નેક લોકોની કબ્રોની ઝિયારત અતિ ઉત્તમ કાર્ય છે. કારણ કે એમાં સબકની સાથે બરકત પણ પ્રાપ્ત થાય છે. નેક લોકોની બરકતનો સિલસિલો તેમના અવસાન પછી પણ ચાલુ રહે છે, જેમ એમની જિંદગીમાં ચાલી રહ્યો હતો. એમની કબ્રો પર હાજરી આપીને દુઆ કરવી, એમને વસીલો બનાવવો, દીન અને ધર્મના આગેવાન આલિમો તરફથી ચાલી રહેલ અમલ છે. (સફીનતુન્નજાઅ લે અહ્લિલ્ ઈલ્તેજા)

ઈમામ આલૂસી રૂહુલ મઆનીમાં ફર્માવે છે : બદનોથી અલગ

થયા પછી પણ નેક રૂહો અને પ્રાણોના કાર્યો આ આલમમાં જાહેર થાય છે. કયારેક મુરીદ પોતાના શૈખને તેમના અવસાન પછી જુએ છે, દીદાર કરે છે, તેઓ મુસીબતમાં તેને માર્ગદર્શન આપે છે. (રૂહુલ મઆની)

**(૩) અલ્લામા કસ્તલાની ફર્માવે છે :-**

જયારે બધા જ લોકો કોઈ મુસીબતમાં સપડાય છે તો તેનાથી છૂટકારો મેળવવા પ્રથમ નોકબા દુઆ કરે છે, પછી નોજબા દુઆ કરે છે, પછી અખ્યાર દુઆ કરે છે, પછી અમદ દુઆ કરે છે. જો કબૂલ કરી લેવામાં આવે તો ઠીક નહીં તો ગૌષ દુઆ કરે છે અને માંગ પૂરી થતાં પહેલાં તેમની દુઆ કબૂલ કરી લેવામાં આવે છે. (તેમની દુઆની બરકતથી અલ્લાહ તઆલા લોકોને મુસીબતથી નજાત અતા ફર્માવે છે અને સુખમય જીવન અર્પણ કરે છે.) (શરહે ઝરકાની અલમવાહિબ, ભાગ-૫, પેજ-૪૧૦)

**(૪) હઝરત અહમદ શહાબુદ્દીન ઈબ્ને હજર હયતમી મક્કી** હઝરત અબૂ અબ્દુલ્લાહ કુરૈશી رحمۃ اللہ علیہ નો અચરજમાં પડી જવાય એવો કિસ્સો નકલ ફર્માવે છે :-

આપે કહ્યું કે હઝરત અબૂ અબ્દુલ્લાહ કુરૈશીએ બતાવ્યું; મિસ્રમાં ભયંકર દુષ્કાળ પડયો. લોકો ભૂખે તરસે તરફડવા લાગ્યા. દુઆ અને ઈસ્તિગફારમાં વ્યસ્ત થયા પણ કંઈ ફરક પડયો નહીં. ફર્માવે છે, પછી મેં સિરીયા પ્રદેશનો પ્રવાસ કર્યો. જયારે હું હઝરત ઈબ્રાહીમ ખલીલુલ્લાહ علیہ الصلوٰۃ والتسلیم ના મઝાર પાસે પહોંચ્યો તો આપે આગળ આવીને મારાથી મુલાકાત કરી. મેં વિનંતી કરી, અય અલ્લાહના રસૂલ ! હું તમારી ખિદમતમાં મહેમાન બનીને આવ્યો છું, મારી મહેમાની એ પ્રમાણે કરો કે મિસ્રવાસીઓ દુષ્કાળમાં સપડાયા છે તેઓ માટે દુઆ ફર્માવો ! હઝરત ઈબ્રાહીમ علیہ الصلوٰۃ والتسلیم એ દુઆ કરી તો અલ્લાહ તઆલાએ દુષ્કાળ દૂર ફર્માવ્યો.

હઝરત ઈબ્રાહીમથી રૂબરૂ મુલાકાત પર જે શંકા ઉપસ્થિત થાય છે તેનો જવાબ હઝરત ઈમામ યાફેઈ આ પ્રમાણે આપે છે :-

હઝરત અબૂ અબ્દુલ્લાહ કુરૈશીનું કહેવું કે મેં હઝરત ઈબ્રાહીમ ખલીલુલ્લાહની રૂબરૂ મુલાકાત લીધી એ તદ્દન સાચી વાત છે. કારણ કે આ લોકો જમીન અને આકાશને જોઈ રહ્યા છે અને નબીઓને તદ્દન જીવંત





હાલતમાં જુએ છે. આનો અસ્વીકાર તે જ વ્યકિત કરી શકે છે જેને વલીઓની શાનનું ઈલ્મ નથી. (ફતાવા હદીષિયા, ૨૫૬)

**(૫) અલ્લામા ઈબ્ને આબેદીન શામીની હનફી મસ્લકના ટોચના** આલિમોમાં ગણના થાય છે જેમની જગમશહૂર કિતાબ રદ્દુલ મુહ્તાર જેને શામી શરીફ પણ કહેવામાં આવે છે. આપની ઈલ્મી કાબેલિયતનો સશકત પુરાવો છે. તેઓ આટલું ઈલ્મ રાખવા છતાં પોતાના કામને સંપૂર્ણ કરવા વસીલાનો માર્ગ અપનાવી રહ્યા છે. ફર્માવે છે :-

હું નબીએ અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم ને અને ઉચ્ચ દરજ્જાના બુઝુર્ગોને અને અમારા આગેવાન ઈમામે આ'ઝમને વસીલો બનાવીને અલ્લાહ તઆલાની બારગાહમાં દુઆ કરું છું કે પોતાના એહસાનથી આ મુશ્કેલી આસાન કરી આપે અને એના સંપૂર્ણ કરવામાં તૌફીક અતા ફર્માવે. (રદ્દુલ મુહ્તાર, ભાગ-૧, પેજ-૩)

આ વસીલાનો ફાયદો એ થયો કે આપે એવી બેમિષાલ કિતાબ લખી જેને સમગ્ર જગતમાં ખ્યાતિ મળી અને આજે પણ તેને આધારભૂત સમજીને મસ્લકે હનફીના મુફતીઓ ઉપયોગમાં લાવી રહ્યા છે.

રદ્દુલ મુહ્તારએ દુર્રે મુખ્તારની શરહ છે. અલ્લામા ઈબ્ને આબેદીન ફર્માવે છે કે આ શરહ લખવાની રજા મને સરકારે દો આલમ صلی اللہ تعالیٰ علیہ وسلم તરફથી આપવામાં આવી અને રજા સ્વપ્ન અને ઈલ્હામથી આપવામાં આવી હતી. હુઝૂરની બરકતથી જ આ શરહ બધામાં આગળ નીકળી ગઈ. (શામી, ભાગ-૧, પેજ નં. ૯)

**(૬) હઝરત શૈખ સઅદી શીરાઝી ફારસી ભાષાના મહાન શાયર** હતા. આપની કિતાબ ગુલિસ્તાં અને બોસ્તાંને એટલી ખ્યાતિ મળી કે દુનિયાની ઘણી ભાષાઓમાં તેનું ભાષાંતર થયું. એ કિતાબ ગુજરાતીમાં પણ છે.

આપ અજોડ આલિમે દીન હતા. આપ વસીલાને માન્ય રાખતા હતા અને આપે પોતે પણ વસીલા સાથે દુઆ કરી છે :-

**ઈલાહી બ હક્કે બની ફાતેમા**
**કે બર કૌલે ઈમાં કુનમ ખાતેમા**

અય અલ્લાહ ! ફાતેમાની ઔલાદના વસીલાથી ઈમાનના શબ્દો સાથે મને મૌત આપજે.

(૭) હઝરત મૌલાના જામી رحمۃ اللہ علیہ હુઝૂરથી મદદ અને કૃપાની માંગ કરતાં ફર્માવે છે :–

**ઝે મહજૂરી બરઆમદ જાને આલમ**
**તરહ્હુમ યા નબીય્યલ્લાહ તરહ્હુમ**

**ન આખિર રહમતુલ્ લિલ્ આલમીની**
**ઝે મહરૂમા ચેરા ગાફિલ નશીની**

તમારી જુદાઈમાં દુનિયાની જાન નીકળી રહી છે, અય અલ્લાહના નબી ! કૃપા કરો ! કૃપા કરો ! અને કેમ નહીં ? તમે તો રહમતુલ્ લિલ્ આલમીન છો ! બે મુરાદોથી કેમ કરી ગાફિલ થઈ શકો છો !

(૮) હઝરત ઈમામ શાફઈ رحمۃ اللہ علیہને જ્યારે કોઈ મુશ્કેલીનો સામનો થતો તો આપ ઈમામે આ'ઝમ અબૂ હનીફા رحمۃ اللہ علیہના મઝાર પર હાજરી આપીને કબ્ર શરીફ પાસે દુઆ કરતા તો તેમની દુઆ જલ્દીથી કબૂલ થઈ જતી હતી.

**اِنِّیْ لَاَتَبَرَّكُ بِاَبِیْ حَنِیْفَةَ وَ اَجِیْئُ اِلٰی قَبْرِهٖ فَاِذَا عَرَضَتْ لِیْ حَاجَةٌ صَلَّیْتُ رَكْعَتَیْنِ وَ سَئَلْتُ اللّٰهَ تَعَالٰی عِنْدَ قَبْرِهٖ فَتُقْضٰی سَرِیْعًا**

હું ઈમામે આ'ઝમ અબૂ હનીફાથી બરકત હાંસલ કરું છું અને આપની કબ્ર શરીફની ઝિયારત માટે આવું છું. જ્યારે કોઈ જરૂરત આવી પડે તો હું બે રકાત નફ્લ નમાઝ અદા કરું છું અને આપની કબ્ર શરીફ પાસે ઉભો રહીને અલ્લાહ તઆલાથી માંગ કરું છું તો જલ્દીથી મારી જરૂરત પૂરી કરી દેવામાં આવે છે.

ઈમામ શાફઈ કોણ છે ? આપ ચાર ઈમામો પૈકી એક છે જેમની તકલીદ કરવામાં આવી છે. જેમનો મર્તબો શરીઅતમાં ગૌષથી પણ વધીને છે.

(૯) હઝરત ઈબ્ને હજર મક્કી رحمۃ اللہ علیہ લખે છે :–





**اِعْلَمْ اَنَّهٗ لَمْ یَزَلِ الْعُلَمَاءُ وَ ذَوُوْ الْحَاجَاتِ یَزُوْرُوْنَ قَبْرَهٗ وَیَتَوَسَّلُوْنَ بِقَضَاءِ حَوَائِجِهِمْ وَیَرَوْنَ نُجْحَ ذٰلِكَ**

જાણી લોકો કે આ પ્રમાણે આલિમો અને જરૂરતમંદો આપની કબ્રની ઝિયારત કરે છે અને પોતાની જરૂરતોને પૂરી કરવામાં આપનો વસીલો લે છે અને તેની સફળતા આંખોથી જુએ છે. (ખૈરાતુલ હિસાન)

ઈબ્ને હજર મક્કીના કહેવાનો ભાવાર્થ એ છે કે આ એક બે વ્યક્તિનું કામ નથી બલ્કે મોટા અને મહાન આલિમો વર્ષોથી આ પ્રમાણે આપના વસીલાથી મુરાદ પામી રહ્યા છે અને આલિમોને દેખીને પબ્લિક પણ પોતાની જરૂરતોમાં આપનો વસીલો લે છે અને કામયાબી પ્રાપ્ત કરે છે.

(૧૦) હઝરત અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ ઈમામ શાફઈનો હવાલો આપીને લખે છે કે હઝરત ઈમામ મૂસા કાઝિમની કબ્ર મુબારક પર દુઆ કબૂલ થાય છે તેમના શબ્દો આ પ્રમાણે છે :–

**قَبْرُ مُوْسَی الْكَاظِمِ تِرْیَاقٌ مُجَرَّبٌ لِاِجَابَةِ الدُّعَاءِ**

ઈમામ મૂસા કાઝિમની કબ્ર મુબારક દુઆની મકબૂલિયત માટે અનુભવ મેળવેલું તિર્યાક (ઝેરનું મારણ) છે. (અશ્અતુલ્ લમ્આત, બાબો ઝિયારતિલ્ કોબૂર)

અનુભવના શબ્દો બતાવી રહ્યા છે કે હઝરત ઈમામ શાફઈ رحمۃ اللہ علیہ વારંવાર હાજરી આપતા હશે અને તેમણે એક વખત દુઆ નહીં કરી હોય. વારંવાર દુઆઓ કરીને ફેંસલો ફર્માવ્યો હશે કે આપની કબ્ર મુબારક પાસે દુઆ કરવામાં આવે તો દુઆ કબૂલ થાય છે અને વારંવાર દુઆ કબૂલ થવાથી એ વાતનો અનુભવ મળી ગયો છે.

બીજુ એ કે આપ પોતાનો અનુભવ એટલા માટે પ્રગટ કરી રહ્યા છે કે લોકો પણ આપની કબ્ર મુબારક પર હાજરી આપી ફાયદો પ્રાપ્ત કરે.

તુસ શહેરમાં જ્યારે હું રહેતો હતો, મને ગમે તેવી તકલીફ પડતી તો હું અલી બિન મૂસા રઝાની કબ્ર શરીફ પર હાજરી આપતો અને ઝિયારત કરતો અને તેના દૂર થવાની દુઆ કરતો તો મારી દુઆ કબૂલ થતી અને તે મુસીબત દૂર

થઈ જતી અને આનો મેં વારંવાર અનુભવ મેળવેલ છે. (કિતાબુસ્સિકાત)

مَا حَلَّتْ بِی شِدَّةٌ فِی وَقْتِ مَقَامِیْ بِطُوْسَ وَ زُرْتُ قَبْرَ عَلِیِّ بْنِ مُوْسیٰ الرِّضَا صَلَوَاتُ اللّٰهِ عَلیٰ جَدِّهٖ وَعَلَیْهِ و دعوتُ اللّٰهَ تَعَالیٰ اِزَالَتَهَا عَنِّیْ اِلَّا اسْتُجِیْبَ لِیْ وَ زَالَتْ عَنِّیْ تِلْكَ الشِّدَّةُ وَهٰذَا شَیْئٌ جَرَّبْتُهٗ مِرَارًا

**(૧૨)** હઝરત અબુલ કાસિમ કુરૈશી ચોથી સદીના અજોડ આલિમ અને સૂફી બુઝુર્ગ હતા. આપ પ્રખ્યાત બુઝુર્ગ અને વલીએ કામિલ હઝરત મઅરૂફ કર્ખી બાબતે વખાણ કરતાં લખે છે :–

كَانَ مِنَ الْمَشَائِخِ الْكِبَارِ مُجَابُ الدَّعْوَاتِ يُسْتَسْقیٰ بِقَبْرِهٖ يَقُوْلُ الْبَغْدَادِيُّوْنَ قَبْرُ مَعْرُوْفٍ تِرْيَاقٌ مُجَرَّبٌ

આપ મહાન બુઝુર્ગ છે, આપની દુઆઓ કબૂલ થતી હતી, આપની કબ્રના સદકામાં વરસાદ માંગવામાં આવતો હતો. બગદાદવાસીઓ કહે છે, મઅરૂફની કબ્ર અનુભવ મેળવેલું તિર્યાક છે.

**(૧૩)** હઝરત શૈખ અબ્દુલ હક્ક મુહદ્દિષ رحمۃ اللہ علیہ હુઝૂર ગૌષે પાકની કિતાબ શર્હે ફોતુહુલ ગૈબમાં ફર્માવે છે :–

ઔલિયાએ કિરામ જ્યારે બશરિયતથી પસાર થઈને મારેફતના મેદાનમાં પગ રાખે છે તો એમને ખાસ પ્રકારની તાકાત અને શકિત અર્પણ કરવામાં આવે છે. જાહેર કારણો સિવાય કેટલાંક કામો તેમનાથી વજૂદમાં આવી જાય છે. ફના અને બકાના મર્તબા પર પહોંચીને કદીર નામની તજલ્લીનું મથક બની જાય છે. જ્યારે કે આ મર્તબો સામાન્ય મુસલમાનોને જન્નતમાં આપવામાં આવશે.

એટલે કે જન્નતમાં વિના કારણે માત્ર માણસના વિચારવા પર તેનું દરેક કામ બનાવી દેવામાં આવશે. અને દરેક જન્નતીની એ શાન હશે પણ અલ્લાહના બંદાઓ કેટલાક એવા પણ છે જેઓ દુનિયામાં અલ્લાહની મારેફતના સમુદ્રમાં ડૂબકી લગાડીને આલમે આખેરતના





કમાલને દુનિયામાં પ્રાપ્ત કરી લે છે.

**(૧૪)** હઝરત અબૂ ઐયૂબ رضی اللہ عنہ નું મઝાર શરીફ કુસ્તુન્તુનિયામાં છે. હિજરી સન ૫૦માં મુસલમાનોનું સૈન્ય કુસ્તુન્તુનિયામાં પહોંચ્યું, તેમાં હઝરત અબૂ ઐયુબ رضی اللہ عنہ એ શિર્કત કરી હતી. જ્યારે દુશ્મનોની સરહદ પર સૈન્ય પહોંચ્યું તો હઝરત અબૂ ઐયૂબ બીમાર થઈ ગયા અને બીમારી એટલી વધી ગઈ કે આપે વસિયત કરી આપી :–

اِذَا اَنَا مِتُّ فَاحْمِلُوْنِیْ فَاِذَا صَافَفْتُمُ الْعَدُوَّ فَادْفِنُوْنِیْ تَحْتَ اَقْدَامِكُمْ فَفَعَلُوْا

જો હું અવસાન પામું તો મને ઉઠાવી જશો જ્યારે તમે દુશ્મનો સામે સફ લગાડો તો મને તમારા પગો નીચે દફન કરી આપશો. તો લોકોએ એ પ્રમાણે કર્યુ.

દુશ્મનોના કિલ્લા પાસે આપને દફન કરવામાં આવ્યા અને ત્યાં આપની કબ્ર બનાવવામાં આવી અને ઈસ્લામી સૈન્યને ધમકી આપી કે નેક વ્યકિતની કબ્ર શરીફ છે. જો કોઈએ આ કબ્રની બેઈજ્જતી કરી તો મુસલમાનોના દેશોમાં જેટલા ચર્ચો હશે તેની બેઈજ્જતી કરવામાં આવશે એટલે આપની કબ્રની બેઈજ્જતી ન થઈ શકી. બલ્કે જ્યારે આપની કબ્ર શરીફથી લોકોને બરકત અને ફૈઝ મળવા લાગ્યો તો લોકોની ભીડ લાગવા માંડી અને આપના વસીલાથી લોકોની દુઆ કબૂલ થવા લાગી.

قَبْرُ اَبُوْ اَيُّوْبَ قُرْبَ سُوْرِهَا مَعْلُوْمٌ يَسْتَسْقُوْنَ بِهٖ فَيُسْقَوْنَ

અબૂ ઐયૂબની કબ્ર શરીફ કિલ્લાની દીવાર પાસે છે અને બધાને ખબર છે, ત્યાં પહોંચીને લોકો વરસાદ માટે દુઆ કરે છે તો વરસાદ થાય છે. (ઈસ્તીઆબ, ભાગ–૧, પેજ નં. ૪૦૪)

**(૧૫)** હઝરત મુજાહિદ ફર્માવે છે :

كَانُوْا اِذَا امْحَلُوْا كَشَفُوْا عَنْ قَبْرِهٖ فَمُطِرُوْا

જ્યારે દુષ્કાળ પડે છે તો લોકો કબ્ર શરીફને ઉપરથી ખોલી નાખે

છે તો વરસાદ પડે છે. (ઈસ્તીઆબ, ભાગ-૪)

### (૧૬) ઉમ્મે હરામનું મજાર :-

નબીએ અકરમ નૂરે મુજસ્સમ صلی اللہ تعالیٰ علیہ وسلم આરામ ફર્માવે છે, જાગે છે તો હસે છે, હઝરત ઉમ્મે હરામે પૂછયું : હુઝૂર ! તમે કેમ હસો છો ? તો આપે ફર્માવ્યું : મેં મુજાહિદોનું એક સૈન્ય જોયું જેમ રાજાઓ સિંહાસન પર બેસે છે એ પ્રમાણે તેઓ સમુદ્રમાંથી પસાર થઈ રહ્યા હતા. હઝરત ઉમ્મે હરામે વિનંતી કરી : હુઝૂર ! દુઆ કરો અલ્લાહ તઆલા મને તેઓમાંથી બનાવે. હુઝૂરે તેમના માટે દુઆ કરી ફરી આરામ ફર્માવવા લાગ્યા. જાગ્યા તો ફરી હસવા લાગ્યા. ઉમ્મે હરામે પૂછયું : હુઝૂર ! આપે ફર્માવ્યું, મેં મુજાહિદોનું બીજુ સૈન્ય જોયું જે એ જ પ્રમાણે સમુદ્રથી પસાર થઈ રહ્યું હતું. ઉમ્મે હરામે વિનંતી કરી : હુઝૂર ! મારા માટે દુઆ કરો કે અલ્લાહ મને એમાં શામિલ કરે. આપે ફર્માવ્યું : તુ પ્રથમ સૈન્યમાંથી છે (એટલે કે બીજા સૈન્યમાં તને જવાનો મોકો નહીં મળે. કારણ કે તું પ્રથમ સૈન્યમાં ગયા પછી શહીદ થઈ જશે.)

હુઝૂરના ફર્માન મુજબ હિજરી સન ૨૭માં ઉમ્મે હરામે મુસલમાન સૈન્યમાં ભાગ લઈ સમુદ્રથી સફર કરીને કબરસ ગયાં. ત્યાં પોતાની સવારી પર સવાર થવામાં પડી ગયાં અને શહીદ થઈ ગયાં. તેણીને ત્યાં જ દફન કરી દેવામાં આવ્યાં. આપની કબ્ર શરીફથી લોકોને ફૈઝ મળવા લાગ્યો તો આપની કબ્ર શરીફને ખ્યાતિ મળી. લોકો ત્યાં જઈને જે દુઆ કરતા આપના વસીલાથી દુઆ કબૂલ થઈ જતી. (અલબિદાયા વન્નિહાયહ, ભાગ-ટ, પેજ નં. ૧૫૩)

**(૧૭)** હઝરત મુજદ્દિદ અલ્ફેષાની અહમદ સરહિંદી رحمۃ اللہ علیہ ઈર્શાદ ફર્માવે છે કે મને એક ચીજમાં ઘણી જ શંકા હતી. એનો નિકાલ લાવવાની ઘણો કોશિશ કરી પરંતુ સફળતા પ્રાપ્ત ન થઈ. એક મુદ્દત થઈ ગઈ પણ કામ બન્યું નહીં. ચિંતા થવા લાગી કે એ બાબતે પૂછપરછ કરવામાં આવશે તો ? એટલે જલ્દીથી એનો નિકાલ લાવવો જોઈએ. આ ખયાલે અને વિચારે મને બેચૈન કરી દીધો, તબીયત ભારે લાગવા માંડી. ખુદાની બારગાહમાં દુઆ કરી કે આ ચિંતાથી મને મુકિત આપવામાં આવે.

ફર્માવે છે : ઓચિંતા હું એક મુબારક મઝાર પાસેથી પસાર થયો





અને આ ચિંતાથી મુકિત માટે મેં એમનાથી પણ મદદની માંગ કરી. અલ્લાહ તઆલાની રહમતની વર્ષા થઈ અને જે કામની ચિંતા હતી તેની હકીકત સ્પષ્ટ થઈ ગઈ. હુઝૂર રહ્મતુલ્ લિલ્ આલમીન, ખાતમુલ મુરસલીન صلی اللہ تعالیٰ علیہ وسلمની રૂહાનિયતે પણ કૃપા ફર્માવી અને દિલને તસલ્લી આપી. (મકતૂબાત, ભાગ-૧, પેજ નં. ૩૫૮)

હઝરત મુજદ્દિદ સાહેબે પોતાનું મંતવ્ય પોતાના પાત્રથી દર્શાવ્યું કે મેં મારી ચિંતાથી મુકિત માટે દુઆનો સહારો લીધો. મઝાર શરીફ પાસેથી પસાર થયો તો સાહેબે મઝારથી પણ મદદની માંગ કરી. એ વાતની દલીલ છે કે સાહેબે મઝાર હોય તો મદદની માંગ કરી શકાય છે. બીજું એ ફર્માવ્યું કે નબીએ પાકની રૂહાનિયતને હાજરી આપીને મને તસલ્લી આપી. એટલે કે નબીએ પાકને મારી હાલતની ખબર હતી અને આપ આવીને મદદ કરી શકે છે તો આપે આવીને મારી મદદ ફર્માવી અને ચિંતાથી મને મુકત કરાવ્યો. અને મુજદ્દિદ સાહેબે જે અકીદા અને માન્યતાનો ઉલ્લેખ કર્યો તે માન્યતા અને અકીદો અમારો છે.

**(૧૮)** હઝરત અબ્દુલ અઝીઝ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ આ બાબતે એક શર્તનો વધારો કરતાં લખે છે : "લાકિન ઈસ્તિમદાદ અઝ મશહુરીન બયાદ કર્દ" પરંતુ મદદની માંગ મશ્હૂર અને પ્રખ્યાત (બુઝુર્ગો અને વલીઓથી) કરવી જોઈએ.

એટલે કે દરેકથી મદદની માંગ નહીં કરવી જે મશ્હૂર અને ખ્યાતિ પામેલા વલીઓ છે જેમની વિલાયત અને બુઝુર્ગી પર લોકોની સંમતિ અને તેમનો દરજો ખુદાની બારગાહમાં ઘણો જ ઊંચો છે. અલ્લાહ તઆલા તરફથી તેમને તાકાત, શકિત અને ઈખ્તિયાર આપવામાં આવે છે. તેવા બુઝુર્ગોથી મદદની માંગ કરી શકાય છે અને તેમને મદદ માટે પુકાર કરી શકાય છે.

મુહદ્દિષ સાહેબે કામિલ અને પહોંચેલા બુઝુર્ગોને ઓળખવા માટે એક તરીકો બયાન ફર્માવ્યો છે. લખે છે : મય્યિતનું મોઢું કિબ્લા તરફ હોય છે એટલે ઝિયારત કરવાવાળો તેમના ચહેરા સામે છાતી પાસે ઉભો રહે અથવા બેસી જાય અને એકવીસ વખત આ તસ્બીહ પઢે :-

سُبُّوْحٌ قُدُّوْسٌ رَبُّنَا وَرَبُّ الْمَلٰٓئِكَةِ وَالرُّوْحِ

ત્યાર પછી ત્રણ વખત **સૂરએ કદ્ર**ની તિલાવત કરે અને પોતાની છાતી બુઝુર્ગોની છાતીની નજીક લાવે. દિલ દિમાગને ખરાબ વસવસા અને ખયાલોથી પાક અને સાફ કરે, મુરાકબો કરે. જો છાતીમાં ફૈઝ, બરકત અને નૂર જાણવા મળે અને દિલને શાંતિ મળે તો સમજો આ બુઝુર્ગ કામિલ છે પછી તેમનાથી મદદની માંગ કરે.

મદદની માંગ કરવાનો તરીકો આ પ્રમાણે છે કે ઝિયારત કરનાર વ્યકિત કબ્રના માથાવાળા ભાગ પાસે બેસે, કલ્માની આંગળી કબ્ર પર રાખી સૂરએ બકરહની પ્રથમ પાંચ આયતો અલિફ–લામ–મિમથી મુફલેહૂન સુધી તિલાવત કરે. પછી પગની જગાએ આવે અને સૂરએ બકરહની અંતિમ બે આયતોની તિલાવત કરે. પછી તે બુઝુર્ગને સંબોધીને કહે :–

હઝરત ! હું ફલાણા કામ માટે ખુદાની બારગાહમાં દુઆ અને ઈલ્તેજા કરી ચૂકયો છું, આપ પણ પોતાની દુઆ અને શફાઅતથી મારી મદદ કરો !

ત્યાર પછી ઝિયારત કરનાર કિબ્લા તરફ મોઢું કરીને અલ્લાહની બારગાહમાં દુઆ કરે તો ઈન્શાઅલ્લાહ દુઆ જરૂરથી કબૂલ થશે અને મુશ્કેલી દૂર થશે. (ફતાવા અઝીઝીયા, પેજ નં. ૭૦)

**(૧૯)** હઝરત અબૂ અબ્દુલ્લાહ સાલિમ પોતાનો કિસ્સો બયાન કરે છે. હું દરિયાએ નીલમાં બેટમાં હતો. મને એવું લાગ્યું કે મગર મારી ઉપર હુમ્લો કરવા માંગે છે. ઓચિંતા એક ખૂબસૂરત બુઝુર્ગ મને જોવા લાગ્યા. મારા દિલે મને કહ્યું : આ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم છે. હુઝૂરે ફર્માવ્યું : જ્યારે કોઈ મુસીબત આવે તો આમ કહો :– **اَنَا مُسْتَجِيْرٌ بِكَ يَا رَسُوْلَ اللهِ**

એક આંધળો મદીના શરીફના સફરે જવા નીકળ્યો. અબૂ અબ્દુલ્લાહે કહ્યું : જો તમને રસ્તામાં કોઈ મુસીબત આવી પડે તો ઉપરોકત શબ્દો પઢશો, હુઝૂરના સદકામાં મુસીબત દૂર થઈ જશે.

આંધળો પોતાના દોસ્તો સાથે એક જંગલમાં ગયો. કોઈ કાણસર પાણી પૂરું થઈ ગયું અને ઘણી કોશિશ કરી. દૂર દૂર સુધી શોધ કરી પણ પાણી ન મળ્યું. દરેકનો જીવ ખતરામાં મૂકાઈ ગયો. આંધળાનો દોસ્ત પણ પાણીની શોધમાં ગયો હતો એને દોસ્તની વાત યાદ આવી ગઈ. આથી વધીને





બીજી કોઈ મુસીબત હોય શકે છે ! એણે બુલંદ અવાજથી કહેવાનું શરૂ કર્યું :–

**اَنَا مُسْتَجِيْرٌ بِكَ يَا رَسُوْلَ اللهِ**

"અય અલ્લાહના રસૂલ ! હું તમારાથી મદદ માંગી રહ્યો છું."

ઓચિંતા તેણે એક અવાજ સાંભળ્યો, અય અલ્લાહના બંદા ! પોતાની મશકમાં પાણી ભરી લે. પછી એને એવું લાગ્યું કે એની મશકમાં પાણી ભરેલું છે. જંગલમાં એને પાણી મળી આવ્યું જ્યાં એક ટીપુ પાણી મળવું મુશ્કેલ હતું. (હુજ્જતુલલ્લાહે અલલ આલમીન, ૭૯૪)

**ફાયદો :–** મુસાફરોએ તકલીફ અને મુસીબતમાં નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم ને પુકાર કરી, નબીએ પાકે એમની મદદ ફર્માવી. અને એમને પાણીની જરૂરત હતી તો એમની મશક ગૈબથી પાણીથી ભરાઈ ગઈ. સ્પષ્ટ થયું : નબીએ પાકને મદદની નિય્યતથી પુકારવું જાઈઝ છે અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم આપણો અવાજ સાંભળે છે અને આપ અમારી મદદ ફર્માવે છે.

**(૨૦)** હઝરત ઈબ્ને હજર મક્કી رحمۃ اللہ علیہ પોતાની મહાન કિતાબ સવાઈકમાં લખે છે : રાજાએ એક વ્યકિતની આંખો ખરાબ કરાવી નાખી.લોખંડનો ગરમ સળીયો એની આંખોમાં ફેરાવાવી દીધો, જેનાથી આંખોનું પાણી વહી ગયું અને અંદરનો ભાગ પણ ઝખ્મી થઈ ગયો. દિમાગની અંદર વરમ આવી ગયો. ઝખ્મ વધવાથી અંદરથી ગંધ આવવા લાગી. મઝલૂમની જિંદગી ખતરામાં પડી ગઈ. તેમણે મદીના શરીફ માટે સફરનો સામાન તૈયાર કર્યો અને મદીનામાં રસૂલે પાકના મઝાર પર હાજરી આપી અને પોતાની શિકાયત કહી સંભળાવી :–

આકા ! જાલિમોએ વિના કારણે મારી આંખો ખરાબ કરી નાખી, દિમાગમાં વરમ આવી ગયો, તકલીફ હદથી વધી ગઈ છે. હુઝૂર ! કૃપા કરો અને મુસીબત દૂર કરો !

ફરિયાદ કરીને મિમ્બર પાસે ગયા. નસીબ કામ કરી ગયું. ફરિયાદ કબૂલી લેવામાં આવી. નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم મદદ માટે આવી પહોંચ્યા. શિફા આપનાર હાથ એમની આંખો પર રાખ્યો. તેમણે આંખો ખોલી તો નજર પરત આવી ગઈ હતી અને ઝખ્મની તકલીફ અને દર્દનું નિશાન સુધ્ધાં

ન હતું. ખુશી ખુશી ત્યાંથી પરત આવ્યા.

બાદશાહને ખબર પડી કે શરીફની આંખો સારી છે અને તેની નજર ગઈ નથી તો તેના ક્રોધનો પાર ન રહ્યો અને તેને એવું થયું કે જલ્લાદોએ લાગવગ ચલાવી છે અને મને ખોટી ખબર આપી છે.

ભરોસાપાત્ર લોકોએ રાજાને કહ્યું કે એવી વાત નથી ! શરીફને આંખોથી આંધળો અમે જોયો છે. સાફ દેખાતું હતું કે જલ્લાદોએ એમની આંખો કાઢી લીધી છે. હાલત માલૂમ કર્યા પછી રાજાને કહેવામાં આવ્યું : આલીજાહ ! શરીફને નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلمની બારગાહથી આંખો પરત આપવામાં આવી છે.

જ્યારે રાજાને ખબર પડી કે શરીફની પહોંચ નબીની બારગાહ સુધી છે ! તો તેણે શરીફની સતામણી છોડી દીધી અને તેમનાથી બચવા લાગ્યો. એને એવું થઈ ગયું કે જો શરીફને ફરીથી સતાવવામાં આવશે તો તે પોતે મુશ્કેલીમાં સપડાઈ જશે. (સવાઈક ઈબ્ને હજર મક્કી)

**ફાયદો :-** શરીફે નબીએ અકરમ નૂરે મુજસ્સમ صلی اللہ تعالیٰ علیہ وسلمથી તેમની બારગાહમાં હાજરી આપીને મદદની માંગ કરી અને નબીએ પાકે તેમની મદદ ફર્માવી કે ખરાબ થઈ ગએલી આંખોમાં નજર પરત આપી અને તેમને દેખતા કરી આપ્યા.

જો ગૈરખુદાથી અતાઈ મદદ સમજીને માંગ કરવી શિર્ક હોય તો નબીએ પાક તેમને મદદ ન ફર્માવતા અને તેમને ખુદાએ તઆલાથી માંગ કરવાનું માર્ગદર્શન આપતા. પણ આપે મદદ કરી એ સાબિત કરવા માટે કે અલ્લાહની બારગાહના પ્રિય લોકોથી મદદની માંગ થઈ શકે છે અને તેઓ ખુદાની અતાથી મદદ ફર્માવે છે.

**(૨૧)** સિવાદ બિન કારિબ ઈસ્લામ લાવતા પહેલાં જ્યોતિષ હતા. તેમની પાસે એક જિન મોઅક્કિલ હતો જે એમની પાસે આવીને ખબર આપતો હતો. એક રાત તે આવ્યો અને આપને નબી જાહેર થવાની ખબર આપી. પરંતુ આપ ઊંઘ જાગમાં હતા તો સુસ્તીને લઈને એની વાત પર ધ્યાન ન આપ્યું. બીજી રાત્રે ફરી વખત આવ્યો અને મને હલાવી હલાવીને એ ખબર આપી અને કહ્યું : સૂવાનો સમય નથી, જલ્દીથી જાગો અને તેમની





ખિદમતમાં હાજરી આપો ! ફર્માવે છે : આજે પણ મેં એની વાત પર ધ્યાન ન આપ્યું, તો ત્રીજી રાત્રે આવીને ફરી મને ખબર આપી અને કહ્યું : જો તારી પાસે અક્કલ હોય તો બની હાશિમમાં એક નબી જાહેર થયા છે તેમની પાસે હાજરી આપ અને મુસલમાન બની જા !

આપે લોકો પાસેથી નબી બાબતે માલૂમાત હાંસલ કરી, ખબરો સાંભળીને એમના આત્માને શાંતિ મળી અને મુસલમાન બની ગયા. હજી મુલાકાત થઈ ન હતી અને નબીની ખિદમતમાં હાજરી આપી ન હતી પણ એમને આપની શાનમાં પોતાના ઈલ્મ પ્રમાણે નઅત શરીફ લખી.

નઅત શરીફની ભેટ લઈને સફર કરી નબીએ અકરમની બારગાહમાં આવ્યા. આવતાની સાથે એમણે નઅત પઢવાનો ઈરાદો કર્યો, પરંતુ હઝરત અબૂબક્ર સિદ્દીકે ફર્માવ્યું : નબીએ પાકની નિકટ જાવ અને પછી સંભળાવો. તેઓ નબીએ પાકની તદ્દન નજીક થઈ ગયા અને હુઝૂરે પણ એમને નઅત પઢવાની રજા આપી. તો તેમણે પોતાની શાયરીમાં જિનના આપના નબી હોવાની ખબર આપવાનો કિસ્સો સંભળાવ્યો અને પછી નબીએ અકરમના વખાણ કરતાં ફર્માવે છે :-

**وَاَنَّكَ اَوْلَى الْمُرْسَلِيْنَ وَسِيْلَةً اِلَى اللّٰهِ يَا ابْنَ الْاَكْرَمِيْنَ الْاَطَائِبِ**

બેશક ! તમે તમામ રસૂલોથી ઉત્તમ છો ! અલ્લાહ તરફ વસીલામાં અય પાક અને બાઈજ્જત બાપ દાદાઓના પુત્ર !

**كُنْ لِيْ شَفِيْعًا يَوْمَ لَا ذُوْ شَفَاعَةٍ سِوَاكَ بِمُغْنٍ عَنْ سَوَادِ بْنِ قَارِبِ**

તમે મારી શફાઅત કરશો જે દિવસે આપ સિવાય સિવાદ બિન કારિબની શફાઅત કરનાર કોઈ ન હોય.

નબીએ પાકની બારગાહમાં તો સિવાદે પોતાનો કિસ્સો સંભળાવ્યો હતો પણ હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہની ખિલાફતના જમાનામાં હઝરત ઉમરના ફર્માન પર આપને સંભળાવ્યો હતો. હઝરત ઉમરે સાંભળીને ફર્માવ્યું હતું : તમારાથી આ પ્રમાણેની જ ઉમ્મીદ રાખી શકાય છે. (મઝમઉઝ્ઝવાઈદ, ભાગ-૮, પેજ નં. ૨૫૦)

નબીએ અકરમ નૂરે મુજસ્સમ صلی اللہ تعالیٰ علیہ وسلمની મુબારક જાતને વસીલો

બનાવવો જાઈઝ છે કારણ કે હઝરત સિવાદે નબીએ પાકની ખિદમતમાં એ પ્રમાણેનો શબ્દ ઉપયોગ કર્યો. હુઝૂરે સાંભળીને ખુશી પ્રગટ કરી. એટલે નબીને પણ એ શબ્દો પસંદ હતા. તો માત્ર નેક અમલોને જ વસીલો નથી બનાવી શકતા બલ્કે નેક લોકોને પણ અને એમની સંભવિત ચીજ વસ્તુઓને પણ વસીલો બનાવી શકાય છે.

**(૨૨) માલિક બિન દીનારની એક વલીથી મુલાકાત :–** બસરામાં ભયંકર દુકાળ પડયો. લોકો પાણીના ટીપાને તરસવા લાગ્યા, ચિંતિત નજરોથી આકાશે જોતા, મનોમન કહેતા કે કયારે વાદળો આવશે ? અને કયારે મેઘ વરસાવશે ? કયારે અલ્લાહની કૃપા થશે અને ધોધમાર વર્ષા કરશે ? પરંતુ દરરોજ સવાર થતી અને સૂર્ય પોતાનો ચહેરો બતાવતો. લોકો વર્ષા ન થવાને લઈને ચિંતિત છે અને તડકો કહે મારું કામ ! ઉદાસ થઈને આમ તેમ ફરી સમય પસાર કરતા.

જ્યારે લોકો ભયંકર મુશ્કેલીમાં સપડાયા અને વરસાદની ઋતુ પણ જલ્દીથી પૂરી થવાની તૈયારીમાં હતી. લોકોએ પ્લાન બનાવ્યો કે શહેરના લોકોને ઈદગાહમાં ભેગા કરવામાં આવે. બુઝુર્ગોને શોધી શોધીને લાવવામાં આવે અને સર્વ ભેગા થઈને ઈસ્તિસ્કાની નમાઝ અદા કરીએ અને બુઝુર્ગો દુઆ કરે અને લોકો આમીન કહે.

પ્લાન પ્રમાણે લોકોમાં એલાન કરવામાં આવ્યું અને નમાઝે ઈસ્તિસ્કા માટે લોકો નિયુકત સમયે ઈદગાહમાં ભેગા થયા. બુઝુર્ગોમાં હઝરત માલિક બિન દીનાર, હઝરત ષાબિત બોનાની, યહ્યા બક્કા, ઉત્બા ગુલામ અને હબીલ ફારસી જેવા મહાન બુઝુર્ગો હતા. બધાંએ ભેગા મળીને દુઆ કરી પણ જાહેરમાં કોઈ ફાયદો જોવા ન મળ્યો. હજી તે ઉદાસી તેની જગાએ જ હતી. આકાશમાં કોઈ પરિવર્તન જોવા ન મળતું હતું.

તે સમયના દારુલ ઉલૂમ અને દીની દર્સગાહોમાં જઈને દીન શીખતા બાળકો અને તાલિબે ઈલ્મો પાસે દુઆ કરવામાં આવી કે તાલિબ ઈલ્મોની દુઆની બરકતથી ઉદાસીથી મુકિત મળે. પણ લોકો તેમાં પણ અસફળ રહ્યા. અંતે ઉદાસ ચહેરે લોકો પોતાના ઘરો તરફ પરત આવ્યા. કોઈને સમજમાં ન આવતુ હતું કે હવે શું કરવું જોઈએ ? કયા કારણોસર આ





ભયંકર દુષ્કાળ આવ્યો છે તે પણ જાણવા મળતુ ન હતું કે તેનો નિકાલ લાવવામાં આવે.

હઝરત માલિક બિન દીનાર અને ષાબિત બોનાની લોકોના ચાલ્યા ગયા પછી ઈદગાહમાં જ રહ્યા અને વિચારતા રહ્યા, હવે શું કરવું જોઈએ ? એવામાં રાત પડી ગઈ, અંધારુ છવાઈ ગયું અને કોઈ કરતાં કોઈ જોવાતુ ન હતું. એવા સન્નાટામાં ઓચિંતા એક કાળો હબ્શી માણસ જોવા મળ્યો, કપડાં ફાટેલાં, શરીર પાતળુ, અશકિતનાં ચિન્હો સ્પષ્ટ જણાતાં હતાં, તેની જાહેરી હાલતથી એવું લાગતું હતું કે આ કોઈ ગુલામ છે. તેણે તો અમારી કોઈ પરવા ન કરી. ઈદગાહના એક ખૂણામાં જઈને તેણે બે રકાત નમાઝ અદા કરી અને પછી ખુદાની બારગાહમાં આ પ્રમાણે દુઆ કરી :–

اِلٰهِی وَسَیِّدِیْ وَمَوْلَائِیْ ۔ اِلٰهِیْ کَمْ تَرُدُّ عِبَادَكَ
اَنَفِدَ مَا عِنْدَكَ اَمْ نَقَصَ ۔ مَا خَزَنَتَكَ اَقْسَمْتَ
عَلَیْكَ بِحُبِّكَ لِیْ اِلاَّ ۔ مَا سَقَیْتَنَا غَیْثَكَ السَّاعَةَ

અય મારા સરદાર ! મારા માલિક ! મારા પરવરદિગાર ! કયાં સુધી તારા બંદાઓને ઉદાસ રાખશે ? તારી પાસે જે છે તે પૂરું થઈ ગયું છે ? અથવા તારા ખઝાનામાં કમી આવી ગઈ છે ? હું તને કસમ આપુ છું તારી મહોબ્બતની જે મારી સાથે છે, તારી વર્ષા હમણા જ તું અમારી ઉપર વરસાવ !

હઝરત માલિક બિન દીનાર કહે છે તેના મુખેથી દુઆના શબ્દો નીકળતાની સાથે આબોહવામાં પરિવર્તન આવ્યું, હવા ચાલવા લાગી, વાદળો ઉડવા લાગ્યાં. ભીની ભીની સુગંધ આવવા લાગી અને જોતજોતામાં તો ધોધમાર વરસાદ વરસવા લાગ્યો.

હઝરત માલિક બિન દીનાર કહે છે : ગુલામની દુઆ અને તેની મકબૂલિયતથી અમે અચંબામાં પડી ગયા. મેં હઝરત ષાબિત બોનાનીને કહ્યું : આજે એક કાળો ગુલામ બધાથી આગળ નીકળી ગયો અને બાજી લઈ ગયો !

અમને તેનાથી મુલાકાત કરવાનો શોખ થયો. અને તેની નિકટ ગયા અને કહ્યું : ભાઈ ! તારી દુઆના શબ્દો પર પ્રશ્ન ઉપસ્થિત થઈ શકે

છે. તમે તે મહોબ્બતને વસીલો બનાવ્યો જે અલ્લાહને તમારી સાથે છે. તમને શું ખબર ખુદાને તમારી સાથે મહોબ્બત છે કે નથી ? જ્યારે એ વાતની ખબર નથી તો પછી અજાણ ચીજને વસીલો કેમ કરી બનાવી શકાય ? જવાને નારાજગી પ્રગટ કરી અને કહ્યું : તમે તમારું કામ કરો ! જેણે પોતાની હસ્તીને ખત્મ ન કરી હોય તે આ રહસ્ય સમજી શકતો નથી.

તેની વાત પર અમારી પાસે કોઈ જવાબ ન હતો. અમે ચૂપ થઈ ગયા પણ અમને એ વાતનું યકીન થઈ ગયું કે આ નક્કી કોઈ અલ્લાહનો વલી છે અને મેદાને મહોબ્બતમાં ઘણો જ આગળ વધેલો છે. પછી તેઓ અમારાથી જુદા થઈને એક દિશાએ ચાલવા લાગ્યા. અમે પણ તેમની પાછળ પાછળ ચાલવા લાગ્યા, જોઈએ કે તેઓ કયાં જાય છે અને કયાં રહે છે ? તેઓ ચાલતા ચાલતા ગુલામોની મંડીમાં પહોંચ્યા. અમે તેમનું રહેઠાણ દેખી લીધું અને પરત આવ્યા.

બીજા દિવસે અમે ગુલામ લોકોની મંડીમાં ગયા જે ગુલામનો વેપાર ધંધો થતો હોય. વેપારી લોકોને અમે સારા ગુલામની માંગ કરી. તેમણે એકથી એક ગુલામ અમારી સમક્ષ રાખ્યા પણ જે ગુલામને અમે રાત્રે જોયો હતો તે જોવા ન મળ્યો. અમે એક ગુલામને પણ પસંદ ન કર્યો અને ઉદાસ થઈને ચાલવા લાગ્યા. મંડીની બહાર નીકળતાં એક રૂમમાં રાતવાળો ગુલામ જોવા મળ્યો જે નમાઝ અદા કરી રહ્યો હતો. અમે માલિકને જઈને આ હબ્શી ગુલામને ખરીદવાની ખુશી બતાવી. માલિકે કહ્યું : તમારે એ ગુલામ ખરીદવો છે ? અમે કહ્યું : હા ! માલિકે જવાબ આપ્યો, પણ એ વાત સાંભળી લો કે એ ગુલામ કશા કામનો નથી ! જો તમારે એને ખરીદવો હોય તો એની કિંમત બધા ગુલામથી ઓછી છે.

હઝરત માલિક ફર્માવે છે : અમે કિંમત આપી અને આ ગુલામને લઈને ચાલતા થયા. ગુલામે કહ્યું : ભાઈઓ ! હું કશા કામનો નથી, તમે મને શા માટે પસંદ કર્યો ? હઝરત માલિકે કહ્યું : અમે તમને ખિદમત માટે પસંદ નથી કર્યા, અમે તો એટલા માટે પસંદ કર્યા છે કે અમે તમારી ખિદમત અને સેવા કરીશું.

ગુલામે કહ્યું : તમારી વાત મારી સમજમાં ન આવી ! ખુલાસાવાર





વાત કરો ! હઝરત માલિકે ફર્માવ્યું : અસલ વાત એ છે કે ગત રાત્રીએ અમારી તમારી સાથે ઈદગાહમાં મુલાકાત થઈ હતી. તમારી દુઆથી અલ્લાહ તઆલાએ વરસાદ વરસાવ્યો, અમને ખબર પડી ગઈ કે આપ કે ગુલામ નહીં પણ ગુલામીના વસ્ત્રમાં અમારા આકા અને અલ્લાહના વલી છો.

આ વાત સાંભળીને તેઓ અચંબામાં પડી ગયા અને તેમના ચહેરાનો રંગ બદલાઈ ગયો. તેમણે સમજી લીધું કે મારી વિલાયતનું રહસ્ય જાહેર થઈ ગયું છે. અમે જઈ રહ્યા હતા, રસ્તામાં એક મસ્જિદ આવી. તેમણે કહ્યું : જો તમને મને રજા આપો તો હું મસ્જિદમાં જાઉં. અમે એમને મસ્જિદમાં જવાની રજા આપી. અમે જોતા રહ્યા. તેમણે મસ્જિદમાં જઈને સિજદો કર્યો અને આ પ્રમાણે ખુદાની બારગાહમાં દુઆ કરી :–

اِلٰهِیْ وَسَیِّدِیْ وَمَوْلَائِیْ- سِرٌّ کَانَ بَیْنِیْ وَبَیْنَكَ
اِطَّلَعَتْ عَلَیْهِ غَیْرُكَ - فَکَیْفَ یَطِیْبُ الْاٰنَ
عَیْشِیْ اَقْسَمْتُ عَلَیْكَ بِكَ - اِلَّا مَا قَبَضْتَنِیْ اِلَیْكَ السَّاعَةَ

અય મારા માઅ્બૂદ અને મારા આકા વ મૌલા ! જે રહસ્ય મારી અને તારી વચમાં હતું તેને તેં તારા ગૈર પર જાહેર ફર્માવી આપ્યું એટલે હવે મને જીવવું પસંદ નથી, હું તને કસમ આપીને વિનંતી કરું છું કે હમણા જ મારો જીવ લઈ લે !

હઝરત માલિક ફર્માવે છે : તેઓ લાંબા સમય સુધી સિજદામાં હતા તો અમે તેમની નિકટ જઈને જોયું તો તેમનો સિજદામાં ઈન્તેકાલ થઈ ગયો. એવામાં એક વ્યકિત કફન દફનનો જરૂરી સામાન લઈને આવ્યો અને કહ્યું કે તમે અમારા ભાઈને ઘણી ઈજ્જત આપી તે બદલ શુક્રિયા. ગૈબથી દરેક સામાનની વ્યવસ્થા થઈ ગઈ. અમે તેમને ઘણી જ ઈજ્જત અને અદબપૂર્વક દફન કર્યા.

હઝરત માલિક તેમની કબ્રથી મળતા ફૈઝનો ઉલ્લેખ કરતાં ઈર્શાદ ફર્માવે છે :–

فَبِقَبْرِهٖ نَسْتَسْقِیْ اِلَی الْاٰنِ وَنَطْلُبُ الْحَوَائِجَ مِنَ اللّٰهِ
تَعَالٰی رَحِمَهُ اللّٰهُ عَلَیْهِ

તો આજે પણ અમે તેની કબ્રના વસીલાથી વરસાદની દુઆ કરીએ છીએ અને અલ્લાહ તઆલાથી જરૂરતોની માંગ પણ તેની કબ્રના વસીલાથી કરીએ છીએ. અલ્લાહ તઆલા એમની ઉપર રહમતની વર્ષા ફર્માવે. (અલમુસ્તતરફ, ભાગ–૧, પેજ નં. ૧૪૬)

આ મુકદ્દસ વલીઓ અને બુઝુર્ગોના અમલ છે. તેઓ ફર્માવી રહ્યા છે કે અમે તેમની કબ્રના વસીલાથી દુઆ કરતા અને તેમના વસીલાથી મદદની માંગ કરતા, પોતાની મુરાદો અને જરૂરતો તેમના વસીલાથી પૂરી થવાની દુઆઓ કરતા અને અમારી દુઆઓ તેમના સદકામાં કબૂલ થતી હતી અને અમને મુરાદો મળતી હતી.

આનાથી એ સ્પષ્ટ થયું : અલ્લાહના વલીઓનો વસીલો લઈ શકાય છે. તેઓ ખુદાની બારગાહના પ્રિય છે, તેમના વસીલાથી મુરાદોની માંગ કરી શકાય છે. અલ્લાહ તઆલાના પ્રિયથી લોકોની અકીદત બાકી રહે તેના માટે તેમના નામથી કરવામાં આવેલી માંગ અલ્લાહ તઆલા પૂરી ફર્માવે છે.

**(૨૩)** હઝરત મૂસા علیہ السلام ની કૌમ બની ઈસ્રાઈલમાં એક નવયુવાન હતો. ઘણો જ મુત્તકી અને પરહેઝગાર, જેના તકવા અને પારસાઈ પર લોકોને ગર્વ હતો. અલ્લાહ તઆલાએ તેને ખ્યાતિ આપવા માટે એક કરામત એ જાહેર ફર્માવી હતી કે એ બહાર નીકળતો તો એના માથા પર વાદળનો ટૂકડો ચાલતો હતો. એ ઉભો રહે તો વાદળ ઉભુ રહે અને એ ચાલે તો વાદળ ચાલે. લોકોએ એને સાહેબુસ્સેહાબાનું ઉપનામ આપ્યું હતું એટલે કે વાદળવાળો.

જોગાનુજોગ તેનાથી ગુનાહનું કોઈ કામ થઈ ગયું અને અલ્લાહ તઆલા તેનાથી નારાજ થઈ ગયો. વાદળનો ટુકડો ગાયબ થઈ ગયો ! તેને ઘણો અફસોસ થયો અને તે ચિંતામાં રહેવા લાગ્યો કે એને એનું પદ કયારે મળશે અને અલ્લાહ તઆલા એનો ગુનોહ માફ ફર્માવી એનાથી ખુશ કેમ કરી થશે ? તે રાતે જાગી જાગીને રડી રડીને દુઆ કરતો, આંસૂઓનો વરસાદ વરસાવતો, પણ તેની એક સાંભળવામાં ન આવતી. એક રાત્રીએ તે ચિંતામાં આડો પડયો, ઊંઘ આવતાની સાથે એને સ્વપ્ન જોયું જેમાં એને આ વાતનો





ઈશારો કરવામાં આવ્યો કે ફલાણા પ્રદેશમાં એક રાજા છે, એમની પાસે જા અને એમને તારા માટે દુઆ કરવાની વિનંતી કરજે. જો તેઓ તારા માટે દુઆ કરશે તો તને તારું પદ પરત આપવામાં આવશે.

સવાર થતાંની સાથે નવયુવાને સફરનો સામાન તૈયાર કર્યો અને પોતાના મકસદની પ્રાપ્તિ માટે તે પ્રદેશ તરફ રવાના થયો. ત્યાં પહોંચી ગયો અને શાહી મહેલનો પતો પણ મેળવી લીધો. જ્યારે ત્યાં પહોંચ્યો તો એક ગુલામને સિંહાસન પર બેઠેલો જોયો. ગુલામે પૂછયું : તમારે કેમ આવવું પડયું ? તમારી જરૂરત બતાવો ! નવયુવાને વિનંતી કરી કે વાત એવી છે જેનો નિકાલ રાજાથી જ થઈ શકે છે એટલે કૃપા કરો તો રાજા સાથે મુલાકાત કરી શકું. ગુલામે કહ્યું : રાજા જુમ્આના દિવસે લોકો સાથે મુલાકાત કરે છે, તે સિવાય મુલાકાતની કોઈ જ વકી નથી.

નવયુવાન જુમ્આના ઈન્તેજારમાં પરત આવ્યો અને ઈબાદત કરતો રહ્યો. જુમ્આના દિવસે તેણ શાહી દરબારમાં હાજરી આપી તો લોકોની ભીડ લાગેલી હતી અને રાજા લોકોને ન્યાય આપી રહ્યો હતો. તે દિલમાં એવું વિચારી રહ્યો હતો કે આવા દુનિયાદાર રાજામાં શી ખૂબી હશે જેને કારણે મને એની પાસે મોકલવામાં આવ્યો. હું તો મારી વારીની રાહ જોતો રહ્યો. જ્યારે મારી વારી આવી તો જોતાંની સાથે રાજાએ કહ્યું : અય વાદળવાળા નવયુવાન ! મુબારકબાદ ! બેસો ! હું લોકોની જરૂરતો પૂરી કરી લઉં પછી તમારી બાબતે વિચાર કરીશું.

બધાંની જરૂરત પૂરી કર્યા પછી નવયુવાનને લઈને રાજાએ મહેલમાં પ્રવેશ કર્યો. સામેવાળી દીવાર પર ખૂબસૂરત કિંમતી દરવાજો હતો એને ખોલ્યો, અંદર ગયા તો એક ઝુપડી હતી જેના ખૂણામાં ખજૂરના છાણાં પડેલાં હતાં. ફાટેલી ચાદર પાંથરેલી હતી. રાજાએ શાહી કપડાં કાઢયાં અને ટાટના કપડાં પહેરી લીધાં. વાળની બનેલી એક ટોપી માથા પર રાખી, પછી રાજાએ અવાજ આપ્યો તો પર્દાની પાછળથી સ્ત્રીનો અવાજ સંભળાયો. રાજાએ કહ્યું : તમને ખબર છે આજે આપણાં ત્યાં કોણ મહેમાન છે ? સ્ત્રીએ જવાબ આપ્યો, ખબર છે, એ વાદળવાળો નવયુવાન છે. નવયુવાન અંચબામાં પડી ગયો કે આ લોકો ઘણા પહોંચેલા લાગે છે ! દિલની વાત પણ એમની ખબર પડી જાય છે.

રાજાએ કહ્યું : નવયુવાન ! તમે કહો તો હું તમારા માટે દુઆ કરું છું, તમારું કામ થઈ જશે અને તમે કહો તો હું તમને પ્રથમ મારી હાલત સંભળાવું. નવયુવાને કહ્યું : તમે પ્રથમ તમારી હાલત સંભળાવો, પછી મારા માટે દુઆ કરશો.

રાજાએ કહ્યું : મારા બાપ દાદા ઘણા નેક અને પરહેઝગાર હતા. જ્યારે હું રાજા બન્યો તો મને પસંદ ન હતું. હું એનાથી અલગ રહેવા માંગતો હતો. પણ પછી મેં વિચાર કર્યો કે જો હું છોડી દઈશ અને કોઈ જાલિમ રાજા બની જશે તો ખુદાના બંદાઓ મુસીબતમાં પડી જશે. મેં કામકાજ કરનારાઓની સંખ્યા વધારી આપી અને દરેક કામ માટે અલગ અલગ લોકો નિયુકત કર્યા.

મહેલમાં મેં આ ઝુંપડી બનાવી અને હું અહીં ફકીરીનું જીવન વિતાવું છું. હું સાદડી બનાવુ છું અને મારો એક ગુલામ આવીને આ સાદડી બજારમાં જઈને વેચી આવે છે તેનાથી અમે અમારો ગુજારો કરીએ છીએ. હમણા ગુલામ આવશે અને આ સાદડી લઈ જશે, એની કિંમત આપશે, આપણે રોઝો ખોલીશું. ગુલામ આવ્યો અને સાદડી લઈ ગયો. વેચીને ખાવાનું લાવ્યો ત્યારે અમે ખાવા ખાધું. સહેરીના સમયે રાજાએ મારા માટે દુઆ કરી :–

اَللّٰهُمَّ اِنَّ عَبْدَكَ هٰذَا يَطْلُبُ مِنْكَ رَدَّ سَحَابَتِكَ وَ اِنَّكَ
قَدْ دَلَلْتَهُ عَلَيْنَا اَللّٰهُمَّ اُرْدُدْهَا عَلَيْهِ اِنَّكَ عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ

અય અલ્લાહ ! બેશક ! તારો આ બંદો તારાથી તારા વાદળને પરત કરવાની માંગ કરે છે અને તેં જ એને અમારો માર્ગ બતાવ્યો છે. અય અલ્લાહ ! તું એને પરત ફર્માવી આપ ! બેશક ! તું દરેક ચીજ પર કુદરતવાળો છે.

રાજા દુઆ કરતો અને એની પત્ની આમીન કહેતી. દુઆ પૂરી થઈને વાદળનો ટુકડો જાહેર થયો અને છાંયડો બનીને મરી સાથે ચાલવા લાગ્યો.

રાજાએ કહ્યું : મુબારકબાદ ! અલ્લાહ તઆલાએ તમારી મુરાદ પૂરી ફર્માવી આપી.





નવયુવાન કહે છે, હું ત્યાંથી રવાના થયો અને વાદળ મારી સાથે સાથે ચાલતું રહ્યું. મેં રાજા અને એની પત્નીની મકબૂલિયત સ્વીકારી લીધી. ત્યાર પછી મને કોઈ જરૂરત પડતી તો હું તેમના વસીલાથી દુઆ કરતો તો મારી દુઆ કબૂલ થતી હતી. (અલ મુસ્તતરફ, ભાગ-૧, પેજ નં. ૧૫૧)

**(૨૪) હઝરત શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વી** رحمۃ اللہ علیہ

આપ ફર્માવે છે કે હું જ્યારે મદીના શરીફ પહોંચ્યો અને મઝારે અકદસમાં હાજરી આપી તો પર્દા ઉઠી ગયા. આલમે બરઝખમાં નહીં આ દુનિયામાં. સ્પષ્ટ અને ખુલ્લી મેં હુઝૂર નબીએ કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلمની રૂહ મુબારક મારી આંખોથી જોઈ. રૂહ મુબારક જગતમાં સમુદ્રના મોજાઓ માફક નૂરની વર્ષા કરી રહી છે. સરકારે ઘણી જ કૃપા કરી અને અલગ અલગ જલ્વાઓની ઝિયારત કરાવી. તે દિવસે એ હકીકત જાણવા મળી કે રૂહે અકદસને પણ શરીર માફક જોઈ શકાય છે અને એ રહસ્ય પણ જાણવા મળ્યું કે નબીઓના જીવંત હોવાનો મતલબ શું છે.

ત્રીજા દિવસે હાજરી આપી તો સલામની ડાળીઓ પેશ કરી, પછી હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ અને ફારૂકે આ'ઝમ رضی اللہ عنہના સામે પણ હાજરી આપી.

પછી ઘણી જ નમ્રતાપૂર્વક વિનંતી કરી :–

હુઝૂર રહ્‌મતુલ્ લિલ્ આલમીન છે, અમે ભલાઈ, બરકત અને ફૈઝાને કરમની મોટી મોટી ઉમ્મીદો લઈને હાજર થયા છીએ, આપ કૃપા કરો અને અમને કંઈક અર્પણ કરો !

હુઝૂરે ઘણી જ ખુશી પ્રગટ કરી. મને એવું લાગ્યું જાણે આપની કૃપાની ચાદરે મને ઢાંકી લીધો. પછી મારી સાથે ભેટયા અને મારી સમક્ષ જાહેર થઈ રહસ્યોથી મને વાકેફ કર્યો અને પોતાની જાતની પણ મારેફત કરાવી. મારી ઘણી જ મદદ ફર્માવી.

وَعَرَضَنِيْ كَيْفَ اَسْتَمِرُّبِهٖ فِيْ حَوَائِجَ

અને મને એનાથી પણ વાકેફ ફર્માવ્યો કે હું જરૂરતોમાં આપની મદદની માંગ કઈ રીતે કરું. (ફ્રેયુઝુલ હરમૈન)

**ફાયદો** :- હઝરત શાહ વલીયુલ્લાહ સાહેબને અમે તો બુઝુર્ગ કબૂલ કરીએ છીએ પણ ગૈરખુદાની મદદની માંગ કરનારને મુશ્રિકનો ફત્વો આપનાર દેવબંદી અને જમાઅતી લોકો પણ આપને બુઝુર્ગ અને ભરોસાપાત્ર સ્વીકારે છે ! તેમણે એ હકીકતથી આપણને વાકેફ કર્યા કે મેં હુઝૂરથી રૂબરૂ મુલાકાત કરી, માથાની આંખોથી આપનો દીદાર કર્યો, આપે મને રહસ્યોથી વાકેફ કર્યો. તેઓ પૈકી એક એ છે કે આપે મને બતાવ્યું : તમને કોઈ જરૂરત પડે તો મારાથી મદદની માંગ કરશો, હું તમારી મદદ કરીશ અને મદદની માંગ કરવાનો તરીકો શું છે તેનાથી પણ મને વાકેફ કર્યો.

હુઝૂર જ્યારે પોતે ફર્માવે કે મારાથી મદદની માંગ કરો, એ વાતની દલીલ છે કે નબીઓ અને અલ્લાહની બારગાહના પ્રિય લોકો અવસાન પછી પણ મદદ કરી શકે છે અને એમનાથી મદદની માંગ શિર્ક નથી બલ્કે નબીની તા'લીમાત પર અમલ છે.

**(૨૫)** હઝરત અબ્બાસ رضی اللہ عنہ નબીએ પાકના કાકા છે. આપ ઈમાન લઈ આવ્યા હતા. તેમની પીઠમાં આપ મૌજૂદ હતા તો પછી તેઓ કેવી રીતે સળગે ! : وَرَدْتَ نَارَ الْخَلِيْلِ مُكْتَتِمًا وَرَدْتَ نَارَ الْخَلِيْلِ مُكْتَتِمًا

જ્યારે તમે જન્મ્યા પૃથ્વી પ્રકાશિત બની ગઈ, વાતાવરણ તમારા નૂરથી નૂરાની બની ગયું.

فَنَحْنُ فِي ذٰلِكَ الضِّيَاءِ --- وَفِي النُّوْرِ سُبُلَ الرَّشَادِ نَخْتَرِقُ

તો અમે તે નૂર અને પ્રકાશમાં હિદાયતના માર્ગે ચાલી રહ્યા છીએ.

وَمَنْ تَكُنْ بِرَسُوْلِ اللّٰهِ نُصْرَتُهٗ فَالْفَتْحُ مِنْ جُنْدِهٖ وَ النَّصْرُ وَ الظَّفَرُ

અને જેને અલ્લાહના રસૂલના વસીલાથી એમની મદદ પ્રાપ્ત થાય તો વિજય, મદદ અને સફળતા એનું સૈન્ય બની જાય છે.

دَعَاكُمْ مُسْتَغِيْثًا رَاجِيًا اَمَلًا فَهَلْ لَكُمْ مِنْ سِوىٰ لُطْفِكُمْ نَظَرُ

તેણે તમને ફરિયાદી બનીને ઉમ્મીદ રાખીને તમને પુકાર કરી,





તમારી કૃપા અને મહેરબાની સિવાય કોઈ સહારો નથી.

فَاعْطِفْ اِلٰهِيْ عَلَيْنَا قَلْبَ سَيِّدِنَا خَيْرُ الْاَنَامِ فَمِنْهُ الْعَطْفُ مُنْتَظَرُ

અય અલ્લાહ ! અમારા સરદારનું દિલ અમારી તરફ નમાવી આપ જે બધા લોકોથી ઉત્તમ છે. તેમનાથી કૃપાની ઉમ્મીદ છે.

**ફાયદો** :- શાયરીનો તર્જુમો પઢવાથી તમને જાણવા મળશે કે નબીએ પાકને આપના દુનિયામાં પધાર્યા પહેલાં પણ વસીલો માનવામાં આવ્યો અને આપના થકી નબીઓને ફાયદો મળ્યો. અને દુનિયામાં પધાર્યા પછી પણ આપ મખ્લૂક માટે વસીલો છે અને આપની મદદથી દરેકનું કામ બની જાય છે.

## (૨૧) હઝરત ઈમામ માલિક رحمۃ اللہ علیہ

અલ્લામા કાઝી અયાઝ નકલ ફર્માવે છે કે બગદાદનો ખલીફા મન્સૂર મસ્જિદે નબવીમાં હાજર થયો. ઈમામ માલિક સામે વાત કરતાં કરતાં એનો અવાજ ઊંચો થઈ ગયો. હઝરત ઈમામ માલિકે ક્રોધમાં આવી ફર્માવ્યું : અમીરુલ મો'મેનીન ! અલ્લાહ عزوجل નું ફર્માન છે :

لَا تَرْفَعُوْا اَصْوَاتَكُمْ فَوْقَ صَوْتِ النَّبِيِّ

એટલે કે પોતાના અવાજોને નબીના અવાજથી ઊંચા ન કરો ! હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નો અદબ અને આપની ઈજ્જત આજે પણ એટલી જ જરૂરી છે જેટલી કે આપની જાહેરી હયાતમાં હતી. એટલે ખબરદાર ! કબ્રે અન્વર પાસે કદાપી ઊંચે અવાજે વાત ન કરશો ! ઈમામ સાહેબની વાત સાંભળીને ખલીફા ચૂપ થઈ ગયો. પછી ધીમે સ્વરે એક મસ્અલો માલૂમ કર્યો. અય ઈમામ ! મેં હુઝૂરની બારગાહમાં સલામ પેશ કરી, હવે હું કબ્રે અન્વર તરફ મોઢું કરીને દુઆ કરું ! ઈમામ સાહેબે ફર્માવ્યું : તમે પોતાનો ચહેરો હુઝૂર علیہ الصلوٰۃ والتسلیم થી કેમ કરી ફેરવશો જ્યારે કે આપ ખુદાની બારગાહમાં તમારા અને તમારા બાપ આદમ علیہ الصلوٰۃ والتسلیم ના પણ વસીલા છે. તમે હુઝૂર علیہ الصلوٰۃ والتسلیم તરફ મોઢું રાખીને ખુદાથી દુઆ માંગો અને ખુદાની બારગાહમાં આપને શફીઅ બનાવો તો ખુદાવંદ તઆલા

આપના વસીલાથી તમારી દુઆઓ કબૂલ ફર્માવશે. અલ્લાહ તઆલાના આ ફર્માનને યાદ રાખો :- وَلَوْ اَنَّهُمْ اِذْ ظَّلَمُوْٓا (વફાઉલ વફા, ભાગ-૪, પેજ નં. ૧૩૭૬)

**ભાવાર્થ :-** ઈમામ સાહેબના કહેવાનો ભાવાર્થ એ છે કે નબીએ અકરમનો વસીલો લેવો જાઈઝ છે. આપ હઝરત આદમના પણ વસીલા બન્યા હતા અને આપના મુબારક નામના વસીલાથી હઝરત આદમ عليه السلام ની તૌબા કબૂલ કરવામાં આવી હતી. જ્યારે આપ નબી માટે વસીલો છે તો પછી આપના માટે વસીલો કેમ ન બને.

બીજું એ કે નબીએ અકરમની કબ્ર શરીફ તરફ મોઢું રાખીને દુઆ કરવી જાઈઝ છે. એનાથી શિર્ક સાબિત નથી થતું, બલ્કે એનો મતલબ પણ એ જ છે કે દુઆ ખુદાથી અને વસીલો સરકારે મદીનાથી.

ત્રીજું એ કે અલ્લાહ તઆલાએ દુઆ કરવા માટે આપણને નબીની બારગાહ બતાવી કે ત્યાં જઈને દુઆ કરો, પછી ત્યાં હાજરી આપીને ત્યાંથી મોઢું કેમ કરી ફેરવવામાં આવે ?

આ'લા હઝરત ફર્માવે છે :-

**બે ઉન્કે વાસ્તે ખુદા કુછ અતા કરે**
**હાશા ! ગલત ગલત યે હવસ બેબસરકી હૈ**

## (૨૨) હઝરત અબૂ ઐયૂબ અન્સારી رحمة الله عليه

મદીના મુનવ્વરાનો ઉમવી ગવર્નર મરવાન બિન હકમ નબીએ પાકના મુબારક રોઝા પર હાજર થયો તો જોયું કે એક વ્યકિત કબ્ર શરીફ સાથે ચોંટીને પડેલો છે. મરવાને એનું ગળુ પકડીને ઉભો કર્યો અને કહ્યું : અય માણસ ! તને કંઈ ખબર છે તું શું કરી રહ્યો છે ? તો તેણે માથુ ઉઠાવીને જવાબ આપ્યો : હા ! હું ખૂબ જાણુ છું કે શું કરી રહ્યો છું. અય મરવાન ! હું માટી અને પથ્થર પાસે નથી આવ્યો ! બલ્કે હું રસૂલુલ્લાહના દરબારમાં હાજર છું ! અય મરવાન ! જ્યારે દીનદાર અને ધાર્મિક લોકો ગવર્નર બને તો રડવાની જરૂરત નથી. પરંતુ જ્યારે નાઅહલ લોકો વાલી બને તો રડવું જોઈએ. મરવાન ગરમ ગરમ વાત સાંભળીને નાસી ગયો !





મુત્તલિબ બિન અબ્દુલ્લાહ કહે છે : આ બુઝુર્ગ જેમણે મરવાન ગવર્નરને તોડી પાડયો તે જલીલુલ કદ્ર સહાબી હઝરત અબૂ ઐયૂબ અન્સારી رضي الله عنه હતા. (વફાઉલ વફા, પેજ નં. ૧૪૦૨)

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા ફર્માવે છે :-

**અલ્લાહુ અકબર ! અપને કદમ ઔર યે ખાકે પાક !**
**હઝરત મલાઈકાકો જહાં વઝએ સરકી હૈ**
**મેઅરાજકા સમાં હૈ કહાં પહોં ઝાઈરો**
**કરસૂસે ઊંચી કુરસી ઈસી પાક દરકી હૈ**

**ફાયદો :-** કબ્ર પાસે હાજરીનો મતલબ માટી અને પથ્થર પાસે હાજરી નથી બલ્કે એનો મતલબ સાહેબે કબ્ર પાસે હાજરી છે. કબ્રવાળો કામિલ હોય તો ત્યાં હાજરી આપીને હૈઝની પ્રાપ્તિની નિય્યત રાખી શકાય છે અને ત્યાં જઈને મદદની માંગ કરી શકાય છે, જો કબ્રવાળો મદદ કરવા કામિલ હોય.

## (૨૩) હાજી ઈમ્દાદુલ્લાહ સાહેબ મુહાજિર મક્કી ફર્માવે છે:-

**શફીએ આસિયાં તુમ હો વસીલએ બેકસાં તુમ હો**
**તુમ્હેં છોળ અબ કિધર જાઉં બતાઓ યા રસૂલલ્લાહ !**
**જહાઝ ઉમ્મતકા કર દિયા હૈ હકને આપકે હાથોં**
**બસ અબ ચાહો صلى الله تعالى عليه وسلم બાઓ યા તિરાઓ યા રસૂલલ્લાહ !**
**ફંસાકર અપને દામે ઈશ્કમેં ઈમદાદ આજિઝકો**
**બસ અબ કૈદે દો આલમસે છુળાઓ યા રસૂલલ્લાહ !**
**(ગુલઝારે મઅરેફત, પેજ-૪)**

**ફાયદો :-** હાજી સાહેબ મૌલ્વી અશરફ અલી થાનવીના પીર છે અને ઘણા બધા દેવબંદી આલિમોના પીર અને વડા છે. તેમણે પોતાની શાયરીથી ત્રણ વાતો સ્પષ્ટ કરી. નબીથી મદદની માંગ કરી શકાય છે અને એ માંગ શિર્ક નથી, ઈસ્લામના વર્તુળમાં છે. બીજુ એ કે ગમે ત્યાં રહીને આપને "યા" શબ્દથી સંબોધન કરી શકાય છે અને યા રસૂલલ્લાહ કહેવું વિના શંકાએ જાઈઝ છે. ત્રીજું એ કે નબીએ અકરમની જાતને ખુદાની બારગાહમાં વસીલો બનાવી શકાય છે. એ જરૂરી નથી કે માત્ર નેક અમલોને

જ વસીલો બનાવવામાં આવે.

**(૨૪) મૌલ્વી અશરફ અલી થાનવી લખે છે :-**

يَا شَفِيْعَ الْعِبَادِ خُذْ بِيَدِیْ اَنْتَ فِی الْاِضْطِرَابِ مُعْتَمَدِیْ

અય બંદાઓની શફાઅત કરનાર ! મારો હાથ પકડી લો ! તમે મુશ્કેલીમાં મારો સહારો છો !

لَيْسَ لِیْ مَلْجَاءٌ سِوَاكَ اَغِثْ مَسَّنِیَ الضُّرُّ سَيِّدِیْ وَسَنَدِیْ

તમારા સિવાય મારું કોઈ ઠેકાણું નથી ! તમે મારી મદદ કરો ! અય મારા સરદાર અને મારી સનદ હું મુશ્કેલીમાં પડયો છું !

**ફાયદો :-** નબીએ પાકથી મદદની માંગ કરવી જાઈઝ છે અને આપને ગૌષ કહેવું પણ જાઈઝ છે અને આપને યા શબ્દથી સંબોધન કરવું જાઈઝ છે એવું મૌલાના અશરફ અલીના લખાણથી સ્પષ્ટ થયું !

મુનાજાતે મકબૂલમાં છે : પેજ નં. ૨૩૦, મૌલ્વી અશરફ અલી થાનવી સાહેબ લખે છે :-

اَغِثْنِیْ يَا رَسُوْلَ اللّٰهِ اِنِّیْ لَمَغْبُوْنٌ وَّقَنَّطَنِی الْفُطَّامُ

અય અલ્લાહના રસૂલ ! મારી મદદ કરો ! હું નુકસાનમાં છું અને મોટા મોટાઓએ મને માયૂસ કરેલો છે.

تَرَحَّمْ يَا ابْنَ آمِنَةَ تَرَحَّمْ فَفِیْ حَوْبِیْ رِضَائِیْ وَالْفُطَّامُ

અય આમેનાના લાલ ! કૃપા કરો ! ગુનાહોમાં મેં મારું જીવન વિતાવ્યું છે.

بِكَ اسْتَشْفَعْتُ فِیْ قِلِّیْ وَكُثْرِیْ بِكَ اسْتَشْفَيْتُ اِنْ عَرَضَ السِّقَامُ

ઓછા વધતા દરેકમાં હું તમારી શફાઅતની માંગ કરું છું ! અને હું બીમાર પડું તો તમારાથી જ શિફાની માંગ કરું છું.

**નોંધ :-** ઉપરોકત અમુક હવાલાઓ બીજા મસ્લકના આલિમોના





પણ રજૂ કરવામાં આવ્યા તેનો મતલબ એ છે કે દરેકને સ્વીકારી લેવું પડે કે વસીલાના અલગ અલગ ભાગ કરવામાં આવ્યા તે માત્ર અમારી પેદાવાર નથી બલ્કે એના જવાઝમાં (જાઈઝ હોવામાં) બીજા મસ્લકના વડા આલિમોના પુરાવા મળી આવે છે તો પછી વિરોધીઓએ વિરોધ કરતા પહેલાં પોતાની કિતાબો અને પોતાના આલિમોનાં મંતવ્યો જોઈ લેવાં જોઈએ ! નહીં તો પછી તેમના વડા આલિમો પણ ફત્વાની ધારમાં આવવાથી બચી શકશે નહીં. દાખલા તરીકે દેવબંદી મસ્લકના આલિમ મૌલ્વી સિરાજુદ્દીને **દર્સે તૌહીદ** નામી કિતાબમાં કર્યું :-

**(૧)** અલ્લાહ તઆલાકે સિવા કિસી ઔરમેં નફાઓ નુકસાનકી કુદરત અઝ ખૂદ યા ખુદાકી બખ્શી હૂઈ જાનના ઔર માનના શિર્ક હૈ.

**(૨)** ખૂદ સૈયદુલ અંબિયાકો નફાઓ નુકસાન પહોંચાનેકી કુદરત ન તો ખૂદ બખૂદ ઔર ન ખુદાકી બખ્શી હૂઈ.

તો આ હતું દેવબંદી મસ્લકના આલિમ મૌલ્વી સિરાજ સાહેબનું લખાણ અને મૌલ્વી ઈસ્માઈલ દહેલ્વીની કિતાબ તકવિયતુલ ઈમાનમાં તો આ પ્રમાણેનાં અસંખ્ય લખાણો છે. પછી એમણે વિચાર કરવો જોઈએ કે ઉપરોકત એમના વડા આલિમોએ ના કહીને પણ એ સર્વ કામો કરેલાં છે !

**મુદ્દઈ લાખપે ભારી હૈ ગવાહી તેરી**

**ફલાણાના હકથી :-** પાછલા પ્રકરણમાં એ વાતનો ખુલાસો કરી દેવામાં આવ્યો છે કે અલ્લાહની બારગાહમાં વસીલો એ પ્રમાણે પણ કાયમ કરી શકાય છે કે અલ્લાહ ફલાણાના હકથી મને અતા ફર્માવ.

અલ્લાહ તઆલા પર કોઈનો હક્ક વાજિબ નથી અને કોઈનું નામ લેવાથી અલ્લાહ તઆલા પર આપવું વાજિબ નથી થઈ શકતું અને કોઈ પણ મુસલમાન વસીલો લે છે તો એનો મતલબ એ જ હોય છે કે ફલાણો વ્યકિત અલ્લાહ તઆલાનો પ્રિય છે અને અલ્લાહ તઆલા એનાથી ખુશ છે, તો જો એમને વસીલો બનાવી લેવામાં આવે તો પ્રિયના નામથી ખુશ થઈને આપણને અર્પણ કરી આપે. અલ્લાહ પર વાજિબ છે એવું કોઈ માનતું નથી અને જો કોઈ માનતું હશે તો પોતાની જહાલત અને અજ્ઞાનતાથી, તો તેવા વ્યકિતએ તૌબા કરવી જોઈએ.

આ બાબતે પુરાવા રજુ કરવામાં નથી આવ્યા તો અહીં આપણે પુરાવા સાથે ચર્ચા કરીશું કે બિજાહિ ફલાં અને બહક્કે ફલાં કહીને ખુદા તઆલાથી માંગ કરી શકાય છે અને એ પ્રમાણે ખુદાની બારગાહમાં વસીલો પણ કાયમ કરી શકાય છે.

**(૧)** ઈબ્ને માજહ્માં હઝરત અબૂ સઈદ ખુદરીથી રિવાયત છે : નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું : જ્યારે કોઈ વ્યકિત નમાઝ માટે પોતાના ઘરેથી નીકળે અને આ દુઆ પઢે તો અલ્લાહ તઆલાની રહમત તેના તરફ કેન્દ્રિત થશે અને સિત્તેર હજાર ફરિશ્તાઓ એના માટે મગફેરત કરશે :–

اَللّٰهُمَّ اِنِّیٓ اَسْئَلُكَ بِحَقِّ السَّائِلِیْنَ عَلَیْكَ وَاَسْئَلُكَ بِحَقِّ مَمْشَایَ هٰذَافَانِّی لَمْ اَخْرُجْ اَشَرًا وَّلَا بَطَرًا وَّلَا رِیَاءً وَّلَا سُمْعَةً وَّ خَرَجْتُ اِتِّقَاءَ سَخَطِكَ وَابْتِغَاءَ مَرْضَاتِكَ فَاَسْئَلُكَ اَنْ تُعِیْذَنِیْ مِنَ النَّارِ وَاَنْ تَغْفِرَلِیْ ذُنُوْبِیْ اِنَّهٗ لَا یَغْفِرُ الذُّنُوْبَ اِلَّا اَنْتَ

અય અલ્લાહ ! હું તારાથી માંગ કરું છું માંગનારાઓના હક્કથી તે તારી ઉપર છે અને માંગ કરું છું માત્ર આ ચાલવાના હક્કથી. હું મોટાઈ, અભિમાન અને દિખાવા માટે નથી નીકળ્યો, હું તારી નારાજગીથી બચવા અને તારી ખુશીની પ્રાપ્તિમાં નીકળ્યો છું. હું તારાથી માંગ કરું છું કે તું મને દોઝખથી બચાવ ! મારા ગુનાહ માફ ફર્માવ ! બેશક ! ગુનાહ તો તું જ માફ કરી શકે છે.

આ હદીષે પાકમાં વસીલામાં **બહક્કે**નો શબ્દ વર્ણવવામાં આવ્યો. જ્યારે નબીએ પાકે પોતે ઉપયોગ કરીને આપણને બતાવ્યું કે તમે આ પ્રમાણે દુઆ કરી તો પછી આપણે કેમ નથી કરી શકતા, આ પ્રમાણેનો વસીલો નબીએ પાકનો બતાવેલ છે.

કુર્આન શરીફમાં પણ અન્ય આયતોમાં હક્કનું વર્ણન થયું છે :–

દાખલા તરીકે : وَكَانَ حَقًّا عَلَیْنَا نَصْرُ الْمُؤْمِنِیْنَ

(૨) અમારી ઉપર હક્ક છે ઈમાનવાળાઓની મદદ.





حَقًّا عَلَیْنَا نُنْجِی الْمُؤْمِنِیْنَ

(૩) અમારી ઉપર હક્ક છે કે અમે ઈમાનવાળાઓને નજાત આપીએ.

જયારે અલ્લાહ તઆલા પોતે જ **હક્કે ફલાં** કહીને આપવાનો વાયદો ફર્માવી રહ્યો છે તો પછી આપણે એની પાસેથી માંગ કરવાનો **હક્કે ફલાં** અથવા **બેજાહે ફલાં** કહીએ તો તે કુર્આનની તા'લીમ મુજબ અમલ છે.

(૪) મુસ્લિમ શરીફમાં હઝરત મઆઝ બિન જબલથી રિવાયત છે : ફર્માવે છે કે હું સવારી પર હુઝૂર પાછળ સવાર હતો. ઓચિંતા આપે ફર્માવ્યું, અય મઆઝ ! મેં અર્ઝ કરી, આકા ! હું તમારી ખિદમતમાં હાજર છું ! આપ ચૂપ થઈ ગયા, થોડા સમય પછી ફરી આપે અવાજ આપ્યો, આમ ત્રણ વખત આપે ફર્માવ્યું અને પછી ઈર્શાદ ફર્માવ્યો : مَا حَقُّ اللّٰهِ عَزَّوَجَلَّ عَلَی الْعِبَادِ અલ્લાહ عزوجل નો બંદાઓ પર શું હક્ક છે ? મેં વિનંતી કરી, અલ્લાહ અને એના રસૂલ વધારે જાણે. આપે ફર્માવ્યું :

فَاِنَّ حَقَّ اللّٰهِ عَلَی الْعِبَادِ اَنْ یَّعْبُدُوْهُ وَلَا یُشْرِكُوْا بِهٖ شَیْئًا

બેશક ! બંદાઓ પર અલ્લાહનો હક્ક એ છે કે એની બંદગી કરે અને એની સાથે કોઈને શરીક ન કરે.

થોડા સમય પછી ફરી આપે ફર્માવ્યું :

هَلْ تَدْرِیْ مَا حَقُّ الْعِبَادِ عَلَی اللّٰهِ اِذَا فَعَلُوْا ذٰلِكَ

તમને ખબર છે ખુદા તઆલા પર બંદાઓનો હક્ક શું છે ? જો તેઓ આ પ્રમાણે અમલ કરે. આપે વિનંતી કરી, અલ્લાહ અને એના રસૂલ વધારે જાણે. આપે ફર્માવ્યું : كَانَ حَقًّا عَلَی اللّٰهِ اَنْ یُّعْتِقَهٗ مِنَ النَّارِ એ કે તેમને અઝાબ ન આપે.

આ હદીષે પાકમાં હક્કુલ ઈબાદ અલલ્લાહ કહેવામાં આવ્યું, એનો મતલબ એ થયો કે અલ્લાહની બારગાહમાં **હક્ક ફલાં** કહી શકાય છે.

(૫) મિશ્કાત શરીફમાં હઝરત અસ્માથી રિવાયત છે : નબીએ પાકે ફર્માવ્યું : જે માણસે પોતાના ભાઈની ગેરહાજરીમાં ગીબતમાં એની ઈજ્જત બચાવી :

كَانَ حَقًّا عَلَى اللّٰهِ اَنْ يُّعْتِقَهٗ مِنَ النَّارِ

"તો અલ્લાહ પર હક્ક છે કે એને દોઝખથી આઝાદ કરે."

(૬) હઝરત અબૂ દર્દાથી રિવાયત છે : નબીએ પાકે ફર્માવ્યું : كَانَ حَقًّا عَلَى اللّٰهِ اَنْ يَّرُدَّ عَنْهُ نَارَ جَهَنَّمَ يَوْمَ الْقِيَامَةِ જે વ્યકિત કોઈ મુસલમાનની ઈજ્જત બચાવે તો અલ્લાહ તઆલા પર હક્ક છે કે દોઝખની આગ કિયામતના દિવસે એનાથી બચાવી આપે. (મજમઊઝ્ઝવાઈદ)

(૭) મિશ્કાતમાં હઝરત અૂબ હૂરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે : નબીએ પાક ફર્માવ્યું : જે વ્યકિત ભૂખે હોય અથવા જરૂરતમંદ હોય તે પોતાની હાલત લોકોથી ગુપ્ત રાખે અને અલ્લાહથી જ માંગ કરે તો અલ્લાહ પર હક્ક છે કે એના માટે એક વર્ષની હલાલ રોઝીનો દરવાજો ખોલી આપે.

كَانَ حَقًّا عَلَى اللّٰهِ اَنْ يَّفْتَحَ لَهٗ قُوْتَ سَنَةٍ مِّنْ حَلَالٍ

(૮) મિશ્કાતમાં હઝરત ઈબ્ને અબ્બાસથી રિવાયત છે : નબીએ પાક صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું : જે વ્યકિતની જાન અને માલમાં કોઈ નુકસાન પહોંચ્યું તેણે તે ગુપ્ત રાખ્યું અને લોકોને એની ફરિયાદ ન કરી.

كَانَ حَقًّا عَلَى اللّٰهِ اَنْ يَّغْفِرَ لَهٗ

તો અલ્લાહ તઆલા પર હક્ક છે કે એની બખ્શિશ ફર્માવી આપે.

ઉપરોકત જે આઠ પુરાવા રજુ કરવામાં આવ્યા તે કુર્આન અને હદીષના છે અને એમાં અલ્લાહ પર ફલાણાનો હક્ક છે, આપને કહેવામાં આવ્યું. તો કુર્આન અને હદીષમાં વર્ણવવામાં આવેલ હક્કોનો અર્થ એ લેવામાં નથી આવતો કે અલ્લાહ તઆલા પર વાજિબ અને જરૂરી છે, બલ્કે એનો મતલબ એ જ લેવામાં આવે છે કે અલ્લાહ તઆલાએ પોતે પોતાના કરમ અને કૃપાથી એ જવાબદારી લીધી છે.





શિફાઉષ્ષિકામમાં હક્કનો અર્થ એ વર્ણવવામાં આવ્યો છે :

لَيْسَ الْمُرَادُ بِالْحَقِّ الْوَاجِبَ فَاِنَّهٗ لَا يَجِبُ عَلَى اللّٰهِ شَيْءٌ

વાજિબ અને જરૂરી હક્ક મુરાદ નથી, કારણ કે અલ્લાહ તઆલા પર કોઈ ચીજ વાજિબ અને જરૂરી નથી. (શિફાઉષ્ષિકામ, ૧૬૫)

હક્કથી મુરાદ એ મર્તબો અને દરજો છે જે ખુદાની બારગાહમાં બંદાને પ્રાપ્ત છે અથવા એ વાયદો મુરાદ છે જે અલ્લાહ તઆલાએ બંદા પર મહેરબાની કરવા માટે કરેલો છે અથવા એ હક્ક મુરાદ છે જે પોતાની કૃપાથી રહમત પર કરેલો છે.

બસાઈર પેજ નંબર ૩૩ પર લખે છે.

اَلْحَقُّ بِمَعْنَى الْوَعْدِ الثَّابِتِ لِتَحَقُّقِ الْوُقُوْعِ فَضْلًا لَا وُجُوْبًا

હક્કથી મુરાદ એ વાયદો છે કે જેનું પૂરું થવું યકીની છે, ફઝલ અને કૃપાથી જરૂરિયાત નહીં.

હક્કનો જે માયનો લેવામાં આવ્યો જયારે કોઈ વ્યકિત વસીલામાં આમ કહે કે ફલાણા વ્યકિતના હક્કથી તો એનો મતલબ પણ એ જ છે જે કુર્આન અને હદીષના હક્કોનો ઉલ્લેખ થયો.

**સવાલ** :– તમે હનફીમાં અને અમારા હનફી આલિમોએ હક્કે ફલાં કહેવાને મકરૂહ કરેલું છે એટલે જે પુરાવા તમે રજુ કર્યા તે તમારા માટે અસંપૂર્ણ છે. કારણ કે કુર્આન અને હદીષથી મસ્અલા કાઢવાનો હક્ક તમને નથી તો પછી તમારે તમારા હનફી આલિમોની વાત ધ્યાનમાં રાખવી જોઈએ.

શર્હે ફિકહે અકબરમાં છે :–

قَالَ اَبُوْ حَنِيْفَةَ وَ صَاحِبَاهُ يُكْرَهُ اَنْ يَقُوْلَ الرَّجُلُ اَسْئَلُكَ بِحَقِّ فُلَانٍ اَوْ بِحَقِّ اَنْبِيَائِكَ وَرُسُلِكَ وَ بِحَقِّ الْبَيْتِ الْحَرَامِ وَنَحْوِ ذٰلِكَ اِذْ لَيْسَ لِاَحَدٍ عَلَى اللّٰهِ حَقٌّ

અબૂ હનીફા અને તેમના બે શાગિર્દોએ ફર્માવ્યું : મકરૂહ છે કે માણસ આમ કહે હું તારાથી ફલાણાના હક્કની માંગ કરું છું અથવા તારા

અથવા તે સિવાયના બીજા હક્કોથી અથવા બયતુલ હરામના હક્કથી અથવા તે સિવાયના બીજા હક્કોથી. કારણ કે અલ્લાહ તઆલા પર કોઈનો જ હક્ક નથી. (શર્હે ફિકહે અકબર, ૧૬૧)

**જવાબ** :– મકરૂહનો મતલબ એ છે કે જાહેરી શબ્દોનો ઉપયોગ યોગ્ય નથી લાગતો. જો તેમણે એ વિચાર્યું હોત કે હક્કનો મતલબ વાજિબ અને જરૂરી હક્ક છે તો આમ (જનરલી) મકરૂહ ન ફર્માવતા બલ્કે કહેતાં કે આમ કહેવું હરામ છે.

બીજુ એ કે મુલ્લા અલી કારી رحمۃ اللہ علیہ આ જગાએ આ પ્રમાણેનો જવાબ આપેલો છે કે, હું કહું છું કે હદીષમાં હક્કીસ્સાએલીન અને હક્કીલ મકાશાય આવેલું છે તો હક્કથી મુરાદ હુરમત છે અથવા તે હક્ક છે જેનો રહમત અને કૃપાથી પૂરો કરવાનો વાયદો ફર્માવ્યો છે.

મુલ્લા અલી કારીના કહેવાનો ભાવાર્થ એ છે કે હદીષમાં જ્યારે એ પ્રમાણેના શબ્દો ઉપયોગ થયા છે તો ત્યાં હક્કથી મુરાદ વાજિબ નથી, તો પછી કોઈ પણ જગાએ એ માયનામાં ઉપયોગમાં લેવામાં આવે તો જાઈઝ છે.

અંતિમ એ કે વસીલાનો એક પ્રકાર છે. અલ્લાહ તઆલાની સિફતોનો વસીલો અલ્લાહ તઆલાથી લેવો, તો એમાં કોઈને વિવાદ નથી. એટલે કે એને સ્પષ્ટ કરવાની કોઈ જરૂરત નથી.

દુઆ છે કે અલ્લાહ તઆલા આપણને દીને હક્ક પર રાખે અને દીનની વાતો પર અમલ કરવાની તૌફીક અતા ફર્માવે. આમીન બિજાહિ સૈયેદુલ મુરસલીન صلی اللہ تعالیٰ علیہ وسلم.

وَمَا عَلَيْنَا اِلَّا الْبَلَاغُ الْمُبِيْنُ وَ اٰخِرُ دَعْوَانَا عَنِ الْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعَالَمِيْنَ

*(તોહફાએ નજાત, ભાગ–૮ સંપૂર્ણ)*

---

**નોંધ** : તોહફાએ નજાતના **૧ થી ૮** ભાગો આપની સમક્ષ રજુ કરવામાં આવ્યા. દિની ઈલ્મના આ ભંડાર સમા તોહફાએ નજાતના ભાગોનો આપણે અભ્યાસ કર્યો હશે હવે **ભાગ–૯** આપની સમક્ષ રજુ થશે તો આપના તથા મર્હૂમોના ઈસાલે સવાબ અર્થે એના પ્રકાશન કાર્યમાં જરૂરથી સહાય કરી સવાબે દારૈનના હક્કદાર બનશો એવી અપીલ છે. – *લિ. પ્રકાશક*





## ☆ કોઈ નબી નહીં મેરે સરકારકી તરહ ☆

કોઈ નબી નહીં મેરે સરકારકી તરહ
યા'ની જનાબે અહમદે મુખ્તારકી તરહ

શક્કુલ કમર કા મોઅ્જિઝા કુર્બાન જાઈએ
ઉંગલી ભી કામ કર ગઈ તલવારકી તરહ

ઉઠીએ રસૂલે પાક દો આલમ કે તાજદાર
ઉમ્મત ખળી હૈ આજ ગુનાહગારકી તરહ

રિઝવાં મૈં કયા કરું તેરે બાગે બહિશ્તકો
ખુશ્બુ નહીં હૈ ગૈસૂએ સરકાર કી તરહ

કુચેમેં બારગાહે રિસાલતકે એ સમર
જાતા હૈ બાદશાહ ભી લાચારકી તરહ

---

## ☆ ઉઠી નઝર તો ☆

ઉઠી નઝર તો ઉનકે કરમ પર ઠહર ગઈ
દિલ કયા સંવર ગયા મેરી કિસ્મત સંવર ગઈ
હિજ્રે નબી મેં આ–હ કહા બે અસર ગઈ
તળપે જો હમ યહાં તો મદીને ખબર ગઈ

સલ્લલ્લાહુ અલૈક યા રસૂલલ્લાહ ! વસલ્લમ અલૈક યા હબીબલ્લાહ !

તારીફ જો મૈં કરતા હૂં ખૈરુલ અનામ કી
ઈઝ્ઝત બુલંદ હોતી હૈ મેરે કલામ કી
મેરી લહદ મેં લાએગેં તશરીફ મુસ્તફા
આદત બના રહા હૂં દુરૂદો સલામ કી

સલ્લલ્લાહુ અલૈક યા રસૂલલ્લાહ ! વસલ્લમ અલૈક યા હબીબલ્લાહ !

# ★ લાખોં સલામ ★

(અઝ : આ'લા હઝરત "ઈમામ અહમદ રઝા" ફાઝિલે બરેલ્વી رضی اللہ عنہ)

મુસ્તફા જાને રહમત પે લાખોં સલામ
શમએ બઝમે હિદાયત પે લાખોં સલામ

મેહરે ચર્ખે નુબુવ્વત પે રોશન દુરૂદ
ગુલે બાગે રિસાલત પે લાખોં સલામ

શહરે યારે ઈરમ તાજદારે હરમ
નૌ બહારે શફાઅત પે લાખોં સલામ

ફત્હે બાબે નબુવ્વત પે બેહદ દુરૂદ
ખત્મે દૌરે રિસાલત પે લાખોં સલામ

જિસ કે જલ્વે સે મુરજાઈ કલિયાં ખિલીં
ઉસ ગુલે પાકે મમ્બત પે લાખોં સલામ

દૂરો નઝદીકકે સુનને વાલે વો કાન
કાને લાલે કરામત પે લાખોં સલામ

શબે અસરા કે દુલ્હા પે દાયમ દુરૂદ
નૌશએ બઝમે જન્નત પે લાખોં સલામ

મુઝસે બે કસકી દૌલત પે લાખોં દુરૂદ
મુઝસે બે બસકી કુવ્વત પે લાખોં સલામ

હમ ગરીબોંકે આકા પે બેહદ દુરૂદ
હમ ફકીરોંકી સરવત પે લાખોં સલામ

જિસકે માથે શફાઅતકા સહરા રહા
ઉસ જબીને સઆદત પે લાખોં સલામ

જિસકે આગે સરે સરવરાં ખમ રહે
ઉસ સરે તાજે રિફઅત પે લાખોં સલામ

જિનકે સજદેકો મહેરાબે કા'બા ઝુકી
ઉન ભવોંકી લતાફત પે લાખોં સલામ

જિસ તરફ ઉઠ ગઈ દમ મેં દમ આ ગયા
ઉસ નિગાહે ઈનાયત પે લાખોં સલામ

કાશ! મેહશરમેં જબ ઉનકી આમદ હો ઔર,
ભેજેં સબ ઉન્કી શૌકત પે લાખોં સલામ

મુઝસે ખિદમતકે કુદસી કહેં હાં 'રઝા'
મુસ્તફા જાને રહમત પે લાખોં સલામ





# ☆ આ'લા હઝરત رضی اللہ عنہ કી દુઆ ☆

યા ઈલાહી ! હર જગહ તેરી અતાકા સાથ હો
જબ પળે મુશ્કિલ શહે મુશ્કિલ કુશાકા સાથ હો

યા ઈલાહી ! ભૂલ જાઉં નઝઅ કી તકલીફ કો
શાદી એ દીદારે હુસ્ને મુસ્તફાકા સાથ હો

યા ઈલાહી ! ગોરે તિરાહ કી જબ આએ સખ્ત રાત
ઉનકે પ્યારે મુંહકી સુબ્હે જાં ફિઝા સાથ હો

યા ઈલાહી ! જબ પળે મહેશરમેં શૌરે દારોગીર
અમ્ન દેનેવાલે પ્યારે પેશ્વા કા સાથ હો

યા ઈલાહી ! જબ ઝબાને બાહર આએં પ્યાસ સે
સાહિબે કૌષર શહે જૂદો અતાકા સાથ હો

યા ઈલાહી ! ગર્મીએ મેહશ્ર સે જબ ભળકે બદન
દામને મહબૂબ કી ઠંડી હવાકા સાથ હો

યા ઈલાહી ! નામએ આમાલ જબ ખુલને લગે
ઐબ પોશે ખલ્ક સત્તારે ખતાકા સાથ હો

યા ઈલાહી ! જબ બહેં આંખેં હિસાબે જુર્મ મેં
ઈન તબસ્સુમ રેઝ હોટોં કી દુઆકા સાથ હો

યા ઈલાહી ! રંગ લાએં જબ મેરી બે બાકિયાં
ઈનકી નીચી નીચી નઝરોંકી હયાકા સાથ હો

યા ઈલાહી ! જબ ચલૂં તારિક રાહે પુલસિરાત
આફતાબે હાશ્મી નુરુલહુદાકા સાથ હો

યા ઈલાહી ! જબ શરે શમશીર પર ચલના પળે
રબ્બે સલ્લિમ કેહનેવાલે ગમ ઝદા કા સાથ હો

યા ઈલાહી ! જો દુઆએં નેંક હમ તુઝસે કરેં
કુદસિયોંકે લબસે આમીન રબ્બના કા સાથ હો

યા ઈલાહી ! જબ 'રઝા' ખ્વાબે ગિરાં સે સર ઉઠાએ
દૌલતે બેદાર ઈશ્કે મુસ્તફા કા સાથ હો

## ☆ સલ્લલ્લાહુ અલા મુહમ્મદ ☆

સલ્લલ્લાહુ અલા મુહમ્મદ
સલ્લલ્લાહુ અલૈહી વસલ્લમ

ઉજાલા જિસકા હૈ દો જહાં મેં
વો મેરે આકા કી રૌશની હૈ
ઉન્હીં કે કદમોંકી બરકતોંસે
યે ઝિંદગી આજ ઝિંદગી હૈ

શફીએ રોઝે જઝા વહી હૈં
ઉમમકે હાજત રવા વહી હૈં
હમારે મુશ્કિલ કુશા વહી હૈં
નઝર ઉન્હીં પે જમી હુઈ હૈં

વો ખુશ્બુએ ઝુલ્ફે મુસ્તફા હૈ
કે મુશ્ક ભી હેચ જિસકે આગે
મહકતી ગલિયાં યે કહ રહી હૈં
સવારી ઉનકી અભી ગઈ હૈ

હિસાબકા દિન કઠિન તો હોગા
મગર હમેં ઉનકા આસરા હૈ
વો આ હી જાએંગે બખ્શવાને
શફાઅત ઉનકો અતા હુઈ હૈ

યે સબ તુમ્હારા કરમ હૈ આકા
કે બાત અબ તક બની હુઈ હૈ
કોઈ સલીકા હૈ આરઝૂકા
ન બંદગી મેરી બંદગી હૈ

દુરૂદ પઢના સલામ પઢના
હર એક પલ ઉનકા નામ પઢના
જો અર્ઝ કરના ઉનહીસે કરના
સિખાયા રબને હમેં યહી હૈ

કિસીકા એહસાન ક્યૂં ઉઠાએં
કિસીકો હાલત ક્યૂં બતાએં
તુમ હી સે માંગેગે તુમ્હી દોંગે
તુમ્હારે દરસે હી લૌ લગી હૈ





બશીર કહીયે નઝીર કહીયે
ઉન્હેં સિરાજે મુનીર કહીયે
જો સર બસર હૈ કલામે રબ્બી
વો મેરે આકાકી ઝિંદગી હૈ

યે ઝિક્ર વો હૈ કે જિસકા ઝિમ્મા
લિયા હૈ ખૂદ ખાલિકે જહાને
હમ આજ હૈ કલ યહાં ન હોંગે
મગર યે મહેફિલ સજી રહેગી

ઝમાને ભરમેં યે કાઈદા હૈ કે
જિસકા ખાના ઉસીકા ગાના
જો નેઅમતેં જિનકી ખા રહે હૈં
ઉનહી કે હમ ગીત ગા રહે હૈં

નિષાર તેરી ચહલ પહલ પર
હઝાર ઈદે રબીઉલ અવ્વલ
સિવાએ ઈબ્લીસકે જહાંમેં
સભી તો ખુશિયાં મના રહે હૈં

કહાં હૈ દુન્યામેં શહર ઐસા
મદીને જૈસા મદીને જૈસા
હૈ ફખ્રે જન્નત ઝમીંકા ટુકળા
જહાં પે લહદે નબી બની હૈ

બનેગા જાનેકા ફિર બહાના
કહેગા આ કર કોઈ દીવાના
ચલો દીવાનો તુમ્હેં મદીના
મદીનેવાલે બુલા રહે હૈં

વોહી હૈ અહમદ વોહી મુહમ્મદ
વોહી હૈ મહમૂદ વો હૈ હામિદ
હમીદ વો હૈ સઈદ વો હૈ
ઉન્હીંસે **નઝમી**કી લૌ લગી હૈ

☆ ☆ ☆